Chunti Kahadela Lakhano
Part 2

ચુંટી કાહાડેલાં લખાણો

એના બનાવનાર

શોરાબજી શાપુરજી બંગાલી

ની

કલમથી જુદી જુદી વેલાએ લખાએલી બાબદો મધેથી,

બે દફતરોમાં.

દફતર ૨ જું.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાના મધે,

રૂસતમજી નવરોજજી ખંબાતાએ છાપયું છે.

કોટ—બેહરામજી હોરમજજી સ્ત્રીટ, નાં૦ ૬ તથા ૧૧.

સન ૧૮૮૦ ઇસવી.

Parsi literature - Essay

શાંકલીઉં
દફતર ૨ જાંનું.

ભાગ ૫ મો.
પારસીઓના સંસાર સંબંધી બાબદો.

ભાગ ૬ ઠો.
પરસીધ પુરસો સંબંધી.

ભાગ ૭ મો.

કેલવણી સંબંધી બાબદો.

ભાગ ૮ મો.

નાધલા નીબંધો.

ભાગ ૯ મો.

સંસાર ઊપીઓગી વારતાઓ.

ભાગ ૧૦ મો.

રાજદુઆરી બાબદો.

ભાગ ૧૧ મો.

પરચુટણ બાબદો.

દફતર બીજાં મધે જોડેલાં ચીત્રો.

ભાગ ૫ મો.

પારસીઓના સંસાર સંબંધી બાબદો.

આગલા ઈરાની લોકોમાં સ્ત્રીઓના દરજ્જા તથા તેઓની ચાલચલણો સંબંધી.

ઊગમણ પરાંતના ઘણાએક ગરંથકારો લખી જાએછે કે એક વખત મુસલમાનોનો નામીચો ખલીફ હરૂન અલ રસીદ ઈરાનના આગલા પાદશાહ નોશીરવાંન અદલનું દોખમું જોવાને ગએઓ હતો, તાંહાં તેણે ઘણીએક જોવાલાએક ચીજો જોઈ હતી તથા નોશીરવાંનની વીટીપર તથા તાજપર કેટલીએક મોતેબર નશીહતો વાંચી હતી; તેઆરપછી તે નોશીરવાંનનાં બદનને સેજદો કરી પાછો આવીઓ હતો, પછી દોખમું બંધ કીધું હતું. એ ખલીફ હરૂન અલ રસીદનું નોશીરવાંનનું દોખમું જોવા જાવું તથા તેહની નશીહતો વાંચવી તે તમામ હકીકતનું એક નાધલું પુસતક ઈરાન મધે મકતબોમાં નાધલાં બાલકોને વંચાવવા તથા શીખાડીઆમાં આવેછે; તે પુસતકની હકીકત વાંચતાં હમારા જોવામાં આવીઊંછે કે ખલીફ હરૂન અલ રસીદ જેઆરે નોશીરવાંનનાં બદનની સાંમણે જાઈ ઊભો તેઆરે તેણે એ અદલ પાદશાહનાં માથાંપર એક તાજ જોઈઊં હતું, તે તાજનાં પાંચ કંગુરા હતા, તે દર એક કંગુરાઓપર કેટલીએક મોતેબર નશીહતો લખેલી હતી. તે મધે પાંચમા કંગુરાપર નોશીરવાંન અદલ આ રીતે નશીહત દઈ જાએછે—"તમો તમારાં કુટુંબની સ્ત્રીઓનો બંચાવ કરતા રેહેજો તથા તમો તેઓને "માન આપતા રેહેજો"—એ ઊપરથી હમોએ જોઈઊંછે કે નોશીરવાંન અદલની આ મોતેબર નશીહત કે જેમાં તેણે સ્ત્રીઓનો બંચાવ કરવાનેજ નહી, પણ તેઓને માન આપવાને પણ ફરમાવીઊંછે કે જેથી હાલના વખતના ઘણાખરા મુસલમાન લોકો નાવાકેફછે તે નશીહત ઈરાનમાં આગલા વખતથી ચાલતી આવેલી રસમો સાથે કાંઈ પણ સંબંધ રાખતી હશે. હેવું ધારીને આગલા વખતમાં ઈરાની લોકોમાં

સ્ત્રીઓનો દરજ્જો કેહેવો હતો તથા તેઓની ચાલચલણ શી તરેહ હતી, તે વીશે હમોએ કાંઈએક ખોલાસો કરવાને મુકરર કીધું છે.

એ કામસર ઈરાનીઓના અસલ જરતોસતી ધરમનાં પુસતકોમાં જોતાં હેવું માલમ પડેછે કે જરતોસતી લોકોના એતેકાદ પરમાણે ઈઅજદાનની દરગાહથી ઊતરી આવેલા અવસતા મધ્યે ઈજશનેનાં પુસતકના તરીજા હા માં આએ રીતે લખેલું છે—

આઈફરે ઈથ્રપશતે અ્પશાઉનાંમ ફ્રઅ્પશનાંમ ગેનાનાંમચ વીરોવાથવનાંમ.

એ શબદો અવસતાના બીજા કેટલાએક ભાગોમાં એક કરતાં વધારેવાર આવેલાછે તેહેનો અરથ હેવો નીકલેછે કે ઈજશને કરનાર ધણી પરવરદેગારની બંદગી કરી કેહેછે કે—"એ ઈજશનેમાં (હું) ચાહું ઓરતોનાં તથા મરદોનાં અશોફ્રરોહરના ટોલાને."* એ ઈજશનેમાં મરદ તથા ઓરતોને એકસરખાં ચાહુઆથી પરમેશ્વરની નજદીક તેઓનો એકસરખો દરજ્જો માલમ પડી આવેછે, અને જે પરમાણે મરદોને નેક રાહ બતલાવવાને તથા તેઓનાં ફ્રરોહરોને અશો કરવાને ઈઆને તેઓને વાજબી મારગે ચલાવવાને આપણે જે રીતની મેહેનત લેવી જોઈએ તેજ રીતની મેહેનત ઓરતોના ફાએદાને કીજે અગતનીછે. મરદોનીજ માફક ઓરતો અશો ખસલહતની શી રવેસે થાએ તે વીશે એ ઈજશનેના ૩૧ મા હા માં લખેઊં છે—

અ્થા ઈશ સાજદુમ સનેથેશા ગુસતા ઈફ્રમંતા અ્પશેમ અ્પહુમ બેશવીદુઆઉ અ્પહુરા. હરેજ ડખદાફ વચંઘાંમ ખશીઅ્મનો હેજુઅ્પો વસો.

અરથ.

"(માણસ) તે આશમોગનાં હથીઆરને ઈઆને ખસલહતને હેવી રવેસથી સુધારે કે જેથી તેહેવી ચાલથી દુર થાએ. સાંભલવું અને શીખવવું આપે પાકીનાં અંદાજા સાથે શીખે તેહેને કે જેથી તે હોરમજદે

* એરવદ અસપંદીઆરજી ફરાંમજીની બનાવેલી ઇજશને બા માએનીની કેતાબ સફે ૩૬ મે.

પેદા કીધેલી બંધે જાંહાંનની ચીજોને સમજનાર થાએ. સાચ્ચા શબદોનું બોલવું જે છે તે વગર ધાસતીની પાદશાહીછે વાસતે જુબાનની મોરાદ મુજબ સાચ્ચું બોલવું. રાસત બોલવું તે પોતા સાથે લાએક નેકી લઈ જાવીછે."†

ઈજશનેના ઊપલા ફકરામાં હોરમજદને પીછાણવો તથા તેહેની પેદા કીધેલી ચીજોને સમજવી એટલા વાસતે સાંભલવું અને શીખવવું ફરમાવેલુંછે કે જેથી માણસ સાચ્ચા શબદો બોલવાનું તથા રાસત ચાલવાનું અખતેઆર કરે અને તેહેનું ફરોહર અશો થાએ ઈઆને તે નેક કેહેવાએ. વાસતે ખોદાને પીછાંણવાને કીજે કેલવણી ઘણી અગતનીછે, અને ઈજશનેના તરીજા હા માં ઊપર જણાવેલા ફકરા મધે અશો મરદો તથા ઓરતોનાં ટોલાને ચાહવાને ફરમાવીઊંછે તે એજ અવસતામાં જણાવીઆ પરમાણે સંભલાવીઆ તથા શીખાડીઆ વગર બની શકે નહી, અને એ ઊપરથી આગલા ઈરાનીઓમાં તેઓનાં ધરમ પુસતકો મધે જણાવીઆ મુજબ સ્ત્રી મરદનો એકસરખો દરજ્જો ગણેલોછે, તથા તે બંધેને નેક ખસલહતના કરવાને શીખાડવાની અગતછે તે વાત સારીપેઠે પુરવાર થાએછે.

એજ ઈજશનેનો ૫૧ મો હા જેહેને વોહુખશથરેમનો હા કરીને કેહેછે તે મધે એક જગોએ પેગમબર જરતોસતની બેટી પોરોચેશત જે ભલી મનશનીવાલી તથા અશોઈ અને દાનાઈ ભરેલી હતી તે બેટીને જામાસપ હકીમને આપવાને ઈઆને તેહેની સાથે શાદી કરવાને દાદાર હોરમજદે પેગમબર જરતોસતને ફરમાવેલુંછે. એ બેટી પોરોચેશત વીશે કેહેછે કે તે દીનનાં કામમાં તથા કાબેલીઅતમાં એક્કી હતી, અને જરતોસતી મજહબનાં "એકવીસે નુસક જે પેગમબર જરતોસત હકની દરગાહાથી લાવીઆ હતા તે તમામ નુસકો એ બેટી પઢેલી હતી." ઈજશનેના એજ ભાગમાં માજદીઅશની દીન સ્ત્રીઓને સમજાવવાને કીજે હોરમજદે જરતોસતને ફરમાવેલુંછે.

† એરવદ અસપંદીઆરજી ફરાંમજીની બનાવેલી ઇજશને બા માએનીની કેતાબ સફે ૧૮૫ મે.

વલી એ કરતાં બોજો મોતેબર દાખલો આગલા ઈરાનીઓના પેગમબરના જનમારાની હકીકતનાં દસતુર જરતોસત બેહેરામનાં બના વેલાં "જરતોસત નામાં" ઊપરથી મલી આવેછે, અને બીજી ચીજોની માફક ધરમ કબુલ કરવા અથવા તે ઊપર વીચાર દોડાવવાનો સ્ત્રીને જરતોસતી ધરમની સતાથી પોતાને અખતીઆરછે તે હેઠલ જણાવેલી હકીકતપરથી માલમ પડેછે. કેહેછે કે "પાદશાહ ગોસતાસપને હજરત
" જરતોસતે કહીઊં કે એક શખસ જે બુઢો અને દાનાવ હોએ તેહેને
" માહરી સાથે મેહેલમાં બાનુંઓની બાનું કેતાઈઊનની નજદીક મોકલ
" કે તેહનેબી હું એ ભલી દીનની રાહ સોંપું—એ વાતને પાદશાહે કબુલ
" કરીને એક દાનાવ બુઢા શખસને હજરત જરતોસતની સાથે પોતીકા
" મેહેલમાં મોકલીઓ તેવારે હજરત જરતોસતે મેહેલમાં જાઈને બાનું
" આંન બાનું કેતાઈઊનને કહીઊં કે એ બાનુંઆંન બાનું તુંને ખોદાએ
" તાલાએ ગોસતાસપ જેહેવા પાદશાહની ઓરત અને અસપંદીઆર
" જેહેવા બેટાની માએ કીધીછે અને હું ખોદાનો મોકલેલો પેગમબર
" છેઊં, અને ખોદાતાલાએ મહને પાદશાહ ગોસતાસપની પાસે મોક
" લીઓ, અને પાદશાહે મહને ખોદાનો પેગમબર કબુલ કીધોછે તે
" વાસતે તુંનેબી લાએકછે કે તું એ ભલી દીનને કબુલ કરે. તેવારે
" બાનુંઆંન બાનું કેતાઈઊને દીલોજાનથી હજરત જરતોસતને ખોદાનો
" પેગમબર કબુલ કીધો, તેવારે હજરત જરતોસતે પાછો ઘોડાની નજ
" દીક આવીને ખોદાતાલાની હજુરમાં દુવા કીધી."* હમો ધારીએછે કે એજ રીતના અથવા એ બીનાને મલતી મતલબના બીજા ઘણાએક ફકરા અવસતાનાં તથા જરતોસતીઓના ધરમને લગતાં બીજાં પુસતકોમાં મલી આવશે, પણ આપણાં કામસર ઊપલીજ હકીકત બસછે. એ હકીકત પરથી સાફ માલમ પડેછે કે આગલા ઈરાનીઓના મજહબમાં તેઓનાં ધરમ પુસતકોમાં જણાવીઆ પરમાણે સ્ત્રી તથા મરદના રૂહુમાં કસો તફા વત રાખીઓ નથો, તથા તે બંધેને એકસરખી રીતે સમજ પાડી જરતો

* દબેસતાનનો ગુજરાતી તરજુમો—પેહેલીવાર છપાએલું પુસતક—સફે ૪૯૪.

સતી દીન કબુલ કરાવવાને ફરમાવીઊંછે, અને તેમાં સ્ત્રીપર મરદની સતા રાખી નથી, અને જે માફક મરદને સમજાવીને એ ધરમ આલમમાં જાહેર કરવાનો હોકમ કીધોછે તેજ પરમાણે સ્ત્રીઓને પણ મોહોડે મોહોડું સમજાવવાની જરતોસતીઓનાં ધરમ પુસતકોમાં અગત જોઈછે, અને તે ઊપરથી મરદ તથા ઓરતની અકલમાં તથા તેઓને વીચાર કરવાની શકતીમાં અને ટુકાંમાં તેઓના દરજજામાં પરવરદેગારે કસો તફાવત રાખીઓ નથી, પણ તે બંધેને એકસરખાં અને બરોબરીની મોતેબરીનાં ઠેડવીઆંછે. એ ઊપરાંત મરદો તથા ઓરતોનાં રોલાં અશોઈ શી રવેસે પામે ઈઆને નેક રાહ કહી રીતે ચાલીઆથી અખતીઆર કરે તે કારણસર તેઓને સમજાવવા અને શીખાડવા એજ ધરમ પુસતકોમાં ફરમાવેલુંછે તે ઊપર ટાંકેલા ફકરાઓપરથી સાબેત થાએછે.

આગલા ઈરાનીઓનાં ધરમ પુસતકોપર ધેઆન પોંહોંચાડીઆ પછી તેઓની જાલવી રાખેલી નીશાનોપર તથા તવારીખપર આપણે નજર પોહોંચાડીએછે તો સ્ત્રીનો દરજ્જો કાંઈ ઊતરતો નજર આવતો નથી. ઈસતખરના નકશોમાં કોઈ સ્ત્રીઓનો ચીતાર આવેલો નથી તે ખરૂંછે અને તે ઊપરથી સ્ત્રીઓ તથા મરદોનો રેહેવાનો મુકામ એલાહેદો હોએ હેવું ધારીઆમાં આવેછે, તોપણ તે ચીતારોની મતલબ જે પાદશાહોની જાહોજલાલી તથા નોરોજના તેહેવારની ધામધુમ બતલાવવાની માલમ પડેછે, તેમાં કોઈ સ્ત્રીના ચીતારની અગત નહી પડી હોએ એ માનવાનું મુશકેલ નથી. એ પછીના જમાનામાં સ્ત્રીઓના ચીતારોની અગત પડેલીછે તાંહો તે ચીતારો આવેલાછે તેહેની બીના આગલ વાંચવામાં આવશે. તવારીખપરથી પુરવાર થાએછે કે આગલા ઈરાનીઓમાં સ્ત્રીઓ સાથે પરણવાની માંગણી કરવાનો રવઈઓ તથા પરણેઆ અગાઊ વર કનેઆને વાતચીત કરવાની ચાલ તથા તે કારણસર એક બીજાને કોલકરાર આપવાનો ધરમ ચાલુ હતો. એ વાત પાદશાહ જમશેદે જાબોલસતાનના હાકેમની બેટી સાથે પરણવાના વખતથી તે જર

તોસતીઓની પાદશાહી ઈઅજદજરદ શેહેરીઆરના વખતમાં આખેર થાઈ તાંહાંસુધીની તવારીખમાં બેશુમાર દાખલાઓથી પુરવાર થાએછે.

બીજું શાહનામાંપરથી આપણે જોઈએછે કે કએઆની પાદશાહોના નામીચા સરદાર રૂસતમની બેટી બાનુંગોશસ પોતાના પીતાનાં લોહીની અસરથી પેહેલવાનોની સાથે ઘણીવાર લડવાને બાહેર નીકલી હતી. તે પોતાનો ચેહેરો છુપાવવાને કીજે પરદો નાખતી હતી, પણ જેઆરે લડાઈ આખર થાતી તેવારે તે પોતાનું મોહોડું દેખાડવાને અને પોતાના દુશમનને ફીક્કો પાડવાને કસી અડચણ કરતીતી નહી; અને એજ સ્ત્રીએ પોતાની બીજી બેહેનો સાથે એકવાર પોતાના બાપની ગેરહાજરીના વખતમાં તેહેની હકુમતનો બંચાવ કીધો હતો. એ સંગલી હકીકતમાં ફીરદોસીએ ગમે એટલી શાએરી કીધી હોએ તોપણ તે ઊપરથી એ શાએરે બેઆન કીધેલા વખતનો રવઈઓ માલમ પડી આવેછે. વલી કએઆનીઆંનોની પાદશાહીની લગભગ આખરીમાં અને ઈરાન મધે જરતોસતી ધરમ રેવાજ પામીઆ પછી આપણે જોઈએછે કે બહમન પાદશાહ પછી તેહેની બેટી હોમાએ ઈરાનનાં તખતપર બેઠી હતી તથા સંગલો રાજકારભાર એ પાદશાહજાદીએ ચલાવીઓ હતો. એ પાદશાહજાદીનાં રાજ વીશે મીરખુંદ શાખશી આપેછે કે "તેણીએ દુનીઆંના "લોકોમાં અદલ ઈનસાફ અને વાજબીપણું જાહેર કીધું હતું અને દઆ "અને મેહેરબાનગીનો દરવાજો આલમના લોકોને કીજે ખોલ્લો "મુકીઓ હતો."*

કએઆનીઆંનોનો વખત મુકીને આપણે આગલ તપાસીએછે તો સાસાની તોખમના પાદશાહોના અમલમાં સ્ત્રીઓનો દરજજો વધેલો તથા તેઓની ચાલચલણ સુધરેલી માલમ પડેછે. કએઆનીઆંનોની માફક એ પાદશાહોના વખતમાં લગનની માંગણી તથા બીજી ચાલચલણો ચલાવીઆમાં આવતી હતી, ખુસરૂ પરવેજની બે બેટીઓ પુરાનદોખત તથા

* રોજત અસ સફામાંથી ઈરાનના આગલા પાદશાહોની તવારીખનો મી૦ ડેવીડ શીઆએ કરેલો તરજુમો—સફે ૩૫૫.

અરજમદોખત એ બંધે શાહજાદીઓએ ઈરાનમાં વારાફરતી પાદશાહી ચલાવી હતી, અને એ શાહજાદીઓની ઈઆદગારીપરથી ઈરાનમાં ઘણી એક પુરાતમ ચીજોને હમણાંના લોકો "માલે દોખતર" કરી કેહેછે તે મુસાફરોની સતાથી પુરવાર થાએછે, ઈરાક પરગણામાં કેરમાનશાહ શેહેરની નજદીક તખતે બોસતાન પાહડમાં હોરમજદના બેટા બીજા શાપુરના જમાનાના કેટલાએક ચીતારો પાડેલાછે તેમાં પાહડમાં એક માહભારત આરકું આવેલુંછે તથા તેહેની અંદર નકશ પાડેલોછે. એ આરકાંનાં માથાંપર ફતેમંદીની બેએ નીશાનો મુકીઓછે અને તેહેની સરદારી સ્ત્રીઓને આપીછે. એ સ્ત્રીઓને પરીઓનો લેબાસ પેહેરાવેલોછે અને તે દરએકના હાથમાં ફતેમંદીનું કડું આપેલુંછે. એજ આરકાંના માહેલા ભાગમાં તરણ આકારો પાડેલાછે તે મધે વચમાં પાદશાહ ઊભેલો નજર આવેછે અને તેહેની જમની બાજુપર તેહેની બાનું ઊભેલીછે. એ રાણીએ કીમતી પોશાગ પેહેરેલોછે પણ પોતાના ચેહેરાપર બુરખો નાખીઓ નથી. તેહેના જમના હાથમાં ફતેમંદીનું કડું પકડેલુંછે, અને ડાબા હાથમાં પાણીનું એક ગોલ વાસણ અથવા કલસીઓ પકડેલોછે, તેમાંથી તે પાદશાહના પગ આગલ પાણી ધોરતી માલમ પડેછે.

વલી એજ તખતે બોસતાનના પાહડમાં સાસાની તોખમનો એક પાદશાહ (ધારીઆમેલે ખુસરૂ પરવેજ) ભુંડોનો શેકાર કરવા નીકલેલોછે તેહેનો ચીતાર પાડેલોછે. એ ચીતારમાં બેશુમાર માણસો તથા હાથીઓ એક નદીને કીનારે દોડતા ફરેછે અને પાદશાહ પોતે એક મછવામાં બેસીને તીરથી શેકાર કરેછે. તે પાદશાહે પોતાની સાથે મછવામાં એક સ્ત્રીને બેસાડેલીછે અને તે સ્ત્રીએ પોતાના હાથમાં એક સીતાર પકડેલોછે, તેથી તે ગાએન કરી પાદશાહનો જીવ ખુશ કરતી હોએ હેવું લાગેછે. પાદશાહના મછવાની બાજુપર બીજા એક મછવામાં કેટલીએક સ્ત્રીઓ બેઠેલીઓછે તેઓ પણ એજ રીતે સીતારપર ગાએન કરેછે. જો એ પાદશાહ ખરેખર ખુસરૂ પરવેજ હોએ તો આ ચીતારમાં તેહેની સાથે મછવામાં બેઠેલી સ્ત્રી તેહેની નામીચી અને ખુબસુરતીને કીજે વખણા

એલી બાનું શીરીન હોવી જોઈએ. એ પાદશાહજાદીએ તથા એજ ચીતાર માહેલી બીજી કોઈબી સ્ત્રીએ મોહોડાંપર બુરખો નાખેલો નથી.

નકશે રૂસતમના કેટલાએક ચીતારો માહેલા એક ચીતારની વીગત આગલ હમોએ જણાવીછે તે મધે એક મરદ જે તેહેનાં માથાંપરનાં ગોલ ઊપસેલાં તાજથી પાદશાહ માલમ પડેછે તેણે પોતાના હાથમાં એક કડું પકડીઊંછે, અને પાદશાહ તથા તેહેની રાણી એકબીજાંની સાંમણે ઊભાં રહી વચમાંથી તે કડું પકડી રહેઆંછે. એ પાદશાહ સરવેને જાણીતો બેહેરામગોરછે અને તેહેની સાંમણે તેહેની બાનું ઊભી રહેલીછે, અને તે બંધે જણાં પોતા વચ્ચે એક કડું પકડી રહેઆંછે, તે એ બંધે જણાં પાદશાહીમાં એકબીજાં સાથે મલેલાંની નીશાન હોએ હેવું બતલાવેછે. એ વાત તવારીખ ઊપરથી પણ પુરવાર થાએછે, કાંએકે ઊગંમણ પરાંતનાં પુસતકોમાં હેવું જણાવેલુંછે કે બેહેરામગોર પોતાની રાણીપર હેવોતો ચાહ રાખતો હતો અને તેહેની અકલને હેવુંતો માન આપતો હતો કે તેણે પોતાનાં રાજકારભારમાં એ બાનુંને સાંમેલ કીધી હતી અને સંગલી વાતોમાં તેહેની મસલહત વીનાં કાંઈ કામ કરતોતો નહી. એ સંગલાં ઊપરથી સ્ત્રીનો દરજ્જો સાસાનીઆનોના વખતમાં મરદની બરોબરીનો અને ઘટટો નજર આવેછે, અને પાદશાહ બેહેરામગોરની પાદશાહીમાં તેહેની રાણીની સામેલગીરી બતલાવવાને કીજે આ ચીતાર આપેલોછે. એ ચીતારમાં પણ રાણીના ચેહેરાપર બુરખો નાખેલો નથી.

એજ પાદશાહ બેહેરામગોરના વખતનો એક સુંનાનો સીક્કો જે ફરાંસનાં પાએતખત પારીસ શેહેર મધે તાંહાંનાં ચમતકારીક પદારથ સંગ રહસથાનમાં પડેલોછે, અને તેહેવાજ કેટલાએક રૂપાંના સીક્કા જે મુસાફરોને હાથ લાગાછે તેમાં સીક્કાની એક બાજુપર પાદશાહનો તથા તેહેની બાનુંનો ચેહેરો એકબીજા સાથે ભેગાં ઊભેલાં હોએ એ રીતે પાડેલોછે અને તેઓની સાંમણે તેઓનો ફરજંદ ઊભેલોછે. એ સીક્કાના આકારપરથી પાદશાહ તથા તેહેની બાનુંની એક મલેલી પાદશાહી તથા બરોબરી ઘણી ચોકસ રીતે પુરવાર થાએછે તે વીશે અતરે લાંબું કરવાની અગત નથી.

ઈરાનની તવારીખમાં તથા તેહેની પુરાતમ ચીજો વીશે આપણે જો વધારે સોધ કરીએ તો ઊપલી બીનાને મલતા એ કરતાં વધારે દાખલા આપણને કદાચ મલી આવશે. એ સંગલા ઊપરથી સાબેત થાએછે કે આગલા ઈરાનીઓ સ્ત્રીઓને પોતાની બરોબરીના દરજ્જાની ગણતા હતા, અને તેઓને છુટથી રાખતા હતા તથા તેઓનો ચેહેરો કોઈ જોએ નહી હેવા વીચારથી બુરખો નાખી ધાંકતાતા નહી. જોકે ઈરાનમાં પેહેલવાંનો તથા સ્ત્રીઓને કોઈવાર કાંઈ કામસર મોહોડાંપર બુરખો નાખવાની ચાલ આગલા વખતમાં ચાલતી હતી તોપણ સ્ત્રીઓનો ચેહેરો સદા બંધ રાખવાનો રવઈઓ ઈરાનમાં જરતોસતી પાદશાહોના અમલમાં ચાલુ હોએ હેવું કોઈબી બીનાથી પુરવાર થાતું નથી. એ રવઈઓ ધારીઆમેલે આરબ લોકોથી ઈરાનમાં ચાલુ થાએલો માલમ પડેછે, કાંએકે આપણે જોઈએછે કે ઈરાનીઓના કેટલાએક ટોલા જેઓ જંગલોમાં ભટકતા ફરેછે અને જેઓ સાથે ઘણુંકરીને આરબોનું લોહી મલેલું નથી, તથા તાતારના લોકો જેઓ ઈરાનની પાસે વશેછે તેઓમાં આજ સુધી સ્ત્રીઓનો ચેહરો ધાંકવાનો રવઈઓ ચાલતો નથી. જો ઈરાન મધે આગલા વખતમાં સ્ત્રીઓનાં મોહોડાં છુપાવવાનો કાએદો ચાલુ હતે તો પાદશાહોની બાનુંઓના ખોલ્લે ચેહરે ચીતારો પાડેલા આપણે કધી જોતે નહી. એ પાદશાહોની ચાલમાં એક ખાંમી દીશેછે, તે એછે કે તેઓ પોતાના જનાનામાં એક કરતાં વધારે સ્ત્રીઓ રાખતા હતા. જરતોસતીઓનાં ધરમ પુસતકોમાં તેમજ મુસાના તથા ઈસુ ખરીસટના મજહબની પોથીઓમાં તથા મુસલમાનોની કોરાનમાં એક મરદે એક કરતાં વધારે બાએડી કરવી નહી એ રીતની ખોલ્લી બંધી કીધી નથી, તેહેવું શવતું જોઈને સંગલાં દેશોના આગલા પાદશાહો પોતાનાં જનાનાઓમાં મન ગમે એટલી સ્ત્રીઓ રાખતા હતા. તોપણ પરજાના લોકોએ એ પાદશાહોનો દાખલો જલદીથી પકડેઓ હોએ હેવું લાગતું નથી. હમો આ જગોએ ધરમની ભાંજઘડ એલાહેદી રાખીને આદમીઓનાં ટોલાઓએ એક બીજા સાથે સંપજથી રેહેવાનાં સાંધણો ઊપર તથા તેઓની

હાલતમાં સુધારો કરવાનાં કારણોપર ધેઆંન પોહોંચાડી જોઈએછે તો હમોને કેહેવાની ફરજ પડેછે કે મહમદીઆન ધરમે દુનીઆંમાં સ્ત્રીનો દરજ્જો ઘટાડવાની અને તેઓને મરદોની બરોબરીના હકમાંથી બાતેલ કરવાની જેટલી કોશેશ કીધીછે તેહેવી કોશેશ બીજા કોઈ ધરમથી થાઈ નથી. આપણે આગલ જોઈઊંછે કે જરતોસતીઓનાં ધરમ પુસતકોમાં મરદ તથા સ્ત્રીઓનાં ફરોહરને એકસરખાં ગણેલાંછે. તોરાત અને ઈન જીલમાં હેવા ખોલ્લા નહી તોપણ હેવી મતલબને મલતા શબદો મલી આવેછે. હીંદુઓની ગીતાજીમાં જાંહાં આતમાંની બાબદ આવીછે તાંહાં સ્ત્રી તથા મરદ વચ્ચે તફાવત કીધો નથી. પણ મુસલમાનોની અલ કોરા નમાં એ તફાવત ઊંધાડોછે. સ્ત્રીને પોતાનાં મનની શકતીનો સુધારો કરવાને પરમેશ્વરે કેહેવો હક આપીઓછે તે ઊપર ધેઆન પોંહોંચાડીઆ વગર મુસલમાન હકીમો કોલ આપી જાએછે કે તેઓની દીનનાં પુસતક મુજબ સ્ત્રી સંગલી વાતની વાકેફગારી રાખતી નથી, વાસતે જો તે અલ્લાના હોકમથી ઊલટી ચાલે તો તેહેવા અપરાધ વીશે મરદને જે સજા થાએ તેનાં કરતાં સ્ત્રીને માતરે અરધી સજા કરવી જોઈએ, અને કોઈ સ્ત્રી ગમે હેવી નેક હોએ અને તે ગમે હેવી રીતે ખોદાઈ રાહપર ચાલનારી હોએ તોપણ હેવા એક નેક મરદને જે બેહેશત મલેછે તેહેનો માતરે અરધો ભાગજ સ્ત્રીને તેહેની નેકીનાં બદલામાં મલી શકે. એ રીતે મહમદીઆન લોકોએ સ્ત્રીની મનની શકતીનો માણસ કરતાં અરધો દરજ્જો કીધોછે, તેજ પરમાણે તેહેને નેકી તથા બદીનો પરમેશ્વરપર અર ધોજ હક આપીઓછે. પરમેશ્વરે સ્ત્રીને મરદની બરોબરની અને તેહેને મદદ આપનાર કીધીછે તે વીચારને આ વાત મલતી આવતી નથી, અને એ ધારાથી સ્ત્રી કધી માણસની બરોબરની થાએ નહી અને તેથી સુધ રાઈનાં કામમાં ખલેલ પોંહોંચીઆ વીના રેહે નહી. એ મહમદીઆન ધારા ઊપરથી આરબોની દીન સાથે ઊગમણ પરાંતનાં દેશોમાં એ વીચારો ઘણા ફેલાવો પાંમેલાછે, અને એક બીજા સાથે મેલાપથી રહે આનાં કારણથી બીજા ધરમ પાલનારાઓનાં દીલમાં પણ તેહેની અસર

ઊતરીછે, અને તે અસરો તે ધરમ પાલનારાઓ આજ પોતાની કરી બેઠાછે, તે હેવી કે આજ જો તેઓની સાથે સ્ત્રીઓના મરદ સાથે એક સરખા દરજજા વીશે કોઈ વાત કરેછે તો તેઓ પોતાના અવલ બોજો રગોના કાનુન તથા દીનનાં ફરમાનને ભુલી જાઈને ચમકી ઊઠેછે.*

હમો ધારીએછે કે ઊપલી બીનામાં હમોએ સાફ ખોલ્લું કરી આપીઊંછે કે આગલા ઈરાનીઓમાં તેઓનાં ધરમ પુસતકોમાં ફરમાવીઆ મુજબ તથા તેઓની તવારીખના દાખલાઓ મુજબ સ્ત્રીના દરજજા તથા ચાલચલણ હમણાંનાં ઈરાન કરતાં તદન જુદાંજ હતાં, અને હમણાંના ઈરાનીઓ સ્ત્રીને જે પોતા કરતાં હલકા દરજજાની ગણેછે તેહવું આગલા લોકોમાં હતું નહી. સર રાબરટ કે. પોરટર પોતાનાં મુસાફરીનાં પુસતકમાં પાહાડોપર કોતરી કાહાડેલા નકશોમાં સ્ત્રીઓના ખોલ્લા ચેહેરાના ચીતારોપર નજર દોડાવી એક ટુક ફકરામાં પોતાનો વીચાર જણાવેછે કે "આગલા ઈરાનમાં સ્ત્રીઓ છુટાપણાથી રેહેતીઓ હતી, એટલુંજ "નહી, પણ તેઓમાંની કેટલીએકોને મરદની બરોબરીનું માન મલતું "હતું, કે જે ચાલ હાલમાં મુસલમાની અમલમાં કધી આપણા સાંભલો

* મુંબઇના પારસીઓએ ઇંગરેજ સરકારની મારફતે પોતાને કીજે વારસા, હીસ્સા તથા લગન અને તલાકની બાબદના ધારા બંધાવવાના હેતુથી ઇશની સને ૧૮૫૫ નાં વરશમાં "જરતોસતીઓને વાસતે ધારા બંધાવી મંગાવવા સારૂં ઉભી કરેલી સભા" હેવાં નામની જે મંડલી ઉભી કરી હતી, તે મંડલીએ હીંદુસથાનની સરકાર પાસે માંગેલા કાએદાઓને લગતી તલાસ કરવા સારૂં મુંબઇની સરકારે એક "કમીશન" ઠેડવી હતું, જેહનો પરમુખ મુંબઇની હાઇ કોરટનો પીઉની જડજ સર જોશેફ આરનલડ મુકરર થાએઓ હતો. એ કમીશનના ગરહસથોએ પારસીઓનાં ધરમ પુસતકો ઉપરથી નીપજતા ધારા બાબે એ ધરમ પુસતકોની બારીક માહીતગારી રાખનાર, અને ઉગમણુ પરાંતની ભાશાઓ જાણનાર, એક જરમન વીદવાન ડાકટર મારટીન હાઉગને કેટલાએક સવાલો પુછીઆ હતા, તે સવાલોનો ઉતર આપતી વેલાએ પુરાતમ જમાનાના પારસીઓ વચ્ચે સ્ત્રીઓના દરજજા તથા હક વીશે ડાકટર હાઉગ પોતાનો વીચાર લખેછે કે—"વારસાના હકથી સ્ત્રીઓને બાતલ રાખવી એ વાત અસલી જરતોસતી કાએદાને મલતી "હોએ હેવું હું માનતો નથી. ઓરત જાત હાલ જે દરજજો જરતોસતીઓ વચ્ચે ભોગવેછે તેહનાં કરતાં તેનીઓનો દરજજો આગલા વખતના જરતોસતીઓ વચ્ચે ઘણો "ચહડતો હતો. ધરમને લગતા એક અગતના ભાગ તરીકે અંજુમનમાં ઓરતોને ગણુ"વામાં આવીછે, અને ઓરતોના ધરમ સંબંધી હક મરદોની બરોબરના ઠેરવેલાછે. "ગુજરી ગએલા મરદોનીજ માફક ગુજરી ગએલી ઓરતોનાં ફરોહરોને આરાધવામાં "આવેછે." (જુવો, તારીખ ૧૩ મી અકટોબર ૧૮૬૨ ને દીનનો પારસી લા કમીશને પારસીઓના ધારા સંબંધી મુંબઇની સરકાર જોગ કરેલો રીપોરટ.)

"આમાં આવી નથી, એ વાત સાબેતછે." ઊપર જણાવેલી હમારી સંગલી હકીકત આ ટુંક વીચારને મલતી આવેછે, અને આ બાબદપરથી "સોબત તેહેવી અસર" થી માણસ પોતાનો અસલ રવઈઓ છોડી કેહેવો ઊલટો ચાલેછે તથા નવા રવઈઆને અસલ ગણેછે તે વાત ઈરાનમાં સ્ત્રીઓની આગલી હાલત તથા તેઓના ધરમ પાલનાર વંશની તે પછીની હાલત ઊપરથી પુરવાર થાએછે.

[જગત પરેમી, ડીસેમબર ૧૮૫૧.]

જરતોસતી સ્ત્રીઓમાં છુટાપણાંની જરૂર વીશે.

પારસીઓએ પોતાની સ્ત્રીઓને મરદોની મીજલસમાં આમેજ થવાની છુટ આપવી કે નહી તે બાબે અતરેનાં ગુજરાતી વરતમાન પતરો મધે ચરચા ચાલેછે, તે સંજોગે આગલા તથા હાલના જમાનાના પારસીઓની કેટલીએક સંસારી ચાલચલણનો મુકાબલો જો આપણે કરીએ તો તેથી એ તકરાર ઊપર કાંઈએક અજવાલું થાશે; અને તે સબબ ઊપરથી આ નીચે લખેલી ખીના ધેઆંન દઈ વાંચવાની હમારા વાંચનારાઓને હમો ભલામણ કરીએછે.

ઈરાન મધે પારસીઓને માથે પોતાના હમજાતી પાદશાહોની જે છેલ્લી હકુમત થાઈ ગેઈ તે હકુમત સાસાનીઆન તખક્કાના પાદશાહોનાં નામથી ઓલખાએછે. એ પાદશાહોનો દોર ઈશવી સને ૨૨૬ થીતે ૬૪૨ નાં વરશ તુલીક ચાલીઓ હતો; અને એ વખત પછી આ દુનીઆંના કોઈબી ભાગમાં જરતોસતીઓની પાદશાહી સલામત રહીતી નહી. એ દોરમાં જરતોસતી પાદશાહોનો અમલ પુર આબાદાનીમાં હતો. તેઓની સાહેબીનો દસત હમણાંનાં ઈસટમબોલ શેહેરની હધથી તે હીંદુસથાનનાં વાવીઅખુણાં આગલ પંજાબનાં મુલક સુધીનાં તમામ દેશો ઊપર ચાલતો હતો. એ પાદશાહો જરતોસતી મજહબ પાલતા હતા,

એટલુંજ નહી, પણ પોતાના મજહબ ઊપર ચુસત રહીને તેહેનો તેઓએ ફેલાવો કરીઓ હતો, તથા આતશખાંનાંઓ બંધાવેઆં હતાં, તથા જરતો સતી મજહબની અસલ કેતાબોના તરજુમાઓ કરાવીઆ હતા, તથા નવી કેતાબો પોતાના આસરા તલે પરસીધ કરાવી હતી. ટુકાંમાં એ જમાનો જરતોસતોઓની પુર જાહોજલાલીનો હતો, અને તે વખતની એ લોકોની ચાલચલણ ખરા જરતોસતીઓ તરીકેની ગણાતી હતી, નીચે ટાંકેલી સતરો ઊપરથી હમારા વાંચનારાઓના જોવામાં આવશે કે સાસા નીઆન વખતના જરતોસતી લોકોના કેટલાએક રેવાજ હેવા હતા કે જે પસંદ કરવાજોગ ગણાએછે, અને જે રેવાજો આજ સુધરેલાં દેશો મધે અંમલ પાંમેછે. એ રેવાજો હમણાંના પારસીઓ ખોઈ બેઠાછે, તેથી તેઓએ પોતાના વડીલોની ભલી ચાલચલણો છોડી દીધેલી કેહેવાએછે, અને તેહેની જગોએ તેઓએ બીજી નવી રસમો અખતીઆર કીધેલીછે, કે જે નવી રસમોને તેઓ હમણાં પોતાના બાપદાદાની રસમો કરીને સમજેછે. પણ તેમાં ખરૂં એજછે કે પારસીઓ પોતાના વડીલોની રસમો તરક કરી બેઠાછે, અને તેહેને બદલે ઊભી થાએલી નવી રસમોને તેઓ "બાપ દાદાની રસમો" ને નામે ઓલખેછે. એ મધેની જે કાંઈ રસમો મરદોની મીજલસમાં ઓરતોને સામેલ કરવા બાબેની તકરારને લાગુ પડેછે તે ઊપર હમારા દેશીઓનું હમો ધેઆંન પોંહોંચાડવા માગીએછે.

ઈંગરેજી કેલવણીએ આજ વીશ અથવા પચીશ વરશ થાએઆં હીંદુસથાનના પારસીઓ વચ્ચે બોહોલો ફેલાવો કીધોછે, તે મુદતની આગમજ સંગલા પારસીઓનો હેવોજ વીચાર હતો કે ખોદાતાલાએ ઓરતોને પરદેનશીન રાખવા તથા નોકરની માફક મરદોની તાબેદાર રેહેવા, તથા મરદો કરતાં ઊતરતો દરજ્જો ભોગવવાને સારૂં સરજીઓછે. એજ સબબ ઊપરથી આપણે જોઈએછે કે આજ વીશ ઈઆ પચીશ વરશની વાત ઊપર પારસીઓ હીંદુઓની માફક પરભાડાં માણસનાં દેખતાં પોતાની બાએડીઓને નામ દઈ બોલાવવાને તથા તેઓ સાથે જાહેરમાં વાત ચીત કરવાને શરમાતા હતા; તેઓ પોતાની ઓરતો સાથે ગાડીમાં બેશતા

હતા નહી, અને જરૂરને કીજે બેશવું પડે તો બંધ બારણે અને પરદાથી બેશતા હતા; અને ઓરતોને કોઈ ઠેકાંણે જવું પડે તો તેઓને પણ ઊંઘાડી ગાડીએ બેશવાની મનાઈ હતી; અને હરએક મરદ પોતાની ઓરતની સાથે બેશીને જમે તો તે વાત અચરત સરીખી અને મશકરી જેહવી ગણાતી હતી. આજ માતરે ચાર ઈઆ પાંચ વરશની વાત ઊપર શેઠ અરદેસર હોરમજજી વાડીઆએ પોતાની ધણીઆનીને સાથે લઈ ફરવા તથા તેહેને દુકાનો તથા મેલામાં લઈ જવાની ચાલ કાહાડી હતી, તથા શેઠ હોરમજજી ધનાપટેલનાં ખાનદાનનો એક ગરહસથ દીવાલીના મેલામાં પોતાની બાએડીને સાથે ગાડીમાં બેશાડીને ફરવા નીકલેઓ હતો; તે ઊપરથી એ બંધે ગરહસથોનો એક બે પારસી વરતમાન પત રોએ તથા આલમનાં લોકોએ બેહદ ગીલો કીધો હતો, કે જેથી તેઓને પોતાનો નવો રવઈઓ છોડી દેવાની ફરજ પડી હતી. પણ સારાં ભાએ ગથી એ સંગલો વખત હમણાં ફેરવાઈ ગએઓછે; અને મુસલમાની અમ લમાં રચેલા ફારસી તથા ઊગમણ પરાંતના બીજા એલમની અસરથી, તથા તે એલમ મનજુર રાખનાર લોકોની સંગતથી, પ્રારસીઓ પોતાનાં કરતાં સ્ત્રી પંથને હલકી પદવીની અને પોતાને કીજે માતરે રમકડું ઈઆ નોકર એ બે કામનીજ ગણતા હતા, તે વીચાર તેઓએ હમણાં ધીમે ધીમે પડતો મુકીઓછે. હમણાંના ઘણાખરા પારસીઓ પોતાની કોમનો અતી આરતુલીકનો રવઈઓ રદ કરીને વગર આચકો ખાવે આપણને કેહેછે કે હરએક મરદ પોતાની ઓરત સાથે બેશીને જમે તો તેમાં છીત જેહેવું કાંઈ નથી; મરદ પોતાની ઓરત સાથે ફરે હરે તો તેમાં કોઈએ વચમાં પડ વાની મગદુર નથી. તેઓ વલી કેહેછે કે ઓરતને છેકજ બંદોબસતમાં રાખવી અને તેહેને ફરવા હરવાની છુટ નહી આપવી હેમાં ફાએદો નથી. એ રીતે હમણાં તેઓમાં અકલની રાહે વીચાર ફેરવાએઓછે. આજે ઘણાખરા પારસીઓ પોતાની બાએડીઓ સાથે બીજાઓનાં દેખતાં વાતચીત કરવા અને તેહેને નામ દઈને બોલાવવાનું કસું શરમ ભરેલું સમજતા નથી. એ સંગલી ચાલચણમાં પારસીઓએ આજ પંદર

ઈઆ વીશ વરશની મુદતમાં સુધારો કીધોછે, અને તે વીશે કોઈબી અક લમંદ પુરસ એમ નહી કેહેશે કે એ ફેરફાર ફાએદા ભરેલો નથી. એ ફેરફાર કીધાથી પારસીઓ જેઓ હીંદુ અને મુસલમાનોની સંગતને લીધે પોતાનો જે અસલ રેવાજ છોડી બેઠા હતા તે તેઓ પાછો હાથ કરતા જાએછે.

હમો આએ બીનાની સાથે, ઈરાનના મુલક મધે નામીચો મુસા ફરી કરનાર સર કેર પોરટરના ગરંથ મધેથી ઊતારી લીધેલો એક ચીતાર આપીએછે. એ અસલ ચીતાર ઈરાન મધે તખતે બોસતાન પાહાડ ઊપર પાદશાહ ખુસરૂ પરવેજના વખતનો ચીતારેલોછે, કે જે ધણી ઈશવી ૫૯૧ નાં વરશમાં ઈરાનનાં તખત ઊપર બેઠો હતો, અને મોહોટી ધામ ધુમ સાથે રાજ ચલાવીઊં હતું. એ ચીતાર ઊપરથી તે જમાનાનાં જર તોસતી પાદશાહોની ચાલચલણનો આપણને ઘણો સારો ખેઆલ મલી આવેછે; અને પુસતકોમાં વાંચીઆં તથા અકલથી ધારણા દોડાવીઆ કર તાં તે વધારે મજબુતીથી આપણી ખાતરી કરી આપેછે, કે જરતોસતી પાદશાહો પોતાનિ બાનુંઓને પોતાની મોજમાં અને પોતાના શેકારમાં સામેલ કરવી અને પોતાનાં લશકર તથા માણસોની હજુરમાં તેઓ સાથે બેશવું અને ફરવું, એ કામ પોતાના વીચારથી ઊલટું સમજતાતા નહી. એ ચીતાર મધે પાદશાહ ખુસરૂ પરવેજ ભુંડોનો શેકાર કરવા નીકલી ઓછે તેહેની ઈઆદગારી રાખેલીછે. તે મધે બેશુમાર માણસો તથા હાથીઓ એક નદીને કીનારે દોડતા ફરેછે અને પાદશાહ પોતે એક મછ વામાં બેશીને તીરથી શેકાર કરેછે. પાદશાહે પોતાની સાથે પોતાની બાનુંને બેશાડેલીછે, અને તે બાનું પોતાના હાથમાં એક વીન પકડીને ગાએન કરતી દેખાએછે. એજ ચીતારના બીજા એક મછવા મધે પાદ શાહનો કોઈ ખેશી ઈઆ અમલદાર પણ એજ રીતે પોતાની ઓરત સાથે બેઠેલોછે. ઈરાનના મુલકના પાહડો ઊપર કોતરી કાહાડેલા એજ જમાનાના બીજા ચીતારો મધે પણ જગો જગોએ પાદશાહો પોતાની બાનું સાથે ઊભા રહેલા ચીતારેલાછે, અને પાદશાહ બેહરામગોરે પોતાના

વખતના સું'નાં તથા રૂપાંના સીક્કા ઊપર પોતાની બરોબર પોતાની બાનુંની તસવીર કોતરાવીછે,-અને તે સીક્કાની બીજી બાજુએ એ પાદ શાહોના સરેશતા પરમાણે આતશનું એક તખત પાડેલું છે, કે જે મધે આતશની પાશબાનીને કીજે એક બોરદુ પાદશાહ પોતે ઊભેલોછે અને બીજી બોરદુએ તેહેની રાણી ઊભી રહેલી દેખાએછે. એ સંગલા ચીતારો તથા સીક્કા તપાસીને તે ઊપરથી આગલા ઇરાનીઓની સ્ત્રીઓ સંબંધી સર કેર પોરટર નીચે જણાવીઆ પરમાણે પોતાનો વીચાર આપેછે.

"From the circumstance of so many women being seen, openly partaking the pleasure of the royal chase, we may conclude that at this period of the Persian empire, the fair part of its population were neither shut up from puplic society, nor necessarily veiled in the presence of men. The bas-relief of the female figure under the arch, and that of Baharam Gours' queen at Nakshi-Roustam, with the similar representation on one of that monarch's coins, all tend to prove, not only the comparative freedom of the female sex in those Mithratic ages, but that certain individuals of them were held in a degree of respeet equalising them with man, now never heard of in Mahomedan countries."

(Ker Porter's Travels, Vol. 11, page 176.)

તરજુમો—"આ ચીતાર મધે ઘણીએક સ્ત્રીઓ ખોલ્લી રીતે પાદશાહી "શેકારની મોજમાં સામેલ થાએલી જોવામાં આવેછે, તે ઉપરથી આપણે મુકરર "કરી શકીએછે કે ઇરાનીઓની શેહેનશાહતના એ વખતમાં તેઓની વસતીની "નાજુક પંથોને જાહેર મીજલસો મધે સામેલગીરી રાખવાનો અટકાવ હતો "નહી, તથા મરદોની હજુરમાં બુરખો રાખવાની જરૂર હતી નહી. આરકાં "વાલાં ચીતારની નીચે જે ઓરતનો આકાર કોતરી કાહાડેલોછે, તથા નકશે "રૂસતમ આગલ પાદશાહ બેહરામગોરની રાણીનો ચીતાર પાડેલોછે, અને તેજ "માફક એ પાદશાહના સીક્કાની ઉપર જે તસવીર આપેલીછે, તે સંગલાં ઉપ "રથી હેવું સાબેત થાએછે કે પુરાનાં ધરમ પાલનારાઓના એ વખતમાં ઇરાન "મધે સ્ત્રી પંથને હવડાંનાં કરતાં વધારે છુટાપણું મલતું હતું, એટલુંજ નહી, "પણ તે મધેથી કેટલીએકોને એટલું તો માન મલતું હતું કે તેઓ મરદોની "બરોબરની ગણાતી હતીઓ, કે જે વાત આજના વખતમાં મુસલમાંની અમ "લનાં દેશો મધે મુતલક જોવામાં આવતી નથી." (કેર પોરટરની મુસાફરીનું પુસતક બીજું સફે ૧૭૬.)

સાસાનીઆન તખક્કાના વખતમાં પાહડો ઊપર કોતરી કાહાડેલા સ્રીઓના ચીતારો મધે એક અગતની ચીજ સરવે કોઈની નજરે પડેછે. તે એછે જે તે ચીતારો મધે જે કોઈ ઓરતની તસવીરો ચીતારેલીછે તે ઓરતોના ચેહેરા ઊપર બુરખો ઈઆ બુરખાની નીશાંન મુતલક માલમ પડતી નથી. તવારીખ લખનારાઓની સોધથી હમણાં ચોકસ રીતે માલમ પડીઊંછે કે ઊગમણ પરાંતમાં કેટલાંએક દેશોમાં ઓરતોએ પોતાના ચેહેરા ઊપર જરૂર બુરખો જાથુક નાખવાની જે ચાલછે તે ચાલ મુસલમાંનોના પેગમબર મહમદના વખત પછી ચાલુ થાઈછે. એ પેગમબરે ઓરતના ચેહેરા ઊપર નેકાબ નાખવાનો ફરમાન આપીઓ હતો, અને તેહેના વખત પછી આરબ લોકોએ જે જે મુલકમાં મુસલમાંની હકુમત સથાપી હતી તે મુલકોમાં એ રસમ તેઓએ લાગુ કીધી હતી. આજ આરબસથાંન, તરકી, મીસર, આફઘાનીસતાન, અને એ વગરે બીજા મહમદી ધરમ પાલનારાઓનાં મુલકો મધે ઓરતોને પરદામાં રાખવાનો રવઈઓ ચાલુછે. હીંદુસથાન મધે પણ ઘણાખરા મુસલમાંનો પોતાની ઓરતોને પરદા પેછવાડે રાખેછે, અને મોગલાઈ અમલ પછી એ રસમ ઘણાએક હીંદુ સરદારોએ પણ પોતાનાં કુટુંબોમાં દાખલ કીધીછે. પણ મુસલમાંની દોર આ દુનીઆંમાં ચાલુ થાએઓ તેહેની આગમજ ઊપલાં સંગલાં દેશોમાં ઓરતને બુરખો પેહેરાવવાનો રવઈઓ ચાલતોતો નહી. એ બુરખાની રસમથી દુનીઆં મધે સ્રીઓની નીતીમાં કાંઈબી ફાએદો થાએઓ હોએ હેવું આપણા જોવામાં આવતું નથી. મી૦ લેન નામનો એક નામીચો મુસાફર જે ઘણાં વરશ સુધી મીસર દેશમાં રહો હતો, અને જેણે આરબ લોકોની ચાલચલણ વીશે એટલીતો વાકેફગારી તથા માહીતગારી મેલવી હતી કે આરબો તેહેને મુસલમાન કરીને સમજતા હતા, તે ગરંથકારે પોતાનાં પુસતકો મધે મહમદીઆંન મુલકોના જનાંનાની નીતીનું બારીક તથા કીમતી વરણન કરીઊંછે. એ વરણન આપણને ભરૂશા ભરેલી રીતે જણાવેછે કે પરદેપોશ રહેઆથી ઓરતની નીતીમાં સુધારાના કરતાં ઓર ઘણો ખરાબો થાએછે. એ વીચારની સાબેતીમાં

મી૦ લેને આપેલી સંગલી બારીક અને લંબાંણ વીગત આ ઠેકાંણે હમો પૂરગટ કરી શકતા નથી, પણ એ નામીચા મુસાફરે કરેલાં બેઆંન ઊપરથી તેહેનો સાર એજ જોવામાં આવેછે કે જે દેશો મધે સ્ત્રીઓને ફરવા હરવા તથા પોતાનો ચેહેરો બીનપરદે રાખવાની છુટછે તે દેશોમાં સ્ત્રી પંથ પોતાનો વખત તરેહ તરેહના સંસાર ઊપીઓગી કામોમાં તથા પોતાનાં કુટુંબ પરીવારનાં ઊપીઓગમાં ગુજારેછે, પણ મહમદીઆંન મુલકોની જનાંનાની કેદ પડેલી સ્ત્રીઓ ફીતુર અને એશક વગર બીજી કસી રીતે પોતાનો જનમારો ઊપીઓગમાં લાવવાની ઊલટ બતલાવતીઓ નથી. મહમદીઆંન દેશોની હવડાંની હાલત ઊપરથી કોઈબી શખસથી નાં નહી કેહેવાઈ શકાશે કે એ કોમનાં લોકો પોતાની સ્ત્રીઓની નીતી હેવીતો હલકી સમજેછે કે ઓરતો જો પારકા મરદોનો ચેહેરો જોએ અને મરદો પારકી ઓરતોનો ચેહેરો જોએ તો તે બંધેનાં પતીવરતાપણાંમાં ખલલ પડેઆ વગર રેહે નહી. એજ માફક હમણાંનાં ગુજરાતી વરતમાંન પતરોના જે પારસી અધીપતીઓ પોતાની કોમની સ્ત્રીઓ વીશે હેવું લખેછે કે તેઓને જો પારકા મરદો સાથે ધાતચીત કરવાની તથા મરદોની મીજલસમાં આંમેજ થવાની છુટ આપી હોએ તો તે છુટથી સ્ત્રીઓ પોતાનું પતીવરતાપણું સંભાલી શકશે નહી, તેઓ હેવું બોલવાથી પોતાની કોમની સ્ત્રીઓ ઊપર એક ઘણોજ નાલાએક બટો મુકેછે, તથા તેઓની નીતી ઊપર સુખન લઈ જાએછે. એ વીચાર ખોટોછે હેવું હમોએ કેહેવાની જાહાજી અગત નથી; અને જે વરતમાંન પતરના અધીપતીઓ હેવું વીચારેછે કે પારસીઓની સ્ત્રીઓની નીતી એતબાર રાખવાજોગ નથી તેઓએ ખચીત શરમાવું જોઈએછે.

હમારા દેશીઓએ જાણવું જોઈએછે—અને તેઓએ એ વાત પોતાનાં હઈડાંમાં નોધી રાખવી જરૂરછે—કે દુનીઆં મધે હાલના જમાનામાં જે કોમનાં લોકો સંગલાંથી સરશ મોહોટાઈ ભોગવેછે, અને આગલા જમાનાના જે ઘણાખરા લોકો મોહોટાઈ પાંમી ગએલાછે—જેહેવા કે રોમન, ગરીશીઅન, અને ઈરાની લોકો—તેઓ મરદોની

સંપમાં સ્ત્રીઓનો દરજ્જો પીછાનનાર અને સ્ત્રીઓનો સારો વીચાર તથા સ્ત્રીઓની તરફથી શાબાશી મેલવવાની હરેક કામમાં ઊમેદ રાખનાર લોકો થાઈ ગએઆછે. તેઓએ સ્ત્રીઓને તાલાં કુંચી તલે રાખીને પછી તેઓનાં પતીવરતાપણાંથી મગરૂર રેહેવાનું કામ ધીકારીઊંછે, અને સ્ત્રી જાતને તેણીનાં પોતાનાંજ ખરાં દીલથી અને પોતાનાંજ સાચવટથી અને પોતાનીજ નીતીનાં બલથી છુટ સાથે પોતાનો સંભાલ કરવાને શકતીવાન કરવી તે વાત તેઓએ પસંદ કરીછે. સ્ત્રીઓનાં પગ, લાંથી મરદોની મીજલસ જે સીંગાર પાંમેછે, અને તેઓથી મીજલસમાં રોશનાઈ, ગંભીરપણું, લેહેજત, અને ઈજત હાંશેલ થાએછે, તે સુખ સ્ત્રીનાં પતીવરતાપણાંની ધાસતી રાખીને આપણે પડતું મુકવું જોઈતું નથી, પણ તે પતીવરતાપણાંનો પાએઓ જે કેલવણીછે તે મજબુત કરીને તે પછી મરદોનાં સુખ દુખ તથા મોજ અને મીજલસમાં ભેલાઈને મરદોની ભાગીઅણ થવાને ખોદાતાલાએ ઓરતોને સરજીઓછે, તે લાભ તેઓને આપવો તથા મરદોએ તે લાભ લેવો સજાવારછે.

[રાસ્ત ગોફ્તાર, તા૦ ૧૨, ૧૯, ૨૬, સપટેમબર ૧૮૫૮.]

પારસીઓ "નેટીવ" કેહેવાએ કે નહી?

ઈંગરેજી લખનારાઓ જેઆરે દેશી લોકોની બાબદમાં કાંઈ બીનાં લખેછે તેઆરે પારસીઓ તથા બીજા દેશીઓ વચ્ચે તેઓ તફાવત રાખીને લખતા નથી, પણ સંગલાઓને એકસરખી રીતે "નેટીવ" ઈઆને દેશી લોકો હેવા એલકાબથી તેઓ ઓલખેછે. એ વાત કેટલાએક પારસીઓને પસંદ પડતી નથી; તેઓ હેવું ચાહેછે કે હીંદુસથાન મધે જેમ ઈઊરોપીઅનો દેશી લોકોથી એલાહેદા ગણાએછે તેજ માફક પારસીઓ પણ ગણાવા જોઈએછે, અને "નેટીવ" એ લફજ આએ દેશની વસતીના બીજી કોમવાલા લોકોની માફક પારસીઓને લાગુ

પાડવો વાજબી નથી. જે દેશમાં હરકોઈ શખસ જનમ પાંમીઓ હોએ તે દેશનો તે "નેટીવ" છે હેવી રીતનો એ શબદનો અરથ થાએછે. પારસીઓ ઈરાનથી આએ દેશમાં આસરે અગીઆરશો વરશ થાએઆં આવી વશેઆછે, એટલી મુદતમાં તેઓની આસરે ચેઆલીશ ઓલાદે એકપછી એક આએ દેશમાં જનમ લીધોછે, તોપણ તેઓને "નેટીવ" ઈઆને દેશી લોકોમાં નહી ગણવા હેવી કેટલાએક લોકો જે ભલામણ કરેછે તે ખરેખર અચરત સરીખુંછે. જો કોઈ શખસ એમ તકરાર કરે કે પારસીઓ કાંઈ આ દેશના અસલ વતનીઓ નથી, પણ માતરે બીજા દેશથી આવીને વશેલાછે, તેથી આ દેશના રેહેવાસીઓ વચ્ચેથી તેઓને અલગા ગણવા જોઈએછે, તો તે વીચાર પણ ચુક ભરેલોછે. એ વીચાર જો આપણે કબુલ રાખીએ તો આજ મલબાર કોસતા મધે લખો ઈસરાએલ લોકો હજારો વરશ થાએઆં બસરાની નાલ તરફથી નીકલી આવીને આ દેશમાં વશેલાછે, તેઓને આપણે "નેટીવ" કેહેવા ઘટારત નથી, અને તેજ પરમાણે રોહીલા લોકો જેઓ પથાન તોખમનાછે અને જેઓ મુસલમાની અમલ પછી આએ દેશમાં આવી વશેઆછે તેઓને પણ એ નામ લાગુ પડતું નથી. એજ માફક વીચાર કરતાં ઊતર હીંદુસથાનના તમામ લોકો, અને એક દાખલા તરીકે બંગાલ સવસથાંનના સીપાહીઓ જેઓએ સરકારની સાંમણે હવડાં બલવો ઊઠાવીઓછે તેઓ પણ "નેટીવ" કેહેવાએ નહી, કાંએકે તવારીખ ઊપરથી તથા બીજી કેટલીએક રીતે હવડાં ચોકસ સાબેત થાઈઊંછે કે ઊતર હીંદુસથાનના લોકો, કે જેઓ હીંદુસથાનના બીજા રેહેવાસીઓ કરતાં કદમાં મોહોટા અને શરીરના બાંધામા જોરાવરછે, તેઓ કાંઈ આ દેશના અસલ વતનીઓના વંશથી ઊતરેલા નથી, પણ હજારો વરશની વાત ઊપર તેઓના વડવાઓ ઈરાન દેશની ઊતર દશાના પાહાડોની તરફથી નીકલીને આ મુલકમાં આવી વશેઆ હતા. જેઓ હેવું ચાહેછે કે પારસીઓને "નેટીવ" કેહેવા જોઈએ નહી તેઓની તકરાર ઊપર આધાર રાખીને આપણે એ કરતાં વધારે તજવીજ કરીએ તો ગુજરાતનો કોલી,

ખાંનદેશનો ભીલ, દખણનો માહાર, મધરાજ સવસથાંનનો તલંગો, અને હેવાજ બીજા લોકો, જેઓ કદમાં નાધલા અને રંગમાં ઘણા કાલાછે, અને જેઓ હીંદુસથાંનની બીજી વસતી સંગાથે સરખાવતાં જલદીથી છુટા પડી શકેછે, તેઓનેજ ફકત આ દેશના "નેટીવ" કરીને આપણે પીછાં ણવા જોઈએ, કારણ કે એ લોકોજ માતરે હીંદુસથાનના પેહેલવેહેલા રેહ વાસીઓ હતા, અને બીજા લોકો ધીમે ધીમે એક પછી એક આ દેશમાં આવીને વશેઆ હતા. વાસતે, ઈંગરેજી લખનારાઓ વારેવાર "નેટીવ" વીશે લખતી વેલાએ પારસીઓ તથા બીજા દેશીઓ વચ્ચે તફાવત રાખીને લખતા નથી તે લખવું એ શબદનો અરથ તપાસતાં ખરૂં ઠડેછે, એટલુંજ નહી, પણ પારસીઓ આ દેશ સાથે જે સંબંધ ધરાવેછે તે ઊપર વીચાર કરતાં પણ એ એલકાબ તેઓને લાગુ પડેછે. પારસીઓ જો પોતાને "નેટીવ" લખાવા નહી ચાહતા હોએ તો તેથી તેઓના વડ વાઓએ ઈરાન જમીન છોડીઆ પછી આ દેશમાં જે આસરો મેલવીઓ હતો તે આસરાનો આભાર તેઓ ભુલી ગએલા કેહેવાએ, એટલુંજ નહી, પણ આ દેશની બીજી તમાંમ કોમવાલા લોકોની તરફ તેઓની જે ફર જછે તે ફરજ તેઓ અદા કરી શકે નહી. પારસીઓ ચંચલાઈમાં, ધુનધી પણાંમાં, અને સુધરાઈમાં, હીંદુસથાંનનાં લોકો વચ્ચે પેહેલો દરજજો ધરા વેછે તે બેશકછે, અને તે દરજજો કાએમ રાખવા તથા તેહેને માંન પાંમેલો કરવાને સારૂં તેઓએ આ દેશના બીજા વતનીઓને પોતાથી દુર રાખે આનાં કરતાં તેઓની સંગાથે મીલનસારી અને પરીતીનો મજબુત ગાંઠ બાંધવો જોઈએછે, તથા તેઓ સાથે સુખ દુખમાં શરીક થાવું ઘટેછે, તથા બીજી સંગલી પાંતીએ તેઓની સાથે ભાઈબંધ દાખલ ભેલાવવું જરૂરછે. જો કોઈ પરોપકારી શખસ કુલ હીંદુસથાંનના પારસીઓને કાંઈ ફાએદો કરે, અને પારસીઓ તે ફાએદાનો લાભ બીજાઓને આપવાની આતુરતા નહી રાખે, તો તેહેવા શખસનું પરોપકારીપણું થોડોજ ઊપીઓગ કરી શકશે, કાંએકે હીંદુસથાંનની વીશ કરોડ માણસની વસતી સંગાથે મુકા બલો કરતાં એ દેશમાં વશનારા માતરે સાહાઠ ઈઆ શીતેર હજાર પાર

સીઓની વસતી કુચ ગણતરીમાં નથી. કેટલાએક ઈંગરેજો પારસીઓને પેઆરથી હીંદુસથાંનના "આંગલો શાકશન" કરીને કેહેછે. એ એલકાબ આપવામાં તેઓની મતલબ હેવીછે કે ઈંગરેજ લોકો જેઓ "આંગલો શાકશન" તોખમના કેહેવાએછે તેઓ જે પરમાંણે દુનીઆંના સંગલા ભાગોમાં સુધરાઈનાં કામની આગેવાંની કરીને તેહેની હરોલમાં ચાલેછે, તેજ પરમાંણે પારસીઓ હીંદુસથાંનની વસતીના લોકોમાં સુધરાઈને મદદ કરનારા તથા સુધરાઈની સંપમાં આગલ ચાલનારાછે. સંગલા પારસીઓએ એ એલકાબને લાએકના થાવું જોઈએછે, તેઓએ હીંદુસથાંનની તવારીખમાં પોતાને કીજે એક ભલાઈ ભરેલું નામ રાખવું ઘટેછે, અને તેમ કરવાનો સંગલાંથી સરશ એલાજ એજછે કે તેઓએ પોતા વચ્ચે સંસાર તથા નીતી સંબંધી તથા બીજી બાબદોમાં સુધારો કરવો, અને તે સુધરાઈ આ દેશના બીજા વતનીઓ વચ્ચે દાખલ કરવાની પુરતી કોશેશ કરવી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૫૮.]

પારસીઓમાં વેપારનો ઘટાડો.

માણસને સાહેબી આપનારૂં પઈસા એક અગતનું હથીઆરછે, અને પઈસાનું કામ પણ એટલુંજછે કે માણસને એકબીજા ઊપર સાહેબી આપવી. એક તવંગર માણસ પોતાની પાસે ગમે એટલી મોહોટી દોલત ધરાવતો હોએ તોપણ દોલતને લીધે તે ધણી બીજાઓ કરતાં વધારે ખાણું ખાઈ શકતો નથી, તથા સુવા અને બેશવાને કીજે બીજાં માણસો કરતાં તે વધારે જગો રોકતો નથી. વાસતે માણસ ગમે એટલી દોલત ધરાવતો હોએ તોપણ તેની ખરી હાજત એક સાધારણ માણસનાં કરતાં વધારે નથી. સાધારણ હાજત પુરી પાડવાને કીજે માણસને મોહોટી દોલત જોઈતી નથી, પણ મોહોટી દોલત માણસને સાહેબી ભોગવવાને

ખાતર જરૂરનીછે, ઈઆને ઘણી દોલત થાએઆથી માણસ પોતે ઘણો સુખી થાતો નથી, પણ દોલતને લીધે તે બીજાઓની ઊપર વધારે સાહેબી ભોગવનાર થાએછે. હેવી સાહેબી પશચમ હીંદુસથાંનના પારસીઓ આજ કેટલાંએક વરશ થાએઆં ભોગવતા આવીઆછે. તેઓમાં દરવીઅ હોવાથી તેઓએ મોહોટાઈ ભોગવીછે, અને તેઓની કોમ સુખી ગણાઈછે. પારસીઓનાં દરવીઅનું મુલ કારણ તેઓનો વેપારછે, વેપારથી પારસીઓ મોહોટા અને સાહેબી ભોગવનારા થાએઆછે. પણ વેપાર તેઓના હાથમાંથી હમણાં ધીમે ધીમે નીકલી જાએછે. આગલા દાહાડાઓ ઊપર પારસીઓના ચીન ખાતેના બોહોલા વેપાર વીશે આપણે વારેવાર સાંભલતા હતા. આપણે વારેવાર હેવું સાંભલતા હતા કે ફલાંણો પારસી ફલાંણે પરદેશથી આટલા લાખ રૂપીઆ લઈને આવેઓછે. હેવી વાતો હમણાં સંભલાતી નથી. કોઈ પારસી પરદેશથી બે ચાર લાખ રૂપીઆની પુંજી ભેગી કરી લાવેઓ હોએ હેવું પાંચ વરશમાં એકવાર પણ આપણા જાણવામાં આવતું નથી. મુંબઈના બારાંમાં એક કુડીથી વધારે મોહોટાં સફરી બારકસો આગલા વખતમાં પારસીઓનાં માલેકપણામાં હતાં, તેઓની જગોએ આજ બે બારકસો પણ જોવામાં આવતાં નથી. આપણા ટાપુ ખાતે આવતા તથા જતા માલના વેપારનો મોહોટો ભાગ જે આગલાં વરશોમાં પારસીઓના હાથમાં હતો તે હમણાં લગભગ સંગલો નીકલી ગએઓછે. ઈંગરેજી હાઉસોના દલાલો દાખલનાં રોજગાર સવાએ પારસીઓના અસતેકમાં આપણાં વેપારનો ભાગ અતી ઘણો જુજછે, અને એ દલાલોનો ધંધો પણ આજ થોડાંએક વરશ થાએઆં કમતી થતો જાએછે.* ચીનનો વેપાર જે પારસીઓની દોલતનું મુલ ગણાતું હતું તે હમણાં લાભ વગરનો થાએઓછે. ચીન મધે પારસીઓની પેહેડીઓ ગએઆં દશ વરશની મુદતમાં ઘણી ઓછી થાઈછે, અને જે પેહેડીઓ તાંહાંછે તેઓ ઘણું કરીને પોતાનો ખરચ કાહાડેઆ

* ઈંગરેજી પેહેડીઓના મોહોટા દલાલો તરીકેનો રોજગાર વટીક હમણાં (ઈ૦ સ૦ ૧૮૮૦ માં) પારસીઓના હાથ મધેથી લગભગ નીકલી ગએઓછે.

સવાએ પોતાનાં ધણીઓને જોઈએ તેવી રીતે લાભકારક થાતી નથી. આ સંગલું હેવું બતલાવેછે કે જે ઠરમાંથી પારસીઓની દોલતનો જહરો વેહેતો હતો તે ઠર આસતે આસતે સુકાતું ચાલીઊંછે. એ હાલત દલગીરી ભરેલીછે. પારસીઓના હાથમાંથી વેપાર ગએઓ તો તેથી તેઓની સાહુબી પણ ગેઈ હેવું આપણે સમજવું જોઈએછે. આજ થોડાં વરશ થાએઆં આપણી ટાપુના મેમણ, ખોજા, ભાટીઆ, લુવાણાં, લેટ્ઠા વાણીઆ, અને એ વગેરે બીજા લોકો ઘણી ઊલટથી વેપારમાં પડેઆછે, તેથી તેઓમાં દરવીઅનો મોહોટો વધારો થાએઓછે. એ લોકોની મોહોટાઈ વીશે આજ પચીશ વરશ ઊપર કોઈને ખેઆલ પણ હતો નહી, તેઓ હાલમાં ગાડી, ઘોડા તથા હવેલીવાલા થાએઆછે, અને હજારો માણસોને પોતાની ચાકરીમાં રાખેછે, અને ઠેકાંણે ઠેકાંણે પોતાના વેપારનો વધારો કરેછે.

પારસીઓમાં વેપાર કમ થાઈ ગએઓછે તેનું અવલ કારણ એજછે કે તેઓમાંથી ખરતલ મેહેનત કરવાની ચાલ ઊઠી ગઈછે. તેઓમાં શોખ વધેઓછે, જેથી ખરચ પણ વધીઓછે, અને તેમજ આલસાઈનો વધારો થાએઓછે. એ કારણને લીધે બીજી મેહેનતુ કોમવાલા લોકો તેઓ ઊપર ફાવી નીકલેછે, અને પશચીમ હીંદુસથાંનનો વેપાર પોતાને હાથ કરી બેશેછે તેમાં નવાઈ નથી. આજ આપણે પારસીઓના ખાંનદાંનવાલા અને વગર ખાંનદાંનવાલા જેટલા પુરસોને અફીમ અને શેરોનો છુપી ઈઆ જાહેર રીતે સટો કરતાં જોઈએછે તેટલા પુરસોને ખરા વેપાર પછવાડે મેહેનત કરતાં આપણે જોતા નથી. એ ઊપરથી દેખાઈ આવેછે કે પારસીઓમાં જેટલો શોખ થોડી મેહેનતે, અને ખરૂં બોલીએ તો હરામખોરીથી, પઈસો મેલવવાનોછે તેટલો શોખ અંગબલ કસીને તથા તડકે ફરીને પઈસો ભેલો કરવાનો નથી. ખોદાએતાલાએ માણસને પશીનો ઊતારી પઈસો પેદા કરવાનું સરજેલુંછે, તે કામ પશીનો ઊતારેઆ વગર બની શકનાર નથી. મેહેનતુ ભાટીઆ અને મેમણો બાંમદાદથી તે રાત સુધી મેહેનત કરીને પોતાનો વેપાર ચલાવેછે, તેઓ વાજબીની રીતે

દોલતવાલા થાએછે, અને આલસુ તથા ઈતરાજીવાલા પારસીઓ જેઓ મોજને વધારે પસંદ કરેછે તેઓએ વેપારમાં પોતાની સાહેબી ખોઈછે, એટલુંજ નહી, પણ બીજી કોમનાં લોકો તેઓનાં કરતાં સરશ નીકલે આછે. હેવી ધાસતી રાખવામાં આવેછે કે જે પરમાંણે પારસીઓ હમણાં સુધી બીજી કોમના લોકોને પોતાની ચાકરીમાં રાખતા આવેઆછે તેજ રીતે હવેપછી બીજી કોમવાલા લોકો તેઓને પોતાની ચાકરીમાં રાખશે. આજ આપણે જોઈએછે કે ભાટીઆ દઈઆ ખોજા મેમણ અથવા હેવીજ બીજી વેપાર કરનારી કોમનો છોકરો પોતાની ઊમરમાં આવેછે તો તરત વેપારને લગતી સંગલી ખરતલ મેહેનત કરવામાં તે પડેછે, બીજા હાથ ઊપર પારસી માંબાપો પોતાના જુવાંન છોકરાને કીજે છાંએડા ભરેલી આશીસ અને આસાએસથી બેશીને લખવાનો ઊદમ ધુંધેછે. એ ચાલથી હેવો બનાવ બનેછે કે ખરતલ મેહેનતવાલો ભાઠીઆનો છોકરો થોડાં વરશમાં વેપારી થાએછે, અને પછી દરવીઅ મેલવેછે. પણ આશીસનાં છાંએડા તલે બેશનાર પારસીના છોકરાને જનમ તુલક કાગજ સાથે કુઈલ ઘસેઆ સવાએ બીજો મારગ હાથ આવતો નથી.†

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૭ મી જુલાઈ ૧૮૫૯.]

† આ બીના લખેઆને આજ (ઈ૦ સ૦ ૧૮૮૦ માં) એકવીશ વરશ થાએઆછે. તે પછી પારસીઓની વેપાર સંબંધી હાલત વધારે ઉતરતી ચાલીછે. પારસી લોકોની વેપાર સંબંધી સાહેબી આગલનાં કરતાં હમણાં ઘણી કમતર થાઇછે એ બીનાં તેઓનું ભલું ઈછનારને દલગીરી ઉપજાવનારીછે. વેપારમાં પારસીઓની સાહેબી કમતી થવા ઉપરથી હવે તેઓની ચહડતી હાલતનો આધાર તેઓની કોમનાં લોકોની ચહડતે દરજજેની કેલવણી ઉપર રહેલોછે હેવું હું ખચીત માનું છું. પારસી લોકો પોતાની કોમ વચ્ચે હીંદુસથાંનની વસતીનાં બીજાં લોકોનાં કરતાં સરશ અને ચહડતે દરજજેની કેલવણી જાંહાં સુધી જાલવી રાખશે તાંહાં તુલાકજ તેઓની હાલની પદવી કોઇબી પરકારે સચવાએલી રેહેશે. વેપારમાં પછાત પડવા પછી બીજી પરકારે દરવ મેલવનારી, તથા સારી હાલતે પોતાનો ગુજારો કરનારી, હોનરમંદ, કીસબી, અને ઓધા ધરાવનાર કોમ તરીકે પારસીઓએ ટકી શકવું, તે કારણસર તેઓમાં ચહડતે દરજજેની કેલવણી આગલનાં કરતાં ખરે ખર હવે વધારે જરૂરની માલમ પડેછે.

પારસી ગહરસથોમાં પઈસાના લોભને લીધે (શેર સટાના વખતમાં) વધી પડેલું બેશરમપણું.

આજ થોડુંએક થાઈઊં મુંબઈ મધે નવી બેંકો અને નવાં કારખાનાંઓ જે રીતે અને જે મતલબોથી ઊભાં થાએછે તેની વીગતથી હમારા જે કોઈ ભલા વાંચનારાઓ વાકેફ હશે તેઓનાં જોવામાં આવશે કે, જાહેરમાં આબરૂવાલા અને નામીચાં કુટુંબના પારસી ગહરસથોમાં હમણાં એકબીજાની દેખાદેખીથી જે બેશરમપણું વધી ગએઊં છે, તેઓને પરમેશ્વરે સારીપેઠે પઈસા આપીઆ છતાં હરએક પરકારે બીજા પઈસા વધારવાનો લોભ તેઓમાં પેદા થાએઓછે, અને તે લોભને ખાતર તેઓ અણઘટતા, નાલાએક અને ઠગાઈ ભરેલા મારગ પકડેછે, તે સંગલું સખત ઠપકાને લાએકછે. મુંબઈ મધે પુરતી બેંકો હોવા છતાં, અને તેઓએ પોતાની થાપણ આગલનાં કરતાં લગભગ બેવડી કરવા છતાં, આજ બે માસની મુદતની અંદર અતરેસાત ઈઆ આઠ નવી બેંકો ઊભી થાઈછે. તે બેંકો ઊભી કરનારાઓના મોટા ભાગની મતલબ પોતાના લાભને ખાતર બીજાઓને લોભમાં નાખીને ઠગવા સવાએ બીજી કાંઈજ નથી. એક ઈંગરેજ, બે પારસી, એકુ બે હીંદુ, એવા મલીને નવી બેંક કાહાડવા વીશે પોતાનો એરાદો જાહેર કરેછે તો હજારો ભોલવાએલા લોકો તેઓની ઊપર ટુટાટુટ કરીને શેરો માંગેછે. શેરો ઘણી મારફત અને ખુશામદથી થોડાએક પરચુટણ લોકોના હાથમાં જાએછે. બાકીના શેરો મધેથી આસરે બે ભાગ બેંક ઊભી કરનારાઓ પોતે તથા પોતાના અતલગના લાગતા વલગતાઓને કીજે રાખેછે. બાકીનો એક ભાગ શેહેરના નામીચા સટો કરનારા દલાલો વચ્ચે તેઓનાં કઊવત પરમાણે વેંહેંચી આપીઆમાં આવેછે. તે દલાલોએ અગર શેરો માગીઆ નહી હોએ તો તેઓને બોલાવીને પણ આપીઆમાં આવેછે. પછી તે શેરોનો ભાવ બજારમાં વધેછે, આજે ૧૦) ટકા ઊપર તો કાલે ૧૫) અને તેહેને વલતે દીને ૨૫) એ રીતે ભાવ થાએછે, મજબુતીથી તે ભાવ ટેકવી રાખેઆમાં

આવેછે, પછી ભોલા લોકો એક પછી એક મોહાટે ભાવે પોતાને ગલે તે ઓલવેછે, ઓરત લોકો વતીક પોતાની માઆપુંજી રોકી વગર આધારનું મોટું "પરીમીઅમ" આપીને શેરો ખરીદ કરેછે, અને બેંક ઊભી કરનારાઓ પોતાની પાસે રાખી મુકેલા દરએક શેર ઊપર ૨૦૦) થી ૩૦૦) રૂપીઆનો નફો મેલવીને ધીમે ધીમે પોતાના જોખમમાંથી ખલાસ થાએછે. "જોખમ" એ બોલ કદાચ હમોએ વાપરવો નહી જોઈએ, કાંએકે તેઓએ કાંઈ અવલમાં "પરીમીઅમ" આપીને શેર ખરીદ કીધા નથી, કે તેઓને માથે જોખમ હોએ, જોખમ તો માતરે જે બીચારાઓ અને જે બીચારીઓ હેવા ઠગોનાં ફાંસામાં ફશીને વગર આધારે અને વગર વાજબી કારણે ૨૫૦) ઈઆ ૩૦૦) રૂપીઆની મુદલ થાપણનાં શેરના ૪૦૦) થી ૮૦૦) રૂપીઆ આપેછે તેઓને માથેછે.

ઘણા લોકો કેહેછે કે એવો મામલો ઘણું સુધી ચાલશે નહી, પણ રકમબંદ શેરોના મજબુત ધરાવનારાઓ જાંહાંસુધી ખલાસ થાએ નહી, અને તેઓના શેરોનો મોટો ભાગ પરચુટણ લોકોમાં પુરતો પેસારો કરે નહી, તાંહાંતુલીક એ મામલો નરમ પડે હેવું હમોને લાગતું નથી. હમણાં મુંબઈનાં બજારમાં નવી બેંકોનું ઊભું થવું અને તેઓ સંબંધી શેરોનો સટો આપણે ગમે તેવી બોરદુએથી તપાસી જોઈએ તોપણ તેમાં ગરીબ અને વચલે વાયેના લોકોની અંતે ખરાબી સવાએ હમો બીજું કાંઈ જોઈ શકતા નથી. અલબત આપણા માતબર શેઠીઆઓને તે વીશેની જાહાજી દરકાર નથી. તરણ હજાર ઈઆ તરીશ હજાર નાતવાન મરદો, અથવા ગરીબ વીધવાઓ, અથવા વગર આસરાનાં બાલકો, લાચાર ઈઆ ભુખે મરતાં થાએ તો તેઓને શું દરકારછે? તરણ હજાર માણસો રડશે તો તરીશ નવા બંગલા વાલકેશવરમાં બંધાશે, અને બે તરણ લાખ રૂપીઆ ધરમ ખાતે આપવા વીશેની તંદરોસતીઓ ભણાશે, અને તરીશ શેઠોની ધણીઆનીઓ હમણાનાં કરતાં દરએક તરીશ હજારની કીમતનું વધતું જરીઆન પેહડશે.*

* આએ અગમચેતીમાં પાછલથી એટલો ફરક માલમ પડીઓછે, કે શેર સટાના અધઆમથી પારસી આલમની સાથે પારસી કોમના આગેવાંનોનો મોહોટો ભાગ જે એ સટ્ટામાં સામેલ હતો તે પણ પોતાની દોલતની પાએમાલી પાંમીઓ હતો.

રૂકાંમાં હમણાંનો એંકો ઊભી કરવાનો અને શેરોના ભાવ વધાર વાનો મામલો શરમ ભરેલો થાએઓછે. હેવું કામ કરનારાઓને જેમ તે શરમ ભરેલોછે તેમજ પારસીની કોમને નામોશી લગાડનારોછે. પાર સીની કોમને નામોશી લગાડનારો એટલા માટેછે કે તેઓમાં નીતીની ચાલે એટલી જડ નથી પકડી કે હેવું કામ કરનારાઓ પોતાની ચાલને લીધે ઈજત અને આબરૂથી કમતર થાએ. આગલ તેમજ હાલ આપણે જોતા આવીએછે કે પારસીઓમાં પઈસો એ બધી ઈજતનું અને દર જજાનું મુલછે. હરકોઈ શખસનાં કરતુક ગમે હેવાં હોએ, પણ અગર તેહને પઈસા મલીઆ તો આપોઆપ તેહને દરજજો મલેછે. હરએક દગો કરનાર ઈઆ ઠગાઈ કરનાર અથવા ધંધામાં હરએક નઠારૂં કામ કર નાર પઈસાવાલાને ઊંઘાડી રીતે ધીકારવો, ઈઆ તેહેની દોસતી શરમ ભરેલી ગણવી, હેવો વીચાર જરતોસતીઓમાં મુતલક છેજ નહી.

[રાસ્ત ગોફ્તાર, તા૦ ૧૨ મી જુન ૧૮૬૪.]

ધમ ધોલ માહે પોલ.

(મુંબઈના શેર સટાના વખતમાં લખેલી એક બીના.)

એવી ગણતરી કરવામાં આવીછે કે અમેરીકાની લડાઈ શરૂ થાએઆ પછી રૂનાં વેપારને લીધે આપણાં મુંબઈ સવસથાંનની દોલતમાં આસરે ૫૦) કરોડ રૂપીઆનો વધારો થાએઓછે. હમો ધારીએછે કે એ ગણતરી ખોટી નથી. અતરેથી જેમ મોઘો રૂ ઈઊરોપ ખાતે જાએછે તેમ તાંહાંથી મોઘી કીમતનું કાપડ તથા સુતર આવેછે, અને આજ ચાર વરશની મુદતમાં એકંદર કાપડ સુતરની કીમત તરીકે આગલનાં કરતાં વધારે અલબત ૧૫) કરોડ રૂપીઆ મુંબઈ સવસથાંનને ખરચવા પડીઆ હશે, તે રકમ બાદ જતાં પણ આપણાં સવસથાંનને ૫૦) કરોડનો લાભ રૂનાં વેપારે કીધોછે તેમાં થોડોજ સંધેછે. હવે એ ૫૦) કરોડનો મોટો

નશે કાંઈ તમામ મુંબઈના વેપારીઓનેજ મલીઓ નથી. એ માહેલો મોહાટો હીસ્સો માહેલાં દેશોનાં ખેડુત લોકોના હાથમાં ગએઓછે. સરવે કોઈ જાણેછે કે અમેરીકાની લડાઈનાં પેહલાં તથા બીજાં વરશમાં મુંબઈના માલ ચહડાવનારા વેપારીઓને જેટલો તેઓના ધંધામાં લાભ થાએઓ હતો તેટલો લાભ પાછલથી તરીજાં અને ચોથાં વરશોમાં થાએઓ નથી. રૂની પડતલ માહેલાં પરાંતોથી એટલી તો આકરી પડવા લાગી કે આપણે જાણીએછે કે સને ૧૮૬૩ ના અકટોબર મહીના પછી તે આજ સુધી ૧૫ મહીનાના અરસામાં જે લોકોએ ઈઊરોપ ખાતે રૂ ચહડાવીઓછે તેઓને તેમાં કસો લાભ થાએઓ નથી. આજ ચાર માસની વાત ઊપર લીવરપુલ મધે રૂનું બજાર બેશી ગએઊં હતું તારે મુંબઈથી ગએલા રૂના એક રૂપીઆનાં ૧૨ આંના અને ૧૦ આંના સુધીના વકરા ઊપજીઆ હતા. એ મોટું નુકસાંન સારાં ભાએગે થોડાજ દીવસ ખમવું પડીઊં, પણ આજ ૧૫ માસ થાએઆ જેઓ રૂ ચહડાવતા આવીઆછે તેઓને ખાંડી એકે રૂ૫૦) થી ૧૦૦) નુકસાંનીના ખમવા પડીઆછે એવો રાસબંદ જો આપણ અડસતો કાહાડીએ તો તે ખોટો ગણાશે નહી, અને એ મુદતમાં આપણા રૂ ચહડાવનારાઓને એકંદર ૫) કરોડનું નુકસાંન ગએઊંછે એવું આપણે ધારીએ તો તે ગણતરી સચાઈથી વેગલી નથી. એ ૫) કરોડની નુકસાંની જે આજ સવા વરશનાં રૂના રોજગારમાં આપણા વેપારીઓને ખમવી પડીછે તે એક કોરે રાખતાં આપણાં સવસથાંનને ૫૦) કરોડનો જે લાભ થએઓછે તે માહેથી ખેડુતો અને માહેલાં પરાંતનાં બીજાં લોકોની પાંતીએ અલબત ૩૦) કરોડ રૂપીઆ ગએઆ હશે. બાકીના ૨૦) કરોડ રૂપીઆ મુંબઈના વેપારીઓના હાથમાં રહેઆછે.

એ ૨૦) કરોડની નવી દોલત ઊપરથી મુંબઈ શેહેરની હમણાંની હાલતના સંગલા ફેરફારનો પાએઓ મંડાએઓછે. એ અતી મોહોટી દોલત મુંબઈ શેહેરના લોકો સમારગે વાપરે તો તેથી તેઓને તથા તેઓનાં વતનને મોટો ફાએદો થાએઆ વના રેહે નહી. પણ મુંબઈના

લોકો તેહેવી સંતોશ ભરેલી હાલતમાં રહેઆ નથી. તેઓએ એ ૨૦) કરોડના નફાને વગર આધારે ફુલાવીને ૫૦) કરોડનો કીધોછે, અને ગોએઆ ૫૦) કરોડ રૂપીઆ આ ટાપુને ખરેખરા મલીઆ હોએ તેમ સરવે કોઈ પોતાનો ખરચ અને દમામ રાખેછે, એટલુંજ નહી, પણ શકતી ઊપરાંત મોહોટાં કામો, અને તે પણ વગર ઊપજનાં કામો, પોતાને માથે ઊઠાવેછે. મુંબઈ મધે રૂના વેપારથી ૨૦) કરોડની ખરી દોલત આવીછે, તે ઊપરાંત બીજી કેટલી ખોટી ઈઆને ખેઆલી દોલતનો આજ આસરે એક વરશની મુદતમાં જે વધારો થાએઓછે તેનો હીસાબ અતરે નવી ઊભી થાએલી તથા બીજી કંપનીઓના શેરોના ભાવ ઊપરથી હમોએ નીચે મુજબ ઊપજાવી કાહાડીઓછે.

ખેઆલી નફો.	રૂપીઆ.
બાકબે રીકલેમેશન કંપનીના શેરો ઉપર પરીમીઅમનાં..	૮) કરોડ.
મજગામ રીકલેમેશનના શેરો ઉપર પરીમીઅમ.......	૧) કરોડ.
ફરીઅર રીકલેમેશનના શેરો ઉપર પરીમીઅમ.......	૦॥ કરોડ.
એલફીનસટન લાંડ કંપનીના શેરો ઉપર પરીમીઅમનો વધારો	૧) કરોડ.
વીકટોરીઆ લાંડ કંપનીના શેરો ઉપર પરીમીઅમ....	૧) કરોડ.
વીકટોરીઆ તથા કોલાબા લાંડ કંપની ભેલી નાખીછે તેના શેરો ઉપર પરીમીઅમ................	૨॥ કરોડ.
ગએઆ બાર માસની મુદતમાં કુલ નવી બેંકો તથા ફીનાનશીઅલ કંપનીઓ અને એ વગરે બીજી કંપનીઓ ઉભી થાઈ તેઓની નામની થાપણ ઉપર પરીમીઅમ સેંકડે ૩૦) ટકાની રાસ	૧૫) કરોડ.
જુમલે ખેઆલી નફો..	૩૨૯) કરોડ.

એ રીતે મુંબઈની દોલતમાં રૂના વેપારથી ૨૦) કરોડ રૂપીઆનો ખરેખરો નફો થએઓછે, તે ઊપરાંત ઊપલી રીતે ૨૯) કરોડનો બીજો ખેઆલી નફો વધીઓછે. અને તે ખેઆલી નફા ઊપર લોકો હાલમાં જોસથી અમલ કરેછે. આપણા દશ પાંચ શેઠીઆઓએ ભેગા મલીને કોલાબા લાંડ અને વીકટોરીઆ લાંડ કંપનીઓ વેચાતી લીધીછે, અને

તે કારણસર ૪) કરોડની થાપણની એક કંપની ઊભી કીધીછે. એક અઠવાડીશિં ગએશિં નહી એટલે એ નવી કંપનીના ૪૦૦૦) શેરો ઊપર એકંદર ૨॥ થી ૩) કરોડનો નફો બોલાવા લાગોછે, અને આપણી ટાપુમાં એટલી કીમતની દોલતનો એ આઠ દીવસની ટુક મુદતમાં વધારો થાએઓછે !! મુંબઈની સરકારી ટંકશાલને ૩) કરોડની ચાંદીના રૂપીઆ પાડતાં પણ ચાર માસનો વીલમ લાગેછે, મગર આપણા શેઠીઆઓની ટંકશાલ સહવારથી તે સાંહાંજ સુધીમાં કરોડો રૂપીઆ પાડી શકેછે !! શેરોનાં પરીમીઅમથી છેલ્લા ૧૨) માસમાં આપણી ટાપુ ખાતે ૨૯) કરોડની દોલતનો જે ઊપલી રીતે વધારો આબરૂવાલા કીમીઆગરોની મેહેમતથી થાએઓછે તે ૨૯) કરોડ રૂપીઆ જેવા ધુલમાંથી પેદા થાએઆછે તેવા પાછા ધુલમાં જવાનાછે, અને તે સાથે જે વાજબી રીતે ૨૦) કરોડ આપણને મલીઆછે તેનો કેટલોએક ભાગ પણ ઘશડાવાનોછે, એ વાત ખચીતછે. ઘણી બેંકો તથા બીજી કંપનીઓના શેરો ઊપર પરીમીઅમ થાએછે, પણ તે પરીમીઅમના પાએઆ ઈઆ ટેકા હોએછે. ગામમાં અગર નાણાંનું વીઆજ સેંકડે ૬) ટકાનું ગણાતું હોએ, અને કોઈ બેંક પોતાના વાજબી ધંધામાં દર વરશો વરશ લાગટ ૧૨) ઈઆ ૧૫) ટકાનું વીઆજ પેદા કરતી હોએ, તો તેના શેરોનું પરીમીઅમ ૧૦૦) ઈઆ ૧૫૦) ટકા ગણાએ તો તે પરીમીઅમને વાજબી પાએઆ ઈઆ ટેકા મલેલાછે એવું સમજવું જોઈએછે. પણ ઊપલા ૨૯) કરોડ મધેથી ૫) કરોડ રૂપીઆ પણ ખરાં પરીમીઅમનાછે હેવું કોઈ કહી શકશે નહી. બાકબે કંપનીના ૨૦૦૦) શેરોના પરીમીઅમ સુધાં તેની આજ ૯) થી ૧૦) કરોડની કીમત થાએછે તે કંપની કાંઈ દર વરશે ૧) કરોડની પેદાશ કરીને પોતાના ભાગીદારોને માસ એકે ૧૨) આનાની વેંહેંચણીનું વીઆજ આપનાર નથી, અને આપણા બુજોરગ શેઠીઆઓએ ૪) કરોડની કોલાબા અને વીકટોરીઆ કંપની ઊભી કીધીછે તેઓ પોતાના ભાગીદારોને સેંકડે ૧૨) આનાને ઠેકાંણે ૧૨) દોહાડીઆં પેદા કરી બતલાવનાર નથી. એ પરમાણે આપણા ૨૯) કરોડના ખેઆલી નફાના

પાએઆ નથી. તેહેને ઊભા રેહેવાનો આધાર નથી. એવા નફા ટકે તે વાત ખુદરતના કાએદાથી દુરછે. માતરે વખતની વારછે. વખત જવો જોઈએછે. પુરતો વખત ગએઆથી માણસો થાકશે, અને હમો ઊપર બોલીઆ છઈએ તેમ એ ૨૯) કરોડ રૂપીઆ જેમ ધુલમાંથી પેદા થાએ આછે તેમ ધુલમાં પાછા જશે, અને તે સાથે આપણી ખરી દોલતનો કેટલોએક ભાગ પણ ઘશડાશે. આવા બનાવથી કેટલાં પુરાનાં અને આબરૂવાલાં કુટુંબો અને મોભાવાલાં માણસો અને દોલતમંદ સરાફોની પેહડીઓ ખરાબેહાલ અને પાએમાલ મલશે તેનો ખેઆલ પણ અફસોસ કરેઆ વગર થાઈ શકતો નથી. તેનું પાપ એવાં કામોને ઊભાં કરનાર પરોમોટરો અને બીજા ઊતેજન આપનારા શખસોને માથેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૫ મી ફેબરવારી ૧૮૬૫.]

મુંબઈના પારસીઓમાં આલમના લોકોની પસંદગીથી ચુંટી કાહાડેલી પંચાએતની અગત વીશે.

(તા૦ ૫ મી એપરેલ ૧૮૬૦ ને દીને મુંબઈના જરતોસતી અકાબરોએ મેલવેલી સભાની નજદીક કરેલાં ભાશાણ મધેથી.)

જે સાહેબોએ આપણી અંજુમનના લોકોનું ભલું ચાહીને ગએઆં દશ વરશની મુદતમાં આપણા ટોલાના લોકોના માટી બઈ એરને લગતા વાંધાના ઘરગતુ મુકદમાના વગર હાંસલથી અને ઘણી એક બેગરજ મેહેનત લઈને સમજુતી કરી ચુકાદા કરવાની કોશેશ કીધીછે, તે મેહેનતને સારૂં તે સાહેબોનો આપણા ટોલા ઊપર આભાર થાએઓછે. એ સાહેબોની તરફથી વંચાએલા રીપોરટ ઊપરથી માલુમ પડેછે કે તેઓએ ખરેખર ઘણી મેહેનત લીધીછે. માઠાં ભાએગે એટલી મેહેનત લીધા છતાં તેઓને તેનો જશ મલીઓ નથી, તે ઘણું દલગીરી ભરેલુંછે. તે જશ મલીઓ નથી તેનું કારણ તપાસતાં હેહું

માલમ પડેછે કે તે સાહેબોએ જે પાએઆથી હમણાંના સમા પરમાણે પંચાએત મુકરર કરવી જોઈએ તે પરમાણે કીધું નથી.* પંચાએતનો કારોબાર હાલમાં જે પાએઆ ઊપર ચાલેછે તેમાં મહને ખાંમી નજર આવેછે. હું કહુંછું અને ઘણા જરતોસતીઓ માહારાં મત સાથે એક મલતા થાશે કે આપણા લોકોની હમણાંની સથીતી અને સમજ મુજબ આપણી અંજુમનનાં લોકોનાં મત અથવા કોલ લઈને પંચાએત ઠેરવવી જરૂરછે. એ પરમાણે જાંહાંસુધી થાએ નહી, તાહાંસુધી તમો સાહેબોને કધી જશ મલી શકે નહી. એ વાત હું ધારૂંછું કે તમારા માહેલા ઘણા સાહેબો પોતે કબુલ કરેછે. આગલા વખતમાં આપણા લોકોની હાલત કેહવી હતી અને હમણાં તે હાલત કેહવીછે તે જુવો. જરતોસતી લોકોમાં અને તેમાં અગત કરીને મુંબઈની જરતોસતી વસતીમાં આજ દસ વીશ વરશમાં જે મોહોટો ફેરફાર થાએઓછે તેથી કોઈબી અંજાણું નથી. આદમીઓની મંડલીની હાલત જેમ જેમ ફરતી જાએછે તેમ તેમ તેઓના કાએદા ફરવા જોઈએછે. એક અદાલત જે કાએદાથી' આજ પચાસ વરશની વાત ઊપર ચાલતી હતી તે અદાલત તેવાજ કાએદાથી આજે ચાલી શકે નહી. મુંબઈના પારસીઓની પંચાએત વીશે આજ પચીસ વરશ થાએઆં જે ફરીઆદ થાતી આવીછે તેનો મુલ સબબ એજછે કે પંચાએતની બાંધણીમાં પારસીઓની ચંચલાઈ તથા સુધરાઈ પરમાણે જે સુધારો થાવો જોઈએ તે થાએઓ નથી. દરએક કારખાનાં, દરએક જાહેર મંડલી, દરએક ઈનસાફની અદાલત, અને દરએક રાજપાટમાં, જમાનાની ચાલ પરમાણે અને તેની હાલત મુજબ સુધરાઈ અને ફેરફાર થવો જોઈએ, અને તે પરમાણે વીચારવાલા લોકો ફેરફાર અને સુધારો કરતા જાએછે. એજ પરમાણે આપણા લોકોએ પણ કરવું ઘટેછે. આપણા લોકોની હાલત મુજબ અને ખાએસ મુજબ આલમના લોકોની પસંદગીથી ચુંટી કાહા

* એ વખતની આગમજ મુંબઈના પારસીઓમાં અંજુમન મેલવીને આલમના લોકોની પસંદગીથી પંચાએતના અવીકારીઓ નેમવામાં આવતા હતા, પણ તે પછીના અકાબરોએ એ ઉતમ રીતને માઠાં ભાગ્યે તરક કીધી હતી.

ડેલા અધીકારીઓની આપણા લોકોને માથે પંચાએત સથાપવી જોઈ એછે. તે પરમાણે અગર પંચાએત મુકરર કીધી હોએ તો જે અડચણો હમણાં વંચાએલા હેવાલ મધે જાહેર કરવામાં આવીછે તે અડચણો કધી વચમાં નડે નહી.

આપણી અંજુમનના ઘણાખરા લોકોના જાહેર તથા ખાનગી રીતે આપેલા વીચાર પરમાણે હેવું દીશેછે કે હવડાં જે પાએઆ ઊપર પંચાએતનો કારોબાર ચલાવવા સારૂં અધીકારીઓ મુકરર થાએછે તે રીત† બીલકુલ બદલી નાખીને તેને બદલે અતરેની આખી જરતોસતી અંજુમનના લોકોનું ઘટતી રીતે મત લઈ કાએદાસર એક નવી પંચાએત મુકરર કરવી જોઈએ. હેવી રીતે અંજુમનનાં મતથી પંચાએત મુકરર થાશે તો તે પંચાએતની સતાનો ઈનકાર કરવાનું આપણા લોકોને કસું વાજબી કારણ મલી આવશે નહી, એટલુંજ નહી, પણ તે સાથે જે સાહેબો એ ભલાં કામમાં આગેવાની કરશે અને તેને મેહેનત લઈને પાર પાડશે તેઓને ઘણું માન મલશે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી એપરેલ ૧૮૬૦.]

† એ રીત પારસી અકાબરોએ હેવી ઠેરવી હતી કે જે ધણી સર જમશેદજી જીજીભાઈ વાલી પારસી બેનેવોલેંટ ઇનસટીટુશન ખાતાંનો અધીકારી હોએ તેજ ધણી પંચાએતનો અધીકારી પણ ગણાએ.

ભાગ ૬ ઠો.

પરસીધ પુરસો સંબંધી.

અરદેસર ધનજીશાહ બાહદુર.*

સુરતવાલા પારસી અરદેસર ધનજીશાહ બાહદુર વીશે તેહેના દોસતો તથા દુશમનો ગમે હેવી જુદી જુદી રીતે વાતો કરે તોપણ આપણા હીંદી ઊમરાવોમાં એ ધણી ઘણી નામીચી આબરૂ અને નામ દારી ધરાવેછે તેમાં કાંઈ શક નથી. અરદેસરની તોખમ, તેહેની હીમત, સખાવત, કાબેલીઅત અને મઆલુ દીલ, એ સંગલા ગુણોથી ગુજરાતની વસતીમાં એ ધણીએ ગરીબ લોકોનો જે પેઆર અને તેઓમાં જે નામ દારી મેલવી હતી તે લાંબી મુદત સુધી કોઈ ભુલી જશે નહી. એ ધણીએ પોતાની સતાના વખતમાં કદાચ ઈનસાફની દરકાર કીધી નહી હોએ, અથવા પોતાની જાહોજલાલી કાએમ રાખવાને કીજે નમનતાઈ પકડી મુકીને મોગલાઈ ગરૂરી પકડી હોએ, અથવા કોઈ ગંભીર માણસના સારા વીચારની દરકાર કીધી નહી હોએ, તોપણ એ ધણીએ ગુજરાતની ગરીબ રઈએતના ફાએદાને કીજે જે જેહમત ખેંચીછે તથા તેહેના વડવા ઓએ જે લાએકીથી પોતાને કીજે અમીરી ખેતાબ મેલવીઓછે તે ઊપ રથી એ ધણીના જનમારાની હકીકત નોંધી રાખવા જોગછે.

અરદેસર ધનજીશાહનો જનમ ઈઅજદેજરદી સને ૧૧૬૭ અથવા ઈશવી સને ૧૭૯૭ નાં વરશમાં સુરત શેહેર મધે થાએઓ હતો. અરદેસરના વડવાઓ આજ એકસોથી વધારે વરશ થાએઆં પોતાના દેશના લોકો વચ્ચે અમીરી ખેતાબ ધરાવતા હતા. આજ ૧૦૦ વર શની વાતપર સુરત મધે નવાબનો અંમલ ચાલતો હતો તે વખતમાં ઘણાએક પારસીઓ પોતાની ચંચલાઈ અને કાબેલીઅતથી મુસલમાની અંમલ તલે નામીચા અને આબરૂ ભરેલા ઓધાઓ ધરાવતા હતા. તે વખતથી તે આજ સુધી અરદેસરનાં કુટુંબના મુખીઅ શખસો "નેક સાઅત

* બરીગશ "સીટીજ આવ ગુજરાશતર"—ભાગ ૧ લો.

ખાન" નો ખેતાબ ધરાવતા આવીઆછે. એ ખેતાબ પેહેલાં અરદેસરના બાપના બપાવા બરજોરજી* ને મલીઓ હતો. કેહેછે કે સુરતમાં બરજોરજી એક ઘડીઆલીનો ધંધો કરતો હતો, તાંહાંથી નવાબે તેહેને શેહેનશાહની હજુરમાં દીલી શેહેર ખાતે મોકલીઓ હતો, અને દીલી મધે તેણે પાદશાહના મેહેલનાં ઘડીઆલો સમારવામાં તથા બીજાં વજંતરો દરૂસત રાખવામાં કેટલાએક દાહાડા ગુજારીઆ હતા, તાંહાં એ ધણીની ચંચલાઈ જોઈને શેહેનશાહે બરજોરજીને ૩૦૦૦ પેદલ અને ૫૦૦ ઘોડસવારનાં લશકરનો મનસબદાર ઠેડવીઓ હતો. એ પછી શેહેનશાહે બરજોરજીને "નેક સાઅત ખાન" ઈઆને નેક વખતના સાહેબનો ખેતાબ આપીઓ હતો તથા કેટલીએક જાગીરો બખશેશ કીધી હતી. શેહેનશાહના એક વજીર મોરાદ શાહા સાથે બરજોરજીને ઘણી દોસતી હતી, તેહેની મારફતે આપણા પારસી અમીરને ઈશવી સને ૧૭૬૦ નાં વરશમાં સુરતના ટંકા અથવા મેહેસુલના ઊપરીનો ઓધો મલીઓ હતો, અને તે પછી એ ધણીએ સુરત આવીને પોતાનો મુકામ કીધો હતો. એ પછી ઈંગરેજોને કીજે તેઓની સુરતની કોઠીને લગતા વેપારનો કાંઈએક બંદોબસત કરવાને નેક સાઅત ખાન પાછો દીલી ખાતે ગએઓ હતો, તાંહાં તેણે બંધે તરફવાલાઓ રાજી થાએ હેવી ગોઠવણો કીધી હતી, તેથી તેહેને મોહોટું માન મલીઊં હતું.

અરદેસરનાં ખાંનદાંન વીશે એ પછીની વીગત તેહેના બાપ ધનજીશાહ બેહેરેમંદ ખાનના હેવાલ ઊપરથી મલી આવેછે. ધનજીશાહ સુરતમાં ઈંગરેજ સરકારના ગામઠી આડતીઆનો ઓધો ધરાવતો હતો. તા૦ ૧૫ મી મેએ ૧૮૦૦ ઈશવી, તા૦ ૨૧ મી માહ જીલહજ ૧૨૧૪ હીજરીને દીને સુરતમાં ઈંગરેજોનો અંમલ શરૂ થાએઓ, તાંહાંની હાકમીને કીજે મુંબઈની સરકાર અસતેકમાં એક ઈઊરોપીઆન વડો અમલદાર મુકરર કરીઆમાં આવીઓ હતો, અને ધનજીશાહ તેહેના હાથ હેઠલ

* "પારસી પ્રકાશ" મુજબ એ નામ બરજોરજીને બદલે તેવણના બાપ શોરાબજી કાવશનું હોવું જોઇએ.

ગામઠી આડતીઓ હતો. તેણે ઈમાનદારી તથા ચાલાકીથી પોતાની ચાકરી બજાવી હતી, અને તેજ ચાકરીમાં મારીઓ ગએઓ હતો, તે બાબેની વીગત હમારા ગુજરાતી વાંચનારાઓને કીજે જાણવાજોગછે તે હમો હેઠલ પરગટ કરીએ છઈએ.

સુરતનાં અગણીખુણાં તરફ શેહેરથી આસરે ૧૬ માઈલની વેગલાઈએ માંડવી કરીને એક નાધલો કસબો આવેલોછે, તાંહાં આગલા વખતથી નવાબના તાબા તલે એક હીંદુ રાજા અંમલ ચલાવતો હતો, તે કસબાને તાબેનાં બોઢાંણ નામનાં એક નાધલાં મુકામમાં એક ફકીરે મુસલમાની દીન ફરીને દુનીઆંમાં વધારવાનો દાવો કીધો હતો. તેણે પોતાનું નામ મીન અબદુલ રેહેમાન સાહેબ કરીને રાખીઊં હતું તથા કેટલાએક ખુવાબો જોએઆની બનાવટ કરીને તેણે પોતાના જાતભાઈ ગામડીઆ હોરાઓને ઠગીઆ હતા, અને અલ્લાએ તેહેને દીનનો ફેલાવો કરવાને નવો ઈમામ મુકરર કીધોછે હેવો દાવો ઊઠાડી નાવાકેફ લોકોને ભમાવતો હતો. એ ફકીરની વાતો સાંભલી હજારો હોરાઓ તથા બીજા મુસલમાનો તેહેની તરફ થાઈ ગએઆ, તથા સુરત શેહેરમાં તે બાબે મોહોટો ઘોંઘાટ ઊઠીઓ, અને સઊ કોઈએ હેવું ઠેડવીઊં કે મુસલમાની દીનનો આવાજ ફરીને જાગનારછે. એ મીન અબદુલ રેહેમાનની ઊશકેરણીપરથી મુસલમાનોએ બલવો કરીને માંડવીના રાજાને પોતાના હાથમાં કેદ કીધો તથા તેહેના પરધાનને મારી નાખીઓ તથા રાજાના બીજા અમલદારો નાહાશીને સુરતમાં ઈંગરેજોના આસરા તલે આવી પડીઆ, અને માંડવીની હકુમત છીનવી એ ફકીરે પોતાના હાથમાં લીધી, એટલુંજ નહી, પણ એ ધણીએ સુરતના તે વખતના હાકેમ મી૦ કરો પર એક ધમકી ભરેલો પતર લખીઓ અને તેમાં તરત ઈંગરેજી ખજાનામાંથી ૩૩૦૦) તે પતર લાવનાર આદમીને આપવાને ફરમાવીઊં. અલબત મી૦ કરોએ તે પતરપર કાંઈ ધેઆન પોંહોંચાડીઊં નહી, પણ એ ખબરથી સુરતમાં ઘણો ઘભરાટ થવા લાગો અને શેહેરના મુસલમાનો બલવાખોર દેખાવા લાગા તથા મજહબનાં જહનુનથી હીંદુ

ઓપર જુલમ કરવા લાગા. એ વાતને બેએ દાહાડા થાએઆ નહી એટલાંમાં એ ફકીરે સુરતમાં પોતાનાં નામથી એક જાહેરનામું મોકલીઊં, તેમાં સંગલાઓને મહમદી ધરમ કબુલ કરવાને હોકમ કીધો, નહી તો શેહેરપર હોમલો કરવાની હીમત બતલાવી. એ જાહેરનામાંની એક નકલ મુસલમાનોના કાજીએ મી૦ કરો પર મોકલાવી હતી તેમાં આ રીતે લખેલું હતું: —

મીન અબદુલ રેહેમાન સાહેબની ચીઠી.

સુરતના તમામ હકીમ અને દાનાવોને જાહેર થાએ કે દુનીઆંની આખરીનો ઈમાઉમુલ દીન, ઈમાને ઈમામ મેહેદી, હવડે જાહેર થાએઓછે. એ દુરવેશનું નામ આમદ કરીનેછે અને હીંદવીમાં તેહેને રાજા નકલક કરીને કેહેછે. હવે તમો સંગલાઓને જાહેર થાએકે જો તમો ઈસલામ કબુલ કરોતો સારૂં, નહી તો શેહેર ખાલી કરો અને જોઈએતો લડાઈ કરવાને તઈઆર થાવો. એ ફકીર હવડે ચોથાં આસમાંનપરથી આવીઓછે—સાથે ચેઆર બદનછે—તેમાં આદમ (સલાંમ હોજો તેહેનીપર) ઈશા તે મરીઅમનો દીકરો અને આમદ (સલાંમ હોજો તેહેનીપર) એ ચેઆરો એક ઠેકાણે આવીઆછે, તેઓ પાસે તોપ તથા બંદુક નથી પણ માહારી પાસે એક લાકડી અને રૂમાલછે—તમો તઈઆર રેહેજો. તા૦ ૧૧ જીલહજ.

એ સંગલા હીગામ ઊપરથી એ ફકીરને તથા તેહેની સાથેના મુસલમાંનોને સખત શીખશા કરવાની મી૦ કરોએ અગત જોઈ, તે મુજબ તેણે ગુજરાતના દખણ ભાગના લશકરી સરદાર કરનલ એલેક જાનડર કીઠપર એક પતર લખીઓ અને લશકરી મદદ માંગી. એ ફકીર આસરે ૭૫ આરબોને લઈને બોઢાંણ મધે એક મસજીદમાં પડેલો હતો, અને બીજાં ૨૦૦ લડાઈ કરનાર માણસો માંડવીમાં હતાં, તેઓને અંચીતાં પકડવાને કીજે તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૧૦ ને દીને મી૦ કરોએ રાતોરાત ઈઊરોપીઆન "ડરેગુન" ની ઘોડેસવાર બેએ ટોલકીઓ બોઢાંણ તરફ રવાને કીધી તથા પછવાડેથી ગાંમઠી ૫૬ મી પલટન તે તરફ રવાને થાઈ. મી૦ કરોએ "ડરેગુન" નાં આદમીઓ સાથે ધનજીશાહ બેહેરેમંદખાનને પોતાની તરફથી મોકલીઓ હતો.

એ ટુકડી બામદાદની વખતે બોઢાંણ જાઈ પોંહોંચી, તાંહાં વચમાં એક નદી આડે હતી તે પરથી ધનજીશાહ પેહેલવેહેલો પાર ઊતરી ગએઓ, અને તે ફકીરને તેહેની હુજત છોડીને ઈંગરેજ સરકારને તાબે થાવાને કીજે કેટલુંએક સમજાવીઊં, પણ તે જહનુની મુસલમાંન કાંઈ સમજીઓ નહી, અને તેહેનાં આદમીઓએ ગોસામાં આવી ધનજીશાહને તાંહાંનો તાંહાં તલવારથી કતલ કીધો, અને તેજ પરમાણે માંડવીના રાજાનો વકીલ તથા બીજા બેએ ચેઆર શખસો કે જેઓ ધનજીશાહની સાથે હતા તેઓ પણ મારીઆ ગએઆ.

એ બનાવ જોઈને "ડરેગુન" ની ટુકડીઓ ફકીરનાં આદમીઓ પર ટુટી પડી. તે લોકો ફકીરના બોલવાપર ઘણો એતબાર રાખતા હતા તેથી કેટલોએકવાર હીમતથી લડીઆ, તેમાં તેઓની તરફના આસરે ૨૦૦ મુસલમાનો મારીઆ ગએઆ, અને એ સવારો બોઢાંણમાં આગ લગાડી પાછા વલીઆ. ઘોડા સવારોની ટુકડી પાછી ફરી એટલાંમાં સુરતથી જે પેદલનું લશકર કપટાન કનીંગહામની સરદારી હેઠલ નીકલીઊં હતું તે આવી પોંહોંચીઊં, તે લશકરે બોઢાંણપર બીજો હોમલો કીધો તેમાં કેટલાએક મુસલમાનો મારીઆ ગએઆ, અને મીન અબદુલ રેહેમાન સાહેબ જે ચોથાં આસમાંનપરથી ઊતરી આવીઓ હતો, પણ "ડરેગુન" નાં માણસોના હાથથી જખમી થાઈને એક લોહોવાડની જુફડીમાં નાહાશી ભરાએઓ હતો તે પણ કપટાન કનીંગહામના સીપાહીઓના હાથથી મારીઓ ગએઓ.

એ ફકીર અબદુલ રેહેમાન મારીઓ ગએઆથી સંગલું સમાધાન થાઈઊં, અને ઈંગરેજોએ માંડવીના રાજાને પાછો તેહેની ગાદીપર બેશાડીઓ. ધનજીશાહનાં મરણથી ઈંગરેજ સરકાર ઘણી દલગીર થાઈ હતી, અને તેહેની નામીચી ચાકરીના બદલામાં ધનજીશાહનાં મરણ પછી તેહેની વીધવાને સરકારે દર વરશે રૂ૩૦૦૦) નો પગાર આપતો કીધો હતો કે તેથી ધનજીશાહનું કુટુંબ પોતાની જાહોજલાલી સંભાલી શકે.

ધનજીશાહ બેએ દીકરા—ફીરોજશાહ અને અરદેસર—ને મુકીને મરણ પાંમીઓ હતો. પોતાનો બાપ મારીઓ ગએઆની વખતે અરદેસરની ઊમર ૧૩ વરશની હતી. મી૦ કરોએ ધનજીશાહનાં ફરજંદોપર ઘણી મેહેરબાંનગી રાખી હતી. ફીરોજશાહ સરકારની ચાકરીમાં સદર અમીનના ઓધાપર રહેઓ હતો, તેહેને સરકારે ખેલાત બખશીઓ હતો તથા ૧૨૦૦૦ રૂપીઆની જાગીરી પેહેડી દર પેહેડી લખી આપી હતી. સદર અમીન સવાએ મુંબઈના ગવરનરનો ગામઠી આડતીઓ તથા પરગણાંઓનો મેહેશુલદાર તથા ધરમપોર અને બાંસદાનાં રાજોનો ઈંગરેજ સરકારની તરફનો ઊપરી, એ સંગલા ઓધા ફીરોજશાહ ધરાવતો હતો. ફીરોજશાહને ગુજરીઆને આજ થોડાં વરશ થાએઆંછે.

અરદેસર ઘણીજ ટુક ઊમરમાં શેહેરનો નાધલો કોટવાલ થાએઓ હતો, તેઆરપછી અમીનની જગોપર રહેઓ હતો. અરદેસરે પોતાની સંગલી નામદારી કોટવાલ થાએઆ પછી મેલવી હતી; અને તે નામદારી કાંઈબી રીતે ગેરવાજબી હતી નહી. સુરત અને તેહેની પડોસનાં પરગણાંઓમાં ભીલ, ગરાસીઆ, કોલી અને બીજા લુટારાઓની લાંબી મુદત થાઈ ધાસતી ચાલતી હતી અને તે ચંદાલોથી રઈએત સદા ધાસતોમાં રેહેતી હતી, તે લોકોને અરદેસરે હેવી રીતે જેર કીધા હતા કે આજે સુરતની વસતીના લોકો ઊંઘાડે દરવાજે નચીંતથી ઊંઘાઈ શકેછે. જેમ પરગણાંઓમાં ચોરી થાતી હતી તેમજ કોલી લોકો બતેલાવાલાઓ સાથે મલીને દરીઆનો માલ ચોરતા હતા, તેમાં એક મોહોટી ટોલકી થાઈને ઘણાએક લોકો સામેલ હતા, તે સંગલા અપરાધીઓને અરદેસરે જડથી ઊખેડી કાહાડીઆ અને જેમ શેહેરમાં તેમજ બંદરમાં સલાંમતી રાખી. એ વતરોગ સુરતનાં ફોજદારી ખાતાંમાં અરદેસરે મોહોટો સુધારો કીધો હતો, તથા તુરંગમાં બંધવાઓને કીજે કાગજ બનાવવાનું કારખાનું કાહાડીઊં હતું, અને એ સવાએ બીજાં સરકારી કામમાં ઈંગરેજી અમલદારોને અરદેસરે મોહોટી મદદ કીધી હતી, તે બાબે

મુંબઈનો આગલો ગવરનર મી૦ આનડરસન જે આગલ સુરતનો જડજ હતો તેણે તથા મી૦ બારોડેલે અરદેસરને ઘણી શાબાશી આપી હતી.

એ સંગલી ચાકરીના અવેજમાં સને ૧૮૨૫ નાં વરશમાં મોટા દબદબા સાથે એક જાહેર દરબાર ભરીને તેમાં મુંબઈની સરકારની તરફથી અરદેસરને એક ખેલાત આપીઆમાં આવીઓ હતો. એ પછી મુંબઈનો ગવરનર સર જાન માલકમ સને ૧૮૨૮ નાં વરશમાં સુરત ગએઓ તેઆરે તેણે એક બીજી દરબાર ભરી અને અરદેસરની તારીફ લાએક ચાકરીના અવેજમાં એક બીજો ખેલાત બખશીઓ, તથા "બાહદુર" નો ખેતાબ આપીઓ તથા કીમતી સાજ સાથે એક ઘોડો સોગાદ કીધો તથા ૩૦૦૦) રૂપીઆની જાગીર બખશી તથા એક સુંનાનો ચાંદ ભેટ કરવાને કબુલ કીધું. અરદેસરને એ માન આપતી વખતે સુરત ખાતાંનું સંગલું લશકર દરબારમાં હાજર થાઈઊં હતું, અને ગામઠી પેદલની એક ટુકડી વજનતરો સાથે અરદેસરને તેહને ઘેર પોંહાંચાડી આવી હતી.

સર જાન માલકમની કબુલાત મુજબ સને ૧૮૩૦ ના ડીસેમબર મહીનામાં અરદેસરને કીજે સુંનાનો ચાંદ આવી પોંહાંચીઓ, તે ફરીને એક જાહેર દરબાર ભરીને અરદેસરને આપીઆમાં આવીઓ હતો. તે આપતી વખતે સુરતના જડજે અરદેસરની મેહેનત અને ઈમાનદારી વીશે દરબારમાં એક લાંબું ભાશાણ કહી સંભલાવીઊં હતું. એ ચાંદની એક બાજુપર ગુજરાતીમાં આ રીતે લખેલું છે:—"અરદેસર ધનજીશાહ "બાહાધર, સુરતના કોતવાલને, તેહેની ઈમાનદારી અને ચાલાકી અને "ફોજદારી અંમલનાં તથા બીજાં કામોને કીજે તેહેની ચાકરી ઘણી "આબરૂથી પીછાણીને, આ ચાંદ મુંબઈની સરકારે સોગાદ આપી "ઓછે. ૧ લી જાનેવારી ૧૮૩૦." ચાંદની બીજી બાજુએ એજ માફક ઈંગરેજીમાં લખેલું છે.

ફીરોજશાહનાં મરણ પછી અરદેસર સદર અમીન થાએઓ હતો. ધરમપોર અને સચીનનાં રાજોની બાબદમાં અરદેસરે આપણી સરકારને ઘણી મદદ કીધી હતી, અને એ વતરોગ બીજાં રાજદરબારી કામોમાં

તથા મસલહતોમાં સુરતના ઈંગરેજી અમલદારો એ ધણીનો સદા ઊપકાર માનતા હતા. એ સંગલું એક કોરે રાખતાં આજ થોડાંએક વરશની વાતપર અરદેસરપર તેહેના દુશમનોએ લાંચ લેવાનો અને ગેરઈનસાફ કરવાનો અનીઆવં મુકીઓ હતો, તેહેની જાહેર તપાસ થાતાં અરદેસરને અંગે કાંઈબી અપરાધ સાબેત થાએઓતો નહી, તેથી સરકારે તેહેને માન સાથે પાછો ઓધાપર મુકરર કીધો હતો. એ ધણીએ હાલમાં પોતાની ખુશીથી સરકારી ચાકરી છોડીછે અને બેઠા મુસારાપર તથા પોતાની જાગીરીની આએપતપર રહીને પોતાની માન ભરેલી અને આલમનો પેઆર પાંમેલી જીનદગાનીના બાકીના દાહાડા આરામથી ગુજારેછે. અરદેસરનો એક બેટોછે તે પોતાની ચાલાકીથી હવેપછી પોતાના બાપનાં નામને તેજ આપે હેવી બાલપણમાંથી ઊમેદ આપેછે.*

[જગત પરેમી, નવેમબર ૧૮૫૨.]

સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટનું મરતીઉક.

પારસીઓની કોમ વચ્ચેનો સઊથી જહલકતો સેતારો હવડાં ગુમ થાએઓછે. સર જમશેદજી જીજીભાઈ બારોનેટે લગભગ ૭૫) વરશની કીરતી ભરેલી ઊમર ભોગવીને પોતાનો ભલો આતમાં ગએઆ ભરેસપતવારની પાછલી રાતનાં ૨) કલાકે પોતાનાં કીરતારને સોંપેઓછે. આજ આસરે એક માસ થાએઓ એ બુજોરગી પામેલા દેશી ગહરસથની તંદરોસતીમાં સરેસતા કરતાં વધારે બીગાડ થાએઓ હતો, અને તેથી કરીને તેવણનાં ખેશીઓ તથા દોસતોને ધાસતી પેદા થાઈ હતી કે તેઓના મુરબીની આએ દુનીઆં મધેની મુસાફરીની આખેરીનો વખત નજદીક

* એ ઉમેદ પાર પડી નથી. અરદેસર પોતે ઇ૦ સ૦ ૧૮૫૬ માં ગુજરીઆ હતા, અને તેવણનો બેટો જેહાંગીર પોતાની પાછલ કોઇબી ઓલાદ વગર ઇ૦ સ૦ ૧૮૫૯ માં મરણ પાંમીઓ હતો.

આવેઓછે. એ ધાસતી માઠાં ભાએગે અંતે ખરી ઠરીછે. પારસીઓ આજ આસરે ૧૧૦૦) વરશ થાએઆં પોતાના કદીમોનું વતન ઈરાન છોડીને હીંદુસથાંનમાં આવી વસેઆ તે લાંમબી મુદતમાં મરહુમ સર જમશેદજી જીજીભાઈ એકકો નર નીકલેઆછે, અને તેવણે પોતાનાં કીરતી ભરેલાં કામથી પારસીની કોમને જે હોરમત આપીછે, તથા પરખે આત કરીછે, તે મીસાલે આજ ૧૧૦૦) વરશની મુદતમાં કોઈ પારસીએ કરેલી નથી. એ બુજોરગી પામેલા અને ખરા પરોપકારી જરતોસતીનું આ દુખ ભરેલું મરતીઊક જાહેર કરતી વખતે તેવણની જીંદેગાંનીનું થોડું એક બેઆન કરવાની હમો રજા લઈજીએછે, અને એ બેઆન કીધાથી દુની આંના લોકોની નજદીક હમો એક કીમતી દાખલો મુકીએછે કે કોઈબી માણસનાં દીલમાં આ પરૂથવી ઊપર પોતાની નેકબખતીની ખુશબો કાએમ રાખવાની જો ઈછા હોએ તો તેણે સર જમશેદજી જીજીભાઈનો દાખલો લેઈને તે ઊપર પોતાની શકતી મુજબ અભીઆસ કરવો.

મરહુમ સર જમશેદજી જીજીભાઈનો જનમ ઈશવી સને ૧૭૮૩ નાં વરશની તારીખ ૧૫ મી જુલાઈને દીને ગુજરાત પરાંતમાં નોશારી કશબામાં "મલેસર" ફલીઆ મધે થાએઓ હતો. સર જમશેદજીના બાપનું નામ જીજીભાઈ ચાંનજીભાઈ કરીને હતું. જીજીભાઈ મલેસરનો એક ગરીબ તોપણ આબરૂવાલો રેહેવાસી હતો. સર જમશેદજીની ઊમર ૧૬) વરશની પુરી થાઈ નહી હતી એટલામાં તેવણના બાવા તથા માતાજી (જીવનબાઈ) એક વરશના અરસાની અંદર બંધે ગુજરી ગએઆં હતાં. એ માંબાપોએ સર જમશેદજીને નાંહાનપણથી ગુજરાંન સોધવાને સારૂં મુંબઈ ખાતે મોકલેઆ હતા. મુંબઈ મધે જમશેદજીએ પોતાના સસરા મરનાર શેઠ ફરાંમજી નશરવાંનજી બાટલીવાલાના ઘરમાં ઊતારો લીધો હતો. તે વખતે શેઠ ફરાંમજી નશરવાંનજીએ મુંબઈના કોટ મધે બાટલીઓ વેચવાની એક નાધલી દુકાંન કાહાડેલી હતી, અને તે દુકાંનનાં કામમાં આપણા મરહુમ બારોનેટ તેવણના મદદગાર થાએઆ હતા. એ વખતમાં સર જમશેદજીએ ગુજરાતી જુબાન લખવા તથા વાંચવાની

તથા ઈંગરેજી સમજવાની સેહેજ માહીતગારી મેલવી હતી. થોડુંએક સુધી એ પરમાણે પોતાના સસરાને તેવણના ધંધામાં મદદ કરેઆ બાદ ઈશવી સને ૧૭૯૯ નાં વરશમાં સર જમશેદજી જીજીભાઈ પોતાની માસીના છોકરા મરનાર શેઠ મેહેરવાંનજી માણેકજી તબાકનાં હાથ નીચે મેહેતાગીરી કરવાને સારૂં ચાકરી રહેઆ હતા. એ છેલ્લો જણાવેલો ગહરસથ ચીન ખાતે વેપાર કરતો હતો, અને વેપારનાં કામસર તે તરફ આવજાવ કરતો હતો. શેઠ મેહેરવાંનજીની સાથે સર જમશેદજીએ સને ૧૭૯૯ નાં વરશમાં પેહેલી સફર ચીન ખાતે કરી હતી. એ સફર તથા એ પછીની બીજી સફરોથી ચંચલ મનનાં સર જમશેદજીએ વેપાર સંબંધી ઘણીએક માહીતગારી મેલવી હતી, તે હેવી રીતે કે થોડી મુદતમાં તેવણે પોતાના સસરા શેઠ ફરાંમજી નશરવાંનજીની સાથે પંતીઆલાપણું ચાલુ કરીને પોતાનો વેપાર વધારેઓ હતો. કેહેછે કે એ વખતમાં સર જમશેદજી પાસે ૨૦૦૦) રૂપીઆ કરતાં વધારે પુંજી હતી નહી, પણ તેવણે પોતાની સારી આંટથી ઊછીકું નાણું લેઈને, તથા પોતાના સસરાની મદદ મેલવીને, વેપારને કીજે ૩૫૦૦૦) રૂપીઆની થાપણ ભેગી કરી હતી. એ રકમ ઊપરથી સર જમશેદજીની સંગલી પછવાડેની દોલતનો પાએઓ બંધાએઓ હતો.

સર જમશેદજી પોતાનાં સસરાને મુંબઈમાં રાખીને ચીન જતા હતા. ચીનથી આવતાં એક વેલાએ સર જમશેદજીએ "ઈસટ ઈંડીઆ કંપની" નાં લડાઈનાં એક બારકસ મધે ઊતારો લીધો હતો કે જે બારકસ આડમીરલ સર નાઠનીઅલ ડાનશની સરદારી તલે હતું. તે વખતમાં ઈંગરેજ તથા ફરેંચ લોકોને ઘણો જઘડો ચાલતો હતો. સર જમશેદજીવાલાં બારકસને બેંગાલ સમુદરમાં ફરેંચ વાવટાનાં લડાઈનાં એક બારકસ સાથે લડાઈ થાઈ હતી, કે જેહેમાં ઈંગરેજ લોકો ફતેહમંદ થાએઆ હતા, અને તેથી સર જમશેદજી ખુશહાલી સાથે પોતાને ઘેર આવેઆ હતા. મુંબઈ આવેઆ પછી સર જમશેદજીને એક દીલગીરી ભરેલો દેખાવ જોવો પડેઓ હતો, કે જેથી તેવણની વેપાર સંબંધી

આબાદાંનીમાં ખલલ પોંહોંચવાની ઘણી ધાસતી પેદા થઈ હતી. એ બનાવ ઈશવી સને ૧૮૦૩ નાં વરશની મુંબઈ મધેની મોહોટી આગથી બનીઓ હતો. એ આગમાં સર જમશેદજીનો કેટલોએક માલ બલી ગએઓ હતો તથા તેવણને બીજું કેટલુંએક નુકસાંન થાઈઊં હતું.

સર જમશેદજીએ સંગલી મલીને ચીન ખાતે પાંચ સફરો કરી હતી, અને તે મધેની છેલ્લી સફર સને ૧૮૦૭ નાં વરશમાં થાઈ હતી. એ વખતની આગમજ ઈઆને ચોથી સફરમાં ચીનથી મુંબઈ આવતી વખતે જે વાંહાંણમાં સર જમશેદજીએ સવારી કરેલી હતી તેહેને ફરેંચ લોકોનાં બે લડાઈનાં બારકસોએ જપત કરેઊં હતું. વાંહાંણ જપત થાએઆથી સર જમશેદજી પાસેનો સંગલો અવેજ ફરેંચ લોકોએ છીનવી લીધો હતો, અને તેવણને લડાઈના બંધવા દાખલ પકડીને "કેપ આફ ગુડહોપ" ખાતે લઈ ગએઆ હતા. "કેપ આફ ગુડહોપ" નું સવસથાંન તે વેલાએ વલંદા લોકોના હાથમાં હતું. કેપ મધે ફરેંચ લોકોએ સર જમશેદજીને છોડી દીધા તે વેલાએ તેવણ પાસે આંગ ઊપર કપડાં સવાએ બીજી કોઈબી ચીજ હતી નહી. એ સંકટની વખતે કેટલીએક ઈઊરોપીઅન લેડીઓ સર જમશેદજીને મદદગાર થાઈ હતી. સર જમશેદજીનાં સાંભલેઆમાં આવેઊં કે એ લેડીઓ કેપથી "ડાંનીસ" વાવટાનાં એક બારકસમાં કલકતા ખાતે જનારછે તે ઊપરથી સર જમશેદજીએ જઈને એ લેડીઓની આગલ પોતાનો હેવાલ કહી સંભલાવેઓ, તારે તેણીઓએ દએઆ લાવીને સર જમશેદજીની હાલત વીશે કેપ ખાતેના ઈંગરેજી "કાંનસલ" ને વાકેફ કીધો. એ દએઆલુ કાંનસલે સર જમશેદજીને વીશ ડાલર રોકડા અને થોડોએક ખોરાક આપીને ઊપલાં બારકસ મધે કલકતા ખાતે ચહડાવેઆ. કલકતે જાઈ પોંહોંચેઆ પછી થોડાંએક અઠવાડીઆંમાં તેઓ મુંબઈ આવેઆ. મુંબઈ સલાંમત આવી પોંહોંચેલા જોઈને સર જમશેદજીના ખેશીઓને મોહોટી ખુશહાલી ઊતપન થાઈ હતી, કાંએકે તેઓએ એ ગહરસથને પાછો જોવાની ઊમેદ થોડીજ રાખી હતી.

સને ૧૮૦૭ પછી સર જમશેદજીએ કોઈબી મુસાફરી કરી હતી નહી. તેવણે પોતાનું મથક મુંબઈમાંજ રાખીને ચીન, કલકતા, સીંગાપોર, શીઆંમ, મનીલા, અને એ વગેરે બીજાં દેશાવરોનો વેપાર ચાલુ કરેઓ હતો. વેપારની કુનેહ અને ગણતરીમાં થોડાજ દેશીઓ સર જમશેદજીની બરોબરી કરી શકશે. સને ૧૮૦૭ થી તે સને ૧૮૪૨ સુધીના વેપારમાં સર જમશેદજીએ પાદશાહી લાએક દોલત મેલવી હતી, એટલુંજ નહી, પણ એક નામીચા વેપારી દાખલ તેવણની કીરતી દેશે દેશ ફેલાઈ હતી. એ દોલતનો ભલો ઊપીઓગ સર જમશેદજીએ જેવો કીધોછે તે માફક થોડાજ લોકો ઊપીઓગ કરી શકશે. તેવણની ખાતરી હતી કે ખોદાતાલાએ આ દુનીઆં મધે માણસને ફકત પઈસા ભેગા કરવાને ખાતર સરજેલું નથી. પઈસા ભેગા કીધા પછી માણસોની ફરજ ઈનશાંનીએતનાં હકમાં ફાએદા કરવાનીછે, કે જેથી ખોદાતાલાની બખશેશનો તે માણસ વાજબી લાભ લેઈ શકેછે. આ વીચાર ઊપરથી સર જમશેદજીએ પોતાની નેમ પોતાના જાતભાઈઓ તથા બીજાઓનું ભલું ઈછવાની, અને તેઓનાં દુખનું નીવારણ કરવહની, અને તેઓના ફાએદાનાં કામો કરવાની રાખી હતી, કે જે ઊપરથી સર જમશેદજીએ પોતાની સખાવતથી પોતાનું નામ જગત પરસીધ કીધુંછે, અને તેથી કરીને જે ટોલાના લોકોમાં તેવણ જનમ પાંમેઆ હતા તે ટોલાની હોરમતમાં તેવણે વધારો કીધોછે.

સર જમશેદજીએ કરેલી સખાવતની શરૂઆત ઈશવી સને ૧૮૨૨નાં વરશથી થાએછે, કે જે વરશમાં એ નામીચા પુરશે મુંબઈની જેલ મધે કેટલાએક ગરીબ બંધવાઓનું કરજ આપીને તેઓનો છુટકારો કરાવેઓ હતો. એ વરશ પછી સર જમશેદજીની સખાવત પાણીના એક જહરાની માફક હવડાં સુધી વેહતી રહીછે, અને જે માફક એક નદીનું મુલ નાંધલાં નાલાંથી શરૂ થાએછે, પછી જેમ આગલ ચાલેછે તેમ વધારે ફેલાએછે, તેજ માફક સર જમશેદજીની સખાવત વરશ દર વરશ વધતી ચાલીછે. એ નામીચા પુરશની બેશુમાર ખાંનગી અને ચાલુ સખાવ

તોની ગણતરીનો આધાર હમારી પાસે નથી, તોપણ તેવણે સખાવતનાં જે મોહોટાં કામો કીધાંછે અને તે વીશે આલમના લોકો જાંણીતાછે, તેની વીગત હમો નીચે આપીએછે. રૂપીઆ.

૧. સર જમશેદજી જીજીભાઈએ મુંબઈનાં પારસીઓને વાસતે કરેલી સખાવતનાં ધરમ ખાતાંમાં	૪૪૦૦૦૦
૨. સુરતનાં પારસીઓને વાસતે કરેલાં ધરમ ખાતાંમાં	૧૨૫૦૦૦
૩. નોશારીના જરતોસતીઓને વાસતે કરેલી સખાવતનાં ધરમ ખાતાંમાં	૬૨૫૦૦
૪. એલાહી બાગ અને બીજી ઈમારતો મુંબઈના પારસીઓને વાપરવાને સારૂં ધરમ ખાતે આપી તેના	૭૦૦૦૦
૫. પુણાં મધે અગીઆરી બંધાવી તેના	૪૫૦૦૦
૬. નોશારી મધે પારસીઓને વાસતે ધરમશાલા તથા બાગના ..	૨૦૦૦૦
૭. નોશારી મધે પારસીઓની તરફથી ગાએકવાડ સરકારમાં ભરેઆ	૧૭૦૦૦
૮. મુંબઈની પારસીની પંચાએતનાં ધરમ ખાતાંમાં પરચુટણ વેલાએ ભરેલી રકમ	૧૫૦૦૦
૯. સુરત તથા નોશારીની અનજુમનનાં ફંડ મધે જુદી જુદી વેલાએ ભરેલી રકમો, તથા સુરત મધે મોટી આગ લાગી તે વેલાએ રવાને કરેલી બખશેશ, અને ગુજરાતના પાર સીઓના ફાએદાને સારૂં આપેલી બીજી રકમો......	૨૫૦૦૦૦
૧૦. દોખમાંઓ, અગીઆરીઓ અને એ વગેરે બીજાં ધરમનાં મુકામો ઉપર ખરચેલી રકમ	૪૭૦૦૦
૧૧. શેઠ મોતીચંદ અમીચંદનાં પુનને સારૂં કરેલું ધરમ ખાતું.	૩૦૦૦૦
૧૨. મુંબઈનાં પાંજરાપોલમાં	૭૨૦૦૦
૧૩. દેશી કુટુંબોને આપેલો આસરો	૪૪૦૦૦
૧૪. સર જમશેદજી જીજીભાઈ હાસપીટલ બાંધવાના ખરચને કીજે આપેલી રકમ	૧૬૦૫૦૦
૧૫. ઉપલી હાસપીટલને લગતું શુવાવર ખાનું બંધાવેઉં તે ઉપર ખરચના	૩૦૦૦૦
૧૬. મેહેમનો પુલ બંધાવેઓ તે ઉપર	૧૫૫૦૦૦
૧૭. મેહેમનાં પુલ આગલનો મોહોટો રસતો બંધાવેઓ	૨૨૦૦૦
૧૮. વાંદરામાં તલાવ તથા એરલાપારલાનો પુલ	૧૦૦૦૦

		રૂપીઆ.
૧૯.	પુણાનો બંદ બંધાવેઓ	૧૮૦૦૦૦
૨૦.	ભાંએખલાના રસતા ઉપર તલાવ બંધાવેઓ તેના	૨૩૦૦૦
૨૧.	ખંડાલા મધે ધરમશાલા ઈતીઆદી ઉપર	૨૦૦૦૦
૨૨.	મુંબઈ મધે "ડીશટરીકટ બેનેવોલેનટ" ની ધરમશાલા ખાતે.	૧૫૦૦૦૦
૨૩.	મુંબઈ મધે ચીતાર તથા બીજી ઉમદા કારીગીરી શીખાડ વાને સારૂં "ઈશકુલ આફ ડીશાએન" કાહાડી તેના.	૧૦૦૦૦૦
૨૪.	કુવા, તલાવ ઈતીઆદી બંધાવીઆ તેના	૨૫૦૦૦
૨૫.	ભાઠાં મધે પુલ બંધાવેઓ તેના	૭૦૦૦
૨૬.	"ગરાંટ મેડીકલ" કાલેજ મધે ઈનામનું ફંડ........	૧૫૦૦૦
૨૭.	"એલફીનસટન કાલેજ" ની પરોફેસરશીપનાં ફંડમાં ..	૧૧૦૦૦
૨૮.	પરચુટણ જાહેર ધરમ ખાતાંઓની ટીપમાં	૭૦૦૦૦
૨૯.	નોશારીમાં કરવા ધારેલું દવાખાંનું..................	૭૫૦૦૦
	રૂપીઆ..	૨૨૯૧૦૦૦

જારે કોઈબી માણસ ઊપલી રીતનાં ભલાં કામો કરવા પછવાડે કસદ કરે તારે અલબત જે કાંઈ ઈજત તેહુને આપવી ઘટેછે તે આપવાની સરવે કોઈની ફરજછે. સર જમશેદજી જીજીભાઈની પોતાના દેશીઓ તરફની ભલી સુચનાં અને તેવણની અતીઘણી મોહોટી સખાવત મુંબઈના આગલા ગવરનર સર જેમસ રીવેટ કરનાકે જોએઆથી એ અમલદાર જારે ઈંગલંડ ગએઓ તારે તેણે ઈંગલંડના સતાવાલાઓની નજદીક સર જમશેદજીનાં ખુબી ભરેલાં કામો વીશે ખોલાસો કીધો હતો. એ ખોલાસા ઊપરથી આપણી નામદાર રાણીએ આપણા હીંદી હાતમને "નાઈટ" નો ખેતાબ આપવાનો ઠરાવ કરેઓ હતો. એ ખેતાબ આપવા વીશેની નામદાર રાણીની તરફની સનદ ઈશવી સને ૧૮૪૨ ના મેએ મહીનામાં અતરે આવી પોંહોંચી હતી, અને તે સનદ તે વખતના મુંબઈના ગવરનર નામદાર મી૦ એનડરસને પરેલના સરકારી મેહેલ મધે એક મોહોટી મીજલસ ભરીને આપી હતી. એ મીજલસમાં નામદાર ગવરનરે જે ભાશાણ કરેઊં હતું તેનો તરજુમો હમો નીચે ઊતારી લઈજીએછે—

"સર જમશેદજી જીજીભાઈ—નામદાર રાણી વીકટોરીઆ તમારા ઊપર મેહેરબાન થાઈને તમોને ગરેટ બરીટનનાં રાજના નાઈટનો ખેતાબ આપેઓછે, અને તેની સનદ તમોને માહરી મારફતે મોકલાવીછે. બોરડ આફ કનટરોલનો સરનશીન લારડ ફીટજેરલડ તથા નામદાર કોરટ આફ ડરેકટરો તમોને આ માન ભરેલો ખેતાબ મલેલો જોઈને ઘણા ખુશી થએઆછે.

"નાઈટની પદવી ઈઊરોપના રેહેવાસીઓની અંદર ઘણી માન ભરેલી ગણાએછે. મોટા મોટા બુધીવાન શખસો તથા બીજા ગહરસથો બાહાદુરીનાં કામો કરીને અથવા પોતાની બુધી બતલાવીને આ માન ભરેલો ખેતાબ મેલવવાની હમેશાં કોશેશ કરેછે.

"તમોએ માણસ જાતનાં કલેઆંણ કરવાનાં કામોની અંદર તથા માણસો ઊપરનાં સંકટો તથા દુખોમાં ઘટારો કરવાની અંદર જે પાદશાહી સખાવત કીધીછે, તે સખાવતથી આ માન ભરેલો ખેતાબ તમોએ મેલવીઓછે, અને પરથવીના નામાંકીત પુરસોની ટીપ મધે તમોએ પોતાનું નામ નોધાવીઊંછે.

"જે મોટો માન ભરેલો એલકાબ તમોને મલીઓછે તે જોઈને તમારા દેશીઓ ઘણા ખુશી થશે, તથા તેઓના જોવામાં આવશે કે નામદાર રાણી વીકટોરીઆ સંગલી કોમવાલી પોતાની રઈએતને એકસરખી ગણેછે, અને જેઓ સારાં કામો કરેછે તેઓ રાણીની રાજધાનીથી ગમે તેટલા દુર રેહેતા હોએ, અથવા તેઓ રાણીનાં રાજની કોમથી જુદી કોમના લોકો હોએ, તે છતાં પણ તેઓનાં નેક કામને લીધે તેઓને મોટું માન આપવામાં આવેછે.

"તમોને લાંબી મુદત થાઈ હું ઓલખું છું, તથા તમારી વખાણવા લાએક ચાલથી પુરતી રીતે વાકેફછું, તેથી તમોને નાઈટના ખેતાબની સનદ મારા હાથથી આપવી જોઈને મને ઘણી ખુશી લાગેછે. એ સનદ તમોને હું નજર કરૂંછું, અને તમોને જે માન ભરેલો એલકાબ મલીઓ તે વાસતે મોબારકબાદી આપુંછું."

ઈઊરોપખંડના રાજવાલાઓની તરફથી હીંદુસથાંન અથવા એશી આખંડના વતનીને આ ખેતાબ પેહલવેહલોજ આપેઆમાં આવેઓ હતો. હમોએ કેહેવાને ભુલવું નહી જોઈએ કે સર જમશેદજીને ઊપલો ખેતાબ આપતી વેલાએ પરેલવાલા સરકારી બંગલામાં એક મોહોટી જીઆફ્ત આપેઆમાં આવી હતી. ઊપલો ખેતાબ આપેઆ પછી નામ દાર રાણીએ સર જમશેદજીને વધારે માન આપવાનો ઠરાવ કરીને સને ૧૮૪૩ ના ડીસેમબર મહીનામાં સુંનાનો એક ચાંદ તેવણને કીજે ભેટ મોકલેઓ હતો. એ ચાંદની એક બોરદુએ નામદાર રાણીની તસવીર કોતરેલીછે, અને તેહેની બીજી બોરદુએ આ રીતે લખેલુંછે—"સર જમ શેદજી જીજીભાઈને તેવણની સખાવત તથા દેશહીતકારીપણાનાં માન દાખલ બરીટીશ સરકારે ભેટ આપેઓછે."

એ ચાંદ આપતી વેલાએ પરેલના સરકારી મેહેલ મધે ફરીને મોહોટી મીજલસ ભરેઆમાં આવી હતી, તે વખતે મુંબઈનો ગવરનર સર જારજ આરઠર હતો. એ વખતે નામદાર ગવરનરને તાંહાં જે મેહે માંનો ભેગા થાએઆ હતા, તેઓ મધે કલકતાનો બ્રાબુ દુવારકાંનાથ ટાગોર પોતાના રેસાલા સાથે હાજર હતો. એ મીજલસમાં નામદાર ગવ રનર સર જારજ આરઠરે નીચે મુજબ ભાશાણ કરેઊં હતું :—

"સર જમશેદજી જીજીભાઈ—બરીટીશ સરકારની તરફથી તમોને એક ચાંદ આપવાને બોરડ આફ કનટરોલે મને હોકમ કીધોછે. સંગલા સરકારી અમલદારો તથા તમારા કેટલાએક મીતરોની હજુર તમોને એ ચાંદ આપવાની જે મેં આજ દીને ગોઠવણ કીધીછે તે તમોને પસંદ પડશે હેવી મારી આશાછે.

"આ ચાંદની એક બાજુએ રાણીની તસવીર હીરાથી જડીછે, રાણી વીકટોરીઆ પોતાનાં સંગલાં રાજને માથે વડીછે. એ ચાંદની બીજી બાજુએ કોતરવામાં આવીઊંછે કે—"સર જમશેદજી જીજીભાઈને "તેવણની સખાવત તથા દેશહીતકારીપણાનાં માન દાખલ બરીટીશ "સરકારે ભેટ આપીઓછે."

"સર જમશેદજી, આ ચાંદ તમોને તમારાં જે સખાવતનાં કામોને વાસતે બખશીશ કરવામાં આવેઓછે તે બાબે પુછપરછ કરીઆથી મારા જાણવામાં આવેઊંછે કે તમોએ જે નાણાંની મોટી રકમ ઊપીઓગી કામો પછવાડે ખરચીછે તેની સંખીઆ નવ લાખ રૂપીઆછે. હાવાં કામને નામદાર રાણીની સરકારે "સખાવત તથા દેશાભીમાન" નો એલકાબ આપીઓછે તે વાજબીછે.

"કેટલાએક લોકો લશકરી માન મેલવવાને બાહાદુરી તથા હીમતનાં કામો લડાઈનાં મેદાનમાં કરીને માન મેલવેછે. બીજાઓ માન મેલવવાને કીજે ધારા બાંધનારી સભાઓ મધે તથા રાજકારોબાર મંડલીમાં ઘણી કોશેશ કરેછે. પણ તમો સાહેબે, માન મેલવવાને કીજે પરોપકારી અને માણસોનાં દુખો ઓછાં કરવાનાં, તથા સખાવતનાં, કામોથી માન મેલવવાની કોશેશ કીધીછે, અને તે કોશેશનો બદલો તમોને મલીઓછે. આ ઊમદા ચાંદ રાણીના હોકમથી તમોને બખશીશ કરવામાં આવેઓછે, તે ઊપરથીજ તમારી લાએકી માલમ પડેછે. હાવો સારો બદલો તમારી પાદશાહીક સખાવત તથા દેશનાં કલેઆંણને વાસતે આપવામાં આવીઓછે.

"તમોએ જે જાહેર સખાવતનાં કામો કીધાંછે તેની સાથે તમોએ જે ખાંનગી સખાવત કીધીછે તે બાબે પુછપરછ કરતાં માલમ પડીઊંછે કે તે સખાવત બાબે તમારાં કુટુંબનાં માણસોનેબી માલમ નથી, અને તે સખાવત પણ બેહદછે.

"સાહેબ, હાવાં સારાં કામોને વાસતે તમોને આ કરતાં વધારે સારૂં માન ખોદાતાલાની દરગાહમાં તમારી જીંદગીની આખેર થાએઆ પછી મલશે. જારે તમો મરવાનાં બીછાણાં ઊપર પડશો તારે તમોને ખોદાએ મોટી દોલત આપી તે દોલત તમોએ સારી રીતે વાપરી જાણી, તે સખાવતનાં કામોની ઈઆદદાસત તમોને મોટો દીલાસો આપશે.

"તમોને આ ચાંદ ભેટ કરવાની હું રજા લઊંછું, અને આશા રાખુંછું કે તમો એ ચાંદ લાંબી મુદત તુલીક પેહેરો."

સર જમશેદજી જીજીભાઈને "નાઈટ" નો ખેતાબ મલેઓ તેની ખુશાલીમાં મુંબઈનાં જરતોસતી ગહરસથોએ પોતપોતામાં રૂ૧૫૦૦૦) ની એક ટીપ ઊભી કરીને "સર જમશેદજી જીજીભાઈ ટરાંનશલેશન ફંડ" હેવાં નામથી પુસતકો પરસીધ કરવા સારૂં એક ખાતું ઊભું કરેઊં હતું, કે જે વીશે હમારા જરતોસતી વાંચનારાઓ સારીપઠે જાણીતાછે.

ઈંગલંડની નામદાર રાણીની તરફથી "નાઈટ" નો ખેતાબ જે ગહરસથને આપેઆમાં આવેછે તે માતરે તે ગહરસથની જીંદગી સુધીજ કાએમ રેહેછે, અને જીંદગી પછી તે ખેતાબ તેહેનાં કુટુંબમાં ચાલુ રેહેતો નથી. એ સબબ ઊપરથી, અને સર જમશેદજી જીજીભાઈએ કરેલાં ભલાં કાંમોની ઈજત તેવણનાં કુટુંબમાં વંઊશ પરમપરા ચાલુ રેહે એટલા માટે, નામદાર રાણીએ ગએઆં શાલમાં સર જમશેદજીને "બારોનેટ" નો ખેતાબ બખશેઓ હતો. એ ખેતાબ સર જમશેદજીનાં કુટુંબમાં તેવણના વડા છોકરાથી હવે પછી ચાલુ રેહેશે, અને તેવણનો વડો પુતર શેઠ ખરશેદજી જમશેદજી હવે પછી "સર જમશેદજી જીજીભાઈ બારોનેટ" હેવાં પોતાના બાપની માફકનાં નામથીજ ઓલખાશે. એ નામ સાથે તેવણના વડા પુતરને રૂપીઆ પચીસ લાખની એલાહેદી દોલત મલીછે, તે વીશે હીંદુસથાનની ધારા બાંધનારી સભાના આકટથી હેવો બંદોબસત કરેઆમાં આવીઓછે કે એ નાણાંની દર શાલની એક લાખ રૂપીઆની આએપત તેવણનો ખેતાબ ધરાવનાર શખસને મલે.

સર જમશેદજી જીજીભાઈએ પોતાની કોમના લોકોને વાસતે તથા બીજી સંગલી ગનેઆતનાં લોકોના ફાએદાને સારૂં જે મોહોટાં અને નામીચાં કામો કીધાંછે તેહેની વફાદારી બતલાવવાને સારૂં સને ૧૮૫૬ ના જુન મહીનામાં મુંબઈના ઈઊરોપીઅન તથા દેશી લોકોની એક મોટી સભા મુંબઈની "ટાઊનહાલ" મધે મલી હતી, અને એ સભામાં આલમના લોકોની તરફથી ખરચ કરીને સર જમશેદજી જીજીભાઈનું સંગેમરમરનું એક બાહાવલું બનાવી "ટાઊનહાલ" મધે મુકવાનો ઠરાવ થાએઓ હતો. એ બાહાવલું જે ઈંગલંડથી આવી પોહોં

ચીઉંછે તેહેને "ટાઉનહાલ" માં કોઈ લાએક જગા ઉપર મુકવાની હવડાં ગોઠવણ થાએછે. "ટાઉનહાલ" મધે ભરાએલી સભાના સરનશીનનું કામ આપણા હાલના નામદાર ગવરનર લારડ એલફીનસટને ચલાવીઉં હતું. એ સભામાં એ નામદારે જે ભાશાણ કરેઉં હતું તે સર જમશેદજીને એટલું તો માન આપનારૂં હતું કે તે નીચે ઉતારી લેવાની હમો અગત જાંણીએછે:—

"આ સભામાં ખુરસી લેવાની મને જે અરજ કરવામાં આવી હતી તે અરજ કબુલ કરતી વખતે મને અતીઅંત ખુશાલી લાગી હતી. આજે આપણે સંગલા સર જમશેદજી જીજીભાઈને માન આપવાને કીજે ભેગા થાએઆછે. જે મતલબથી આપણે આજે ભેગા મલેલા છેઈએ તે મતલબ સંગલા લોકોને પસંદ પડશે. જેઓ આ દેશના રેહેવાસીઓની હાલત સુધારવાનાં કામ પછવાડે ઉલટ લેએછે તેઓ તેમાં વધારે મધન થશે. જે વખતે લોકો પોતાની રાજીખુશીથી પોતાના દેશના એક પરોપકારી અને સખી નરનાં કામોની કદર પીછાણીને તેને માન આપવાને કીજે સભા ભરીને એકઠા થાએછે એ સારા વખતની એક નીશાનછે. જે ગહરસથો સર જમશેદજી જીજીભાઈને તેની મોટી પાદશાહી સખાવતને કીજે માન આપવાને એકઠા થાએઆછે તેઓ એ કામથી પોતાનાં દીલને મોટી જેબ આપેછે. આજે જે સભા એકઠી થાઈછે તે સભાજ પોતાની મેલે ખુલ્લી રીતે જાહેર કરેછે કે સર જમશેદજી જીજીભાઈને લોકો કેવી રીતે ચાહેછે તથા તેનાં નામને તેઓ કેટલું માન આપેછે. આ માન જે એ ઉમરાવે મેલવીઉંછે તેનો સંગલો આધાર તેની સખાવત ઉપરજછે હેવું નથી, તોપણ એ ઉમરાવ ગહરસથની સખાવતથી ફકત આ ટાપુના રેહેવાસીઓને ફાએદા થાએઆછે, એટલુંજ નહી, પણ આ આખા ઈલાકાના લોકોના હકમાં જે ફાએદા હાંસલ થાએઆછે તે બાબે બોલીને તમારો કીમતી વખત રોકવાને હું ઈછતો નથી. પણ ટુકામાં એટલું જણાવવાની રજા લઉછું કે, તેણે પચીસ લાખ રૂપીઆ સખાવતનાં કામોની અંદર ખરચીઆછે. હાવી પાદશાહી સખાવતનો દાખલો આપણને કીઆ દેશની અંદર અને કીઆ જમાનાની અંદર બીજો મલી આવશે?

"આપણી ટાપુ મધે પાણી લાવવાનાં બાંધકામને સારૂં જે ખરચ થાશે તેનો અડશટો પચીસ લાખ રૂપીઆ થાએઓછે. બે કરોડ રૂપીઆની મોટી રકમ ખરચીને ગરેટ બરીટનમાં લીવરપુલ, માનચેસટર, અને ગલાસગો એ તરણ નામીચાં શેહેરોમાં પાણી લાવવાનાં બાંધકામો તઈઆર કરવામાં આવી

આંછે. એ તરણ શેહેરની દોલત આપણી ટાપુની દોલત કરતાં આઠ ઘણી વધારેછે ખરી, પણ એ તરણુડે શેહેરો મધેથી હેવો એકબી કોઈ નર નીકલીઓ નથી કે જેણે એખલાએ સખાવત પછવાડે પચીસ લાખ રૂપીઆની મોટી રકમ સર જમશેદજીની માફક ખરચ કીધી હોએ.

"સર જમશેદજી જીજીભાઈ વીશે જે સારો વીચાર મારોછે તે વીચાર કંઈ એ ઉમરાવ ગહરસથની ફકત સખાવતની રકમની મોટી સંખીઆને લીધે નથી, પણ તે સખાવત કરવાની ભલી રીતથીછે. બે હજાર વરશની વાત ઉપર બુધ ધરમ પાલનારા લોકો તથા થોડીએક સદીની વાત ઉપરના ખરીસટીઅનો પોતાનાં ઘરબાર તથા કુટુંબનો તીઆગ કરીને પોતાના જાતભાઈઓનાં કલેઆંણુ કરતા હતા તથા પોતાની દોલત બખશીશ આપતા હતા. હેવી સખાવતની સાથે સર જમશેદજીની સખાવતનો મુકાબલો કરવાનો મારો વીચાર નથી. સર જમશેદજીની સખાવતનાં સંગલાં જાહેર કામો પારસી બેનીવોલંટ ઈનસટીટીઉશન વતરોગે એખલા પારસીઓને સારૂં નથી પણ હીંદુ, મુસલમાન, ખરીસટીઆન, ઈહાઉદી, અને બીજી સંગલી વરણના લોકોને સારૂં ઉભાં કરવામાં આવેઆંછે.

"સર જમશેદજી જીજીભાઈની સખાવતના ઉપલા સારા ગુણને લીધે તથા તે સખાવત જે ગરીબ ગુરબાંનાં દુખ ઓછાં કરવાની ધારણાથી કરવામાં આવીછે તેને લીધે એ ઉમરાવ ગહરસથનું નામ સંગલે પરસીધ- થાએઉંછે, અને તે નામને સંગલી કોમના લોકો એકસરખી રીતે માન આપેછે. હાવા ગહરસ થને માન આપવાને કીજે આપણે સંગલાઓ આજે આ જગોએ એકઠા મલી આછે. એ ગહરસથે જેવી મોટી સખાવતથી પોતાનું નામ પરસીધ કીધુંછે તેવીજ રીતે તેનું નામ તેની દોલતને કીજે દુનીઆંમાં વખણાએલુંછે. પરમા ણીકપણે તથા પોતાના ધંધાની અંદર જાતી ઉદીઓગ અને જાતી ચાલાકીથી તેણે મોટી દોલત મેલવીછે. પરમાણીકપણાં તથા ઉદીઓગ દોલત મેલવવાનો રસતો ખુલ્લો કરેછે તે બાબે સર જમશેદજી જીજીભાઈનો દાખલો નકલ કરવા લાએકછે. એ ગહરસથને આપણે શા વાસતે માન આપવું જોઈએછે તે બાબે જેટલું મારે બોલવું જોઈએ તે કરતાં હું ઘણું થોડું બોલીઓછું, તોપણ આપણે એ નામીચા ગહરસથની ઈઆદદાસત કેવી રીતે કાએમ રાખવાને આજે આ સભામાં આવેઆ છઈએ તે બાબે થોડોએક ખોલાસો કરવાની તમારી પાસે હું રજા માગી લઉં છેઉં.

"મારા સાંભલવામાં આવેઉંછે કે કેટલાએક લોકોનો વીચાર સર જમશેદ જીની ઈઆદદાસત કાએમ રાખવાને કીજે એક પુતલું બનાવવાનો નથી, પણ તેનાં બુજરગ નામને માન આપે હેવાં એક પરોપકારી કામ સાથે જોડવાનોછે. આ વીચાર સાથે મારો વીચાર મલતો આવતો નથી, કારણ કે એ ઉમરાવ ગહ

રસથે દરેક પરોપકારી કામની અંદર પોતાને હાથે પોતાની સખાવત કામે લગાડેલીછે. તેણે જે હાસપીટલ, કેલવણીખાતાંની નીશાલો, કુવા તથા તલાવો, પુલો, અને બીજાં ઉપીઓગી કામો પોતાના જાતી કમાઇના પઈસાથી બંધાવીઆંછે તે સંગલાં એ ઉમરાવ ગહરસથની ઈઆદદાસત કાએમ રાખશે. આ ટાઉનહાલ મધે તથા મોહોલાઓમાં જે માહાન પુરસોનાં પુતલાં મુકવામાં આવેઆંછે, તેઓની સાથે એ પરખેઆત ગહરસથનું બાવલું મુકવું એ વીચાર મને ઘણો પસંદછે, કારણકે સર જમશેદજી જીજીભાઈએ સંગલી કોમોના લોકોને જે ફાએદા કીધાછે તથા પઈસા મેલવીને તેનો સારો ઉપીઓગ કેમ કરવો તેનો એક જલકાટ ભરેલો ચીતાર એ ઉમરાવ ગહરસથનું નામીચું બાવલું આવતા જમાનાના લોકોને આપશે.

"અસલના તથા હાલના જમાનાના લોકોમાં નામાંકીત તથા ખુબીવાલા પુરશને માન આપવાને કીજે તેઓને જાહેર જગામાં મુકવાની ચાલ પડેલીછે. સર જમશેદજીનું બાવલું એ નામીચા ગહરસથ ઉપર તેના દેશીઓનો પેઆર તથા તેના જાતી ગુણોની એક અછી ઈઆદદાસત આવતી ઓલાદના લોકોને આપશે."

ઈશવી સને ૧૮૫૭ નાં વરશમાં લંડન શેહેરના રેહેવાસીઓએ પોતાનાં શેહેરનું છુટાપણું ભોગવનાર એક રેહેવાસી તરીકેનો નામી તોપણ આબરૂ ભરેલો "ફરીડંમ આફ ધી સીટી આફ લંડન" નો હક આપેઓ હતો.

લારડ એલફીનસટને પોતાનાં ઊપલાં ભાશાણમો કહીઊંછે તેમ સર જમશેદજીની ખુબી ફકત તેવણની બોહોલી સખાવત ઊપરજ આધાર રાખતી નથી. સર જમશેદજીમાં બીજા કેટલાએક સારા ગુણો હેવા હતા કે જેથી તેવણે પોતાની સાથે સંબંધ રાખનાર માણસોનો ઘણો પેઆર મેલવીઓ હતો. સર જમશેદજીએ પોતાની તેમજ પારકી કોમનાં લોકોનાં કુટુંબો વચ્ચેના ઘણાએક બીકટ ટંટા પટાવી આપીઆ હતા, અને તેહેવાં કામોમાં છુપી રીતે ઘણી વેલાએ પોતાની પદરનું નાણું આપીને સમાધાની કરી હતી. સર જમશેદજીએ પોતાના ઘણાએક તંગ હાલતમાં આવી પડેલા દોસતોને અથવા તેઓનાં કુટુંબોને પાલીઆંછે, અને હેવી તેવણની સખાવત તેવણની હઈઆતીની છેલી ઘડી સુધી

બંધ પડીતી નહી. સર જમશેદજીએ પરજા ઊપીઓગી કામોમાં જાંહાંસુધી આંગમાં શકતી હતો તાંહાં તુલીક ઘણી મદદ કરી હતી. મુંબઈ, સુરત, અને એ વગેરે બીજાં મુકાંમોની પારસીની અંજુમનનાં ધરમખાતાંની પુંજી જે આજ સલામતી ભરેલી હાલતમાંછે, અને જેહેના સંભાલને સારૂં મજબુત બંદોબસતો થાએલાછે તે કામ સર જમશેદજી જીજીભાઈની કોશેશથી બનીઊં હતું. મુંબઈની પારસીની અંજુમનનાં ધરમખાતાંનાં ફંડનો દાખલો લઈ હમો કહીજીએછે કે એ ફંડ ગએઆં એકસો વરશની મુદતમાં તરણ વખત ઊભું થાઈને તરણ વેલા બારેવાટ થાઈઊં હતું, તેહેને ચોથીવાર સર જમશેદજીએ મજબુત પાએઆથી સજીવન કરીઊં હતું, તથા અતીઘણું વધારીઊં હતું, અને તેહેનો હીસાબ દર શાલે વીગતવારે છપાએ તે બાબેની તેવણે ગોઠવણ કરી આપી હતી, કે જે ગોઠવણનો દાખલો હાલમાં બીજાં ધરમખાતાંવાલાઓએ પકડેલો આપણા જોવામાં આવેછે. પોતાની કોમમાં છોકરા તથા છોકરીઓને કેલવણી અપાવવાનાં કામમાં સર જમશેદજી એક મીતર હતા. આજ આસરે નવ વરશની વાત ઊપર જારે મુંબઈ મધે જરતોસતીઓની છોકરીઓને સારા પાએઆથી કેલવણી આપવાનું કામ આરંભીઆમાં આવીઊં હતું તે વેલાએ એકવાર તેવણે એ કામ ઊઠાવનાર શખસોને નાણાંની મદદ આપવાની ધારણાં રાખી હતી, પણ પાછલથી એજ શખસોની નેમને મલતી રીતે છોકરીઓની તરણ નીશાલો પોતાના ખરચે તેવણે ચાલુ કરી હતી. સર જમશેદજી પોતાની કોમના લોકોમાંથી બુરી રસમો ટલી ગએલી જોવાને ખુશી હતા, પણ તેવણની દાએબાંએનાં માણસોના ભુલાવીઆથી એવાં કામો માથે લેનાર શખસોને તેવણથી આસરો મલીઓતો નહી. નઠારી રસમો તરક કરવાની સર જમશેદજીમાં ખાએસ હતી તેહેનો એક દાખલો હમો આપીએછે, કે પારસીઓમાં જો કોઈ મરદ ઈઆ ઓરત ગુજરી જાએછે તો તેહેનાં શકતીવાલાં ખેશીઓ મરનારની વરશી ઈઆ હેવીજ બીજી તીરથો ઊપર પોતાના દોસત આશનાવોનું જમન કરેછે. જો કે એ મુરખાઈ ભરેલી ચાલ

હમણાં પારસીઓ વચ્ચે આગલનાં કરતાં ઘણી કમતર થાઈછે, તોપણ સર જમશેદજીની ચાલચલણથી વાકેફ રેહેનાર સરવે કોઈને ખબરછે કે તેવણ હેવું ખાનું કરનાર શખસોને હમેશાં ધીકારતા હતા, અને પોતે તેહેવી મીજલસમાં કધી સાંમેલ થાતા નહી હતા.

સર જમશેદજી જીજીભાઈએ એક ગરંથ લખનાર તરીકે પણ પોતાનું નામ કાએમ રાખીઊંછે. ઈશવી સને ૧૮૪૩ નાં વરશમાં મુંબઈના પારસીઓની પંચાએત અને એ વગરે બીજી બાબદોના ખોલાસાની જે કેતાબ "ખોલાસે પંચાએત" હેવાં નામથી છપાઈ પરગટ થાઈ હતી તે કેતાબ સર જમશેદજીની પોતાની કલમથી લખાએલીછે, અને સર જમશેદજીને હાથની તેહેની અસલ નકલ હાલ મોજુદછે. એ કેતાબ ઊપરથી તેહેના મરતબો પાંમેલા બનાવનારની ચંચલાઈ, તેવણના ખવાસ, સારાં કામો કરવા પછવાડે ઊલટ, અને દાનાઈ વીશે આપણને કીમતી અનુભવ મલેછે. સર જમશેદજીનાં સારાં કામોની કીમત આજ કેટલાંએક વરશની વાત ઊપર તેવણના ઘણાખરા જાતભાઈ પારસીઓ બરોબર રીતે સમજી શકતા નહી હતા, તેઓને આ "ખોલાસે પંચાએત" કેતાબ મધે જે જવાબ મલીઓછે તે પુરતોછે. સર જમશેદજી પોતાની સંગલી ખુબી છતાં પોતાના જાતભાઈઓને આગલા દાહાડાઓ ઊપર એક કરતાં વધારેવાર અનગમતા થાઈ પડેઆ હતા, તેહેનાં કારણો જારે આપણે તેવણના બીજા ગુણો સાથે સરખાવી જોઈએછે તારે તે વીશે આપણી ખાતરી થાએછે કે જો સર જમશેદજીની આસપાસનાં માણસો મતલબવાલાં અને નઠારી ચાલનાં નહી હતે તો તેવણ પોતાની કોમમાં એક ઘડીભરબી અનગમતા થાતે નહી. પાછલથી સર જમશેદજી ઊપર સંગલા પારસીઓનો પેઆર વધીઓ હતો, અને તેઓ સંગલા એ બોજોરગ મરદને માન આપવા ચાહતા હતા તેમાં કસો સંધે નથી. એલમનો વધારો કરવા, એલમની વાતો સાંભલવા, અને એલમના ફેલાવાને સારૂં પુસતકો છાપી પરગટ કરવાની ખાએસ સર જમશેદજીમાં પુર હતી.

એ સંગલા સારા ગુણોનો માણસ હમણાં આપણી સંપ્રમાંથી ઊઠી ગએઆછે. તેહેની ગમગીની સરવે કોઈને લાગેછે. જે માણસ અતી મોહોટી દોલત ખરચીને તથા જાતી મેહનત લઈને લાખો માણસોનાં સુખનાં કામો કરે, અને લાખો માણસોને માબાપ તરીકે મદદ આપે, તે ધણી ગમે એટલી પાકી ઊમરે ગુજરી જાએ તોપણ તેહેનાં મોહાતનો સંતાપ કોઈનેબી લાગીઆ વગર રેહે નહી. હેવા ખુબી ભરેલા પુરસનાં નેક રૂહુ ઊપર હજારો હજાર દરૂદ હોજો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૭ મી એપરેલ ૧૮૫૯.]

સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ— પારસીઓમાં એક્કો નર.

મી૦ શોરાબજી શાપુરજી બંગાલીએ ગએઆં પખવાડીઆંમાં આપણા મોબેદોના છોકરાઓને કેલવણી આપવા જ્સારૂં ઊભી કરેલી મદરેસાનો રીપોરટ વાંચીઓ હતો તારે તે મધે સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ વીશે હેવી તારીફના સુખન કહેઆ હતા, કે "આપણા હીંદુસથાંનના જરતોસતી ટોલામાં સરવેથી સરશ જેબ આપનાર અને કીરતીવાન" એ મરહુમ સાહેબ થાઈ ગએઆછે. "સરવેથી સરશ" એ એલકાબ કાંઈ થોડો માન ભરેલો નથી, પણ આજ બાર સદીની લાંબી મુદતમાં હીંદુસથાંનના પારસીઓ વચ્ચે સર જમશેદજીની બરોબરનો કીરતીવાન પુરસ કોઈ થાએઓ નથી એ વાત કોઈથી ના પાડી શકાશે નહી, એટલુંજ નહી, પણ એ સાહેબને ગુજરી જવાને એક દાએકો ઊપર થાએઓછે તોપણ તેવણની ખાલી પડેલી જગોની નજદીક ફકત કોઈ પોતાનું પગલું મુકી શકે હેવો પુરસ પારસીની કોમમાંથી હજુ મલી આવીઓ નથી એ દલગીરી ભરેલી વાતછે. મરહુમ સર જમશેદજીની જગો આજ ખાલીછે તેજ વાત બતલાવી આપેછે કે એ ગહરસથ પાર

સીઓ વચ્ચે એક એક્કો નર હતો, અને તેવણની મનશકતી તેવણની આસ પાસના લોકોના કરતાં ઘણા ચહડતા દરજાની હતી. એજ મનશક તીના જોરથી એક ગરીબ માબાપના દીકરાની હાલત ઊપરથી તેવણે પોતાની કોમમાંજ નહી, પણ પોતાની આસપાસની વસતીના લોકોમાં સઊથી ચહડતો દરજ્જો મેલવીઓ હતો. એજ મનશકતીનાં કઊવતથી પોતાની કોમના લોકોનો ફાએદો જારે બીજા તેવણના હમદીનો જોવાને અને સમજવાને શકતીવાન નહી હતા તારે સર જમશેદજી જોઈ શકેઆ હતા. એજ સબબને લીધે પોતાની કોમના લોકોનું ભલું કરતાં શાબા શીને ઠેકાંણે તેવણને કેટલીએક મુદત સુધી અબજશ પણ મલીઓ હતો, કે જે અબજશનો બદલો પાછલા જમાનાએ તેવણને પુરતો વાલી આપે ઓછે, તે હેવી રોતે કે અગરજો મરહુમ સર જમશેદજીનાં નામને આજ કોઈબી પારસી બુરા આચારથી જુવે તો આખી પારસીની કોમનો તેહના ઊપર ધીકાર પડેઆ વગર રહે નહી. સર જમશેદજી જીજીભા ઈની સાંમણે પારસીની કોમના લોકોનો પેહલવેહલાં કોપ હતો અને પાછ લથી તેવણની તરફ પેઆર અને માન હતું એ વાત પારસીની કોમની સુધરતી હાલત પીછાણવાની એક અગતની નીશાનછે. મરહુમ સર જમ શેદજી વીશે કેહેછે કે ઈશવી સને ૧૮૨૫ નાં વરશ પછી તેવણ પરખી આત થવા લાગા. સને ૧૮૩૨ નાં વરશમાં મુંબઈના પારસીઓએ "કુતરાંનું હુલડ" કીધું હતું. સરકારે રખડતાં કુતરાંઓને મારી નાખ વાનો ધારો કીધો, તે હોકમ મુંબઈના પારસીઓને અણઘટતો લાગો, તેઓએ પોલીસના કુતરાં મારનાર એકુ માણસને મારી નાખીને પછી કાંઈએક તોફાંન ઊઠાવીઊં, ઈંગરેજી અમલદારોની ગાડીઓ ઊપર ખાશડાં અને પથર મારેઆ, અને બજાર મધેથી વેચનારા લોકોને ઊઠાડી મેલીને હરતાલ પાડી, પણ જારે કોલાબેથી ઈઊરોપીઅન સોલજરોની એક ટુકડી આવી તારે એકે પારસી રસતામાં હીમતથી ઊભો રહેઓ નહી, અને સરવે કોઈએ નાહાશાનાહાશ કીધી, અને "કુતરાંના હુલડ" નો અંત આવીઓ! હાવી વખતે સર જમશેદજી જીજીભાઈના જેહવી

મનશકતી તથા બુધીવાલું માણસ પોતાના જાતભાઈઓની ચાલને નાપ સંદ કરે તેમાં નવાઈ નથી, અને તે વખતના બીજા શેઠીઆઓ પોતાની નાસીપાસીનો બધો ઠપકો સર જમશેદજી જેહવા નવા ઊધરતા શેઠીઆની ઊપર નાખી દઈને તેવણને પોતાની કોમના લોકોથી અકારા કરે તેમાં પણ અચરતી નથી. રખડતાં અથવા હરખાએલાં કુતરાંઓને પકડવા અથવા મારી નાખવાનાં કામને જેહવી વાજબી સમજથી આજે પાર સીઓ જુવેછે તેહવી સમજથી અગર સને ૧૮૩૨ નાં વરશમાં તેઓ જોતા હતે તો સર જમશેદજી પોતાની કોમના લોકોને એ કામ સંબંધી અકારા લાગતે નહી. પણ પારસી કોમની સમજ અને બુધીમાં એ ૩૭ વરશની મુદત દરમેઆન કેટલો કીમતી વધારો થાએઓછે તે વાત હાવી હકીકત ઊપરથી આપણને મલી આવેછે. "કુતરાંનાં હુલડ" ની વાતને પાંચ વરશ ગુજરી નહી ગએઆં એટલાંમાં વલી મુંબઈની પાર સીની કોમમાં "પેટ ચીરવા" ની ભાંજગડે મોહોટો પોકાર ઊઠાવીઓ હતો, અને તે બાબદમાં પણ સર જમશેદજી પોતાની કોમના લોકોમાં કાંઈ થોડા અનગમતા થાએઆતા નહી. કમોતે ગુજરી જનાર માણ સોની લાશ ઊપર કારોનરની મારફતે જે તપાસ થાએછે તેમાં દર શોએ મુરદાંની તપાસ કરતાં ભાએગે એક માણસનું પેટ ચીરીને તેહનાં મર ણનું કારણ જાણવાની જરૂર પડેછે. પણ તે વખતના પારસી ભાઈ ઓમાં હેવો ખેઆલ બેઠો હતો કે સરકાર હર બાંહાંને તેઓનાં ગુજરેલાં ઓની લાશને ચીરીને તપાસી જોશે; અને એ ખોટા ખેઆલ ઊપરથી તેઓએ થોડો ઘભરાટ કીધોતો નહી. સર જમશેદજી હેવા ઘભરાટ તથા તે ઘભરાટ ઊપરથી લેવાતા ઈલાજોમાં સામેલ થાએઆ નહી, અને તેથી તેવણને પોતાના જાતભાઈઓની તરફથી એટલુંતો સોસવું પડીઊં હતું કે એ પેટ ચીરવાની તથા બીજી બાબદો સંબંધી તેવણનો પોતાના બચા વમાં "ખોલાસે પંચાત" નામની ચોપડી કાહાડવાની ફરજ પડી હતી. પણ ગાદરીઆ લોકોની સાથે પોતે ગાદરીઆ નહી થાવું, અને તે કાર ણસર જરૂર પડે તો નાવાકેફ લોકોનો પોતા ઊપર ગોસો હીમતથી ખેંચી

લેવો, હેવા બનાવો મોહોટાં મનના અને પુર સમજનાં માણસોને માથે ઘણી વેલાએ આવી પડેછે. સર જમશેદજી જીજીભાઈ પોતાના વખતના લોકોની સમજ અને મનશકતી કરતાં પોતે આગલ વધેલા હતા, તેવણ પારસીઓમાં એક્કા હતા, તે વાત એ હકીકત ઊપરથી સાબેત થાએછે. સર જમશેદજીએ હાસપીટાલ બાંધી, તથા ઈશકુલો કાહાડી તે બીનાં આગલા દાહાડાઓ ઊપર ઘણા પારસીઓને નાપસંદ હતી, તે વખત આએ સતરો લખનારને સારીપઠે ઈઆદછે. ઈશવી સને ૧૮૫૧ નાં મુસલમાનોનાં હુલડની વખતે પણ પારસીઓની તરફથી સર જમશેદજીની ઊપર કેટલોએક બટટો મુકવામાં આવીઓ હતો. તે વખતે સર જમશેદજીના ગહમબારની એક નેઆતમાં સરેશતા કરતાં પારસીઓનો ઘણોજ નાધલો ભાગ જમવા ગએઓ હતો, અને લોકોના મોહોટા ભાગે ઠેરાવ કીધો હતો કે તેવણને તાંહાં જમવા નહી જવું, એ વાત ઘણા સાહેબોની ઈઆદદાસતમાંથી નીકલી ગેઈ નહી હશે. દુનીઆંની આંખમાં બીશીઆર વખતે સાચો માણસ અનગમતો થાએછે, અને લતરાજ વાલો ફાવી જાએંછે, તેહનો એ એક દાખલોછે. પણ શેવટે સચાઈ સાબેત કદમ રેહછે, અને તેમજ સર જમશેદજી જીજીભાઈનું નામ તેહનાં ખરા ચલકાટ સાથે આજે ઓસતવાર રહેલું આપણે જોઈએછે, અને તે ઊપરથી આપણને બોધ મલેછે કે અગર કોઈ મોહોટી મનશકતીવાલાં માણસને આલમના વીચાર સાથે મલતો નહી થાવાથી કોઈવાર સખત દલગીરી ખમવી પડેછે તોપણ પાછલા જમાનામાં તેહની ખુબીનો પરકાશ બેવડાં જોરથી ખીલી નીકલેછે.

સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ પોતાના વખતના પારસીઓમાં પરથમમાં અનગમતા હતા અને પાછલથી તેઓનો પેઆર તથા માન મેલવીઊં હતું તે વાત એ નામીચા પુરસની ચહડતી મનશકતી અને આસપાસનાં લોકોનાં કરતાં તેવણની દુર નજર વીશેની એક સાબેતી દાખલ હમોએ બતલાવીછે, હવે એ સાહેબની મોહોટી મનશકતીના પુરાવામાં હમો બીજી પરકારનાં દાખલા આપીએ છઈએ. એ

દાખલા સર જમશેદજી જીજીભાઈએ પોતાની કોમનાં લોકોમાં કેલવણી સંબંધી કરેલાં કામો વીશેછે. અજાએબ જેહવું છે કે સર જમશેદજી જીજીભાઈએ પોતાનાં નામથી પારસીઓમાં કેલવણીખાતાં ઊભાં કરેઆં તે આગમજ મુંબઈ, સુરત, નોશારી, ઈઆ બીજા કોઈબી આ દેશનાં મુકામ ઊપર પારસીઓની ધરમખાતાંની કોઈબી મદરેસા ઈઆ મકતબ હતી નહી. મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજી કેલવણીની કીમત પીછાણનાર તરીકે પારસીઓમાં એક વખણાએલા ગહરસથ થાઈ ગએઆછે તેવણે સરકારી કેલવણીખાતાંની મારફતે પોતાનાં જાતભાઈઓમાં એલમનો વધારો કરવાના બાબમાં કીમતી કોશેશ કીધી હતી, પણ પારસીઓનાં પોતાનાં ખુદ ધરમનાં કેલવણીખાતાં સર જમશેદજી જીજીભાઈથીજ ઊભાં થાએઆં હતાં. હીંદુસથાન મધે આવી વશેઆ પછીની પારસીઓની કેલવણી સંબંધી હઈઆતી સેંકડો વરશ તુલીક ગુમ થાઈ હતી તે એ નામીચા નરે સજીવન કીધી હતી. એ ધરમખાતાંઓથી દુનીઆંની નજરમાં તેવણે પોતાની કોમનાં લોકોનો દરજ્જો વધારેઓ હતો. આજે જારે કેલવણી સંબંધી લોકોનાં દીલમાં ઊલટછે તેહવા વખતમાં કેલવણીખાતાં ઊભાં થાએ તેનાં કરતાં જે સમેમાં હેવાં કામો વીશે લોકોને જાહાજો શોખ નહી તે વખતમાં દુર નજરથી પોતાના હમજાતીઓનો ફાએદો પારખી કાહાડીને કેલવણીખાતાં ઊભાં કરવાં તે કામ કરનાર ધણીને અને તેહની એક્કી મનશકતીને અતીશે માન મલવું જોઈએછે. સર જમશેદજીની ચંચલ બુધી ફકત મરદોની કેલવણીનેજ નહી, પણ સ્ત્રી કેલવણીને પણ મદદ થાઈ હતી. હમારા જે વાંચનારાઓ આજ વીશ વરશની વાત ઊપર પારસીઓ વચ્ચે ચાલતાં મતથી વાકેફછે તેઓ કબુલ કરેઆ વનાં રેહશે નહી કે તે વખતમાં અગરજો પારસી આલમનું મત લેવામાં આવીઊં હતે તો દર સેંકડે નેવું પારસીઓ હેવું કેહતે કે છોકરીઓને એલમ શીખાડવાની જરૂર નથી, તેઓને એટલીજ કેલવણીની જરૂરછે કે તેઓ સીવવા શીખે અને જંદ અવસતા ભણે. જારે સટુડેનટસ શોસાએટી વાલાઓએ પેહલવેહલી

છોકરીઓની નીશાલો કાહાડી હતી તારે એજ કીસમની તકરારો પણ અતરે નીકલી હતી, કે છોકરીઓને શીખાડવામાં કસો ફાએદો નથી, અને છોકરીઓને કીજે નીશાલો કાહાડેઆમાં આવીછે તેહનાં પરીનામ સારાં નીપજવાનાં નથી. વીશ વરશની અજમાએશે આપણને બત લાવી આપીઊંછે કે હેવું બોલવું મુરખ લોકોનું હતું. હમણાં કોઈબી પારસીનું કુટુંબ પોતાની દીકરીઓને નીશાલે મુકીઆથી દુર રેહેતું નથી. પરોફેસર દાદાભાઈ નવરોજજીને અગરજો આપણે પુછીએ તો તેવણ આજ આપણને શાખસી આપશે કે સટુડેનટસ શોસાએટીની તરફથી છોકરીઓની નીશાલોને સારૂં આસરો માંગવા સારૂં જારે તેવણ સર જમશેદજી જીજીભાઈ ઈનસટીટુશનની બાર અધીકારીઓની "પંચાએત" ની આગલ જઈને ઊભા, તારે સ્ત્રી કેલવણીનાં ફાએદા જાહેર કરવાનું કામ પરોફેસર દાદાભાઈ નવરોજજી શરૂ કરે તે આગમજ એ બાર સાહેબો મધેના વડા સર જમશેદજી જીજીભાઈએ પોતે પોતાને માથે એ કામ ઊઠાવી લીધું હતું. "પંચાએત" ના બીજા સાહેબોને છોકરીઓની નીશાલથી નીપજતા ફાએદા વીશે સંધે હતો, પણ સર જમશેદજીને તેહેવો સંધે નહી હતો, તેવણે એ સાહેબોને સમજાવીઆ કે છોકરીઓને શીખાડવાથી ગેરફાએદો નહી પણ ફાએદો થાશે, અને હેવાં બોલવાના ટેકામાં પરોફેસર દાદાભાઈને શેવટે ખુશાલી ભરેલો ઊતર મલીઓ હતો, કે સર જમશેદજીએ પોતે છોકરીઓની નીશાલો કાહાડવાનો ઠેરાવ કીધોછે. એ ઠેરાવ સેહજ દાહાડામાં અમલમાં આવીઓ, અને સ્ટુડેનટસ સોસાએટી વાલાઓની નીશાલો ઊપરાંત સર જમશેદજી ઈનસટીટુશન ખાતાંને લગતી ચાર નીશાલો છોકરીઓને કીજે મુંબઈ મધે ઊભી થાઈ. સર જમશેદજીએ છોકરીઓને કેલવણી આપવાનો એ કીમતી દાખલો પોતાનાં કુટુંબમાં પણ ચલાવીઓ હતો. હમોને સારી પેઠે ઈઆદછે કે કોઈ મોહોટા ઈંગરેજ અમલદારની ખાએસ ઊપરથી એક વેલાએ સટુડેનટસ શોસાએટીની નીશાલોની છોકરીઓને ઈનામ આપવાની સભા સર જમશેદજી જીજીભાઈનાં કોટનાં ઘેરનાં દીવાનખાનાં

મધે ભરાઈ હતી, તાંહાં સરેશતા પરમાણે એ નીશાલોની છોકરીઓની પરીખશા લેવાએઆ બાદ એકાએક સર જમશેદજીનાં પોતાનાં ઘેરની આઠ દસ છોકરીઓ મીજલસમાં આવીને હારબંદ ઊભી રહીઓ. ગામના પરચુટણ લોકોની છોકરીઓ સારી રીતે કેલવણી લીએ તેહવી વખતે સર જમશેદજીનાં પોતાનાં ઘેરની દીકરીઓ અપટ હાલતમાં રહેલી નથી હેવું મીજલસને બતલાવવાની સર જમશેદજીની ખાએસ હતી, અને તેવણની એ ખાએસ પુરતી રીતે પાર પડી હતી. મીજલસે જોઈ લીધું કે જે વખતે પારસીઓના બીજા ઘણાએક શેઠીઆઓનાં ઘેરની છોકરીઓ અસલી રવઈઆ મુજબ "ધોબીનાં કપડાં" અને "કલાઈગરનાં વાસણ" ની વીગત લખવા કરતાં કેલવણીનાં બાબમાં વધારે ચહડતે દરજજે પોંહોંચે લીઓ નહી હતી, તારે સર જમશેદજીનાં કુટુંબની છોકરીઓ વાંચવા, લખવા, ભુગોલ, ઈતીહાસ અને વેઆકરણનું કામજોગ ગનેઆન ધરાવતી હતીઓ, અને કેલવણી સંબંધી બીજા પારસીઓની દીકરીઓ જેઓની તપાસ તરતજ તે મીજલસમાં થાએલી હતી તેઓનાં કરતાં સર જમશેદજીને ઘેરની છોકરીઓ કસી પાંતીએ ઊતરતી હતી નહી, બલકે કોઈ કોઈ બાબદમાં ચહડતી હતી. બીજો એ મીજલસમાં એક દેખાવ જોવામાં આવીઓ હતો, કે જે જણાવવાને હમોએ ભુલવું નહી જોઈએ. સર જમશેદજીનાં કુટુંબની જે છોકરીઓ પરીખશા આપવા એ મીજલસમાં આવી હતીઓ તેઓમાં બે તરણ છોકરીઓ મોહોટી ઊછરેલી અને પોશાકમાં સારી તથા કાંચરીઓ પેહેરીને આવી હતી. હેવી પુગતી વએની છોકરીઓ જાહેર મીજલસમાં પરીખશા આપતી જોવામાં આવે તો તેથી આજે થોડાજ પારસી શેઠીઆઓ તે વીશે પોતાની નાખુશી બતલાવીઆ વના રેહેશે, અને કદાચ તેહવી વાતની ગીબત કરવામાં પણ તેઓ સાંમેલ થાશે. સર જમશેદજીને ઘેરની મોહોટી છોકરીઓ પરીખશા આપવા આવી તેમાં સર જમશેદજીએ કોઈનાં વીચારની દરકાર કીધીતી નહી, અને કોઈ તેવણની સાંમણે બોલી શકીઊંતું પણ નહી. આજના ઘણાખરા પારસી શેઠીઆઓ હાવી બાબદોની સમજ ધરાવ

નારી હાલતથી કેટલા પછાત પડેલાછે તે આપણે સરવે કોઈ જાણીએ છઈએ, અને તે ઊપરથી આપણે મજબુતીથી કહી શકીએછે કે સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટની જગો હજુ તુલીક આપણા ટોલામાં ખાલીછે.

સર જમશેદજી જીજીભાઈએ પોતાનાં દીકરી બાઈ પીરોજબાઈને ઈંગરેજી ભાશાની કેલવણી આપી હતી. હમો પુછીએછે કે આજે શેઠ ફરાંમજી કાવશજી બનાજી અને શેઠ માંણેકજી ખરશેદજી સવાએ કીઆ પારસી શેઠીઆની દીકરીઓ ઈંગરેજી જાણેછે? સર જમશેદજીનો પરીવાર વટીક એ બાબદમાં આજ પછાત પડેઓછે. અને તેઓ પોતાનો દરજ્જો આગલ જતાં જાલવી નહી શકશે તે વીશેની એ એક દલગીરી ભરેલી નીશાન એ વાત ઊપરથી માલમ પડેછે, કાંએકે પોતાની આસપાસનાં સાધારણ લોકોની કેલવણીથી પછાત પડવું હેવી રીત જે કોઈ મોહોટાં કુટુંબમાં ચાલુ થાએછે તે કુટુંબનો રોબ સાધારણ લોકો ઊપરથી ધીમે ધીમે કમતી થતો ચાલેછે, અને સાધારણ લોકો તે મોહોટાં કુટુંબનાં કરતાં પોતાને વધારે બુધીવાંન અને સારા હક ભોગવવાને લાએકના સમજેછે, અને પછી તે મોહોટાં કુટુંબને તેઓ ઓછું માન આપેછે.

મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટે પોતાની દીકરીને સારી કેલવણી આપેઆ ઊપરાંત પોતાના તરણ સાહેબજાદાઓને કેહેવી કેલવણી આપી હતી તે જુવો. સર જમશેદજીના સાહેબજાદા એલમમાં કાંઈ ઓલમાઓનો મરતબો ધરાવતા નથી, પણ તેઓની કેલવણી પકી રીતે "જેનટલમન" ને લાએકની હતી. સઊ કોઈ જુવેછે તથા જાણેછે કે સર જમશેદજીના સાહેબજાદાઓની ચાલચલણમાં અમીરી સફાઈ અને ધપછપછે, જેહને ઈંગરેજ લોકો "રીફાઈનડ માનરસ" કરીને કેહેછે. જેમ સર જમશેદજીના સાહેબજાદાઓ શેઠીઆઓ થાએઆછે તેમજ તેવણના વખતના બીજા પારસી શેઠીઆઓના સાહેબજાદાઓ પણ આજે શેઠીઆઓ થાએઆછે, પણ એ છેલ્લા જણાવેલા શેઠીઆઓના બાવાઓએ પોતાના દીકરાઓને માતરે ગાંધીની દુકાંન સાચવવા જેહવીજ કેલવણી આપી હતી, અને તેઓને "જેનટલમન" દાખલની રીત

ભાંત શીખાડવાની કસી તસદી લીધીતી નહી. તેહનું પરીનામ આજ આપણે નજરે જોઈએ છઈએ કે સર જમશેદજીના સાહેબજાદાઓ કોઈ મીજલસમાં આવેછે તો તે મીજલસને રોનક આપેછે, તેઓની બોલવા ચાલવાની રીત સફાઈ પાંમેલીછે, તેઓ ફકત કદમ ભરેછે અથવા એક સલાંમ કરેછે તો તેમાં દરજજો, મરતબો, અને ખુશ હેલીઅત દેખાએછે. બીજા હાથ ઊપર કેટલાએક જુના શેઠીઆના છોકરાઓ જેઓ પોતે આજે શેઠીઆ થાએઆછે તેઓ મધેના કેટલાએક સાહેબો હાલમાં સર જમશેદજીનાં કુટુંબ કરતાં કદાપી વધારે દોલતમંદછે, પણ તેઓની ધપ છપ, હીલચાલ, તાજમતવાજો બતલાવી આપેછે કે તેઓને સર જમશેદ જીનાં સાહેબજાદાઓના જેહેવી કેલવણી અને તાલીમ મલી નથી. કોઈ માણસે પોતાના કબીલાને ફકત કેલવણીનાં બલથી માનને લાએકનો કરવો તેમાં થોડી સમજ અને મેહેનત જોઈતી નથી, અને જે વખતમાં લોકો હેવી કેલવણીની કીમત પીછાણતા હતા નહી તેહવા વખતમાં સર જમશેદજી જીજીભાઈએ પોતાના દીકરાઓને અમીરી અને સુફીઆંની ધપછપવાલા બનાવેઆ તેમાં તેવણની મોહોટી મનશકતી પુરતી રીતે માલમ પડી આવેછે.

મોહોટી મનશકતીનાં માણસોની ધરમ પાલવાની રીત પણ સાધા રણ લોકોથી ચહડતી હોએછે. સર જમશેદજી પોતાના મજહબ ઊપર પુરતા ચુશત હતા, પણ તે ચુશતપણાં સાથે બીજાઓની માફક ઘેલાપણું વાપરતાતા નહી. હમોએ ઊપર જણાવીઊંછે કે રખડતાં કુતરાં માર વાની બાબદમાં સર જમશેદજીએ પોતાના હમજાતીઓના ઊશકેરાએલા જુશામાં કસો ભાગ લીધોતો નહી, અને "પેટ ચીરવા" ની બાબદમાં પણ તેવણે આલમનાં લોકોને અણઘટતી રીતે રાજી રાખવાની હલકી નેમને ખાતર પોતાની બુધીનો ભોગ આપેઓ હતો નહી. સર જમશે દજીની ધરમ કરવાની રીત વીશે આગલ પારસીઓમાં ફરીઆદ ચાલતી હતી કે તેવણે હાસપીટાલ, પુલ, અને ઈશકુલો ઊભી કરવામાં ઘણો ધરમ કીધો, પણ અગીઆરી, દોખમાં, અને હેવાંજ બીજાં કામો બરા

બર કીધાં નહી. પણ સર જમશેદજીએ જરૂર વગર હેવો ખરચ કરવાને ઘટારટ વીચારીઊં તું નહી. તેવણ પોતાના મજહબ ઊપર પુર ચુશત હતા, પણ ગાફેલાઈથી ચુશત રહીને અગત વગર તે પછવાડે પોતાની દોલત ખરચવાને ઘટારત વીચારતાતા નહી. મરહુમ સર જમશેદજીમાં ધરમ સંબંધી ખોટો વસવસો પણ થોડો હતો. ઈશવી સને ૧૮૫૪ નાં વરશમાં ઈસટ ઈંડીઆ કંપનીનો "ચારટર" બદલાએઓ તે આગમજ પારલામેંટની કમીટી આગલ આપણા મુંબઈના આગલા ચીફ જસટીસ સર અરસકીન પેરીએ જે શાખશી આપી હતી, અને જે શાખશી તે વખતની પારલામેંટની "બલુ બુક" મધે છપાઈછે, તેમાં સર અરસકીન પેરી જણાવેછે, કે તેવણને સર જમશેદજી જીજીભાઈની સાથે ઘણી દોસતી હતી, તે દોસતીની નીશાન દાખલ એક વેલાએ તેણે (સર અરસકીને) સર જમશેદજીને પોતાની સાથે ખાનું ખાવાની અરજ કીધી. સર જમશેદજીએ ઘણી નમનતાઈથી એ અરજ કબુલ કરવાને ના પાડી, તેહનું કારણ તેવણે હેવું બેહુંદું નહી જણાવીઊં કે પારસીઓના મજહબ પરમાણે જુદદીન સાથે ખાનું ખાવાની મનાઈછે, પણ તેવણે સર અરસકીન પેરીને કહીઊં કે હું તમારી સંગાથે જમવામાં કસું અણઘટતું જોતો નથી, પણ હવે માહારો વખત બુઘાપાનો આવેઓછે, અને હેવા વખતમાં મારા જાતભાઈઓના જુશાને ઊશકેરીને તેઓની સાંમણે થવાનું માહારાંમાં કઊવત રહેઊં નથી. હમોએ જણાવવું જોઈએછે કે જુદદીન સંગાથે ખાનું ખાવાની બાબદમાં હાવો વીચાર આગલા વખતના શેઠીઆઓમાં માતરે સર જમશેદજીનોજ નહી હતો. મરનાર શેઠ રૂસતમજી કાવશજી બનાજી જેવણ કલકતા મધે એક નામીચા શેઠીઆ થાઈ ગએઆછે તેવણ પોતાની હઈઆતીના છેલ્લા દાહાડા તુલીક કલકતાના મોહોટી પદવીવાલા ઈંગરેજોને તાંહાં ખાનું ખાવા જતા હતા, તથા તેઓને પોતાને તાંહાં ખાનું ખાવા બોલાવતા હતા.

સર જમશેદજીના વખતમાં ગુજરેલાં માણસો પછવાડે મોહોટાં ખાનાં કરવાનો રવઈઓ પારસીઓમાં પુર ચાલતો હતો, પણ એ સુર

ખાઈ ભરેલી રસમથી તેવણનું કુટુંબ અતીઆર સુધી સદા દુર રહેઊંછે. લગનની વેલાએ મોહોટાં જમનો કરવાની ચાલમાં સર જમશેદજી જીજીભાઈ પોતાની મોહોટાઈના પરથમના દીવસોમાં સામેલ થાએઆ હતા પણ તેહનો ગેરફાએદો તેવણે પાછલથી જોએઓ હતો, અને કોઈબી શખસ અગરજો એ મરનાર સાહેબનાં વશીઅતનામાંનો પાછલનો ભાગ વાંચવાની તજદી લેશે તો તેહના જોવામાં આવશે કે તેવણે પોતાનાં ફર જંદોને એ વશીઅતનામાં મધે લગનનો ખરચ સાદી રીતે અને થોડો કર વાની મજબુત ભલામણ કરીછે.

હાવા નરને જારે આજના પારસીઓના શેઠીઆઓની સાથે આપણે સરખાવીએ છઈએ તારે જમાનાએ પારસીની કોમને ખોદાની બખશેશથી સુધરાઈમાં જેટલી આગલ વધારીછે તેટલા એ કોમના શેઠીઆઓ સુધરાઈમાં આગલ વધેઆ નથી તે વાત તરત આપણને દેખાઈ આવેછે, અને સાબેત થાએછે કે પારસી શેઠીઆઓની સંધમાં મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટની જગો હજુ ખાલી રહેલીછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૭ મી તથા ૧૪ મી ફેબરવારી ૧૮૬૯.]

સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટના ઊમદા વીચારો તથા મજબુત સમજ શકતી વીશે હમોએ જે કાંઈ ઊપલું બેઆન કરી ઊંછે તેહની સંગાથે નીસબત રાખનારી એક જાણવાજોગ બીનાં તા૦ ૧૯ મી મેએ ૧૮૭૨ નાં રાસ્ત ગોફ્તાર મધે હમારા જોવામાં આવીછે, તે એક ઈંગરેજ મુસાફરનાં પુસતક મધેથી ઊતારેલીછે, અને તેહેની નકલ હમો નીચે આપીએછે.

(ડાકટર હેનરી મોસીસનાં બનાવેલાં "સકેચીસ આફ ઈંડયા" નામનાં હીંદુસતાનની મુસાફરીનાં ઈંગરેજી પુસતક ઉપરથી.)

"૧૮૪૦ નાં શાલમાં ગજનીની કાબુલી ભાગળને ઉરાડી મેળી તથા તાંહાંના કીલ્લાના કંગુરા ઉપર બરીટીશ વાવટો ઉરાડી જેનરલ સર જાન કીન ઈંગ લંડ જવા સારૂં આફગાનીસતાનથી મુંબઈ ખાતે પાછો ફરયો.

"આપણી આ ફતેહ ઉપર પોતાનો સંતોશ બતાવવો જોઈએ એવું ધારીને સર જમશેદજી જીજીભાઈએ મુંબઈ ખાતે સર જાન કીનની હાજરીની તુક લઈને આપણી મોટી ફતેહની ખુશાલીમાં એક મોટા બાલનાં નોતરાં સર જાન ઉપર; તેના રસાલા ઉપર અને મુંબઈના ઘણાક ઈંગરેજ રેહવાસીઓ ઉપર મોકલીઆં હતાં. તે નોતરાં બાહાલ રહેઆં અને તેનું પરીનામ એ નીપજ્યું કે એક અતીશય દબદબા ભરેલી મીજલસ ભેગી થઈ. દોલત ખરીદ કરી શકે એવી દરએક નવાઈથી આ વખતની ટેબલો ખીચોખીચ સીંચેલી હતી. મને મુંબઈના એક ગહરસથે કેહેવા મુજબ આ રાતની ધુમધામો ચાલતી હતી તેવામાં સર જમશેદજીનાં પારસી દોસતો તથા ખેશીઓ જે આ રચના જોવા આવયા હતા તેઓ વચ્ચે કાંઈ ગડબડ અને ચરચા માલમ પડી હતી. ઘણા જણ એકેકના કાનપર પડીને તથા હસીને વાત કરતા હતા, અને જાંણે કોઈ ઘણું રમુજી તથા અજાએબ જેવું માણસ આવનાર હોય તેમ બાલરૂમના મુખીઅ દરવાજા ઉપર તે પારસીઓ નાહનાં નાહનાં ટોલાં થઈને ઉભા રહયા હતા. આ હીલચાલથી ઈંગરેજોનું પણ ધેઆન ખેંચાયું. . . . . , પણ એ મીજલસને જાજોવાર સુધી આતુરતામા રાખવામાં આવી નહી. સર જમશેદજી પોતાના બેટાઓ સાથ આ દીવાનખાનામાંથી જતા રહયા, પણ તે તરતજ પાછા આવવા સારૂં ગઆ અને હવે તેવણ પોતાની ધણીઆની સાથ આવીઆ હતા તથા તેવણની પાછલ તેવણના બેટા પોતાની બાયડીઓ અને બેટીઓ સાથ ચાલતા હતા. આ દેખાવથી હાજર રહેલા મીજલસીઓની અજાએબીનું બેઆન કરવાને બદલે તેનો ખેઆલ કરવો વધારે સેહેલછે. એક પારસી બાનુએ જાહેરમાં કરેલો તે પેહેલવેહેલોજ દેખાવ હતો. તે એકલપેટી રસમ કે જેથી પોતાના અને બીજાઓના કબીલાની અબલાઓનો ઈનસાન તરીકેનાં સુખ ભોગવવાનો હક છીણાવી લેવામાં આવતો હતો, તે રસમના ગેરઈનસાફ વીશે સર જમશેદજીનાં મગજમાં લાંબી મુદતનો શક હતો. તેવણે પોતાની બેટીને ઈંગરેજી કેલવણી આપવા માટે મોટો ખરચ કરીઓ હતો, અને બાલમાં પારસી બાનુઓને પોતાથી જુદા એતેકાદવાલા મરદોની મીજલસમા આમેજ કરવાથી પદવી અથવા ધરમનું ડુબાડુબ થવાના બેવકુફી ભરેલા વેહેમ વીશે તેવણને કેવો ધીકાર હતો તે આ બાલને વખતે તથા તીઆરપછે દેખાડી આપવાનો તેવણે પકો ઠેરાવ કરયો હતો. સર જમશેદજીનાં કુટુંબે હીંદુસતાનના આવા એક સાધારણ પણ લાંબી મુદતથી ચાલતા આવેલા રેવાજને તોડયો, તે બાબે મુંબઈના પારસીઓમાં ઘણી ચરચા ચાલી હતી અને હીંદુ તથા મુસલમાન કોમોમાં તો તે એક અજાએબીજ ગણાવા લાગી હતી. કેટલાકોએ વીચારીઉં કે આ સુધરેલા પારસીની અકલ જરા કમતી થઈછે; બીજાઓ વેહેમ લાવયા કે તેવણે પોતાનો પવીતર સુદરેહ

ફુસતી તરક કરીઓછે; સંગલાઓ એકમત થાએઆ કે તેવણને ખરાબ સુજ પડેછે, અને તેઓ એવણનાં કુટુંબને માટે દઆ બતાવવા લાગા કે આવા ખરાબ મારગે તે ચાલયુંછે, પણ સર જમશેદજીએ એ પછે થોડા વખતમાં પોતાને ખરચે એક દરેમેહેર બંધાવી પોતાના જાતભાઈઓનો ગુસો નરમ પાડેઓ તથા પોતાની બુધી વીશે તેમની ધાસતી ખોટી પાડી આપી. પારસી બાનુઓને પુરતું છુટાપણું બખશવાના તેવણના સુભ દાખલાની, જેમ તેવણે ઉમેદ રાખી હતી તેમ બીજાં પારસી કુટુંબોએ નકલ કીધી નહી. પારસી બાનુઓ હજીબી પોતાનાં ઘરોમાં બંધ રેહછે, તો જોકે તેણીઓના ઘણાક ભરતારોએ મારી આગલ એ રસમની બેવકુફી કબુલ રાખીછે, અને તેઓ સાફ કબુલ કરેછે કે એ રસમથી અંજાણાઓની નજરમાં તેઓ હીંદુઓના કરતાં થોડાજ ચહડતા લાગેછે. . . . .

"હીઆં મારે જણાવવું જોઈએ કે પારસી લોકો ઘણા ભેસરાઉ અને મીલનસાર સવભાવનાછે. તેઓ ગમત અને મોજમજાહના ઘણા શોકીનછે, જેમાં ફુરસદનો વખત તેઓ ઘણી ઉલટથી ગુજારેછે અને એકબીજા તરફ તેઓ ઘણા ફુલા તથા પહરોણાગત કરનારાછે. એ બાબદમાં તેઓ અસલી ઈરાનીઓને ઘણા મલતા આવેછે અને દમામ દેખાડવા પાછલ અથવા ઘર ખટલાના હરએક બનાવની કીરીઆ પાછલ તેઓ પુશકલ નાણું ખરચેછે. તેઓ લગનને વખતે પોતાની સખાવતમાં હસવા સરખું ફુલાપણું દેખાડેછે. સેંકડોને તેઓ જમવા બોલાવેછે અને શાલો તથા બીજી કીમતી ચીજોની ભેટ સોગાદ તેઓ પોતાના દોસતોમાં ચોમેર આપેછે. કીરીઆના વખત ઉપર તરણ અઠવાડીઆં ઈઆ એક માસ સુધી ઘણાજ ઉદાઉ પાએઆ ઉપર મેજબાનીઓ જારી રાખી એક લગન કરનારે પોતાની અડધીઅરધ દોલત ખરચી નાખેલી જણાએલીછે. . . . .

"ઘરમાં સઘલું જોઈને પાછા ફરતાં અમારી ફરમાસ ઉપરથી મેહેરવાંનજીએ અમોને સર જમશેદજીનાં કુટુંબ આગલ લઈ જઈ તેઓ સાથ ઓલખાણ કરાવી આપી. એક ખાનગી ઓરડામાં દાખલ થતાં એક જઈફ બાનુ તથા તરણ જવાન બાનુઓ નીચી ખુરસીઓ ઉપર પગ વાલીને બેઠેલાં અમારા જોવામાં આવીઆં. તેઓ કાંઈ કામમાં રોકાએલાં હોએ એવું અમે જોઈઉં નહી, કેમકે પુરવ તરફની ઓરતોમાં વખત ગુજારવાનાં સાંધણોની ઘણી કોતાઈછે. તવંગર પારસીઓની ઓરતોને ઘણુંકરીને કેલવણી મલતી નથી, અને તેણીઓને અગ્નાનપણાંની ઘણી માઠી હાલતમાં રાખવામાં આવેછે. તેઓની દુનીઆંદારીની સંગલી ખબર સુખીઅ કરીને વારતાઓ સાંભલવામાં અથવા દસતુરો, મોબેદો અને હેરબદોની કહેલી મુરખાઈ ભરેલી દંત કથાઓમાં આવી રેહછે. તવંગર ઘરોની ઓરતોની આવી માઠી હાલતમાંથી સર જમશેદજીનું કુટુંબ ખચીત બાતલછે, કેમકે તેવણે પોતાના દીકરાઓ અને દીકરીઓ બેહુને સારી કેલવણી

આપીછે. 'બરાં બાઇ' અથવા આ જઈફ બાનુએ ઘણી ખુશી બતાવી કે અમારામાંનું એક જણ (એક લેડી) છુટથી તેઓ સાથ હીંદુસતાંનીમા વાત કરવાને શકતીવાન હતી. એ બાઇએ કીરમજી સારી પેહરેલી હતી, જે તેવણનાં સર ઉપર ઘણી મરોરથી બીરાજતી હતી અને બે નાહના હાથ જેનાં આંગલાં સુંદર વીટીથી ભરેલાં હતાં, તે સીવાએ તેવણનું સંગલું બદન આ સારીની ઘરી તલે ઢંકાએલું હતું."

સર જમશેદજી જીજીભાઈ તરીજા બારોનેટને મુંબઈની જરતોસતી અંજુમનના વડા અકાબર ઠેરવવા સારૂં ભરાએલી જરતોસતીઓની જાહેર સભા મધે કરેલું ભાશાણ.

(આ ભાશાણ તા૦ ૨૯ મી જુલાઈ ૧૮૭૭ ને દીને ઉપલી સભા મધે મેં કરીઉં હતું.)

આપણી કોમને લગતાં સરકાર વેહવારી તથા બીજાં જાહેર કામો જે આજ થોડાંજ વરશનાં દરમેઆનમાં બનીઆંછે, તે કામો ઊપર જે કોઈ સાહેબોએ સારીપેઠે ધેઆન આપીઉં હશે તેઓની ખાતરી થાએઆ વનાં રેહશે નહી, કે આપણી કોમને માથે અખતીઆર ધરાવનાર અથવા વગર અખતીઆરવાલો એક મુખીઅ અથવા આગેવાન ગહરસથની જરૂરછે, કે જેહેની મારફતે આપણી કોમને લગતાં સરકાર વેહવારી તથા બીજાં જાહેર કાંમો તથા તે કામો સંબંધી સંધેશા ચાલી શકે. હેવા આગેવાન અથવા મુખીઅ ગહરસથની જરૂરીઆત અતીઆર તુલીક મર હુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ અને તેવણની પછી તેવ ણના પુતર બીજા બારોનેટથી સચવાઈ હતી, અને એ છેલ્લા જણાવેલા સાહેબનાં મરણ પછી એ જગો પુરવાની ફરજ આપણા ટોલાને માથે હમણાં આવી પડીછે. એ જગો કોણ સાહેબથી પુરવી તે કામ આએ જાહેર સભાનુંછે. એ જગો ઊપર તરીજા બારોનેટ સાહેબ સર જમશે

દજી જીજીભાઈને નેમવાનો જે દરખાસત પતર આપણી અંજુમનનાં ધરમખાતાંનાં ફંડના ટરસટી સાહેબોની ઊપર મોકલવામાં આવીઓ હતો, અને જેહની માંગણી ઊપરથી તમો આ જગોએ ભેગા મલીઆ છેઓ, તે દરખાસત પતર ઊભું કરનારાઓએ હેવું ધારીઊંછે, કે જેમ આપણે એક રૂપીઆના શોલ ભાગ અથવા આના કરીએછે તે પરમાણે અગરજો અતરેની જરતોસતી વસતીના ભાગ કરીને તેઓને આપણે સવાલ કરીએ કે મરહુમ પેહલા તથા બીજા સર જમશેદજી જીજીભાઈની જગો ઊપર આપણી કોમના આગેવાંન આપણે કોણને કરીએ, તો શોલ ભાગ મધેથી પંદર ભાગ જેટલા જરતોસતીઓ એ જગો ઊપર તરીજા સર જમશેદજીને બાહાલ રાખવાની પોતાની ખુશી બતલાવશે. (આએ વેલાએ સભા મધેથી કેટલાએક જણે કહેઊં કે પંદર આના નહી પણ પોણાશોલ આના કેહવો સાહેબ) એવા વીચારથી એ દરખાસત પતર ઊભું થાઈઊંછે. એ વીચાર અગર ભુલ ભરેલો હોએ તો તે સુધારવાનો તમો સાહેબોને અખતીઆરછે. એ દરખાસત પતર ઊભું કરનારાઓએ બીજું હેવું ધારીઊંછે કે સર જમશેદજી જીજીભાઈ ગેહલા અને બીજા બારોનેટ જેમ આલમની તરફથી ખાસ નેમનુક થાએઆ વગર આપણી કોમની આગેવાંનીનો ઓધો ચલાવતા હતા, તેહવે ભરૂશે જો તરીજા બારોનેટ સર જમશેદજીની પદવી પણ ચાલુ રાખવી તો, તે વાતથી આપણી કોમના હકમાં નુકસાંન થાએઆ વના રેહેનાર નથી. તેહેનો શબબ એ છે કે, આપણી કોમના લોકોના મોહોટા ભાગની ખુશી પર માંણે આજની સભા મધે જાહેરમાં થાએલી પસંદગીનાં કઊવતથી એ ગહરસથને તેવણના પીતાની જગો ઊપર અગર આપણે નેમીએ નહી તો, આપણા ટોલામાં જુજ મુદતમાં નાપસંદ દેખાવો આપણી નજરે પડેઆ વના રેહે નહી. જુદા જુદા સાહેબો પોતપોતાને સરવેથી ચહડતા આગેવાન સમજે, કોમનું વડાપણું લેવાને એકથી વધારે સાહેબો એક બીજા ઊપર ચહડાવો અથવા તલબ કરે, અને કોમનું હરએક કામ હાર પાડવા તથા તે સંબંધી કાગજ પતરોનો વેહવાર તથા સંધેશો કોણની

મારફતે ચલાવવાની ફરજછે તે બરોબર રીતે કોઈને માલમ પડે નહી. સારા પરસંગે ઘણા જણા આગેવાન થવા નીકલે, અને મુશકેલીઅતની વખતે હેવી આગેવાંનીની ફરજ કોણને માથે નાખવી તે સોધી કાહડવું આપણ સરવેને બીકટ થાએ. એ સરવે વીચાર ઊપરથી જે દરખાસત પતરની રૂએ તમો સાહેબો અતરે ભેગા મલીઆ છેઓ તે પતર મધે કોમનો એક વડો ઠેરવવા સંબંધી માંગણી કરવામાં આવીછે. એ પતર ઊભું કરનારાઓએ ધારીઊંછે કે, મરહુમ બીજા બારોનેટ સાહેબની જગો ઊપર કોમનાં કામકાજને સારૂં એક આગેવાંનની જરૂરછે, અને તે આગેવાંની અગર સર જમશેદજીનાંજ કુટુંબમાં રાખેઆમાં આવશે, અને તેવણની ગાદીના વારશનેજ તે આપેઆમાં આવશે, તો જરતોસતી કોમના મોહોટા ભાગને તેહેવો ઠેરાવ પસંદ પડશે. એ વીચાર ખરોછે કે નહી તે નકી કરાવાનો અખતીઆર મેં આગલ જેમ કહીઊંછે તેમ, તમો સાહેબોના હાથમાંછે. હવે એ વડાપણું શી પરકારનું આપવું તે વીશે આપણે વીચાર કરવોછે, અને હું જોવાથી ખુશી છેઊં કે ગીઆં બે શતવાડીઆંની મુદતમાં આપણા ટોલાના લોકોની ચંચલાઈને જેબ મલે હેવી રીતે એ બાબદસર આપણાં લોકો વચ્ચે ચરચા થઈછે. આપણી આજની સભાનાં કામની વીરૂધ આવેલો પતર તમો સાહેબોની હજુર જે વાંચવા દેવાને તમોએ ના પાડીછે, તે મધે લખેઆ પરમાણે "એકજ ગહરસથને કસાબી કાબુ કે હદ વગરની સતા" આપવાનો ખેઆલ જોકે કધીબી કરવામાં આવીઓ નથી, તોપણ હેવો સવાલ જે એક કરતાં વધારે જગોએથી અને સારી નેમથી ઊઠેઓછે કે સર જમશેદજીને આપણે શું સરતોથી વડાપણું આપીએ, તે વાત ઊપરથી આપણા ટોલાના લોકોની પોતાનો લાભ સંભાલવાની સંતોશકારક આતુરતા દેખાઈ આવેછે. તમારી નજદીક જે ઠેરાવ હમણાં રજુ કરેલોછે, અને જે ઠેરાવ આપણી અંજુમનનાં ધરમખાતાંના ટરસટી સાહેબોની પસંદગીથી ઘડી કાહાડેઓછે, તે ઠેરાવ એ આતુરતા સંબંધી જોઈતો ખોલાસો પોતાની મેલે કરેછે. એ ઠેરાવમાં લખેલુંછે કે:—

"મરહુમ બીજા બારોનેટ સાહેબ સર જમશેદજી જીજીભાઈ "પોતાના વખતમાં આપણી અંજુમનનાં ધરમનાં ફંડના ટરસટી સાહેબો, "તથા અકાબરો, તથા બીજા આગેવાનોને પોતાની સાથે લઈને મુંબ "ઈની જરતોસતી અંજુમનને લગતાં કામકાજ જે પરમાંણે ચલાવતા "હતા તેજ પરમાંણે તેવણના પુતર સર જમશેદજી જીજીભાઈ તરીજા "બારોનેટે હવેપછી કામકાજ ચલાવવું."

એ ઠેરાવ મધેથી જે શબદો તમારી નજદીક મેં હમણાં વાંચી સંભલાવીઆછે તે બતલાવી આપેછે કે સર જમશેદજીને કોઈબી રીતે આપખુદીને મદદ કરનારી અથવા હધ વગરની સતા આપવાનો વીચાર રાખેઆમાં આવીઓ નથી. તેવણ કોમનું પરમુખપણું બેશક ભોગવશે, પણ કોમના અકાબરો તથા આગેવાનોની અને તેમાં અગત કરીને આપણી અંજુમનનાં ફંડના ટરસટી સાહેબોની મસલહત વગર તેવણ કોઈબી કામ કરી શકશે નહી. હેવી રીતે એ ઠેરાવ મધે સંભાલ રાખ વામાં આવીઓછે. તમો સાહેબોને માહારાં ભાશાણની શરૂઆતમાં મેં જે રીતે કહી સંભલાવીશ તેમ જો કે આ દરખાસત કરેલો ઠેરાવ સર જમશેદજી જીજીભાઈનાં નામ તથા કુટુંબને માન આપનારોછે, તોપણ એ ઠેરાવ આપણી કોમના ફાએદા તથા સગવડ સંગાથે વધારે નીશબત રાખેછે, અને મહને ઊમેદછે કે આએ સભાની એકમત મનજુરીઅતથી તે ખુશી સાથે પસાર કરવામાં આવશે.

શેઠ નવરોજજી ફરદુનજી.*

શેઠ નવરોજજી ફરદુનજી આપણા ટોલાના લોકોમાં પરખેઆ તછે, તેવણ ૨૯ વરશ તુલીક સરકારની ઈમાનદારીથી ચાકરી કરી હમણાં પેનશન લઈને ઈંગલંડ જાએછે. હરકોઈ સરકારી અમલદારે પોતાનો ઓધો ઈમાનદારીથી અને લાએકી ભરેલી રીતે બજાવવો એ ગુણ તારીફ કરવાજોગછે, અને ફકત હેવાજ ગુણોને ખાતર ઘણા જણાઓને માન પતરો અને તે સવાએ બીજો વધારે પકો બદલો મલેલોછે. પણ મી૦ નવરોજજીના ગુણ એ કરતાં જુદી તરેહના અને આપણી ઊપર વધારે દાવો રાખનારાછે. તેવણે આજ લગભગ ૨૫ વરશ થાએઆં વગર સવારથે, વગર નફે, ઘણી વખતે વગર જશે, પોતાની તંદરોસતી ખોઈને, અને પઈસાનો લાભ મેલી દઈને, પરજાની સેવા બજાવીછે. તે ગહરસ થનો ઊપકાર માનવાનો હમણાં વખત આવેઓછે. તે ઊપકાર આપણે નહી માનીએ, તેહનો કાંઇબી બદલો બનતાં સુધી નહી વાલીએ, તો બેઈ માનીનો ઠપકો આપણી ઊપર લાગુ થાએ. જાહેર કામોમાં મહને પોતાને શેઠ નવરોજજી ફરદુનજીની સંગાથે કેટલીએક બાબદોમાં સંબંધ રહે આથી, અને તે સંબંધને લીધે મીતરાચારી હોવાથી, અગર આજની સભામાં જે ભાગ હું લેનાર છેઊં તેમ નહી લેતે તો માહારા વીચાર મુજબ તે બેહતર થતે. મેં તેમ માંગીઊં હતું, પણ એ કામના બીજા આગે વાન સાહેબોનો હેવો વીચારછે કે જેહને વધુ સંબંધ હોએ તે વધારે જાણીતોછે, અને તેટલા માટે આજના જેહેવી સભામાં નજદીકની શામે

---

* શેઠ નવરોજજી ફરદુનજીએ પોતાની જીંદગાનીનો સરવેથી સરશ ભાગ રોકીને આ દેશના વતનીઓના અને તેમાં અગત કરીને પારસીઓના, લાભ સંબંધી પરઉપકારપણે અને બેગરજ રીતે ઘણાંએક કામો કરીને જે ઘણી કીમતી સેવા બજાવી હતી, તેહના ઉપકારનો બદલો લાએક રીતે મનજુર રાખવાને સારૂં એક સભા શેઠ ફરામજી નોશરવાંનજી પટેલના બંગલામાં તા૦ ૭ મી મેએ ૧૮૬૪ ને દીને શેઠ હીરજીભાઈ હોરમજજી શેઠનાનાં પરમુખપણાં તલે ભેગી મલી હતી, તે સભાની હજુર આએ ભાશાણ મેં કહી સંભલાવીઉં હતું.

લગીરી બતલાવવાની તેહેની વધુ ફરજછે. તે સાહેબોના એ વીચારને મેં માન આપીઊંછે.

મુંબઈ સવસથાનમાં સરકારી ઈંગરેજી કેલવણી ખાતું ઊભું થાએઆ પછી જે ચેઆર દેશી જુવાન પુરસોએ પેહલવેહલી "સકાલરશીપ" મેલવી હતી તેમાં મી૦ નવરોજજી ફરદુનજીનું નામ જોવામાં આવેછે. સરકારી કેલવણી ખાતાંમાં સકાલરશીપ મેલવી તો તે ઊપરથી હરએક પુરસને કેલવણી પાંમેલો પીછાંણવો, અગર હેવું હોએ તો મી૦ નવરોજજી ફરદુનજી અને તેવણના તે વખતના શોબતી મી૦ નવરોજજી દોરાબજી ગાએ એ બંધેને પારસીઓની વસતીમાં પેહલવેહલા કેલવણી પાંમેલા પુરસો સમજવા જોઈએછે. મી૦ નવરોજજી ફરદુનજીએ ઈશવી સને ૧૮૩૨ નાં વરશમાં એ સકાલરશીપ મેલવી હતી, અને સને ૧૮૩૫ માં સરકારી કેલવણી ખાતાંની ચાકરીમાં તેવણ દાખલ થાએઆ હતા. એ ખાતાંમાં પાછલથી તેવણને 'આસીસટંટ પરોફેસર' નો ઓધો મલીઓ હતો. તેવણ સને ૧૮૩૭—૩૮ માં કાબુલની દરબાર ખાતે ઈંગરેજ સરકારના એલચી સર એલેકજાનડર બરનસની સંગાથે ગએઆ હતા. મી૦ નવરોજજીની આફઘાનીસતાંન અને હીંદુસથાંનના વાવીઅખુણાં તરફની મુસાફરીની હકીકત અતરેનાં એક ચોપાંનીઆં મધે છપાઈ હતી, તે કેટલાએક સાહેબોને કદાપી ઈઆદ હશે. હું નાધપણમાં મી૦ નવરોજજીનું "વીદીઆ સાગર" ચોપાનીઊં ઘણી હોંસથી વાંચતો હતો, તે મહને સારીપઠે ઈઆદછે. એ ચોપાનીઊં શેઠ નવરોજજીએ કાબુલથી પાછા આવીઆ પછી ઈ૦ સ૦ ૧૮૪૦ નાં વરશમાં પરવરતાવવાનું શરૂ કીધું હતું. ગુજરાતી જુબાનમાં વીદીઆ અને હુનર સંબંધી માહવારી ચોપાનીઆં આગલ પરગટ થાતાંતાં નહી. એ કારણસર મી૦ નવરોજજીનું "વીદીઆ સાગર" ચોપાનીઊં પેહલવેહલુંજ નીકલીઊં હતું. એ ચોપાનીઊં નીકલીઆ પછી થોડી મુદતે એક મુસલમાને અતરેના કેટલાએક જરતોસતી શેઠીઆઓને હેવા ભમાવેઆ હતા કે ચીનાઈ તારતરી મધે

ખતાઊ ખોતન નામનાં શેહરમાં જરતોસતીઓનો ટોલો વસેછે, અને જરતોસતીઓની પાદશાહી ચાલુછે. એ શખસની મરજી હેવે ખાંહાંને જરતોસતી શેઠીઆઓ પાસેથી નાણું કહડાવવાની હતી. મી૦ નવરોજજીએ પોતાનાં ચોપાનીઆંની મારફતે તે શખસનાં બોલવા ઊપર ભરોશો નહી રાખવાની પોતાના જાતભાઈઓને ભલામણ કીધી હતી, એટલુંજ નહી, પણ સર એલેકજાનડર બરનસની ઊપર કાબુલ ખાતે એક કાગજ લખીનેં તેહનો જવાબ મંગાવીને ખાતરી કરી આપી હતી કે તે મુસલમાને જરતોસતીઓને ઠગવાની પેરવી સવાએ બીજું કાંઈ કીધુંતું નહી. સર એલેકજાનડર બરનસનો એ જવાબ વીદીઆ સાગર ચોપાનીઆંમાં છપાએલોછે, અને મી૦ નવરોજજી ફરદુનજીનાં પરજા ઊપીઓગી કામોનું મંડાણ આપણે "વીદીઆ સાગર" ચોપાનીઆંથી શરૂ થએલું ગણીએ તો તે ગેરવાજબી કેહેવાશે નહી.

"વીદીઆ સાગર" ચોપાનીઆં પછી મી૦ નવરોજજી ફરદુનજીને આપણે જામે જમશેદ પતરના અધીપતી તરીકે જાહેર કામોમાં ભાગ લેતા જોઈએછે. એ પતર કસી ગણતરીમાં હતું નહી, તેહેને મી૦ નવરોજજી પોતાની કલમથી બોજદાર હાલત ઊપર લાવીઆ હતા, અને એજ પતર સંગાથેના સંબંધની વખતે મી૦ નવરોજજીએ પારસીઓની તરફથી ધરમ સંબંધી તકરારોમાં એક અગતનો અને કીમતી ભાગ લીધો હતો. ઈશવી સને ૧૮૪૦ માં અને તે પછી કેટલાંએક વરશ તુલીક મુંબઈના પારસીઓની તરફથી જરતોસતી મજહબની તરફેણમાં અને ઈશાઈ ધરમની વીરૂધમાં જે જઘડા ભરેલી તકરારો ચાલી હતી, તેમાં શેઠ ડોશાભાઈ મુનશીની તાલીમે જરતોસતી, ઈઆ એરવદ અસપંદીઆરજીની હાદીએ ગોમરેહાન, ઈઆ નશરવાંનજી દુરબીનની નેરંગે કલમ કશ, અને એ વગરે બીજી ચોપડીઓ તથા ચોપાનીઆંઓમાં મી૦ નવરોજજી ફરદુનજીનાં રાહનુમાએ જરતોસતી નામનાં ચોપાનીઆં તથા "ડીશકશન આન ધી કરીશચીઅન રીલીજીઅન" નામની ચોપડીની બરોબરી કોઈ કરી શકીઊં નથી. આજ હેવી તકરારો કરવાને જરતોસતી

કોમ મધેથી ઘણા શકતીવાલા શખસો નીકલી આવશે, પણ હું માનુંછું કે તે વખતમાં અગરજો મી૦ નવરોજજી ફરદુનજી મરહુમ દસતુર એદલજી દારાબજી સંજાંણાની સાહેતા લઈને, જરતોસતી ધરમની તરફેણમાં તકરાર કરવાને બાહેર નહી પડતે તો તે વખતમાં જેમ માતરે બે પારસીના છોકરાઓ પોતાનો બાપીકો ધરમ મુકીને કરીશટીઆન થાએઆ હતા, તેઓની પછવાડે બીજા ૨૦૦ છોકરાઓ પુઠ પકડતે.

જરતોસતી મજહબની તરફેણમાં અને ઈશાઇ મજહબની વીરૂધમાં મી૦ નવરોજજી ફરદુનજીએ ઘણી ચંચલાઈ તથા હોશીઆરીથી તકરાર ચલાવી હતી, તે ઊપરાંત જરતોસતીઓ વચ્ચેની પોતપોતામાં અપસઅપસની એક કરતાં વધારે તકરારોમાં તેવણે ભાગ લીધો હતો, તે તકરારોથી જરતોસતીઓને અગરજો કાંઈ બીજો ફાએદો થાએઓ નહી હોએ તો આ ફાએદો ખચીત થાએઓ હતો, કે તેથી તેઓને આમણસાંમણની તકરારો વાંચવા અને તેથી પોતાનું જેહન તેજ કરવાની જોગવાઈ મલી હતી. પારસીઓની કબીસાની તકરાર વીશે મેં સાંભલીઊંછે કે તેહની આગમજ પારસીઓમાં વરતમાંન પતરો વાંચવાનો શોખ હતો નહી, પણ એ તકરાર નીકલીઆ પછી વરતમાન પતરો વાંચવાની તેઓમાં ઊલટ પેદા થાઈ હતી. હેવી ઊલટમાં મી૦ નવરોજજી ફરદુનજીએ ધરમ સંબંધી તકરારોથી વધારો કરેઓ હતો તેમાં શક નથી. એજ અરસામાં સઊથી પેહલી ગુજરાતી અને ઈંગરેજી ડીકશનરી બાહેર પડી હતી તે મી૦ નવરોજજીએ કાહાડી હતી.

એ પછી મી૦ નવરોજજી ફરદુનજીને ઈશવી સને ૧૮૫૧ માં રાહાનુમાએ માજદીઅસના સભા ઊભી કરવામાં એક મુખીઅ આગેવાન તરીકે આપણે જોઈએછે. ધરમ સંબંધી તકરારોની સોધો કરતાં તેવણની ખાતરી થાઈ હતી કે જરતોસતીઓની ધરમ સંબંધી કીરીઆઓમાં અને ઘેર સંસારમાં ઘણીએક નુકસાંન ભરેલી અને શરમ પોંહોંચાડનારી જુદદીનની રસમો દાખલ થાઈછે. તે રસમોથી પોતાના જાતભાઈઓને જુદા કરવા, અને જેઓ તેહવી રસમોને વલગી રહીને

પોતાના પેગમબરના કલામને એબ લગાડેછે તેઓની રાહાનુમાઈ સારૂં તેવણે એ સભા ઊભી કરી હતી. એ સભાનાં કામોથી જરતોસતીઓ અંજાણ નથી. જે પારસીઓ વંઊશ પરમપરાથી દરીઆમાં ફુલ અને નારીએલ નાખતા આવીઆ હતા તેઓએ જારે હેવું સાંભલીઊં કે એ રસમ જરતોસતી મજહબની સરીએતથી ઊલટીછે તારે તેઓના કાનને એ વાત ઘણી અચરત સરીખી લાગી હતી, અને હેવું બોલનારાઓ ઊપર તેઓને ઘણો ગોસો ઊપજીઓ હતો. આતશબેહરામમાં પોલીનું ફુલાઈ ચહડાવવું તે બેહુંદું છે, અને ફરવરદેગાનના દાહાડા ઊપર બેહડાં શીશાનો આકાર કરીને તેહને નમવું એ જરતોસતી મજહબ પાલનારને લાએક નથી, હેવા વીચારો બાહેર પડીઆથી જે જુશો અને રસકસ પેદા થાએઓ હતો તે વાતથી અતરે આવેલા સાહેબો મધેથી થોડાજ જણ અંજાણ હશે. લોકોની ગાલ, કુટુંબનો કલેશ, નાવાકેફ જગની હસી, દોસતોની તરફથી મદદને ઠેકાંણે રકાસ, એ સંગલાંની તરફ ન જોતાં રાહાનુમાએ માજદીઅસના સભાના મીજલસીઓ પોતાની ભલી મતલબને હીમતથી વલગી રહેઆ હતા, તે કામની આગેવાંનીમાં મી૰ નવરોજજી ફરદુનજી સરવેથી પેહલા હતા, એ સભા ઊભી થાઈ તારથી તે હમણાં સુધી તેહના સરનશીનનો ઓધો તેવણે અતીશે મેહેનત અને લાએકી સાથે બજાવીઓછે. એ અતીશે મેહેનત બીજી મેહેનતની માફક જશ ભરેલી હતી નહી, પણ કંકાશ ભરેલી, દુખ ઊપજાવનારી, અને વગર જશની હતી, પણ તે બધું બાધુરીથી ખમીને મી૰ નવરોજજીએ પોતાની સમજ મુજબ પોતાના હમજાતીઓની તરફ પોતાની ફરજ બજાવી હતી.

રાહાનુમાએ માજદીઅસના સભાથી એક તદન જુદીજ મતલબની પરજા ઊપીઓગી સભા સાથે ઈઆને "બોમબે આંસોસીએશન" સાથે ઈશવી સને ૧૮૫૩ થી મી૰ નવરોજજીને સંબંધ થાએઓ હતો. એ સભાના સેકરેટેરી તરીકે મી૰ નવરોજજીએ દીલસોજી ભરેલી મેહેનત લીધી હતી, કે જે માફક પાછલથી એ સભા મધે આપણા જોવામાં આવીઊં નથી. એ સભા સંબંધી કામમાં મી૰ નવરોજજીએ "સીવીલ

આડમીનીસટ્રેશન આફ ઈંડીઆ" નામનું એક ઈંગરેજી ચોપાંનીઊં છપાવી પરગટ કીધું હતું. એ સભામાં હેવી કીમતી મદદ આપીઆથી મી૦ નવરોજજીએ પારસીઓના કરતાં હીંદુસથાંનની વસતીના બીજા લોકોની ઊપર વધારે ઊપકાર કીધો હતો. એ ઊપકારનો લતીજો મી૦ નવરોજજીને કેહેવો મલીઓ તે કદાપી તમારા માહેથી ઘણા જણાઓને ઈઆદ હશે. એ બીનાં હું અતરે તાજી કરતે નહી, પણ બોમબે આસો સીએશનની સંગાથે સંબંધ રાખીઆથી સતાવાલાઓની દુશમનીની મી૦ નવરોજજીએ કેહેવી તારીફ લાએક રીતે દરકાર કીધીતી નહી તે બતલાવવાને કીજે અતરે દાખલા તરીકે એ બીના જણાવવાની મહને ફરજ પડેછે. કરનલ પોપ જે મી૦ નવરોજજીને બાલપણથી પીછાંણતો હતો, અને ચાહાતો હતો, તેણે જારે ફકત મી૦ નવરોજજીના બોમબે આસોસીએશન સંગાથેના સંબંધને લીધે વીકટોરીઆ ગારડનસની કમી ટીમાં તેવણની સાથે બેશવાને ના પાડેઊં, તારે બોમબે આસોસીએશ નના બે દેશી આગેવાંનોએ મી૦ નવરોજજીનું નામ તે કમીટી મધેથી કાહાડી નાખીઊં હતું. હું જાણુંછું કે મી૦ નવરોજજીને એ વાતથી અતીશે દુખ ઊપજીઊં હતું, અને તેવી ચાલ ઊપરથી બીજા ઘણા શખસો તેવણની જગોએ હતે તો તેજ દીવસથી પરજા ઊપીઓગી કામોથી તદન હાથ ઊઠાવતે, પણ મી૦ નવરોજજીએ તેમ કીધું નહી. તેવણે દેશી પંચના આગેવાંનોની ખાંમી, અને બરોબર બોલીએ તો બેમરવતપણું જોઈઊં, પણ પરજા ઊપીઓગી કામોમાંથી પછાટ હટીઆ નહી. હું ધાસતી રાખુંછું કે હેવા દુખ ભરેલા બનાવો હવેપછી પણ આપણી સંપમાં પરઊપકારી પુરસોને ખમવા પડશે. આપણે ગમે એટલી મગરૂરી કરીએ, પણ જાહેર હીમતમાં અને ફરજ બજાવવાની આરજુમાં ઈઊરોપીઅનોની પદવીને પા હીસે પણ આપણે પોંહોંચીઆ નથી. ફર જને ખાતર દુખ અખતીઆર કરવું અને સુખ ખોવું હેવું શીખવાથી આપણે હજુ ઘણા દુર છઈએ, અને જાંહાં તુલીક આપણામાં એ હીમત નથી તાંહાં તુલીક આપણે તીરસકારને લાએક થાશું.

ઓમખે આસોસીએશન સંબંધી બનેલા ઊપર કહેલા બનાવ ઊપરથી મી૦ નવરોજજીએ દેશી પંચના આગેવાંનોની ખામી આગલનાં કરતાં વધારે મજબુતીથી જોઈ લીધી હતી, તોપણ પારસીઓના ધારા સંબંધી કામનો બોજો જે તેવણને માથે હતો તે કામ બજા લાવવામાં તેવણે પોતાનું એક કદમ પાછું હટાવીઊંતું નહી. એ ધારા સભામાં સેકરેટેરી તરીકે મેહનત, રંજ, અને કંટાલો એવણને થોડો ખમવો પડીઓ નથી તે હું માહારા અનુભવથી જાણુંછું. સઊને રાજી રાખવા અને વલી સીધું ચાલવું, એ મુશકેલ કામ એ સભાના શરનશીન શેઠ ફરાંમજી નોશરવાંનજી પટેલની સાહેતાથી તેવણે બજાવીઊં હતું. હું ભરોશાથી કહુંછું કે મી૦ નવરોજજીનાં કરતાં કોઈ ઓછો ઓસતવાર શખસ હતે તો તે એ કામમાં ટકી શકતે નહી. હું પોતા વીશે કહુંછું કે અગર મી૦ નવરોજજી માહારી સાથે હમશરીક નહી હતે તો એ સભાના સેકરેટેરી તરીકે માહારાથી ટકાઈ શકાતે નહી. મી૦ નવરોજજી ફરદુનજીની સંગલાનાં કરતાં વધારે કોશેશથી જરતોસતીઓની ધારા સભાની મેહનતનું સારૂં ફલ નીપજવાની હમણાં ઊમેદછે. લગન અને તલાક સંબંધી જરતોસતી લોકોમાં શો વરશ ઊપર ઈનસાફ નહી હતો, તે પછી પણ નહી હતો, અને આજે પણ નથી, પણ હવેપછી તે મલવાની ઊમેદછે, અને એ ધારા પારસીઓને મલીઆ તો તેહની ઊતપંતીનાં કામમાં મી૦ નવરોજજી ફરદુનજીનું નામ એક મુખીઅ આગેવાન તરીકે જોડાએલું રેહેવું જોઈએછે.

બીજું એક પરજા ઊપીઓગી કામ જેમાં મી૦ નવરોજજી ફરદુનજીએ અગતની મદદ અને આગેવાંની કીધીછે, અને જેથી પારસીની કોમ ઊપર તેવણનો ઊપકાર થાએઓછે, તે જરતોસતી છોકરીઓની નીશાલોછે. એ નીશાલોના સેકરેટેરીનો ઓધો તેવણે આજ શાત વરશ થાએઆં લાગત ચલાવીઓછે. એ નીશાલોને સારા પાએઆ ઊપર લાવવામાં, તેહની પુંજીના સંભાલનું ટરશટડીડ બનાવવામાં, તથા એ નીશાલોમાં શીખાડવાને કીજે લાએક ચોપડીઓ તઈઆર કરવામાં, મી૦

નવરોજજીએ સમપુરણ મેહેનત લીધીછે. આપણી છોકરીઓને કેલવ ણીનો મુલ તતવ શીખાડવાને સારૂં એ નીશાલો પુરતી રીતે લાએકછે તેમાં સંધે નથી, તોપણ માહરે આટલું વધુ બોલવું જોઈએછે, કે આપણા લોકોમાં છોકરીઓની નીશાલો હવેથી ચહડતે દરજજેની નીકલવી જરૂરછે. જેમ મરદને સારી કેલવણી આપીઆમાં આવેછે તેજ માફક સ્ત્રીને પણ સરખી રીતે સારી કેલવણી આપવાની અગતછે. સરખી કેલવણી વગર માટી અને બઈએર એકસરખાં મતનાં થતાં નથી, અને સરખાં મત વગર અરસપરસ સુખ નથી. માટે આપ ણામાં જેમ મરદની કેલવણી કદમ ભરેછે તેજ માફક સ્ત્રીની કેલવણી વધા રવાની અગતછે, અને મહને ઊમેદછે કે હવેપછીના કોઈ નવરોજજી ફર દુનજીથી એ કામ પણ પાર પડશે. વીદીઆનો વધારો, ધરમ સંબંધી તકરારો, રાહાનુમાએ માજદીઅસના, બોમબે આસોસીએશન, છોકરી ઓની નીશાલ, અને પારસીઓના ધારા, એટલીજ બાબદોમાં મી૦ નવ રોજજી ફરદુનજીનો ઊપકાર આપણી ઊપર નથી થાએઓ, પણ બીજાં ઘણાંએક જુદાં જુદાં કામો કરીને, (કે જેહની વીગત માતરે એક વત રોગે અતરે જણાવવાની હું જરૂર ધારતો નથી) તેથી મી૦ નવરોજજીએ પોતાના દેશીઓ ઊપર મોહોટો આભાર કીધોછે.

જે એક દાખલો હું જણાવવાની અગત જાણુંછું તે આગલાં બોમબે ટાઈમસનાં કારખાનાં સંબંધીછે. હીંદુસથાંન મધે ઈશવી સને ૧૮૫૭—૫૮ ના બલવાની વખતે એ પતરના અધીપતી ડાકટર બીઊ શટે આ દેશના વતનીઓ સંબંધી કેહેવી રીતે લખીઊં હતું તે વાત ઘણાએક સાહેબોના ધેઆંનમાં હશે. દેશીઓને નઠારૂં બોલવામાંજ નહી, પ્રણ તેઓ ઊપર સખત એલાજો લાગુ પાડવાની ભલામણ કરવામાં ડાકટર બીઊશટે કસી કસુર રાખોતી નહી. હું ભુલતો નહી હોઊં તો તેણે એક વેલાએ એવું લખીઊં હતું કે હીંદુસથાંનનો દરએક દેશી પોતાનાં હઈડાંથી ઈંગરેજ સરકારનો દુશમનછે, માટે તેઓને કતલ કર વામાં કાંઈ અણઘટતું નથી. બોમબે ટાઈમસ પતરના ઘણાખરા માલેકો

દેશી હતા તે છતાં તે પતરનો અધીપતી હેવી રીતનું લખે, અને તેહને કોઈ અટકાવે નહી, એ વાત કેટલુંએક સુધી ચાલુ રહી હતી. બોમબે ટાઈમસ પતરના કેટલાએક ખરીદદારો દેશી શેઠીઆઓ હતા, તેઓની જગોએ અગર ઈંગરેજો હતે તો એ પતર લેતું તરત બંધ કરીને પોતાની નાખુશી ઊંઘાડી રીતે જણાવતે, પણ દેશી શેઠીઆઓમાં તેહવી હીમત હતી નહી, અને અગર મી૦ નવરોજજી ફરદુનજી પોતે પણ વધારે સાવચેતી ભરેલો મારગ પકડતે તો એ શેઠીઆઓનોજ દાખલો પકડીને બલવા જેહેવા ભએ ભરેલા વખતમાં ચુપકીદી અખતીઆર કરતે. પણ તેવણે તેમ કીધું નહી. ડાકટર બીઊશટને તેહની જગો ઊપરથી કાહાડી મેલવાનો બધો જુમો મી૦ નવરોજજીએ પોતાને માથે ખેંચીઓ. એ કામના જોખમમાં, મેહનતમાં, ઠપકામાં, અને દુશમની કરવામાં, બધાંમા મી૦ નવરોજજી બાધુરી સાથે આગેવાંન હતા. ડાકટર બીઊશટને કાહાડીને મી૦ રાબરટ નાઈટને ટાઈમસના અધીપતીની જગો ઊપર મી૦ નવરોજજીએ રખાવીઓ હતો. હું હીમતથી બોલુંછું કે કોઈબી શખસ એમ નહી કહી શકશે કે અગરજો મી૦ નવરોજજી ટાઈમસનાં પંતીઆ લાંપણામાં શામેલ નહી હતે તો એ કામ સંગલું બની શકતે. ડાકટર બીઊશટને કાહાડી મુકીઆથી ઘણા ઈંગરેજો ગોસે થાએઆ હતા, તેઓએ ટાઈમસ પતર લેતું બંધ કીધું હતું, ડાકટર બીઊશટને નવું પતર કાહાડી આપીઊં હતું, અને બોમબે ટાઈમસનો ખરો અધીપતી મી૦ નવરોજજી ફરદુનજીછે, અને મી૦ નાઈટ માતરે તેનું હથીઆરછે હેવાં મી૦ નાઈટને તાણાં મારીઆં હતાં. ટાઈમસ પતર સંબંધી એ મારગ પકડીઆથી તેહના દેશી ભાગીદારોએ પોતાની ઈજતને દરજજો આપીઓ હતો, પણ એ કામનું મુખીઅ માન મી૦ નવરોજજી ફરદુનજીને ઘટેછે, કે તેવણની આગેવાંની વગર ટાઈમસના દેશી ભાગીદારોને એ મારગ પકડવાની હીમત આવતે નહી.

સાહેબો, હરકોઈ પરઊપકારી માણસ ઈનશાનનું ભલું ચાહાવા અને ભલું કરવાનું કામ પોતાને માથે લીએછે તો તે પોતાની મોરાદ

તરણ રીતે પાર પાડેછે, તેમાં ૧ લું પઈશા આપી છુટો રેહેછે, ૨ જું જાતી મેહેનત કરેછે, ૩ જું ઈનશાનનું ભલું કરવાની ફરજ સમજીને પોતાને નુકસાંન અને દુશમની હાંસલ થવા વીશે બેદરકારપણું રાખીને જાતી મેહેનત કરેછે. એ તરણે રીતમાં સઊથી વધારે તારીફ લાએક રીત છેલ્લીછે. રાહાનુમાએ માજદીઅસના, બોમબે આસોસીએશન, અને ડાકટર બીઊશટ સંગાથેનો કજીઓ, એ તરણે બાબદોમાં દુશમની, નુકસાંની, અને હસીની દરકાર ન કરતે મી૦ નવરોજજીએ પોતાની ફરજ બજાવી હતી. અગરજો એ તરણ સવાએ બીજાં કોઈ સારાં કામો મી૦ નવરોજજીએ નહી કીધાં હતે તોપણ એ તરણ કામોનેજ ખાતર તેવણનો આપણી ઊપરનો દાવો ઘણો મજબુતછે. હું મોટી ખુશીથી હમણાં વંચાએલી દરખાસતને ટેકો આપુંછું કે "શેઠ નવરોજજી ફરદુનજીએ "આજ ૨૫ વરશની લાંબી મુદતમાં પોતાની જીંદગાંનીનો સરવેથી "સરશ ભાગ રોકીને આ દેશના વતનીઓના, અને તેમાં અગત કરીને "પારસીઓના, લાભ સંબંધી જે પરઊપકારપણાંથી અને બેગરજ રીતે "કામો કીધાંછે, તે આ સભા મંજુર રાખેછે, અને તેઊપકારનો લાએક "રીતે બદલો વાલવાની સંગલા દેશીઓની ફરજ સમજેછે."*

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી મેએ ૧૮૬૪.]

---

* શેઠ નવરોજજી ફરદુનજીનાં પરજા ઊપીઓગી કામોની આએ નોધ સને ૧૮૬૪ નાં વરશ સુધીનીછે, પણ તે પછી દેશીઓ તરફની તેવણની બેગરજ સેવા ચાલુ રહેલીછે. ઇંગલંડ દેશમાં એ તરણ વરશ રહી આવીઆ બાદ પાછા પોતાને વતન આવીને મુંબઇનો મીઊનીસીપલ ખાતાંનો કારોબાર જે અતીશે લખલુટ ચાલતો હતો, અને બેદાદ હાલતમાં હતો, તેહને રસતાસર લાવવાનું માન શેઠ નવરોજજી ફરદુનજીને ઘટેછે. વલી મુંબઈના છાપો ભરનારા લોકોનો હક તથા પરજામત એ ખાતાંનો કારોબાર ચલાવવામાં સરકારે મંજુર રાખીને મુંબઈનાં "મીઊનીસીપલ કારપોરેશન" ની સભા ઊભી કીધીછે, તે સભા ઊભી કરવાની સરકારને ફરજ પાડવા વીશેની આગેવાંનીનો જશ પણ ઘણે દરજજે આ સવતંતર અને પરોપકારી ગહરસથને પોંહોંચેછે.

સર ચારલસ ફારબસ.

તા૦ ૨૪ મી નવેમબર ૧૮૪૯ ના ઈંગલંડથી આવેલા મેલ સાથે હીંદુસથાંનના વતનીઓના મીતર સર ચારલસ ફારબસનાં મરણ પામવાની સંતાપ ભરેલી ખબર આપણને મલીછે. તા૦ ૨૦ મી નવેમબર ૧૮૪૯ અને મંગલવારને દીને રાતનાં ઘણાજ થોડા દાહાડાની માંદગી ભોગવી ૭૬ વરશની ઊમરમાં એ ખુબીવંતો શખસ આ તરણ પાંચ દાહાડાની દુનીઆંથી કુચ કરી ગએઓછે, અને પોતાનો ભલો આતમા પોતાનાં કીરતારને સોંપેઓછે. આએ માઠા બનાવથી હીંદુસથાંનની ઈંગરેજી રઈઅતનો એક નામીચો અને ખરો હીમાએતી ગુમ થાએઓછે, અને ઈસટ ઈંડીઆ કંપનીનો સને ૧૮૫૪ માં પાદશાહી પટો ફેરવતી વખતે આએ દેશનાં વતનીઓનો હક અને આપઅખતીઆરી વધારવાને ઊદીઓગ કરનારાઓનો ગોએઆ જમનો હાથ જોખમાએઓછે.

સર ચારલસ ફારબસ કોણ હતો તે વીશે શું હમારા દેશીઓને હમારે ખબર કરવાની જરૂરછે? નહી, એ નેકનામનું નામ છુપું નથી, અને હેની ખુબીની તારીફ ઘંકાએલી નથી. સર ચારલસ ફારબસ અથવા "મોહાટો ફારબસ" હેવે નામે સઊ કોઈ આબરૂથી બોલેછે. આપણી ઓરતો અને આપણાં બચાંઓ ફારબસનું નામ અને ઈઆદગારી ભુલતાં નથી. તા૦ ૩ જી જાનેવારીને દીને આપણા ખેરખાનાં મરણ પાંમવાની ખબર અતરે આવી પોંહોંચી તે દીવસ જાણીતા પારસીઓનાં કુટુંબો વચ્ચે જે શખસોએ આએ દુખ ભરેલી ખબર કહી સંભલાવી, અને તે વીશેની અસર અને સર ચારલસની મોહોટાઈ વીશેની જે વાત ઓરત અને બચાંઓ એકબીજામાં કરવા લાગાં, અને પોતાની દલગીરી જણાવી તેહેવે મોહાતથી મરણ પાંમવાની કોણ નહી ઈછા રાખશે? ઈરાનનો શાહ, ઈસટંમબોલનો સુલતાન, અથવા રૂશીઆનો શેહનશાહ

જેહેવા મોતેબર શખસોને કાંઈ પણ બનાવ બને તો હમારા ગાંમઠી ભાઈબંધોનાં કુટુંબ કધી દરકાર કરનાર નહી, પણ સર ચારલસ આપણો માઆલુ મીતર સરવે કોઈને જાંણીતો હતો.

ચારલસ ફારબસ ઈશવી સને ૧૭૭૩ નાં વરશમાં જનમેઓ હતો. તેના બાપનું નામ રેવરેંડ જારજ ફારબસ કરી હતું, અને તે લીઓલાખેલ નામની એક જગાનો પાદરી હતો, તથા ઈનવરેરી પરગણાંનાં ગારડંન ઈશટીઊઅર નામના એક નામીચા શખસની છોકરી સાથે તેહેને લગણ કીધાં હતાં, તેની પીઠથી ચારલસે પોતાનો જનમ લીધો.* ચારલસ ફારબ સને તેહેનાં બચપણમાંથી તેહેના કાકા મી૦ જાન ફારબસનાં અખતીઆરમાં આપેઓ હતો. એ ધણી હીંદુસથાંન ખાતે મોહોટો વેપાર ચલાવતો હતો, અને અતરેની ફારબસની કંપનીની નામીચી પેહેડી† તથા લંડનવાલા સમીથ રીકારડસની કંપની સંગાથે સંબંધ રાખતો હતો. મી૦ ચારલસ ફારબસ પોતાના કાકાના હાથ હેઠલ વેપારનાં કામમાં માહીતગાર થાએઓ અને અગત કરીને હીંદુસથાન ખાતેના વેપારમાં ઘણું કરીને પોતાનું ધેઆંન આપેઊં, તથા વીશ વરશની ઊમરે નહી પોંહોંચેઓ એટલાંમાં ફારબસની કંપનીનાં એક પંતીઆલા દાખલ મી૦ ચારલસ ફારબસ મુંબઈ આવી પોંહોંચેઓ. મુંબઈ મધે ગાંમઠીઓના પેઆરમો લપેટાઈ સદાકાલની નામદારીનું તેણે બીજ વાવેઊં અને આલમનો હેઠીલો થાઈ પડેઓ. સને ૧૮૦૦ નાં વરશમાં મધરાજનાં લશકર ખાતાંના મેજર જાંન કાટગરેવની છોકરી સંગાથે મી૦ ચારલસ ફારબસે પોતાનાં લગણ કીધાં, એ લેડી હાલ જીવતીછે, પણ હમારા સાંભલેઆ મુજબ સંસારની રીત પરમાંણે આજ તુલીક સર ચારલસ પોતાનાં કુટુંબથી સુખી હતો નહી. ખેર, પાંચ આંગલી હમેશાં સરખી આવતી

---

* સર ચારલસ ફારબસ પીટશલીગોવાલા લારડ ફારબસની પુનીઆદથી ઉતરી આવેઓ હતો એ બાબદ સને ૧૮૩૩ નાં વરશમાં આબરદીન શેહેરમાં એક સભાની નજદીક પુરવાર થાઈ હતી.

† આએ પુરાની અને નામીચી પેહેડી મુંબઈ મધે આસરે એક સદીની હઈઆતી ભોગવીને ગએઆં વરશ (સને ૧૮૭૯) થી બંધ થાઈ હતી.

નથી, સર ચારલસને કુટુંબથી સુખ નહી હતું તો તેની સખાવતથી આલમનો પેઆર અને અપખશપાતીપણાંથી મોહોટી આબરૂ તેની વતી એક સારો બદલો હતો.

મી૦ ચારલસ ફારબસ સને ૧૮૦૯ નાં વરશમાં અતરેની ફારબસની કંપનીનો વડો પંતીઆલો થાએઓ, અને તે આબરૂ ભરેલી જગા પોતે મરણ પાંમેઓ તાંહાંસુધી જાલવી રાખી. મુંબઈના ગાંમઠીઓનો એ ધણી એક ખાસ મીતર થાઈ પડેઓ, તેઓની ચાલ અને રસમથી જાંણીતો થાએઓ, તેઓની હોશીઆરી અને એકીનપણાંથી માહીતગાર થાએઓ, તેઓનાં ધુંધીપણાં અને ઊદીઓગને આસરો આપેઓ, તેઓના ફાએદાનાં કામમો ગુંતેલો રહેઓ, અને બીજાં અનેક પરકારનાં સારાં કામો કીધાં કે જેથી એ ધણીની ઈઆદગારો જાવેદાંન સુધી રહી જાશે. વેપારનાં કામમાં ટુક ઊમરથી મી૦ ફારબસ ઘણોજ શેઆંણો અને પુરવીન હતો. સને ૧૮૧૭ નાં વરશમાં ફારબસની કંપનીએ પોતાની પેહડીને કીજે કલકતામાં આડતીઆ મુકરર કીધા તે વખતના પોતાના આડતીઆઓ* ઊપર મી૦ ચારલસ ફારબસની લખેલી નશીહતોનો એક કાગજ આએ બાબદ લખતી વેલાએ હાલ માહારી સાંમણે પડેલોછે, તે મધેથી થોડીએક નશીહતો હમો હેઠલ ઊતારી લઈજીએછે. મી૦ ચારલસ ફારબસ પોતાના આડતીઆઓને લખેછે—

"તમુને જાંણવું જોઈએ જે તમારી આએપત અને કમાઈ ઊપર
"હમેશાં સારી રીતે નેઘા રાખવી તથા તેને ચંચલાઈથી સંભાલવાની
"મોહોટી જરૂરછે. તમારા પોતાના અંગત ખરચ તથા તમારી પેહડીનો
"તથા બીજો ખરચ માવજતથી તથા કસરથી કરવો. તમુને સાદાઈથી ફરવું
"ઘટારટછે. બીજું આગલા વખતની એક અછી કેહેવાતછે તેતમોને હમેશાં
"ઈઆદ રાખવી જે, પઈશાને સંભાલજો અને જો પઈશા સંભાલશો તો
"(તેના રૂપીઆ થાશે અને) રૂપીઆ પોતાની મેલે પોતાનો સંભાલ કરશે."

---

* તેઓનાં નામ—મી૦ ટામસ હટન, મી૦ ટામસ આલપોરટ, અને શેઠ નવરોજજી શેરાબજી ઊમરીગર (બંગાલી).

" તમારે દરએકને પોતાને હીસાબે અંગત ખાતે દેવું કરવું નહી,
" અથવા નાણાં ધીરવાં નહી, અથવા કોઈના જાંમીન થાવું નહી."

" બંગાલ દેશની જમીન ફલવાંનછે, અને મજુરી સસતીછે વાસતે
" ઈઊરોપ ખાતે જનાર માલ સારી રીતે મલી આવશે, વાસતે જે કોઈ
" સંભાલીને ધંધો કરે તેહને મોહોટો નફો થાએઆ વના રેહે નહી."

" કલકતાની પેહેડીવાલાઓ વીશે કેહેછે જે તેઓ માલ વેચવા તથા
" ખરીદ કરવાનાં કામપર બરાબર ધેઆંન આપતા નથી, અને સંગલું
" પોતાના ગાંમઠી દુબાસોને સોંપેછે, તે સબબ ઊપરથી (ફ્રી ટરેડ)
" વાલાઓ ફરીઆદ કરેછે વાસતે તમો એ પરમાંણે કરશોમાં, તેમ કીધાથી
" ફાએદો નથી એમ ઊઘાડું માલમ પડેછે."

" ભલાં માણસ અને ઊદીઓગી કારીગરોને નાણાં ધીરવાં કે
" જેઓને મદદ કીધાથી તેઓનું કામ સુધરે."

ઊપલી નશીહત પરમાણે મી૦ ચારલસ ફારબસ પોતે પણ ચાલતો હતો તે પુરવાર કરવાને કાંઈ શાહદતની જરૂર નથી, સાવચેતી અને જાલવણીથી તથા પોતાને તથા બીજા શખસોને ફાએદો થાએ હવી રીતે સંભાલીને મી૦ ચારલસ ફારબસ નાણું વાપરતો હતો અને લેવડ દેવડમાં સારી અને ચોખી આંત રાખવાને સઊ કોઈને શીખામણ દેતો હતો, અને તે પરમાંણે કીધાથી વેપારમાં બરકત થાએછે અને માંન વધેછે એ વીશે પોતાના મલતીઆઓનું ધેઆંન પોંહોંચાડવાને ચુકતોતો નહી.

આજ પચાશ વરશની વાત ઊપર અતરેનાં ઈઊરોપીઆંન તથા ગાંમઠીઓ વચ્ચે એકબીજામાં મીતરાચારી તથા લેવડ દેવડની રસમ હાલનાં કરતાં ઘણીજ જુદી હતી. ગાંમઠીઓ દુબાસનો ધંધો એક મોહોટો ગણતા હતા કાંએજે તેહમાં ઘણો નફો મલતો હતો, પણ તેહનાં અવેજમાં અતરે આવજાવ કરનાર ઈઊરોપીઆંનો ગાંમઠીઓને મોહોટી આબરૂ આપતા નહી હતા, અથવા તેઓ સાથે દોસતીમાં મશગુલ રેહેતાતા નહી તથા પોતાની બરોબરીના ગણતાતા નહી. પણ મી૦ ચારલસ ફારબસ બીજા ઈઊરોપીઆંનોની માફક ચાલતો નહી હતો, અને ગાંમઠી

ઓને પોતાના મીતરો તથા ભાઈબંધ કરી ગણતો હતો. ઘણીએક વખત મી૦ શરબસ પોતાના પારસી મીતર શેઠ હોરમજજી બહમનજી વાડીઆ વીશે "હમારો દોસત" અથવા હમારો "માન પાંમેલો દોસત" એ રીતે લખી ગએઓછે. ગાંમઠીઓની ચાલચલણ તથા વેહેવારમાં સુધરાઈ તથા ચાલાકી મી૦ શરબસે આગલથી પીછાંણી લીધી અને તે ઊપર માન આપવા અથવા આબરૂ વધારવાને કધી પછાત રહેઓ નહી, અને મી૦ ચારલસ શરબસના દાખલાથી ઈંગલંડ અને બીજાં દેશો સંગાથે વાજબી રીતે વેપાર ચલાવવાની અસર જે ગાંમઠીઓમાં આજ સુધી રહી ગઈછે તેજ અસરની ખુબીથી સને ૧૮૧૪ નાં વરશમાં ઈસટ ઈંડીઆ કંપનીનો પટો બદલાએઓ તે વખત વેપારમાં ઘણાએક ગાંમઠીઓ તવંગર થાઈ ગએઆ, અને આએ ટાપુની આબાદાંની તથા ધંધાનો વધારો થાએઓ તથા ગાંમઠીઓ અને તેમાં મુખીઅ કરી પારસીઓ આગલ માતરે દુબાસનો ધંધો પસંદ કરી પડી રહા હતા તેઓને પોતાને હીસાબે વેપાર કરવાની ખાએસ થાઈ, અને વાંહાંણોનાં કપતાંનોને સમજાવીને માતરે એક ચીજની ૪ ઘણી કીમત લીધાના કરતાં સોજો અને વાજબી વેપાર ચલાવવાનો શાએદો તેઓના જોવામાં આવતો ગએઓ, અને તે દીવસથી વધારે આબરૂ પાંમતા ગીઆ તથા ઈઊરોપીઆંનો સંગાથે મીતરાચારીનો હક વધારે પાએદાર કીધો.

પણ આપણાં મીતરનું સને ૧૮૧૧ માં અતરેથી પોતાને વતન જાવું થાએશિં તે વખત મી૦ ચારલસ શરબસ ૩૮) વરશની ઊમરનો હતો અને એટલી ટુક મુદતમો હીંદુ, પારસી, મુસલમાંન અને બીજી ગનેઆતનાં ગાંમઠીઓનો પરીતી ભરેલો દોસત અને ખેરખા થાઈ પડેઓ હતો. ગોરી અથવા કાલી ચાંમડી વચ્ચે મી૦ શરબસ કધી તશાવત રાખતોતો નહી, અને હીંદુસથાંનનાં ગાંમઠીઓની મદદથી એકવાર મી૦ ચારલસ શરખસ મોહોટાઈને પોંહોંચેઓ અને તવંગર થાએઓ તેનો ઊપકાર પોતાની હઈઆતીની છેલ્લી ઘડી સુધી ભુલેઓ નહી. અતરેથી રવાંને થાતી વખતે મી૦ શરબસને ગાંમઠીઓએ એક માન

પતર આપેઊં હતું, અને તે સાથે ઈઆદગારીને થકી જમવાને કીજે ૧૫૦૦) ગીનીનીં કીમતનાં રૂપાંનાં વાસણો (ઈઆને "પીસ આફ પલેટ") શોગાદ કીધી હતી. પણ મી૦ ચારલસ ફારબસ એ કરતાંને પોતાના દેશમાં રહી હીંદુસથાંનના ગાંમઠીઓ ઊપર વધારે ઊપકાર કરવાનો હતો, અને તેહેનો બદલો ગાંમઠીઓ વાલવાના હતા, તે સંગલું પાર પડેઊં તેની વીગત હવેપછી વાંચવામાં આવશે.

સને. ૧૮૨૩ નાં વરશમાં મી૦ ફારબસને બારોનેટનો ખેતાબ મલેઓ અને એ ધણીને "આબરદીન શાએરનાં પરગણાંમાં નીઊઈ અને એડીનગલાસીવાલો સર ચારલસ ફારબસ" કરી ઓલખવાને પાદશાહી સતા મલી, અને સને ૧૮૩૩ માં આબરદીનની મદરેસાઓના (લારડ રેકટર) ના નામીચા ઓધાને કીજે સર ચારલસ ફારબસને ચુંટી કાહાડેઓ હતો. સર ચારલસ ફારબસ જારે મુંબઈમાં હતો તારે તેણે હીંદુસથાંનની સરકારને અતીશે જરૂરની વખતે નાણાં સંબંધી કીમતી મદદ કીધી હતી તેના અવેજમાં તેહેને બારોનેટનો ખેતાબ આપવામાં આવીઓ હતો.

સર ચારલસ ઈસટ ઈંડીઆ કંપનીનાં ભંડોલમાં એક નામીચો ભાગીદાર હતો, અને તે જગાપર તેણે હીંદુસથાંનનાં ગાંમઠીઓની તરફથી ઘણીવાર તકરાર ચલાવી હતી, તથા કેહેછે કે સર ચારલસનો આએ દેશનાં વતનીઓ ઊપર પેઆર એટલોતો હતો જે કોઈ વખત તેઓની તરફથી બોલવાને પોતાની તરફેણવાલા અથવા અતલગીઆ ઓની સાંમણે થવાને તે કધી આચકો કરતોતો નહી.

સર ચારલસ ફારબસ ૨૦ વરશ કરતાં વધારે મુદત સુધી પારલામેંટની સભામાં એક મીજલસી હતો, અને તે સંગલી મુદતમાં આએ દેશનાં લોકોને કીજે વાજબી ઈનસાફ અને હક મેલવવાને હમેશાં મેહેનત લેતો હતો. સને ૧૮૩૨ ની આગમજ પારલામેંટે નામદાર ઈસટ ઈંડીઆ કંપનીને ઠેડવી આપેલા ધારા પરમાંણે હેવું મુકરર કીધેલું હતું જે કંપનીની ચાકરીનાં સનદવાલા અમલદારો વગેરે હીંદુસથાંન

મધે "જસટીસ આફ ધી પીસ" ઈઆને સુલેહના અમલદારનો ઓધો કોઈ બીજા શખસને સોંફવો નહી તથા ખરીસટીઆંન વગરે ફોજદારી મુકરદમાંની તપાસમાં "ગરાંડ જુરી" માં કોઈ બીજી ગનેઆતના લોકોને દાખલ કરવા નહી, તથા જો કોઈ શખસે કાંઈ અપરાધ કીધો હોએ અને તે જાતે ખરીસટીઆંન હોએ તો તેહેની તપાસને કીજે "જુરી" ભરવી તેમાં ખરીસટીઆંન વગરે કોઈ બીજા શખસોને સાંમેલ કરવા નહી, હેવા કેટલાએક અણઘટતા અને ગાંમઠીઓને શરમ પોંહાંચે હેવા ધારા પારલામેંટે બાંધી આપેઆ હતા તે ધારા રદ કરાવવાને સર ચારલસ ફારબસે મોહોટી મેહેનત લીધી હતી, અને ભારી દલેરીથી પારલામેંટની સભામાં હીંદુસથાંનના રેહેવાસીઓની તરફથી લડેઓ હતો, તથા તેઓના ખરા હક અને આપઅખતીઆરીનો દાવો કીધો, અને એ માહાભારત કારણને કીજે હાઊસ આવ કાંમનસની સભામાં લારડ ગલેનેગ તથા હાઊસ આવ લારડસની સભામાં લારડ ચાંનસલર બરોહાંમે તેહેને મોહોટી મદદ કીધી હતી, અને બીજા કેટલાએક ગહરસથો પણ એ કામમાં શાંમેલ થાએઆ હતા. તેઓની મદદથી સર ચારલસ ફારબસ અંતે ફતે પાંમેઓ અને સને ૧૮૩૨ નાં વરશમાં તારીખ ૧૬ મી આગસટને દીને ઊપલા પારલામેંટનાં ધારા રદ કરાવેઆ, તથા તેહેને બદલે બીજા નવા ધારા મુકરર કીધા અને તે મધે હીંદુસથાંનનાં ગાંમઠીઓને સંગલી પરકારની "જુરી" માં બેશવાને તથા સુલેહનાં અમલદારનો ઓધો બજાવવાને છુટ મુકી. એ કામ પાર પડેઆથી અતરેનાં ગાંમઠીઓપર સર ચારલસે થોડો ઊપકાર નથી કીધો. ઊપલા ધારા રદ કીધા તથા તેહેને બદલે નવા ધારા પરગટ કીધા જેથી ગાંમઠીઓનો દરજ્જો વધેઓ તે નવા ધારાનાં છાપેલાં કાગજોની સર ચારલસે પોતાના મીતરોને વાસતે અતરે કેટલીએક નકલો બીડી હતી તેહેમાંની એક નકલ હમારી પાસેછે, અને તેહેનાં પરબીડાં ઊપર "સર ચારલસ ફારબસની સલાંમ અને મુબારકબાદી સાથે (પોંહાંચે)" એ રીતે લખેલું છે. એટલા ઊપરથી માલમ પડેછે જે સર ચારલસ ગાંમઠીઓને વાજબી હક મેલવવામાં સાંમેલ રહો,

અને તે કામ મોહોટી મેહેનતથી બર લાવેઓ તેથી તે થોડો મગરૂર નહી હતો અને હેવું માહાભારત કામ બજાવેઆથી કોણ મગરૂર નહી રેહેશે?

બીજું સને ૧૮૩૯ નાં વરશમાં પારલામેંટની સભામાં તે વખતનાં લંડનનાં બીશપે આએ દેશનાં હીંદુ રેહેવાસીઓ વીશે જાહેરમાં કેટલાએક બદ સખુનો વાપરેઆ તથા તેઓની ચાલચલણ તથા એકીનપણાં ઊપર ગીલ્લો કીધો હતો, તે આપણાં દેશનાં મીતર સર ચારલસ ફારબસથી ચુપકીદી રીતે દેખાઈ શકાઈઊં નહી, અને લંડનનાં બીશપનુ બોલેલું રદ પાડવા તથા તે ખોટું ઠેડવવા પોતે બાહેર પડેઓ. એ બીશપ કધી હીંદુસથાંનમાં આવેઓતો નહી, અને તેણે હીંદુસથાંનનાં લોકોની ચાલચલણ કધી જોઈતી નહી તે છતાં હેવું બોલવું ઘટારત નહી હતું અને તેહેનું બોલેલું ભાશાંણ સરતાંપા ખોટું હતું તે સગલું સર ચારલસે જાહેરાંતમાં પુરવાર કરી આપેઊં. સર ચારલસ ફારબસનાં બોલવા ઊપર ઘણાંએક શખસોએ ધેઆંન આપેઊં, અને તેણે વધારે ટેકો આપવાને કીજે હીંદુસથાંન ખાતેનાં કેટલાએક લશકરી અને બીજા નાંમીચા અમલદારોએ એક કાગજ ઊભું કીધું, તથા તે ઊપર શહીઓ થાઈ અને લંડનનાં બીશપની કીધેલી મુજામત બાતેલ કીધી, અને અતરેનાં ગાંમઠીઓની આબરૂનો સંભાલ કીધો. †

---

† આ દસતાવેજ સાચવી રાખ્વાજોગ સમજીને તેહની અસલ ઇંગરેજી મુજબની નકલ તે ઉપર શહીઓ કરનારાઓનાં નામ સુધાં તા૦ ૧૨ મી જુન ૧૮૪૧ નાં "બોમબે ટાઈમસ" મધેથી હમો નીચે ઉતારી લઈજીએછે:—

LONDON, 30TH SEPTEMBER 1839.

In a correspondence lately published in "*The Times*" by Sir Charles Forbes, Bart, on the subject of the alleged disregard of truth by the Natives of India, the Right Reverend Bishop of London having observed that he could only allow the remarks made by Sir Charles Forbes upon his late Speech in the House of Lords the weight which could be given to the evidence of a single witness,—We, the undersigned, who have resided many years in India, consider it a duty which we owe to the Natives of that Country to come forward and declare, that we concur with Sir Charles Forbes in thinking that the statement of his Lordship is erroneous; and that we deem Sir Charles Forbes entitled to the thanks of the Indian Community for his vindication of the Natives of India on this occasion:—

Charles Norris, Civil Service Bombay.
Thomas Williamson, Civil Service Bombay.
Henry Dundas Rebortson, Lieut. Col. Bombay.
John Morrison, Colonel, Madras.

ઊપર જણાવેલાં અને બીજાં કારણો કે જેથી સર ચારલસ ફારબસે આપણાં ગાંમઠીઓપર મોહોટો ઊપકાર કીધો હતો, તેહેનાં અવેજમાં સને ૧૮૩૯ નાં વરશમાં અતરેના નાંમીચા હીંદુ, મુસલમાંન અને પારસી શેઠીઆઓએ સર ચારલસની ઘટતી રીતે ઈઆદગારી રાખવાને કીજે એક ઊઘરાંણું ઊભું કીધું તે મધે ૪૦૦૦૦) રૂપીઆ કરતાંને વધારે રકમ ભરાઈ ચુકી હતી. તે સાથે ગુજરાતી, ફારસી, અને

Charles Lush, Medical Establishment, Bombay.
Robert Barnewell, Lieut. Col. Bombay.
William Henderson, Lieut. Col. Bombay.
Henry Roome, Major General, Bombay.
Francis Carnac Brown, Tellicherry.
John Turner, Med. Est. Bengal.
R. C. Jenkins, Bengal.
M. G. White, Captain, Bengal.
Adam Hogg, Major General, Bombay.
John Stewart, Bombay.
James Inverarity, Med. Est. Bombay.
J. Livingstone, Lieut. Col. Bombay.
Peter Lodwick, C. B. Major General, Bombay.
George Grant, Captain Indian Navy, Bombay.
M. C. Chase, Lieut. Col. Madras.
James Sutherland, Knight, Major General Bombay.
John Pavin, Bombay.
W. Drake, Major, Madras.
A. Ogilvy, Med. Est. Bengal.
Joseph Hume, M. P. Bengal.
G. Colquhaun, Med. Est. Bombay.
S. Humphreys, Bombay.
Thomas Elliott, Bengal.
M. Larken, C. S. Bombay.
Charles Bayley, C. S. Bengal.
T. B. C. Bayley, C. S. Bengal.
G. Wm. Traill, C. S. Bengal.
Thomas Wallace, Capt. Madras.
S. T. Cuthbert, C. S. Bengal.
F. J. Ballantine, Major General, Bombay.
W. C. Manesty, Capt. Bombay.
J. R. Steuart, Bombay.
George Jervis, Lieut. Col. Bombay.
William Hull, C. B. Major General, Bombay.
W. Newnham, C. S. Bombay.
A. Ramsay, C. S. 33 years in Bengal.
H. Hitchens, Captain, Madras.
John Bowman of Bombay.
Samuel Durham, 32 years. Med. Est. Bengal.
Robert Frew, Capt. Madras 23 years.
John Wallace, C. S. Madras.
Henry Iveson, at Surat 28 years.
John Hancock, Major, Bombay.
William Sandwith, C. B. Major General, Bombay
William Montgomerie, C. S. Madras.
Robert Bayard, C. S. Madras.
William Gordon, Major, Madras.
C. C. Jackson, C. S. Bengal.

ઈંગરેજી જુબાનમાં એક માન પતર તઈઆર કીધું તે ઊપર મુંબઈના પેહલે અને વચલે વાગેનાં ૧૦૪૨ ગ્રહસથોની શહી થાઈ હતી. એ માન પતરમાં સર ચારલસ ફારબસની સંગલી ખુબી જણાવી હતી, અને તેણે હીંદુસથાંનના ગાંમઠીઓની તરફથી જે જે મેહેનત લીધી અને તકરારો કીધી તેહેનો મોહોટાં આદરમાંનથી ઊપકાર માંનેઓ હતો, તથા તેઓની આબરૂ તથા દરજજો વધારવાને સર ચારલસે જે કાંઈ ઈઊકતી

J. W. Rawband, Captain, Indian Navy.
Alexander Fair, Major General, Madras.
Robert Richardson, Captain, Madras.
Thomas Williams, Med. Est., Madras.
C. H. Forbes, C. S., Madras.
Sam. Goodfellow, Major General Engineers, Bombay.
Robert Thom, Major, Bombay.
Henry Thomas Travers, C. S. Bengal.
Samuel Dyer, Med. Est. Madras.
Chas. McCabe, Med. Est. Madras.
Edward H. Bellasis, Major General, Bombay.
George Tweedy, Lieut. Col. Bombay.
Colin McKende of Bombay.
William Sheffield, C. S. Madras.
N. G. Patrickson, Lieut. Col. Bengal.
James Grant, Col. C. B. formerly 17th Dragoons.
J. D. DeVitre, C. S. Bombay.
Henry Newman, C. S. Bengal
William Harvey, C. S. Bombay.
J. O. Walker, Med. Est. Bombay.
Archibald Campbell, C. S. Bengal.
Duncan Campbell, C. S. Bengal.
Robert Ford, Lieut. Col. Madras.
R. Hunter, Major, Madras.
John Swiney, Med. Est., Bengal.
Robert Boyd, C. S., Bombay.
H. H. Wilson Boden, Sanscrit. Prof. Oxford, 24 years in Bengal.
Charles Hyde, C. S. Madras.
Alexander N. Shaw, C. S. Bombay.
A. Eldridge, late Bengal Army.
Robert Cogan, Captain, Indian Navy, Bombay.
Lionel Smith, Bt. Lieut. General, K. C. B. & G.C.H. 22 years in India
E. Gardner, C. S. Bengal.
W. H. Richards, Med. Est. Madras.
E. Wyatt, Col. Bengal.
Wm. Crosier, C. S. Bombay.
G. G. Campbell, Med. Est. Bengal.
G. F. Travers, C. S. Madras.
J. E. Lewis. C. S.
John G. Gordon, Capt. Bombay.
J. Inverarity, Lieut. Engineers, Madras.
T. W. Colebrooke, C. S. Bengal.
J. W. Poole, Major, Madras.
James Durant, Major General, Bengal.
A. C. Deanestown, late of the Bengal Army.
Charles Grant, formerly of Bombay.
Robt. Wallace, Med. Est. Bombay.
F. Bonnaffre, 17 years in Calcutta.

કીધી અને સર ચારલસની મદદથી ગાંમઠીઓને જે ફાએદા થાએઆ હતા, તથા તેઓને ઈઊરોપીઆંનોની મંડલીઓમાં બીરાજવા તથા મીતરાચારીનો હક રાખવા, તથા વેપારમાં કોશેશ કરવા અને સચાઈ અને ધુનધીપણું બતલાવવાને જે કાંઈ શીખવેઊં હતું તે વીશે સર ચારલસ ફારબસને મોહોટું આદરમાન આપેઊં હતું, અને પોતાની ઈમાનદારી બતલાવી હતી. એજ માન પતરના એક ભાગમાં દેશીઓ બોલેછે:—

"તમો હમારી તરફથી રવાંને થાએઆ તે મુદતને આજ ૨૭ વરશ થાએઆં પણ તમારી ઈઆદગારી હેવીતો મજબુત હમારાં દેલમાં કાએમછે, અને હીંદુસથાંનના રેહેવાસીઓને લાભ ભરેલી અને તેઓનું કલેઆંણ થાએ તેહેવી બાબદોપર તમો હમેશાં ધેઆંન પોંહોંચાડોછો, અને આએ દેશ સંબંધી સંગલી વાતમાં તમો સાંમેલ રેહોછો તેથી હેવું જણાએછે જે ગોએઆ તમો હાલ હમારી સાથેજ વશોછો, અને હમારા હક અને હાલત સુધારવાને ગોએઆ (એક જગાપર સાથે રહીને) હમારી સાથે તમો ચીંતાતુર થાવોછો.

"તમારી ખુબી તમુને ઘણી આબરૂ ભરેલીછે અને તે પરમાંણે સરવે કોઈમાં મલી આવતી નથી. જે કોઈ શખસો આએ દેશમાં આવી ગએઆછે તેઓ પાછા પોતાને વતંન સીધારેછે તેવારે પોતાના ઉગમણ પરાંતનાં મીતરોની ઘણીજ થોડી ઈઆદદાસત રાખેછે તે હમુને અનુભવથી માલમછે. તેઓ નવી દોસતી અને નવી હાલતમાં પડેછે અને જો હમુને તદંન વીશરે નહી તોપણ હમારા દેશ સંબંધી ભાંજગડોથી એલાહેદા રેહેછે, પણ તમો સાહેબે એ પરમાંણે નથી કીધું. જો પણ તમો હમારીથી જુદા થાએઆને મુદત ગુજરીગઈછે તોપણ કમતી થાએઆને બદલે તમારો પેઆર હમારી ઉપર હમેશાં વધતો જાએછે."

એજ માન પતરમાં દેશીઓએ રૂ૪૦૦૦૦) નું જે ઊઘરાંણું કીધું હતું તેહેના ખરચથી સર ફરાંનસીસ ચાંનતરી નામના એક નામીચા કારીગરને હાથે સર ચારલસ ફારબસનું પુતલું ઊતારવાનો ઠેડાવ જણાવેઓ હતો, અને તે કારણને વાસતે સર ચાંનતરીની નજદીક હાજર રેહેવાને સર ચારલસ ફારબસને અરજ કીધી હતી.

ઊપલું માન પતર અતરેના શેઠીઆઓએ સર એલેકજાંનડર જાંનસટન, જાંન રોમર, અને કપટાંન રાબરટ કોગંન ઊપર બીડેઊં હતું, અને તે પતર હીંદુસથાંનના ગાંમઠીઓની તરફથી ઘટતી રીતે સર ચારલસ ફારબસને પોંહોંચાડવાની ઈછા જણાવી હતી, અને એ મોબારક

બાદીની વખતે ઈંગલંડ મધે કેટલાએક નામીચા શખસો* જેઓ વારેવાર હીંદુસથાંનના રેહેવાસીઓની તરફથી પારલામેંટની સભામાં તથા બીજી જગાઓ ઊપર બીરાજેઆ હતા તેઓને બોલાવવાની ભલાંમણ કીધી હતી.

સર ચારલસ ફારબસ આલમની નજદીક નકાંમી ધામધુમ અથવા દબદબો બતલાવવાને ચાહાતોતો નહી, એટલા સબબથી ઊપલું માન પતર જાહેર મુકાંમપર લેવાને સર ચારલસે ના પાડી, પણ તારીખ ૬ ઠી એપરેલ સને ૧૮૪૦ ને દીને લંડન મધે ફીજરાએ ઈશકુએરમાં પોતાનાં રેહેવાનાં ઘેરમાં મુંબઈના ગાંમઠીઓનું મોકલેલું માન પતર સર એલેક જાંડર જાંનસટનના હાથથી તેણે કબુલ કીધું. તે વખતે મુંબઈના ચેઆર જુવાંન પારસીઓ જેઓ કેલવણીને કીજે ઈંગલંડ ગએઆ હતા તેઓ પણ સર ચારલસનાં ઘેરમાં હાજર હતા. તેઓનાં નામ—વાડીઆ અરદેસર ખરશેદજી, વાડીઆ જાંહાંગીર નવરોજજી, વાડીઆ હીરજીભાઈ મેહેરવાંનજી અને દોરાબજી મનચેરજી. એ માન પતર વાડીઆ અરદેસર ખરશેદજીએ વાંચી સંભલાવેઊં અને સર જાંનસટને એક ભાશાંણ કીધું તેહેનો સર ચારલસ ફારબસે અછી રીતે ઊતર વાલેઓ, તેમાં તેણે જણાવેઊં જે—"મુંબઈના ગાંમઠીઓએ માહારી ઊપર માન પતર મોક
"લેઊંછે અને તે સાથે પુતલું બનાવવાનો જે ખરચ માથે લીધોછે તેથી
"હું નીશચે વીચારમંદ છેઊં. જે કાંઈ તેઓના ફાએદાને વાસતે મેં
"ટુક મેહેનત કીધીછે તે તેઓને કીજે ઘટારત હતી. ગાંમઠીઓની ચંચ
"લાઈ, નીમખહલાલી અને આબરૂને ઘટારત કરતાં મેં કાંઈજ વધારે
"મેહેનત કીધી નથી. હું ગાંમઠીઓનો મોહોટો ઊપકાર માનુંછું, કાંએજે
"હાલ જે કાંઈ હું સંસારનું સુખ ભોગવુંછું અને આપએખતીઆર
"થાએઓછું (ઈઆને દોલત મેલવીછે) તે સંગલું મુંબઈના ગાંમઠી
"ઓની મદદથી થાઈઊંછે, અને માહારા ઊપર તેઓના પેઆરનો
"આએ દાખલો જોઈ હું થોડો મગરૂર નથી."

* તેઓનાં નામ—અરલ આફ કલેર, લારડ બરોહામ, લારડ ગલેનેગ, સર હરબરટ કાંમપટન, સર રીચરડ જેનકીનસ, મેજર જેનરલ બરીગસ, ઊલીઅમ નીઊનહાંમ, સર લાઓનેલ સમીથ, સર હેનરી ઊઈલલાક અને કરનલ સાઈકસ.

તેઆરપછી સર ચારલસ ફારબસે માન પતરનો લખેલો ઊતર વાલેઓ તે મધે પણ સર ચારલસ પોતાની ભલમણશાઈ તથા ખુબી જણાવેછે, અને હીંદુસથાંનના ગાંમઠીઓની તરફથી હમેશાં મીતરાચારીનો હક પોતાના દીલમાં કાએમ રાખવાને કબુલ કરેછે, અને તેઓની મેહેરબાંનીથી સર ચારલસ આપએખતીઆર થાએઓ તેહેનો ઊપકાર તેઓના સારા ગુણો સાથે કધી વીસરનાર નથી હેવું જણાવેછે. સર ચારલસ બીજું કેહેછે કે—"મેં માહારાં બચાંઓને નાંધપણથી પોતાના હીંદુસથાં
"નના ગાંમઠી ભાઈબંધો ઊપર પેઆર રાખવા તથા તેઓની સારી
"ચાલ અને ગુણો સમજવા અને તેઓને આબરૂ આપવાને શીખવે
"ઊંછે, અને માહારી હેવી મોરાદછે જે (ખોદા કરેને) જાવેદાંન સુધી
"હેવો વીચાર માહારાં કુટુંબમાં કાએમ રેહે."

ગાંમઠીઓની ઈછા પરમાંણે સર ચારલસ ફારબસે પોતાનું પુતલું ઊતરાવવાને સર ફરાંનસીસ ચાંનતરીની સાંમણે બેશવાને કબુલ કીધું. એ કોતરનાર ઘણો નામીચો હતો, અને તેણે સર ચારલસની ધપ, તથા રોશન ચેહેરો સારીપઠે પથ્થર ઊપર બરાબર કોતરેઓછે. એ પુતલું હાલ મુંબઈની ટાઊનહાલમાં જમની બાજુના દાદરની આગલ ગોઠવેલુંછે, અને આપણાં બચ્ચાં અને તેઓનાં બચ્ચાં પેહેડી દર પેહેડી ઓલખતાં આવે તેટલા વાસતે હેઠલ જણાવેલી રીતે એ પુતલાંની હેઠલ કોતરેલા હરૂફથી સર ચારલસ ફારબસની ઈઆદગારી રાખીછે:—

સર ચારલસ ફારબસ બારોનેટ.

આએ ટાપુનાં ગાંમઠી રેહેવાસીઓનો બેગરજ મુરબી
તથા શ્રી હીંદાસતાંનનાં ગાંમઠીઓનો
અનજમાએલો અને વીશવાશી મીતર
તેહેની ઈઆદગારીને સારૂં
બનાવેલું.
શ્રી મુંબઈનાં ગાંમઠી રેહેવાશીઓએ
પોતાનાં પેઆર તથા વફાદારીની
ઈધાંણી રાખવા સારૂં
ઈશવી સને ૧૮૪૧.

SIR CHARLES FORBES, BARONET.
THE DISINTERESTED BENEFACTOR
OF THE NATIVE INHABITANTS OF THIS ISLAND
AND THE TRIED AND TRUSTED FRIEND
OF THE PEOPLE OF INDIA.
ERECTED
IN TOKEN OF ESTEEM AND GRATITUDE
BY
THE NATIVE INHABITANTS OF BOMBAY
1841.

સર ચારલસ ફારબસ જેહેવા ધરમાતુ શખસો થોડાજ થાશે, એ પરોપકારી ધણીનો વેપારીનો પેશો હતો, પણ રાજવંશીની માફક તે સખી દીલ ધરાવતો હતો. એ મરનારનાં ધરમખાતાં બાબેની સંગલી બીનાં હમારા જાંણેઆમાં આવી નથી, પણ હમો વગર અડચણે કહી શખીએછે જે સર ચારલસ ફારબસની સખાવત ઘણી મોહોટી હતી. હમોને ઈઆદછે જે એ મરનારે અતરેની બોંએખલાની "ડીસટરીકટ બેનીવોલંટ શોસાઈટી" ની આપણા જમાને હાતેમ સર જમશેદજી જીજીભાઈ નાઈટની બંધાવી આપેલી ઈમારતમાં ગરીબ લોકોની પરવરશીને વાસતે રૂ૫૦૦૦૦) ની મોહોટી રકમ આપી હતી. બીજી ઘણીએકવાર સર ચારલસે અતરેનાં ધરમખાતાંઓમાં વારેવાર પરચુટણ રકમો ભરી હતી. હમો ઘણા દલગીર છઈએ જે એ મરનારની સંગલી સખાવતની ચોકસ ટીપ હમોને મલી નથી. જો સર ચારલસ ફારબસની જાહેર સખાવત થોડી હશે, તોપણ એ સાહેબની છુપી સખાવત થોડી નહી હતી. ઘણાએક શખસો અને કુટુંબોને દુખમાંથી ટાલવા તથા કંગાલપણાંની હાલતમાંથી બચાવવાની તેહેને શાબાશી મલેછે. આએ દેશથી સર ચારલસ ઊપર કોઈ ગરીબનો સવાલ ગએલો કધી ખાલી નથી ગીઓ. એ મરનાર ઘણોજ સખી હતો. અતરેથી કેટલાએક જુવાંન પારસીઓ કેલવણીને કીજે ઈંગલંડ ગએઆ હતા તે વખત હમારા જાંણેઆમાં આવેશેછે જે તેઓની સાથે એક પારસી નોકર હતો, તે કામકાજને કીજે સર ચારલસ ફારબસને ઘેર જતો હતો અને દર વખત એ સખી બારો

નેટ તે શખસને એક સુંનાંની ગીની બખશેશ કરતો હતો. એ પરમાંણે તે ધણી સર ચારલસ પાસેથી ૧૧ ગીની લઈ આવેઓ હતો. સર ચારલસ અતરેની પોતાની પેહેડીનાં આદમીઓ ઊપર હમેશાં મેહેરબાંન હતો, અને પોતાના જુનાં ચાકરોને કધી ભુલતોતો નહી, અને વારેવાર પોતાની માઆની નીશાંન બતલાવતો હતો, તે વીશેનો એક પકરો તારીખ ૨૭ જુલાઈ સને ૧૮૪૦ નાં મુંબઈ શમાચાર પતરમાંથી હમો હેઠલ પરગટ કરીએછે—

"હમારા ગાંમઠી ભાઈબંદોને વાંચેઆથી ખુશાલી લાગશે કે આપણા ગાંમઠીઓનાં મીતર તથા પોતાનાં માણુસોની કદરને જાંણુનારા અને ચાકરીને પછાણનારા મોટી આબરૂવાલા સર ચારલશ ફારબશે પોતાની આફીસમોનાં ગાંમઠી કારભારી તથા લખનારાઓને સારૂં પોતાની ઈચ્આદદાશત શરવ કોઈની પાએરી મુજબ મોકલીછે તેહની ટીપ હમોએ ગેજેટમોથી હેઠલ પરગટ કરીછે."

"જેનેફ મેરીઆ ડીગા ઈસકોએરને સારૂં એક કલાક.
શકારાંમ લખશમંનજીને એક કલાક.
પરમાંનંનદ શદાશીવજીને સોનાંનું એક ઘડીઆલ.
કરશટણા શામી શીનાંઈને રૂપાંનું એક ઘડીઆલ.
શદાશીવ જીવંણશેઠને રૂપાંનું એક ઘડીઆલ
રાંમચંદર રંનગુ શીનાઈને રૂપાંનું એક ઘડીઆલ.
મોરોબા શદાશીવજીને રૂપાંનું એક ઘડીઆલ.
મી૦ એમ. બોકારોને રૂપાંનું એક ઘડીઆલ.
મોતી સરાફને રૂપાંનું એક ઘડીઆલ.
મોરોબા લખશમંનજીને રૂપાંનું એક ઘડીઆલ.
વીઠુબા દાંમોધરજીને રૂપાંનું એક ઘડીઆલ.
કરનાનંનદ શદાશીવજીને રૂપાંની એક દાબડી.
હરીચંદ ભાશકરજીને રૂપાંની એક દાબડી.
મોરોબા શદાશીવજી તેલીને રૂપાંની એક દાબડી.
રગુનાથ લખશમંનજીને રૂપાંની એક દાબડી.
જગનનાથ રગુનાથ શીનાઈને રૂપાંની એક દાબડી.
રાઘોબા માંદોબાને રૂપાંની એક દાબડી.
પીતાંમબર સરાફને રૂપાંની એક દાબડી.
માંણેકજી મેહેરવાંનજીને રૂપાંની એક દાબડી.

લુઈશ એમ. ડે. આલમેદાને રૂપાંની એક દાબડી.
અંનટોનીઓ જારજ ડીગાને શોનાંનું એક શીલ."

"એ વગરે બીજાં કેટલાંએક આદમીઓને તહરેવાર ઇઆદગારીની ચીજો શોગાદ કીધી હતી."

તેઆર પછી સને ૧૮૪૮ નાં વરશના જુલાઈ મહીનાંમાં મુંબઈ વાલી ફારબસની કંપનીની ચાકરીમાંનાં સંગલા મુસારેદાર માણસોને સર ચારલસ ફારબસે દરએકને વરશ એકનો પગાર ભેટ મોકલીઓ હતો, તેહેનો અડસટો રૂ૪૫૦૦૦) ગણાએઆમાં આવેછે. એ સવાએ બીજી ઘણીએક બખશેશો એ નાંમવર બારોનેટે કીધી હતી, અને એ મરનારનું છેલું વશીએત જાહેર થાએઆથી હમોને શક નથી જે બીજી વધારે અને માહાભારત સખાવતો માલમ પડશે.

સર ચારલસ ફારબસની પીઠથી ૪ છોકરા અને એક છોકરી અવ તરેઆં હતાં, તે મધેનો એ મરનારનો વડો છોકરો જાંન ફારબસ પોતાના બાપની અગાઊ મરણ પાંમેઓ. બીજા ૩ છોકરા જારજ, જેમસ, અને ચારલસ હાલ જીવતાછે. જારજ અને જેમસ હાલ ઈંગલંડની મીશીઅ રશ ફારબસ ફારબસની કંપનીની પેહડીનો વહીવટં ચલાવેછે. વડા છોકરા જાંન ફારબસનો ચારલસ કરીને એક છોકરોછે, તેહેને આપણા સવરગ પાંમેલા મીતરનો "બારોનેટ" નો ખેતાબ મલેઓછે, અને હવે પછી તે છોકરો "સર ચારલસ ફારબસ બારોનેટ" ને નાંમે ઓલખાશે. પરમેશવર કરેને એ છોકરો પોતાના બપાવાંનું નાંમ કાએમ રાખે.

તા૦ ૨૦ મી નવેમબરની રાતનાં આપણો મીતર સવરગવાશી થાએઓ તેઆરપછી ૮ દીવસ સુધી એ મરનારની લાશ હેનાં ઘેરમાં રેહેવા દીધી હતી, કાંએજે સર ચારલસનાં લંડંનથી દુર રેહેનાર ઘણા એક દોસતો હતા તેઓ પોતાના મીતરનાં મોહોડાંના એકવાર છેલાં દરશણ કરી લીએ તેટલા વાસતે ભુમીદા કરવાને ૮ દીવસ તુલીક મુલતવી રાખેઊં હતું. એ મરનારે પોતાના વશીઅતનાંમાંમાં આઠ વકીલો ઠેડવેઆછે.

એ મરનારની પુંજી વીશે ચોકસ કેહેવાઈ શકાતું નથી, પણ ૭૦ લાખ રૂપીઆથી તે એક કરોડ રૂપીઆની તેની ગણતરી થાએછે, ખરૂંછે

જે સર ચારલસ ફારબસે પોતાની પુંજી કદી આડે મારગે વાપરી નથી, અને કેટલાએક બખીલોની માફક પોતાનો હાતેમ હાથ જરૂરની વખતે કદી ખાંચેઓ નથી.

લંડન ટાઈમસ નામનાં વરતમાંન પતરમાં એ મરનારની ખુબી વીશે એક ઘણીજ ટુક બીનાં પરગટ કીધીછે તે મધે તેનો લખનાર બોલેછે જે—"સર ચારલસ ફારબસ કોઈથી કાંઈ તકસીર થાઈ હોએ તો હમેશાં "તે ઊપર રેહેમદીલથી નેગાહ કરતો હતો અને જે કોઈ શખસને "પોતાની નાદાંનીથી દુખ ભોગવવું પડતું હોએ તોપણ તેની ઊપરથી "માએઆ કંમતી કરતોતો નહી. એ મરનારની હેવીજ ચાલ હતી જે "બીજાની ભલમનશાઈની વખાંણ કરવી અને પોતા વીશે કાંઈજ વીચાર "લાવવો નહી."

સચાઈ, સુધાપણું, અપખશપાતપણું, અને ચોખા વેહેવારમાં સર ચારલસ એક્કો હતો. સોદાગર, રાજવંશી, અને હાતેમ એ તરણેની ખસલત સર ચારલસ ફારબસમાં એકઠી મલી હતી. એ ખુબી ભરેલા અને નેકનાંમી મેલવંનારની ઈઆદગારી ચંદરોકાલ સુધી રેહી જશે, અને અગત કરીને હીંદુસથાંનના વતનીઓને સર ફારબસ વારેઘડીએ ઈઆદ આવશે. સર ચારલસ જેહેવા આપણા દેશીઓના ખેરખાહ ઘણાજ થોડા થાઈ ગએઆછે અને થોડાજ થાશે. એ મરનારને આપણે વીશરવો ઘણો મુશકેલ પડશે. આપણા હીમાએતીની જગોપર બીરાજનાર બીજો શખસ હાલ કોઈ નથી. હમારી એટલીજ દુવાછે કે સર ચારલસ ફારબસની ઈઆદગારીનું પુતલું મુંબઈની ટાઊનહાલ મધે જાવેદાંન સુધી કાએમ રેહે, અને આપણાં બચાં પેહેડી દર પેહેડી આપણા ખરા મીતરને ઈઆદ રાખે, અને બીજા ઈઊરોપીઆંનો સર ચારલસનો માન ભરેલો દાખલો પકડે.

⁂ સર ચારલસ ફારબસ વીશે ઉપલી બીનાં ઈઅંતરમાં ગએઆ પછી એક ગહરસથની કુરપાથી ચારલસ ફારબસ સને ૧૮૧૧ નાં વરશમાં મુંબઈથી રવાંને થાએઓ તે વખત અતરેનાં ગાંમઠીઓએ એક માન પતર આપેઉં હતું,

તેનાં વાલેલા ઉતરની એક લખેલી નકલ હમોને મલીછે તે મધે હમારા દેશીઓ વીશે ઘણાજ ઓતમ વીચારો તેણે જણાવેઆછે, તે અગતનું જાંણી એ ઉતરનો સઘ્ઘ બરો બોલેબોલ તરજુમો હમારા વાંચનારાઓને કીજે હમો હેઠલ પરગટ કરીએછે.

મુંબઈના દેશી વેપારી તથા સરાફો જોગ,

ગહુરસથો,

એક વેપારી દાખલ માહારી આંત અને ચાલચલણ વીશે તમોએ મહને ઘણુંજ માન મલે એ રીતનો દાખલો બતલાવેઓછે, તથા તમારી છેલ્લી સલાંમ મધે માહારા ઉપર મીતરાચારી તથા પેઆરનાં જે શબદો વાપરેઆછે, તેને માહારાં દીલમાં હેવીતો મજબુત રીતે અસર કીધીછે જે (તમારી મેહેરબાંની) હું કધી ભુલનાર નથી, તે વીશે માહારાં દીલનો વીચાર જાહેર કરવાને મહને શબદો મલી આવતા નથી.

બાવીસ વરશ સુધી તમોએ મહને અજમાવેઓ તે વીશે તમો બોલીને મહને માન આપોછો તે ઉપરથી મહને પણ મોહોટાં માનથી અને માહારાં દીલની પતીજથી તમુને કેહેવાને જોગવાઈ બનેછે જે મુંબઈનાં ગાંમઠી વેપારી અને સરાફો સંગાથે જે કાંઈ હુંએ વેહેવાર ચલાવેઓ તે મધે સખાવત, આબરૂ ભરેલાં અને સચાઈનાં એટલાંતો નેક કાંમો હુંએ જોએઆછે કે તે કરતાં કોઈ બીજા દેશનાં લોકો એ બાબદમાં સરશ નથી અથવા સરશ થાઈ શકશે નહી. હેવાં (સખી આબરૂવાલાં અને સાચાં) લોકોમાં મેં લાંબી મુદત ગુજારી તેથી જે કાંઈ મહને ફાએદો થાએઓછે તે હું કધી ભુલનાર નથી, અને હેવાં લોકોનો માહારા ઉપર વીશવાશ તથા પેઆર રહેઓછે તેથી જે મહને મોહોટું માન મલેછે તે માહારી હઈઆતીની છેલ્લી ઘડી સુધી હું વીશરશ નહી.

માહારી લાએકી કરતાં વધારે કીમતની તમારી દોસતીની ઈઆદગારીની નીશાંન જે મહને આપીછે જેથી આપણે બંધે વચ્ચે એકસરખી ચાલનો નમુનોછે તે હું હમેશાં મોહોટા પેઆરથી ગણુશ, અને મુંબઈનાં ગાંમઠી વેપારી તથા સરાફોને જે હું મોહોટું માન આપુછું અને તેઓનો ઓશીઆલો છેઉં તેની આએ પાકીજે ઈઆદદાસત માહારાં બચાંઓને હું આપી જવશ.

જે દેશમાં માહારો જનમ થાએઓ તે ઉપર કુદરતી પરીતને કીજે તમારીથી હું જુદો થાનાર છેઉં, તોપણ હીંદુસથાંન સંગાથે હેવાતો મજબુત સંબંધો હજુર વલગેલાછે કે જેથી માહારો પેઆર (આએ દેશપર) હમેશાં ચાલુ રેહેશે. તમારા દેશમાં હું એટલીતો ટુક ઉમરમાં આવેઓ જે ઈનશાંનનાં દીલમાં જે પેઆરા વીચારો કાએમ રેહેછે તેહવા વીચારો માહારાં દીલમાં મુંબઈના ટાપુ સંગાથે લગતા રહેઆછે. તમારી સારી આબરૂની ઈઆદદાસત સાથે

માહારી હઈઆતીના સંગલાથી ખુશી ભરેલા દાહાડા એકઠા જોડાએ આછે જેથી તમારી આબરૂ તથા તંદરોસતીને કીજે માહારાં દીલની ચીંતા હમેશાં કાએમ રેહેશે.

મોહોટી આબરૂ સાથે મહને માનછે,
ગહરસથો,
તમારો ખરો અને ઉપકાર
પાંમેલો દોસત રેહેવાને,

મુંબઈની તારીખ ૨૫ મી
અકટોબર ૧૮૧૧.

(શહી) ચારલસ ફારબસ.

[જગત મીતર, ફેબરવારી ૧૮૫૦.]

સર ચારલસ ફારબસ.

[મરહુમ દસતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાંણાએ આપણા દેશીઓના સરવેને જાંણીતા મીતર સર ચારલસ ફારબસ મુંબઈથી ઈંગલંડ ખાતે જાતી વખતે તેહેની સેફતમાં જોડેલાં ફારસી બેતો.]

બેત ફારસી.

૧ {અએ શેઆરે તાજરી જીબાસ્ત બરબા લાએતો,
દોલતો એકબાલ નાજદ અજ ફરૂગે રાએ તો.

અએ (ફારબસ) સોદાગરીનો પોશાક તાહારાં બદન ઉપર જેબદારછે, અને તાહારી અકલની રોશનીથી તાહારૂં એકબાલ તથા દોલત નાજ કરેચ.

૨ {દર લેબાસે મેહતરી તાજર ન દીદમ આંન ચનાન,
બા શેકોહો હેલમો હેકમતે ખોસરવી જીબાએતો.

બુજોરગીનાં લેબાસમો તાહારા જેવી જાહોજલાલી તથા ગંભીરાઈ અને પાદશાહતને જેબ આપનારી દાનાઈ સાથેનો સોદાગર હુંએ નથી જોએઓ.

૩ {ધશતે નાંમત ફારબસ કંદર દીઆરે હીનદો રૂમ,
દર સખાઓ જુદો એહેસાંન કસ મદીદ હમતાએતો.

તાહારૂં નામ ફારબસ કરીને મશહુર થાએલુંછે, અને હીંદુસથાંન તથા રૂમનાં મોલકમો તાહારી મીસાલનો સખાવત તથા બખશેશ અને એહેશાંન કરવામો કોઈ બીજો નજર નથી આએઓ.

૪ {હાતમો નોશીરવાંન અંદર કરંમ નાંમી બુદંદ,
{રાસ્ત ગોએશ્યંમ કએરસંદ બાજુદે જાંન અફ્જાએતો.

હાતંમ તથા નોશેરવાંન સખાવત તથા બખશેશ કરવામો નામદાર થાઈ ગીઆય, પણ હું રાસત કેહુંય કે (હાલ જમાને) જાંનને ખુશી બખશનારી તાહારી સખાવતને કોઈ નહી પોંહોંચે.

૫ {ધશત શોહરે દરજેહાંન અજ્ દોલતો બખ્તતનેશાંન,
{કીન બુદ દાદે એલાહી અજ્ ફરરેસી માએતો.

તું જે બખ્તાવરી તથા દોલતમંદીની નીશાંને કરી આલમમો શોહરત પાંમે ઓય, તે તાહારાં રોશન તાલેને લીધે ખોદાતાલાની તાહારી ઉપર બખશેશ ઉતરીય.

૬ {દીગરાંન નેઆંમત જમે કરદંદ અજ્ તશવીશો ગંમ,
{સાએઅએ ફરરે હોમાએ ખાસ બુદ મોલજાએતો.

બીજા લોકો તો તશવીશ તથા મેહેનતથી દોલતમંદ થાઈ ગીઆય, પણ તાહારી પનાહની જગો તો ખાસ હોમાએ (જાંનવર) નો મોબારેક સાએઓ થાઈ પડેઓય.

૭ {શેહ સેકંદર દર જેહાંન ગરદીદ તલબી દોનીઆફત,
{બુદ ઈશ્ક કતરે જે જાંમે મરેહમત અફજાએતો.

પાદશાહ સેકંદર (આબે હએઆતનું પાણી મેલવવા સારૂં) પરથવીના આખા ગોલા ઉપર ફરી વલેઓ તોપણ તે તેહેને મલેઉં નહી, પણ તે પાણી તાહારી મેહેરબાંનગીની વધારનારી જાંમ મધેનો એક કતરો હતો.

૮ {મન નદીદંમ દર જમાંને તવંગર દરવીશરા,
{લેકન દર જલ્સે જલાલે ખોરરમી આરાએતો.

જમાનાના દરમીઆંનમો ફકીરને તવંગર થાએલો હુંએ નથી જોએઓ, પણ ખુશવકતી વધારનારા તાહારા બુજોરગ સાએઆ નીચે (જોએઓય).

૯ {બાદ ફરખુનદે તોરા દર મસકને માલુ ફરફત,
{ખોરરમીઓ શાદમાંની હર જમાંન પીરાએતો.

તુંને તાહારે અસલ વતન જવું મોબારેક હોજો, અને હમેશે ખુશી ખોરરમી તાહારૂં મોબારેક જવેર થાજો.

૧૦ {ઈઆરીએ ઈઅજદાંનત હમરેહ બાદની કંદર સફર,
{દર વતંન જુદી રસાંનદ બાહમેં જલસાએતો.

સફરનાં દરમીઆંનમાં પાક ઈઅજદાંની ઈઆરી તાહારી સાથે હમરાહ થાજો, કે તે તુંને તાહારા સંગલા સાથીઓ સાથે તાહારાં વતનમો જલદીથી પોંહોંચાડે.

૧૧ {હર જમાંન દર બાગે બખતત તાજગી વારેદ શવાદ,
નો નેહાલાંન સબજ બાદા બર મોરાદો રાએતો.

તાહારી બખતાવરીના બાગમો હમેશાં તાજગી ઉતરજો, અને તે બાગમો તાહારી મોરાદ તથા દાંનાઈને માફકનાં નવાં ઝાડો હમેશાં લીલાં રેહેજો.

૧૨ {ચીસત આન મકસદ કેતો બરવેન ધશતી કામીઆબ,
તા કે એદલ અજ ખોદા ખાહદ હમી એકજાએતો.

કેહી મોરાદ તું નથી પાંમેઓ, કે જે મોરાદ બજા લાવવા વીશે એદલ પાક ખોદાતાલાથી ખાહેસ કરે.

૧૩ {ઈઆવરો હમસાજે તો હોરમજદજીએ રોશંન ખેરદ,
જાંનો દેલ એકસાંન શુમારા બાદેલે દાંનાએતો.

તાહારાં દાંનાઈ ભરેલાં દેલ સાથે તાહારો મદદગાર તથા જાંની દોસત રોશન અકલનો હોરમજદજીછે, તેજ મુજબ તમો સાહેબોનો જાંન અને દેલ મલતું રેહેજો.

૧૪ {ઈઆ એલાહી નીક સાજી સાલો માહો રોજો શબ,
કેઉ હમેશે ખેર ખાહદ બંદએ ગોરબાંએતો.

અએ હકતાલા (ફારબસનું) રાત દાહાડો અને વરશ ખુબી ભરેલું કરજે, કેમકે તે હમેશે તાહારા ગરીબ બંદાવોની નેકી ચાહેછે.

૧૫ {બીસ્તો પંનજોમ બુદ તારીખ ઈનજે માહે અકટોબર,
હમસંને અજ ગેનો જાદો ઈઆ ખેદાંન અજરાએતો.

એ દાહાડે અકટોબર મહીનાની પાંચમી તારીખ હતી, તથા એહેનો સને તાહારી દાંનાઈએ કરી ગેન જાદ અને ઈઆ મધેથી જાંણ.

[જગત પરેમી, નવેમબર ૧૮૫૨.]

સર જાંન પીટર ગરાંટ.

હીંદુસથાંનના વતનીઓના હક અને આપએખતીઆરીનો એક ખરો દોસત અને એક્કો ખેરખાહ તથા આએ દેશની પાદશાહી વડી અદાલતમાં બીરાજનાર અને રઈએતના હક ખાતર સરકાર સાથે લડનાર એક નામીચો અને સુધો નીઆએધીસ સર જાંન પીટર ગરાંટ થાઈ ગએઓછે.

જાંન પીટર ગરાંટ તા૦ ૨૧ મી સપટેમબર ૧૭૭૪ ને દીને જનમેઓ હતો. સકાટલંડ દેશમાં સર જાંન પીટર ગરાંટનું કુટુંબ નામીચું ગણાતું હતું, અને તેઓને 'ગરાંટસ આફ રાથીમરકસ' કરી કેહેતા હતા. જાંન પીટર ગરાંટનો જોએઆમેલે મકરાથ નામની જગોમાં જનમ થાએઓ હતો. મી૦ જાંન પીટર ગરાંટે નાંધપણથી સકાટલંડ દેશની નીશાલોમાં કેલવણી લીધી હતી, તેઆરપછી એ ધણી ઈંગલંડ આવેઓ અને આકસફરડની નામીચી મદરેસામાં કેલવણી લીધી, અને કેટલીએક મુદત પછી મી૦ ગરાંટનાં પુરવીનપણાંને ઘટારત "માસતર આફ આરટસ" નો તેહેને ખેતાબ મલેઓ. મી૦ ગરાંટ તે વખત બરીટીશ લાહા અથવા કાએદાઓની તાલીમ લેતો હતો. પછી ટુક મુદતમાં પોતાનું કામ તે પકું શીખેઓ અને તા૦ ૧ લી ફેબરવારી ૧૮૦૨ ને દીને જાંન પીટર ગરાંટને ઈંગરેજી અદાલતોમાં બારીસટરનું કામ ચલાવવાને છુટ મલી.

ઈંગલંડ દેશનાં જુદાં જુદાં પરગણાંઓમાં વરશમાં કેટલીએકવાર ફોજદારી અથવા દેવાની મોહોટા મુકદમાની તપાસને કીજે નીઆએધીસો તથા તેઓની સાથે વકીલો તથા બારીસટરો ફરીને ઈનસાફ કરવા નીકલેછે તેનું કારણ એછે જે સંગલે જુદે જુદે પરગણે વડી અદાલતો મુકરર કીધામાં આવતી નથી તેથી નીઆએધીસો તથા તેઓની સાથનાં આદમીઓને પરગણે પરગણે ઈનસાફ કરવા ફરકું પડેછે. મી૦ જાંન પીટર ગરાંટને બારીસટરની સનદ મલેઆ પછી કેટલીએક મુદત સુધી જડ જોની સાથે ઊપલી રીતે ફરવું પડીઊં હતું, અને એ ધણીએ પોતાના ધંધામાં ઘણો જશ મેલવેઓ હતો તેથી ઘણે ઠેકાંણે તેહેની તારીફ થાવા લાગી, અને ડીઊક આવ સસેકસ તથા બીજા કેટલાએક નામીચા અમીરો સાથે મી૦ ગરાંટને દોસતી પડી ગઈ તેથી મીજલસમાં તથા આબરૂમાં તે જલદીથી વધવા લાગો, અને રાજદુઆરી કારભારમાં તથા રાજનીતીની ગોઠવણોમાં આસતે આસતે શામેલ થાતો ગએઓ, અને પારલામેંટની સભાવાલાઓએ તેહેની ચાલાકી તથા હોશીઆરી તરત પીછાંણી લીધી.

સને ૧૮૧૨ નાં વરશમાં બરીટોશ પારલામેંટની ફરીથી ગોઠવણ કરતી વખતે લીનકનશાએર પરગણાંના ગરીમશબી નામનાં શેહેરનાં લોકોએ મી૦ જાૅન પીટર ગરાંટને પોતાની તરફથી પારલામેંટની સભામાં બીરા જવાને ચુંટી કાહાડેઓ, અને તે ઓધો ૬) વરશ જેવારે પારલામેંટની સભા છુટી પડી તાંહાંસુધી તેહેને પકડી રાખેઓ. બીજે વરશ ઈઆને ૧૮૧૯ નાં વરશમાં લારડ જાૅન રસલ જે હાલ આપણી રાંણીનો પર ધાંન થાએછે તેહેની ઊપર ચહડાવો કરીને મી૦ ગરાંટને તેવીશટાક નામનાં શેહેરની તરફથી હાઊસ આવ કામનસની સભામાં બેશવાને ચુંટી કાહાડે આમાં આવેઓ હતો. એ પરમાણે સને ૧૮૨૬ સુધી મી૦ જાૅન પીટર ગરાંટ બરીટીશ પારલામેંટની સભાનો એક અગતનો મીજલસી થાઈ પડેઓ હતો.

પારલામેંટની સભામાં મી૦ ગરાંટ ઘણો ચંચલ અને આપએખ તીઆર હતો, અને પોતાના હમનબરદોને વારેઘડીએ ઘણો કંટાલો આપતો હતો, તથા સફાઈદાર બોલવામાં તથા ભાશાંણો કરવામાં મી૦ ગરાંટ એક્કો હતો. કેહેછે કે એક વખત રઈઅતને નામે લુચા લોકોની તરફથી પારલામેંટમાં એક અરજી આવી પોંહોંચી તે અરજીપર મી૦ જાૅન પીટર ગરાંટે સખત મુજાહેમત કીધી તે સાંભલીને તેહેની ઊપર તે લોકો ઘણા ગોસે થાએઆ અને તેહેનું ઘેર લુટવા તથા તેહેને મારવાનો વીચાર કીધો. હેવામાં મી૦ રાબરટ ગરાંટ નામનો એક શખસ પારલા મેંટની સભામાંથી બાહેર નીકલેઓ તેબી સભામાં બેશનાર હતો તેથી લોકોએ ભુલાવો ખાધો અને તે બીચારાનાં ઘેરમાં જાઈ તેહેની બારીઓ ભાંજી નાખી અને મોહોટું તોફાંન ઊઠાવેઊં. પારલામેંટની સભામાં મી૦ ગરાંટનાં ભાશાંણો ઘણાં સફાઈદાર અને લાએકી ભરેલાં હતાં, અને હોશીઆરીને વાસતે તેહેને આબરૂ મલતી હતી. લારડ પલંનકેટ અને મી૦ કેઆંનીંગ જે ધણીઓ પારલામેંટની સભામાં બેશનાર અને એક્કા કાબેલ તથા ચાલાક હતા, તે લોકોનાં મતની મી૦ ગરાંટ ઘણીવાર સાંમણે થાએઓ હતો, તોપણ લારડ પલંનકેટ અને મી૦ કેઆનીંગ

વારેવાર તેહેની તારીફ કરતા હતા અને તેહેનાં ભાશાંણોમાં કઊઅત જોઈ અજાએબ રેહેતા હતા.

મી૦ ગરાંટ પોતાના ઓધાપર ઘણો સુધો અને આપએખતીઆર હતો તે ઘણાં લોક જાંણેછે. કાંએજે મુંબઈ મધે પણ તેણે એ પાંતીનો તારીફ કરવા લાએક ખવાસ બતલાવેઓ હતો તેહેની વીગત હવેપછી જણાવેઆમાં આવશે. મી૦ ગરાંટ પોતાનાં વતનમાં પણ તેમજ હતો, અને બારીસટરનું કામ ચલાવતી વખતે ઈંગરેજી ધારાઓની સમજ બાબે ઈનસાફ કરનારાઓ સાથે વારેવાર. તકરારો કીધી હતી, અને જો પણ તેમ કીધાથી તેહેના ઘણાએક શખસો દુશમન થાએઆ હતા તોબી બીજા અપખશપાત શખસોનો તેહેની ઊપર પેઆર ઘણો હતો, અને તેહેની ચાલાકીને ઘણું માન મલતું હતું. પારલામેંટની સભામાં તેહેની ચાલ વીશે તારીફ થાએઆથી મી૦ ગરાંટ આબરૂ તથા દરજજે ઘણો વધી ગએઓ હતો, પણ જેવારે તેહેની તરફવાલી બાજુના અધીકારી ઓએ એ નામીચી સભામાં શેકશત ખાધી અને પાદશાહના પરધાંનો નવા થાએઆ તે વખતથી ઈઆને ૧૮૨૬ થી હાઊસ આફ કાંમનસની સભા માંથી તેહેનો ઓધો નીકલી ગએઓ, અને પાછો તે બારીસટરનો ધંધો આગલનાં કરતાં વધારે હોશીઆરીથી ચલાવવા લાગો. ટોરી બાજુના પરધાંનો જેમાંના કેટલાએક મી૦ ગરાંટના દોસતદારો હતા તેઓનો અંમલ જેવારે પાછો ચહડતો થાએઓ તેવારે મુંબઈની સુપરીમ કોર ટના નાંધલા જડજની ચાકરીપર મી૦ ગરાંટને તેઓએ મુકરર કીધો અને ધારા પરમાંણે નાઈટનો તેહેને ખેતાબ મલેઓ.

સર જાંન પીટર ગરાંટ ઈશવી ૧૮૨૮ નાં શાલની શરૂઆતમાં મુંબઈ આવી પોહોંચેઓ અને પોતાનો ઓધો અસતેક કીધો તે વખતે અતરેની સુપરીમ કોરટમાં સર હારકોરટ ચેમબરસ તથા સર એડવરડ વેસટ નામના બીજા બેએ જડજો હતા. તેઆરપછી સર એડવરડ વેસટ મરણ પાંમેઓ અને મુંબઈમાં પાદશાહી અદાલતના માતરે બેએ જડજો રહી ગએઆ. એ વખતપર દેશીઓને પેટી જુરીમાં બેશવાનો પેહેલ

વેહેલો હક મલેઓ હતો, અને તે ઓધાપર દેશીઓની શકતી વીશે તપાસ ચાલતી હતી. ઈંગલંડ દેશમાં કેટલાએક અદેખા લોકો હેવું બોલતા હતા જે હીંદુસથાંનના ગાંમઠીઓ જુરીમાં બેશવાને લાએક નથી તથા તેઓ કધી અપખશપાત મત આપનાર નથી, એ રીતની તાંહાં ભાંજગડ ચાલતી હતી અને તે વીચારની સચાઈ વીશે સોધ કરવાને સર જાંન પીટર ગરાંટ અતરે આવેઓ હતો, અને થોડી મુદતમાં તેહેની ખાતરી થાઈ જે જુરી ભરવા વીશેના ઈંગરેજી ધારા હીંદુસથાંનને લાગુ પાડેઆથી અતીઘણો ફાએદો થાએઓ હતો. એ બાબદ વીશે અતરેની સુપરીમ કોરટમાં સર જાંન પીટર ગરાંટે એક દાહાડે હેઠલ જણાવેલી રીતે પોતાનો વીચાર જણાવેઓ હતો.

"આએ સવસથાંનમાં (એટલેજે મુંબઈ ઈલાકામાં) હું આવેઓ તેહેની થોડી મુદત પછી ગાંમઠીઓને પેટીજુરીમાં દાખલ કરવાનો ધારો નીકલેઓ. ગાંમઠીઓ પેટીજુરીમાં પોતાનો ઓધો શી તરેહેથી બજાવેછે તે વીશે તપાસ કરવાને મહને પુરતો વખત તથા જોગવાઈ મલી આવીછે. માહારી પેઠે જે કોઈ શખસે એ બાબદ વીશે તપાશીઉં હશે તે વીશે મહને ખાતરીછે જે તેહેની સારી પેઠે પતીજ થાઈ હશે કે ગાંમઠીઓ તે ઓધો બજાવવાને વખાંણ કરવાજોગ લાએકછે, અને તેઓની મદદથી ઈનસાફનાં કામમાં ઘણાં સારાં ફલ નીપજેઆંછે. ગાંમઠીઓ હાલ જે પરમાંણે પેટીજુરીઓમાં બીરાજેછે તેજ પરમાંણે હું આશા રાખુંછું કે ટુક મુદતમાં તેઓ ગરાંડજુરીઓમાં* પણ બીરાજશે. ગાંમઠીઓમાં જે જે શખસોના દરજજા પરમાંણે આપણા સતાવાલાઓ જે કાંઈ ઓધો તેઓને સોંફશે તે બાબે માહારી પકી સમજછે કે તેથી આએ દેશના વતનીઓને તથા તે ઓધો ધરાવનાર ગાંમઠીઓને મોહોટો ફાએદો થાએઆ વના રેહેશે નહી. માહારા પોતા ઉપર જે અગવડો આવી પડી હતી અને માહારા ઓધાને લગતી જે માહારેથી અજમાએશ થાઈછે તે ઉપરથી હું જણાવવા માંગુંછું જે ગાંમઠીઓની પંચથી માહારીપર ઘણો ઉપકાર થાએઓછે, અને તેઓમાંના આબરૂવાલા ગહરસથોની સારી ચાલથી માહારાં દીલમાં તેઓ ઉપર એટલોતો પેઆર અને આતુરતા વધીછે જે તે માહારાં દીલમાંથી કધી નીકલી જનાર નથી."

---

* ગાંમઠીઓને આગલ ગરાંડજુરીમાં બેશવાની તથા ખરીસઠીઆંન અપરાધીઓની તપાસ કરવાની સતા હતી નહી તે અણઘટતો ધારો આપણા માઆલુ અને સવરગવાશી મીતર સર ચારલસ ફારબસની મદદથી ઈશવી સને ૧૮૩૨ નાં વરશમાં રદ કીધામાં આવેઓ હતો. (જુવો આએ દફતરને સફે ૯૫ મે.)

સર જાંન પીટર ગરાંટના વખતમાં અને તેહેની આગમજ મુંબઈનું પોલીસખાતું ઘણુંજ બેદાદી ભરેલું ચાલતું હતું. સને ૧૮૧૧ નાં વરશમાં મુંબઈના રીકારડર સર જેમસ મેકીનટાસની મદદથી એ ખાતાંમાં ઘણો સુધારો થાએઓ હતો તેથી આગલ પોલીસખાતાં વીશે કાંઈ મુકરર કીધેલા ધારા બાંધેલા હતા નહી, તે ધારા બાંધી આપેઆમાં આવેઆ હતા, અને તેથી બીજો કેટલોએક ગુણગારો બંદોબસત થાએઓ હતો,† તોપણ પોલીસવાલાઓની ઘણીએક ગફલત કાએમ રહી હતી, અને ચોરોની ટોલકીઓ આપણા ટાપુના સંગલા ભાગોમાં ફરતી હતી, અને રઈએતનાં જાંન અને માલને તેથી વારેવાર ભારી નુકસાંન પોંહોંચતું હતું. એ કારણ ઊપરથી મુંબઈના સંગલે વાધેના ગાંમઠી રેહેવાસીઓએ સને ૧૮૨૯ નાં વરશમાં ચોરો અને લુટારાઓ ઊપરની જપતી સખત કરવાને નામદાર ગવરનર ઈન કાઊનસીલને અરજી કીધી હતી, અને ગરાંડ જુરીએ તેજ વખતે પાદશાહી અદાલતમાં સર ગરાંટનું એ બાબદ ઊપર ધેઆંન પોંહોંચાડેઊં હતું, તેહના જવાબમાં સર ગરાંટે મોહોટી કાબેલીઅત ભરેલો ઊતર વાલેઓ અને તે મધે એ બાબદને લગતા ઈંગરેજી ધારાની પુરી સમજ પાડીને જણાવેઊં જે બરીટીશ ધારા એ કારણસર ઘણા અછા અને કામજોગછે, પણ માતરે સતાવાલાઓને તે ધારા પર માંણે ચાલતાં આવડતું નથી. સર જાંનનાં ભાશાંણથી પોલીસખાતાંની ગોઠવણમાં મોટો ફાએદો થાએઓ હતો.

સર જાંન પીટર ગરાંટને હીંદુસથાંનમાં ઈસટ ઈંડીઆ કંપનીનો અમલ પસંદ આવતોતો નહી, અને જીલ્લા કોરટના બેદાદી ભરેલા ઈનસાફને તાલવા અને પાદશાહી અદાલતનો અમલ વધારવાની સર જાંનની મોહોટી ઈછા હતી, તે ઈછા પુરી પાડવાને તેહેને જલદીથી જોગવાઈ બની આવી, અને તે ઊપરથી મુંબઈની સરકાર અને સુપરીમ કોરટ વચ્ચે જે મોહોટો જધડો ચાલેઓ તે વીશે અલબત હમારા કેટલાએક વાંચનારાઓ અંજાણા નહી હશે. એ કજીઆઓની વીગત હમો અતરે પરગટ કરીએછે—

† મારલીનસ ડીજેસટ આફ ઈંડીઅન કેશીસ—મુંબઈની પોલીસની બાબદમાં.

"થાણાંની જીલ્લા કોરટ મધે બાપુ ગનેશ નામના એક શખ્સને સરકારી નાણાં પોતાને કીજે વાપરવાના અનેઆએ ઉપરથી બેએ વરશ કેદની શીખ્શા મલી હતી. બાપુ ગનેશે પોતાની ઉપર અનેઆએ ઠહેઓ તે વીશે કાગળીઆં મેલવવાને જીલ્લા કોરટને અરજ કીધી, પણ તેહેની અરજ કબુલ રાખેઆમાં આવી નહી, તે ઉપરથી બાપુના હીમાએતીઓએ અતરેની કોરટમાં અરજ કીધી, અને તે મુજબ હેબીઅસ કારપસનું હોકમનામું બાહેર પાડેઉં, અને બાપુ ગનેશને મુંબઈની સુપરીમ કોરટમાં લઈ આવેઆ. બાપુ ગનેશને જે અનેઆએ ઉપરથી કેદ રાખેઓ હતો તે બાબેતું 'રીત' ભુલથી અસંમપુરણ હતું તે ઉપરથી મુંબઈની કોરટે બાપુને પાછો જેલમાં લઈ જવાનો હોકમ આપેઓ અને 'રીત' સુધારવાને ફરમાવેઉં. સર જાંન માલકંમ તે વખત મુંબઈનો ગવરનર હતો, તેણે જેલરને 'રીત' સુધારવાની મનાઈ કીધી તે ઉપરથી સુપરીમ કોરટે બાપુ ગનેશને છોડી મુકીઓ."

મુંબઈની સરકાર તથા સુપરીમ કોરટ વચ્ચે જે જઘડો ચાલેઓ તેહેનું પેહેલું ઊપર જણાવેલું કારણ હતું, પણ અતરેની સરકારને સારી પેઠે ખબર હતી જે બાપુ ગનેશની બાબદમાં થાણાંની જીલ્લા કોરટવાલાઓની મોહોટી ભુલ થાઈ હતી તે ઊપરથી તેઓ કાંઈ બોલેઆ નહી અને બંધવાને છુટો મુકવા દીધો અને એ વાત નરમ પડી ગઈ. બીજો એક કજીઓ ટુક મુદતમાં સુપરીમ કોરટની હજુરમાં આવેઓ કે જે ઊપરથી સર જાંન પીટર ગરાંટને કોરટ બંધ કરવાની જરૂર પડી, અને અંતે તેહેને પોતાનો ઓધો છોડવો પડેઓ, તે કજીઆની વીગત હેઠલ જોઆથી માલમ પડશે—

"પુણાં મધે મોરૂ રૂગનાથ નામનો મરેઠાની ગનેઆતનો અને નામીચાં ખાંનદાંનનો ૧૪ વરશની વએનો એક છોકરો રેહેતો હતો. તે ઘણો તવંગર હતો અને તેહેનો બાપ મરણ પાંમેઓ હતો તેથી તે પોતાની માએની તરફનાં બેશો સાથે રેહેતો હતો, અને પોતાના મામાનાં કુટુંબમાં લગણ કીધાં હતાં. હવે હીંદુ લોકોમાં હેવો ધારોછે જે જો કોઈ બચાંનાં માંબાપ મરણ પાંમે તો તેહેના બાપની તરફના બેશને તેહેનો સંભાલ કરવાની તથા તે બચાંને પોતાનાં અસતેકમાં લેવાની ફરજછે. એ ઉપરથી મોરૂ રૂગનાથના બાપનો એક કાકો હતો જેહેનું નામ પાંડુરંગ રાંમચંદર કરીને હતું, તે ધણીને મોરૂના મામાની સંગાથે ટંટો થાએઓ તેથી પોતાની સતા ચલાવી પાંડુરંગ તે છોકરાને પોતાને ઘેર લઈ ગએઓ, અને બાર મહીના સુધી પોતાને ઘેર રેહેવા દીધો. પોતાના બાપના કાકા સંગાથે

રેહેવાની તે છોકરાની ખુશી હતી નહી તેથી એક દીવસ તે નાહાશીને પોતાના મામાના ઘેરમાં ગીઓ, એટલા ઉપરથી પાંડુરંગ રાંમચંદરને ઘણો ગોસો ચહડેઓ, અને હીંદુ લોકોના ધારા પરમાંણે તેહેને ઈંગરેજી સતાવાલાઓને અરજ કીધી. તે ઉપરથી મી૦ ડનલાપ નામના ઈસટ ઈંડીઆ કંપનીના એક અમલદારે મોરૂ રૂગનાથને તેહેના બાપના કાકાના અસતેકમાં પાછો અપાવેઓ. મોરૂની બઈએર તરફનું કુટુંબ આએ બનાવ જોઈ ઘણું દલગીર થાએઉં, એટલાંમાં તેઓને ખબર પોંહોંચી કે મુંબઈ મધે સુપરીમ કોરટછે તે મધે સરવે કોઈનો રાસત ઈનસાફ થાએછે વાસતે તેઓ તે કોરટને અરજી કરે તો તે છોકરાના મનમાં આવે તાંહાં રેહેવાની તેહેને સતા મલે. એ ઉપરથી તેઓએ સુપરીમ કોરટને અરજ કીધી, અને અદાલતમાં હાજર રેહેવાને જડજોએ પાંડુરંગ રાંમચંદરપર એક સમન મોકલેઓ, તે સમન અતરેથી એક પોરટુગીજ પુણે પોંહોંચાડવા ગએઓ અને સુપરીમ કોરટનાં દબદબા વીશે આખાં શેહેરમાં તેહેને ઘોઘાટ કરી નાંખેઓ. જાંણવું જે પાંડુરંગ રાંમચંદર મરેઠાઓનો એક સરદાર હતો, તેથી ઈંગરેજો સાથે કોલકરાર મુજબ તે ઈંગરેજી રાજની રઈએત દાખલ ગણાતોતો નહી તે કારણથી મુંબઈની સરકારે સુપરીમ કોરટનો સમન માંનવો નહી હેવી પાંડુરંગને ભલાંમણ કીધી, અને તે સાથે મુંબઈની સરકારે પાદશાહી અદાલતના જડજોને લખી વાલેઉં જે ઈસટ ઈંડીઆ કંપનીના ચારટરની સરત મુજબ તેઓનો પાંડુરંગ રાંમ ચંદર પર અમલ ચાલી શકશે નહી, વાસતે તેઓ એ બાબદ વીશે ઈંગલંડ લખી વાલે અને તેહેનો જવાબ આવે તાંહાંસુધી સુપરીમ કોરટને થોભવું ઘટારતછે."

એ વખતે મુંબઈની સુપરીમ કોરટમાં બેએ જડજો હતા, પણ હેવામાં સર હારકોરટ ચેમબરસ મરણ પાંમેઓ, અને એ કજીઆનો સંગેલો જોખમ સર જાંન પીટર ગરાંટને માથે પડેઓ. સર ગરાંટે પોતાનો હેવો વીચાર જણાવેઓ જે મુંબઈ સરકારને આએ બાબદમાં વચમાં પડવાની તાકાદ નથી, અને મુંબઈના ટાપુમાંથી કોઈ ગાંમઠી બાહેર જાએ અને સુપરીમ કોરટનો તેહેની ઊપર અમલ ચાલે નહી એ વાત કધી બનનાર નથી. હેવો વીચાર જણાવીને સર જાંન પીટર ગરાંટે હેબીઅસ કારપસનું એક હોકમનામું કાહાડેઊં, અને તે મધે પાંડુ રંગ રાંમચંદરને ફરમાવેઊં જે મોરૂ રૂગનાથને સુપરીપ કોરટમાં હાજર કરે. પણ તે હોકમનામું પોંહોંચાડેઆની આગમજ મુંબઈની સરકારના હોકમથી પાંડુરંગના ઘેર આગલ લશકરી પલટણની એક ટુકડી ઊભી

રહી અને હોકમનામું પોંહોંચાડવાનો અટકાવ કીધો! સુપરીમ કોરટના અમલદારે આએ રીતનું અપમાંન જોઈને પાદશાહી સુલેહનાં અમલદારો જેવો પુણાં મધે માજીસટરેટનો ઓધો ચલાવતા હતા તેઓની મદદ માંગી, પણ મુંબઈ સરકારના હોકમથી તેઓએ વચમાં પડવાને નાં પાડેઊં. તેઆરપછી સુપરીમ કોરટે હાજર થાવાને પાંદુરંગ રાંમચંદરપર સમન મોકલેઓ તે હાથોહાથ પોંહોંચેઓ નહી અને કેટલીએક મારામારી થાઈ, પછી કોરટનો અમલદાર ધારા પરમાંણે તે સમંન પાંદુરંગનાં ઘેરમાં મુકી આવેઓ, પણ પાંદુરંગ રાંમચંદર કોરટમાં હાજર થાએઓ નહી. તે ઊપરથી સુપરીમ કોરટે પાંદુરંગને પકડવાને 'રીત' કાહાડેઊં, અને તે 'રીત' મુંબઈની સરકારપર મોકલેઊં જે સરકારે પોતાની મેહેન તથી પાંદુરંગને પકડીને સુપરીમ કોરટને હવાલે કરવો. મુંબઈની સર કારે તે હોકમ બજાવેઓ નહી અને પાછો જવાબ વાલેઓ કે તેઓએ પોતાના "આગલા ઠેરાવ પરમાંણે ચાલવાને મુકરર કીધું છે."

સર જાંન પીટર ગરાંટે જેવારે આએ રીતનો હેવાલ જોએઓ તેવારે ઈંગલંડમાં પાદશાહી પરીવી કાંઊનશલને અરજી કરવાને તેણે મુકરર કીધું, અને તે અરજી તઈઆર કરી તેની એક નકલ મુંબઈ સર કાર ઊપર મોકલી અને તે સાથે સર જાંને મુંબઈની સરકારને બેએ સવાલો પુછેઆ.

સવાલ ૧ લો—શું મુંબઈના ગવરનર અને કાંઊનસીલરોની મુંબઈની સર કાર દાખલની હેવી મરજીછે કે લશકરી અથવા બીજી સતાથી પાદશાહનાં અથવા પાદશાહી સુપરીમ કોરટનાં હોકમનામાં બજાવવાને અટકાવ કરવો ? અને પાદ શાહી કોરટનો અમલ જે મુંબઈ સવસથાંનના સંગલા ભાગપર ધારા પરમાણે ચાલેછે તે અમલમાં હરખત નાખવાને મુંબઈની સરકાર કાંઈ સતા ધરાવેછે ?

સવાલ ૨ જો—મુંબઈની પાદશાહી સુપરીમ કોરટ જે હોકમનામાં બાહેર પાડે તે હોકમનામાં બજાવવાને શું મુંબઈની સરકાર કોરટનાં માંગેઆ મુજબ પોતાની મદદ આપવાને ના પાડવાને અખતીઆર રાખેછે ?

ઊપલા બેએ સવાલનો મુંબઈની સરકારે ફરીને ટુંકામાં ઊતર વાલેઓ જે તેઓએ પોતાના "આગલા ઠેરાવ મુજબ ચાલવાને મુકરર

કીધુંછે." જેવારે સર જાંન પીટર ગરાંટને આએ જવાબ મલેઓ તેવારે તારીખ ૨૧ મી આપરેલ ૧૮૨૯ ને દીને તેણે સુપરીમ કોરટ મધે આલમને જાહેર કીધું જે પાદશાહની અદાલતનો હોકમ માંનવાને મુંબઈની સરકારે ના પાડેઊંછે, તે શબબથી મુંબઈની સુપરીમ કોરટ તે દીવસથી બંધ કરવાને તેણે મુકરર કીધું હતું, અને પોતાનો ઓધો નહી વાપરવાને તે દીવસથી તેણે ઠેરાવ કીધો હતો. એ મુજબ તારીખ ૨૧ મી આપરેલ ૧૮૨૯ ને દીવસથી મુંબઈની સુપરીમ કોરટનું સંગલું કામકાજ બંધ થાએઊં

પાદશાહી કોરટ બંધ કીધા પછી સર ગરાંટે પોતા વીશેનો સંગલો હેવાલ કલકતાની વડી સરકાર ઊપર લખી જણાવેઓ, અને તેઓનો આસરો માંગેઓ, પણ કલકતાવાલાઓએ વચમાં પડવાને નાં પાડી અને ઈંગલંડથી જવાબ આવે તાંહાંસુધી ખોટી રેહેવાની ભલાંમણ કીધી. તેઆરપછી તારીખ ૧૭ મી જુનને દીને સર ગરાંટે સુપરીમ કોરટ પાછી ઊંઘાડી, અને તેજ દીવસે ગરાંડ જુરીની નજદીક સરકાર સાથે પોતા વચ્ચેના વાંધાની સંગલી વીગત જણાવી.

એ વાતને લાંબી મુદત નહી થાઈ એટલાંમાં ઈંગલંડથી જવાબ આવી પોંહોંચેઓ, અને પાદશાહના પરધાંનોએ સર ગરાંટની ચાલ પસંદ કીધી નહી. તે વીશે લારડ એલનબરોએ મુંબઈના ગવરનર સર જાંન માલકંમ ઊપર એક કાગજ લખીને પોતાનો વીચાર જણાવેઓ અને તે મધે સર જાંન પીટર ગરાંટને "ઘેલો હાથી" હેવો ખેતાબ આપેઓ અને તે વખતના મુંબઈના આડવોકેટ જેનરલ મી૦ જેમસ દીવરને નાઈટનો ખેતાબ આપી સુપરીમ કોરટના ચીફ જશટીસ દાખલ તેહેને મુકરર કરવાને સર જાંન માલકંમને સતા આપી. આએ કાગજ આવી પોંહોંચેઓ તે વખતે સર જાંન માલકંમ કેટલાએક ગહરસથો સાથે પોતાના સરકારી મેહલમાં નાશતો ખાતો હતો, તેહેને તે કાગજ ખોલ્લું સરવે કોઈને વાંચી સંભલાવેઊં અને વલી બીચારા ગરાંટને ચટકો લગાડવા તે કાગજ તેહેની ઊપર મોકલેઊં, પણ તે "ઘેલો હાથી" એ કજગા

વાંચી કાંઈ દરેઓ નહી, પણ એ કાગજની નકલ અતરેનાં વરતમાંન પતરોની મારફતે પરગટ કરાવી, અને તેઆરપછી ઈંગલંડનાં પતરોની મારફતે એ વાત ફેલાઈ, અને પારલામેંટની સભામાં ઘણીએક ભાંજગડ ચાલી તથા મુંબઈની સરકારને મોહોટો ઠપકો મલેઓ.

સને ૧૮૨૯ ના શાલના સપટેમબર મહીનામાં સર ઊલીઅમ સેમોર નામનો એક નવો જડજ અતરે આવી પોંહોંચેઓ અને સર જેમસ દીવર તથા સર જાંન ગરાંટ મલીને તરણ જડજો અતરેની સુપ રીમ કોરટમાં પાછા બેશવા લાગા, પણ એ વાતને તરણ મહીના નહી થાએઆ એટલામાં સર ઊલીઅમ સેમોર મરણ પાંમેઓ.

સને ૧૮૩૦ ના શાલના જુલાઈ મહીનામાં સર જાંન પીટર ગરાંટે મુંબઈ મધેનો પોતાનો ઓધો છોડી કલકતે જવાનો ઠેરાવ કીધો, અને છેલવેહલી ગરાંડ જુરીને તારીખ ૨૪ મી જુલાઈ ૧૮૩૦ ને દીને એક ભાશાણ કહી સંભલાવેઊં, તે ભાશાંણની એક નકલ તે વખતનાં બામબે ગેજેટ નામનાં વરતમાંન પતર મધે હમારા જોવામાં આવીછે તે મધે સર ગરાંટે હેવું જણાવેઊં જે ઈસટ ઈંડીઆ કંપનીની વાંહાંણ ખાતાંની ચાકરીમાં તે વખતે કેટલાએક આરબસતાંનથી લાવેલા ગોલાંમો હતા, અને એ કંપનીનાં અમલદારોએ ઈંગલંડ દેશના ધારાથી ઊલટા ચાલીને તેઓને ગોલાંમગીરીમાં કલાઈવ નામનાં લડાઈનાં બારકસપર રાખેઆ હતા તે કામ ઘણું અણઘટતું અને સજા કરવા લાએક હતું. સર જેમસ દીવર જે મુંબઈની સરકારનો અને સર જાંન માંલકંમનો એક મીતર કેહેવાતો હતો તે પણ આએ વેલાએ સર ગરાંટનાં મત સાથે મલી ગએઓ, અને એ બાબદ વીશે તપાસ કરવાને ભલાંમણ કીધી, એ ઊપરથી સર માલકંમની એક કેહેવતછે કે 'ગધેકી પાસ ઘોડે ગએ તો બોબી ગધા હોવા' તે વાત અલબત હમારા કેટલાએક ગાંમઠી ભાઈ બંધોને ઈઆદ હશે.

સર જાંન પીટર ગરાંટની અતરેથી કલકતે જવાના એરાદાની ખબર જેવારે મુંબઈના દેશીઓમાં પડી તેવારે તેઓએ પોતામાં એક

માન પતર ઊભું કીધું, અને તે મધે એ સુધા નીઆએધીસની ખુબી સારી પઠે જણાવી. તે માન પતર તારીખ ૧૦ મી સપટેમબરને દીને મીશી અરશ હીગસ એનડ બરીગસનાં લીલાંઊખાંનાંમાં વાડીઆજી જાંગીરજી નશરવાંનજીનાં હાથથી આપેઆમો આવેઊં હતું, અને તે ઊપર આસરે ૪૫૦૦ ગાંમડી ગહરસથોની શહી થાઈ હતી. બીજું એક માન પતર ૩૦૦ પેહલે વાંવેના ગાંમડીઆએ સર જાંન પીટર ગરાંટને આપેઊં હતું તથા તેહેની તસવીર ઊતરાવી લીધી હતી. મુંબઈની સરકારથી સર ગરાંટને આટલુંબધું માન આપવાનું અદેખાઈ વગર દેખાઈ શકા ઈઊં નહી, અને સર જાંન માલકંમનાં હોકમથી એ કામ મધે તરેહેવાર હરખતો નાખેઆમાં આવી, પણ તે વાત અતરેના ઘણાએક સુધા ગાંમડી ઓએ માંની નહી, અને સર જાંન પીટર ગરાંટને માન આપવાથી તેઓ પાછા ફરેઆ નહી.

તારીખ ૨૧ મી સપટેમબર ૧૮૩૦ (જે દીને સરં જાંનની વરશ ગાંઠ હતી) તે દીને સર જાંન પીટર ગરાંટ અતરેથી કલકતા ખાતે ઈસ ટીમર "એનટરપરાઈજ" કપટાંન લીંચ વાલીમાં રવાંને થાએઓ, એ વીશે તારીખ ૨૭ મી સપટેમબર ૧૮૩૦ નાં મુંબઈ સમાચારમાં બોલેછે—

"ગએઆ મંગલવારને દીને (એટલે જે તારીખ ૨૧ મી શપટેમબરને દીને) શર જાંન પીટર ગરાંટ નાઈટ અગનીના શાંચાના વાંહાંણ ઉપર ચહડેઓ અને એ વાંહાંણ તે દીને શ્રી કલકતે જાવા શારૂં ઉપડી ગએઉં અને એ શમે પાલ વાના ડંકા ઉપર તથા બોરોજે ઉપર તથા માંડવીનાં બંદર ઉપર હજારો માણસો એકઠાં મલેઆં હતાં અને તેમાંનાં ઘણાંએક શર જાંનનાં મછવા શંગાથે તે શાહે બને પોહોચાડવા શારૂ ગએઆં હતાં અને ઘણાંએક અગનીનાં શાંચાનાં વાંહાંણ ઉપર ગએઆં હતાં તે જાંહાંસુધી તે વાંહાંણ ઉપડીઉ તાંહાંસુધી તે વાંહાંણપર ખોટી રહાં હતાં. શર જાંન ગરાંટને શઉ કરતાંને એક મોહોટું માંન જે ઘટતું હતું કે શ્રી મુમબઇની બતેરી ઉપરથી તોપોનાં મોહોટાં ભએ ભરેલા બારો જાહા ડવાં તે તેહેને મલીઉં નહી."

તારીખ ૧૬ મી અકટોબર ૧૮૩૦ ને દીને સર જાંન ગરાંટ કલકતે જાઈ પોંહાંચેઓ, અને પોતાનો જડજનો ઓધો છોડી દઈને કલકતા મધે

તેણે બારીસટરનું કામ શરૂ કીધું. સુધાપણાં અને આપઓખતીઆરીને વાસતે આએ રીતે એ બીચારાને શેવવું પડીઊં હતું, પણ સર જાંન તે દુખ કધી મનમાં લાવેઓ નહી, અને જડજનો ઓધો વાપરી પાછો બારીસટરનો ઓધો ચલાવવાને કાંઈ અડચણ કીધી નહી. એ વાતને કેટલીએક મુદત થાએઆ પછી સર જાંન કલકતાની સુપરીમ કોરટમાં પીઊની જડજના અને તેઆરપછી ચીફ જડજના ઓધા ઊપર મુકરર થાએઓ હતો. કલકતા મધે સર જાંન પીટર ગરાંટને લગતો હેવાલ જાહાજો અગત જેહેવો નથી. એ નામદારે ૭૩ વરશની પુગતી વએ પોંહોંચેઆ પછી પોતાને વતન જવાનો ઠેરાવ કીધો, અને તારીખ ૧૨ મી મારચ ૧૮૪૮ ને દીને વાંહાંણ અરલ આવ હારડવીકમાં કલકતેથી રૂખસત લીધી, પણ તેહેનાં એકબાલમાં પોતાનું દેશ પાછું જોવાનું નહી હતું, કાંએજે એ નામીચો નીઆએધીસ તારીખ ૧૭ મી મેએ ૧૮૪૮ ને દીને વાંહાંણમાંજ મરણ પામેઓ અને તેહેની લાશ સમુદરને હવાલે થાઈ.

[જગત મીતર, જુલાઈ ૧૮૫૦.] .

"જંદ અવસતા" નાં પુસતકોનો ફરેંચ ભાશામાં તરજુમો કરનાર મોંશીઓ આંકુટીલ ડુ પેરોંના જનમારાની હકીકત.

મોંશીઓ આંકુટીલ ડુ પેરોં એ નામ હમારા ઘણાએક જાતભાઈઓને જાણીતુંછે. ઊગમણ પરાંતની બાબદમાં તેહેના એલમની રોશનાઈથી એ ધણીની ઈઆદગારી ઈઊરોપખંડ મધે કાએમ રહેલીછે; અને હીંદુસથાંન મધે જરતોસતી લોકોનાં ધરમ પુસતકોનો ઈઊરોપખંડની ભાશામાં પેહેલવેહેલો તરજુમો કરનાર દાખલ, પારસી લોકો વચ્ચે તેહેનું નામ પરસીધ થાએલુંછે. પણ મ. પેરોંના જનમારાની હકીકત ફકત

પારસી લોકોને ઈઆ ઈઊરોપીઆંનોને અગતની નથી. ઈનશાંનની ખુબી, કોશેશ, ફતેમંદી, અને છેલ્લે ઈઆદગારી એ ચાર ચીજો મેલવવાને કીજે આ નામીચા શખસની હઈઆતીનું દાસતાન આપણને એક બોજોરગી ભરેલો દાખલો બતલાવેછે, અને તેથી એ હકીકત સંગલા લોકોને જાણવાને કીજે અગતનીછે.

આંકુટીલ ડુ પેરોં ઈશવી સને ૧૭૩૧ નાં વરશમાં ફરાંસ દેશની રાજધાની પારીસ શેહેર મધે જનમીઓ હતો; તેહેનું ખાનદાન આબરૂવાલું હતું, અને તે પોતાના દેશના સરેસતા પરમાણે એક નીશાલમાં કેલવણી લીધા પછી ખરીસટીઆંન લોકોનું ધરમ શાસતર શીખવાને કીજે એક મદરેસામાં દાખલ થાએઓ હતો. આંકુટીલ એ મદરેસામાં થોડી એક મુદત સુધી રહીને એજ દેશમાં ઓકશેર અને આમરસફરટ હેવે નામનાં બેએ મુકાંમોની બીજી બેએ નામીચી મદરેસાઓમાં કેલવણી લેવા ગએઓ હતો, તાંહાં ઈઊરોપખંડને લગતી ચાલુ ભાશાઓ સવાએ હીબરૂ, આરબી, અને ઊગમણ પરાંતની બીજી જુબાનો તે શીખીઓ હતો, અને પોતાની જુવાંનીની શરૂઆતમાં પારીસ શેહેર મધે પાછો આવીઓ હતો. એજ વખતથી આંકુટીલનું દીલ દુનીઆંના બીજા સંગલા ધંધા અથવા રોજગાર ઊપરથી ઊઠી ગએઊં હતું: તેહેનું ધેઆન ઊગમણ પરાંતના એલમ પછવાડે ભમતું હતું, અને પોતાનાં ગબરૂપણાંમાં તેણે વીદીઆ પછવાડે ગોએઆ જોગીનો વેશ લીધો હતો.

આંકુટીલ જેઆરે મદરેસાઓમાં કેલવણી લઈને પારીસ શેહેર મધે પાછો આવીઓ હતો તેઆરે એ મુકામ ઊપર ફરાંસના પાદશાહનું એક મોહોટું અને નામીચું દફતરખાનું હતું. તે દફતરખાનાંમાં તે દર રોજ જતો હતો, અને તાંહાં પોતાના શોખ મુજબ અભીઆસ કરતો હતો. એ દફતરખાનાં મધે આબે સાલીએ નામના એક વીદીઆવાન શખસને પાદશાહની તરફથી હાથનાં લખેલાં કીમતી પુસતકોની ઊપર જાલવણી કરનાર દાખલ ચાકરી રાખેલો હતો, તે ધણી સાથે આંકુટીલને દોસતી પડી હતી, અને તેહેનીજ મારફતે ફરાંસના બીજા વીદીઆવાન પુરશો

સાથે એ ધણીને પીછાણ થાઈ હતી. આંકુટીલ ડુ પેરોંનું નામ જે નામીચા ગરંથથી દુનીઆંમાં આશકારા થાઈઊંછે તે ગરંથ પારસીઓનાં ધરમ પુસતકોનો ફરેંચ ભાશામાં કરેલો તરજુમોછે. એ ગરંથ પછવાડે કોશેશ કરવા અને પારસીઓનાં ધરમ પુસતકો મેલવવાની તથા તે કારણસર હીંદુસથાન ખાતે આવવાની, એ ધણીને પેહલી ઊલટ શી રીતે થાઈ હતી તે બાબેની વીગત તેહેના "જંદ અવસતા" ના ગરંથના પેહલા ભાગ મધેથી આંકુટીલના પોતાના જણાવીઆ મુજબ હમો હેઠલ ઊતારી લઈજીએ છઈએ. આંકુટીલ લખેછે—

"સને ૧૭૫૪ નાં વરશમાં જેઆરે હું પારીસ મધે હતો તેઆરે આકસફરડનાં દફતરખાનાં મધેથી જંદ હરૂફે લખેલા વંદીદાદ સાદેનાં ચેઆર કાગજો માહારા જોવામાં આવીઆં હતાં. તેજ જંગોએ અને તેજ વખતે મેં માહારો એરાદો મુકરર કીધો કે એ નામીચાં દફતરો લાવીને માહારા દેશને તવંગર કરૂં. એ દફતરો મેલવીને તેઓનો તરજુમો કરવાનો મેં ઠેડાવ કીધો હતો; અને એ કારણસર કેરમાન અથવા ગુજરાતના પારસીઓ પાસેથી તાલીમ લેવાની અગત હતી. હેવું કામ માથે લીધાથી મેં ધારીઊં કે દુનીઆંની ભાશાઓનાં મુલ વીશે મેં જે માહીતગારી મેલવી હતી તેમાં વધારો થાશે, અને દુનીઆંની ભાશાઓમાં જે ફેરફાર થાએછે તેહેની વધતી સમજ હું મેલવી શકશ. અને વલી બીજું એકે ઊગમણ પરાંતના એલમ વીશે આપણે ગરીક અને લાટીન પુસતકોમાં ફોકટ મેહેનત કરીએછે તે કરતાં એજ એલમનાં ખુદ પુસતકોની સોધ આપણે કરીએ તો ઘણું બેહેતર.

"મેં એટલા વાસતે હેવો વીચાર કીધો કે પારસીઓનાં પુસતકો વીશે જે ઈંગરેજી આલમો (ડાકટર હાઈડ) એસારો કરી ગએઓછે તેહેની સોધ આગલ વધારીઆનાં કરતાં બીજી ફતેમંદી મેલવવાને કીજે માહારી પાસે વધારે એલાજછે; તે એમ કે જે ભાશા શીખવાની મહને અગતછે તે ભાશા પારસીઓ પાસે હું પોતે જાઈને શીખી આવું. બીજું, હીંદુ લોકોનાં ધરમ પુસતકો જે ચેઆર વેદછે, અને જે સંસકરીત ભાશામાં

લખેલાંછે, તેનાં ફરાંસનાં પાદશાહી દફતરખાનાં મધે હીંદુસથાંનથી આવેલાં ઘણાંએક હાથનાં લખેલાં પુસતકો પડેલાંછે, તોપણ એ વેદ વીશે કોઈ સારીપેઠે સમજતું નથી. એ કારણ ઊપરથી કેરમાન મધેના પારસીઓ પાસે ગએઆનાં કરતાં હીંદુસથાંનના પારસીઓ પાસેથી વાકેફગારી લેવાને મેં મુકરર કીધું હતું, કે તે જગોમાં પુરાતમ ઈરાનની ભાશા અને સંસકરીત ભાશા એ બંધે એક ઠેકાંણે સારીપેઠે શીખવાને મહને બની આવે."

મોંશીઓ આંકુટીલ ડુ પેરોંએ એ રીતે પારસીઓનાં ધરમ પુસતકોની સોધને કીજે હીંદુસથાંન ખાતે આવવાનો ઠેડાવ કીધો હતો, તે વીચાર તેણે પોતાના દોસતોને જાહેર કીધો. એ વખતે ફરાંસ દેશ મધે લ ઓરીએનટ નામનું એક બંદર ધીકતું હતું, તે બંદર સાથે હીંદુસથાંનને મોહોટો વેપાર ચાલતો હતો, અને ફરેંચની ઈસટ ઈનડીઆ કંપની જે તે વખતે ઊભી થાઈ હતી તે કંપનીનું એ બંદરમાં મથક હતું. એ સમેમાં ફરેંચ અને ઈંગરેજ એ બંધે રાજવાલાઓ હીંદુસથાંન મધે પોતાની સાહેબી કાએમ રાખવાને કીજે ઘણી મેહનત કરતા હતા, અને આંકુટીલ ડુ પેરોંએ પારસીઓનાં ધરમ પુસતકોની સોધ કરવાને કીજે હીંદુસથાંન ખાતે જવાનો જેઆરે ઠેડાવ કીધો હતો તેઆરે ફરાંસ દેશની સરકારની તરફથી લ ઓરીએનટ બંદરમાં વાંહાંણોનો કાફલો લશકર લઈને હીંદુસથાંન ખાતે જવાને તઈઆર થાતો હતો. એ કાફલા સાથેનાં એક બારકસમાં ઊતારૂ દાખલ જગા મેલવીને આ દેશ ખાતે નીકલી આવવાની મ. પેરોંની મરજી હતી; પણ સંગલા રાજવાલાઓનો હેવો સરેસતોછે કે સરકારી લડાઈના કાફલામાં કોઈ પરભાડા શખસ અથવા ઊતારૂને લેવો નહી, તેટલા વાસતે પેરોંના દોસતો જેઓ ઘણા આબરૂવાલા હતા તેઓએ એ ધણીની તરફથી ફરાંસના પાદશાહના વજીરને તેહેની દાદ પોંહોંચાડવાને કબુલ કીધું હતું, અને પાદશાહની ભલામણથી ફરેંચની ઈસટ ઈંડીઆ કંપનીવાલાઓ પેરોંને સંગલી પાંતીએ મદદ કરે હેવી તેઓએ તજવીજ કીધી હતી. પણ તેઓની મેહેનત નીશફલ ગઈ અને પેરોંને તે કાફલા સાથે જવાની રજા મલી નહી.

પણ જાંહાં દીલ લાગું તાંહાં અટકાવ ટકતો નથી, અને ઊલટ અને કોશેશ રાખીઆથી માણસ અજાએબ સરીખાં કામો કરેછે. એજ માફક બીચારા આંકુટીલ ડુ પેરોંને સરકારી લશકર સાથે જવાની રજા મલી નહી, તે વખતે હીંદુસથાંન ખાતે બીજાં કોઈ બારકસો જનાર નહી હતાં, અને તેહેના દોસતોની મદદ કાંઈ કામ લાગીતી નહી. હેવા વીચારમાં જે લશકરી સરદાર હીંદુસથાંન ખાતે લશકર મોકલવાને કીજે પારીસ શેહેર મધે તઈઆરી કરતો હતો તેહેની પાસે પેરોં ગએઓ, અને પોતે તે લશકરમાં એક સીપાહીની ચાકરીએ રેહેવા માંગીઊં. એ સરદારનું નામ કપટાન ખુશ કરીને હતું, તે પેરોંની હેવી વાત સાંભલીને ઘણો અચરત થાએઓ હતો. તેણે લશકરી ચાકરીની હલાકી વીશે પેરોંની આગલ કેટલીએક વાતો કીધી અને એ કામથી હાથ ઊઠાવવાની ભલામણ કીધી હતી. પણ પેરોં પોતાનું એકજ મત પકડી બેઠો હતો, અને ઘણી મીનતજારીથી પોતાનું નામ હીંદુસથાંન ખાતે જનાર સીપાહીઓની ટુકડીમાં દાખલ કરાવીઊં હતું. એ વખતે પેરોંની ઊમર ૨૩ વરશની હતી.

એ વાતને જુજ દાહાડા થાએઆ નહી એટલાંમાં તે કાફલો ઊપડી જવાની તઈઆરી થાઈ, અને આ જુવાન વીદીઆનો જોગી જે ફરાંસની મદરેસાઓમાં એક નામીચો વીદીઆરથી ગણાતો હતો, અને પાદશાહી દતફરખાનાંઓમાં ફરાંસના આબરૂવાલા ગહરસથોની મોલાકાત લેતો હતો, તે ધણી પોતાની પીઠ પછવાડે બેએ ખમીસ, બેએ રૂમાલ, અને મોજાંની એક જોરની એક નાધલી ગાંસડી બાંધીને તારીખ ૭ મી નવેમબર ૧૭૫૪ ને દીને સીપાહીઓની સંફમાં પાંઊપેઆદો પારીસ શેહેરથી લ ઓરીએનટનાં બંદર ખાતે રવાંને થાએઓ; તાંહાં નવ દાહાડે તે જાઈ પોંહોંચીઓ હતો. બીજા હાથ ઊપર આંકુટીલની વાત તે રવાંને થાએઆ પછી પારીસ શેહેર મધે ફેલાઈ હતી, અને સરવે કોઈ તેહેની હીમત વીશે અચરતી પાંમતા હતા. એ ખબર પાદશાહને થાઈ. પાદશાહ પોતાના દેશમાં હેવાં માણસોને આસરો આપવાને સદા

ખુશી હતો, તેથી આંકુટીલ પારીસથી રવાંને થાએઓ પછી પાદશાહે એક હોકમનામું લ ઓરીએનટ બંદરના સતાવાલાઓ ઊપર મોકલીઊં, અને પેરોં જે સીપાહીઓની પલટણમાં દાખલ થાએઓ હતો તેમાંથી તેહેને કાહાડીને હીંદુસથાંન ખાતે જનાર બારકસમાં તેહેને ઊતારૂ દાખલ લેવાનો હોકમ મોકલાવીઓ, અને આંકુટીલે જે સોધ પછવાડે પોતાનું જીગર લગાડીઊં હતું તે કામમાં મદદ તરીકે પાદશાહે તેહેને દર વરશે પાંચસો લીવરનું વરશાન આપવાનું ઠેડવીઊં હતું. એ ખબર જાઈ પોંહાંચીઆ પછી લ ઓરીએનટના સતાવાલાઓએ પેરોંને પોતાની નજદીક બોલાવીઓ, અને પાદશાહનો પેગામ તેહેને જાહેર કીધો. એ ખબર સાંભલીને પેરોં ઘણો અચરત અને ખુશાલ થાએઓ હતો, અને આગલ જે બારકસમાં તેહેને પઈસા ખરચતાં જગો નહી મલતી હતી તેહેને ઠેકાંણે ફરેંચ ઈસટ ઈનડીઆ કંપનીવાલાઓએ પોતાનાં બારકસમાં તેહેને મુફત લેવાની ઈછા બતલાવી હતી, અને મોહોટાં માન સાથે તેહેને વાંહાંણ મધે પોતાનો મેહેમાન કબુલ કીધો હતો. હેવી ખુશાલી ભરેલી રીતે મોંશીઓ પેરોં "ડુક ડ આકીટેન" નામનાં એક વાંહાંણમાં સવાર થાઈને હીંદુસથાંન ખાતે રવાંને થાએઓ હતો.

તેવીસ વરશની ટુક ઊમરમાં જે ઘણી એલમનો હેવો મોહોટો અભીઆસ રાખે, અને દુનીઆંઈ લાલચથી હાવી રીતે વેગલો રેહે, તેહેવા દાખલા માણસોની તવારીખમાં ઘણાજ જુજ મલી આવેછે. વાંહાંણ "ડુક ડ આકીટેન" મ. પેરોંની સવારી લઈને લ ઓરીએનટથી નીકલેલું મોરીસ ખાતે જાઈ પોંહાંચીઊં હતું, તાંહાંથી ઊપડેલું એ બારકસ તારીખ ૯ મી આગસટ ૧૭૫૫ ને દીને ફુલચેરી ખાતે આવી પોંહાંચીઊં હતું. હમારા વાંચનારાઓને જણાવવાની જાહાજી અગત નથી કે ફુલચેરીનું બંદર હીંદુસથાંન મધે મધરાજ તરફના કોસટા ઊપર આવેલુંછે, અને આ દેશમાં ફરેંચ લોકોનું તે પાએતખત ગણાએછે, તથા આજ લાંબી મુદત થાઈ એ શેહેર ફરેંચ લોકોના હાથમાંછે. આંકુટીલ ડુ પેરોં ફરાંસથી ફુલચેરીના એક લશકરી સરદાર ઊપર ભલામણનો કાગજ લાવીઓ

હતો, તે મુજબ તેહેની ઘણી મદારત થાઈ હતી, અને આંકુટીલના ખર ચને કીજે તેહેનું વરશાન વધારીને ફુલચેરીના સતાવાલાઓએ તેહને દર વરશે ૧૯૦૦) લીવર આપવાના મુકરર કરીઆ હતા. એજ સતાવાલા ઓએ આંકુટીલને ફારસી ભાશા શીખાડીને પોતાની ચાકરીમાં એક દોભા શીઆ દાખલ મોહોટે પગારે રાખવાની ઈછા બતલાવી હતી, પણ આંકુ ટીલને પઈસા સાથે કામ હતું નહી, તેથી તેણે તે ચાકરી કબુલ રાખી નહી. આંકુટીલ ફુલચેરી મધે પેહેલવેહેલાં ફારસી જુબાન શીખીઓ હતો, તે વખતના પોતાના ઊસતાદ વીશે એ ધણી લખેછે કે—

"માહારો શીખશક જે ધણી મહને ફારસી જુબાન શીખાડતો હતો તેહેને ફરેંચ ઈઆ પોરટુગીજ ભાશા આવડતીતી નહી, અને જે કાંઈ ભાશા તે જાણતો હતો તે હું સમજતોતો નહી, તેઆરે હમોને એક બીજાના વીચારો સમજવાની ઘણી અડચણ પડતી હતી. એ માહારો ઊસતાદ મહને સંગલું એસારતથી સમજાવતો હતો; હું તેહેને કાંઈ ચીજ બતલાવતો હતો, અને તે ચીજનું જે નામ કેહે તે હું લખી લેતો હતો. એ રીતે તરણ મહીનામાં હું ફારસી જુબાન બોલવા શીખીઓ હતો."

મ. પેરોં પોતાના વખતની વાત લખેછે કે, ફુલચેરી મધે તેહેના કોઈ જાત ભાઈઓને એલમ પછવાડે ખાએસ હતી નહી, તેઓ સંગલા પોતાના ધંધામાં અને દોલત મેલવવાનાં કામમાં, અને લશકરી હીગા મમાં પડેલા હતા, તેઓને પેરોંની ચાલ ઘણી અજાએબ સરખી લાગતી હતી. એ ધણી ફુલચેરીમાં થોડુંએક સુધી રહેઓ હતો અને એ ફરેંચ સવસથાંનને લગતાં પરગણાંઓમાં ફરી વલીઓ હતો, તેઆરપછી જેસુઈ સટ ખરીસટીઆંન લોકોનો એક ટોલો જે બંગાલા મધે રેહેતો હતો તે ટોલાના વડા અધીકારીએ ફુલચેરી ખાતે પેરોંના આવીઆની ખબર સાંભલીને તેહેને બંગાલ ખાતે બોલાવીઓ હતો. પેરોંની ખુશી પણ તેજ માફક બીજા મુકામો ખાતે ફરવાની હતી, અને બંગાલ મધે તેહેને સંસકરીત ભાશા શીખવાની જોગવાઈ સારી મલે હેવું હતું, તેથી તે **પોતાના ફુલચેરીના દોસતોથી વીદાગીરી લઈને એક બારકસમાં બંગાલ**

ખાતે રવાંને થાએઓ હતો, અને તાંહાં ફરેંચ લોકોનાં પાએતખત શેહેર ચંદરનગરમાં આવી પોંહોંચીઓ હતો. ચંદરનગરમાં જાઈ પોંહોંચીઆ પછી પેરોં ઘણો કાહેલી પડીઓ હતો, પણ તે પછી તેહેને આરામ થાએ આથી તે બનારસ ખાતે જવા ધારતો હતો, અને તાંહાંના કાબેલ પંડી તોના હાથ હેઠલ સંસકરીત ભાશા શીખવાની તેહેની ઈછા હતી; પણ હેવાંમાં હીંદુસથાંન મધે ફરેંચ અને ઈંગરેજ લોકો વચ્ચેની લડાઈ ઘણી જોરમાં ફરીને તાજી થાઈ હતી, અને ઈંગરેજી લશકર ચંદરનગર ઊપર હુમલો કરવાને આવી પોંહોંચીઊં હતું, તેથી પેરોંએ બનારસ જવાનો એલાજ જોએઓ નહી, અને લડાઈના હીગામમાં તેહેનાં કામ સર કોઈ મદદ કરી શકીઊં નહી, તેથી એ ગહરસથે ચંદરનગર છોડીને પાછો ફુલચેરી ખાતે આવવાનો ઠેડાવ કીધો હતો; તે આગમજ પેરોંએ બંગાલાના નવાબ સાથે મોલાકાત કીધી હતી. ઈંગરેજો સાથે ફરેંચ સરકારને લડાઈના હીગામથી બંગાલેથી મધરાજના કોસતા તરફ વેપા રીઓનાં બારકસો સલાંમતી સાથે ફરી શકતાંતાં નહી, તેથી આંકુટીલ ડુ પેરોંને ચંદરનગરથી ફુલચેરી ખાતે થલ મારગે જવાની જરૂર થાઈ હતી. તે વખતે ડાકની ગાડી ઈઆ પાલખીનો ડાક મલતોતો નહી, અને લડાઈઓને લીધે રસતાઓમાં જાન માલની ધાસતી ઘણી હતી, તોપણ ચંદરનગરથી પગ વાટે ગએઆ સવાએ પેરોંએ બીજો મારગ જોએઓ નહી, તેથી તેણે ચંદરનગરથી નીકલીને ઘોડા ઊપર ફુલચેરી ખાતે રસતો કાપીઓ હતો. એ ધણી રાજમાહલ, દીનાપુર, બાલશોર, ગાન જામ, અને મછલીપટામને મારગે થાઈને ચંદરનગરથી નીકલેલો મોહોટી શકતી ખેંચતો તરણ મહીને ફુલચેરી ખાતે જાઈ પોંહોંચીઓ હતો. પેરોંએ પોતાના ગરંથ મધે એ મુસાફરીની વીગતમાં તે વખતના લોકો તથા ગામઠી રાજવંશીઓની ચાલચલણ અને તે વખતનો ધંધો અને દેશને લગતી બીજી ઘણીએક જાણવાજોગ બીનાં પરગટ કરીછે.

મ. પેરોં ફુલચેરીમાં પાછો આવીઓ તે વખતે હીંદુસથાંન ખાતે તેહેને આવી પોંહોંચીઆને નજદીક બેએ વરશ થાએઆં હતાં. આંકુટી

લનો ભાઈ ફરેંચ ઈસટ ઈંડીઆ કંપનીની ચાકરીમાં ફુલચેરી ખાતે આવી પોંહોંચીઓ હતો, અને એક સારા સંજોગથી તેહેને સુરત મધે ફરેંચની કોઠી ખાતે હાથ હેઠલના આડતીઆનો ઓધો મલીઓ હતો. આંકુટીલને પોતાને પણ સુરત જવું હતું, તેથી એ બંધે ભાઈઓ ફરેંચનાં એક લશકરી બારકસમાં સવાર થાઈને હીંદુસથાંનના આકમણ કોસટા તરફ માહીનાં બંદર ખાતે આવી પોંહોંચીઆ હતા. આંકુટીલ ડુ પેરોં માહીની આસપાસ મલબાર કોસટાના કેટલાએક જાણીતા મુકામો ઊપર સારીપેઠે ફરીઓ હતો, અને મલબારના લોકો પાસેથી એક બેએ કેતાબ તથા તરાંબાં ઊપર કોતરેલા બેએ તરણ પુરાતમ લેખો તેણે મેલવીઆ હતા, તેહેની નકલો મ. પેરોંએ પોતાની મુસાફરીના હેવાલ મધે આપે લીછે. માહી બંદરથી પેરોં થલ મારગે સુરત ખાતે રવાંને થાએઓ હતો. એ કારણસર તે પરથમ ગોવે ગએઓ હતો, તાંહાંથી એક ગોલ ચકરાવો લઈને પુણા અને ઓરંગાબાદ તરફ ફરીને તે સુરત જાઈ પોંહોંચીઓ હતો, અને જે કામસર મોંશીઓ પેરોંએ હીંદુસથાંન ખાતે આવવાને મોહોટી રંજ અને શકતી ખેંચી હતી તે કામ હવે જલદીથી પાર પાડવાની તેહેના દીલમાં ઊમેદ થાઈ હતી. પેરોંનો ભાઈ પોતાના ઓધા ઊપર તેહેની આગમજ જાઈ પોંહોંચીઓ હતો. સુરત જાઈ પોંહોંચીઆ પછી જંજીરાના સીધીના કાફલા સાથે અને ઈંગરેજ લોકોને ફરેંચ લોકો સાથેની માહોમાહેની અંતસની ગડબડથી પેહેલા થોડાએક દીવસ રોકાએઆ હતા, તેઆરપછી સુરતના પારસીઓ પાસેથી તેઓનાં ધરમ પુસતકો સંબંધી સોધ કરવાની પેરોંને જોગવાઈ મલી હતી. પેરોં ઈ૦ સ૦ ૧૭૫૮ નાં વરશમાં સુરત ખાતે જાઈ પોંહોંચીઓ હતો, તે વાતને આજ ૯૫ વરશ થાએઆંછે, તે વખતના પારસી લોકોની ચાલચલણ અને તેઓ વચ્ચે ઊઠેલા ધરમ સંબંધી ફેશાદની બાબદમાં તે કેટલીએક જાણવાજોગ બીનાં આપેછે, કે જે આગલ કોઈ ઠેકાંણે હમારા વાંચીઆમાં આવી નથી, પણ તે હકીકત એ ધણીના જનમારાના હેવાલ સાથે સંબંધ રાખતી નથી, તેથી તે હમો પડતી મુકીએછે, અને એ કાબેલ પુરસે પાર

સીઓનાં ધરમ પુસતકોની સોધ અને તેઓનો તરજુમો શી રીતે કીધો હતો તેહેની વીગત હમો અતરે જણાવીએછે.

પેરોં લખેછે કે, સુરત મધે આવીઆ પછી તેહેને પારસીઓના બેએ દસતુરો સાથે પરથમ મોલાકાત થાઈ હતી; તેઓ એકબીજાના ખેશી હતા, તેમાં એકનું નામ દસતુર દારાબ અને બીજાનું નામ કાઊશ કરીને હતું. એ બેએ દસતુરોએ ૧૦૦) રૂપીઆ બદલે જંદ હરૂફે લખેલો વંદીદાદ તથા તેહેની પેહલવી માએની સાથે લખી આપવાનું કબુલ કીધું હતું, અને તે કામસર થોડી મુદત માંગી હતી. તેઓનાં દીલમાં હેવું હતું કે પેરોંને એ પુસતકની ઘણી ઊતાવલ નથી, પણ તેઓની ધીલથી પેરોં ઘણો કંટાલી ગએઓ હતો. પછી તરણ મહીના ગએઆ બાદ તેઓએ વંદીદાદનો એક પોથો લાવીને પેરોંને આપીઓ હતો, અને પેરોંએ તેહેની ઠેડવેલી કીમત આપી હતી. એ વંદીદાદ ઘણો અશુધ હતો તે બાબે પેરોં બોલેછે કે, "જંદ અને પેહલવીમાં આ "વંદીદાદ જે મહને મલીઓ હતો તે ઘણો અશુધ અને ફેરફાર કીધેલો "હતો તે વાત મહને તે વખતે ખબર નહી હતી. મેં તે દસતુરોને "તેહેની કીમતના રૂપીઆ આપીઆ હતા, અને તે પછી પછવાડેથી એ "ખાંમી વીશે મહને ખબર પડી હતી." આપણા દસતુરોએ એક પારકી ગનેઆતવાલાને પોતાની કોમના લોકોની ખુબી વીશે પરથમમાંજ સારો નમુનો બતલાવીઓતો નહી, અને આગલ ચાલતાં પણ તેઓ એ કરતાં સરશ નીકલીઆતા નહી. પેરોંએ એ દસતુરો પાસે જંદ અખશરો પીછાણવા શીખવાનું કામ પેહેલવેહેલાં શરૂ કીધું હતું, પણ એ ધણી તે જલદીથી શીખતો હતો તે એ દસતુરોને પસંદ હતું નહી. પેરોં લખેછે કે, "જેઆરે હું તેઓને કાંઈ સવાલ પુછતો હતો તેઆરે તેઓ વીચારી "વીચારીને મહને જવાબ દેતા હતા, અને મહને તેઓ સબક આપતા "હતા તેમાં ધીલ કરવાને કીજે જાણીબુજીને તેઓ ગુંછવણ લાવતા "હતા, અને તેઓ હેવું બાંહાંનું કાહાડતા હતા કે માહારે તાંહાં આવી "આથી તેઓને ઘણી ધાસતી જેહેવુંછે, તેથી તેઓ વચમાં ઘણા દાહા

"ડાનો ગાલો નાખીને આવતા હતા. બીજી વખત તેઓ મહને "કેહેવા લાગા કે મી૦ ફરેજરે* તેઓ પાસેથી પેહલવી પુસતકો મેલવ "વાને ફીજે એક મોહોટી રકમ આપવા કહી હતી, અને જે ઘણી પાર "સીઓનાં ધરમ પુસતકોનો તરજુમો કરે તેહેને ઈંગલંડમાં ઘણું નાણું "મલનારછે હેવું તેઓ મહને સમજાવતા હતા." વંદીદાદની ઊપલી નકલ મલીઆ પછી એ દસતુરોએ પેરોંને પોતાનો કોઈ બીજો ગરંથ બતલાવીઓતો નહી, અને તેઓએ કાંઈ બીજો લાભ જોએઓ નહી તેથી પેરોં પાસે જવાનું છોડી દીધું હતું.

એ વખતમાં પેરોંને સુરત મધે ફરેંચની કોઠીવાલાઓ સંગાથે કાંઈ બીગાડ થાએઓ હતો, તેથી તાંહાંથી તે નીકલીને વલંદા લોકોની કોઠીમાં જાઈ રહેઓ હતો. તે વખતે સુરતમાં વલંદી સરકારનો આડ તીઓ મી૦ ટેલીસે કરીને હતો, તે ઘણો ચંચલ અને વીદીઆવાન પુરસ હતો, તેણે મ. પેરોંને ઘણું માન આપીઊં હતું. એ વલંદા વેપારી ઓનો સુરત મધે એક મોહોટો દલાલ હતો, તેહેનું નામ મનચેરજી† કરીને હતું, અને પારસીઓમાં તે સઊથી મોહોટો અકાબર ગણાતો હતો. મન ચેરજી પાસેથી પેરોંએ વંદીદાદની એક નકલ મેલવી હતી, અને તે તપા સીને જોએછે શું કે દસતુર દારાબ તથા કાઊશે તેહેને જે નકલ આપી હતી તેમાં અને મનચેરજીએ મોકલાવેલી નકલમાં ઘણો ફરક હતો. એ વાત પેરોંએ તરત જાહેર પાડીતી નહી, પણ તેઆરપછી દસતુર કાઊશને એક દીને બોલાવીને તેહેને મનચેરજીવાલી વંદીદાદની નકલ બતલાવી હતી. તેઆરે પેરોં લખેછે કે, "કાઊશ વંદીદાદની તે નકલ વીશે "ગોએઆ કાંઈ જાંણતો નહી હોએ તેમ વાત ફેરવવા લાગો, અને "પછી તેણે પોતે જે નકલ મહને આપી હતી તેહેને સાબેત કરવા લાગો.

* મી૦ ફરેજર આગલા વખતમાં મુંબઈના ઈંગરેજી ગવરનરના હાથ હેઠલ એક મોહોટો ઓવેદાર હતો, તે સુરત આવીને પારસીઓનાં કેટલાંએક ધરમ પુસતકો પોતાની સાથે ઈંગલંડ ખાતે લઈ ગએઓ હતો.

† શેઠ મનચેરજી ખુરશેદજી શેઠના.

"એ ધણીને ખબર નહી હતી કે મેં તેહેની નકલ બોલેબોલ સરખાવી "જોઈ હતી. પછી માહારાં દીલને તેણે દલગીર તથા ગોસા ભરેલું "કરીને રૂખસત લીધી હતી." બીજે દાહાડે કાઊશનો ખેશી દારાબ પોતે પેરોંની નજદીક આવીઓ હતો, તે કાઊશનાં કરતાં વધારે ચંચલ અને વધારે ખરૂં બોલનાર હતો; તેહેની સાથે પેરોંએ તે ખોટી નકલ વીશે વાત કીધી હતી. દસતુર દારાબે ડાહપણથી પેરોંને વંદીદાદની એક બીજી નકલ મનચેરજીની નકલની બરોબરની લાવી આપવાને કબુલ કીધું હતું, અને પેહલવી તથા ફારસીની ફરહંગ આપવા કહી હતી; એ રીતે તેણે પેરોંને થંડો પાડીઓ હતો. અને પાછી તેહેની સાથે દોસતી કીધી હતી.

પેરોંને જંદ તથા પેહલવી ભાશા દસતુર દારાબ શીખાડતો હતો તે વીશે પેરોં લખેછે, કે તેહેના વખતથી આસરે ૪૬ વરશની વાત ઊપર જાંમાસપ નામનો એક ઈરાની કેરમાનથી હીંદુસથાંન ખાતે આવીઓ હતો, તે ધણી ઘણો કાબેલ હતો, અને તેહેના હાથ હેઠલ આ સુરતવાલો દસતુર દારાબ, તથા નોસારીવાલો દસતુર જાંમાસપ, અને ભરૂચનો એક દસતુર, એઓ જંદ અને પેહલવી ભાશા શીખીઆ હતા. એ કેરમાનનો દસતુર જાંમાસપ ઈરાનથી પોતાની સાથે કેટલાંએક પુસતકો લાવીઓ હતો, તેણે હીંદુસથાંનના પારસીઓની કેટલીએક રાહરસમ સુધારવાની તજવીજ કીધી હતી, અને તેઆરપછી પાછો પોતાને વતન ગએઓ હતો. દસતુર દારાબે પોતે કેરમાનના દસતુર પાસેથી તાલીમ લીધા પછી હેવી ઈછા રાખી હતી કે હીંદુસથાંનના પારસીઓ જેઓ પોતાના ધરમ સંબંધી કેટલીએક બાબદોમાં ઈરાનના જરતોસતીઓ સંગાથે ફરક રાખતા હતા તેઓને ઈરાનીઓની ચાલચલણ સાથે મેલવી નાખવા, પણ—આંકુટીલ પેરોંના જણાવીઆ પરમાંણે—દસતુર દારાબનાં એ કામમાં સુરતનો વડો પારસી મનચેરજી સાંમણે થાએઓ હતો, તે પણ મોબેદનો દીકરો હતો, અને એ વખતથી મનચેરજી તથા દસતુર દારાબ એ બંધે વચ્ચે ઘણો જઘડો ચાલતો હતો, અને તેથી સુરતના પારસી

ઓનાં બેએ તડાં પડીઆં હતાં; ઈઆને દસતુર દારાબની તરફનો ટોલો કદમી અને મનચેરજીની તરફનો ટોલો શેહેનશાહી હતો.

હેવું જોવામાં આવેછે કે દસતુર દારાબ આંકુટીલ ડુ પેરોંને જે એલમ શીખાડતો હતો તથા પારસીઓનાં ધરમ પુસતકો લાવી આપતો હતો તે વાત તેણે પોતાની કોમના બીજા લોકોથી છુપી રાખી હતી, કાંએક પેરોં એક ઠેકાંણે હેવું જણાવેછે કે, "મેં દારાબને અરજ કીધી "હતી કે તે માહારે કીજે જંદનાં બીજાં કીમતી દફતરો લઈ આવે, પણ "જેઆરે તે પુસતકો માહારા હાથમાં આવીઆં તેઆરે વંદીદાદનો તર "જુમો કરવાનાં કામમાં મેં દસતુર દારાબ પાસે મદદ માંગી, અને જો "તે મહને મદદ નહી આપે તો મેં તેહેને હેવી ધમકી આપી કે તેહેને "અને તેહેના ખેશી કાઊશને તેઓના મોહોટા શતરૂ મનચેરજીની નજ "દીક હું ઊંઘાડા પાડશ. એ ધમકીથી માહારી મતલબ પાર પડી હતી. "દારાબ કેહેતો હતો કે તે માહારે ઘેર આવેછે એ વાત બીજા દસતુરોને "જો ખબર પડશે તો તેહેનું મોત ખરેખર નજદીક આવશે."

આંકુટીલ ડુ પેરોંને પોતાનાં કામમાં ફકત આ દસતુરોની તરેહ વાર બનાવતો અને કંટાલો ઊપજાવનારી કાંહાંણીઓથી અડચણ પડીતી નહી, પણ દસતુર દારાબના દુશમનોથીબી તે એકવાર ઘણી ધાસ તીમાં હતો. હમોએ આગલ જણાવીઊંછે કે સુરત મધે વલંદાની કોઠી વાલાની મારફતે તેઓના દલાલ અને સુરતના વડા પારસી મનચેરજીની મારફતે પેરોંએ વંદીદાદની એક સારી નકલ મેલવી હતી, તે નકલને પેરોં શું કામ ઊપર લગાડશે એ વાતનો મનચેરજીને કાંઈએક શક ગએઓ હતો, તેથી કેટલાએક મહીના રહીને તેણે એ પુસતક વલંદા સરદારની મારફતે પાછું મંગાવીઊં હતું, પણ પેરોં પાસે દસતુર દારાબની અશુધ નકલ હતી, અને મનચેરજીએ મોકલેલા વંદીદાદની તેહેને ઘણીજ અગત હતી, એટલા વાસતે ગમે હેવી રીતે જાસતીથી પોતાનું કામ પાર પડે તાંહાંસુધી તે નકલ રાખવાનો પેરોંએ ઠેરાવ કીધો હતો. પણ મન ચેરજીએ ઘણી તાકીદ કરવા માંડી હતી, અને પેરોંની ધીલ જોઈને એક

દાહાડે વલંદી કોઠીવાલા એક ગહરસથે મનચેરજીની તરફથી હેવી ઈછા બતલાવી હતી કે તે કોઠીનો સરદાર જો રજા આપે તો તે ગહરસથ સીપાહીઓની ટુકડી સાથે પેરોંના રેહેવાના મુકામમાં દાખલ થાઈને તે પુસતક પાછું લઈ આવે. પણ એ વલંદો સરદાર ઘણો ડાઓ હતો તેથી તેણે હેવી જાસતી ચલાવવા દીધી નહી. બીજા હાથ ઊપર પેરોં એ ખબર સાંભલીને ઘણી ધાસતીમાં પડીઓ હતો, તેથી તે પોતાની લખવાની મેજની ઊપર બેએ પીસટોલ ભરેલી તઈઆર રાખીને હમેશાં પોતાનું કામ ચલાવતો હતો. પેરોંની ઊમર એ વખતમાં માતરે ૨૭ વરશની હતી, તેથી તેણે પોતાનાં કામમાં હેવી હુલડાઈ બતલાવી હતી તે એટલી ઊમરના માણસમાં નવાઈ જેહેવું નથી. એ વાત થાઈ રહેઆ પછી ચેઆર મહીને, અને પેરોંએ પોતાની નકલ ચોકસ સુધારીઆ પછી, મનચેરજીનો વંદીદાદ તેણે પાછો આપીઓ હતો.

દસતુર દારાબ જંદ અને પેહલવી ભાશા પેરોંને શીખાડતો હતો તેમાં સંગલી સમજ અને તરજુમો પેરોં ચાલુ ફારસી જુબાનમાં લખી લેતો હતો. પેહલવી અને ફારસી ફરહંગ પેરોંએ સારીપેઠે પાઠ કીધી હતી, અને તેઆરપછી તેણે વંદીદાદનો તરજુમો કરવા માંડીઓ હતો. પેરોં પોતાની ઊલટ પરમાણે એ કામથી એક ઘડીની ફુરસત જવા દેતોતો નહી; તેણે વંદીદાદનો તરજુમો કીધા પછી પારસીઓનાં બીજાં એક ધરમ પુસતક ઈજશનેનો તરજુમો કીધો હતો, અને તેઆરપછી વીસપરદ, નીઆએશ, અને ઈઅશતનાં દફતરોનો તેણે તરજુમો કીધો હતો. એ સંગલાં પુસતકો અવસતાનાં હતાં, તેઓનાં ભાશાનતર તઈઆર કરી રહેઆ પછી આંકુટીલ ડુ પેરોંએ જરતોસતીઓનાં પેહલવી પુસતકોનો તરજુમો કરવાનું કામ શરૂ કીધું હતું, અને પેહલવી બુનદેશની, શીરોજે, વજરકરદ, કેટલીએક રવાએત, અને દસતુર દારાબે લાવી આપેલાં થોડાં એક ફારસી પુસતકો, જે જરતોસતી મજહબને લગતાં હતાં, તે સંગલાંઓનો એ ધણીએ તરજુમો બનાવીઓ હતો. એ સંગલાં કામમાં તેહેને આસરે ચેઆર વરશ સુધી સુરતમાં રહીને મોહોટી જેહમત ખેંચવી

પડી હતી, અને જે ધારણાંથી તે પોતાનું વતન છોડીને હીંદુસથાંન ખાતે આવીઓ હતો તે ધારણા અંતે પાર પડી હતી. પારસીઓનાં બીજાં ધરમ પુસતકો વીશે પેરોંએ ઘણી સોધ કીધી હતી, પણ તે વખતના દસ તુરોની હટીલાઈથી કેટલાંએક પુસતકો પેરોંને મલીઆંતાં નહી, તે પુસત કોનાં નામ તેણે જણાવેલાંછે, અને પોતાની પછીના મુસાફરોને એ પુસ તકો મેલવવાની તે ભલામણ કરેછે.

હમોએ પરગટ કરેલી ઊપલી હકીકત ઊપરથી હમારા વાંચનારા ઓના જોવામાં આવશે કે આંકુટીલ ડુ પેરોં પોતાના શીખશક દસતુર દારાબ વીશે સારો વીચાર ધરાવતોતો નહી, પણ ગરજને લીધે તેણે તેહેની સાથે સંબંધ રાખીઓ હતો. દસતુર દારાબે પેરોંને અશુધ પુસ તકો આપીને કેટલીએક વખત ઠગીઓ હતો તે બાબેની બીનાં એ ગરં થકારે ખોલાસા સાથે જાહેર કીધીછે. પણ એજ દસતુર દારાએ પોતાના મજહબનાં ફરમાનથી એક ઊલટું અને ઘણું નીલાજરૂં કામ કીધું હતું, તેહેની વીગત હમોએ આ ઠેકાંણે જણાવીઆ વગર રેહેવાતું નથી. એ વીગત દસતુર દારાબ ફરાંમરજનાં નામને જેહેવી એબ પોહોંચાડેછે તેજ પરમાણે તે ઊપરથી આજ ૧૦૦ વરશની વાત ઊપર સુરત જેહેવાં શેહેર મધે પારસીના એક જાણીતા દસતુરની નીતીનો આપણને એક દાખલો મલેછે. એ દસતુર દારાબ, પઈસાની લાલચ ઊપરથી પોતાની દીનનો એક મજબુત ફરમાન તોડીને, સુરતના પારસીઓનાં આતશખા નામાં તથા તે દરેમેહેરના બીજા ભાગોમાં આ આંકુટીલ ડુ પેરોંને છુપી રીતે લઈ ગએઓ હતો, અને તે પવીતર મુકામમાં સંગલી તરફ ફેરવીને તે દરેમેહેરના સંગલા ભાગોથી એ મુસાફરને વાકેફ કીધો હતો. એ બાબદમાં મ. પેરોં તથા દસતુર દારાબ વચ્ચે થાએલી ગોઠવણ તથા એ ફરેંચમેન સુરતની દરેમેહેરમાં જે કાંઈ જોઈ આવીઓ હતો તેહેની વીગતવાર બીનાં, આંકુટીલ ડુ પેરોંના પોતાના બોલોમાં તેહેના ગરંથના પેહેલા ભાગને સફે ૩૫૮ થી, હમો નીચે ઊતારી લઈએછે. પેરોં લખેછે—

"પારસીઓની બંદગી કરવાની ચોપડીઓ વાંચીઆથી તેઓના કાએદા પરમાણેની કેટલીએક કીરીઆઓ વીશે મેં માહીતગારી મેલવી હતી. પારસીઓ પોતાની કીરીઆઓનાં કામમાં જે તરાંબાંનાં વાસણો વાપરેછે તે મેં મેલવીઆં હતાં, તથા તેઓની કુસતી, સુદરેહ, અને પેનામ, માહારે હાથ આવીઆં હતાં. એ ચીજો મેલવતાં પણ માહારી અચરતી હજુર પુરી પડીતી નહી. મેં ચાહીઊં કે હું તેઓનાં દેવલમાં જાઊં, અને તેઓને પોતાના ધરમની કીરીઆ કરતાં જોઊં. પણ એ લોકોમાં તેઓના પવીતર મુકામો ઊપર જવાનો બંદોબસત ઘણો કઠણછે તેથી મેં ધારીઊં કે માહારૂં કામ પાર પડવું મુશકેલછે. જો હું તેઓના પવીતર મુકામ ઊપર જાઊં તો જંદનાં દફતરોમાં જણાવીઆ પરમાંણે તે જગો અપવીતર થાએ, અને તેઓની બંદગી રદ જાએ. મગોલ શેહનશાહ અકબર પવીતર આતશને ઘણું માન આપતો હતો* તે સવાએ પારસીઓની દરેમેહર કોઈબી પારકા ધરમવાલા શખસે અંદરથી જોઈતી નહી. તોપણ દસતુર દારાબને મેં કાંઈ જુજ બખશેશ આપવા કહી, અને માહારી પાલખી તેહેને ફરવાને કીજે આપવા કહી, અને મહને દરેમેહર દેખાડવાનું મેં તેહેની પાસે કબુલ કરાવીઊં. એક દાહાડે વરસાદ પડતો હતો, તે દીવસ એ કામને કીજે દારાબે ચુંટી કાહાડીઓ હતો. મેં પારસીનો પોશાક પેહરીઓ હતો, અને માહારી સાથે એક સીપાહીને લીધો હતો, તે દરેમેહેરના દરવાજા આગલ ઊભો રેહેવાનો હતો, અને એ દરેમેહર પારસીઓની ગીચ વસતીમાં આવી હતી તે મુકામ મહને બતલાવનાર હતો. મારગમાં મહને ગુઠણપુર પાણીમાં ચાલવું પડીઊં હતું, એટલું કે ગોએઆ ડુબી જાઈએ, હેવું પાણી મેં સુરતના મોહોલાઓમાં જોઈઊંતું નહી; પછી સાંહાંજની વખતે હું તાંહાં જાઈ પોંહોંચીઓ હતો.

---

* જાણવું કે શેહનશાહ અકબર જે પવીતર આતશને માન આપતો હતો તે પારસીઓની દરેમેહેરનો આતશ નહી હતો, પણ એ શેહનશાહે જરતોસતી મજહબના દાખલા ઉપરથી દીલી શેહેર મધે પોતે આતશનો એક કેબલો ઉભો કરીઓ હતો તે હતો.

"જેઆરે હું જાઈ પોંહોંચીઓ તેઆરે તે દરેમેહેરમાં ઘણાં થોડાં માણસો હતાં. દારાબ મહને લેવા આવીઓ, અને પરથમ મહને આતશના ગુંબજ આગલ લઈ ગએઓ, તાંહાં દારાબના દીકરાઓ કીરીઆ કરતા હતા, તે વખતે સાડા છ કલાક થાએલા હતા અને ફ્વેસરૂથરેમગેહ થાઈ હતી.

"ખુઢા દારાબ સાથે તેહેના ધરમની કેટલીએક અણઘટતી બીનાંઓ વીશે મેં કેટલીએક વાર વાંધા લીધા હતા, તોપણ તેહેનાં ધરમ પુસતકો હું બારીકીથી પાઠ કરતો હતો, અને તે ઊપર થોડોવાર ગંભીરાઈથી વીચાર કરતો હતો. પારકા લોકોની માફ્ક હું તે પુસતકોને ધીકારતોતો નહી, તે ઊપરથી દારાબ હેતું સમજતો હતો કે હું તેહેના મજહબમાં વટ લેલો છેઊં અને મહને માતરે તે મજહબમાં કીરીઆ સાથે દાખલ થવાને વારછે. હું ધારૂંછું કે હેવી ધારણાથી તેણે પોતાનાં મનને થોડો એક સંતોશ આપીઓ હતો. ઘણી વખત જેઆરે હું હુક્કો પીતો હતો તેઆરે દારાબ માહારા હાથમાંથી તે હુક્કો ખેંચી લેતો, અને હેવું કેહેતો કે જરતોસતી દીનમાં એ વાતની મનાઈછે, અને તે દીનનાં દફ્તરોમાં મેં વાંચીઊં હતું કે આતશને મોહોડાંની બોખાર અથવા દમથી અપવીતર કરવો નહી, તેહેનો દાખલો તે મહને બતલાવતો હતો. હેવી વખતે હું તેહેને ખીસાડી નાખીને એટલોજ જવાબ આપતો હતો કે હું ખરીસટીઆંન છેઊં.

"જેઆરે હું આતશના ગુંબજની નજદીક આવીઓ તેઆરે તે ઓરડાની ઊતર દશાએ જે સલીઆની જારી ભરી લીધેલી હતી તે જાલીની બાહેર રહીને બીજા પારસીઓની માફ્ક મેં આતશ જોએઓ હતો. દારાબે મહને કહીઊં કે આતશને મેં કાંઈ ચહડાવવું જોઈએ, પણ એક ખરીસટીઆંન દાખલ મેં તેહેને કહીઊં કે હું તે પરમાંણે કરી શકતો નથી. પણ દારાબ કાંઈએક ગુંછવાઈને અને ખુની જેહેવો ચેહેરો કરીને મહને કેહેવા લાગો કે મુસલમાન લોકોને આતશખાનું જોવાનો હક મલતો નથી, તોપણ તેઓ દરેમેહેરને કીજે બખશીશ આપેછે. દારાબની હેવી વાત સાંભલીઆથી મેં માહારા હાલ તરફ જોએઊં; હું

માહારી સાથે એક ખંજર અને ગજવાંમાં રેહે એટલી એક પીસટોલ લઈ ગએલો હતો, અને તે દરેમેહેરના પુંજારાઓ જો જાણે કે હું કોણ છેઊં તો તેઓના ગોસાથી હું તરત મારીઓ જાઊં હેવું હતું, તોપણ મેં હીમત પકડીને દારાબને મોહોટે આવાજે કહીઊં કે હું એ દરેમેહેરમાં કાંઈ પુંજવા નથી આવીઓ, પણ તે જોવા આવીઓ છેઊં. માહારા બોલવાથી તેણે પોતાનું મોહોડું બંધ કીધું અને મહને ધીરે આવાજે વાત કરવા કહીઊં. હું કોણ છેઊં તે વાત દરેમેહેરમાં માલમ પડે તે વીશે માહારા કરતાં દારાબ વધારે ધાસતી રાખતો હતો. એ પછી ધીરે આવાજે તેણે મહને તે દરેમેહેરના સંગલા ભાગો શું શું કામ આવતા હતા તે દેખાડીઆ. મેં સંગલું સારીપેઠે તપાસીઊં. હું સંગલે ઠેકાંણે ફરીઓ. તે સંગલી જગો મેં માહારાં ધેઆંનમાં ઊતારી રાખી કે ઘેર જાઈને હું તેહેનો નકશ પાડી રાખું." [પેરોંએ એ દરેમેહેરના સંગલા ઓરડા તથા જુદા જુદા મુકામોની વીગત સાથેનો એક નકશ પોતાના ગરંથ મધે આપેલોછે.]

"એ દરેમેહેરના જુદા જુદા ભાગો ધેઆંનથી તપાસીઆ પછી કંઈ પણ જોવાનું હું બાકી નહી રાખું તે કારણસર જે જગો ઊપર ઈજશને કરવાનો મુકામ હતો તાંહાં હું ગએઓ. તે જગો ઊપર દારાબે મહને કાંઈએક અડચણ કરીને જવા દીધો, અને કેહેવા લાગો કે તે જગો તેણે પાક કરવી પડશે. તે મુકામનાં એક ખુણાં મધે મેં કેટલીએક જંદ, પેહલવી, અને ફારસી ચોપડીઓ પડેલી જોઈ, તે માહેલી કેટલીએક ચોપડીઓ વીશે દારાબ મહને આગલ કેહેતો હતો કે તે મલશે નહી. મેં આગલ હેવો ખેઆલ કીધો હતો કે દરેમેહેરમાં પુસતકોનો સંગરહ રેહેછે, અને એ દરેમેહેર હું જોવા ગએઓ તેમાં આ એક મતલબ પણ મેં રાખી હતી.

"માહારૂં મન માને તે રીતે એ મુકામ લગભગ એક કલાક સુધી તપાસીઆ પછી માહારો સીપાહી જે દરેમેહેરના દરવાજાની નજદીક ખોટી હતો તેહેને લેઈને હું પાછો રવાંને થાએઓ. દારાબને ઘણીએક

ખોટી ઊમેદ હતી તેથી તે પોતે સંતોશ પાંમીઓતો નહી. તેહેની હેવી મતલબ હતી કે આતશની પરવરશીને નામે માહારી પાસેથી કાંઈ રકમ મેલવે, પણ આગલ તેણે મહને જે પુસતકો વેચવા તથા નકલ કરી આપ વાને કીજે ના પાડીઊં હતું તે સંગલાં પુસતકો હાથ કરવાને કીજે આ વખતે માહારા હાથમાં જોગવાઈ આવી હતી."

એ પછી પેરોં સુરત મધે પારસીઓનું દોખમું જોઈ આવીઓ હતો. જે લોભી દસતુરે પોતાના મજહબનો ફરમાન તોડીને પેરોંને સુરતના પારસીઓની દરેમેહેર દેખાડી હતી તેહેનાં નામને કેટલાએક પારસીઓ પીછાણેછે. આગલ એક ઈઊરોપીઆન સુરત મધે પારસીની દરેમેહેરમાં ઠગાઈથી ફરી આવીઓ હતો હેવી ખીનાં હમોએ સાંભલી હતી, અને એ વાત પારસીના કેટલાએક મોબેદોને હાલ જાણીતીછે, તોપણ તે ઊપર હમો ભરોસો રાખતાતા નહી, પણ પેરોંએ જણાવેલી આ વીગતવાર હકીકત વાંચીઆથી તેહેની ચોકસાઈ વીશે આપણી ખાતરી થાએછે. પારસી લોકોમાં ધરમનું ઊપાધીઆપણું અને દુનીઆંનો હલકો લોભ, એક હોરમત અને બીજી એબ, એ બંધેની બગલગીરી આજ લાંબી મુદત થાઈ જુદી પડી નથી. દારાબે પોતાનાં આદરાંનમાં† જેઆરે પેરોંને દાખલ કીધો તેઆરે તેણે હેવો નહી વીચાર કીધો હશે કે તેણે પોતાની ચાલથી પોતાનાં નામ ઊપર જે શરમીંદગી નાખી હતી તે શરમીંદગી સેંકડો વરશ સુધી કાએમ રેહેશે. એ ધણીએ પોતાના ખોદાનો ઈઆ પેગમબરનાં ફરમાનનો દર કીધો હતો નહી તેમાં કસો શક નથી.

આંકુટીલ ડુ પેરોંની મુસાફરીનો બાકીનો ભાગ હમારા વાંચનારાઓને પસંદ પડે હેવો હવે થોડોજ રહેઓછે. જરતોસતીઓનાં ધરમ પુસતકોની નકલ તથા તરજુમો મેલવવાનું કામ સુરત મધે નકી થાએઆ પછી પેરોં મુંબઈની નજદીકના કનેરી તથા ઘારાપોરીના ગોશ જોવાને કીજે પગ વાટે આવીઓ હતો, અને તે જોઈને પાછો તેજ રીતે રવાંને

† તે વખ્તે સુરતમાં પારસીઓનાં આતશબેહેરામ પરેડેલાં નહી હતાં.

થાએઓ હતો. તેઆરપછી સુરત મધે થોડાએક દીવસ રહીને બનારસ ખાતે જવાને અને તાંહાં હીંદુઓનું ધરમ શાસતર તથા સંસકરીત ભાશા શીખવાની તેહેની ફરીને મરજી થાઈ હતી, પણ એટલાંમાં તેહેને ખબર મલી કે ફરેંચ અને ઈંગરેજ સરકાર વચ્ચે લડાઈ પાછી શરૂ થાઈ હતી, અને ઈંગરેજોએ તે વખત ફુલચેરીનું બંદર ફરેંચ લોકોનાં હાથમાંથી છીનવી લીધું હતું; તેથી હેવાં સમેમાં પેરોંએ પોતાને વતન જવાને બેહેતર ધારીઊં હતું, અને તે પોતાના દેશથી આઠ વરશવેર વેગલો પડીઓ હતો, તે મુદતમાં તેહેની પાસે પુસતકોનો કીમતી સંગરહ થાએલો હતો તે ઠેકાંણે પાડવાની તેહેની ઈછા હતી. પેરોં આ દેશ ખાતે ફકત એલમને ખાતર આવીઓ હતો અને હવે તેહેની પોતાને વતન સીધારવાની મરજી હતી તે વીચાર તેણે સુરતમાં રહીને મુંબઈની સરકારને જાહેર કીધો હતો, અને મુંબઈથી એક ઈંગરેજી બારકસ ઈંગલંડ ખાતે જનાર હતું તેમાં ઊતારૂ દાખલ તેણે પોતે જવા માંગીઊં હતું. આપણી ઈંગરેજ સરકારે પોતાની ખુબી બતલાવીને પેરોંને તે બારકસમાં જવાની રજા આપી હતી, તેથી સુરતથી તે મુંબઈ આવીઓ હતો, અને મુંબઈથી તારીખ ૨૮ મી એપરેલ ૧૭૬૧ ને દીને તેહેનું બારકસ ઈંગલંડ ખાતે ઊપડી ગએઊં હતું.

ઈંગલંડ જાઈ પોંહોંચીઆ પછી આપણો મુસાફર એ દેશની આકસફરડ નામની મોહોટી અને નામીચી મદરેસાને લગતું પુસતકખાંનું જોવા ગએઓ હતો; એ પુસતકખાનાં મધે ઊગમણ પરાંતની કેતાબોનો સંગરહ ઘણો નામીચોછે, અને તેમાં જરતોસતી મજહબને લગતાં કેટલાંએક પુસતકો રાખેલાંછે, તે પુસતકખાનું પેરોંએ સારીપેઠે તપાસીઊં હતું, અને તેઆરપછી તે પારીસ ખાતે ગએઓ હતો. પારીસમાં આવીઆ પછી આંકુટીલ ડુ પેરોંને ફરાંસ દેશની સરકારે પગાર મુકરર કરીને ઊગમણ પરાંતની ભાશાઓના દોભાશીઆની આબરૂવાલી ચાકરી આપી હતી. એ પછી પેરોંએ દસ વરશવેર રાત દીવસ મોહોટી મેહેનત કરીને ઈ૦ સ૦ ૧૭૭૧ નાં વરશમાં ફરેંચ ભાશામાં "જંદ અવસતા" નો

પોતાનો તરણ દફતરનો ગરંથ બાહેર પાડીઓ હતો, કે જેથી તેહની ઈઆદગારી આજસુધી કાએમ રહેલીછે.

એ દફતરોની ખુબી થોડી નથી. ઈઊરોપખંડમાં પારસીઓની પુરાતમ ભાશાઓનો આપણે હાલ જે તારીફ લાએક અભીઆસ જોઈએછે તે અભીઆસ આંકુટીલ ડુ પેરોંથી શરૂ થાએઓ હતો. પેરોંએ પોતાના ગરંથમાં પારસીઓની ચાલચલણ અને ધરમને લગતી એકબી બીનાં પડતી મુકી નથી. તેણે પોતાના ગરંથ મધે વંદીદાદ, ઈજશને, વીસપરદ, નીઆએશ, ઈઅશત, બુનદેશને, અને જરતોસતી મજહબની બીજી કેતાબોનો તરજુમો આપીઓછે, એટલુંજ નહી, પણ તે સાથે પારસીઓના પેગમબર હજરત જરતોસતની જીંદગાંનીનો એક કીમતી હેવાલ એ ગરંથ મધે તેણે દાખલ કીધોછે. પારસીઓની ચાલચલણ તથા તેઓના ધરમનાં મુકામ અને કીરીઆઓ વીશે પેરોંએ પોતાના ગરંથમાં ઘણી બારીક વીગત આપીછે, તે ઊપરાંત જેઆરે પેરોં સુરતમાં હતો તેઆરે તાંહાંના પારસીઓ વચ્ચે ધરમ સંબંધી બાબદોમાં મજબુત જઘડો ચાલતો હતો તે બાબેની પેરોંએ આપેલી હકીકત પારસીઓની તવારીખના એક ભાગ દાખલ વાંચવાજોગછે. હીંદુસથાંનના પારસીઓ વચ્ચે આજ ૧૦૦ વરશની વાત ઊપર બેએ તડાં શું કારણ ઊપરથી પડીઆં હતાં, તથા તેમાં આગેવાંન કોણ હતા, અને તે બાબદમાં પારસીઓએ પોતપોતામાં શું શું ફેસાદ કીધો હતો, અને કબીસો, કદીમ રેવાજ, રૂવાંનનાં મોહોડાં ઊપર પેનામ બાંધવાની ચાલ, અને એ સવાએ બીજી કેટલીએક બાબદોમાં પારસીઓની માહોમાહેની મારામારી, અને તે બખેડાઓનો મુસલમાન સતાવાલાઓ તથા નવાબોની આગલનો ઈનસાફ. અને એ સવાએ બીજી કેટલીએક બાબદોની ઘણીજ બારીક વીગત પેરોંએ જાહેર કીધેલીછે, તે—હમોએ ઊપર જણાવીઊંછે તેમ—પારસીઓની તે વખતની તવારીખનો એક અગતનો ભાગછે.

પેરોં પોતાની સાથે ઊગમણ પરાંતની બાબદનાં ૧૮૦ પુરાતમ દફતરો પોતાને દેશ લઈ ગએઓ હતો, તે સંગલાં પુસતકો પારસીઓનો

મજહબ, તવારીખ, અને તેઓની પુરાતમ ભાશા, એ સંગલી બાબદોને લગતાં હતાં; એ પુસતકો તેણે પારીસ શેહેરનાં પાદશાહી દફતરખાનાંને સોગાદ કીધાં હતાં, તે હાલ તાંહાં કાએમછે. એ માહેલાં દરએક પુસતકમાં શું શું બીનાં આવેલીછે, તે દરએક પુસતક કએઆ શબદોથી શરૂ થાએછે અને કએઆ શબદોથીં આખર થાએછે, અને તેહેના દરએક બાબમાં શું શું હકીકતછે, તેહેની એક ચોકસ ટીપ પેરોંએ પોતાના ગરંથ મધે દાખલ કીધેલીછે. પેરોંએ જે અવસતાનાં પુસતકોનો ફરેંચ ભાશામાં કરેલો તરજુમો બનાવીઓ હતો, તે તરજુમો (હરએક કામના પેહેલા ઊપચારની માફક) ભુલથી ખાલી નથી. હવડેના ઈઊરોપખંડના વીદીઆવાંનો પેરોંના તરજુમામાં ઘણીએક ચુકો બતલાવેછે, અને એ તરજુમો કેટલેએક દરજજે અશુધ ઠેડવેછે, પણ એ ચુકો વીશે તેઓ વાજબીની રીતે એકરાર કરેછે કે એ બાબદમાં પેરોંની પોતાની ખાંમીનાં કરતાં તેહેને શીખવનાર દસતુરોની ખાંમી વધારે ધારીઆમાં આવેછે. પારસીઓનાં દફતરો વીશે ઈઊરોપખંડના કાબેલોની નજર પેરોંએ પેહેલવેહેલી ઊંઘાડી હતી, તે કારણસર હવડેના વીદીઆવાનો તેહેનો મોહોટો ઊપકાર માનેછે.

"જંદ અવસતા" નો ગરંથ બાહેર પાડીઆ પછી આંકુટીલ ડુ પેરોં નચીંત રહેઓતો નહી. એ નામીચો શખસ જે ફરાંસની "આકડેમી ડે સઈનકરીપસીઆં" નામની વીદીઆવાન મંડલીનો એક મીજલસી હતો, તેણે પોતાની કલમથી ઊગમણ પરાંતની ઘણીએક બાબદોમાં એ મંડલીનાં પરગટ થાએલાં પુસતકો તવંગર કીધાંછે. એ ઊપરાંત ઊગમણ પરાંતના લોકોના ધારાની બાબદમાં તેણે એક કીમતી પુસતક કાહાડીઊં હતું, તથા હીંદુસથાંનના ખંડને લગતો ભુગોલ વીદીઆનો એક બાબ તથા વેપારની બાબદનું એક પુસતક તેણે બાહેર પાડીઊં હતું. અને ૧૭૯૭ નાં વરશમાં ફરાંસના લોકોએ પોતાના પાદશાહને તખત ઊપરથી ઊઠાડીને સવતંતર રાજ ઊભું કીધું હતું તે મામલો જોઈને આંકુટીલ ડુ પેરોં ઘણો કંટાલીઓ હતો; એ વખતની ફરાંસ દેશની

ખુનરેજી તેહેનીથી દેખાઈ શકાઈતી નહી, તેથી પેરો દુનીઆંનાં લોકો સાથેનો પોતાનો સંગલો સંબંધ તજીને પોતાનાં દફતરખાનામાં ભરાઈ બેઠો હતો, તાંહાં રહીને તેણે "હીંદુસથાંન અને ઈઊરોપ વચ્ચેનો મેલાપ" તથા હીંદુઓના વેદનો "ઊપનખત" હેવે નામના બેએ ગરંથ બનાવીઆ હતા. ફરાંસમાં સમાધાની થાએઆ પછી એ દેશની નવી મદરેસાનો પેરોંને એક અધીકારી ઠેડવીઆમાં આવીઓ હતો, પણ એ વખતે એ ધણીએ પોતાની ખુશીથી દફતરખાનાંની તુરંગ ભોગવીને પોતાની તંદરોસતીને ઘણી પાએમાલ કીધી હતી; ખોરાક તે ઘણોજ થોડો ખાતો હતો, અને તેહેનું ચીત એલમ સવાએ બીજાં કામ ઊપર લાગેલું હતું નહી. આંકુટીલ ડુ પેરોંને હેવી હાલતમાં એલમના અભીઆસની થાક ચહડી હતી, અને તેહેની નાંતવાંનાઈનાં દરદથી તારીખ ૧૭ મી જાનેવારી ૧૮૦૫ ને દીને ૭૪ વરશની વએમાં પારીસ શેહેર મધે એ નામીચો પુરસ મરણ પાંમીઓ હતો. પેરોં જેહેવા એલમના જોગી દુનીઆંમાં થોડાજ થાઈ ગએઆ હશે.

[જગત પરેમી, આગશટ ૧૮૫૩.]

ભાગ ૭ મો.

કેળવણી સંબંધી બાબતો.

ખલકત કેલવણી.

જે લોકો પોતાને તથા પોતાનાં બચ્ચાંઓને કેલવણી આપવાના ખરચની જુરાત રાખી શકતા નથી તે ખરચ કોઈ ધરમાતુ શખસના કરતાં સંગલી પંચે આપવો જોઈએછે તે વાત હમણાં પક્કી રીતે મુકરર થાઈછે. આ દેશ માહેલા ગરીબ લોકોના થોડાએક ભાગને સરકારના ખરચથી અને બીજા થોડા ભાગને પરોપકારી પુરસોના આસરાથી કેલવણી મલેછે, પણ આજ સુધી આ દેશમાં કોઈ હેવો કાએદો નથી નીકલીઓ કે પંચના ખરચથી અથવા પરજાને માથેના ગામ ખાતેના છાપા તથા કરો માંહેથી કેલવણીનું કામ ગરીબોને કીજે સદા મુશ્ત જારી રેહે, અને સતા વાલાઓની ખુશી તથા ખાનગી પુરસોની મેહરબાંનીપર લોકો નચીંત થાઈ બેશે નહી. આખી આલમને કેલવણી આપવાની અગત વીશે હમણાં જે ચરચા અને ઊલટ ચાલેછે તે જો પરમેશ્વરની કુરપાથી થોડાં વરશ ચાલુ રહીછે તો કેલવણીની ફરજ પંચ પર પડીઆ વના રેહેનાર નથી.

આગલ હેવી ભાંજગડ ચાલતી હતી કે શું ગરીબ લોકોને આપણે કેલવણી આપવી જોઈએ ? એ ભાંજગડ હાલ પણ થોડેએક ઠેકાંણે ચાલેછે. ગરીબ આદમીએ જાહાજું શીખવું જોઈએ નહી હેવું જો કોઈ કેહે તો ગરીબ આદમીએ પોતાની આંખે જોવું પણ જોઈએ નહી હેવું કેહેવા બરોબરછે. પરમેશ્વરે ગરીબ માણસને જોવાને કીજે જેમ આંખ આપીછે તેમજ તેહેને શીખવાને કીજે અકલ અને શકતી પણ આપીછે, તે ઊપરથી ખોલ્લું માલમ પડેછે કે એલમની બાબદમાં અને તેજ પરમાણે બીજી સંગલી બાબદોમાં આપણા જગતકરતાએ ગરીબ અને તવંગર વચ્ચે કસો તફાવત રાખીઓ નથી. વાસતે ગરીબોને નહી શીખાડવા અને તવંગરોને શીખાડવા હેવો જો કોઈ માણસ તફાવત પાડવા જાએ તો તેણે પરમેશ્વરની એક અગતની આગ્ના તોડેલી જાણવી. એટલા

ઊપરથી સંગલા તવંગર અને દાએઆ માણસોને ઘટેછે કે તેઓથી જેમ બની શકે તેમ ગરીબોને કેલવણી આપવાના કામમાં નીરઅંતર મદદ કરવી, અને તે કેલવણી ઊદીઓગ અને દાહાપણ ઊપજાવનારી તથા પંચના ફાએદાની હોએ એટલોજ સંભાલ કરવો.

જેમ તવંગર સાથે ગરીબ લોકોને કેલવણી આપવાની અગત અને ફરજછે તેજ પરમાંણે મનુશ જાતમાં કેલવણીના ફેલાવામાં સ્ત્રી અને પુરસનો તફાવત રાખવો ઘટારત નથી. સુલેહ, સંપજ, પેઆર, વડાઓને માન અને ઊદીઓગને કીજે જે કેલવણી મરદને અગતનીછે તે બાએડીને પણ અગતની જોઈએ. ફલ આપનારાં બે જાતનાં ઝાડની કલમો મેલવીને જો એક માણસ તેમાંથી કાંઈ નવું ઓતમ ફલ મેલવવાની આશા રાખતો હોએ, અને તેમ કરવામાં જો એકજ જાતની કલમને તે પાણી સીપે અને બીજીને પાણી વગર રેહેવા દીએ તો તેમાંથી જે ફલ પેદા થાએ તે ખામી વગરનું નીકલનાર નથી. તેજ પરમાણે મનુશના વંશનો એક ભાગ (મરદ) ચંચલ અને બીજો ભાગ (સ્ત્રી) અજ્ઞાની રેહે તો તેમાંથી જેહેવી મોહોટાઈ આદમી મેલવી શકેછે તેહેવું નીકલનાર નથી. સ્ત્રીના રંજકગુણ કરતાં તેહેનાં જ્ઞાનને વધારે માન આપવું ઘટારતછે, અને પુરસે સ્ત્રીને પોતાની બરોબરીની તથા મસલહત લાએકની કરેઆથી તેહેનીપરની શકતી ટલેછે અને સ્ત્રી પોતાના પુરસને મદદ અથવા દેલાસો આપનાર થાએછે, અને તેજ પરમાણે જ્ઞાની ઓરતથી તેહેનાં કુટુંબ, જાતભાઈ અને દેશને મોહોટો ફાએદાછે. સ્ત્રીને કેલવણી આપવાની સાંમણે જે વાંધાઓ ઊઠાવીઆમાં આવેછે તેઓથી હમો વાકેફ છઈએ. તે વાંધા જેહેવા નજીસછે તેહેવાજ તે બોલનારોને શરમ ભરેલાછે. સારાં કામ પછવાડે હમેશાં ભુડું ચાલતું આવીઊંછે. એક સારો સાંચો અથવા હીકમત અથવા દવા જાહેર પડી તો તેથી આલમને બેશુમાર લાભ થાએછે, પણ તેજ સાંચા અથવા હીકમત અથવા દવાની મદદથી ઘણા દુશટ વીચારના લોકો કોઈવાર પોતાની મતલબ સાંધેછે, તેથી એમ નહી જાણવું કે તે નવી હીકમત ઊપીઓગ લાએક

નથી, જેઆરે એક આદમી લખવા શીખેછે તેઆરે આપણે જાણીએછે કે તે લખવા શીખીઓ અને જો તેહેની નીતી લુલી હશે તો તે ખોટી શહીઓ પણ કરશે. જો એક આદમી વાંચવા શીખીઓ અને તેહેના શોક પરમાણે જો એક પુસતક આવીઊં હોએ અને તે પુસતક ગમે હેવું નજીસ બાબદોથી લખેલું હોએ, તોપણ તે વાંચીઆ વના રેહેશે નહી. તેઆરે શું હેવા અપરાધ કરનારાઓને કીજે આપણે લખવાનું અને વાંચવાનું મુકી દઈજીએ ? પરમેશ્વરેં આપણને આંખ આપીછે તેથી સારાં સાથે માણસ નરસો દાખલો પણ જોએછે, અને ઘણીવાર તે નરસો દાખલો પણ પકડેછે, અને પરમેશ્વરે આપણને સાંભલવાને કાંન આપી આછે તેથી માણસ ઘણીવાર અધરમ વચનો સાંભલેછે અને તે શીખેછે, તેથી શું આપણને જરૂરછે કે આંખને ફોડી નાખવી જોઈએ તથા કાંનને બેહેરા કરવા જોઈએ કે ફરીને કોઈ દુશટ દાખલો આંખે જોઈએ નહી તથા દુશટ વચનો કાંને સાંભલીએ નહી ? પકી કેલવણી આપીઆથી સંભાલ થાએછે, તોપણ કેટલાએક લોકોના કહ્ય પરમાણે—આપણે તકરારને વાસતે કબુલ કરીએ કે—સ્ત્રીને કેલવણી આપીઆ પછી તેમાંથી કોઈ પોતાનો લખવા વાંચવાનો એલમ દુશટ કામે લગાડશેતો (ઊપર જણા વીઆ પરમાણે આંખ અને કાંન બંધ કીધા માફક) શું આપણે તે કેલ વણી પડતી મુકવી જોઈએછે ? ના કધી નહી. એ જવાબને લાંબી તક રાર જોઈતી નથી. ખલકત કેલવણીમાં અગરજો સ્ત્રી કેલવણીને પડતી મુકી તો તે ખચીત ભુલ અને નુકસાંન ભરેલું ગણવું જોઈએછે.

હવે વલી લોકો કેહેછે કે ગરીબ માણસને કેલવણી આપીઆથી તેઓની હાલત કરતાં આપણે તેઓને વધારે ઊંચા કરીએ છઈએ. તેઓ તકરાર કરેછે કે ફીલસુફીનો ભમાવેલો અથવા રાજ દરબારી કામપર ધેઆંન આપનારો ગરીબ પણ કેલવણી પામેલો શખસ સુથાર અને મોચીનું કામ કરશે નહી. પણ ગમે હેવો કોઈ આદમી શીખેલો હોએ તોપણ તેણે પોતાનું પેટ ભરવાની પેહેલી ફકર પડેછે, અને જે ઘણી ખરે ખર શીખેલો હોએછે તે હરકોઈ રીતે આબરૂથી પોતાનું ગુજરાન કર

વાને કસી શરમ જોતો નથી. તેહવા શીખેલા શખસથી તેહેના ધંધાને માન મલેછે તથા તેહેના કીસબના આદમીઓમાં સુધારો થાએછે. એક આદમી શીખેલો હોએછે અને પછી તે પોતાનો કાંઈ હલકો ધંધો છોડી મુકવા માંગેછે તેહેનું કારણ એછે કે આલમમાં સરવે કોઇને એકસરખી કેલવણી મલેલી નથી, તેથી જો કોઈ ગરીબ કારીગર સારી રીતે એલમ શીખીઓ હોએ અને તેહેના પેસાના બીજા આદમીઓ અનઘડ હોએ તો તેથી તેહેને પોતાનો કીસબ છોડવાની ઈછા થાએછે, પણ આપણે જો સંગલાને કેલવણી આપીએ અને સંગલા કારીગરો શીખેલા હોએ તો પછી કોઈને પોતાનો કીસબ મુકવાની તેહેવી ઊલટ થાશે નહી, મગર એકબીજામાં તેઓ સરશ નીકલવા અને પોતાના ધંધાને જેબ આપવા ચાહશે.

જુલમગાર પાદશાહો જાણેછે કે આલમને કેલવણી આપીઆથી તેઓની જાલમી સતા કમ થાએછે. પણ શીખેલા માણસો પોતાપર સતા ધરાવનારાઓની ચાલપર વીચાર દોડાવી શકેછે એટલા ઊપરથી ખલકત કેલવણીની વધારેજ અગતછે. વલી આ દુનીઆંમાં માણસોના મોહોટા ભાગમાં એક કાએદોછે કે પોતાના વડાવાઓથી ઊતરતી આવેલી ચાલ ચલણ તેઓ એકદમ તરક કરતા નથી. એ કાએદો ઘણો ગુણગારોછે અને તેથી હરકોઈ ફેરફારપર વીચાર કરવાને બની આવેછે. પણ જો કોઈ માણસ વીચાર કરવાને બદલે એ કાએદો ગેર રીતે વાપરીને હઠ લઈ બેશે તો પછી તેહેના ગુણોનો નાશ થાએછે. ખલકત કેલવણી હેવી હઠીલાઈને તોરવાને ઘણી ઊપોઓગીછે.

તવંગર કરતાં ગરીબને કેલવણી લેવાનો તથા પોતાનાં બચ્ચાંને કેલવણી આપવાનો ઘણો થોડો વખત અથવા જોગવાઈ મલેછે, તેટલા માટે જેમ બને તેમ સારી રીતે ગરીબોને કેલવણી આપવી જરૂરછે. ગરીબ તેમજ તવંગરનાં નાધલાં બાલકોને કેલવણી આપવાનાં કામમાં મુકરર ધડા આપી શીખાડીઆ કરતાં બચ્ચાંઓને છુટ સાથે રમુજ દાખલ તેઓને કેલવણી આપવી ઘણી બેહેતરછે. તે કેલવણી બાલક ખુશીથી

લીએછે, તેહેના ફાએદા ઘણાછે, અને તેથી બાલકોને ટુક વખતમાં ચંચ લાઈ આવેછે તથા ગ્નાન મલેછે.

ધરમ શાસતરની કેલવણી વીશે હમો કાંઈ બોલીઆ નથી, પણ એ કામમાં જે કેલવણી તવંગરને અગતનીછે તે ગરીબને પણ અગત નીછે. તોપણ અગરજો એક ધરમ ખાતાંની નીશાલના મુતવલીઓ પોતાને પસંદ પડતો એક રીતનો ધરમ શીખાડવા માંગતા હોએ અને બચ્ચાંઓનાં માબાપ બીજી રીતનો ધરમ પાલતાં હોએ તો હમો કહીજીએછે કે બચ્ચાંના માબાપોને પસંદ નહી પડે તેહેવાં ધરમ શાસતરની કેલવણી તે નીશાલમાંથી કાહાડી નાખવી જરૂરછે, કાંએકે ધરમના બખેડાને કીજે કેલવણી પડતી મુકવી ઘટારત નથી. જે કોઈ શખસ ધરમાતુ થાવાનો દાવો કરીને પછી બચ્ચાંઓનાં માબાપના વીચારની સાંમણે થાઈ પોતાનેજ પસંદ પડતો ધરમ પોતાના અસતેકની નીશાલમાં શીખાડવાની જીદ કરે તો તેહેનાં પરોપકારીપણાંપર મોહાટો શકછે. પણ પરોપકારી પુરસો ઊપર કેલવણી સંબંધી સંગલો આધાર રાખેઆનાં કરતાં જે બચ્ચાંઓ (છોકરા અથવા છોકરીઓ) ને કેલવણી આપવાની તેઓનાં માબાપોમાં શકતી નહી હોએ તેહેવાં બચ્ચાંઓને આલમની તરફથી ઈઆને આલમ પાસેથી મલેલા કર ઈઆ છાપાની ઊપજના કોઈ ભાગ મધેથી કાંઈ વધારે નહી તો ફકત તતવ કેલવણી આપવાની દરએક દેશનાં લોકોને માથે ફરજછે. એ કેલવણી તે બચ્ચાંઓને કીજે માતરે ફાએદા કારકછે એમ સમજવું નહી, પણ દેશના ખુદ લાભને સારૂં તે જરૂરનીછે, હેવું આપણે જાણવું જોઈએછે.

[જગત પરેમી, અકટોબર ૧૮૫૧.]

ધરમખાતાંઓની નીશાલોમાં લખવા વાંચવાની કેલવણી સાથે હુંનર શીખાડવાની અગત વીશે.

આપણે કોઈ બચ્ચાંને કાંઈબી રીતની કેલવણી આપીએછે તેહેની મતલબ હેવીછે કે તેથી બચ્ચાંના પાછલા દાહાડાના સંસારમાં તેહેની ચાલ ઊપર તે કેલવણીની અસર થાએ, અને તે પોતાના દેશીઓમાં જો કદાચ બીરાજી નહી નીકલે તોપણ ઘણી બાબદમાં બીજાઓની બરોબરીઓ થાએ. સંસારમાં કેલવણીના બેએ ઊપીઓગ આવેછે, તેમાં એકતો એછે કે કેલવણી લીધેલો માણસ પોતાની મેહેનતથી પેટ ભરવાને શકતીવાન થાએછે, અને બીજું એકે તે પોતાના ભાઈબંધોમાં સારી ચાલ અને ગ્નાની મારગ મેલવવા શીખેછે અને લખીઆ તથા વાંચીઆથી ડાહપણ મેલવેછે. એ બંધે ગુણો જેઆરે કોઈ માણસમાં મલતા આવેછે તેવારે તે ધણી કેલવણી પામેલો કેહેવાએછે. પણ "કેલવણી" બોલનો અરથ ઘણો બોહોલોછે, અને તેમાંથી શું સમજ ઊઠેછે તે વીશે જુદી જુદી ગનેઆતનાં લોકો જુદા જુદા વીચારો ધરાવેછે. આરબ અને તુરકી લોકો જેઆરે પોતાનાં બાલકોને સારીપેઠે ઘોડાપર બેશવા અને જંગલોમાં ભટકવા શીખેલા જોએછે તેઆરે તેઓ તે બાલકોને પક્કા કેરવાએલા સમજેછે. આપણા દેશના વાણીઆ વેપારીઓ જેઆરે પોતાના છોકરાઓને પેહેડીએ બેશાડેછે અને તે છોકરાઓ નામું રાખવા શીખેછે તેઆરે વાણીઆઓ તે પોતામાં સમપુરણ કેલવણી કરી સમજી લીએછે, અને બીજાઓનો હેવો વીચારછે કે જો છોકરો કાંઈ ધંધો શીખીઓ અને તેથી તે પોતાનું પેટ ભરવાને શકતીવાન થાએ તેજ ખરી કેલવણીછે. એ સંગલા લોકો કેલવણીનું કામ પોતાની કોમના રવઈઆ પરમાણે માતરે કાંઈ કીસબ શીખાડવાનું જાણેછે, અને એ ઊપરાંત વધારે કેલવણી કે જેથી બાલકો અકલમંદ થાએ અને પોતાના પેસાને માન આપે તથા તેહેમાં સુધારો તથા વધારો કરે તે બાબે તેઓ કાંઈ

બેઆલ દોડાવતા નથી. બીજા હાથપર એથી ઊલટી રીતે આજ થોડું એક થાઈશિ ઈંગરેજી કાએદાથી આ દેશમાં કેલવણી શરૂ થાએઆ પછી લોકોમાં એક હેવો ખોટો વીચાર બેશી ગએઓછે કે માતરે ઈંગરેજી જુબાનમાં લખવા અને વાંચવા શીખાડવું એજ કેલવણીછે, અને એ કેલવણીથીજ બાલકો પેટ ભરવાને શકતીવાન થાએછે, હેવો તેવોનો ભુલ ભરેલો એતેકાદછે. હેવો વીચાર રાખનારા લોકો એમ નહી જાણતા કે એક ધંધો ચલાવવાને કીજે ઘણા જણા તઈઆર થાએઆથી તે ધંધાની કીમત ઘટી જાએછે, અને તે કીમત જો આજ નહી પણ દસ વરશ પછી પણ હેવી ઓસરી જાએ કે જેથી તેમાં લાગુ થાએલા શખસો પોતાનું ગુજરાણ મેલવવાને અશકતીવાન થાએ તો પછી કેલવણીની એક મુખીઅ મતલબ, જે માણસે પોતાની શકતીથી પોતાનું અને કુટુંબનું પેટ ભરવાનીછે, તે મતલબ ભાગી પડેછે. એજ પરમાંણે ઈંગરેજી "કલારક" અથવા મેહેતાગીરી કરવાના ધંધામાં જેટલો ખપછે તે કરતાં વધારે માણસો તે ધંધા પુઠે લાગે અને પછી જો તેથી ઘણાઓને પુરતું પેટ ભરવાનું બની શકે નહી તો તેથી કેલવણીની એક મતલબ ખોવાઈ જાએછે. એ રીતે જોતાં આપણા દેશની કેલવણીની હાલતમાં બેએ ખાંમી દીશેછે, તેમાં ઊપર જણાવીઆ પરમાણે એકતો એછે કે જે લોકો પોતાનાં બાલકોને હાથનું કીસબીપણું શીખાડેછે તેઓ તે ભેલું તે બાલકોને લખતાં તથા વાંચતાં શીખાડતા નથી, અને બીજું એકે જેઓ લખતાં તથા વાંચતાં શીખાડેછે તેઓ પોતાનાં બચ્ચાંઓ વગર હરખતે પેટ ભરે હેવો કાંઈ કીસબ ઈઆ હુનર શીખાડતા નથી—એ રીતે બંધે તરફ ભુલ આવેલીછે, અને તે ભુલ હવેપછી આપણને ઘણી ખરાબી કરે હેવીછે.

આ દેશમાં આગલા વખતમાં ચાલતા રવઈઆ મુજબ થોડાજ મોહોટે વાઘેના લોકો પોતાનાં ફરજંદોને લખવા અને વાંચવાની કેલવણી આપતા હતા, અને બાકીનાઓ માતરે કાંઈ કારીગીરી અને રોજગાર શીખતા હતા, તેથી સંસારનાં સુખને કીજે તેઓની ગરજ સચવાતી હતી; પણ હાલના વખતમાં જેઆરે બીજાં દેશો આપણાં કરતાં સરશ

નીકલીઆંછે અને પોતાની વસતીની ચતુરાઈથી દુનીઆંના વેપાર અને માનમાંથી આપણને હટાવી કાહાડેછે તેવારે આપણીથી આગલની માફ્કની કેલવણી ઊપર સબુરી પકડી રેહેવાઈ શકાતું નથી. આ વખત હેવો આવીઓછે કે તેમાં મેહેનત અને એલમ એ બંધેની એકસરખી અગત પડેછે. એ બંધે જો હવે આપણે કામમાં નહી લગાડીએ ઈઆને આપણા દેશના લોકો ઊંચી કેલવણી સાથે મેહેનત નહી કરે તો આપણો દેશ તેહેની ફલવાન જમીન છતાં દુખભરેલો અને કંગાલ થાએઆ વના રેહે નહી. આજ એલમવાલો એક કારીગર સાંચાઓની મદદથી સો માણસનાં જેટલું કામ કરી શકેછે, અને પોતે સુખથી રેહેવા છતાં પોતાની મેહેનત બીજાઓને સસતી વેચાતી આપેછે, તે હાલત આપણા દેશમાં આગલ અથવા હવડે કોઈવાર બની નથી. આપણી હાલની કેલવણી હેવીછે કે જે માણસ લખવા વાંચવાની પાક્કી કેલવણી લીએછે તે ધણી કાંઈ કીસબીપણું ધરાવતો નથી, અને જે ધણી કીસબી હોએછે તે પોતાનાં કામ સવાએ લખવા વાંચવાની કેલવણી લેતો નથી, તેથી હેવું બનેછે કે આપણા કારીગરોનાં ધંધામાં કાંઈ સુધારો થાતો નથી અને તેઓ એક બીજા કરતાં સરશ નીકલી શકતા નથી. એ બનાવથી આપણને બેવડો અવગુણ થાએછે. તેમાં પેહેલો એકે આપણી વસતીમાં જે લોકો લખવા તથા વાંચવાની કેલવણી લીએછે અને લખવાનાજ ધંધા પછવાડે મંડેછે તેઓને પુરતો રોજગાર મલતો નથી, અને બીજું એકે કારીગીરી કરનારાઓ અભણ હોવાને લીધે આપણી કારીગીરીમાં સુધારો નહી થાએ આથી બીજા ચંચલ દેશવાલાઓ આપણને સંગલી બાજુપરથી હટાવી કાહાડેછે. તેહેનો દાખલો જુવો હોએતો આપણી નજર સાંમણેછે કે આપણા ખેડુતોમાં વીદીઆનું બલ ઘણું થોડું રહેઆથી અમેરીકાના લોકોની માફ્ક સસતો અને સોજ્ઝો રૂ આપણે પાકવી શકતા નથી, તેથી ઈંગલંડનાં બજારમાં એ ધંધાથી અમેરીકાનોએ આપણી સાહેબી કાહાડી નાખીછે. વલી ફરીને જોઈએછે તો આપણી પોતાની બેવકુફી અને અજ્ઞાનપણાંપર આપણને શરમ લાગીઆ વગર રેહેતી નથી.

આપણાં દેશમાંથી ઈંગલંડનાં કારખાનાંઓનાં ખપ પરમાણે ગણતાં થોડો એક રૂ એ દેશ ખાતે જાએછે, તે રૂ ઈંગલંડમાં સાંચાથી તુપાઈ કંતા ઈને તેહેનાં કપડાં બની આ દેશ ખાતે પાછો આવેછે, તે કાપડ એટલું તો સસતું મલેછે કે આપણાં પોતાનાં દેશમાં જાંહાં રૂ પાકેછે અને દુર દેશ ખાતે જાવાનો ખરચ ખંચેછે, તોપણ આપણા વણકરોથી ઈઊરોપના જેહેવું સસતું કાપડ બની શકતું નથી, કે જેથી ઈઊરોપ ખંડ સાથે આપણો વેપાર વધીઆની આગમજ જે લોકો અતરે વણકરનો ધંધો કરતા હતા તેઓનો રોજગાર હવડે પડી ભાગોછે, તે સુરત, ભરૂચ, ધાકા, મસલીપતામ અને હેવાં બીજાં મુકાંમોની હાલત પરથી આપણને ખોલ્લી રીતે જાહેર થાએછે. એ સંગલી ખરાબીનું કારણ એટલુંજછે કે આપણા લોકોમાં વીદીઆનું બલ નહી મલે અને આપણા કારીગરોમાં અને ખેડુતોમાં નવી કલાઓથી પોતાનો સુધારો કરવાની શકતી નહી જરે, તેથી આપણે બીજાં ચંચલ દેશોના હાથથી ધંધામાં માર ખાઈ બેઠા છઈએ; અને જે ચીજની ઊપજ આપણા પોતાના દેશમાં થાએછે તેજ ચીજ પરદેશ મોકલી કપડાં મંગાવીએછે, તેમાં બીજાં દેશને આપણે રોજગારે લગાડીએછે અને આપણા પોતાના વણકરોને રોજગાર વગર રખડવાની ફરજ પાડીએછે. એ સંગલું આગલ નહી હતું, પણ જેઆરે આપણી સાંમણે હમનબરદો ઊભા થાએ અને તે આપણાં કરતાં સરશ નીકલે અને આપણે સુસતીની માફક પડી રહીજીએ, તો પછી આપણે રોજી ખોઈ માર ખાઈ બેશીએ હેમાં નવાઈ નથી. આપણે સંગલી કારીગીરીમાં ઘણો ભાગ હાથનું જોર અને થોડો ભાગ મગજનું જોર વાપરતા આવીઆ છઈએ, પણ આ એલમવાલા સમેમાં થોડો ભાગ હાથનું જોર અને ઘણો ભાગ મગજનું જોર જોઈએછે, અને તે આપણે કામે નહી લગાડીએ તો આપણાં કંગાલપણાંનો છેડો નથી.

એ ઊપરથી સાબેત થાએછે કે આપણા કારીગરો અને ધંધાદારીઓ અને આપણા ખેડુતો સંગલા કેલવાએલા જોઈએ કે જેથી જે

ખરાબી હવડે તેઓને માથે ભમેછે તે દુર થાએ. હાલ જે આપણી કેલવણીનો કાએદોછે કે લખનાર અને વાંચનાર લખવાનોજ ધંધો કરે, અને જેહેને એ લખતાં વાંચતાં નહી આવડે તેજ ધણી બીજાં કીસબીપણાં અથવા રોજગાર પછવાડે મંડે, તે ચાલથી આ દેશને મોહોટી ખરાબી થાએઆ વના રેહેતી નથી. ખરી કેલવણી લીધામાં કધી અવગુણ છેજ નહી, પણ આપણે જે કેલવણી આપીએછે તે કાચ્ચીછે, કાંએકે આપણે જેહેનું મન સમારીએછે તેહેના હાથ સમારતા નથી, અને જેહેના હાથ કામે લગાડીએછે તેહેનું મન સુધારતા નથી. જાંહાંસુધી કારીગરો અને ખેડુતો લખવા તથા વાંચવા શીખે નહી અને આપણે બીજાં દેશોનો દાખલો લઈ તમામ ખલકતની કેલવણી પછવાડે ઊલટ રાખીએ નહી તાંહાંસુધી આપણા દેશની હાલત જે પડતી જાએછે તે આપણે સમરેલી જોઈ શકશું નહી. જુવો કે અમેરીકા દેશનાં એકઠાં મલેલાં પરાંતોની હાલત આજ કેહેવીછે. એ દેશમાં આજ ૨૦૦ વરશની વાતપર જંગલી લોકો સવાએ બીજું કોઈ વસતું નહી, અને તાંહાંની જમીન ફલવાન છતાં આખાં દેશમાં વરશ દાહાડે એક શેર ફલતુ અનાજ પાકતોતો નહી, તે દેશમાં ઈઊરોપીઆંનો જાઈ પોંહાંચીઆ—તેઓ કેલવાએલા હતા અને જોકે અસલ બાપદાદાથી ખેતીનો ધંધો કરતાતા નહી, તોપણ તેઓ પોતાની કેલવણીના જોરથી એ વેરાંન મુલકમાં હેવીતો ખેતીવાડી કરવા લાગા અને તેમાં તેઓએ એટલો તો લાભ મેલવીઓ કે તેઓને જોઈને ઈઊરોપથી હજારો આદમીઓની વસતી એ દેશમાં એકઠી થાઈ, અને આખાં દેશમાં વસતીવાંન ગામડાંઓ ફેલાઈ ગએઆં, ગામડાંઓમાંથી શેહેરો ઊભાં થાએઆં, અને હાલ તાંહાં એક મોહોટું રાજ બનીઊંછે કે જે પર જો કોઈ શખસ એકલો હકુમત ચલાવે તો તે શેહેનશાહના દરજજાને લાએકનો થાએ. એ દેશમાં હવડે આબાદાંની ભરેલી વસતીછે, તાંહાં સંગલી તરફ લોહોડાંની સડકો દોડેછે, બંદરે બંદર સેંકડો આગબોટો ફરેછે અને પરૂથવીના સંગલા ભાગો તરફ તે પોતાની મેહેનતની પેદાશ ભરીને હજારો

વાંહાંણો રવાંને કરેછે. હવે આપણે ચોકસાઈથી તપાસીએછે તો એ દેશની જમીન જો પણ ફલવાનછે, તોપણ તે આપણાં દેશની બરોબરની નથી. હીંદુસથાંનના કેટલાએક ભાગોમાં વરશમાં બેએ વાર અનાજનો પાક ઊતરેછે તેમ અમેરીકામાં થાતું નથી. તેઆરે આપણી તરફ આટલા બધા ગુણ છતાં આપણો દેશ એટલો પછાત કાંએ રહેઓછે ? તેહેનું કારણ હમોએ ઊપર જણાવીઊંછે તે મુજબ એટલુંજછે કે દુનીઆંનાં બીજાં દેશોની સુધરાઈ પરમાણે આપણે તેઓની બરોબરી ઊતરી શકીઆ નથી, અને આ જમાનો જેહેમાં હેવુંજ સરજેલુંછે કે વધવું અને સુધારવું તે વેલાએ આપણે આલસુ પડી રહેઆ છઈએ.

આપણી કેલવણીની ગોઠવણમાં કેહેવી ખાંમીઓછે તે બતલાવી આપવાને કીજે હમોએ ઊપલા લંબાણ દાખલા પરગટ કરીઆછે. હમણાં આપણા દેશમાં જે કેલવણી શરૂ થાઈછે તેણે આપણાં પછવાડેનાં સુખનો દરવાજો ઊંઘાડીઓછે, પણ હવે તેહેનો રસતો કાપવો જોઈએછે, તે રસતો કાપવાનો કાએદો જે રીતે હાલ ચાલેછે તેમાં કેટલીએક ખાંમી દીશેછે. આપણે જોઈએછે કે માતરે મુંબઈના ટાપુની વસતીમાં આસરે ૨૦૦૦) પારસી છોકરાઓ ઈંગરેજી ભાશાની કેલવણી લીએછે, તે બાલકો પાંચ અથવા છ વરશમાં અગતજોગ શીખી તઈઆર થાએછે. શીખીઆ પછી તેઓનો મુખીઅ ભાગ એકજ ધંધો પોતાને કીજે ઊંઘાડો જુવેછે, તે ધંધો માતરે ગુમાસતાપણાંનોછે. એ ધંધામાં, કેલવાએલા જુવાન પુરસોને પોતાની શકતી પોતાને તથા બીજાઓને કીજે કાંઈ ફાએદા ભરેલી રીતે ખોલ્લી કરવાને ઘણુંકરીને બની આવતું નથી, અને આપણી કેલવણીની હેવી નેમછે કે તેથી આપણાં દેશને લાભ થાએ અને આપણી આબાદાંની બીજાં દેશોની બરોબર થાએ તે વાત આ હાલતને લીધે બની શકતી નથી. આપણા કેલવાએલા પુરસો માહેથી કોણ શખસ ખેતીવાડી પછવાડે મંડીઓછે ઈઆ કીસબીપણું અખતીઆર કીધુંછે કે જેથી આપણે જે ફાએદાના ઊમેદવાર છઈએ તે આપણે હાથ આવે ? કોઈ નહી. આપણા કેલવાએલા જુવાન પુરસો વેપારી

અથવા સરકારી ખાતાંઓમાં ઓધેદાર અથવા લખનાર સવાએ ઘણું કરીને બીજા કોઈજ ઊદમ જોતા નથી, અને બીજા ઊદમમાં તેઓને કોઈએ આગલ ચલાવીઆ નથી. કેહેવાતછે કે મહમદે એક વાર એક ડુંગરને પોતાની પાસે બોલાવવાનો હોકમ કીધો, પણ તે ડુંગર અલબત આવીઓ નહી તેઆરે મહમદ બોલીઓ કે "પાહડ માહરી પાસે આવતો નથી તો પાહડ પાસે હું જાંઊં" તેજ પરમાણે આપણા કેલવણી પામેલા પુરસોને લખવા સવાએ બીજો રોજગાર મલતો નથી તો આપણે તે બીજો રોજગાર તેઓની નજદીક મુકવો જોઈએછે. આપણે વીચાર કરવો જોઈએછે કે દર વરશે જે આસરે ૫૦૦ જુવાન પારસીઓ માતરે આપણા ટાપુમાં કેલવણી લઈ બાહેર પડેછે તેઓ કાંહાં રખડશે? લખવાના ધંધામાં કેટલા સમાસે? તેઓ સરવે પેટ કાંહાંથી ભરશે, અને પોતાની આબરૂ કેમ સંભાલી સકસે? આપણા ટાપુમાં એલફીનસટન મદરેસામાં તથા ઈસાઈ ધરમના ઊપાધીઆઓની જુદી જુદી નીશાલોમાં તથા સર જમશેદજી જીજીભાઈ નાઈટની ઈંગરેજી નીશાલમાં અને એ સવાએ બીજી કેટલીએક ખાનગી જગાઓમાં હજારો બાલકો કેલવણી લીએછે, તેમાં એક નીશાલ (ઈનડુ બરીટીશ ઈનસટીટ્યુસન) સવાએ બીજે કોઈબી ઠેકાંણે કાંઈ કલા અથવા હુનર શીખાડીઆમાં આવતો નથી, કે જેથી તેમાં શીખેલા પુરસો લખવા સવાએ કોઈ બીજી રીતે પોતાનું ગુજરાન કરી શકે, અને તેથી કરીને આપણા દેશનો હીકમતી રોજગાર જે આપણા પોતાના કારીગરોમાં એલમની ખાંમીને લીધે પડી ભાગોછે તે તાજો થાએ. હમો એટલુંજ પુછીએછે કે જે બાલકો હવડે આપણાં જુદાં જુદાં ધરમખાતાંઓમાં ઈંગરેજી ભાશાની કેલવણી લીએછે તેઓને પોતાનું પછવાડેનું ગુજરાન ચલાવવાને લખવાના ધંધા સવાએ રસતો શું છે? અને લખવાના ધંધામાં તેઓનો સમાવ નહી થાએ તો બીજો મારગ કીઓછે? ઈંગરેજી અને દેશી ભાશાનો તતવ શીખાડીઆ પછી આપણાં ધરમખાતાંઓની નીશાલોના મુખીઅઓ પોતાના અસતેક માહેલા જુવાન પુરસોને કાંઈ કીસબીપણું કાંએ નહી શીખાડતા કે તેથી

તેઓનો રોજગાર માનવંત થાએ, અને કેલવણીની મોહોટી મતલબ જે આપણા મનના સુધારા સાથે આપણા ઊદમનો પણ સુધારો કરવા નીછે, તે મુરાદ બર આવે ? આપણે જોઈએછે કે આપણા સુથાર અને મીસતરીઓ પોતાના ધંધાને લગતી ઘણીએક ચીજોથી નાવાકેફ હોએછે, તેઓને જાંહાં મજબુત કામ લેવું હોએછે તાંહાં લાકડાં અને ચુના મટોડાંના થેપ મારેછે, અને જાંહાં રોનક ભરેલું અને રમકડાં જેહેવું સોભતું કામ લેવું હોએછે તો તે નાજુક કરેછે. જે ઘેર આ દેશમાં બાંધવાને ૧૦૦૦૦) રૂપીઆ ખરચ લાગેછે તે કરતાં વધારે સોભતું અને તકાઊ ઘેર માતરે ૭૦૦૦) રૂપીઆની કીમતમાં ઈંગલંડમાં બંધાઈ શકેછે, અને જોકે તાંહાં મજુરી વધારે મોઘીછે. તેઆરે આપણા મીસતરીઓને અને એજ પરમાંણે આપણા કુંભાર, વણકર, કંસારા, સીકલીગર, લોહાડ, સોની અને એ વગરે બીજા તરેહવાર કારીગરોને કીસબીપણામાં સુધારવાની કેટલી મોહોટી અગતછે ? જે કારીગીરી હાલ આપણા લોકોથી બની શકતી નથી, અને તે મોહોટો ખરચ આપીને આપણે દુર દેશથી મંગાવીએછે તેહેની કમાઈ જો આપણાજ દેશનો કારીગર ખાએ અને આપણે પારકા ભરોસાપર નહી રહીજીએ તો તેમાં આપણને કેવો ફાએદો અને માન છે ? આપણાં કપડાં ઈઊરોપથી બની આવેછે, આપણા દેશનાં મોહોટાં વાંહાંણો ઈઊરોપીઆંનો વગર કોઈ ખેડતું નથી, આપણું છરીકામ અને લોહોડાંકામ ઈંગલંડ દેશથી આવેછે, તે આપણા પોતાના કારીગરોની બનાવટની જીનસો કરતાં સસતું અને સોભતું પડેછે, અને એ રીતે બીજી ઘણીએક બાબદોમાં આપણા પોતામાં કલા અને હુનરની ખાંમીને લીધે ઘણીએક અડચણો ભોગવવી પડેછે, તે આપણા કેલવણી આપનારાઓ કાંએ નહી ટાલતા ? હમણાં શીખેલા જુવાન પુરસોને માતરે લખવા વાંચવા શીખાડીને આપણી વસતીપર એ ધરમખાતાંની નીશાલવાલાઓ દર વરશે સેંકડોબંધ છોડી દીએછે, તેઓની અધુરી કેલવણી દેશના ફાએદાને કીજે આપણને શું ખપ લાગવાનીછે, અને જાંહાંસુધી આપણે તેઓને કાંઈ કીસબીપણાંનો મારગ

બતલાવીએ નહી તાંહાંસુધી આપણી કેલવણીની મતલબ કેમ હાથ આવશે ? એ સવાલનો એજ જવાબછે કે આપણી કેલવણીની રીતમાં કાંઈ મોહોટો ફેરફાર કરીએ તાંહાંસુધી તેમાંથી ઘણું પસંદ પડતું શેવટ નીપજનાર નથી.

હાલ આપણે જોઈએછે કે જે માંબાપો પોતાના છોકરાઓને કેલ વણી આપવા ચાહેછે તેઓ સરવે પોતાનાં બાલકોને ઈંગરેજી નીશા લોમાં શીખવા મુકેછે. તેમાં વેપારી, વાનોતર, મજુર, સુથાર, લોહાડ, દરજી, એ સઊ કોઈ હેવું ચાહેછે કે તેઓનાં બાલકો ઈંગરેજી ભાશાની કેલવણી લીએ. એ કેલવણી અલબત ઘણી વખાણવાજોગછે, પણ કેલ વણી લીધા પછી તે બાલકોના રોજગારનો રસતો શું છે ? લખવાનો ધંધો, એ સવાએ તેઓને પોતાનું ગુજરાણ કરવાના થોડાજ મારગો ખોલ્લાછે. એ ચાલથી આપણી કારીગીરીમાં કેટલી ખરાબી થાએછે, દરજી અથવા સુથારનો છોકરો જો ચંચલ હોએછે તો લખવાનો ધંધો પકડેછે, અને જે છોકરાઓ માતરે ઠોઠ હોએછે તેજ પોતાના અસલ ધંધાને કીન્જે રહી જાએછે. હવે લખવાના ધંધા ઊપર સરવે કોઈ મંડી આથી આપણી કારીગીરીને કાંઈ ફાએદો થાતો નથી, પણ સાંમણો હેવો બીગાડ થાએછે કે જે શખસો ચંચલ કારીગરો થાવા જોઈએ તેઓ તે ધંધો છોડી પોતાનાં દેશને કાંઈજ ફાએદો કરતા નથી, અને હેવું બનેછે કે કારીગીરીની ખાંમીથી આપણા સંસારમાં કામની ઘણીએક ચીજો જે આ દેશમાં મોઘી અને કઢંગી બનેછે તે છોડી દઈને પારકાં દેશોથી તે ચીજ આપણને ખરીદ કરવી પડેછે. પારકાં દેશોની ચીજો ખરીદ કરવી તે ગોએઆ તે દેશોના કારીગરોને આપણે કામે લગાડીઆ બરોબરછે. આપણામાં હુનરની કોતાઈછે તેથી પારકાને ધંધે લગાડવા અને પોતાના ઓને ભુખીઆ રાખવાની આપણને ફરજ પડેછે.

આ બાબદ હમો જેટલી વધારવા માંગીએ એટલી લંબાણ થાઈ શકેછે. ટુકાંમાં તેહેની મતલબ એટલીજછે કે આપણાં ધરમખાતાંઓમાં ગરીબના છોકરાઓને જે કેલવણી આપીઆમાં આવેછે તેઓને લખવા

વાંચવાનું શીખાડીઆ પછી કાંઈ હીકમતી કલા અથવા હુનરો શીખાડવા જોઈએછે, કે જેથી હાલ આપણે જે રોજગારો પડી ભાગવાની ધાસતી રાખીએછે તે ધાસતી દુર થાએ. ઈંગરેજી કેલવણી આપણા લોકોને સમજવા અને શીખવાને કીજે માકુલછે, અને તેમાં જે પુસતકો બનીઆંછે અને દુનીઆંનો સંગલો એલમ તે પુસતકોમાં જાહેર થાએ ઓછે તેથી આપણને પોતાના દેશની અવસથા સુધારવાની મોહોટી મદદછે. એ ઈંગરેજી કેલવણી પડતી મુકવી નહી જોઈએ, પણ ઈંગરેજી ભાશાની કેલવણી આપીઆ પછી ઘણાખરા લોકો લખનાર સવાએ કોઈ બીજો ધંધો જોતા નથી, જેથી તે ધંધામાં સંગલાઓનો સમાવ થાએ હેવું નથી. અને જો સમાવ થાએ હેવું હતે તોપણ આપણા દેશમાં પારકાં દેશોની માફક હુનરનો સુધારો કરવાનો—આપણે ચાહીએ તેમ ખોલ્લો—રસતો નજર આવતો નહી, તેઆરે આપણી નીશાલો સાથે એલમની મદદથી હુનર શીખાડવાને જુદાં જુદાં ખાતાં કાહાડવાની અતીસે અગતછે. કસર વીદીઆથી હેવું પુરવાર થાઈઊંછે કે કારીગરોનો હુનર પણ દેશની એક દોલતછે, તેમ આપણા કારીગરો દુનીઆંના બીજા દેશોની બરાબર હુનરમંદ હોએ તો આપણાં દેશનું માતબરપણું વધે, આપણા ખેડુતો પોતાની કલાથી હવડેનાં કરતાં વધારે સોજો, સરશ અને સસતો રૂ તથા બીજો પાક ઊપજાવી શકે, તો તેઓની આબાદીનો મારગ મોકલો થાએ. આપણા વણકરો જો ઈંગલંડનાં કારખાનાંવાલાઓના બાફના સાંચા પોતાના કામમાં લગાડે તો* તેઓ આપણને બીજા દેશથી કાપડ મંગાવવાની ગરજ કાહાડી નાખે, એટલુંજ નહી, પણ કદાચ બીજાં દેશો ખાતે પોતાનો માલ મોકલી શકે અને પોતાના રોજગારને મજબુતી આપે. એ સંગલું એકદમ બનતું નથી. આપણી કેલવણીએ તે બાબે આપણી નજર ઊંઘાડીછે, પણ તે કેલવણી અધુરી થાએઆથી આપણને હજુર સુધી રસતો મલતો નથી.

* વાંચનાર જોશે કે મુંબઈ મધે સાંચાની મદદથી કાપડ સુતર બનાવવાનાં કારખાનાંઓ ઉભાં થાએઆં તે આગમજ આ બીનાં લખાઈ હતી.

આપણાં જુદાં જુદાં ધરમખાતાંઓની નીશાલોનાં મુતવલીઓએ એ બાબ દપર ધેઆંન પોંહોંચાડવું જોઈએછે. તેઓની મતલબ આપણને શાએદો કરવાનીછે, પણ ફકત લખવા વાંચવાની કેલવણી આપવાની ચાલુ રીતીથી તે બનવું મુશકેલછે. આપણા ટાપુમાં જેટલી ધરમખાતાંની નીશાલોછે તે સંગલાંમાં જો હુનર અને કારીગીરીની કેલવણી નહી મલે, તોપણ તે માહેલી બેએ તરણ નીશાલોએ એ કામ માથે લેવું જોઈએછે. આપણાં ટાપુમાં, ઈંગલંડના કેટલાએક ધરમાતુ શખસોના આસરા હેઠલ, સુનાપોરના રસતા આગલ "ઈનડુ બરોટીશ ઈનસટીટુશન" નામની એક નીશાલ ચાલેછે, તે નીશાલમાં નાવારેશ બચ્ચાંઓને ઈસાઈ ધરમ સાથે ઈંગરેજી એલમનો મુલ તતવ શીખવેછે, અને તે શીખવીઆ પછી તે માહેલાં બાલકો પુગતી ઊમરે પોંહોંચીને કાંઈ ધંધે લાગે એટલા ઊપરથી તાંહાં છોકરાઓને સુથાર, બુકબાઈનડર, લીઠોગરાફર અને હેવા બીજા કેટલાએક ધંધા શીખાડેઆમાં આવેછે, અને તેજ પરમાણે એ ધરમ ખાતાં માહેલી છોકરીઓને સીવવા, કપડાં ધોવા, પકાવવા અને હેવાંજ બીજાં કેટલાંએક કામો, જે ગરીબ સ્ત્રીઓને અગતનાંછે, તેહની કેલવણી મલેછે. એ રીતે એ ધરમખાતાંમાંથી જે બાલક તઈઆર થાઈને બાહેર પડેછે તે સંસારમાં પોતાનું ગુજરાન ચલાવવાની શકતી મેલવી બાહેર પડેછે. એ ધરમખાતાંમાં ઈસાઈ મજહબ શીખાડેછે તેથી તેમાં સામેલ થાવાની આપણા દેશીઓને અડચણછે, પણ એજ માફકની ધરમની નીશાલો જો આપણા પોતાના અસતેકમાં હોએ તો કેહેવું સારૂં થાએ? તે વીશેની અગતો હમોએ ઊપર જણાવીછે, અને તેહનો વીચાર હવે હમો હમારા વાંચનારાઓને સોંપીએછે.

[જગત પરેમી, ફેબરવારી ૧૮૫૨.]

છોકરાઓની કેલવણી વીશે માતાઓને બે સુખન.

માબાપો પોતાનાં બાલકોને વીદીઆની કેલવણી આપેછે અને તેઓને પંચ તથા મીજલસ લાએક તદબીર શીખાડેછે, તે કામમાં બાપ જેટલી મદદ કરી શકેછે તેહેનાં કરતાં બાલકને પોતાની માતાનો આસરો વધતો જરૂરછે, અને બાપનાં કરતાં માએની ચાલચલણ તથા કેલવણી બચ્ચાંની ઊપર વધારે મજબુતીથી અસર કરેછે. જે માએ ચંચલ અને અકલમંદ હોએછે તેહેનાં બચ્ચાં કોઈજવાર બેસમજ અને નઠારાં જોવામાં આવેછે, પણ બેવકુફ માતાનાં બચ્ચાંઓ ઘણી વેલાએ તેહેનીજ માફકનાં બેસમજ રહી જાએછે. ફરાંસ દેશના નામીચા શેહેનશાહ નેપોલીઅન બોનાપારટનાં વરૂતાંત મધેથી જે શબદો છપાઈ ચુકાછે કે "દેશની હાલત સુધારવાની સરવેથી સરશ રીત એછે કે માતાઓ ગનાની થાએ હેવું કરવું" તે શબદો દુનીઆંના અનુભવ ઊપરથી ખરા ઠડેઆછે. આપણી દુનીઆં મધે એલમ, હોનર, બાહાદુરી, નીતી, અને એ વગરે બીજી બાબદોને કોજે જે જે નામીચા શખસો કીરતીવાન થાઈ ગએ આછે, તેઓના જનમારાની તવારીખ ઊપર નેગાહ કરતાં આપણાં જોવામાં આવેછે કે તેઓ મધેથી ઘણાખરાઓની માતાઓ કાબેલ અને કેલવાએલી સ્ત્રીઓ હતી, કે જેઓની અસરથી તેઓનાં બચ્ચાં ઘણાં બુધીવાંન નીકલીઆં હતાં, અને ઈનશાંનની સંફને સોભા આપી હતી. આપણે થોડોજ દુરઅંદેશો કરીએછે તો આપણી ખાતરી થાએછે કે બચ્ચાંઓ ઊપર બાપનાં કરતાં માતાએ આપેલી કેલવણીની અસર વધારે મજબુતીથી વલગી રેહેછે. બાલક પોતાના જનમથી તે ઊમરે પોંહોંચવાની નજદીકમાં આવેછે તાંહાંસુધી જેટલો વખત પોતાના પીતાની સંગતમાં કાહાડેછે તે કરતાં માતાની સંગત તેહેને વધારે હોએછે, અને જેહેની લાંબી સંગત તેહેની ચાલચલણની અસર બચ્ચાંનાં કુમલાં મગજ ઊપર વધારે કઊવતથી લાગુ થાએછે. એક છોકરી જો પોતાની માતાને ધીરા સવભાવની તથા વીચારવાલી જુવેછે તો ઘણુંકરીને તે માતાનો ખવાસ

છોકરીમાં ઊતરીઆ વગર રેહેતા નથી. માએ જો પોતાના દીકરાને નાંધપણથી હીમત ભરેલા સુખનો કેહેવાની ટેવ રાખેછે, અને તેહેની બીહીકને ધીકારેછે, અને તેહેની મરદાંનગીને પસંદ કરેછે, તો દર સેંકડે પંચોતેર છોકરાઓ હીમતવાલા અને બાહાદુર નીકલીઆ વગર રેહેતા નથી. વાસતે, માતાની ચાલચલણ અને માતાના સુખન તથા માતાએ આપેલી તાલીમ જેઆરે બચ્ચાંપર ઊપર જણાવેલી રીતે મજબુતીથી અસર કરેછે, તેઆરે બચ્ચાંની કેલવણી પછવાડે તેહેની માતાએ શું શું તજવીજ રાખવી ઘટેછે અને તે કેલવણી કેહેવી રીતની આપવી જોઈએછે, તેહેની અગત સરવે કોઈનાં ધેઆંનમાં ઊતરશે.

“કેલવણી” એ શું ચીજછે તે સરવે માતાઓએ સારીપેઠે સમજવું જોઈએછે, કાંએકે એ બાબદના વીચારો જુદી જુદી કોમનાં લોકોમાં જુદી જુદી રીતનાછે. આરબ લોકો એવુંજ સમજેછે કે છોકરો જો ઘોડા ઊપર બેશવા અને તલવાર પકડવા શીખીઓ તો તે પુરતી રીતે કેલવાએઓછે; ચીના લોકો હેવું ધારેછે કે છોકરો જો પોતાના બાપનો ધંધો સારીપેઠે શીખીઓ તો તે કેલવાએલો થાએઓછે; આપણા દેશના વાણીઆ પોતાના છોકરાને નામું અને દુકાંનદારીનો ધંધો શીખાડેછે એટલે તેહેની કેલવણી સમાપત થાએલી સમજેછે; ભીલ પોતાના છોકરાને જો ચોરી કરવા અને તીર મારવામાં પુરતો હોશીઆર જુવેછે તો તેહેને બીજી કસી રીતની ચીંતા રેહેતી નથી. એ પરમાંણે જુદી જુદી કોમનાં લોકો પોતાનાં બચ્ચાંઓના પાછલના ફાએદાને સારૂં તેઓની કેલવણી વીશે તરેહેવાર વીચાર રાખેછે. પણ એ સંગલાં લોકો ઊપર હાલ જમાનાના ચંચલ ઈઊરોપીઆંન અને અમેરીકન લોકો સરદારી રાખેછે, અને બચ્ચાંઓને કેલવણી આપવાની તેઓની રીત સંગલી રીતે પુરતીછે. ઈઊરોપીઆંનોમાં ફરેંચ લોકો જે સઊથી સુધરેલા ગણાએછે તેઓ પોતાના છોકરાઓને જેમ એલમની સારી કેલવણી આપેછે તેમજ પેટ ભરવાને સારૂં તેઓને લાએક રોજગાર શીખવેછે, અને તેજ માફક આએ દુનીઆંના આચકા સંભાલવાને સારૂં મેહેનત અને શકતી ખેંચવા

તથા લડાઈનાં હથીઆર બાંધવાની ટેવ પાડેછે. ફરાંસ દેશમાં કોઈ હીંદુસથાંનનો રેહેવાસી જો ફરવા નીકલેઓ હોએ અને એક મોચી ઈઆ સુથાર ઈઆ હેવાજ બીજા કોઈ કારીગરની દુકાંનમાં તે જો દાખલ થાઈને તેહેના ધણીની સાથે વાત કરી જુવે તો તે મુસાફરના જોવામાં આવશે કે તે ગરીબ ધંધાદારી માણસ હેવી કેલવણી ધરાવેછે કે જેહેની બરોબરીનો સેંકડે એક માણસ પણ હીંદુસથાંનની વસતીમાંથી મલવો મુશકેલ પડેછે. હેવી કેલવણી સાથે તે માણસ પોતાનો ધંધો સારીપેઠે સમજી શકેછે, કાંએકે તે પોતાના ધંધાને લગતાં તથા બીજાં પુસતકો વાંચવાનો માહવેરો રાખેછે, અને તે સંગલાં ઊપરાંત જો તેહેના દેશના ફાએદાને સારૂં કોઈવાર કાંઈ કામ પડીઊં તો કમરે તલવાર બાંધીને તથા હાથમાં બંદુક પકડીને લડાઈ કરવાને તે તઈઆર થાએછે. હેવી હાલત ઈઊરોપ ખંડનાં સંગલાં સુધરાઈ પામેલાં મુલકોનીછે, અને હેવીજ હાલત અમેરીકાખંડનાં ઈઊનાઈટેડ સટેટશનાં લોકોનીછે. જે દેશોમાં હેવી કેલવણી પામેલાં માણસો મલી આવે તે દેશોનાં લોકો દુનીઆંનાં બીજાં લોકો ઊપર સરદારી ભોગવે હેમાં કસી નવાઈ નથી. એ દેશોની કેલવણી સાથે મુંબઈ મધે પારસીઓનાં બચ્ચાંઓને જે કેલવણી મલેછે તે આપણે સરખાવી જોઈએ.

પારસીઓમાં ગરીબના જે છોકરાઓ સુથારનું ઈઆ મજુરનું કામ કરેછે તેમાંથી પાંચ જણા જો ભાગું ટુટું લખી વાંચી જાણતા હોએ તો પંચાણું જણ તેથી બેનશીબ જોવામાં આવેછે. મજુરથી ચહડતી પડવીએ દુકાંન ઈઆ ઊઘરાંણીનું માણસ આપણા જોવામાં આવેછે, તે ઘણુંકરીને લખી વાંચી જાણેછે, પણ તેહની લખવા પઢવાની કાબેલીઅત એટલામાંજ અટકેલી દીશેછે. ઊપલો સુથાર ઈઆ મજુર ઈઆ ઊઘરાંણીનું માણસ ઈઆ દુકાંનદાર એ દરએકમાં તેઓના ધંધાની અસરે કરીને, તથા તેઓનાં માબાપો ઘણુંકરીને ગરીબ હોવાના શબબથી, શકતી ખેંચવાની તથા મેહનત કરવાની તથા હીમત રાખવાની ટેવ પડેછે, કે જે ટેવ તેઓને ઘણી ફાએદો કરનારીછે, અને તે તેઓની કેલ

વણીનો એક અગતનો ભાગછે. એજ કેલવણી પઈશા મેલવવાના કામમાં જરૂરનીછે, અને એજ શબબ ઊપરથી મુંબઈની વસતીમાં આપણે જોઈએછે કે ઘણાએક ગરીબ માબાપના છોકરાઓ જેઓ આગલા દાહાડાઓ ઊપર નાધપણથી મેહેનતમાં કસાએલા અને ધંધાદારીને લાએકના થાએલા હતા તેઓ દુબાસગીરી ઈઆ મેહેતાગીરી ઈઆ દુકાંનદારીના પેસામાંથી નીકલીને પઈશાવાલા તથા પોતાની કોમના અકાબરો થાઈ નીકલીઆછે. લાડમાં ઊધારેલા છોકરાઓથી હેવું ઘણું કરીને બની શકતું નથી. લાડમાં ઊધરેલો છોકરો જો ઘણો સરશ નીકલેછે તો માતરે પોતાના બાપની દોલત સંભાલી શકેછે, પણ મેહનત અને મુશીબતમાં ઊધરેલો છોકરો પોતાનાં સુખને કીજે નવો રસતો જોઈ કાહાડેછે, અને દુનીઆંની રંજથી તેહેનું આંગ જે કઠણાઈ પાંમેછે તે કઠણાઈ શેવટે તેહેને સાહેબીએ પોહોંચાડેછે.

વાસતે માતાઓએ પોતાનાં બચ્ચાંઓનું જો પાછલનું સુખ ચાહાવું હોએ તો તેઓને મેહેનત તથા રંજ ખેંચનારાં અને આપણા ગુજ રાતીઓ કેહેછે તેમ "ખરતલ" કરવાં જરૂરછે. હવડાંના વચલે અને પેહેલે વાઘેનાં પારસીઓ પોતાના છોકરાઓને જે કેલવણી આપેછે તે કેલવણી ફકત કેતાબી એલમ શીખાડવાનીછે. પણ હેવા એલમ ઊપરાંત બચ્ચાંઓને જે બીજી તાલીમ આપવી જોઈએછે તે તાલીમ હમો દલ ગીરીથી જોઈએછે કે હમારા જાતભાઈઓમાં ઘટતી રીતે આપીઆમાં આવતી નથી. એક છોકરો હવડાંની કેલવણીથી સારીપેઠે લખી જાણેછે, સારીપેઠે વાંચી જાણેછે, ઘેરમાં ગંભીરાઈથી રેહેછે, કોઈ સાથે કદાચ મસતી તોફાન કરતો નથી, પણ તે સંગલા ગુણો છતાં તે એક મીનનાં પુતલાંની બરોબરનોછે. હેવા છોકરાઓમાંથી આપણા જમશેદજી જીજી ભાઈ અને ફરાંમજી કાવશજી જેહેવા નામવર શખસો નીકલનાર નથી. છોકરો જો ભુગોલ વીદીઆ, ખગોલ વીદીઆ, તવારીખ, રસાએન શાસ તર, ઈતીઆદી, શીખીઓ હોએ, અને પછી તે એક કસાડીને દેખીને બીહે, કોઈની મુકી ખાઈને પાછી મુકી નહી મારે, ધાસતી ભરેલાં કામોમાં

પોતાનો જાન પટકવાની હીમત નહી રાખે, રસતાના કાડવથી ઝુલે, સુરજનાં તડકાંથી નાહાશે, પાંચ ગાઊની મંજલ કાપી નહી શકે, તો પછી તેની ભુગોલ વીદીઆ, અને ખગોલ વીદીઆ, અને બીજી સંગલી વીદીઆનો ઊપીઓગ શું છે ? કસાએલાં હાડકાં અને શરીરની મેહેનત માણસને ઘણું કરીને સંકટમાંથી સુખમાં લાવેછે તે જો બાલકમાં નહી હોએ તો હમો નહી કહી શકતા કે હવડાંના વખતનાં પારસી ગહરસથોના ઊધરતા છોકરાઓનું આગલ ચાલતાં શું થશે. ખરૂંછે કે બીજી દેશી કોમના જે લોકો પોતાના છોકરાઓને વધારે ખરતલ રાખેછે તેઓ પારસીઓ ઊપર કેટલેએક દરજજે આગલ ચાલતાં સરશ નીકલશે. હેવાં ધાસતી ભરેલાં પરીણામ હવડાંથીજ આપણને દેખાએછે. સરવે કોઈ જાંણેછે કે આજ પચીસ વરશની વાત ઊપર આપણાં સવસથાંન ખાતેનો ચીન દેશનો વેપાર સંગલો પારસીઓના હાથમાં હતો, તે વખતે પારસીઓ પોતાના ધંધાને લગતાં ઘણાંખરાં કામમાં જાતી મેહેનત કરતા હતા. તેઆરપછી તેઓ પઈશાવાલા થાએઆ તથા કેલવણી પામીઆ, તેઓ કાગજની છતરીને ઠેકાંણે રેસમની છતરી વાપરવા લાગા, જાડા લાંગકલાથની જગોએ તેઓએ બારીક જગનનાથીની દગલી પેહરવા માંડી, બંદર ઊપર અને માલનાં તોલ ઊપર જવાનું કામ પોતાથી ઊતરતા દરજજાનું ગણીઊં, અને એ સંગલા શેકટ દમામ તથા નાજુક ચાલથી હાલ હેવું બનીઊંછે કે પારસીઓને વેપારમાં થોડો નશે થવા લાગોછે, અને તેઓનાં કરતાં બીજી વધારે મેહેનતુ કોમના લોકો (જેહેવા કે મેહમન, ખોજા, ભાટીઆ) તેઓના હાથ માહેલો ઘણોખરો વેપાર ઘસડી ગીઆછે, અને બાકીનો હજુર ઘસડી જશે. પારસીના ઘણાખરા છોકરાઓમાં જો હવડાંનીજ માફકની કેલવણી વીશે સમજ ચાલુ રેહેશે, અને મેહેનતુ માણસોને ઠેકાંણે તેઓ જો મીનનાં પુતલાંજ બનતાં જશે તો એ કોમ આજ પચાસ વરશમાં હીંદુસથાંનના બીજા લોકો કરતાં જે રીતે જલદીથી સઊથી સરશ ઊગી નીકલીછે, તેમજ જલદીથી પાછી પોતાની અસલ હાલત ઊપર આવવાની ધાસતીછે.

હવે સવાલ એમછે કે બચ્ચાંઓ મેહેનતુ અને હીમતવાન અને કસાએલાં હાડકાંના શી રીતે બની શકે? હવડાંની હાલત પરમાંણે કોઈ ગહરસથ માએ ઈઆ બાપ પોતાના છોકરાઓને સુથારની દુકાંન ઊપર મુકી શકતાં નથી, ઈઆ સામાન વેચનાર સાથે ફેરીએ ફેરવી શકતાં નથી, તેઆરે નીશાલે અને ઈસકુલે જતો છોકરો કસાએલાં હાડકાંનો શી રીતે થાએ, અને દુનીઆંના કારોબારમાં તે પોતાનું પેટ ભરવાને સારૂં હીમત વાન શી રીતે બને? આએ સવાલ એક બાબદ ઊપર આપણું ધેઆંન લાવેછે, કે જે વીશે ઘણાએક વીચારવાલા પુરસો પારસી માબાપોની ચાલ ઘણી ટપકા ભરેલી જુવેછે. પારસી માબાપો પોતાનાં બચ્ચાંઓને નીશાલે મોકલવાને જેટલાં ખંતી હોએછે તે પરમાંણે તેઓ પોતાનાં બચ્ચાંઓનાં બદનની ચાલાકી વધારવા તથા બચ્ચાંનું અંગબલ સંભાલવા પછવાડે ધેઆંન પોંહોંચાડતાં નથી, કે જેથી બચ્ચાંઓ થોડોઘણો એલમ શીખેલાં પણ તે સાથે કાએઆથી દુબલાં અને હાથ પગની ચતુરાઈ વગરનાં આપણા જોવામાં આવેછે. ઘણાં માબાપો એવાંછે કે જેઓ પોતાના દીકરાઓને બાંમદાદના વખતથી તે સુવાના વખતે સુધી નીશાલે રાખી મુકેછે, તેઓ છોકરાઓને કસી રીતે ફરવા હરવાની તથા રમવાની જોગ વાઈ આપતાં નથી, અને હેવું સમજેછે કે છોકરો ઘણોવાર નીશાલે રેહેશે તો ઘણું શીખશે. પણ એ વીચાર સરફ મુરખાઈ ભરેલોછે. આખો દાહાડો ખાનું ખાએઆ કીધાથી કોઈ માણસ તંદરોસતી પામી શકતો નથી, તેમજ આખો દાહાડો નીશાલે રહેઆથી બચ્ચું ગ્નાની થતું નથી. ખોરાક જેમ પેટમાં પચવો જોઈએછે, તેમજ વીદીઆ પણ મગજમાં પચવી જોઈએછે. વાસતે બચ્ચાંની કાએનાત પરમાણે દરએક દીવસનો ઘણો ઈઆ થોડો વખત તેહેને બાહેરની રમત તથા આસાએસને સારૂં આપવો જરૂરછે, અને તેહેના હાથ પગની ચાલાકી વધે અને તેહેનું શરીર કસા એલું થાએ હેવા ખેલ ઈઆ કસરતમાં તેહેને નાખવો એ કામ ઘણું અગ તનુંછે. બચ્ચું રમતમાં સાંમેલ થાએઆથી તેહેની ચંચલાઈ અને હોશી આરી વધેછે, તેહેની સંગલી શકતીઓ જાહેર પડેછે, બીજા છોકરાઓ

સાથે ભેલાએઆથી તે પોતાનો અખતીઆર તથા ચાલચલણનો દરપણ દેખેછે, અને બચ્ચાંમાં જે જાહેર હીમતની આપણે જરૂરીઆત જાણી એછે તે હીમત પોતાની વએના શોખતીઓમાં ફરેઆથી તેહને પરાપત થાએછે. છોકરો જો બીજાઓ સાથે રમતાં મારામારી કરે (અને તેહ નામાં ઘાટકીપણું નહી હોએ) તો તેથી કોઈ માતાએ દલગીર થાવું જોઈતું નથી. બોકડાંના જેહેવા ગરીબ છોકરાઓનાં કરતાં મારામારી કરનાર છોકરાઓ સંસારમાં વધારે જલદીથી ફાવી નીકલેઆછે, અને હવેપછી ફાવી નીકલશે. છોકરો જુઠું બોલીઆથી ઈઆ કાંઈ આડી ચાલે ચાલીઆથી જો બીજા છોકરાઓને હાથનો માર ખાએ તો તેમાંબી કસું દલગીર થવા જોગ નથી. કાંએકે હેવી વખતે બચ્ચાંને જે સજા મલેછે તે સજા જલદીથી તે ભુલી જતા નથી. માબાપો જો પોતાનાં ફરજંદોને ખરેખર સંસારને લાએકનાંજ કરવા ધારતાં હોએ અને પોતાનાં બાલકોનું ખરેખરૂંજ સુખ ઈછતાં હોએ તો બચ્ચાંઓને સંગલી પરકારે સંસારને લાએકનાંજ કરવાં જોઈએ. તેઓને દુનીઆંના હુંશેલા અને દુનીઆંનીં ગેરદશનો સવાદ આગમજથી ચખાડવો જોઈએ, કે જેથી માબાપ ગુજરી ગીઆ પછી તે બચ્ચાંઓને કસું "અશીકું" લાગે નહી.

પારસીઓ વચ્ચે કેલવણી વીશે હવડાં ઘણો દમરછે, તે છતાં તેઓ વચ્ચે ગહરસથના છોકરાઓને શરીરની કસરત આપવાને સારૂં મોહોટે અને પાકે પાએઆથી ઊભું થાએલું એકબી કારખાનું ઈઆ "તાલીમ ખાનું" આજ સુધી નીકલીઊં નથી, તે વાત ખરેખર દલગીરી ઊપજવા જોગછે. તરવા શીખવું, ઘોડા ઊપર બેશવું, શરીરને કસરત આપવી, લડાઈનાં હથીઆરો વાપરી જાણવું; એ તમામ કેલવણી સુધરેલાં મુલ કોમાં નામીચી ગણાએછે, તેઆરે આપણા દેશીઓમાં તે શું કરવા નામીચી નહી ગણાવવી જોઈએ? પારસીઓમાં લગલગ સંગલી માતાઓ પોતાના છોકરાઓને તરવા શીખાડવાથી બીહેછે, ઘોડા ઊપર બેશાડ વાની ધાસતી ખાએછે, તાલીમખાનાંઓમાં કસરત શીખવવી એ શરમ ભરેલું ગણેછે, અને છોકરો લડાઈનાં હથીઆર વાપરવા શીખે એ વાત

તેઓના સવપનામાં પણ આવતી નથી. હેવા હુનરો બચ્ચાંને શીખાડવાની કોઈ વેલાએ જો બાપની મરજી થાએછે તો માતા પોતાનાં સંગલાં બલથી તે વીચારની વીરૂધ આવેછે. એ બાબદમાં માતાઓની ભુલ મોહોટીછે. બચ્ચું નાધલું હોએછે અને તેહેની માતા જીવતી હોએછે તો તે તેહેને ઘણા પેઆરથી પોતાની પાંખમાં રાખેછે. પણ જાણવું જોઈએછે કે માએ ઈઆ બાપથી સદા પોતાનાં બચ્ચાંને પોતાની ગોદમાં રખાઈ શકાતું નથી. દુનીઆંના સંસારમાં એક સમો અને તે વલી લાંબો સમો હમેશ હેવો આવેછે કે જેવારે માબાપ અને બચ્ચાં એકબીજાંથી એકદમ જુદાં પડેછે, અને તેઆરપછી માબાપોએ જેહેવી રીતની પોતાનાં બાલકોને કેલવણી આપી હોએ તેહેવી રીતે તે બાલકો પોતાનાં એકલાંના બલ ઊપર આધાર રાખીને પોતાનો દુનીઆંદારીનો વેહેવાર ચલાવેછે.

હરએક માએ ઈઆ બાપે પોતાના દીકરાને ફકત લખવા તથા વાંચવાનો એલમ શીખાડવો અને તેહેને શરીરની કસરત નહી આપવી, તથા તેહેને મજબુત બાંધાનો અને હીમતવાન કરવાની કસી તજવીજ નહી રાખવી, એ કેલવણી એવીછે કે જે માતરે ઓરતોનેજ છાજેછે, અને બરોબર જોઈએછે તો હાલના પારસીઓના ઘણા છોકરાઓ ઓરતને લાએકનીજ કેલવણી લીએછે, અને પોતાના ખવાસમાં ઘણી રીતે ઓરતોને મલતા આવેછે.

કેટલાંએક ઈઊરોપખંડનાં દેશોમાં હેવો કાએદોછે કે છોકરો આઠ, ઈઆ નવ વરશની ઊમરનો થાએઓ એટલે તેહેને જે નીશાલમાં ખાવા પીવા અને સુવાનું હોએ તેહવાં મકતબખાનાંઓમાં કેટલીએક મુદ્દત સુધી રાખેછે. હેવી નીશાલોમાં છોકરાને પોતાનાં ઘેરનો લાડ મલતો નથી તથા તેહેની શકતી અને ચાલાકી ખરાબ થાએ હેવી તેહેની માવજત થાતી નથી; તથા પોતાની ઊમરના છોકરાઓ સાથે જાથુક ફરેઆથી તથા રમેઆથી તેહેને કેટલીએક હોશીઆરી આવેછે. હેવી રીતની (લાએક અને પુરવીન માણસોને રાખીને) નીશાલો પારસી ગહરસથોના છોકરાઓની કેલવણીને સારૂં જો ઊભી કીધી હોએ તો તેમાંથી ઘણાં

સારાં ફલ નીવરી આવે એ બેશકછે, અને તેથી કરીને આપણા છોકરાઓની કેલવણીની ખાંમી બાબે હમોએ જે કાંઈ ઊપલા સશાઓમાં ફરીઆદ કીધીછે તેહનો કાંઈએક એલાજ થાઈ શકે એ પણ ખરૂં છે. પણ હેવી નીશાલો હાલમાં આપણા લોકોમાં ચાલુ નથી, તે વેલાએ આપણથી જેમ બની શકે તેમ બીજા એલાજોથી એ ખાંમી આપણે દુર કરવી જોઈએછે, અને આપણા છોકરાઓને નીશાલમાં વીદીઆ સંબંધી જે કાંઈ કેલવણી મલેછે તે સાથે તેઓને હીમતવાલા અને કસાએલા કરવાની તદબીર રાખવી જોઈએછે; અને તે કારણસર દરએક માતાએ પોતાના દીકરાના કાનમાં સદા બાહાદુરીના શબદો બોલવા, તેહને મરદાનગી ભરેલી રમતો શીખાડવી, તેહને મેહેનત સોસવાની ટેવ પાડવી, અને બીજી સંગલી રીતે જેમ બની શકે તેમ તેહને દુનીઆંદારીને લાએકનો કરવાની કોશેશ કરવી લાજમછે. [સ્ત્રી બોધ, મેઅ ૧૮૫૭.]

દેશી છોકરાઓની કેલવણીમાં એક મોહટી ખાંમી—ઘણાંએક માબાપોની ભુલ.

દેશીઓના હજારો છોકરાઓ જેઓ જુદી જુદી નીશાલોમાં અને જુદી જુદી મકતબોમાં કેલવણી પામેછે તેઓની કેલવણીનો એક અગતનો અને મુખીઅ ભાગ તદન ભુલી જવામાં આવેછે તે ઊપર ધેઆંન પોંહોંચાડવું ઘણું જરૂરનું તથા અગતનું છે. હાલ આપણી ટાપુના ઘણા ખરા દેશીઓ તેમાં અગત કરીને પારસીઓ પોતાના છોકરાઓને ઈંગરેજી કેલવણી આપવાને ઘણી ઊલટ અને હોંસ ધરાવેછે—જે ઊલટ અને હોંસમાં તેઓ પોતાનાં બચ્ચાંઓની તરબીએતનો એક જરૂરનો ભાગ તદન ભુલી જતા હોએ હેવું દીસેછે. તેઓનાં બચ્ચાં દરરોજ પાંચ ઈઆ છ કલાક નીશાલે અને મકતબશાલામાં ભણવા જાએછે, પણ એટલો વખત છોકરાઓને મનની તરબીએત આપવાને બસ અને પુરતોછે હેવું

તેઓ સમજતા નથી. તેથી તેઓ પોતાનાં બચ્ચાંઓને સાંહાંજ અને સહવાર પોતાનાં ઘેર આગલ શીખશકો રાખીને તથા તેઓને ખાંનગી નીશાલોમાં મોકલીને તેઓનાં મગજને વધારે મેહનત આપવાને ફાએદા ભરેલું વીચારેછે. તેઓ સમજેછે કે છોકરાઓ દાહડામાં પોતાની ચોપડી પછવાડે જેમ ઘણો વખત અને જેમ ઘણા કલાક કાહાડે તેમ તેઓ વધારે જલદીથી અને વધારે સારી રીતે શીખેછે. મોહટી મકતબોમાં અને જાહેર નીશાલોમાં જારે છુટી હોએછે તારે તેઓ પોતાનાં બાલકોને ખાનગી નીશાલોમાં જવાની અથવા ઘેર આગલ પોતાનો પાઠ ગોખવાની તેમની ઊપર ફરજ પાડેછે. હાવી કીસમની ભુલ ઘણાંએક માબાપો કરેછે, એટલુંજ નહી, પણ હેવીજ ચુક ખાનગી નીશાલોમાં શીખશકો પણ કરેછે. એ ભુલ તેઓ અંજાણપણે કરેછે કીઆ પોતાની રોજી વધારવાને ખામુખા જાણીજોઈને કરેછે તે હમો કહી શકતા નથી. તેઓ પોતાના નીશાલીઆઓને સહવારના આઠ કલાકથી સાંહાંજના દીવાબતી સુધી નીશાલમાં ને નીશાલમાં ગોંધી રાખેછે. તેઓ પોતાને અસતકનાં બચ્ચાંઓને રમવાની અથવા થોડી વેલા ગમતમાં કાહડવાની મુદલ છુટ અને રજા આપતા નથી. તેઓ પોતાની હેવી ચાલથી બચ્ચાંઓનાં માબાપોને ભુલ ભરેલા વીચારમાં નાખેછે કે તેઓ ઘણી મેહેનત લઈને તેઓનાં બચ્ચાંઓને કેલવણી આપેછે.

પણ એ ઊપરથી ઘણાંખરાં માબાપો અને કેટલાએક શીખશકો બચ્ચાંઓની કેલવણીનો એક અગતનો અને મુખીઅ ભાગ તદન ભુલી જતાં હોએ હેવું માલમ પડેછે. તેઓ પોતાનાં બચ્ચાંઓને આખો દીવસ મનની કસરત અને મનની તરબીઅત આપેછે પણ બદનની કસરત અને બદનની તરબીએતની મુદલ દરકાર રાખતા નથી. તેઓએ જાણવું જોઈએછે કે બદનની કસરત ઊપર મનની કસરત ઘણોજ આધાર રાખેછે. એ બેઊ જાતની તરબીએતને એકબીજા સાથે ઘણો સંબંધછે. એક ઊપર પુરતું ધેઆંન આપેઊં અને બીજા ઊપર નહી આપેઊં તો પેહેલાંને ઘણી ખલલ પોંહચેછે. બચ્ચાંઓને કેટલોએક વખત રમવાને, કુદ

વાને, નીરદોશી તોશન મસતી કરવાને, અને ખુલ્લી હવામાં ફરવા હરવાને આપવો જોઈએછે. આખો દીવસ મનને કસરત કરવા દીધાથી મનની વીચાર શકતીની ઊપર ભાર પોંહચેછે અને તે શકતી આગલ જતાં જડ અને બુઠી થતી જાએછે. આ બીના અનુભવ અને અજમાએસ ઊપરથી સાબેત થઈ ચુકીછે, વાસતે માબાપોએ આખો દીવસ પોતાના છોકરાઓને વીદીઆ અભીઆસ પછવાડે મેહનતમાં નાખવા જોઈતા નથી. પણ કેટલોએક વખત રમત અને ગમતને વાસતે અને ફરવા અને કુદવાને વાસતે આપવો જોઈએછે.

માબાપોએ એટલુંજ કરીને બસ રેહવું જોઈતું નથી. મનની તરબીએત જેમ માવજતથી અને સંભાલથી આપવામો આવેછે તેમ બદનની તરબીએત પણ તેટલીજ માવજત અને સંભાલથી આપવી જોઈએછે. તેઓએ પોતાનાં બચ્ચાંઓને આબરૂવાલી કસરતશાલાઓમાં દરરોજ કેટલોએક વખત બદનની તાલીમ આપવા મોકલવાં જોઈએછે. બદનની જુદી જુદી જાતની કસરત અને કવાએદ છોકરાને શીખવવી લાએકછે. તેઓએ પોતાનાં બચ્ચાંઓને ફકત મનની તરબીએત આપીને બચ્ચાંનાં બદનને નબલાં, પોચાં, અને હીમત વગરનાં બનાવવાં જોઈતાં નથી. જેમ મનની શકતી તરબીએત અને કેલવણી વગર એકાએક ખીલતી નથી, તેમ બદનની શકતી પોતાનાં જાતી લોહી અને બલ સાથે કસરત અને તરબીએત વગર ખીલતી નથી. સંગલા સુધરેલા દેશોમાં બદનની કસરત કેલવણીનો એક મુખીઅ ભાગ જાણવામાં આવેછે. જે ઠેકાંણે એ ઊપર ધેઆંન પોંહોંચાડવામાં આવતું નથી તે ઠેકાંણે કેલવણી અધુરી અને ખામી ભરેલી ગણાએછે. વાસતે હમો ફરીથી કહીએછે કે સંગલાં માબાપોએ પોતાનાં બાલકોની મનની તરબીએતના જેટલું ધેઆંન તેઓનાં બદનની તરબીએત ઊપર પણ લગાડવું જોઈએછે. એ કારણ વાસતે ઠેકાંણે ઠેકાંણે આબરૂ ભરેલી કસરતશાલાઓ ઊભી થવી જોઈએછે. "કરીકેટ" અથવા ગીલી ડાંનડા જેવી રમતોથી પણ છોકરાઓને ઘણી સરશ રીતે બદનની કસરત મલેછે.

બદનની કસરતની સાથે પાણીમાં તરવાનો અને બની શકે તો ઘોડા ઊપર સવારી કરવાનો હુનર છોકરાઓએ બચપણથી શીખવો જોઈએછે. એ બંને હુનર અગતની વેલાએ કેટલા જરૂરના અને ઊપીઓગીછે તે સરવે કોઈ જાંણી શકેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી ડીસેમબર ૧૮૫૮.]

કસરતશાલા સંબંધી વીચાર.

દેશી છોકરાઓ પોતાનું અંગબલ વધારવાને સારૂં કેલવણી લીએ તે કામ હમેશાં પસંદ કરવા તથા આસરો આપવાજોગછે. પણ કસરતશાલાઓની કારોબાર મંડલી છોકરાઓનું અંગબલ વધારવાની ઘટતી તજવીજ ઊપરાંત તેઓને મી૦ મેકાલમના "સરકસ" અને દેશી ગારોડી તથા કોલાટી લોકોની કવાએદ શીખવેછે તે જોવાથી ખરેખર દલગીરી ઊપજેછે. કસરતશાલાની મતલબ માતરે બે રીતની જોઈએ, તેમાં પેહલું એજે છોકરાઓની તંદરોસતી તથા કઊવત વધે તેહવી તેઓને તાલીમ આપવી, અને બીજું એજે તેઓને મરદાનગીથી પોતાનો તથા પારકાઓનો બંચાવ પોતાની બાજુનાં કઊવતથી કરવા સારૂં હીમતવાન કરવા. એ બે કારણસર મુગદલ ઘુમાવવા, પટા રમવા, અને આફતની વખતે કામ આવે તે સારૂં દોરડાં ઊપર ચહડવા તથા ઊતરવા, અને હેવીજ પરકારની બીજી ઊપીઓગી તાલીમ બાલકોને આપવી, તે લાએક બલકે જરૂરછે. પણ કોલાટી લોકોનો ઢોંગ છોકરાઓને શીખાડવો, તેઓને જમીન ઊપર ચતા શુવાડીને ગરદન મરડી જમીન ઊપરથી બીસકીટ મોહોડાંએ ઊપાડવા શીખવવું, તેઓને ચકરીની માફક ગોલાંટ ખાવાની તાલીમ આપવી, તેઓને બદન મરડીને ઊભા રેહેવા તથા પગની મદદે લટકવા શીખવવા, અને હેવીજ રીતની બીજી કશેડી તાલીમ આપવી, તે વાત કસરતશાલાની કારોબાર મંડલીઓની ખરેખર ખાંમી જણાવેછે.

હેવી કસરતો વગર ઊપીઓગનીછે, એટલુંજ નહી, પણ શીખવા આવ નાર બાલકોનો ઘણો કીમતી વખત તે ઊપર રોકાએછે, કે જે વીશે કારોબાર મંડલીઓએ વીચાર કરવો જોઈએછે. દેશીઓ પોતાનાં બચ્ચાંઓને કસરતશાલામાં મોકલેછે તે કાંઈ તેઓને "સરકસ" અને "થીએટર" માં તમાસો કરી બતલાવવાને લાએકના કરવાની મતલબથી મોકલતા નથી, પણ પોતાનાં બચ્ચાંઓની તંદરોસતી વધારવા તથા તેઓને હીમતવાન કરવા સારૂં મોકલેછે. તનની કેલવણી તંદરોસતી જાલવવા સારૂં જોઈએછે, અને તે કારણને માટે અંદાજાસર કસરત બસછે. જે કસરતો રમુજ અને હેરત ઊપજાવવા સારૂં નાટકશાલાઓમાં કરેઆમાં આવેછે તે કસરતોનો દેશી ગહરસથોનાં બાલકો વચ્ચે ફેલાવો કરવાની જરૂર નથી. તેથી ઊલટું બદનને નુકસાંન થાએછે. બદનને તથા હાથ પગને ઘણા આકારોમાં ખુદરતના કાએદાથી ઊલટી રીતે વાલીઆથી બદનનો બાંધો અંદરખાંનેથી નુકસાંની પામેછે. જુવાનીમાં તે જાહાજું માલમ પડતું નથી, પણ પાછલથી તેહની ખાંમીઓ દેખાઈ આવેછે, અને હેવી કસરત કરનારાઓ લાંબી મુદત તુલીક જીવતા નથી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧ લી જુન ૧૮૬૨.]

પારસી છોકરાઓને ઈંગરેજી ભાશામાં કેલવણી આપવાની મુંબઈ મધેની ખાનગી નીશાલોથી છોકરાઓના સલુક ઉપર થાતી માંઠી અસરો વીશે.

રાસ્ત ગોફતાર તથા સત્ય પ્રકાશના બનાવનાર જોગ,

સાહેબ,

આગલા દીવસો ઊપર જરતોસતીઓના વચલા તથા ચઢતા વાઘેના ઘણાખરા છોકરાઓ સારી ઈંગરેજી કેલવણી લેવાની મકસદથી મુંબઈ મધે સરકારી "એલફીનસટન ઈનસટીટીઊશન" મધે જતા હતા તે

ગોઠવણમાં આજ થોડાંએક વરશ થએઆં અગતનો ફેરફાર થઓછે, અને અતરે તરણ ચાર મોટી ખાનગી નીશાલો નીકલીઓછે, કે જે મધે શક તીવાલા લગભગ સરવે પારસીના છોકરાઓ યુનીવરસીટીની મેટરીકીઉલેશનની પરીખશાની હદ સુધીની હવડાં કેલવણી લીએછે. બારીકીથી નજર કરતાં મુંબઈની પારસીની વસતીના ચઢતા વરગના લોકોની હવે પછીની ઓછામાં ઓછાં પચાસ વરશ સુધીની ચાલચલણ, સમજ, હાલત, અને પદવીનો આધાર હવડાંના ઊપલી નીશાલો મધે કેલવણી લેનારા છોકરાઓની ઊપરછે. એ નીશાલોમાં કેલવણી પામેલા છોકરાઓની બુધી અને ચાલચલણ જેમ સારી અથવા નરસી રીતે ખીલે તેને મલતી કીરકુલ રીતે પારસીની કોમની મુંબઈની વસતી વચ્ચે ચઢતી અથવા પડતી પદવી થવી જોઈએ. એ સબબ ઊપરથી આપણા લોકોના છોકરાઓને કેલવણી આપવાને સારૂં જે મોટી ખાનગી નીશાલો હવડાં ઊભી થાંઈઓછે તે નીશાલો મધે અપાતી લખવા વાંચવાનીજ કેલવણી ફકત નહી, પણ બીજી સરવે પરકારની તાલીમ સંબંધી ઘણી મજબુત દેખરેખ રાખવાની અતીશે અગતછે, અને હેવાજ અરથે આ કાગજ જાહેર રીતે લખવાની હું માહારી ફરજ સમજીઓ છઊં.

ઈંગલંડ મધે ચઢતા વરગના ગહરસથ લોકોના છોકરાઓને તેઓ "યુનીવરસીટી" માં દાખલ થાએ તે આગમજ કેલવણી આપવાને સારૂં "ઈટન", "હારો", "રગબી" અને હેવીજ બીજી નામીચી મોટી નીશાલો સથાપવામાં આવીછે, કે જે નીશાલો મધે અપાતી પરથમની તાલીમ ઊપરથી ઈંગલંડના ચઢતે વાઘેના લોકોની સંસાર, નીતી, રાજકારોબાર, અને એ વગેરે બીજી બાબદો સંબંધી વલાંણ અથવા પાએઓ બંધાએછે, અને એંજ કારણ ઊપરથી એ મોટી નીશાલોની હાલત વીશે ઈંગલંડની સરકારની તરફથી વખતે વખત બારીકી તથા ચોકસાઈ સાથની દેખરેખ થાએછે. હેવી દેખરેખની મતલબથી એ નીશાલો સંબંધી છેલ્લી મોટી તપાસ ઈશવી સને ૧૮૬૪ નાં વરશમાં પારલામેંટની સભાની ફરમાસથી નામદાર રાણીએ મુકરર કરેલાં એક પાદશાહી

કમીશનની મારફતે થાઈ હતી. એ કમીશને શાખસીં ગવાહી સુધાં બારીક જુશતેજો કરીને પોતાની તરફનો જે હેવાલ પારલામેંટની સભાને રૂજુ કીધોછે તેની ચાર "બલુ બુક" ઈંગલંડથી મેં મંગાવીને દફતર આશકારા આફીસ મધે મુકીઓછે, જાંહાંથી હરેક ઈંગરેજી સકુલનો શીખશાગુરૂ અથવા કેલવણીનાં કામ સાથે સંબંધ રાખનાર કોઈબી ગહરસથ અથવા હરેક જાહેર લખનાર એ પુસતકો વાંચવા માંગશે તેહને ખુશી સાથે એ કારણસર આપેઆમાં આવશે.

એ ચોપડીઓ અતરે મંગાવવાની જરૂર મને એટલા માટે પડીછે કે અતરેની કોટ ખાતેની "પરોપરાઈટરી સકુલ" મધે જે છોકરાઓએ પોતાની કેલવણીમાં ગયે સાલ સારો દેખાવ દીધો હતો તેઓને ઈનામ આપવાને સારૂં એક જાહેર સભા એજ સકુલનાં મકાંન મધે ગયા જાનેવારી મહીનામાં મલી હતી, તે જગોએ વંચાએલો "રીપોરટ" તથા બીજી હકીકત જે પરસીધ થાઈ હતી તે ઊપરથી હું ધારૂંછું કે ઘણા લોકોનાં મનમાં હેવો ખેઆલ આવેછે કે એ "પરોપરાઈટરી સકુલ" તથા તેને મલતી પદવીની આપણી બીજી ખાનગી ઈંગરેજી નીશાલો આપણા ટોલાના સારાં કુટુંબવાલા ઊધરતા છોકરાઓને સારૂં જરૂરજોગ ગરજ બરોબર રીતે પુરી પાડેછે, પણ મારી સમજ પરમાંણે એ વીચાર ભુલ ભરેલોછે, અને તે બતલાવી આપવાને સારૂં મેં આ એલાજ લીધોછે. ખરૂંછે કે હારો તથા ઈટન તથા રગબી જેવી નામીચી નીશાલો આ દેશમાં સથાપવાનાં સાંધણો આપણી પાસે થોડાંજછે, તોપણ ઊપર જણાવેલી પારલામેંટરી બલુ બુકસ માતરે જે ધણી અગર ઊપર તલેથી જોઈ વાલશે તેની પણ ખાતરી થાશે કે અતરેની આપણી ખાનગી નીશાલોમાં ઘણીએક ખામીઓછે, કે જે ખામીઓ દુર કરવા અને એ ખાતાંઓને સારી ગોઠવણ ઊપર લાવવાનું કામ એ નીશાલોના માલેકોની શકતીની હદની અંદરછે.

એ ચોપડીઓ બતલાવી આપેછે કે ઈંગલંડ મધે ચઢતા વરગના લોકોના છોકરાઓની કેલવણીને સારૂં સથાપેલી મોટી નીશાલોમાં છોક

રાઓને લખવા તથા વાંચવા તથા બીજો કેતાબી એલમ શીખાડવાની જે ગોઠવણો કરેલીછે તે ગોઠવણો એ નીશાલો મધે અપાતી કેલવણીનો માતરે એક ભાગછે, અને દુનીઆંના કારોબારમાં પડેઆ પછી છોકરાઓ પોતાનાં જાતી સલુક તથા સમજનાં કઊવતે કરીને દુનીઆંના વેહેવારમાં સારી પરકારે ચાલી શકે, તથા પોતાનો સંભાલ કરી શકે, હેવી કેલવણી એ નામીચી નીશાલોમાં કેતાબી કેલવણીના કરતાં કસી પાંતીએ ઓછો દરજ્જો રાખતી નથી, અને હેવી કેલવણી ઊપર કસી રીતે કેતાબી કેલવણીના કરતાં ઓછું ધેઆંન આપવામાં આવતું નથી. સલુક અને સમજ અને તે સાથે મરદાનગી શીખાડવાનાં કામમાં હું ધાસતી રાખુંછું કે આપણી ખાનગી મોટી નીશાલો ઘણી પછાત પડેલીઓછે, અને પારસી ટોલાના લોકો વચ્ચે ફાએદાને બદલે અવગુણ કરેછે. એ નીશાલોના માલેકો પોતાની નીશાલોમાં આવતા છોકરાઓ વધારવા અથવા આવેલા છોકરાઓને પોતાના હાથમાંથી છટકી જવા નહી દેવાની લાલચે આવતા જમાનાના ગહરસથ પારસીઓની ખાસીએત બગાડવાનું મુલ રોપેછે. ઈંગલંડની મોટી નીશાલો મધે છોકરાઓને સરવે પાંતીની ઘટતી છુટ, મોજ, અને રમત મલવા છતાં તેઓને કેવી તરબીએત તથા લગાંમની અંદર રાખવામાં આવેછે, તાંહાંના નાંધલા છોકરાઓ નીશાલના વડા છોકરાઓને તાબે શી રીતે રેહેછે, વડા છોકરાઓને નાધલાઓની ઊપર ઘટારત કાબુ રાખવાનું શી રીતે શીખાડેઆમાં આવેછે, અને સરવે છોકરાઓ પોતાના "માનીટર" તથા માસટરોના હુકમમાં કેવી ઊમદા રીતે ચાલેછે, અને અંટાલ તથા નાફરમાની કરનાર છોકરાઓને શી રીતે સજા થાએછે, તથા તેવા છોકરાઓને બીજા સારા છોકરાઓની સંગતને કીજે કેવી રીતે નાલાએક ગણીઆમાં આવેછે, તે સરવે બાબદો વીશે ઊપર જણાવેલી "બલુ બુક" આપણી ખાનગી નીશાલોના માલેકોએ ગોખીને વાંચવા તથા ધેઆંન પોંહચાડવાજોગછે. કેહેછે કે આપણી અત રેની ખાનગી નીશાલો મધે છોકરાઓ વરગની અંદર પોતાના શીખાડ નારાઓના હુકમને નહી માને હેવા નાપસંદ બનાવ આજે વખતે વખત

બનતા દેખાએછે, છોકરાઓ પોતાની ખુશી પરમાંણેનું શીખે અને ખુશીમા નહી આવે તો શીખવાને ખોલ્લી રીતે ના પાડે તેહની માંઠી અસર જે આખી નીશાલ ઊપર થાએછે તે વીશે નીશાલના માલેકો આંખ વીચાંમણ કરેછે, હેવી ફરીઆદ અને હેવાજ બીજા બેકાએદા પણાંના દાખલા વારેવાર હવડાં આપણા સાંભલવામાં આવેછે. ઈંગરેજી કેલવણીને ખાતર સારી ખાનગી નીશાલોનો વધારો જોવાથી આપણે સરવેએ ખુશી થવું જોઈએ, પણ અગરજો એ નીશાલો હેવીજ ખાપણો સાથે આપણા લોકો વચ્ચે ચાલુ રેહે કે જેથી કરીને આખી કોમના ચઢતે વાધેના હવેપછી થનારા પુરસો મમતી અને ખરાબ સવભાવના અને કબુધીના પેદા થાએ તો હેવી નીશાલો ચાલુ રેહેવાના કરતાં ભશટ થાએ, અને પારસી ગહરસથોના છોકરાઓ પાછા આગલા વખતની માફક પોતાના ગરીબ ભાઈબંધોની સાથે ભેગા મલીને સરકારી સકુલની માર ફતે ઈંગરેજી કેલવણી લેવા જાએ તો તેથી હું ધારૂંછું કે પારસી કોમને વધારે ફાએદાછે, એજઅરજ.

મુંબઈ, તા૦ ૨૦ મી એપરેલ ૧૮૭૬.

હું છઉં સાહેબ,
તમારો આધીન સેવક,
શોરાબજી શાપુરજી બંગાલી.

સાહેબ,

જત આપણી ખાનગી હાઈ સકુલોની બાબદમાં માહારો લખેલો કાગજ તમોએ તા૦ ૨૩ મી એપરેલનાં તમારાં પતર મધે મેહેર બાંની કરી છાપી પરગટ કરેઓ હતો, તેહેને લગતી અતરેનાં વરતમાન પતરો મધે ઊઠેલી ચરચા ઊપરથી તથા એજ બાબદમાં બીજી જે માહી તગારી મહને મલીછે તે ઊપરથી એ નીશાલોની હાલત કેંટલેએક દરજજે સુધરી શકે હેવા અને હાલ તુરત બની શકતા થોડાએક એલાજો વીશે

એ નીશાલોનું જેઓ માલેકપણું ધરાવેછે તે સાહેબોનું ધેઆંન પોંહો ચાડવાની હું રજા લઊંછું.

પેહેલું—આપણી ખાનગી હાઈ સકુલો મધે "ડીસીપલીન" ઈઆને છોકરાઓને કાએદામાં રાખવા તથા કાએદાથી ચલાવવાની બાબદમાં ખામી એ નીશાલોની મુખીઅ એબછે તેમા કસો સંધે નથી. જગો જગોએ ખાનગી સકુલો નીકલેઆથી એ એબ ઊભી થઈઆછે, કે જેથી કરીને એક દુકાંનદાર જેમ પોતાનાં ઘરાકો સાચવવાની વેતરણ કરે તેમ સકુલના માલેકો પોતાના હોધાને ન છાજતી તજવીજથી છોકરાઓને નીશાલો મધે રાખવાના તથા તેઓની સંખીઆ વધારવાના જથાબંધ દાખલા માહારા જાણવામાં આવેઆછે. અગર એક છોકરાને એક સકુલ મધે પોતાની મરજી માફક ચાલવાને નહી બનીઊં તો તે સેહેલાઈથી પોતાનાં માબાપોને સમજાવીને બીજી નીશાલમાં દાખલ થાએછે. નીશાલના લોભી અને પોતાના ધંધાની ઓતમ ફરજ ઊપર ધેઆંન નહી આપનારા માલેકો એકબીજાની નીશાલો મધેથી ઊઠી આવેલા છોકરાઓને પોતાને તાંહાં ખુશી સાથે લીએછે; એટલુંજ નહી, પણ પોતાની દાંએ-બાંહેના બીજા છોકરાઓની મારફતે એકબીજાની નીશાલના છોકરાઓને ખેંચી લેવાના દાખલા પણ સાંભલવામાં આવેઆછે. હેવી રીતે પોતાની નીશાલોનું ભરતીઊં કરનારા માલેકો છોકરાઓ ઊપર ઘટતો કાબુ રાખી શકે નહી, અને તેથી તે બાલકોને નઠારી તબે પડવાથી તેઓની જીંદેગાંની પાછલથી ખાંમી ભરેલી વલાંણ પકડે તેમાં અચરતી કસી નથી. એ બાબદમાં હું હેવો એલાજ કરવાની ભલાંમણ કરૂંછું કે આપણાંમા જેટલી મુખીઅ હાઈ સકુલોછે તેઓના માલેકોએ પોત પોતામાં હેવો બંદોબસત કરવો જોઈએ કે જે કોઈ છોકરો એક સકુલ છોડીને બીજી મધે દાખલ થવા માગે તે છોકરાને તેહેના અસલ સકુલ માસટરની આપેલી સારી સરટીફીકેટ વગર બીજી સકુલ વાલાએ પોતાને તાંહાં દાખલ કરવો નહી. અગર સકુલ માસટરો એ બાબદમાં એકબીજા ઊપર ભરોસો રાખતા નહી હોએ તો તેઓએ આગમજથી બે તરણ

ગહેરસથોની એક કમીટી કરી રાખવી; અને તે કમીટી તજવીજ કરી પરવાંનગી આપે તોજ એક સકુલ મધેથી ઊઠી ગએલો છોકરો બીજી સકુલ મધે દાખલ થાઈ શકે હેવો કાએદો રાખવો. હાલમાં છોકરાઓ જેમ પોતાના મોચી ઈઆ હજામને પોતાના શંટા પરમાંણે બદલી નાખેછે તેમ આ ગોઠવણથી પોતાના શીખશાગુરૂને બદલી નાખવાને તેઓથી બની શકશે નહી, અને માસટરોનો કબજો પોતાના સાગેરદો ઊપર હવ ડાંના કરતાં દરોબસત રેહેશે, અને માસટરો જેઓ ગોએઆ છોકરાઓના ઓશીઆલાછે તે હાલતમાંથી તેઓનો છુટકારો થશે. અલબત, જે સકુલના માલેકો ગમે હેવા એખરો છોકરાઓને પોતાને તાંહાં રાખીને પોતાનું ફકત પેટ ભરવાનું કામ લઈ બેઠાછે તેઓને હેવી ગોઠવણ પસંદ પડશે નહી, અને તેઓ તેમાં સાંમેલ થવાને ના પાડશે. પણ જે માસટરો પોતાની નીશાલોની આબરૂ જાલવવાને ખંતી હોએ તેઓએ હેવા ઘણીઓને પડતા મુકીને પોતપોતામાં ભેગા મલી એ ગોઠવણ અમલમાં લાવવી જોઈએછે, જેથી મોડે વેહેલે તેઓને ફાએદો થાશે, અને જે માલેકો પોતાની મતલબને ખાતર હેવી ગોઠવણમાં સાંમેલ નહી થાશે તેઓનાં પરમાંણીકપણાનું તોલ આલમમાં આપોઆપ થાઈ શકશે.

બીજો એલાજ આપણી હાઈ સકુલોના સુધારા સંબંધી જે અગતનો માલમ પડેછે તે એ સકુલો મધે કેલવણી આપનારા શીખશકોની તેઓનાં કામ સંબંધી શકતી વીશેછે. એ સકુલો મધે જુજ શીખશકો પોતાનાં કામને ઘણા લાએકછે તે કબુલ કરવું જોઈએછે, પણ તેઓનો મોટો ભાગ ઊતરતી કેલવણીના અને પોતાની કાલેજ મધે જેઓ કમ શકતીને લીધે આગલ વધી નહી શકેઆ હેવા માંણસોનોછે. કાલેજના પરોફેસરો ફરીઆદ કરેછે કે તેઓને મેટરીકીઊલેશનની પરીખશામાં પસાર થાઈ આવેલા ઘણાએક છોકરાઓને નવું ગ્નાન આપતાં જેટલી મેહેનત નહી પડતી તે કરતાં તે વીદેઆરથીઓને જે ભુલ ભરેલું ગ્નાન ઘણી બાબદોમાં આપેલું માલમ પડેછે, તે ભુલો સુધારવાને કીજે તેઓને માથે પરથમ બેવડી મેહેનત આવી પડેછે. એક કાલેજનો

મુખીઅ અધીકારી મહને જણાવેછે કે મેટરીકીઊલેશનની પરીખશામાં જેમ તેમ દબાંણથી કેલવણી લઈ પસાર થાએલા કેટલાક છોકરાઓનું ગણીત શાસતર સંબંધી ગ્નાન એટલુંતો ગુંચવી નાખવામાં આવેલું હોએછે કે એજ ગ્નાનનો કાલેજ મધે તે છોકરાઓ વધારો કરવામાં ઘણા પછાત પડેછે, અને તેહુને લીધે તે છોકરાઓ ઈઊનીવરસીટીની ચઢતી પદવી મેલવવાના કામમાં લઠરી જાએછે. આપણી હાઈ સકુલો મધે અગરજો હવડાંનાં કરતાં સરશ શીખશકો હોએ તો હાવો દેખાવ નજરે નહી પડે. હું ધારૂંછું કે એ સકુલોમાં ઘણા ઊતરતા વરગોને કેલવણી આપનાર સીવાએ બીજાં સરવે કામને સારૂં બી. એ. નાં કરતાં ઊતરતી પદવીના કોઈબી શીખશકોને આજના વખતમાં એ સકુલો મધે રાખવા જોઈએ નહી. હેવી ગોઠવણ હશે તોજ કાલેજના પરોફેસરો જે ઊપલી ફરીઆદો કરેછે તેમાં જણાતી ખાંમીઓ બંધ પડશે.

તરીજો એલાજ એછે કે આપણી હાઈ સકુલના માલેકોએ પોતાની સકુલના છોકરાઓને ખુલ્લી જગાઓમાં રમત આપવાનાં કામની સકુલના સંબંધની સથાપન કરવી. આજના વખતમાં કેલવણીનાં કામની સહમજ પરમાંણે કોઈબી સારા પાએઆ ઊપર ઊભી કરેલી નીશાલ તેને લગતી રમતને કીજે ખોલ્લી જગો અગર ધરાવતી ન હોએ, અને તેમાં માસટરોની દેખરેખ તલે રમતનું કામ ચાલતું નહી હોએ તો તે નીશાલ સારા પાએઆ ઊપર ઊભી થાએલી અથવા ચાલતી કેહવાઈ શકાએ નહી. આપણી હાઈ સકુલો જે ગીચ વસતીની વચ્ચે આવેલીઓછે, તે ઊપરથી તેઓ દરેકની સાથે છોકરાઓને કીજે રમતનો ખોલ્લો મુકાંમ જે જોઈએછે તે માફક મલી શકવો મુશકેલછે તે બાબદથી હું અંજાણો નથી; પણ સારાં ભાએગે દરએક નીશાલથી જુજ વેગલાઈએ મુંબઈનું મેદાંન હાઈ સકુલોના માસટરો તથા તેઓના શાગેરદોને કીજે ખોલ્લુંછે, કે જેનો લાભ દરએક હાઈ સકુલ જે સારા પાએઆથી ચલાવેઆમાં આવેછે હેવો દાવો કરનારી હોએ તેના માલેકે પોતાને હસતકના છોકરાઓના ફાએદાને સારૂં હાથ કરવો જોઈએછે. અગત કરીને એ સાહેબોનું

ધેઆંન ખેંચવાને વાસતે જે "બલુ બુકસ" મેં દફતર આશકારા આફીસ મધે મેલીઓછે તેનો અભીઆસ કરતાં જોવામા આવેછે કે બચ્ચાંઓની કેલવણીની સાથે તેઓને અપાતી રમત જે અગતનો મેલાપ રાખેછે તો તે વીશે ઈંગલંડના કેલવણી શાસતરીઓ પુરતા માહીતગારછે, અને એ કામને બચ્ચાંઓના ફાએદાઓને સારૂં તેઓ અગતનું સમજીને તે ઊપર પુરતું અને કીમતી લક્ષ આપેછે. એજ સબબો ઊપરથી ઈંગલંડની મોટી નીશાલો વીશે તપાસ કરતાં નામદાર રાણીના કમીશનરોએ શાખસી ગવાહીની પોતાની નોધનો તથા પોતાના ખુદ રીપોરટનો એક અગતનો ભાગ નીશાલના છોકરાઓને ઈંગલંડ મધે જે જુદી જુદી રીતની રમતો મલેછે તે ઊપર રોકેઓછે. ઈંગલંડ મધે નામીચી નીશાલોમાં છોકરાઓ કરીકેટ, ફુટબાલ, અને હેવીજ બીજી ગમતો શીખેછે, એટલુંજ નહી, પણ તરવાનો હોનર તથા બંદુક વાપરવાનો હોનર તથા બોટોની હલેસાંથી સરત રમવાની ગમત અને એ વગેરે હેવીજ બીજી કેટલીએક ઊપીઓગી રમતની તેઓ વાકેફગારી મેલવેછે. એ સરવે ચીજો આપણી હાઈસકુલો મધે હાજર થનારા છોકરાઓને શીખાડવાનાં સાંધણો આપણી પાસે પુરતાં નથી એ દીલગીરી ભરેલુંછે, પણ હેવી રમતોને કેલવણીનાં કામમાં અગતની મદદગાર ગણવામા આવેછે, તેહેની સાબેતી આપણા શેહેરની અંદરથીજ મેલવવી હોએ તો ગએઆ માસમાં અતરેની "જાન કાંનન સકુલ" ના માસટરોએ પોતાના ચઢતા વરગના નીશાલીઆઓને સારૂં જે બોટની સરત આપણાં બારાં મધે ઊભી કરી હતી, અને જેમાં તે નીશાલીઆઓ ફતેહમંદ ઊતરેઆ હતા તે દાખલો પુરતોછે. "જાન કાંનન સકુલ" માં ઈઊરોપીઅનોના જે છોકરાઓ જાએછે તેઓનો વરગ પારસીઓના કરતાં માતબર નથી, અને એ સકુલવાલાઓ પોતાના છોકરાઓને સારી રમત શીખાડવા પાછલ જે ખરચ કરી શકે તેવો ખરચ પારસી ગહ્રસથોની શકતીથી દુર કેહેવાઈ શકાશે નહી. ખોલ્લી જગાઓમાં નીશાલના છોકરાઓને મરદાંનગીની રમતોમાં સાંમેલ થવાની ફરજ પાડવાથી તે છોકરાઓની તંદરૂસતી સુધરેછે,

અને તેઓમાંથી બાએલાપણું તથા બીહીકણપણું દુર થાએછે, એટલુંજ નહી, પણ તે ઊપરાંત લાએક માસટરોની નજર હેઠલ રમતો શીખવા તથા તેમાં સાંમેલ હોવાથી છોકરાઓની ખાસીએત સુધારવાનો એક જરૂરનો તતવ હાથ આવેછે. સકુલના સંબંધમા રમતનાં મેદાંનમાં હરેક છોકરો પોતાના ભાઇબંધ બીજા છોકરાઓની સાથે જે વરતણુકથી ચાલવા શીખેછે તેજ વરતાણુક ઘણુંકરીને દુનીઆંદારીનાં કામમાં પેઠા પછી તે છોકરામા ઠસેલી આપણા જોવામાં આવેછે. જેવી સીક્ષ્ત છોકરો રમવાના મેદાંનમાં મેલવેછે તેજ સીક્ષ્ત ઘણું કરીને તે પછી માણસો સંગાથના વેહેવાર રાખવામાં માહાવેરાને લીધે તેનામાં ચહડતી ઊમરે પુગા પછી જણાઈ આવેછે. હેવી રીતે છોકરાઓની રમતની જમીન આગલથી ખીલેલી ચલગત તેની પછવાડેની જીંદગીની ચલગત ઊપર અતીશે અસર કરેછે. મારા સાંભલવામાં આવીઊંછે કે આપણાં મેદાંન મધે પારસીના છોકરાઓ જેઓ કરીકેટની રમત રમેછે તેઓ મધેથી કેટલાએક રમનારાઓએ ઈઊરોપીઅનોની સાંમણે કરીકેટ રમવાની પોતાની ખાહેસ બતલાવી હતી, અને કેટલીકવાર તેઓ હેવી રમત રમેઆ પણ હતા, તે પછી એક બે વેલા એ ઈઊરોપીઅન કરીકેટ ટોલીવાલાઓએ જવાન પારસીઓ સાથે કોઇબી સરતે કરીકેટ રમવાની ના પાડી હતી, અને હેવી રીતે પારસીના છોકરાઓની સાથ ફરીથી નહી રમવાનો સબબ તેઓએ હેવો જણાવેઓ હતો જે એ છોકરાઓ પોતાની ચલગતમાં લાએકી સંબંધી અધુરાછે, અને રમતાં રમતાં તેઓ પોતાના હુમનબરદોની આબરૂ ઊપર આવી જવાને જરાએ વીલમ લગાડતા નથી. અગરજો આપણા છોકરાઓ પોતાના માસટરોની દેખરેખ હેઠલ તોછડાઈ કામે લગાડેઆ વગર કરીકેટ જેવી નામીચી રમત શીખેલા હતે તો ઊપર જણાવેઆ પરમાંણેનો દીલગીરી ભરેલો દાખલો આપણા જોવામાં આવતે નહી. પરમાંણીકપણું વાપરવાની નીશાલના વરગની અંદર શીખશાગુરૂઓ જે શીખાંમણ દીએછે તે શીખામણની અસર છોકરાઓ ઊપર કેટલી થાએછે તે તપાસવાની કસોટી રમતનું મેદાંનછે. પરમાંણીક

પણું માણસોની આબરૂ તથા લાએકીની કીમત ઠેરવવામાં સરવે જગોએ એક અગતનું હથીઆર ગણવામાં આવેછે, અને તેહેની પેહેલી નીશાન ઈંગલંડની નામીચી નીશાલો મધે તે નીશાલનાં રમતનાં મેદાંનમાં નજરે પડેછે, અને પરમાંણીકપણાંની ખામી સુધારવાની જોગવાઈ પણ એજ જગોએ મલેછે. લાએક માસટરની દેખરેખ નીચે રમતનાં મેદાંનમાં હરએક છોકરાને બીજા ઊપર હલકી કોશેશથી ફાવવા દેતા અટકાવવામાં આવેછે, અને હલકી કોશેશથી દાવ જીતનારને સરવે છોકરાઓ ધીકારેછે. રમતનાં મેદાંનમાં પોતાના હમનબરદની ઊપર એકાએક બટો નાખવાની ચાલને નાપસંદ કરવી એ પણ સારી નીશાલો મધે અપાતી એક ગુણગારી તરબીએતછે. રમત રમતાં બે ટોલીવાલા છોકરાઓ વચ્ચે કાંઈ વાંધો પડેઓ તો લાએકી તથા ગહરસથપણાંથી તેમજ વાજબીપણે તે વાંધો કેમ પટાવવો તેહેની તાલીમ સારા શીખસાગુરૂઓ પોતાના નીશાલીઆઓને દેખાડેછે અને તે તાલીમ છોકરાઓને પાછલથી દુનીઆંના વેહવારમાં અતીશે ઊપીઓગી થાઈ પડેછે. એ રીતે રમતનું મેદાંન પુરવીણ માસટરોના અખતીઆર તલે છોકરાઓને દુનીઆંદારીને કીજે લાએક કરવાનું એક જરૂરનું સાંધણછે, તેહનો લાભ જેમ ઈંગલંડની નામીચી નીશાલોમાં લેવાએછે તેહેને મલતી રીતે અતરે જેટલો બની શકે એટલો ઊપીઓગ કરી પોતાના નીશાલીઆઓને લાભ આપવો તે આપણી હાઈ સકુલના માલેકોની ફરજછે.

આપણી ખાનગી હાઈ સકુલોનાં કરતાં અતરેની સરકારી હાઈ સકુલ હમણાં સુધી બે બાબદમાં ચઢતી પદવી ધરાવેછે. તેમાં એક એછે જે એ સકુલનું વડાપણું લાએક અને પુરતી કેલવણીવાલા ઈઊરોપીઅન માસટરોના તાબા તલે ચાલતું આવેઊંછે, અને ઈંગરેજી ભાશાની આપણા દેશી લોકોને કેલવણી આપવાનાં સંબંધમાં જારે પુરતી રીતે શકતી ધરાવનાર ઈઊરોપીઅન માસટરો મલી આવેછે તારે તેહેનો લાભ કાંઈ થોડો નથી. બીજી જે બાબદમાં આપણી સરકારી હાઈ સકુલ ખાનગી નીશાલોનાં કરતાં ચહડેછે તે એછે કે એ નીશાલના માસટરો

ખાનગી સકુલોવાલા માસટરોની માફક પોતાના નીશાલીઆઓના ઓશી આલા નથી. એ બંધે બાબદોના બદલામાં અગરજો આપણી ખાનગી સકુલોના માલેકો આ કાગજ મધે મેં બતાવેલા ઊપલા એલાજો સારી રીતે કામે લગાડે તો તેઓની સકુલો છોડીને સરકારી હાઈ સકુલ મધે છોકરાઓને મોકલવાની ભલામણ કરવાનું મારા જેવા શખસને કારણ મલશે નહી. એજઅરજ.

મુંબઈ, તા૦ ૧ લી જુન ૧૮૭૬.

હું છેઉં સાહેબ,
તમારો આધીન સેવક,
શોરાબજી શાપુરજી બંગાલી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૩ મી એપરેલ તથા ૪ થી જુન ૧૮૭૬.]

ભાગ ૮ મો.

નાધલાની બંધી.

આગલો અને હાલનો વખત.

પાંચ મીતરો એકઠા મલીઆ હોએ અથવા બેએ પીરમરદો ગોફ્ તેગો કરતા હોએ અને તેહેવામાં જો ચાલુ વખત વીશે કાંઈ વાત નીકલી તો ઘણુંકરીને તે જગોએ હાલના વખત કરતાં આગલા વખતની ઘણી તારીફ્ થાએલી આપણે સાંભલશું. લોકો કેહેછે કે આગલા દાહાડાપર પઈસામાં બરખત હતી, લોકો બાહાદુર હતા, રોજગાર સારો હતો, વેપારમાં કસ હતો, લુચ્ચાઈ અને ટરકટ થોડાં હતાં, તે વખતના શેઠીઆઓ સારા હતા, માણસો ભોલાં હતાં, અને હેવીજ બીજી રીતે તેઓ હાલના વખત કરતાં આગલા વખતની સદા મોહોટાઈ ગણેછે. હેવી વાતોપર જેઆરે કોઈ બુધીવાંન શખસ વીચાર દોડાવેછે અને લાંબો અંદેશો કરેછે તેઆરે તેહેનાં મનમાં એક સવાલ ઊઠેછે કે શું એ ખેઆલ ખરોછે, અને શું આપણે ખરેખર હેવા ખરાબ થાઈ ગએઆછે કે આપણા વખતમાં આગલના કરતાં સંગલું નબલું થાઈ ગએઊંછે અને આપણે સમરીઆને બદલે ખરાબીમાં પડેઆછે? આપણે દુનીઆંના લોકોના બોલવાપર અને માણસના ખવાસપર જો નજર પોંહોંચાડીએછે તો આપણા જોવામાં આવેછે કે આદમી ઘણુંકરીને પોતાની ચાલુ અવસથાપર સંતોશ રાખી બેસતો નથી, તેહેને "દુરથી ડુંગર રલીઆમણો" લાગેછે, માટે તે પોતાને લગતી આગલ થાઈ ગએલી ચીજો પેઆરથી ઈઆદ કરેછે ઈઆ નવી નવી ચીજો મેલવવાની ઊમેદ રાખેછે અને એટલા ઊપરથી પોતાના ચાલુ વખતને તે પસંદ કરતો નથી. ઊપલું બોલવું શું ખરૂંછે, અને માણસમાં એ ખવાસ શું કોઈ ખરા આધાર ઊપર રહેલોછે તે આપણને તપાસવું જોઈએછે.

આ વખતની સંગલાથી મોહોટી અને ભારી ફરીઆદ જે આપણે દરરોજ સાંભલીએછે તે એછે કે આગલા વખતમાં રોજગાર સારો હતો

તે હવડે ભાગી પડીઓછે. એ ફરીઆદ લોકોના કાનપર હેવી તો વારે વાર આવી પડેછે અને તે આપણી ચાલુ વાતચીતમાં એટલી તો વપરાતી થાઇછે કે જેઆરે તે સાંભલવામાં આવેછે તેઆરે આપણે તે તપાસવાને કાંઈ વીચાર કરતા નથી, પણ ગોએઆ એ ભાંજઘડ તકરારપર આવીને ચુકાદાથી સમાધાન થાઈ હોએ હેવી રીતે ગફલતીથી આપણે તે ખરી માનીએછે, અને જેઆરે કોઈ કેહેછે કે હમણાં રોજગાર ભાગી ગએઓછે તો તેહેના બોલવાને ખરૂં કરી આપણે વગર આંચકો ખાવે ડોકું હીલાવીએછે. પણ મુંબઈના લોકો જો હેવું કેહે તો તેઓનું બોલવું ખરૂં નથી અને તેજ પરમાંણે કદાચ બીજા મુકામોપરના લોકોનું બોલવું વજન ધરાવતું હશે. જે ધણી આજ પચાસ વરશની વાતપર મુંબઈમાં આવીઓ હોએ તેહેના જોવામાં આવીશેં હશે કે તે વખતમાં અતરે જુજ વસતી હતી, અને તે જુજ વસતીના લોકો હલકે અને છુટે છુટે ધંધે લાગેલા હતા, તેઆરપછી આપણે જોઈએછે કે આપણા ટાપુની હાલત ઘણી ફરી ગઈછે, વેપારમાં ઘણો વધારો થાએઓછે, આગબોટો નીકલીઓછે, કારખાનાંઓ વધી પડીઆંછે અને એ રીતે બીજો ઘણોએક ફેરફાર થાએઓછે કે જેથી લાખો આદમીઓ કામે લાગેલાંછે. હવે જે શખસ આજ પચાસ વરશની વાતપરનો તથા હવડેનો વખત તપાસસે તો તેહેના જોવામાં આવશે કે આગલનાં કરતાં હમણાં દસઘણા વધારે કારીગરો તથા મેહેનતુ માણસોનો ખપ નીકલીઓછે, અને આગલ ગામમાં ૫૦૦ બેગારીઓને રોજગાર મલતોતો નહી તાંહાં આજ ૫૦૦૦ કામે લાગેલાછે, અને આગલ આપણાં બંદરમાં વરશ દાહાડે પંદર મોહોટાં વાંહાંણો આવતાંતાં નહી તાંહાં સેંકડો આવેછે, અને તે ઊપર હજારો માણસોની રોજી ચાલેછે તેવારે મુંબઈના લોકો હેવું કેહેછે કે રોજગાર પડી ભાગોછે તે વાત શું ખરીછે? નહી, આપણે જોઈએછે કે રોજગાર તો વધેલોછે અને આગલનાં કરતાં હવડે દસઘણાં આદમીઓની રોજી ચાલેછે તેવારે તેઓની એ ફરીઆદ ખરી નથી. પણ લોકોના બોલવાનો એક બીજો અરથ ઊઠેછે, તેઓના કેહેવાની મતલબ હેવીછે કે રોજગારની

કીમત ઘટી પડીછે ઈઆને આગલ જે માણસ મેહેનત કરીને દર મહીને પંદર રૂપીઆ પેદા કરતો હતો તે આજ પાંચ પેદા કરી શકતો નથી. એ પણ બોલવું ઘણુંકરીને ગલતછે, કેટલાએક માણસો આગલ પંદર પેદા કરતા હતા તે હાલ પાંચજ પેદા કરેછે, પણ કેટલાએક હેવાબીછે કે જે આગલ પાંચ પેદા કરતા હતા તે હવડે પચાસ પેદા કરેછે. જો હેવું નહી હોત તો આપણે ઘણાએકોને દોલતે વધેલા અને પઈસાથી મોહોટાઈ પામેલા આજ જોતે નહી. ખરૂંછે કે કેટલાએક ધંધામાં ખપ કરતાં વધારે માણસો નીકલી આવીઆથી તે રોજગારની કીમત સસતી થાઈછે. જેમકે હાલમાં અતરે ઈંગરેજી કેલવણીની મતલબમાં કેટલાએક લોકો સમજીઆ વગર પોતાનાં બચ્ચાંઓને માતરે લખતાં તથા વાંચતાં શીખાડેછે, અને શીખાડીઆ પછી તેઓને કીજે કાંઈ ચાકરીનો જગો મલી આવતી નથી તો પછી તે ધંધાને કીજે ઘણાએકો તઈઆર થાઈ કામ વગર રહેઆથી રોજગાર મલે નહી હેવો પોકાર થાએછે.* પણ તેમાં રોજગારનો અથવા વખતનો કાંઈ વાંક નથી, પણ વાંક માતરે તેઓનો પોતાનોછે કે ઘણાજણા એકજ ધંધા પુઠે લાગી રેહેછે અને પછી ચાકરીને કીજે રખડતા ફરેછે, તેથી હેવું બનેછે કે ગામમાં લખનારાઓ ઘણા મલી આવેછે, પણ અગરજો એક પાણી ભરનાર અથવા પકાવનારને સોધીએછે તો મલવો મુશકેલ પડેછે. લખનારાઓનો ધંધો જે વીશે આટલીબધી ફરીઆદ થાએછે તે આપણે જોઈશું તો માલમ પડશે કે આજ પચાસ વરશની મુદતમાં એ ધંધો ઘણો વધી પડીઓછે, અને આગલનાં કરતાં પચીસઘણાં વધારે માણસો એ ધંધામાં ખપેછે, તેઆરે એ રોજગાર કાંઈ પડી ભાગો નથી, પણ તેમાં દાખલ થવાને ઘણા જણો તઈઆર થાએઆથી તેહેની કીમત સસતી થાઈ ગઈછે, તેથી આગલ જે લખનાર પચાસ રૂપીએ મલતો હતો તે આજ દસ રૂપીએ મલેછે. બીજા હાથપર આપણે ફરીને જોઈએછે તો જે રાંધ

* આ ફરીઆદ આજ ૨૭ વરશની વાત ઉપર લખવામાં આવી હતી. હમણાં (ઈ૦ સ૦ ૧૮૮૦ માં) પણ હેવોજ પોકાર ચાલુછે.

ણીઓ આગલ્ મહીને દાહાડે ચેઆર રૂપીઆનો પગાર કબુલ કરતો હતો તે આજ આઠે મલવો મુશકેલ પડેછે. વાસતે મેહેનતની કીમત જેમ કોઈબી ધંધામાં થોડા અથવા ઘણા શખસો સામેલ હોએછે તેમ સસતી ઈઆ મોઘી ગણાએઆમાં આવેછે, પણ તેટલા ઊપરથી આપણે હેવું બોલવું કે રોજગાર પડી ભાંગોછે એ વેરથછે, અને ખરૂં છે કે આગલો વખત તે બાબદમાં આપણી ઊપર કાંઈ સરદારી ભોગવતો નથી.

આગલના કરતાં હાલ બરખત ઘટી ગઈછે. હમોને શક પડેછે કે એ બાબદ વીશે હમોએ લાંબી તકરાર કરવી જોઈએછે, કાંએકે એ શબદો જેવારે કોઈ બોલેછે તેવારે એ શબદોનો અરથ પણ ખોલાસાથી સમજ પડતો નથી. કદાચ હેવું હોએ કે આગલા વખતમાં એક રૂપીઓ ખરચને કીજે વધારેવાર ટકી રેહેતો હતો અને હવડે તેહેવોજ રૂપીઓ જલદીથી ખરચાઈ જાએછે. જો ખરેખર તે વખતમાં પેદાશનાં પરમાણ મુજબ જોતાં થોડો ખરચ થાતો હોએ તો તેહેનું કારણ એટલુંજછે કે આદમીના શોખને કીજે આ દુનીઆંની કેટલીએક ચીજો તેઓ પોતાના કામમાં લાવતા નહી હતા તેથી તેઓના ખરચમાં ફાએદો પડતો હતો. જેમકે આગલ લોકો જમવા બેસતા તો એક ચતાઈ અથવા બીસતરો બસ હતો, હમણાં લોકોને ટેબલ ખુરશી વગર ચાલતું નથી, તેઆરે તેઓના ખરચમાં વધારો થાએ કે નહી અને આગલા વખતની બરખતનું કારણ મલી આવે કે નહી? એજ માફક લોકોનાં ખાનાં પીનાંનો અને પોશાકનો અને એ વગરે બીજો સંસારી ખરચ ઘણો વધી ગીઓછે, કે જેથી માણસો પોતાનાં સુખમાં બરખત રાખી શકેછે, પણ તે સુખની બરખતને લીધે પઈસાની બરખત અલબત ઓછી થાએછે.

આગલા વખતમાં વેપારમાં કસ હતો તેમ હવડે નથી ઈઆને હમણાં વેપારમાં કમાઈ થોડી થાએછે એ ફરીઆદ ખરીછે, પણ તેથી આલમની ખરાબી થાઈ નથી. આગલા વખતમાં વેપારીઓ થોડા હતા, તેઓજ સંગલો ધંધો અને તેહેની જોગવાઈઓ સમજી શકતા હતા, તથા તે વખતપર દુર દેશોથી કાગજ પતરો લાવવા તથા લઈજાવાનો બંદોબ

સત હમણાંના જેહેવો સેહેલો હતો નહી, તેઆરે જે જુજ વેપારીઓ સંગલું કામ પોતાના હાથમાં કબજ રાખી બેસતા હતા તેઓને પોતાની કમાઈ વધારવાનો તથા માલોનો ભાવ ટેકાવી રાખવાનો ઘણો સંજોગ મલતો હતો અને તેથી વેપારમાં ઘણો નફો થાતો હતો, તેહેને આપણા લોકો વેપારમાં કસ હતો હેવું કરી બોલેછે. હમણાં આપણે જોઈએછે કે વેપાર બોહોલો વધી પડીઓછે, થોડાં નાણાંવાલાને વેપારની જોગવાઈથી પોતાની પુંજી કરતાં દસઘણી રકમનો ધંધો કરવાને બની આવેછે, અને ખાનગી નાણું વેપારનાં કામમાં આગલ કરતાં વધારે વપરાએછે, તેથી જેમ એક રોજગારને કીજે ઘણાં માણસો નીકલીઆથી તેહેની કમાઈ ઘટેછે, તેજ પરમાંણે વેપારને કીજે પુશકલ નાણું નીકલીઆથી અને તે છુટે છુટે હાથે વેંહેંચાઈ ગએઆથી તે નાણાંપરનો નફો ઓછો ઊતરેછે તેહેને આપણા લોકો કેહેછે કે વેપારમાં કસ નથી. તેઆરે આગલ થોડા વેપારીઓ બેઅંદાજે નફો મેલવતા હતા અને હવડે ઘણા વેપારીઓ અંદાજાથી નફો મેલવેછે તે ઊપરથી આપણો હાલનો વખત શું ખામી રાખેછે અને થોડાએકોને આગલની માફક મોહોટો નફો નહી મલીઆથી આપણી વસતીને શું ખરાબી થાઈછે? કાંઈ નહી. સરવે કોઈ કબુલ કરશે કે એક માણસ પલાવનું ભોજન જમે અને ઓગણપચાસ માણસો ભુખે મરે તેહેનાં કરતાં પચાસ માણસોને માતરે રોટલો મલે એ બેહેતરછે. તેજ પરમાંણે વીસ વેપારીઓ આગલ પચાસ લાખ રૂપીઆ મેલવતા હતા તેહેની જગોએ હમણાં બસો વેપારીઓ તેટલાજ રૂપીઆ મેલવે તો તે બેહેતરછે. હવે હમારા દેશીઓ વેપારમાં કસ માંગેછે તેહેની મતલબ તો એટલીજ માલમ પડેછે કે થોડાએક લોકો જથ્થાબંદ દોલત મેલવે અને બીજાઓ તેઓની ફરમાબરદારી કરે તથા વેપારના લાભથી વેગલા રેહે. પણ એ મતલબ કેહેવી એખલપેટીછે અને વેપારમાં કસનો ખરો અરથ કેહેવો થાએછે તે ઊપલી બીનાથી માલમ પડી આવીશેંછે. આપણા ટાપુમાં પારસીની કોમ આલશુ હોવાથી વેપારમાંથી તે પાછી હટી ગેઇછે, પણ તેઓની જગોએ ભાટીઆ, મેમન,

લોહાણા, ઈતીઆદી, લોકો વધારે ખરતલ મેહનત કરનાર હોવાથી તેઓની કોમ જુજ મુદતમાં માતબરપણે ઘણી વધીછે.

વલી ઘણા લોકો કેહેછે કે અતરે આગલા વખતનાં કરતાં હવડે લુચ્ચાઈ અને ટરકટો વધીઆંછે અને આગલ જે સાહુકારી, સચ્ચાઈ અને એતબાર હતો તે હાલ રહેઓ નથી. લોકો કેહેછે કે મુંબઈમાં આગલનાં કરતાં એકબીજાનો વીસવાસ તથા સાહુકારી ઊઠી ગઈછે અને ઠગાઈ અને ટરકટોનો ઘણો વધારો થાએઓછે. તે ટરકટો આંલમ સુધરી અને કેલવણીનો ફેલાવો થાએઆ તેથી શું વધીઆંછે અથવા કોઈ બીજાં કારણોપરથી વધીઆંછે, અથવા ખરેખર વધીઆંછે કે નહી, તે આપણે તપાસવું જોઈએછે. ખરૂંછે કે આજ પચીસ અથવા પચાસ વરશની વાતપર અતરેની પોલીસમાં તથા કોરટમાં વીસવાસઘાટ તથા બીજી દગલબાજીના મુકદમા તપાસપર આવતા હતા તેહેનાં કરતાં હાલ ઘણા વધારે આવેછે. પણ તેજ વખત મુંબઈમાં વસતી શું હતી અને હાલમાં શું છે તે સાથે મધીઅ પરમાણ ગણતરી મેલવી જોતાં હમો ધારીએછે કે આપણા વખતનો અપરાધ આગલના કરતાં જાહાજો વધેલો માલમ પડશે નહી. આજ પચીસ વરશની વાતપર તે વખતે કાહાડેલી વસતીના હીસાબ મુજબ આ ટાપુમાં આસરે એક લાખ માણસોની વસતી હતી તે કરતાં હમણાં હઈઆં પાંચ લાખ આદમી વસેછે તેઆરે વસતી મુજબ આગલનાં કરતાં હવડે આ ટાપુમાં પાંચ ઘણા વધતા અપરાધો થાવા જોઈએ. હવે એ પાંચ ઘણા કરતાં પણ અપરાધો વધુ થાએછે કે નહી તે કોઠા અને હીસાબની વાતછે અને હાલ તે હીસાબ મલી આવતા નથી, તોપણ જો કોઈ કેહે કે એ કરતાં પણ અપરાધો વધારે થાએછે તો આ વખતમાં ઇઆને હમણાંના જમાનામાં લોકોમાં બદી વધી ગઈછે તે કરતાં એ બાબેનાં બીજાં કારણો મલી આવેછે. મુંબઈમાં હાલ જે વસતી વધી ગએલીછે તે કાંઈ આ ટાપુની અસલ વસતીનો વંશ વધીઓ નથી, પણ પરાઆં દેશોથી તથા આસપાસનાં ગામડાંઓમાંથી જે માંણસો આવી અતરે વસેલાંછે તેથી આપણી વસતીનો મુખીઅ ભાગ વધેલો માલમ પડેછે. એ લોકો

ઘણુંકરીને ધંધા વગરના અને અજ્ઞાની હોએછે, અને આપણા ટાપુના અપરાધીઓની ટીપ પરથી જોવામાં આવેછે કે જુજ સંખીઆ વગરે ગામમાં જે અપરાધ થાએછે તે હેવાંજ લોકોથી થાએછે, તેઆરે એ ઊપરથી કેલવણીનો વાંક માલમ પડતો નથી, તથા લોકોમાં બદી વધીછે ઈઆને આગલ એકસો રેહેવાસીએ એકજ શખસ ગુનેહગાર થાતો હતો અને હમણાં તેથી વધારે ગુનેહગારો થાએછે હેવું પણ માલમ પડતું નથી. પણ અપરાધ જો ખરેખર વધીઓ હોએ તો તે પરાઈ અને નવી વસતી ભેલી થાએઆથીછે, નહી કે આગલના વખત કરતાં હવડે લોકોમાંથી નેકી ઊઠી ગઈછે.* હમો આ જગોએ જણાવવા માંગીએછે કે આ હમારી તકરાર ઘણાંએકોનાં ચાલુ મતથી ઊલટીછે તેહેનું જો તેઓએ વજન તપાસવું હોએ તો બીજાઓ કરેછે તે પરમાંણે એક બેએ કેલવાએલા પણ લુચ્ચા શખસો તથા બીજા છુટા અપરાધીઓનો દાખલો પોતાના ખેઆલમાં કધી લેવો નહી, એ વીચાર પાએદાર કેહેવાતો નથી, પણ હેવી બાબદોમાં કુલ પંચના અડસટામાંથી કીરકુલ હીસાબ લઈને તે ઊપરથી આલમમાં સંગલે વાધે અપરાધ વધીઓછે કે નહી તે બાબેનું પોતાનું મત બાંધવું.

આગલા વખતના શેઠીઆઓ હવડેનાં કરતાં સરશ હતા એ વાત ઘણા લોકોને મોહોડેથી સંભલાએછે. હમારૂં મત હેવુંછે કે આગલના શેઠો જો પરજાનું હેત લેવામાં તથા બીજી કેટલીએક પાંતીએ હમણાંના કરતાં સરશ હોએ તોપણ હાલના વખતની વાજબી તરફદારી કરતાં હમો તેઓને સરશ ગણતા નથી. એ લખવા ઊપરથી હેવું નહી સમજવું કે હમો હમણેના મોહોટા લોકોની તારીફ કરીએછે, તેઓમાં આપણા લોકોની માફક ઘણીએક ખામીછે, તોપણ હમો એ બાબદની હાલનાં

* આ બાબદ લખેઆ પછી આસરે દસ વરશે (ઈ૦ સ૦ ૧૮૬૩ થી) મુંબઈમાં શેરસટાનો અઈઆમ ચાલુ હતો, જે બે તરણ વરશ તુલીક લાગુ રહેઓ હતો. એ અઈઆમે મુંબઈનાં લોકોની વેપાર સંબંધી નીતીઓ ઘણી બીગાડીછે, કે જેથી પારકાં દેશોમાં મુંબઈને "સીટી આવ રોગસ" ઈઆને "લુચ્ચા લોકોનું શેહર" હેવું નરસું નામ મલીઊંછે. પણ મુંબઈની વેપારી આલમની હમણાંની અકસમાત બગડેલી નીતી આગલ ચાલતાં પાછી સુધરશે હેવી ઉમેદ રાખેઆમાં આવેછે.

કરતાં આગલા વખતને સરદારી આપી શકતા નથી. આલમના લોકોને દીલ ભાવતી કેટલીએક વાતો બનતી નથી તો શું હીંદુ કે શું મુસલમાન કે શું પારસી એ સરવે કોઈ પોતપોતાની કોમના વડાઓને ઠપકો દીએછે. એ ઠપકા કોઈ વેલા ખરા હોએછે અથવા ખોટા હોએછે, પણ તેથી એમ નહી સાબેત થાતું કે આગલા વખતમાં તેજ માફક કાંઈ થાતું નહી. આપણે ઘણીવાર જોઈએછે કે હાલના વખતમાં કોઈ બનાવ બનેછે કે જેમાં અતરેની જુદી જુદી કોમના વડાઓની ખામી નીકલેછે, પણ તેહેવાજ બનાવો આગલા વખતમાં બનતા હતા હેવું ધારવું ગેરવાજબી નથી. ઈંગરેજ લોકોમાં એક કેહેવાતછે કે "જે જોડો પેહેરેછે તેજ જાણેછે કે જોડો કાંહાં ડંખ કરેછે." તે જોડો લગાર વેગલાઈએથી ઘણો સારો દેખાએછે, અને વાપરીઓ નહી હોએ તાંહાંસુધી તેહેમાં ખામી નજર આવતી નથી, પણ જો પગમાં ઘાલી ચાલીઆ તો પછી તે કહી જગાથી દુઃખ દીએ તે માલમ પડી આવેછે. એજ પરમાંણે હાલમાં આપણે વગર અજમાએશે આગલા લોકોની તારીફ કરતા ફરીએ છઈએ, પણ તેઓને આપણે વાપરીઆ નથી તેહરે તેઓમાં શું ખામી હશે તે આપણે કેમ જાણીએ? આપણે એક બીજી વાત જાણીએછે કે એક આદમી જીવતો હોએછે તાંહાંસુધી તેહેની સાંમણે દુનીઆંમા ઘણું એક બોલાએછે તથા તેહેને આલમના ઠપકા મલેછે, પણ જેઆરે તે આ જેહાં નથી કુચ કરી જાએછે તેવારે લોકો તેહેની સંગલી એબ ભુલી જાઈ તારીફ કરવા બેશેછે. કોઈનો વાંક તેહેની હઈઆતી પછી દરગુજર કરવાની આલમની વખાણવા લાએક ખાશીએત એ ચાલપરથી માલમ પડી આવેછે, પણ તે ઊપર જો આપણે દરીઆફ્ત નહી રાખીએ તો હાલના અને આગલના વખતની વાજબી તપાસ આપણને મલી આવે નહી.

લોકો કેહેછે કે આગલા વખતના લોકો ભોલા હતા તેમ હવડે નથી. ભોલાઈ એ માણસમાં એક મીઠો ખવાસછે કે જે સઊ કોઈને પસંદ પડતો લાગેછે. જે લોકો હાલમાં વસતીવાલાં શેહેરોથી દુર રેહેછે તથા ગામડાંઓમાં ખેતીવાડી અને હેવોજ બીજો ધંધો કરી પોતાનું

ગુજરાંન કરેછે, તેઓ ઘણીએક ચીજોથી નાવાકેફ રહેઆથી પોતાનું અંજાણપણું આપણને જણાવેછે તેહને ઘણાએક લોકો "ભોલાઈ" કરી સમજેછે, પણ ભોલાઈનો એ અરથ ખરો નથી, તેતો અંજાણપણુંછે અને હેવું અંજાણપણું આપણી આગલના લોકોએ બતલાવીશિં હોએ તો તે ભોલાઈ કેહેવાતી નથી. હમારા વીચારમાં ભોલાઈનો અરથ હેવો ઊઠેછે કે કોઈ જમાનામાં એક માણસ રેહેતો હોએ, અને તે જમાનો દમદમામ અને જાહોજલાલીને કીજે વખણાએલો હોએ, અને તે જાહોજલાલી રાખવાની પેલા માણસમાં શકતી હોએ તોપણ તે ધણી હેવા દમામને તરક કરી ગરીબ અને તવંગરોમાં એક રીતે મીલનસાર થાએ, તથા લોકોના અનીઆવ ભુલી જાએ તથા બીજાઓને પોતાનાજ જેહેવા ખાલેસ દીલના ગણીને સંગલાઓના બોલવાને માન આપે તેહેવા શખસને ભોલો કેહેવો લાએકછે. પણ એ ભોલાઈ સાથે પણ અગ્નાનપણું એટલુંતો મલતું આવેછે કે તે છુટું પાડવું મુશકેલ પડેછે. માણસ જેઆરે એલમની ફેલવણી લીએછે તેવારે તે બીજાઓનાં બોલવાપર ગોર કરેછે અને વીચાર વગર કોઈની વાત એકાએક માનતો નથી, તેઆરે તે વાત ઊપરથી લોકો જમાનાને ઠપકો આપી કેહેછે કે ભોલાઈ નીકલી ગઈછે. આદમીના પેહેલા વંશમાં અલબત ભોલાઈ ચાલુ હશે, અને તે વખતમાં સંગલાઓ ભોલા રહેઆથી દુનીઆંના સંસારમાં કસી હરખત પડતી હશે નહી, પણ તેઆરપછોના જમાનાઓમાં આદમીઓ જેમ માહીતગારીએ વધવા લાગા તેમ તેઓમાં અકલનું જોર વધવા લાગું, તે આજ સુધી આપણે ચહડતું જોઈએ છઈએ, અને હાલના વખતમાં દુનીઆં મધે અરધા આદમીઓ માહીતગારીવાલા રેહે અને બાકીના ભોલા રેહે અને માહીતગારીવાલાને હાથે ભોલાઓ ઠગાએ એ વાત પસંદ કરવી મુશકેલછે. આજ પચાસ વરશપર લોકો કદાચ દમામ થોડો રાખતા હશે, પણ તેઓ હેવા નહી હતા કે ભોલાઈથી સંગલાનું કહીશિં માને અને તાલમેલ તથા છુપી ગોઠવણો કરવાનાં કામથી અંજાણાં હોએ, લોકો તેજ પરમાંણે હમણાં પણછે, અને "ભોલાઈ" ની જગોએ આપણે "અંજાણ

પણું" મુકીએ તાંહાંસુધી આજ પચાસ વરશના અને હાલના વખત વચ્ચે કસો તફાવત માલમ પડતો નથી. હમોએ ઈંગરેજોની એક કેહેવત આગલ જણાવીછે કે "જે જોડો પેહેરે તેજ ડંખ સમજે" અથવા આપણા લોકોના કહ્યા પરમાંણે "જેપર પડે તે જુજે." તેજ માફક આપણે પોતે જો આગલા વખતમાં રહેઆ હતે તો તે વખતમાં પણ લોકોને હાલની માફક ફરીઆદ કરતાં આપણે જોતે અને હાલના કરતાં આગલા વખતની સચ્ચાઈ, આગલા વખતની બરખત, આગલા વખતનો રોજગાર અને હેવા બીજા ખુમાટાથી લોકો જે હાલના જમાનાને તોડી પાડેછે તેહેનો આધાર આપણને માલમ પડી આવતે. આગલો વખત ખરેખરો સુંનાનો હતો નહી અને હમણાં તે કીરકુલ જોતાં કઠીલનો થાએઓ નથી, તે જમાનો જો ખરેખર સુંનાનો હતે તો જેમ સુંનું ખરાબ થાતું નથી તેમ તે કધી ખરાબ થાતે નહી, પણ થાઈ ગએલી ચીજોની ખામી ધાંકીને તારીફ કરવાની લોકો વચ્ચે જે ખાશીઅતછે તેટલાજ માટે હેવી વાતો આપણાં સાંભલવામાં આવેછે.†

[જગત પરેમી, ડીસેમબર ૧૮૫૧.]

† પોતાની આગમજ થાઈ ગએલા વખતની તારીફ કરવાની ચાલ સરવે જમાનામાં ચાલતી આવીછે. જગત પરસીધ ઇઉનાની કવેસર હોમરના બનાવેલા ઇલીઆડ નામના ગરંથના અભીઆસીને નીચે ટાંકેલી સતરો આ બીનાના સંબંધમાં ઇઆદ આવશે, કે જે મવે આજ ૩૦૦૦ થી વધારે વરશોની વાત ઉપર થાઈ ગએલા એક ઘણા નામીચા પેહલવાન આકીલીસની નજદીક તેહની આગમજના નામદારી પામેલા પેહલવાંનો વીશે એક બુજોરગ મરદ ભારે વખાણ ગાએછે: —

A godlike race of heroes once I knew,
Such as no more these aged eyes shall view!
Lives there a chief to match Pirithous' fame,
Dry as the bold, or Ceneus' deathless name;
Theseus, endued with more than mortal might,
Or Polyphemus, like the gods in fight?

ભણેઆ પણ ગણેઆ નહી.

"ભણેઆ પણ ગણેઆ નહી" એ વાકીઅ આજ થોડુંએકની વાતપર અતરેનાં એક વરતમાન પતરવાલાએ કેટલાએક જુવાન ચંચલ પુરસો જેઓના વીચારો એ પતરવાલાને પસંદ પડતાતા નહી તેઓને લાગુ પાડીઓ હતો તે વાત હમોને સારીપેઠે ઈઆદછે. એજ પરમાંણે એ શબદો બીજે ઘણેએક ઠેકાંણે વાપરેલા હમોએ સાંભલીઆછે, તેહનો અરથ હેવો ઊઠેછે કે ઘણાએક પુરસો જેઓ વીદીઆ અને હુનરની માહીતગારીનો દાવો કરેછે તેઓ પોતાના વીચારોમાં દુનીઆંની ચાલ ચલણ અને સંસારને પડતો મુકેછે અથવા તે ઊપર પુરતી રીતે ધેઆંન પોંહોંચાડતા નથી, તે સબબથી તેઓ જોકે ભણેલા કેહવાએછે, પણ ગણેલા કેહવાતા નથી, અને એ ઊપરથી તેઓના વીચારો ઘણું માન આપીઆજોગ નથી. માણસ જેમ વરશે વધેછે તેમ તેહની અજમાએસમાં શઆદો થાએછે એ વાત વીશે કસો સંધે નથી, પણ કોઈ જુવાન પુરસ પોતાના વડાઓની માહીતગારીની વાતો સાંભલીને તથા આગલી વાતો વાંચીને અને તે સંગલાની પોતે માહીતગારી મેલવીને "ગણેલો" થાતો નથી, હેવું બોલવું ભુલ ભરેલુંછે. ઘણા જુવાન ચંચલ પુરસો જેઓ આજ આપણા દેશીઓમાં શઆદો કરવા અને તેઓની હાલતમાં સુધારો કરવાનો ઊપચાર કરેછે તેઓ ભણેલા અને ગણેલામાં કેટલો તફાવતછે તે ઘણુંકરીને સમજેછે, પણ તે સંગલાં છતાં જગમાં ઘણાએક લોકો તેઓને હેવો ઠપકો આપવાથી પછાત રેહેતા નથી. હમારા ધારીઆમાં હેવું આવેછે કે તે લોકોને એ બાએનાં કેટલાંએક કારણો મલી આવેછે, કે જે વીશે આપણા જુવાન પુરસોએ કસું ધેઆંન પોંહોંચાડીઊં નથી.

આપણી સંપ્રમાં ઘણો સુધારો જોઈએછે તે વીશે કાંઈ શક નથી, અને જો કોઈ કેહે કે આપણે ઘણી મોતેબર હાલતમાં આવીઆ છઈએ

કે જેથી આપણને સુધારાની કસી અગત નથી તો હમો કેહીજીએછે કે તેઓ પોતાની કીમત બેહદ વધતી ગણેછે. આપણી સંપ્રમાં જેઓ સુધારો માંગેછે તેઓની મતલબ આપણે બારીકીથી તપાસીએછે તો ઘણી વખાણવાજોગ અને ઊતમછે. તેઓ જે કાંઈ મેહેનત લીએછે, જે કાંઈ પોતાનાં આંગપર કશટી ખેંચેછે, અને અફસોસ! ઘણી વેલાએ માઠા સુખનો પણ સાંભલેછે, તે સંગલું તેઓને એકજ કારણસર સોસવું પડેછે, તે કારણ પોતાના દેશીઓનો ફાએદોછે. તેઓને હેવાં કામ કરવામાં એક લોભછે, અને લોભ વગર આદમી કધી ઊલટ લેતો નથી. તેઓ પોતાને કીજે નેકનામી લેવા ચાહેછે, નેકનામીનો લોભ કાંઈ થોડો મોતેબર નથી, અને આપણા દેશના ફાએદાને કીજે આપણે હેવું ચાહવું જોઈએ કે સરવે કોઈ પોતાના દીલમાં નેકનામી લેવાનો લોભ રાખે, અને તેહેની કદર અગર આ જમાનો જો નહી પીછાણે તો પાછલથી તે જાહેરમાં આવે. હવે હેવા સારા ઊપચારમાં ઘણા જણાઓ ઠપકો ખાએછે, અને ઊપર જણાવીઆ પરમાંણે "ભણેઆ પણ ગણેઆ નહી" હેવી ઠેકડી તેઓપર પડેછે, તેહેનાં કેટલાંએક કારણોછે, તે હમો હેઠલ પર ગટ કરીએછે. એ કારણો સંબંધી સંભાલ નહી રાખીઆથી આપણે બદનામીને લાએક થાઈએછે અને તેથી બીજાઓને આપણી ઊપર ફાવી નીકલવાનું સેહેલ પડેછે.

જેઆરે માબાપો પોતાનાં બાલકોને કેલવણી લેવાને કીજે નીશાલમાં મુકેછે તેઆરે તેઓની મોહોટી મતલબ એજ હોએછે કે તે બાલકો શીખીને આપએખતીઆરીથી ગુજરાણ કરી શકે, પોતાના દેશને અને જાત ભાઈઓને શોભા આપે, પોતાના વડાઓને બોજોરગ કરે, અને પોતાના મજહબને જેબ પોંહોંચાડે. જેઆરે કેલવણીથી હેવા સંગલા ગુણો નીપજે તેઆરેજ માબાપોની ખાતરી થાએછે કે તે સંગલી પાંતીએ આસરો આપીઆજોગછે. આપણા વડાઓ આપણા કેલવાએલા જુવાન પુરસો પાસે હેવાજ ગુણો જોવાની વકી રાખેછે. તે વકી વાજબીછે. તેઓ પોતાની સંપ્રમાં જુવાન પુરસોને જે આસરાથી દરજજા ઊપર ચહ

ડાવેછે અને જે દાદરથી તેઓને ઊંચા કરેછે તે વીશે આપણા વડાઓ આગમજ હેવું નથી જાણતા કે દરજજાના દાદરની પગતીઓ ઊપર ચહ ડીઆ પછી આપણા જુવાન પુરસો તેજ દાદરને લાત મારી નીચે નાખીને પોતે સરકસ થાઈ બેશશે. હેવું જો કોઈ કરે તો તે એક જાતની નીમખહરામીછે. આપણા વડાઓ પોતાનાં બાલકોને કેલવણી આપી આથી પોતાના દેશ અને જાતભાઈઓને શોભા થવાની જે વકી રાખેછે તે વકી કેલવાએલા જુવાન પુરસો જો પાર પાડે નહી, તથા આપણા વડાઓને આપણા જુવાન પુરસોથી ઘટારત માન મલે નહી, અથવા આપણા વડાઓ પોતાના મજહબને આધીન રેહેવા માંગેછે તે પરમાંણે જુવાન પુરસો પોતાનાં છાલકાપણાંથી ચાલે નહી, તો પછી તે સાહેબો કેલવણીને માઠું બોલે અને હેવું ધારે કે સારૂં કામ કરતાં તેઓને માઠાં ફલ ચાખવાં પડીઆંછે તો તેમાં કાંઈ અચરત થાએઆ જેહેવું નથી. ઊપલા ગુણો માહેથી આપણા જે કોઈ જુવાન પુરસોમાં એકબી ગુણની ખામી હોએ તો તેઓ સખત ઠપકાને લાએકછે. એજ કારણ ઊપરથી તેઓના મુરબીઓ હેવું કેહેછે કે "તમો શીખીઆ ખરા પણ હમારી સાથે ચાલવાની તમોને કેહેવી ફરજછે તે તમો સમજીઆ નથી" ઈઆને "તમો ભણેઆ પણ ગણેઆ નહી."

ઊપલાં બોલવાથી હમો હેવું નહી કેહેવા માંગતા કે આપણા વડાઓ જે કાંઈ કેહે તે પરમાંણે તે સારૂં હોએ ઈઆ નરસું હોએ તે ઊપર વગર વીચાર કરવે સંગલા જુવાન પુરસોએ સદા ચાલવું જોઈએછે. ઘરડા અને જુવાન એ બંધે જે જુદી જુદી હાલતમાં ઊધરીઆછે તેથી તેઓના વીચારોમાં ઘણુંકરીને ફરક આવીઆ વગર રેહેતો નથી; પણ તે ફરક કહી રીતે કાહડી નાખવો તે વખત, ધીરજ અને વીચારનું કામછે. બંધે તરફ ભુલ હોએ, બંધે તરફ વીચારોની ખાંમી હોએ, તે સંગલું એકદમ સફાઈ થતું નથી, પણ સમજ અને સબુરીથી તે પાર પડેછે. વડાઓએ પોતાનાં જુવાન બચ્ચાંઓને નશીહત દેવાનો હકછે, અને બચ્ચાંઓએ જો પોતાની નજરમાં અગતનું દીશે તો વડાઓને

સમજાવવાની ફરજછે, પણ તેમાં એકબીજાના વીચારોની ઠેકડીનું કાંઈ કામ નથી.

કેટલીએક બાબદોમાં આપણા જુવાન પુરસો વચમાં પડેછે કે જે વીશે બેશક તેઓને પોતાનો વીચાર જણાવવાનો હકછે, પણ એ વીચાર જણાવતી વખતે હમો જોઈએછે કે તેઓ પોતાની ગાદી ભુલી જાએછે, ઈઆને પોતાના દરજજા વીશે ચુક ભરેલી સમજ રાખેછે. તેઓ હેવું નહી જાણતા કે હરકોઈ બાબદ વીશે તેઓ જે લોકોને સમજ આપેછે તે તેઓથી ઊમર અને અનુભવમાં ચહડતાછે, નહી કે તેઓની બરોબરી આછે. આપણી બરોબરીઆને બોલવું અને આપણથી બોજોરગ હોએ તેહને બોલવું હેમાં મોહોટો ફરકછે, તે ફરક જેઆરે આપણા જુવાન સાહેબો તપાસતા નથી અથવા તે સમજવાની તેઓમાં લાએકત નથી તેઆરે તેઓ "ભણેઆ પણ ગણેઆ નહી" એ ઠપકાને લાએક થાએછે. આપણા જુવાન પુરસો ગમે હેવા વાજબી વીચારો આપે અને લાંબા અંદેસાથી તે વીચારો બાહાલ રાખીઆજોગ હોએ, તોપણ એ વીચારો આપતાં લાએકત અને અસરાફી સંબંધી તેઓમાં જો એકબી ખામી નજર આવી તો તેથી તેઓનું સંગલું બોલેલું રદ જાએછે.

એ વાતથી વલી બીજી એક ખરાબી થાએછે. આપણે ભુલવું નહી જોઈએ કે આપણા દેશીઓના સુધારાને કીજે હજુર આપણે જેટલું કામ લેવુંછે અને આસરો મેલવવોછે તે સંગલું આપણા બોજોરગોની મદદથીછે, તેઓ જો કદાચ આપણા જુવાન પુરસોના બોલવામાં ખામી અને ઘેલાપણું જોએ તો પછી સંગલા આસરા બંધ થાએઆ વના રેહે નહી. એટલા ઊપરથી આપણા વડાઓને એકાએક ચમકાવવા એ ઘટારત નથી, તથા તેઓનો દરજજો પીછાણીઆ વગર બોલવું એ પણ નાલાએકછે. સઊ કોઈને ફરજછે કે જે રસતો પોતાને વાજબી અને ઘટતો નજરમાં આવે તે વીશે બીજાઓને સમજ પાડવી. એ સમજ બીજાઓના મનમાં દરૂસત ઊતરી નહી તો તે બંધેના વીચારમાં ફરક કાએમ રેહેછે; તે ફરક, હમોએ આગલ જણાવીઊંછે તેમ, માતરે ધીરજ રાખી

આથી અને કોશેશ કીધાથી નીકલી જાએછે. અગરજો આપણા જુવાન પુરસોનાં ધારેલાં કામ જેઆરે પાર પડે નહી અને તેમાં આપણા વડાઓથી આપણને હરખત મલે, અને જોકે તે કામો ગમે હેવાં મોતેબર અને આપણી હાલતને સુધારનાર હોએ, તોપણ તે હરખતને ખાતર તેઓને હલકાઈ આપીને ઠપકો દેવો ઘટારત નથી. હલકાઈ ભરેલો ઠપકો આપીઆને બદલે ફરીને નવી કોશેશ કરી સમજાવવું અને અંદાજાથી ખોલાસો કરવો બેહતરછે. જે ધણીને પોતાના દેશનો ખરેખર સુધારો ચાહવોછે તેણે ઘરડા અને જુવાનોને એકમલતા કરવાની કોશેશ કરવી ઘટેછે, અને જુવાનો કોશેશ કરીને પોતાને માથેના વડાઓને પોતાની તરફ ખેંચી લીએ અને પોતાના વીચારોમાં મલતા કરે તે જેહવી મોતેબર શાબાશી બીજી થોડીજછે. એ શાબાશી જે ધણીએ મેલવવી હોએ અને જે ધણીએ પોતાના દેશીઓનો ખરો સુધારો ચાહવો હોએ તેહને ઘટેછે કે પોતાથી જેમ બને તેમ પોતાના બોજોરગોને ખુશી રાખવા, અને સંપજથી તેઓને પોતાની બોરદુપર ખેંચવા, અને સદા મસલહતને ખાતર પોતાનો જોસો નરમ પાડવો. શેખસાદી કેહેછે કે—

દરૂગ મસલહત આમીજ બેહ, અજ રાસત ફેતનહ અંગીજઅસત.

એટલેકે,

ફીતનો ઉઠે હેવું સાચું બોલીએ તે કરતાં ખુબી ભરેલું જુઠું બેહેતરછે.

જોકે શેખસાદીની માફક હમો જુઠું બોલવાની ભલામણ કરતા નથી, તોપણ મસલહતને ખાતર ચુપકીદા રેહેવું હમો સજાવાર જાણીએછે. જે જુવાન શખસો પોતાના જાતભાઈઓની કેલવણીની હાલત તથા સંસાર સંબંધી બીજી અવસથા સુધારવાને ઊમેદવાર હોએ તેઓને ઘટારત નથી કે પોતાના જાતભાઈઓ વચ્ચેના બખેડામાં કોઈબી બોરદુ અદાવત રાખીને પોતાનો વીચાર જાહેર કરે અને તેથી એક બાજુવાલાઓને પોતાના મીતર કરી બીજાઓને દુશમન ગણે. હેવા જુવાન ગહરસથોનું બોલવું ગમે હેવું સાચ્ચું અને ગમે હેવું વાજબી હોએ, તોપણ નાલાએક રીતે તે અમલમાં લાવવું એ ખરી નાદાંનીછે. આપણે જોઈ

એછે કે કેટલાએક જુવાન પુરસો જેઓ પોતાના જાતભાઈઓમાં વીદી આનો ફેલાવો તથા કેલવણીનો વધારો કરવાના કામમાં વખાણવાજોગ મેહનત લીએછે, તથા પોતાના ભાઈબંધોમાં પડી ગએલી નઠારી રસમો કાહડી નાખવાની કોશેશ કરેછે, તેઓ એકગમથી હાવાં તારીફ લાએક કામમાં ગુંતેલાછે, પણ બીજીગમ તેઓથી પોતાનો પીતો જોસાના વમ લમાં દબાઈ શકાતો નથી, અને ધીરજથી તથા સલુકાઈ રાખીને પોતાના વીચારો પરસીધ કરતાં આવડતું નથી. તેઓ બાહેર પડી પોતાના વડાઓને હેવા ચમકાવેછે કે તેઓને તે પુરસોની મતલબ અને ખરી નેમ વીશે શક પડી જાએછે. હમો આ જગોએ કોઈ ખોલ્લા દાખલા લેતા નથી, પણ જેઓ આપણા દેશીઓની હવડેની હાલતપર લાંબી નજરથી નેગાહ પોંહોંચાડેછે, અને જેઓ ઘરડા અને જુવાનોના વીચારો વચ્ચેની લડાઈ ધેઆંનથી જુવેછે, તેઓ કબુલ કરશે કે આપણા ઘણાખરા દેશીઓ હજુર હેવી હાલતપર નથી આવીઆ કે તેઓ સુધારાઓની જરૂરને પુરતી રીતે પીછાણે. હેવી હાલતમાં આપણા જુવાન પુરસોએ વીચાર કરવો જોઈએછે કે તેઓ પોતાના બદ એખલાકનાં વાજબી બોલવામાં કેટલાં સારાં કામમાં બીગાડ કરેછે, તથા પરાઈ રીતે સારાં કામોને હાંની પોંહોંચાડેછે? હમો એમ નહી કેહતા કે હેવી તકરારો કોઈએ કરવી જોઈતી નથી, પણ તે તકરાર કરનારા જુદાજ ખવાસના જોઈએ; જેઓને પોતાના દેશીઓમાં વીદીઆનો ફેલાવો કરવા તથા તેઓમાંથી અણઘટતી રસમો કાહડી નાખવાની ધારણાછે તેઓએ પોતાની તક રારોમાં સલુકાઈ ભુલી જાઈને પોતાનાં સારાં કામમાં બીગાડ કરવો સજા વાર નથી, અને જેઓ જાણીજોઈને હેવું કરેછે તેઓની પરોપકારી ધારણા છતાં તેઓમાં પોતામાં કેલવણી અસમપુરણછે હેવો શક જાએછે. જે કાંઈ બોલવું હોએછે તે વખતસર અને લાએકી ભરેલું હોએછે તોજ સારૂં લાગેછે.

બીજાં જે કારણ ઊપરથી હમારા જુવાન મીતરો પોતાના દેશી ઓથી ઠપકો મેલવેછે તે એછે કે તેઓ પોતાના જાતભાઈઓમાં સુધારો

માંગતી વખતે જે મુકામપર ઊભા રહીને તેઓએ તપાસ લેવી જોઈએછે તે મુકામ તદન ભુલી જાએછે. તેઓ ભુલી જાએછે કે ઊગમણુ અને આથમણુ પરાંત એ દરએકની સુધરાઈ જુદીછે. એ દરએક ખંડો પોતાની સુધરાઈનો અંગસ જુદો ધરાવેછે, તેઓને કહી રીતે તપાસવા જોઈએ અને એક આપએખતીઆર વીચાર કરનારે હેવી વખતે પોતાનો ઊભો રેહેવાનો મુકામ ઈરોપમાં રાખવો ઈઆ એશીઆખંડમાં રાખવો, તે વીશે તેઓ ઘણી વેલાએ ચુક કરેછે, અને ઈરોપખંડની ઘણાએક વાતો આ દેશને લાગુ પાડતાં એ બંધેની હાલત તેઓ ધેઆનમાં લેતા નથી. એ ખામી જોકે જુજ જોવામાં આવેછે, તોપણ તેહને લીધે આપણા દેશીઓથી હમારા મીતરોને ઘણીવાર મોહોટો ઠપકો હાંસલ થાએછે.

[જગત પરેમી, મારચ ૧૮૫૨.]

આપઅખતીઆરી અને તાબેદારી.

મુંબઈથી થોડીએક વેગલાઈના એક મુકામપર એક અમીર રેહેછે, તેહેની મજલસમાં આજ થોડાએક દાહાડાની વાતપર એક સાએર પોતાનાં કાંઈ કામસર ગએઓ હતો. એ અમીર ઘણો મીજાજી અને મોગલાઈ દમામવાલોછે, અને જેઆરે સાએર તેહેની દરબારમાં જાઈ ઊભો તેઆરે જમીનથી તરણ તબક્કા ઊંચી રાખેલી એક ખુરશી અથવા તખતપર તે બેઠેલો હતો. તેહેની આગલ જાઈને સાએરે તવાજો કીધો અને પોતાનો એક પગ ગુડણ આગલથી વાલીને અમીરની હજુરમાં પોતે થોબી રહેઓ, અને તેજ હાલતમાં પોતાની અરજ ગુજારીને પાછો તવાજો કરી બાહેર નીકલીઓ. એ સાએર નામીચો અને અકલમંદછે, તે આગલ એક વસતીવાલાં શેહેરમાં રેહેતો હતો, અને પોતાની સાએરીના જોરથી મોહોટી નામદારી મેલવી હતી, અને હાલમાં તે મગરેબના આગલા પાદશાહોની તવારીખનો એક નામીચો ગરંથ બનાવવાનાં

કામમાં ગુંતેલોછે. એ સાએરને ઊપર જણાવેલા અમીરની મજલસમાંથી પાછો આવતાં રસતામાં પોતાના ઓધા અને મરતબા સંબંધી તથા આ દુનીઆંની આપઅખતીઆરી અને તાબેદારીને લગતા કેટલાએક વીચારો આવીઆ હતા, તે વીચારોનો એક કાગજ એ નામીચા શખસે પોતાના એક મીતરપર લખી મોકલીઓછે, તે સાહેબે એ કાગજ કુરપા કરી હમારે હવાલે કીધોછે, તે હમારા વાંચનારાઓને કીજે હમો હેઠલ પરગટ કરીએછે. એ કાગજમાં, સાએરે અમીર સાથેની પોતાની મોલાકાતની હકીકત જણાવીછે, તેહેનો સાર હમોએ ઊપર આપોઓછે, એટલા ઊપરથી તે બીના એ કાગજના પેહેલા ભાગમાંથી હમોએ કાહડી નાખીછે.

૨જીલત પનાહ ભાઈ——————જોગ—

* * અમીર———સાથે

માહરી મોલાકાતની મેં તમારી આગલ ઊપલી હકીકત જણાવીછે, એ બાબે રસતામાંથી પાછો આવતાં માહારા દીલમાં કેટલાએક વીચારો પેદા થાએઆ હતા, તે હું તમોને લખી જણાઊંછું. મેં હેવું ધારોઊં કે આ જગોએ હું એક નામીચો સાએર ગણાઊંછું, અને હવડે હું જે ગરંથ બનાવવાનાં કામમાં ગુંતેલો છેઊં, તે કામ વાજબી રીતે સરનજાંમ પોંહોં ચાડવાને કીજે હું શેહેનશાહ અને પાદશાહ અને વજીર અને ઊમરાવ લોકોની ચાલનો વાજબી ઈનસાફ કરૂંછું, તેઓની ઊપર હું ગોએઆ એક નેઆએધીસ છેઊં, અને તેઓનાં નામ તથા આબરૂને, તેઓની ચાલ પરમાંણે ઘટતી શીખસા કરવાને અથવા શાબાશી આપવાને હું સતા ધરાવી શકુંછું; અને જમાનાના લોકોને નેકી અને નમંનતાઈ શીખા ડવાને કીજે માહરી તેજ કલમથી શેહેનશાહ અને પાદશાહોનાં કરતુકો હું ઊઘાડાં કરૂંછું. હું એટલો મોહોટો ઓધો ધરાઊંછું, તે છતાં આ દુનીઆંનાં ફેલ હેવાંછે કે આજે આ અમીરની દરબારમાં મહને ગુઠણ વાલીને ઊભો રેહેવાની ફરજ પડી હતી. આજ સુધી હું આપઅખતી આર લોકોની ટોલકીમાં સાંમેલ છેઊં હેવું માહરા દીલમાં ગુમાન લાવતો હતો, પણ આજના બનાવે મહને હેવી નસીહત દીધીછે કે "હું આપ

અખતીઆર છેઊં" એ રીતે બોલવું માણસને સજાવાર નથી. માણસને આ દુનીઆંમાં ફરવાની અથવા દોસતી રાખવાની અથવા નચીંતથી રેહેવાની બીજાં માણસોની મદદની અગત પડે તાંહાંસુધી તેહેનાથી આપઅખતીઆરીનો દાવો કધી થાઈ શકે નહી. આજ રોજે દુનીઆંએ મહને ફંદામાં નાખીને માહરાં દીલના ચાહવાથી ઊલટી રીતે અમીરની હજુરમાં માહરો પગ વાંકો વલાવીઓ, એ કેહેવું દુખ ભરેલુંછે? મેં વમાસીઊં કે શું કોઈ જંગલ હેવું નથી કે જાંહાં ખરો અથવા ખોટો લોભ માહારામાંથી નીકલી જાએ, અને હું વસતીથી અતરંગ રહું, તોપણ દુનીઆંપર માહરી નજર રાખું, અને ખુદરતનું ચાહવું અમલમાં લાઊં, કોઈ ફરેસતો માહરે કીજે છુપું નાન અને પાણી લાવે તો તેપર આંનંદ રહું, અને પછી પાદશાહ અને ફકીર એ સરવેની માહરી તેજ કલમથી એકસરખી દાદ લેઊં? એ કામ બનવું મેં મુશકેલ જોએઊં, કાંએકે દુનીઆંના લોભથી કોઈબી માણસ તદન દુર રહી શકતો નથી, અને કોઈ હેવો દાવો કરે તો તે બોલવું ધીકાર ભરેલુંછે. એક કીરી અગર સાકરમાં વસે તો તેહેને સાકર ખાધા વગર ચાલે કેમ, અને ભુખું કોહોલું પોતાનો શેકાર જોએ તો તેહેનીથી ચુપ રેહેવાએ કેમ? માણસ આ દુનીઆંમાં અવતરીઊં તો દુનીઆંનો થોડોબી લોભ કરેઆ વગર તેનાથી ચાલે કેમ? હું જેમ દુરઅંદેસો કરતો ગએઓ તેમ માહારી ખાતરી થાતી ગઈ કે તદન આપઅખતીઆરીની ટોલકી આ દુનીઆંમાં છેજ નહી. જે કોઈ શખસો આપઅખતીઆરીનો દાવો કરી પોતાના ભાઈબંધોપર સરશ કેહવાવા માંગેછે તે સંગલા ખોટાછે. કોઈ દોલતથી આપઅખતીઆર હોએછે તો તેહને દોસતી અથવા આરામની ગરજ પડેછે, કોઈ એ બાબદોમાં ભરપુર હોએછે તો તેહેને એલમની ગરજ પડેછે, કોઈ એલમથી આપઅખતીઆર હોએછે તો તેહેને કોઈ બીજી વાતની અગત પડેછે. પણ કોઈ જો એમ કેહે કે હું સંગલી પાંતીથી આપઅખતીઆર છઊં ઈઆને કોઈ ચીજની મહને ગરજ નથી તો એ વાત હવે હું કધી માનતો નથી. જો દુનીઆંના લોકો એકબીજાથી આપ

અખતીઆર રેહેવા ચાહે તો તેઓમાં આજે જે આપણે અરસપરસનો સંબંધ જોઈએછે તે રેહે નહી.

આ બીના ઊપરથી તમારે લગતી મહને એક વાત ઈઆદ પડેછે. તમો તમારી તરફ છપાએલાં વરતમાંન પતરો અને ચોપાંનીઆંઓ માહારીપર મોકલોછો તે ઊપરથી મહને હેવું લાગેછે કે "આપઅખતીઆરી" એ શબદના અરથથી તમો સંગલા તદન અંજાણા છેઓ. હું ધારૂંછું કે માણસે પોતાની ચાલુ બોલચાલમાંથી એ શબદ તદન રદ કરવો જોઈએ. તમારા પતરવાલાઓ વારેવાર હેવો દાવો કરેછે કે તેઓ દરએક "આપઅખતીઆર" છે ઈઆને તેઓને પોતાનાં કામ ચલાવવામાં કોઈની દરકાર રેહેતી નથી. "આપઅખતીઆરી" ની જગોએ તેઓ "અપખશપાતપણું" અથવા "સચ્ચાઈ" હેવા લફ્જો જો વાપરે તો હું જાણુંછું કે તેઓનાં બોલવાને વધારે વજન આવે. જેઆરે હું એ લોકો આપઅખતીઆરછે હેવું તેઓને પોતાને હાથે લખતાં જોઊંછું તેઆરે મહને શેખસાદીનું આ બેત ઈઆદ આવેછે કે—

બેત.

તરકે દોનીઆં બ મરદોમ અમુજંદ,
ખીશતંન સીમો ગલલે અંદુજંદ.

અરથ.

દાનાવો દુનીઆંના લોકોને હેવું શીખવેછે કે તમો લોભ તરક કરો, પણ પોતે તો નાણું અને અનાજ સંગરહવામાં કામે લાગેલા રેહેછે.

આપઅખતીઆરી અને તાબેદારી એ બંધે ચીજ છુટી થવી મુશકેલછે. ખરૂં પુછાવો તો તમારી તરફવાલા જેટલાઓ આપઅખતીઆરીનો દાવો કરેછે તેઓ સંગલા પોતે કાંઈને કાંઈ રીતે તાબેદારછે. કોઈ શખસ આલમના લોકોથી આપઅખતીઆર રેહેછે તો પાદશાહની તાબેદારી કરેછે, કોઈ પાદશાહથી વેગલો રેહેછે તો અમીરની તાબેદારી કરેછે, અને જે એ બંધેથી વેગલો રેહેછે તે આલમનાં લોકોની તાબેદારી કરેછે. હેવી આપઅખતીઆરી ચલાવવી એ ઘણું સેહેલું અને સસતુંછે.

તમો જો વગર સરતની તાબેદારીને ધીકારતા હોવો તો મતલબવાલા આલમના તાબેદારને સઊથી વધારે ધીકારવો જોઈએ, કાંએકે જેટલી ખરાબી પાદશાહ અને અમીરોની તાબેદારી કીધાથી થાતી નથી તે કરતાં આલમની વગર વીચારની અને પોતાની મતલબ સાંધવાની તાબેદારીથી વધારે નુકસાંન થાએછે. આલમના લોકોના મતલબસર વાહલા થાવું, તેઓને મનગમતી રીતે ચાલવું, તેઓમાં ચાલતા અણઘટતા રવઈઆઓની તારીફ કરવી, તેઓનાં અણઘટતાં માંગવાને તોડી નહી પારવું, એ જેટલી ખરાબી કરેછે તે કરતાં પેલો બીજો તાબેદાર ઓછી ખરાબી કરેછે. પણ તમારા લોકોમાં ઘણાઓનો એમજ વીચારછે કે જે શખસ આલમની તરફ થાઈને તેઓનાં સંગલાં બોલવાને ટેકો આપે તેજ ખરો આપઅખતીઆર ! એ વાતમાં તમારી, અને હેવી આપઅખતીઆરીનો દાવો કરનારાઓની મોહોટી ભુલછે. તમોને સચ્ચાઈ અને અપખશપાતપણાંના ગુણો મેલવવા જોઈએ કે જેથી તમો પાદશાહ અને અમીર અને આલમ એ સરવેને એકસરખી નજરે જોઈ શકો, દુનીઆંમાં એક બીજાનું ઓશીઆલું અને જે તાબેદારી સરજેલીછે તેહેનો આપઅખતીઆરીનું નામ વચમાં લાવીને તીરસકાર કધી કરશોમાં.

મેં ઊપર કહીઊંછે કે આપઅખતીઆરી ચલાવવાનું કામ ઘણું સેહેલું અને સસતું પડેછે, તેહેને ઠેકાંણે વાજબીપણું અને સચ્ચાઈ અખતીઆર કરવાની મેં ભલામણ કીધીછે. માણસ સંગલી ચીજથી આપઅખતીઆર થાઈ શકતો નથી. તે જો એકની તાબેદારી કરીને બીજાથી આપઅખતીઆર રેહે, અને બીજાના સારા અથવા નરસા ગુણો ઊંઘાડા પાડે, તોપણ જેહેનો તે પોતે તાબેદારછે તેહેને સારા સાથે નરસા ગુણો જાહેર પાડવાને તેહેનાથી બની આવતું નથી. તેઆરે જો, તમારૂં કામ હેવુંજ હોએ કે એકને ઊંઘાડો પારવો અને બીજાને છુપાવવો તો તે આપઅખતીઆરી એક કોરીનું વજન ધરાવતી નથી, કાંએકે હેવી આપઅખતીઆરી રાખવાનું કામ કાંઈ બીકટ નથી. સચ્ચાઈ માતર બીકટછે, કે જેથી આ દુનીઆંના કાએદા પરમાંણે વારેવાર દોસત હોએછે તે દુશ

મન થાએછે, અને દુશમન હોએછે તે વધારે વેરસી રેહેછે. એક ગરંથ કાર કહી ગએઓછે કે "સચ્ચાઈ વાપરવાના કામમાં જેટલી દલેરીની અગત પડેછે તેટલી બાહદુરી લડાઈમાં પણ જોઈતી નથી; એ સચ્ચાઈને ખાતરની દલેરી મોહોટાં માનને લાએકનીછે, કાંએકે તે ઘણી જોખમ ભરેલી અને તે બજા લાવનારને ઘણીવાર ધાસતી ભરેલીછે." વાસતે તમો જો "આપઅખતીઆરી" ની જગોએ સચ્ચાઈ અને અપખશપાતપણું કામે લગાડો તો તે કેટલું વધારે માન આપીઆજોગછે? એ બંધેમાં વધારે જોખમ ભરેલું અને અગતનું કીઉંછે તેપર તમો જો લગાર ધેઆંન આપશો તો માહરી માફક તમારી ખાતરી થાશે, કે આપણે આ દુનીઆંમાં પેદા થાએઆછે તો તાબેદારી વગર આપણો છુટકો નથી, અને આપણે એકની તાબેદારી કરતી વખતે બીજાને ધીકારીને એમ કેહેવું કે આપણે આપઅખતીઆર છઈએ હેવું બોલવું માણસને લાએક નથી, અને હેવી આપઅખતીઆરી કરતાં વાજબીપણું અને સચ્ચાઈ વધારે કઠણ અને મોતેબરછે, તે જો કોઈ વાપરે તો તેહેને મોહોટું માન મલીઆ વગર રેહે નહી. હાલ એજ વીનંતી.

હું છઉં તમારો,

તા૦ ૧૦ મી મેએ ૧૮૫૨.

[જગત પરેમી, જુન ૧૮૫૨.]

ચંચલાઈ તે ભાએગની માતા.

આદમી જનમતી વખતે પોતાનું ભાએગ સાથે લઈ આવેછે, ઈઆને તે પોતાની હઈઆતી કહી રીતે વાપરશે તે વીશે આગમજથી તેહેનાં ભાએગમાં લખેલું હોએછે, હેવો વીચાર ધરાવનારાઓ જો કોઈ માણસને ફાએદો અથવા ગેરફાએદો થાએછે તો તેહેનું કારણ તેહેના આગમજથી મુકરર કીધેલાં ભાએગપર ગોઠવી મુકેછે. પણ આ વાત

કોઈથી નામુકર જવાઈ શકાશે નહી, કે "ચંચલાઈ તે ભાએગની માતા" છે, એટલે કે આદમીનું બખત રોશન થાએઆ અગાઊ તેહનામાં ચંચ લાઈની પેહેલી અગતછે, જો ચંચલાઈ હોએ તો તેથીજ માઠાં ભાએગ માંથી સારાં ભાએગને જનમ મલેછે, નહી તો આપણે દરરોજની અજ માએસથી જોઈએછે કે જે લોકો પોતાના જીવને લાર લરાવેછે, અને ઊજમ કરીઆમાં પછાત પડેછે (અને તેહવા માણસો જો કદાચ તંગદસત હોએછે તોપણ) તેઓ દુનીઆંમાં આગલ વધી શકતા નથી. આ દુનીઆંના લાભનું ચકર જેઆરે ખેતરમાં ચાલેછે અને તેમાંથી જે કાંઈ કીમતી ચીજો નીકલેછે તે ચીજો આલશુઓને હાથ આવતી નથી, પણ જે કોઈ ચંચલ, હોશીઆર અને મેહેનતુ હોએછે તેઓ તરાપ માર વામાં આગલ પડીને તે ચીજ હાથ કરેછે. ખરૂં છે કે કોઈવાર ચંચલ શખસો પણ હેવા લાભ વગર રખડતા રેહેછે; હેવાં કામમાં સંજોગની પણ ઘણીવાર અગત પડેછે. પણ એ કરતાં વધારે ખરૂં એછે કે ચાલાકને એક અથવા પાંચ સંજોગ બસછે, પણ મુરખ અને આલશુને એકસો સંજોગ મલીઆ છતાં તે જેહેવોનો તેહેવો રેહી જાએછે. વાસતે કોઈબી માણસે સંસારમાં દાખલ થાએઆ પછી તેહેને કીજે આ એક દાખલોછે કે "બખત" હેવું બોલીને કધી બેશી રેહેવું નહી, પણ જેમ બને તેમ આ દુનીઆંમાં આગલ વધવાની અને પોતાની હાલત સુધારવાની મેહે નત લેવી; જો હેવું નહી હતે તો આ હેઠલ કહેલા શખસોની જે હકીકત લખીછે તેઓ હલકી અવસથાપરથી વધીને માનવંત થાતે નહી.

આપણાં બાલકો પોતાની નીશાલોમાં હાલ "ઈસપ નીતી" ની પોથીઓ વાંચેછે, તે ઈસપ આગલા જમાનામાં એક ગહરસથે વેચાતો લીધેલો ગોલામ હતો, પણ પોતાની ચંચલાઈ અને જેહેનથી વધીઓ હતો. એજ પરમાંણે સીરસ, ટરેંસ, ઈકપીકટટસ અને બીજાઓ જેઓ પણ આગલા જમાનામાં નામીચા થાઈ ગએઆછે તેઓ પરથમમાં ગહ રસથોનાં કુટુંબના ગોલાંમ હતા. ઈઊનાનનો નામીચો ફીલસુફ પીઠાગો રાસ અસલ એક હેલકરી અથવા મજુરનો ધંધો કરતો હતો. કલઠીનીસ

નામનો એક બીજો ફીલસુફ પોતાની જુવાનીમાં પાણી ભરીને તથા મજુરી કરીને ગુજરાન કરતો હતો. ઈશવી સોલમી સદીમાં ઈઊરોપ મધે બાનડાકસીન નામનો એક માહપંદીત થાઈ ગએઓછે તે એક મોચીનો છોકરો હતો. એજ રીતે ગેલી નામનો એક બીજો પંદીત પેહેલાં દરજીનો ધંધો કરતો હતો. સેકંદરીઆમાં આમનીઅસ નામનો એક ફીલસુફ થાઈ ગએઓછે તે પરથમમાં ઘઊંના કોઠરા ઊંચકીને પેટ ભરતો હતો. આનેકસાઈડ નામનો એક નામીચો ગરંથકાર એક ખાટકીનો છોકરો હતો. બીજા એક નામીચા ફરેંચ ગરંથકાર આમીઅટ વીશે કેહેછે કે તેહેનો હાલ પેહેલવેહેલાં હેવો તો કંગાલી ભરેલો હતો કે રાતનાં વાંચવાને કીજે તેહેને બતી મલતીતી નહી તેથી ચુલદાનનાં આતશનાં બલતાં આગલ જાઈને પોતાનો અભીઆસ કરતો હતો. નેપલ દેશમાં આસટરીઆન લોકોની આગલ હકુમત ચાલતી હતી, તે હકુમતની સાંમણે બલવો ઊઠાવીને આસટરીઆંનોને નેપલસમાંથી કાહાડી મુકીઆ, તે બલવો કરનારોના સરદારનું નામ માસાનીલો કરીને હતું, અને તે બજારમાં માછલી વેચતો હતો. હાલ આપણે વેલાતી સુતરાઊ કાપડ વણવામાં મોહોટી સુધરાઈ જોઈએછે, તે સુધરાઈની હીકમત ઈંગલંડમાં રીચરડ આરકરાઈટ નામના શખસે સોધી કાહાડી હતી તે ઊપરથી તેહેને "સર" નો ખેતાબ મલીઓ હતો; એ ધણી પરથમ એક ગાંમડાંમાં હજામનો ધંધો કરતો હતો. બેલજોની નામનો એક નામીચો મુસાફર કે જેણે મીસર દેશની મુસાફરીનો ગરંથ બનાવીઓ હતો, તે શખસ વીશે કેહેછે કે એક વખત તે હેવો તો ગરીબી હાલતમાં આવી પડીઓ હતો કે શેહેરે શેહેર અને મોહોલે મોહોલે નાચ તથા કસરત કરીને પોતાનું ગુજરાન કરવાની તેહેને અગત પડી હતી. ઈંગલંડનાં દરીઆલરધી ખાતાંમાં આડમીરાલ બેનબો ઘણો નામીચો થાઈ ગએઓછે તે અસલમાં એક વેપારીનાં વાંહાંણમાં સાધારણ ખલાસી હતો. ઈશવી સતરમી સદીમાં ઘડીઆલો બનાવવાની નવી હીકમતોને કીજે આબે ઓટરફુઈલ ઘણો વખણાઈ ગએઓછે તે એક ભથીઆરાનો દીકરો હતો.

નામીચા ગરંથકાર દીન પરીડો વીશે ઘણા લોકોએ વાંચીઊં તથા સાંભલીઊં હશે, તે બીચારો પોતાનાં બાલપણમાં એક મદરેસાને લગતાં બબરચીખાનાંમાં ચાકરી રહેઓ હતો, તાંહાંના વીદીઆરથીઓને જોઈને તેહેને એલમ શીખવાની હોંસ થાઈ, કે જેથી પાછલે દાહડે તે મોહોટે મરતબે પોંહોંચીઓ. ઈંગલંડના પાદશાહ બીજા ચારલસના વખતમાં તેહેનાં રાજની સઊથી મોહોટી અદાલતનો વડો નેઆએધીસ સર એડમંડ સાનડરસ બાલપણમાં લાએરોની ચીઠી પતરી લાવવા લઈજાવાનાં કામમાં હલકી ચાકરીએ રહેઓ હતો, અને પછી પોતાની કોશેશથી મોહોટે દરજજે આવીઓ હતો. બેન જાનસન નામનો નામીચો શખસ પરથમ કરીઆનો ધંધો કરતો હતો. જરમન લોકોનો એક નામીચો ઓલમા હાનસ સાશો એક દરજીનો છોકરો હતો, અને પોતે ઘણાં વરશવેર મોચીનો ધંધો કીધો હતો. વોનકલમેન નામનો શખસ વીદીઆવાન લોકોમાં નામીચો થાઈ ગએઓછે. તેહેને એલમ શીખવાની ઘણી ઊલટ હતી, પણ પઈસા હતા નહી, તેથી રાતનાં ભીખ માગીને પોતાનું પેટ ભરતો હતો, અને સહવારનાં નીશાલે જાતો હતો. એજ પરમાંણે મોસકુલસ બારણે ભીખ માગીને તે પઈસાથી નીશાલે બેઠો હતો. રોમના ધરમસથાંનમાં હવડે જે કોઈ શખસ હકુમત કરનાર ઠડેછે તેહેને "પોપ" કરીને કેહેછે, તે ઈશુ ખરીસટનો શીશ કેહેવાએછે, અને રોમન કાઠોલીક ખરીસટીઆંનો તેહેને મોહોટું માન આપેછે; હેવો એક "પોપ" નામે આડરીઅન ચોથાને રોમમાં હકુમત ચલાવવાને કીજે પાદરીઓએ ચુંટી કાહાડીઓ હતો, તે વીશે કેહેછે કે જેઆરે તે જુવાન હતો તેઆરે તેહેની હાલત હેવી તો કંગાલીઅત ભરેલી હતી કે તેણે વીદીઆનો મોહોટો અભીઆસ રાખીઆ છતાં તેહેને વાંચવાને કીજે રાતને સમે ઘેરમાં રોશની મલી શકતીતી નહી, તેથી રસતામાં તથા જાહેર ઈમારતોમાં જાંહાં સરકારી ફાનસોમાં ચેરાગ બલતા હતા તાંહાં તે જાઈને તે ચેરાગહેઠલ વાંચવા બેશતો હતો. ટામસ સીમસન બચપણમાં વણકરનો અને તેઆરપછી ધુતારા જાદુગરનો ધંધો કરતો હતો તે પાછલથી ગણીત

વીદીઆમાં એક ઊસતાદ થાઈ પડીઓ. કપટાંન કુક જેણે આપણી પરૂથ વીના ગોલાની આસપાસ સઊથી પેહલો ચકરાવો લઈ આવીને મોહટું નામ મેલવીઊં હતું, તે પરથમ વાંહાંણની કેબીનમાં બચપણથી ચાકરી કરવા રહેઓ હતો. ડાનીઅલ ડ. ફ્રે. જે ધણી ઈઊરોપની તવારીખમાં છુટથી લખવાને કીજે અને પરજાનાં હેતને કીજે વખણાઈ ગએલોછે, અને આજ તેહેનાં નામને મોહોટી ઈજત મલેછે, તે ધણીનો બાપ લંડનમાં કસાઈનો ધંધો કરતો હતો. ડીમાસઠીનીસ નામનો ઈઊનાનમાં એક ફ્રીલસુફ થાઈ ગઓઓછે તેહેનો બાપ સીકલીગર હતો, અને પોતે લાચારી હાલતમાં ઊધરીઓ હતો. જેમસ ફરગુસન નામનો વીદીઆવાન જોતીશ પોતાનાં બાલપણમાં ભરવાડનું કામ કરતો હતો.

સરવેને જાણીતો બેનજામીન ફ્રાંકલીન છાપખાનાંના એક દીબાં ગોઠવનારની હાલતપરથી પોતાની ચાલાકીએ કરી દુનીઆંના નામીચા ફ્રીલસુફની પદવીએ ચહડીઓ હતો. ઈંગલંડમાં “કુવારટરલી રીવીઊ” નામનાં પંકાએલાં ચોપાંનીઆંનો આગલો અધીપતી મી૦ ગીફ્રડ જેઆરે નાધલો હતો તેઆરે તેણે વાંહાંણની કેબીનમાં તથા એક મોચીને તાંહાં ચાકરી કીધી હતી, પણ તેહેની ભલમણસાઈ અને લાએકી હેવી હતી કે તેથી તેહેને ઘણા લોકો ચાહાવા લાગા, અને અંતે આસતે આસતે વધીને તે મરતબાને પોંહોંચીઓ. હાલ દરીઓ ખેડવાનાં કામમાં જે “કરોનામીટર” નામનું ઘડીઆલ વાપરીઆમાં આવેછે, અને તેની ગણતરીથી વગર અડચણે પરૂથવીના કોઈબી ભાગપર વાંહાંણોનો મુકામ માલમ પડેછે, તે હીકમત મી૦ જાન હારીસન નામના એક શખસે સોધી કાહાડી હતી, તેથી તેહેને બરીટેનની પારલામેંટથી ૨૦૦૦૦ પાઊંડ અથવા બેએ લાખ રૂપીઆનું ઈનામ મલીઊં હતું; એ શખસ એક સુથારનો છોકરો હતો અને એલમ પોતાને હાથે શીખીઓ હતો. સર ઊલીઅમ હરશલ જે નામીચા શખસની મદદથી જોતીશ શાસતર આજ પકું થાઈઊંછે તે પરથમ એક રીજમીટમાં વાજું વજાડનાર દાખલ ચાકરી કરતો હતો. આઈસલાંડના ટાપુપર સને ૧૭૯૬ નાં વરશમાં હોમલો

કરનાર લશકરનો સરદાર જેનરલ હાશ અસલ તબેલામાં ઘોડાની ચાક રીનાં કામપર રહેલો હતો. વલંદા લોકોનો એક નામીચો ચીતારો માટ સીસ પરથમ લોહાડનો ધંધો કરતો હતો. શેકશપીઅર નામના જે નામીઆ સાએરની ઈઆદદાસત ઊપર ઈંગરેજ લોકો મોહી પડી આજ લખો રૂપીઆનો ખરચ કરેછે અને આજ કરોડો રૂપીઆનાં તેહેનાં બના વેલાં પુસતકોનો ખપ થાએછે, તે ધણીની હાલત વીશે કેહેછે કે તમાસાનાં ઘેરોમાં જે ગહરસથો પોતાના ઘોડાઓપર બેશી આવતા હતા તેઓના ઘોડાઓને દરવાજા આગલ પકડી રેહેવાનાં કામથી શેકશપીઅર પોતાનું ગુજરાણ મેલવતો હતો. સેંટ ડોમીંગોના ટાપુનો સીધી તોસાં જે બોના પારટના વખતમાં એકવાર ફ્રેંચનાં વીસ હજાર માણસનાં લશકરને શેક શત આપીને પોતે હકુમતવાલો થાએઓ હતો તે પેહેલાં ગોલામ દાખલ ખેતર ખેડતો હતો. ઈંગરેજોનો કવેસર ટેલર પરથમ એક ભીસતી હતો. આંઠોંની પરવર, પેનડરેલ, બકમન, હાલકરાફ્ટ,* બલુમફીલડ, લાકીંગટન, ડરૂ અને એ સવાએ બીજા કેટલાએક શખસો જેઓ પોતાની કાબેલીઅતથી મોહોટું નામ મેલવી ગએઆછે તે સંગલાઓ પરથમમાં મોચીનો ધંધો કરતા હતા.

આ લાંબી ટીપ હમો વધારવા ચાહીએ તો હજુર ઘણી મોહોટી થાઈ શકશે, પણ એટલુંજ વાંચીને કોણ શખસ પોતાની હાલત વીશે નીરાસ પાંમશે! આદમી જો ખોદાપર વીસવાસ મુકે અને તેજ સાહેબે બખશેલી ચંચલાઈ ઊદમ સાથે કામે લાવે, અને તેથી અગરજો ઊપલા શખસોની માફક તેહેને "ધન" અને "નામ" નહી મલે, તોપણ આપણા વડાવા કહી ગએઆછે તેમ ખચીત કરીને તેહેને "નાન" મલીઆ વગર રેહેનાર નથી. [જગત પરેમી, જુલાઈ ૧૮૫૨.]


* એ ધણીના દીકરાએ મુંબઈમાં "ટેલીગરાફ એનડ કોરીઅર" વરતમાન પતરના અધીપતી દાખલ કેટલાએક મહીના અંતરે રહીને કામ ચલાવીઉં હતું.

નસીબ શું ચીજ છે?


નસીબ શું ચીજ છે ? કોઈપર કાંઈ દુખ ઈઆ શકતી આવી પડેછે, કોઈ મારીઓ જાએછે અથવા કોઈનું કાંઈ નુકસાંન થાએછે અથવા કોઈને કાંઈ ચીજનું સુખ થાએછે, તો ઘણા લોકો કેહેછે કે તે તેહેનાં નસીબથી થાઈઉં, ઈઆને તેહેનાં ભાએગમાં જેમ સરજેલું હતું તે પરમાંણે બનીઉં. જો સંગલી ચીજો ભાએગમાંજ સરજીઆથી બનતી હોએ તો પછી દુની આંમાં લોકોને કાંઈ ફીકર ચીંતા રેહે નહી, તેઓ પોતાનાં ગુજરાણને કીજે મેહેનત કરે નહી, તંદરોસતીને કીજે માવજત રાખે નહી, અને સુખ દુખના કાંઈબી એલાજ કરવા જાએ નહી, કાંએકે તેઓના કહેઆ પરમાંણે સંગલું નસીબથી બનેછે તેઆરે એલાજો કરવાનું કામ શું છે? નસીબમાં હશે તો પેટ ભરાશે તેઆરે આપણે મેહનત શું કરવા કરવી જોઈએ? નસીબમાં હશે તો મરશું અથવા જીવશું તેઆરે આપણી બેમારીની વખતે તબીબને શું કરવા બોલાવીએ? ખરૂંછે કે જે લોકો હેવું બોલેછે કે જે કાંઈ નસીબમાં હશે તે થશે તેઓ પોતેજ તે પર ઘણું કરીને ભરોસો લાવતા નથી. તેઓ હરકોઈ બાબદપર તરત એલાજ કરવા જાએછે અને વલી કેહેછે કે નસીબમાં હતું તેથી એલાજ કરવાનું સુજ પડીઉં, નહી તો બેશી રેહેતે. જેમકે એક માણસ આજારી હોએ અને તેહેને દવા પાણીથી સારો કીધો તો નસીબપર એતેકાદ લાવના રાઓ હેવું કેહેછે કે તેહેનાં કીસમતથી હેવી દવા કરવાનું સુજ પડીઉં, અને તેથી તેહેનાં નસીબમાં સારો થવાનું હતું તે સારો થાએઓ. એમ કરતાં એલાજ કીધાથી પણ જો તેહેને આરામ થાતો નથી તેઆરે તેઓ કેહેછે કે આપણે ઘણાએક ઊપાએઓ કરી જોએઆ, પણ તેહેનાં નસીબમાં સારો થાવાનું હતું નહી તેથી એલાજો લાગુ પડીઆ નહી. તેઓ કેહેછે કે માણસ ગમે એટલું કરે પણ નસીબ આગલ તેહેનું કાંઈ ચાલતું નથી.

હમો કહીજીએછે કે નસીબ એ કાંઈ ચીજ નથી. નસીબ માતર માણસપર જેઆરે દુખ અથવા સુખ આવી પડેછે તેઆરે તેહેના અથવા

(જુવો સફે. ૨૩)




બોસતાન—ખશરૂ પરવેજ પોતાની બાનુને સાથે લઈને ભુંડોના સેકાર કરેછે.



તખ્તે જમશેદના પાદશાહી મેહલનો એક ભાગ (જેમ અસલમાં હોવો જોઈએ તેમ ગોઠવીને ઉતારે[illegible]ીત્ર.)

(જુવો સફે. ૧૯)



તખતે નમરૂદ- મીનારાઓની કારીગીરી.

સાંહાંજને વખત તેજ બચ્ચાંને મુનશીઓ પાશે ફારસી શબક અપાવેછે. હવે જે કોઈ જાણેછે કે એક બચ્ચાંની કાએનાત પરમાંણે તે બચ્ચું મનની શકતી કેટલી મજબુત રાખેછે તેઓ આવો મામલો જોઈ નીશચે દલગીર થાએછે, કાંએકે તે માહેથી બચ્ચાંની ખરાબી તેઓને તરત નજર આવેછે. આપણે જાણીએછે કે તરતનાં જનમેલાં બાલકોના હાથ પગ મજબુત રેહેતા નથી તેથી તે ચાલી શકતું નથી, અને તે બાલકને ચાલવા શીખાડવાને આપણે ઊતાવલ કરીએ તો તે બાલકના પગ ફરી જાએછે અથવા પછવાડેથી કાંઈ ખાંપણ રહી જાએછે, તેજ પરમાંણે બચ્ચાંની મનશકતી મજબુત થાએઆની આગમજ તે ઊપર આપણે ભાર નાખીએ તો તે ભારથી બચ્ચાંનું મગજ દબાએલું અને ગુંગરાએલું રેહેછે. બચ્ચાંઓના હાથ તથા પગ તથા બીજા શરીરના ભાગનો આપણે સંભાલ કરવા ચાહીએ તેજ પરમાંણે તેઓનાં મનનો પણ સંભાલ કરવો ઘટેછે. કેટલાંએક બચ્ચાંઓ ટુકી વએથી અતીશે હોશીઆરી અને ચંચલાઈ બતલાવેછે, તથા ઊમરે પોહોંચેલાં આદમી જેટલું દાહપણ તથા કાબેલીઅત દેખાડેછે, તે બચ્ચાંઓનાં મગજની બનાવટ ઊમરે પોહોંચેલાં આદમીઓની માફક સંપુરણ હોએછે, પણ તે સંપુરણ હાલત ઘણાં વરશ ચાલતી નથી, અને પછવાડેથી તે બચ્ચાંઓનું મગજ ટુટી જાએછે, અને પછે તે બાલકો ઘણા દાહાડા જીવતાં નથી, હેવો ડાકટર કોંબ નામના એક વીદીઆવાન ઈઊરોપીઆંને આ બાબદ ઊપર અતીશે સોધ કરી પોતાના બનાવેલા એક ગરંથ મધે વીચાર આપીઓછે. પણ હમો સાધારણ શકતીવાલાં બાલકો વીશે બોલીએ છઈએ કે જે પરમાંણે "છોકરો અને ગુલાબનું ફુલ" ની વાતમાં જણાવીઊંછે કે ગુલાબની કલીઓ બચગીની વખત કઠંણ લીલી પાંડરીઓથી મજબુત ઢંકાઈ રેહેછે, તેહેનો વખત આવેછે તેઆરેજ ખીલેછે, તેજ પરમાંણે બાલકોનાં મગજની હાલતછે, અને તે મગજ તેહેના વખતસર ખીલે તેહેની આગમજ આંપણા હાથથી તેહેને જબરદસતીથી ખીલવવું ઘટારત નથી. એક બાલક છ વરશની વએનું થાએ તાંહાંસુધી તેહેને મુલાઅખશરો અને દુનીઆંની ચીજોનાં નામ

પીછાંણવા સીવાએ ઘણું વધારે શીખાડવું જોઈએ નહી હેવું અનુભવથી માલમ પડીઊંછે. ઊપર જણાવેલી વએ પોંહોંચીઆ પછી લખવા તથા વાંચવા અને એલમ શાશતરની બીજી કેલવણી આપણે બાલકોને આપીએ તો તે માંહેથી ઘણીજ બચગીમાં કેલવણી આપીઆનાં કરતાં વધારે ફાએદો નજર આવશે. હરએક બાલક એ કરતાં બેવડી ઊમરે પોંહોંચે તાંહાંસુધી તેહેને બેએ કરતાં વધારે ભાશા શીખાડવી નહી. ઘણાએક સાહેબો પોતાનાં બચ્ચાંઓને નાંધપણથી કેલવણી આપવાની કોશેશ કરેછે તેઓનાં બચ્ચાં પછવાડેથી સુસત થાઈ જાએછે, અને વીદીઆ અભીઆસી નીકલતાં નથી.]

ચઈતર મહીનામાં એક દીવસ મારા મીતર ભગવાંનદાસની વાડી મધે હું ફરતો હતો. શીઆલાની રૂતુ તરતજ આખર થાએલી હતી તેથી બાગની લીલોતરી તથા હવા આગલની માફક દીલભાવતી માલમ પડતીતી નહી. પરોઢીઆંનો વખત હતો અને માહારા પલંગપર મહને જે ગરમી પડતી હતી તે હું બાહેર નીકલીઆથી નીકલી ગઈ હતી અને માહારો જીવ આનંદ હતો. હું વાડી મધે ફરતો હતો અને કુવાપર માલી ચકરી ફેરવી ઝાડોને પાણી સીપતો હતો, તે ખેલ હું ખુશીથી ઊભો રહીને જોતો હતો હેવામાં માહારી નજર માહારા મીતરના દીકરા મોતીરાંમપર પડી. તે છોકરો કુવાની બાજુપરના એક નાધલાં ગુલાબનાં ઝાડ સાંમણે ઊભો રહી તે ઝાડ ટીકી ટીકીને જોએઆ કરતો હતો, અને જોએઆમેલે કાંઈ લાંબા અંદેસામાં પડેલો હતો. હું માહારા મીતરના દીકરાની આગલ ગએઓ અને પુછીઊં —

'ગોલા— આ તું શું કરેછે, કાંઈ મસત વીચારમાં ગુંતેલોછે?'

કાકા—તે બાલક બોલીઓ—'કાકા દાદાએ આ ઝાડ મહને આલી ઊંછે. મહને કહીઊં કે આ ઝાડનાં ફુલ વીની તું મનભાવે તેમ કરજે. દાદાએ મહને એ ઝાડ આપી દીધું હતું. હું તેહેને પાણી નાખુંછું, અને કોઈ માલી માહારાં ઝાડને હાથ લગાડતો નથી.'

'ગોલા—આ ઝાડનાં ફુલ તો નીકલીઆં નથી, અને કલીઓ તો કરમાઈ ગઈછે, તાહારા દાદાએ તુંને કાંઈ સારૂં ઝાડ આલીઊં નથી. વારૂં હવે એ ઝાડ સાંમણો ઊભો રહી તું શું કરેછે ?'

'હું એ ઝાડને જોઊંછું.'

'મેં દુરથી જોઈઊં કે તું એ ઝાડની સાંમણે ઊભો રહી ટીકીઆ કરેછે અને ભારી વીચારમાં પડીઓછે તે શું છે વારૂં.'

'કાકા—ગએઆં વરશમાં માહારી નાનકરી બેહેનનાં લગન થાએઆં તીઆરે દાદાએ બાગ માહેલાં સંગલાં ઝાડોનાં ફુલ તોડી લેવાને માલીને હુકમ આલીઓ હતો, પણ દરશન કીધા પછી નીશાલે જાતી વખતે ફુલની સુગંધ લેવા મહને ગમેછે, તેથી આ ઝાડપરથી મેં ફુલ તોરવા દીધાં નહી, અને દાદાને વીનંતી કોધી, તીઆરે દાદાએ આ ઝાડ મહનેજ આલી દીધું, અને કહીઊં કે જા આ ઝાડ તાહારૂંજછે તું સંભાલીને રાખજે અને હેનાં ફુલ પણ તુંજ લેજે.'

નાહાના મોતીરાંમની આ વાત મહને ઘણી પસંદ લાગી, અને તેહને આટલુંબધું બોલવાને શું કારણ હશે તે જાણવાને માહારૂં મન તુરપત થાવા લાગીઊં; પછી મેં માહારા નાહાના મીતરને ફરીને પુછીઊં—

'ગોલા—તાહારા બાપે તુંને આ ઝાડ આપીઊં પછી શું થાઈઊં વારૂં ?'

'દાદાએ મહને આ ઝાડ આલીઆ પછી મેં ઘણી મેહેનત કીધી. પરોઢીઆંમાં ઊઠીને નીત હું એ ઝાડને પાણી સીપતો હતો, અને ગએઆં વરશંમાં આ માહારાં ઝાડપર ઘણા ગુલાબો નીકલીઆ હતા, તે ગુલાબ હું માને કીજે લઈ ગએઓ હતો, અને દાદાને તથા માને તોરા બનાવી આપીઆ હતા. આ વરશ એ ઝાડપર ઘણાં ફુલો નીકલે તેમ હું ધારતો હતો, પણ આટલીબધી મેં મેહેનત લીધી તોપણ એકબી સારો ગુલાબ આ વરશ નજર આવીઓ નથી. હું નહી જાણતો કે શું હશે.'

'તાહારૂં ઝાડ સારૂં દીશેછે, પણ તેપર ફુલ નથી. બચા બોલ એ ઝાડને કીજે તેં શું મેહનત કરી હતી.'

'કાકા માહારી વાત સાંભલો. હું નીત રોજ આ ઝાડને જોતો હતો. એક દીવસ મેં તે ઊપર કેટલીએક બારીક કલીઓ ફુટેલી જોઈ, પણ તે કલીઓની આસપાસ પાતરાં ઘણાં ગીચ વલગેલાં હતાં તેથી કલીઓ દેખાતી નોહતી. પછી મેં તે પાતરાં કાહાડી નાખીઆં એટલે કલીઓ દીશવા માંડી, તે પેહેલવેહેલાં ઘણી સુંદર માલમ પડતી હતી. વલી પછી હું એ કલીઓને નીતરોજ જોવા લાગીઓ તે મોહોટી થાતીઓ હતી, પણ તે કલીઓની બાજુએ કઠંણ લીલી પાંડરીઓ નીકલી હતી. તે પાંડરીઓ એટલી તો કઠંણ હતી કે કલી માહેલાં બારીક ગુલાબી પાતરાંઓથી તે મધેથી નીકલી શકાએ નહી હેવું માહારા જોવામાં આવીઊં, તેથી મેં તે પાંડરીઓ વીનીને કાહાડી નાખી, પણ તેમ કીધાથી તે બારીક ગુલાબી પાતરાં બાહેર નીકલી આવીઆં નહી, પણ જેમનાં તેમ રહેઆં અને થોડા દીવસમાં એકપછી એક મરણ પામીઆં. કાકા ગઈ કાલનાં મેં આ એક ફુલ જોઈઊં તેહેને મેં આગલ જોઈઊંતું નહી. એ ફુલ ખીલવા તઈઆર થાએઊં હતું, પણ તે લીલી પાંડરીઓથી દબાએલું હતું તેથી મેં તે પાંડરીઓને અલગી કીધી કે સુરીઅનો તડકો પડે તો ગરમીથી માહારૂં ફુલ જલદીથી તઈઆર થાએ. આજ સહવારનાં હું હોંસભર ઊઠીઓ કે માહારૂં ફુલ તોરી લઊં, અને તે માને આલું, કાંએજે આ વખત માને કીજે હું કોઈબી ફુલ લઈ ગએઓ નથી, પણ કાકા આ જો, આ શું થાએઊં માહારૂં ફુલ તો મરી ગએઊંછે!'

મોતીરાંમના હાથ ખીશાડી મેં તે ફુલ ઊપર નજર કીધી, ખરે ખર તે ફુલ કરમાએલું હતું, અને એ બચ્ચાંને પેહેલાં મેં મેંસત વીચારમાં પડેલો જોએઓ હતો તેહેનું હું કારણ સમજીઓ અને તેહેના નાસોપા એસી ભરેલા દેખાવપર મહને માએઆ લાગી, પછી તે નાહાના માલીને તેહેનાં ફુલની કલીઓનો નાશ થાએઆનાં કારણ વીશે મેં સમજ પાડી.

'ગોલા—જો તેં તાહારે હાથે કરીને આ ઝાડની કલીઓને અને તાહારાં ગુલાબનાં ફુલોને ખરાબ કીધાંછે. આ ઝાડપર પેહેલવેહેલી જેઆરે કલીઓ હતી તીઆરે પરમેશ્વરે તેહેની આસપાસ પાતરાં

રાખીઆં હતાં કે ધુલથી અથવા નાહાનાં પરાંણીઓથી તે ખરાબ થાએ નહી, પણ તે પાતરાં તેં કાહાડીને કલીઓ ઊંઘાડી રાખી તેથી તાહારાં ફુલોને કાંઈ સારૂં થાએઊં નહી. વલી જેઆરે આ ઝાડપર કલીઓ મોહોટી થાઈ તીઆરે પરમેશ્વરે તેહેની માહેલાં બારીક ગુલાબી પાતરાંના સંભાલને કીજે કઠંણ લીલી પાંડરીઓ કલીઓની આસપાસ રાખી હતી, કાંએજે તાહારાં ફુલો ખીલવાને તઈઆર થાએઆંતાં નહી, પણ તાહારી કલીઓ જે કાચી વએની હતી તે ખીલવાને તેં લગાર ઊતાવલ કીધી, અને જે લીલી પાંડરીઓ પરમેશ્વરના બાંધી આપેલા ધારાથી વખતસર છુટી પડેછે, અને તે ઊપર સુરજનો તડકો પડીઆથી ઘટતી વખતે તે ફુલો ખીલેછે તે તેં જલદીથી તાહારે હાથે કરીઊં, અને તાહારી કલીઓની પાંડરી તેં ખોરીને ચીરી કે ફુલ જલદીથી નીકલે, પણ તે ફુલ તો નાજુક હતું અને તેહેને ખીલવાનો વખત આવીઓ નહી હતો તીઆરે તે કેમ ખીલે, વાસતે નાજુક ફુલને તું ખીલવવા ગએઓ તો તારે ફુલો મરણ પાંમીઆં તેમાં કોઈનો વાંક નથી.'

'કાકા હવે હું એમ કરીશ નહી' એટલું કહી મોતીરાંમ બાગ માહેથી દોડતો ગએઓ.

ઊપલી વાત થાઈ રહેઆ પછી બાગમાં પાછો હું ફરવા લાગીઓ, તેવારે આ છોકરા અને તેહેનાં ગુલાબનાં ફુલની વાત ઊપરથી મહને કેટલાએક વીચારો આવીઆ. મેં વીચાર કરીઓ કે જે પરમાંણે મોતીરાંમે આ ગુલાબની નાજુક કલીઓને ખીલવાને વાર હતો એટલાંમાં ઊતાવલથી તે ખીલવવાને ચાહીઊં તેથી તે કલીઓનો નાશ થાએઓ, તેજ પરમાંણે આપણાં ઘણાં લોકો પોતાનાં નાધલાં બાલકો જેઆરે નાજુક હોએછે તીઆરે તેઓનાં મનની શકતી જલદીથી ખીલવવા માગેછે, અને તે બાલકોને ઘણીએક ચીજો જલદીથી શીખાડવા માંગેછે, પણ તે ચીજો શીખવાને બાલકોનું મગજ એટલાંમાં તઈઆર થાએલું કેહેવાતું નથી તેથી મોતીરાંમની ગુલાબની કલીઓની માફક તે બાલકોનું મગજ ચીમરાઈ જાએછે અને પછવાડેથી તેઓ ઘણા ઠોઠ થાએછે, તેહેનો આ

કલીઓની વાતપરથી ઘણો સારો દાખલો મલી આવેછે. એટલો વીચાર કરી બાગમાંથી ફરતો હું ઘેર આવીઓ અને માહારાં બાલકો પુગતી સમજમાં આવે અને તેઓની હોશીઆરી ખીલવાનો વખત થાએ નહી તાંહાંસુધી તેઓને શીખાડવાને ઊતાવલ કરી તેઓનું મગજ બીગાડવું નહી હેવો મેં નીશચે ઠેડાવ કીધો હતો.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૭ મી નવેમબર ૧૮૫૦.]

માહારા દોસતદારની બાંઓડી.

કોઈ કુટુંબ ઊપર જેઆરે કાંઈ આફત આવી પડેછે તે વખતે કેટલીએકવાર મરદ કરતાં વધારે હીમતથી ઓરત તે દુખ ખમી શકેછે તેહના મેં ઘણાએક દાખલા જોએલાછે. જે કજાએ હેલાઈના બનાવોથી મરદ નાસીપાએસ, નાહીમત અને ગાફલ થાઈ જાએછે તેહેવાજ બનાવથી ઘણી વખતે ઓરતોમાં એટલી તો ચતરાઈ અને હીમત આવેછે કે જેથી તેઓને પીછાણનારાં લોકોની અકલ હેરાન રેહેછે. ઘણી ઓરતો જેઓએ અમન ચમનમાં પોતાનો વખત ગુજારીઓછે, જેઓનું નરમ દીલ અને જરાકબી દલગીરી શોશાઈ નહી શકાએ હેવો સવભાવ સરવે દોસત આશનાવોને જાણીતો હતો, તેહેવી ઓરતોમાં સંકટ વખતે હેવી તો હીમત, દાહપણ અને બાહદુરી દેખાઈ આવીછે કે જેથી તેઓનાં કુટુંબોને મોહોટો દીલાસો મલીઓછે, એટલુંજ નહી, પણ તેહેવી ઓરતોની હીમતથી તે આફતનો એલાજ થાએઓછે અને તે સાથે તે કુટુંબની આગલી ખુશી અને આબાદાંની પાછી તાજી થઈછે.

હેવો એક દાખલો આજ કેટલાંએક વરશની વાત ઊપર આપણાં મુંબઈ શેહેર મધે બનીઓ હતો. એ બીના લખતી વેલાએ તેમાં જે શખસોની બાબદની વાત આવેલીછે તેઓનાં નામમાં તથા બીજી જુજ વીગતમાં અગતનેસર મેં ફેરફાર કીધેલોછે, કે તે કુટુંબ સરવે કોઈની પીછા

ણમાં આવી શકે નહી, કાંએકે આએ બાબદ જે મેં લખીછે તે કોઈની આગલી હાલત જાહેર કરવા લખી નથી, પણ તેથી માતરે એક ખુબી ભરેલો દાખલો પરગટ કરવાને સારૂં મેં વીચાર રાખીઓછે.

રતનજીશાહ માહારો એક પુરાણો દોસતદાર થાએછે. તેહેનો બાપ સુરતથી અતરે આવીઓ હતો, અને આડત તથા વેપારનો મોહોટો ધંધો કરતો હતો. મુંબઈમાં દસ બાર વરશ સુધી વેપાર ચલાવી તથા મોહોટી આબરૂ અને દોલત મેલવીને રતનજીશાહનો બાપ ગુજરી ગીઓ, તે વખતે રતનજીશાહ આંસરે ૩૦ વરશની ઊમરનો હતો અને પોતાના બાપનો એકપુરોજ દીકરો હતો તેથી તેહેની સંગલી દોલત તથા કારભારનો તે વારેસ થાએઓ. રતનજીશાહ લાડમાં ઊધરેઓ હતો, તોપણ તેહેનામાં શેઆંનપણ અને ચંચલાઈ સારીપઠે હતી, અને એલ મબી માફકસર પઢેલો હતો, તેથી સરવે કોઈ ધારતા હતા કે રતનજીશાહ પોતાના બાપનો વગ સારીપઠે રાખશે; અને બાપ ગુજરીઆ પછી થોડાં એક વરશ સુધી તેણે લોકોને જાણીતો પોતાનો કારોબાર પણ સારીપઠે ચલાવીઓ હતો. પણ લોકો ધારતા હતા તે પરમાંણે રતનજીશાહમાં વેપારની "કુનેહ" હતી નહી, તેહેના બાપના જેહેવી લાંબી નજર તેહેની પોંહોંચતીતી નહી, તે પોતાના ધંધાની બરોબર ગણતરી રાખતોતો નહી, અને એક પાકો વેપારી હરેક કામ માથે લેતી વખતે નુકસાંનની ધાસતી અને નફાની ઊમેદ કેટલીછે તે ઊપર જેમ વીચાર કરેછે અને નાણાંનું વીઆજ અને મેહેનતની કસર અને જોખમ જે રીતે સાહુચેતીથી ગણી કાહાડેછે, અને પછી તે કામ માથે લીએછે, તેમ રતનજીશાહનું કામ હતું નહી. તેણે પોતાના બાપના વખતનો સંગલો દેશાવરોનો ધંધો ચાલુ રાખીઓ હતો, તેમાં નફો ઈઆ નુકસાંન તેહેને ઘણી વખતે "નસીબ" ઊપર રાખીઊં હતું, તેથી હેવું બનીઊં કે બાપ ગુજરીઆ પછી રતનજી શાહની દોલત વધી નહી, કેટલીએક વખત વીઆજનાં નુકસાંન અને દુબટ ઊથરાંણીથી તેહેને ધીમો ખારો પડતો ગીઓ, અને વલી હેવા સમેમાં તેણે પોતાની રોકડ પુંજીનો કેટલોએક ભાગ (ખરૂં કહીએ

તો કાંઈએક મોહોટાઈને વાસતે) બાગ બગીચા અને હવીજ મીલકતો ઊપર રોકી નાખીઓ.

એ વાતને તરણ ચેઆર વરશ નહી થાએઆં એટલાંમાં રતનજી શાહના દેશાવર ખાતેના એક આડતીઆએ પોતાની પુંજી ઊપરાંત ધંધો કરીને કાંઈએક માલ જથાબંધ ખરીદ કીધો, અને તે માલ મુંબઈ વેચવા મોકલવા ધારીઊં, અને તેહેનાં નાણાંને કીજે આસરે તરણ લાખ રૂપી આની રતનજીશાહ ઊપર હુંડી લખી, અને હેવું જણાવીઊં કે હુંડીની મુદત પાકીઆની આગમજ રતનજીશાહ ઊપર તે માલ મોકલી દેશે, તે વેચીને હુંડીનાં નાણાં પગાર કરવાં. રતનજીશાહે બીચારાએ તે સંગલી હુંડીઓ શીકારી આપી, પણ તેહેનો આડતીઓ એટલો તો બોહોલા ધંધામાં ફસેલો હતો કે માલ રવાને કરીઆ આગમજ તેહેની આંટ નબલી પડી, તેથી રતનજીશાહના હાથમાં માલ આવીઓ નહી, અને હુંડીનાં નાણાં ભરવાની તેહેને ફરજ પડી, અને તેથી માહારા નેકબખત મીતરની ખરાબી થાઈ.

રતનજીશાહનો હોંસ સંગલો જતો રહેઓ, તેહેના ચેહેરા ઊપર ગમગીનીએ મુકામ કીધું, અને કેટલાએક દાહાડા સુધી તેણે એ વાત સઊ કોઈથી છુપાવી રાખી. તોપણ નાણાં ભરવાની મુદત જેમ નજદીક આવતી ગેઈ તેમ તે વધારે સુકાતો ગીઓ, અને તેહેનાં ઘેરનાં માણસોએ પણ તેહેને ઘણી તરેહથી પુછીઊં તોબી કાંઈ ખોલાસો કીધો નહી.

હવે હેવા સંકટના વખતમાં એ માહારા દોસતને તેહેની બાએ ડીની સમજ અને હીમત કેહેવી કામ લાગી તે સાંભલો. તે બાએડીનું નામ જરબાઈ કરીને હતું, અને સુરતના એક ગરીબ પણ આબરૂવાલા ગહર સથની તે દીકરી થાતી હતી. રતનજીશાહનો પેઆર પોતાની બાએડી ઊપર ઘણો હતો, અને બાએડીનો પેઆર તેહેની ઊપર તેથી જેઆદા હતો. તેઓને તાંહાં ઘણી ઊમેદથી તરતજ એક છોકરાનું ફરજંદ થાઈઊં હતું. એ ઓરતે પોતાના ખાવંદનો ગમગીની ભરેલો ચેહેરો ઘણા દાહાડા સુધી તપાસીઓ હતો, અને કાંઈબી તેહેની ઊપર આવી

પડીઊંછે હેવું દીલમાં સમજતી હતી, અને ઘણીવાર કાલાવાલા કરીને તે બાબે ખોલાસો માંગીઓ હતો, પણ રતનજીશાહ કાંઈ બોલીઓ નહી, અને પોતાની વાત જાહેર કીધી નહી, તેથી તે બીચારી ઘણી નીરાશ થાઇ હતી.

એક દાહાડે સદાના સરેશતા પરમાંણે હું બપોરનાં માહારાં ઘેરમાં જમવા આવેલો હતો તેહેવામાં રતનજીશાહનો ચાકર માહારી પાસે આવીઓ અને કેહેવા લાગો કે "જરબાઈ તમોને બોલાવેછે."

હું વીચારમાં પડીઓ અને ચાકરને પુછીઊં કે માહારૂં શું કામ પડીઊંછે, કોઈ દાહાડે નહી ને આજે તેરૂં શાંને વાસતે મોકલીઊં હશે, પણ માણસને કાંઈ ખબર હોએ હેવું માલમ પડીઊં નહી.

મેં તરત જમી લીધું, પછી માહારા દોસતને ઘેર ગીઓ, અને તેહેની ઓરતનું મોહોડું જોતાંજ માહારી ખાતરી થાઈ કે કાંઈબી આફત આવેલીછે.

તેઆરપછી એ બાઈએ પોતાના ખાવંદના દલગીર ચેહેરાની અને ઊદાસ દીલની વાત માહારી આગલ સંગલી માંડીને કહી, અને બોલી કે "મેં ઘણુંબી આજેજીથી પુછીઊં, પણ મહને એક જવાબ મલીઓ નહી, તેથી તમોને આટલી તજદી આપીછે કે એવણની ઊપર કાંઈબી જફા પડીછે તે બાબે તમો એવણના દોસતદાર છેઓ તે પુછો તો તમારી મેહેરબાંનગી થશે." તેજ સાંહાંજના મેં રતનજીશાહને મલવાનો ઠરાવ કીધો, અને તેહેને માહારી સાથે ફરવા બોલાવીઓ, અને તેહેના ચેહે રાનો આકાર જોઈને તેહેની બાએડીની વાત માહારાં દીલમાં ઊતરી.

થોડુંએક ફરી રહેઆ પછી એક નીરાંતની જગો ઊપર મેં ગાડી ઊભી રખાવી અને તેહેનાં દીલની ઊદાસીની મેં વાત પુછી. તે પુછતાંને વાર બીચારો તરત આંખમાં આંજુ લાવીઓ અને આસપાસ નવરૂં જોઈને પોતાના આડતીઆથી નીપજેલી ઊપર બેઆન કીધેલી સંગલી ખરાબોની વાત માહારી આગલ કહી દીધી.

મેં પુછીઊં કે "તમે ઘેરમાં એ વાત કાંએ નહી કીધી ?"

રતનજીશાહ બોલીઓ—"ઘેરમાં વાત કહીને હું શું કરૂં—હું મુવેલો બરેલો છેઊં તાંહાં બીજાંઓને શું કરવા બારૂં ?"

મેં કહીઊં કે "તમો તમારા ઘેરમાં તથા તમારા ખરા દોસતો આગલ એવી વાત કરો તો તમોને દીલાસો મલશે અને તેહનો એલાજ થશે."

પછી મેં પુછીઊં કે "તમારી પાસે કંપનીનાં બાંડ (સરકારી લોનનાં કાગજીઆં) હતાં તે કાંહાં ગીઆં?"

જવાબ દીધો કે "તેતો નવું ઈસટેટ લીધું તેઆરે વેચી નાખીઆં."

એ પછી હમોએ ઘણોએક વખત સુધી વાત કીધી, અને તેહને બીજે દીવસે માહારા દોસતને ઘેર જાઈને વધારે વીચાર કરવાનું મેં કબુલ કીધું. એ કબુલાત મુજબ સહવારનાં હું રતનજીશાહનાં ઘેરમાં ગીઓ, તેણે માહારી ભલામણ મુજબ પોતાની બાએડી આગલ બધી વાત કીધી હતી, અને તે ભલી ઓરતે કાંઈબી ધાસતી ખાધાને ઠેકાંણે પોતાના મરદને ઘણોએક દીલાસો આપીઓ હતો. એ પછી હું, રતનજીશાહ, અને જરબાઈ તરણે જણાં એક ઓરડો બંધ કરીને બેઠાં, અને તાંહાં માહારા દોસતની રજાથી મેં તેહેના ચોપડા ઘણા બારીકીથી તપાસી જોએઆ. માહારા દોસતની મરજી હેવી હતી કે તેહેની પાસે ઘેર, વાડી, વજીશ, અને હેવી જે મીલકત આસરે ૨) લાખ રૂપીઆની હતી તે ઊપર કોઈ નાણું કહડાવી આપે અને બીજા એક લાખ કોઈ ધીરનાર મલે તો તેહેની ઊપરની પાકતી હુંડીઓ તે તરત પગાર કરે, અને પોતાના વેપાર તથા ધીરધારમાં જે આસરે ૪) લાખ રૂપીઆ ગોવાએઆ હતા તે આવેઆથી તે પોતાનું દેવું પાછું આપી શકશે. જેમ રતનજીશાહ આએ ઠેકાંણે ભુલ કરતો હતો તેમ ઘણા વેપારીઓ ભુલ કરેછે, અને પછી તેઓનો બચાવ થવો મુશકેલ પડેછે, એટલા માટે એ ધણીના તે વખતના વેહેવારની હાલતનો ટુક અડસટો હું નીચે પરગટ કરૂંછું.

પુંજી.

૨૦૦૦૦૦) થાવર મીલકત.
૪૦૦૦૦૦) વેપાર ખાતે તથા આશાંમીઓ ઉપર લેણી ઉઘરાણી.

૬૦૦૦૦૦)

દેવું.

૩૦૦૦૦૦) આડતીઆની હુંડી.
૨૦૦૦૦૦) પરચુટણ આશામીઓને દેવા.

રૂ૫૦૦૦૦૦)

એ ધણીના વેપાર તથા ધીરધારના ઊપલા ૪) લાખની રકમ મધેથી આસરે ૩ાા લાખ ઊપજી આવે હેવા હતા, તેમાંથી તે ૩) લાખની હુંડીનું દેવું આપે, બાકી અરધો લાખ રૂપીઆ તથા થાવર મીલકત તેહેના હાથમાં રેહે. તેમ બીજી તરફથી તેહેની ઊપરનું બજારનું ૨) લાખનું દેવું રેહે તેહેનાં મોહોટાં વીઆજના મારાથી મીલકતની જુજ ઊપજ અને અરધો લાખ રોકડ નાણું પણ થોડાં વરશમાં ઘશડાઈ જાએ, તો અંતે પાંચ સાત વરશમાં માહારો દોસત ફકીરી હાલતમાં આવી પડે. હેવું સમજીને મેં માહારા દોસતને તેહેની સંગલી માલ મીલકત વેચી તથા લેણું વશુલ કરીને તમામ દેવું આપી દેવા અને જે ૨૫) ઈઆ ૫૦) હજાર રૂપીઆ વધે તે તરત બચાવવાની મજબુત ભલામણ કીધી.

રતનજીશાહ જે ગામમાં સાત લાખ રૂપીઆની આશામી ગણાતો હતો તેહેને એકેદમ એ રીતે પોતાની મોહોટાઈ મુકી દેવા ગમીઊં નહી. તે માહારી સાથે ઘણી તકરાર કરવા લાગો. મેં તેહેને સમજાવીઊં કે હાલમાં તેહેના પોતાના હાથમાં પોતાની પુંજીનો એક નાધલો ભાગ સંભાલવાનો વખતછે, તેમ જો તે નહી કરશે, અને પોતાની હાલત આલમનાં લોકોથી છુપાવશે, તો મોહોટું વીઆજ ભરતાં અને અસલની માફકનો ખરચ રાખતાં તેહેની પાસે આગલ ચાલતાં એક દમડી ફાજલ રેહેશે નહી, કદાચ માંગનારાઓને પણ રૂપીઆના બાર આનાં મલશે, અને અંતે જે વાતને તે છુપાવવા માંગેછે તે છુપી રેહેવાની નથી.

જરબાઈએ માહારી તથા રતનજીશાહ વચ્ચેની તકરાર ઘણાંજ ધેઆંનથી સાંભલી હતી, તેણીએ માહારો વીચાર પસંદ કીધો, તરત તવંગરીમાંથી સાદી હાલતમાં આવવાની તે હીમતવાન સ્ત્રીએ કસી ફીકર

કીધી નહી, અને તેહેના ખાવંદને સમજાવવાનું જેટલું માહારામાં કશીવત હતું તે કરતાં વધારે કશીવત અને ચાલાકીથી તથા હીમત અને દીલાસો આપોને રતનજીશાહા પાસે તેહેનો વેપાર માંડી વલાવવાને કબુલ કરાવીશં. એ દીવસે જો એ ઓરતે પોતાના ખાવંદને હાવી સારી શીખામણ આપી નહી હતે, તથા તે બાએ ખસુજીદ થાઈ નહી હતે, તો રતનજી શાહ પાછલે દાહાડે શું હાલતને પોંહોંચતે તે હું કહી શકતો નથી.

થોડી મુદતમાં સંગલી અગતજોગ ગોઠવણો કરીને હમોએ રતનજી શાહનો વેપાર બંધ કરાવીઓ, અને તેહેની પુંજીનો એક સારો ભાગ તેમાંથી બંચાવીઓ. રતનજીશાહે પોતાનું મોહોટું ઘેર તથા બગીચો કાહાડી નાખીઓ, પોતાના હમાલ, મસાલ, અને બીજા નોકરોને રજા આપી, અને પોતે એક સારી હવાની જગોના એક નાધલા બંગલામાં જાઈ રહેઓ. એ ધણી આગલ ૪ થી ૫ ઘોડા વાપરતો હતો તેહેની જગોએ એકજ ઘોડા અને ગાડી ઊપર શુકર કીધી, અને એક બેએ પુરાંના ચાકરોને પોતાની સાથે રાખીઆ.

જે દીને રતનજીશાહ પોતાનું મોહોટું ઘેર છોડીને એ નાધલા બંગલામાં જાઈ રહેઓ તે દાહાડે બનેલો એક બનાવ માહારે આએ જગોએ પરગટ કરવો જોઈએછે, કે જેથી તેહેની બાએડીની કીરતી ભરેલી ખુબી જાહેર થાએછે, એટલુંજ નહી, પણ બાએડીઓ પોતાના ભરથારના સુખમાં કેહેવો અખતીઆર રાખેછે તેહનો એક દાખલો મલી આવેછે.

જે દીને નવા બંગલામાં રતનજીશાહ રેહેવા ગીઓ તે દાહાડે બામદાદથી હમોએ તેહેનો થોડોએક વાપરવાજોગ સામાન બંગલે મોકલવા માંડીઓ, તે ગોઠવવાનું કામ જરબાઈએ મોહોટી ખુશીથી પોતાને માથે લીધું હતું, અને સાંહાંજનાં મહને તાંહાં આવવાની અરજ કીધી હતી. હમો ઘેરમાં સંગલું નકી કરીને સકારેથી બંગલે ગીઆ, તાંહાં રસતામાં માહારા દોસતદારને પોતાની આગલી વાત ફરીને ઈઆદ આવી, અને પોતાની બાએડી વીશે મહને કેહેવા લાગો કે તેણીએ કોઈ દીવસ દુખ જોએશં નથી, અને બબરચીખાનાંનો ઊંબર ઓરંગીઓ નથી, અને

ઘેરના હલકા ખતેરામાં પડી નથી, તેથી તેહેનું શું થશે તે વીશે તેહને (રતનજીશાહને) ઘણી ફીકરછે. તેણે પોતે પોતાના ઊંધા વેપારથી પોતાનાં કુટુંબને આએ રીતની જંજાલીમાં નાખીઊંછે હેવું કહીને રતનજી શાહા કેટલોએક પસતાવો કરવા લાગો, અને બીજુ બોલીઓ, કે મોહાટું ઘેર મુકીને નાધલાં જુહુપડાં જેહેવી જગોમાં રેહેવા ગીઆથી તેહની ઓરત રડેઆ વગર રેહશે નહી.

રતનજીશાહની એ ફીકર તદન ખોટી હતી, તેહનો દાખલો હમોને તરતજ મલી આવીઓ; તે એજે, ગાડીમાંથી ઊતરીને બંગલો જે બગી ચાની કેટલોએક અંદર હતો તે તરફ હમો ધીમે ધીમે ચાલતા હતા એટ લામાં દુરથી જરબાઈનો આવાજ હમારા કાન ઊપર પડીઓ, તે પોતાના દીકરાને જોહાલીમાં સુવારીને ગીત ગાતી હતી, તે સાંભલીને માહારા દોસતનો ચેહરો તરત ખીલી ગીઓ અને હું સાંભલું તેમ ગોએઆ ભુખું માણસ આસાએસ પામીને બોલે તેમ બોલીઓ કે "જરી, ખોદા તાહરી સબુરીનો બદલો તુંને વાલી આપે!"

બંગલામાં ગીઆ પછી જરબાઈ હમોને મલી, તેહેના ચેહેરા ઊપર કસી દલગીરી તેણીએ હમોને દેખાડી હતી નહી. તેણીએ હમારે કીજે ખાનું તઈઆર રખાવીઊં હતું, અને બંગલાની છાંએડા ભરેલી વરાંડમાં પાતરાં મંડાવી રાખીઆં હતાં, તાંહાં બેશીને હમો જમીઆ; અને રતનજીશાહ મહને કેહેવા લાગો કે હેવું સંતોશ ભરેલું અને નીરાંતથી કોઈ દાહાડે તેણે પોતાની મોહાટી હવેલીમાં ખાનું ખાધુંતું નહી.

રતનજીશાહની હાલત એમનીએમ પડી રહી નથી, તેણે પાછલે દાહાડે ઊદીઓગ અને અનુભવથી મલેલાં દાહપણનાં બલથી તથા પોતાની શેઆની બાએડીની સારી મસલત પરમાંણે ચાલી કરકસરનો ખરચ કરવાથી પોતાની આગલી દોલત તથા દબદબો ઘણોખરો પાછો મેલવીઓછે. તે આજ સુધી કેહેનો આવીઓછે કે ધામધુમના મેહેલ કરતાં નીરાંતે રેહેવાની જુહુપડી ભલીછે. [સ્ત્રી બોધ, જાનેવારી ૧૮૫૭.]

દસ રૂપીઆ દસ હજારને ખાઈ ગીઆ.

આજ થોડાંએક વરશની વાત ઊપર એક બુઢો પારસી હમારાં કુટુંબમાં આવતો હતો જેહેને હમો "નશરવાંનજી મામા" ને નામે કરી ઓલખતાં હતાં. નશરવાંનજી મામા શાહાઠથી વધારે ઊમરના, કદમાં પાતલા, અને મોહોડાં ઊપર સારી રૂવાંની રાખતા હતા. તેવણનો પોશાક ઘણો સાદો પણ સ્રશાઈ ભરેલો હતો. એ પુરસે ઘણાં વરશ પર દેશ કાહાડીઆં હતાં; તેવણ પઈશાથી તથા ફરજંદથી તથા તંદરોસતીથી સુખી હતા. તેવણના ચેહેરા ઊપરથી સાફ દેખઈ આવતું હતું કે તેવણે પોતાના જુવાનીના વખતમાં ઘણી હેજગારી ભોગવી હતી. ભલમણશાઈમાં, સારી શીખામણ દેવામાં, અને સુલેહનો વધારો ચાહાવાનાં કામમાં, નશરવાંનજી જેહવા થોડાજ શખસો થાઈ જશે. તેવણે ઘણાંએક કુટુંબો માંથી માહોમાહેના કજીઆથી નીપજતી ખરાબી દુર કીધી હતી, અને ઘણાએક બેસમજ લોકોનો આપખુદી તથા કરજથી બચાવ કરેઓ હતો. એ શખસની જુબાનથી પાંચ વાત સાંભલીઆથી સરવે કોઈને પાંચ નશીહત મલતી હતી, અને જાંહાં તેવણને ઓલખાંન હતી તાંહાં તેવણે પોતાની સાલેશાઈથી જેમ મોહોટાંઓથી માન મેલવીઊં હતું તેમજ પોતાના મીઠા સવભાવથી નાધલાંઓનો પેઆર હાંસલ કીધો હતો.

આએ બાબદને મથાલે જે હમોએ શબદો ટાંકીઆછે કે "દસ રૂપીઆ દસ હજારને ખાઈ ગીઆ" તે વાત હમોએ એ નેકબખત મરદને મોહોડેથી સાંભલેલી હતી, અને એ વાતમાં જે હીસાબનો આંકડો આવીઓછે તે આંકડો એ ધણીના ખુશ દસતખતથી લખેલો સારાં ભાએગે આજસુધી હમારા હાથમાં સલાંમત રહેઓછે. પણ નશરવાંનજી મામાની એ વાત શરૂ કરીએ તે આગમજ તેવણના જનમારાની થોડીએક બીનાં જે એ વાતની બરોબરની નશીહત ભરેલીછે તે જાહેર કરવાને હમો જરૂર જાણીએછે.

નશરવાંનજી મામાનાં માંબાપ સુરતમાં રેહેતાં હતાં, તાંહાંથી તેવણ પોતાનાં ઘેર સંબંધી કાંઈ કલેશને લીધે અને જુવાનીની હુલડાઈથી ૧૭

વરશની વએમાં મુંબઈ નીકલી આવીઆ હતા, અને મુંબઈથી એક વાંહાંણ જે તરત મધરાજ ખાતે ઊપડનાર હતું તેમાં થોડોએક નોલ આપીને ચહડી બેઠા હતા. નશરવાંનજી એ રીતે રીશના મારીઆ નીકલી ગએઆ તે વેલાએ તેવણ પાસે પોતાનાં કપડાં તથા આસરે ૧૬ રૂપીઆની કીમતની સુંનાંની બેએ વીટી અને ૧૧) રૂપીઆ રોકડા એ સવાએ બીજી કાંઈ પુંજી હતી નહી, અને વાંહાંણમાં ખોરાકને સારૂં પઊવા અને ખજુર એ વતરોગે બીજું કાંઈ તેવણે લીધું તું નહી.

વાંહાંણે અતરેથી જતાં માંગલોરનું બંદર કીધું હતું, તાંહાંથી એક વાણીઓ ઊતારૂ મધરાજ જવા સારૂં ચહડીઓ હતો, કે જેહેની સાથે નશરવાંનજીને ઓલખાણ થાઈ હતી. નશરવાંનજીએ વાતચીતમાં પોતાનો સંગલો હેવાલ તે વાણીઆને કહેઓ હતો, અને તે બીચારો નશરવાંનજી કરતાં વધારે તવંગર હતો નહી, તોપણ તેણે પોતાથી જેટલી બની શકે તેટલી તેવણને મદદ કરવાની કબુલાત આપી હતી. મધરાજમાં વાંહાંણ આવીઆ પછી વાણીઓ જે તાંહાં ફરેલો હતો તેણે નશરવાંનજીને પોતાની સાથે કીનારે ઊતારીઓ, અને એક પારસીની વેલાતી સામાન વેચવાની દુકાંનમાં લઈ ગએઓ, અને કહીઊં કે "તમારો એક જાતભાઈ વાખાનો મારેલો મુંબઈથી આવેલોછે તેહને તમો આસરો આપો." પર દેશમાં જરતોસતીઓ પોતાના જાતભાઈઓની કેહેવી સારી રીતે બરદાસત લીએછે, તથા મદદ કરેછે, તે સરવે કોઈને રોશનછે, અને તેજ મુજબ એ પારસી દુકાંનદારોએ નશરવાંનજીને પોતાના મુકામ ઊપર ઊતારો તથા ખાનું પીણું તરત આપીઊં, અને સાંહાંજને સમે નીરાંતની વખતે તેઓ નશરવાંનજીની હકીકત તથા કુટુંબની પીછાંણથી વાકેફ થાએઆ. એ દાહાડે એક બીજો પારસી જે મધરાજમાં કોઈ સરકારી અમલદારને તાંહાં "બટલર" ની ચાકરી કરતો હતો તે પણ તાંહાં જમવા આવીઓ, તેહનાં દીલમાં નશરવાંનજીની વાત સાંભલીઆથી ઘણી દએઆ પેદા થાઈ, તેથી પોતાના ધણીને તાંહાં ચાકરની કાંઈ ખાલી જગો હતી તે ઠેકાંણે રાખવાને સારૂં તેજ રાતનાં નશરવાંનજીને તે પોતાની સાથે લઈ ગએઓ.

નશરવાંનજી મામા હમોને કેહેતા હતા કે એ ચાકરીમાં તેહેનો મુસારો રૂ૪) નો કરેલો હતો, અને ચાકરી કીસમમાં ઘણી હલકી હતી, તેથી તેવણને ઘણી વખતે રડવું આવીઊં હતું, અને જે નાદાંનીથી તેવણે પોતાનું વતન છોડીઊં તે બાએ ઘણો પસતાવો કરવો પડતો હતો. ચાકરી કરવાની નશરવાંનજીની મુતલક મરજી હતી નહી, તેથી તેવણ પોતાની તરફથી કાંઈ વેપાર કરવાની સોધમાં ફરતા હતા, અને તે સોધ સંબંધી જુજ દાહાડામાં તેવણને એક તક મલી આવી હતી. તે એકે જે ઈઊરોપીઅન અમલદારને તાંહાં નશરવાંનજી ચાકરી કરતા હતા તેહેનું દરીઆને મારગે મધરાજથી આસરે આઠ દાહાડાના રસતા ઊપર મછલી પટણ નામનું એક બંદરછે તાંહાં જવું થડીઊં, તેણે પોતાની સાથે પારસી બટલર તથા નશરવાંનજીને લઈ જવાનો ઠરાવ કીધો. એ ઠરાવ જેહેવો નકી થાએઓ તેહેવાજ નશરવાંનજી પોતાની તરફથી થોડોએક ધંધો સોધી કાહાડવાની પેરવીમાં ફરેઆ, અને ઘણાંએક લોકોથી પુછપરછ કરીને મછલીપટણના બરના માલની વીગતથી વાકેફ થાએઆ. પછી પોતાના પારસી દોસત પાસેથી ૫૦) રૂપીઆ ઊછીના લીધા, અને પોતાની સુંનાની અંગોઠી વેચી નાખી, તથા પોતાની પાસેના તથા પગારના જુજ રૂપીઆ એકંદર કરોને આસરે ૧૦૦) રૂપીઆની કીમતના વેલાતી કાચના દાંના જે ગરીબ લોકો પોતાનાં જરીઆંન દાખલ પેહેરેછે તેહેનો એક જથો ખરીદ કીધો, અને તે પોતાની સાથે મછલીપટણ લઈ ગએઆ. મછલીપટણ ગીઆ પછી નશરવાંનજી મામાને પોતાના દાંનાનાં વેચાણમાં તેવણના કહેઆ પરમાંણે રૂપીઆનો દોહોડ રૂપીઓ ઊપજીઓ હતો, તેથી તેવણને વેપાર કરવાની વધારે ઊલટ થાઈ હતી. જેઆરે તેવણનો ધણી મછલીપટણથી પાછો મધરાજ ખાતે આવીઓ તેઆરે નશરવાંનજી તેહેની સાથે પાછા ગીઆ નહી, પણ પોતે મછલીપટણમાંજ રહેઆ, અને પોતાના દોસત પારસી "બટલર" સાથે ભાગનો બંદોબસત કરીને મધરાજથી માલ મંગાવવાનો ઠરાવ કીધો. તે મુજબ કેટલાંએક વરશ સુધી એ પારસી બટલર જીવીઓ તાંહાં તુલીક નશરવાંનજીને

તેહેની સાથેનો વેહેવાર ચાલુ રહેઓ—તેહેના ગુજરવા બાદ નશરવાંનજી પોતાને હીસાબે ધંધો કરવા લાગા. એ રીતે નશરવાંનજી મામાએ ૧૩ વરશ મછલીપટણમાં ગુજારેઆં હતાં. તેવણ પોતાની મેહેનત અને કસર વીશે હેવી વાત કરતા હતા, કે તેવણને પરથમમાં પોતાના વેપારમાં માતરે ૮ થી ૧૦ રૂપીઆ સુધીનો દર મહીને નશે હતો, તેમાંથી વરશ દાહાડે માતરે ૩૦) થી તે ૩૫) રૂપીઆ તેવણ ખરચતા હતા, અને બાકીનું જાલવી રાખતા હતા. એટલી જુજ રકમ પણ પેદા કરવાને સારૂં તેવણને મછલીપટણથી આસપાસનાં ગામડાંઓમાં ભટકવું પડતું હતું, તે વખતે કોઈ સમે એક ઈઆ બે દીવસ તદન ખોરાક વગર તેવણ કાહાડતા હતા, અને એક વાર ચોરોના હાથથી લુટાએઆ પણ હતા. હેવી રીતે ૧૩ વરશ મછલીપટણ મધે હેજગારીનાં કાહાડીઆ બાદ નશરવાંનજી પાસે થોડીએક પુંજી એકઠી થાઈ હતી, અને તે સમે તેવણે પોતાનો વેપાર વધારવાની પણ ઊમેદ કીધી હતી, તેથી તેવણ મધરાજી તથા મછલીપટણનું કેટલુંએક કાપડ લઈને કલકતે ગએઆ હતા, તાંહાં તેવણે સારો નશે મેલવીઓ, પછી પાછા મછલીપટણ આવીઆ હતા. બીજે વરશ એજ રીતનું કાપડ લઈને તેવણ કલકતેથી બનારસ સુધી પરચુટણ માલ વેચતા ગીઆ હતા, અને તરીજે વરશે પોતાનો કાપડનો જથો ગોવાલીઅર સુધી ખપાવીઓ હતો. એ રીતે તેવણે મછલીપટણ અને કોઈવાર મધરાજથી કલકતે થાઈને તાંહાંથી બનારસ અને ગોવાલીઅર સુધી ભટકતા વેપારી દાખલ ૧૮ મુસાફરી કરી હતી. તે સંભલા વખતમાં પોતાની હોશીઆરી અને કસરના ખરચથી એ પુરસે સારીપેઠે દરવ મેલવીઊં હતું. જઈફી નજદીક આવી તેથી નશરવાંનજી મામા મુંબઈ આવીઆ, અને પોતાના સકમાઈના પઈસાથી પોતાને કીજે ઘેર, વાડી, વજીફા, ઈતીઆદી, લઈને રહેઆ હતા, અને પોતાની અસરાફી અને ખુશ મીજાજથી ઘણે ઠેકાંણે દોસતી મેલવી હતી.

આએ બાબદને જે મથાલું આપેલું છે તે વાત નશરવાંનજીએ પોતે કલકતા મધે જાણેલી હમોને કહી સંભલાવી હતી, અને તે ઊપરથી તેવણ

હમારાં કુટુંબનાં માણસોને તથા બીજાંઓને કેટલીએક નશીહત દેતા હતા. એ વાત એમ છે કે કલકતા મધે રાહધાનાથ નામનો એક બંગાલી શખસ કાપડનો વેપાર કરતો હતો, તે થોડીએક પુંજી ધરાવતો હતો, અને તેહેને પેટે બેએ છોકરા હતા—તેમાં વડા છોકરાનું નામ રાજકીશોર કરીને હતું, અને બીજાનું નામ ભોલાનાથ હતું. રાજકીશોર ઘણો ભલો અને સમજુ છોકરો હતો—પણ ભોલાનાથ લખલુટવાલો અને હુલડ હતો. જેઆરે રાહધાનાથનો મરવાનો વખત નજદીક આવીઓ તેઆરે તેણે જોઈઊં કે જો તે પોતાના નાઘલા દીકરા ભોલાનાથને કાંઈ પુંજી આપશે તો તે જીજ દાહાડામાં ઊડાવી ખરાબ કરેઆ વનાં રેહેશે નહી—હેવું ધારીને તે પોતાનાં વસીઅતનામાંમાં હેવું લખી ગીઓ કે તેહેની પુંજી માંથી (૧૦૦૦૦) દસ હજાર રૂપીઆ જુદા પાડીને રાજકીશોરે પોતાને તાંહાં જમે પાડવા, અને તેહેની ઊપજના દર મહીને રૂ૫૦) ભોલાનાથ જીવે તાંહાંસુધી તેહેને આપવા, પછી તેહેનાં બચ્ચાંઓને વેંહેંચી આપવા, પણ એ ઊપરાંત રાજકીશોરની નજરમાં જો દરૂશત આવે તો નાણું ભોલાનાથને બધું આપી દેવું. એ લખત મુજબ કેટલાએક મહીના સુધી રાજકીશોરે પોતાના ભાઈને દર મહીને રૂ૫૦) નો મુસારો આપીઓ હતો, પણ તેમાં બીચારા ઊડાઊ ભોલાનાથનો ખરચ પુરો પડીઓતો નહી, તેથી તેણે પોતાના બાપના કેટલાએક જુના દોસતોને વચમાં નાખીને પોતાના થોડા લવાજમાં વીશે ફરીઆદ કરી, અને અંતે ઘણી મેહેનતે પોતાના દરમાએઆમાં રૂ૧૦) નો વધારો કરાવીને દર માસે રૂ૬૦) લેતા કીધા, અને તે બાબે પોતાના ભાઈને લખી આપીઊં કે એ દર માસના રૂ૧૦) તેણે અસલ પુંજીમાંથી પોણા ટકાની તેરીખનાં વીઆજ સાથે વાલી લેવા. ભોલાનાથને બીચારાને સમજ નહી હતી કે એ ૧૦) રૂપીઆ તેહેના દસ હજારને ખાઈ જશે, અને રાજકીશોરની મરજી પણ પોતાના ભાઈને ખરાબ કરવાની હતી નહી, પણ માતરે દરોકા દાખલ તેણે એ રીતનું લખત કરી લીધું હતું, અને ભાઈને ખાતે ઊધારી રૂપીઆ આપતો હતો, પણ કોઈ દાહાડે તે ખાતું માંડી વાલવાની તેહેની પુરી મરજી હતી.

હવે એ વાતને પચીસ વરશ થાઈ ગોઆં, અને એતેશાક હવો બનેઓ કે રાજકીશોર એકાએક ગુજરી ગીઓ, તેહેના છોકરાઓએ થોડા એક મહીના સુધી ભોલાનાથને પગાર આપીઓ, પછી એકદમ બંધ કીધો, અને તે માંગવા ગીઓ તેઆરે દર વરશે વીઆજ ચહડાવીને સાંબો આંકડો ઊપજાવીને કહીઊં કે હવે તેહનો કાંઈ દાવો રહેઓ નથી, અને તેહેના દસ હજાર રૂપીઆ સંગલા આવી ચુકાછે. ભોલાનાથ પોતાની અકલથી હેવો હીસાબ કરતો હતો કે દર મહીને ૧૦) રૂપીઆ લેતાં તેહેની પુંજીમાંથી પચીસ વરશે માતરે ૩) થી ૪) હજાર રૂપીઆ કરતાં વધારે ઘટારો થાએઓતો નહી, પણ એ બીચારાની ભુલ જલદીથી ઊડી ગેઈ, અને પોતાના ભાઈનાં છોકરાઓને હાથનો આંકડો જોતાં તો તે આએ રીતે માલમ પડીઓ.

૧ લે વરશે રૂ૧૨૦) વીઆજ સાથે..........	રૂ	૧૨૫)૮૫	દોકડા.
૨ જે વરશે રૂ૧૨૦) તથા આગલાં વરશની બાકી વીઆજ સાથે	રૂ	૨૬૩) ૨	"
૩ જે વરશે રૂ૧૨૦) ..... "	રૂ	૪૧૨)૫૪	"
૪ થે વરશે " ..... "	રૂ	૫૭૫)૭૧	"
૫ મે વરશે " ..... "	રૂ	૭૫૩)૧૫	"
૬ ઠે વરશે " ..... "	રૂ	૯૪૬)૭૮	"
૭ મે વરશે " ..... "	રૂ	૧૧૫૭)૮૪	"
૮ મે વરશે " ..... "	રૂ	૧૩૮૭)૮૯	"
૯ મે વરશે " ..... "	રૂ	૧૬૩૮)૬૫	"
૧૦ મે વરશે " ..... "	રૂ	૧૯૧૧)૯૭	"
૧૧ મે વરશે " ..... "	રૂ	૨૨૦૯)૮૯	"
૧૨ મે વરશે " ..... "	રૂ	૨૫૩૪)૬૩	"
૧૩ મે વરશે " ..... "	રૂ	૨૮૮૮)૫૯	"
૧૪ મે વરશે " ..... "	રૂ	૩૨૭૪)૪૧	"
૧૫ મે વરશે " ..... "	રૂ	૩૬૯૪)૯૫	"
૧૬ મે વરશે " ..... "	રૂ	૪૧૫૩)૩૪	"
૧૭ મે વરશે " ..... "	રૂ	૪૬૫૨)૯૯	"
૧૮ મે વરશે " ..... "	રૂ	૫૧૯૭)૬૦	"

૧૯ મે વરશે	રૂ૧૨૦) તથા આગલાં વરશની બાકી વીઆજ સાથે	....		રૂ ૫૭૯૧)૨૩	દોકડા.
૨૦ મે વરશે	"	......	"	રૂ ૬૪૩૮)૨૯	"
૨૧ મે વરશે	"	......	"	રૂ ૭૧૪૩)૫૮	"
૨૨ મે વરશે	"	......	"	રૂ ૭૯૧૨)૩૫	"
૨૩ મે વરશે	"	......	"	રૂ ૮૭૫૦)૩૧	"
૨૪ મે વરશે	"	......	"	રૂ ૯૬૬૩)૬૮	"
૨૫ મે વરશે	"	......	"	રૂ૧૦૬૫૯)૨૬	"

દર મારો રૂ૧૦) લીધાથી પચીસ વરશે ભોલાનાથના દસ હજાર રૂપીઆ ડુબી ગીઆ, એટલુંજ નહી, પણ એ કારણથી સાંમણો તે ૬૫૯) રૂપીઆ ૨૬ દોકડાનો દેવાદાર થાએઓ હતો. બીચારા ભોલાનાથની અવસથા આએ બનાવથી કેહવી થાઈ હતી તે દેખઈતું છે. તે પોતાની જુજ આએપત ઊપર જે રીતે સુખી હતો તાંહાંથી તદન ભીખારી હાલતમાં આવી પડીઓ, અને થોડુંએક સુધી વીપતી ભોગવી મરણ પાંમીઓ હતો; અને તેહેનાં બચ્ચાંઓ પણ ઘણીજ નાચારીની હાલતમાં આવી પડીઆં હતાં.

રાધાનાથ કાપડીઆના છોકરાઓની વારતા ઊપરથી નશરવાંનજી મામા સરવે કોઈને શીખાંમણ દેતા હતા તે હમો અતરે પરગટ કરીએછે.

પેહેલું, જો કોઈ શખસ પોતાની આએપત કરતાં દર મહીને ૧૦) રૂપીઆનો ખરચ વધારે રાખે તો પચીસ વરશે ૧૦૦૦૦) રૂપીઆનો દેવાદાર થાએ.

બીજું, જો કોઈ શખસ પોતાની આએપતમાંથી દર મહીને ૧૦) રૂપીઆ સાચવીને વીઆજે નાખે તો પચીસ વરશે ૧૦૦૦૦) રૂપીઆનો ધણી થાએ, ઈઆ તેહેનાં બચ્ચાંઓ એટલી રકમથી સુખી રેહે.

તરીજું, જો કોઈ વેપારી એક લાખની મીલકત લઈને તે ઊપર વરશ દાહાડે માતરે પાંચ ટકાનાં વીઆજની તેરીખ ઊપજાવી શકતો હોએ, અને ગામનાં લોકો પાસેથી તેટલુંજ નાણું જો છ ટકાને હીસાબે

લઈને વાપરતો હોએ, તો પચીસ વરશે તેહેનાં દફતરમાં ચોરાસી હજાર રૂપીઆનો ખાડો પડે.

એ શીખાંમણ કેહવી વાજબી અને અગતનીછે તે સરવે વીચાર વાલાં માણસોને જલદીથી માલમ પડશે.

[સ્ત્રી બોધ, મારચ ૧૮૫૭.]

પઈસાવાલાનો છોકરો.

મુંબઈનાં કોટમાં જાંહાં હવડાં "ટાડ ઈસટરીટ" નામનો મોહોલોછે તાંહાં આજ ઘણાં વરશની વાત ઊપર એક ગરીબ બુઢો પારસી બચ્ચાંઓને લાએકની મીઠાઈ તથા બીજી ખોરાકની ચીજો વેચતો હતો. એ ધંધામાં તે બીચારાને જુજ પેદાશ થાતી હતી, તોપણ તેણે પોતાનાં દીલ સાથે ઘણીએક કસર કરીને પોતાના એકપુરા છોકરાને તે વખતની હાલત પરમાંણે થોડીએક કેલવણી આપી હતી, તથા તેહેને એક દુકાંનદારને તાંહાં નામું શીખાડવા બેસાડીઓ હતો. એ છોકરાનું નામ નવીશાહ કરીને હતું, અને તે ઘણો ચંચલ અને તે સાથે મેહેનતુ પુરસ હતો, તેથી નામું શીખવા રહેઆ પછી થોડાં વરશમાં તે મેહેતાગીરી કરવા લાગો, તેઆરપછી દુકાંનદાર થાએઓ, દુકાંનમાંથી પોતાની હાલત સુધારીને તેણે મોહોટો વેપાર તથા દેશાવરો ખાતેની આડતનું કામ શરૂ કીધું, અને તેમાં ફતેમંદ થાએઆથી મુંબઈની વસતીમાં તે એક તવંગર તથા ભરતબાવાલો શેઠીઓ ગણાવા લાગો.

નવીશાહને પેટે તરણ છોકરીઓ અને એક છોકરો એટલાં ફરજંદ થાએઆં હતાં. તેહેની ઓરત પોતાના ખાવંદનીજ માફક ગરીબ માંબાપની દીકરી હતી, અને કેટલાંએક માણસોને ગરીબી હાલત ઊપરથી તવંગરીમાં આવતી વખતે જેમ પોતાની મોહોટાઈ અથવા ઈતરાજી બત લાવવાનું સુજ પડેછે તેજ માફક નવીશાહ તથા તેહેની બાએડી એ બંધે

જણાંએ એ ખામી ઊપર પોતાની અકલનો ભોગ આપીઓ હતો. તેઓ હર તરેહથી પોતાના પઈસાનું બલ આલમનાં લોકોને ખતલાવતાં હતાં. તરણે છોકરીઓને નવીશાહે ઘણી ધામધુમથી પરણાવી હતી; છોકરાને પરણાવતી વખતે ધામધુમ તે કરતાંને વધારે કીધી હતી, અને જેઆરે તેહેના મોહોટા ખરચ વીશે ગામમાં લોકો વચ્ચે એકબીજામાં વાત થાતી હતી તેઆરે કેટલાએક જણા હેવું કેહેતા હતા કે “ખોદાતાલાએ આપી ઊંછે તેઆરે ખરચ નહી કાંએ કરે?” અને એ વીચાર ઘણા લોકોને વાજખી લાગતો હતો.

નવીશાહનો તથા તેહેની ધણીઆંનીનો પોતાના એકપુરા છોકરા ઊપર અતીશે પેઆર હતો; તેહેનું નામ શાવખ કરીને તેઓએ રાખીઊં હતું, અને તેહેને જનમથી ઘણો લાડમાં ઊધારીઓ હતો. શાવખને પોતાના માંબાપ વતરોગે બચપણથી પોતાના ઘેરના ચાકરો, ઘોડાવાલા, અને અંધારૂની સંગત ઘણી હતી, કે જેઓની સોબતથી તે કેટલીએક વાતે બેઅકલ રહેઓ હતો, એટલુંજ નહી, પણ તે સાથે તેહેનાં મનમાં હેવુંજ ગુમાન દાખલ થાઈઊં હતું કે તેહેના બાપ જેહેવો દુનીઆંમાં બીજો કોઈ તવંગર નથી, અથવા તેહેવો કોઈ બીજો મોહોટો માણસ પણ નથી. શાવખને નીશાલે મુકતી વખતે તેહેનાં માંબાપે મેહતાજીને હેવો હોકમ આપીઓ હતો કે તેવણના દીકરાને મારવો નહી, અથવા રડાવવો નહી, અને તેહેને બપોરના ૧૧ કલાકે તથા પાછલા પોહોરે ૪ કલાકે ઘેર આવવાની રજા આપવી. નીશાલમાં બીજા છોકરાઓ જમીન ઊપર ચટાઈ બીછાવી બેશતા હતા, પણ શાવખને તેહેનો મેહેતાજી બાજટ ઊપર બેશાડતો હતો, તેહેને આખા દાહાડામાં પાઆ ઈઆ અરધો કલાક સુધી પાઠ આપતો હતો અને બાકીનો વખત રમતમાં ગુજારવાની છુટ આપેલી હતી.

હેવી રીતે શાવખ બાર વરશનો થાએઓ તાંહાંસુધી તે ગુજરાતી શીખવા સારૂં મેહેતાજીની નીશાલે રહેઓ હતો. એ છોકરામાં જાતી ચંચલાઈ સારી હતી, પણ માંબાપના લાડથી તેહેની ચંચલાઈ ઊપર

આલસાઈ અને બેપરવાઈ ગાલેબ થાઈ હતી, અને નીશાલેથી ઊઠતી વખતે થોડુંએક લખવા વાંચવા અને ઘણાજ જુજ હીસાબો ગણવા સવાએ બીજું કાંઈ વધારે તે શીખીઓતો નહી. શાવખને તેહેના બાપે એક ઈંગરેજી નીશાલ અથવા ઈસકુલમાં બેશાડીઓ કે જાંહાં ગરીબ તથા તવંગરોના છોકરાઓ શીખવા આવતા હતા. એ નીશાલના શીખ શાગુરૂઓ ચંચલ અને અકલમંદ પુરસો હતા. તેઓથી શાવખને કાંઈબી લાડ મલે હેવી આશા હતી નહી, અને તાંહાંના રમતીઆલ અને આપ અખતીઆર છોકરાઓની સંગતથી તેહેની અકલ તથા ચાલચલણમાં સુધારો થાએ હેવી જોગવાઈ હતી. માબાપો પોતાનાં બચ્ચાંઓ ઊપર પેઆર કરીને તે બચ્ચાંઓને ઘણો વખત ઘેરમાં રાખી મુકેછે, તેઓને પોતાનાં માણસોની સાથે નીશાલે મોકલેછે, નીશાલમાં બીજા છોકરાઓ સાથે તેઓને સારીપેઠે આંમેજ થવા દેતા નથી, અને તે સાથે પોતાનાં બચ્ચાંનાં મનમાં તેહેનાં કુટુંબની મોહોટાઈ વીશે બેવકુફી ભરેલી ગરૂરી આપેછે, તે સંગલાંથી ઊપજતી ખરાબીનો અટકાવ હરકોઈ મોહોટી અને સારી નીશાલમાં છોકરાને મુકીઆથી થાએછે. ઘેરમાં રહેઆથી છોક રાઓ જે મંડલી લાએક ખવાસ ધરાવતા નથી, તે બાબદમાં હેવી નીશા લેમાં ગએઆથી અને બીજા છોકરાઓ સાથે ભેલાએઆથી ફાએદેમંદ ગુણ નીપજેછે. બચ્ચાંઓની સાથે ચાકર રાખેઆથી તે બાલકને હરકાંઈ કામને ખાતર બીજાના આધાર ઊપર ઓશીઆલો રેહેવાની ટેવ પડેછે, તે ટેવ હેવી નીશાલે ગએઆથી તુટેછે, કાંએકે તાંહાં છોકરાને પોતાની ચાકરીને સારૂં ફકત પોતાનાજ હાથ પગ ઊપર ભરોસો રાખવાની જરૂર પડેછે. હેવી નીશાલોમાં ગએઆથી હરએક બચ્ચાંની ઘણીએક બુરી ખાશીઅતે અને બેઢંગી ચાલચલણો દુર થાએછે. તાંહાં સંગલા છોક રાઓ એકબીજાની ચાલચલણ ઊપર ટીકા કરેછે, તથા ગરૂરી અને મીજાજ ભરેલા છોકરાની ઠેકડી કરેછે, તેથી બચ્ચાંઓના હકમાં લાભ થાએઆ વનાં રેહેતો નથી. હવે શાવખશાહ હેવી એક ઈંગરેજી નીશાલમાં દાખલ થાએઓ હતો તે કામ તેહેના હકમાં ઘણુંજ ફાએદે

મંદ હતું, કાંએકે માબાપો ઘણા પઈસા ખરચવે પોતાનાં બચ્ચાંઓને જે શેઆણપણ આપી શકતાં નથી તે શેઆણપણ હેવી સારી નીશાલોથી પરાપત થાએછે.

શાવખ જેઆરે પેહેલવેહેલાં એ ઈંગરેજી નીશાલમાં ગએઓ તેઆરે તેહેના અને નીશાલના બીજા છોકરાઓના ખવાસમાં જે ફરક હતો તે તરત દેખઈ આવીઓ હતો. શાવખનો પડતો બોલ તેહેના બાપના ઘેરના ચાકરો ઊઠાવી લેતા હતા, તે હેવાલ તેણે ઈંગજી ઈસકુલમાં જોએઓ નહી. તેહેનો બાપ પઈસાવાલો કેહેવાતો હતો, તોપણ કોઈબી છોકરો તેહેની દરકાર રાખતો હોએ હેવું હતું નહી. બીજા છોકરાઓ પોતાની ફુરસદને વખત તરેહવાર રીતે રમતા હતા તે રમતમાં ઊલટથી સાંમેલ થવાની શાવખમાં હુશીઆરી હતી નહી. તે પોતાના બાપના ઘેરની ફીશીઆરીની વાત કરતો હતો તે સંગલા છોકરાઓને અનગમતી લાગતી હતી. ટુકાંમાં શાવખ બીજા તમામ નીશાલીઆઓથી એલાહેદો હતો, તેઓની ખુશી અને દોડાદોડીમાં તેહેનાથી સાંમેલ થવાને બનતું તું નહી, કાંએકે તે પોતાનાં મનમાં હેવું સમજતો હતો કે તે મોહોટા લોકનો દીકરોછે તેથી ગરીબોના છોકરાઓ સાથે ફરવું જોઈએ નહી, અને તેહેની હેવી બેવકુફી જોઈને સંગલા છોકરાઓ તેહેને હસતા હતા, તથા તેહેનું નામ "બાવાજીનો લાડકો" કરીને રાખીઊં હતું. ઈસકુલમાં ગએઆ પછી એક અઠવાડીઊં નહી થાએઊં એટલાંમાં શાવખ પોતાનાં માબાપ આગલ ઈસકુલના છોકરાઓની મસતીની ઘણીએક જુઠી એબ કાહડવા લાગો, તથા રીશના મારેઆએ પોતાના શીખશાગુરૂઓની તથા તેઓની નીશાલની કેલવણીની ગીબત કીધી, તેહેના જવાબમાં શાવખના બાપે તેહેને સબુરી રાખવાની ભલાંમણ કરવાને ઠેકાંણે હેવો દીલાસો આપેઓ કે ફુરસદથી ઈસકુલમાં તે આવીને "માસટરો" ને ધમકાવી જાશે એટલે પછી સંગલું સમાધાંન ચાલશે. એ રીતે બોલવા મુજબ નવીશાહ એક દીને પોતાના છોકરાની ઈસકુલમાં આવીઓ પણ હતો, તેહેના શીખશાગુરૂઓ સાથે તેણે પોતાના છોકરાની તારીફમાં કેટલીએક

વાતો કીધી, અને તેઓને હેવી ભલામણ કીધી કે શાવખને બીજા મસતી ખોર છોકરાઓની સંગતથી દુર રાખવો. ઈસકુલના શીખશાગુરૂઓ નવીશાહની બેવકુફી સેહેજમાં સમજી ગએઆ હતા, તોપણ તેઓ કસું બોલેઆ નહી, અને હેવો આશા રાખી કે શાવખ જેમ વધારે દાહાડા ઈસકુલમાં કાહાડશે તેમ તે સુધરતો જશે, અને તેહેનાં માબાપે લાડમાં ઊધારેઆથી તેહેનામાં જે ખામી હતી તે ધીમે ધીમે દુર થાશે.

શાવખના બાપના આવી ગએઆ પછી પણ નીશાલીઆઓએ તેહેની ઠઠા મશકરી કરવાનું છોડી દીધું તું નહી, અને તેહેનાં માબાપોએ તેહેને કાંઈબી દલગીરી શોશવાની આદત પાડીતી નહી તેથી તેહેને હેવી મશકરીથી વધારે કરોધ ચહડતો હતો. તે પોતાના નીશાલીઆઓ ઊપર વેર લેવાની બેહદ ઈઊકતીઓ કરતો હતો, પણ તેમાં કોઈવાર ફાવેઓતો નહી. અંતે તેણે જુઠું બોલીને પોતાનું કામ કાહાડવાનો એલાજ સોધી કાહાડીઓ, અને પોતાના ઘેરમાં જઈને હેવું કહીઊં કે બીજા સંગલા નીશાલીઆ તેહેને દરરોજ માર મારેછે. એ વાત સાંભલીને શાવખની માએને ઘણો ગોસો ચહડીઓ, અને તેણીએ ઘણી બોહોસ કરીને પોતાના દીકરાને તે ઈસકુલમાંથી ઊઠાડી મુકાવીઓ. ખરૂં છે કે દુનીઆંના લોકોને પઈસા ઘણા પેઆરાછે, પણ પઈસાના લાડથી શાવખની માફક ઘણીવાર ચંચલ બચ્ચાંઓ બેવકુફ બનેછે, અને ગરીબનાં બચ્ચાંઓ જે રમુજ અને મોજ ભોગવેછે તે રમુજ અને મોજથી તવંગરનાં બાલકો વેગલાં રેહેછે. નવીશાહે પોતાના દીકરાને એક બીજી ઈસકુલમાં મુકીઓ. તાંહાં છોકરા થોડા હતા, તાંહાંનો "માસટર" પેટભરૂ હતો, અને તાંહાં શાવખને પોતાનાં ઘેર માફકનો લાડ મલતો હતો. એ ઠેકાંણે શાવખ થોડીએક મુદત સુધી રહેઓ, પણ કાંઈ શીખીઓ નહી, તેથી તેહેના બાપે પાછો ઊઠાડીને તરીજી ઈસકુલમાં મુકીઓ, અને તેઆરપછી બીજી બેએ ઈસ કુલો બદલી, અને એ રીતે પાંચ ઈઆ છ વરશ ગુજરી ગીઆં.

એ વખતમાં શાવખના બાપનો એક ઈઊરોપીઅન દોસત નવીશાહને તાંહાં આવતો હતો, તેહેની આગલ એક દીવસે નવીશાહે પોતાના છોકરા વીશે

વાત કાહાડી, અને શાવખને બોલાવીને તે ઈઊરોપીઆન પાસે તેહેની તપાસ લેવરાવી. તપાસ લીધા બાદ તે ઈઊરોપીઆને નવીશાહને પુછીઊં કે "તમો છોકરાની કેલવણી પછ્વાડે દર મહીને શું ખરચ કરોછો ?"

નવીશાહા—"હું હેની ઈસકુલવાલાને ૧૦) રૂપીઆનો પગાર આપુંછું, અને વલી ચોપડીનો તથા બીજો ખરચ થાએછે તે જુદો."

ઈઊરોપીઆન—"તમારી દોલત પરમાંણે તમોએ તમારા છોકરાને કેલવણી આપેલી નથી; ઈંગલંડમાં તમારા કરતાં ઘણી ઓછી પુંજી વાલા ગહરસથો પોતાના દરએક છોકરાની કેલવણી પછ્વાડે વરશ દાહાડે ૧૦૦) થી ૧૫૦) ગીની ખરચેછે."

નવીશાહ—"હોશે, પણ એટલો ખરચ કરવાની જરૂર શી છે?"

ઈઊરોપીઆન—"જરૂર ઘણીછે. બચ્ચાંને ઊમદા કેલવણી આપીએ તો તે મોહોટી દોલત આપેઆ બરાબરછે."

નવીશાહ—"માહારો છોકરો થોડુંઘણું માહારા ધંધાને કામજોગ શીખે એટલે બસછે."

ઈઊરોપીઆન—"તમો બીજી બાબદમાં સંતોશ રાખશો તો તેમાં દાહપણ ગણાશે, પણ છોકરાને કેલવણી આપવાની બાબદમાં હેવો વીચાર નહી રાખવો જોઈએ. તમોએ તમારા છોકરાનાં લગન ઊપર ૧૫) હજાર રૂપીઆનો ખરચ કીધોછે તેટલો ખરચ હેની કેલવણી પછવાડે તમો કરો તો હું ઈંગલંડ જનાર છેઊં તે વેલાએ હેને માહરી સાથે લઈ જાઊં, અને હેને વકીલ ઈઆ બારીસટર ઈઆ ઈનજીનીઅર ઈઆ હેવો બીજો ધંધો શીખાડીને, ઈઆ બીજી રીતે નાદર કેલવણી આપીને પાછો મોકલું, કે જેથી કોઈ સમે જો તમારા વેપારથી છોકરાનું ગુજરાન નહી ચાલી શકશે તો તે પોતાના એલમની કમાઈ તથા ઊદીઓગથી તમારાં કુટુંબની સારી રીતે પરવરશી કરશે."

નવીશાહા—"નહી રે સાહેબ ! જે છે તેજ ઠીકછે. છોકરો જો માહારો પોતાનો રોજગાર ચલાવશે તો કટકો રોટી મલેઆ કરશે."

ઊપલી વાત થાએઆ બાદ થોડે મહીને શાવખ ૧૮ વરશની ઊમરનો થાએઓ હતો. તે ઈંગરેજી ભાશા એટલી શીખીઓ હતો કે જેહેને આપણા લોકો "કાચું પાકું" કરીને કેહેછે, અને તે ઊપર તેહેના બાપે સંતોશ કીધો હતો, અને તેહેને પોતાના ધંધામાં સાંમેલગીરીને વાસતે પોતાની પેહેડી ઊપર લાવી બેશાડીઓ હતો. હરકોઈ બાપ પોતાના રોજગારમાં પોતાના છોકરાને સાંમેલ કરે તે કામ વાજબી અને ઘટતુંછે, પણ હેવી વેલાએ તે બાપે આએ એક તજવીજ રાખવી ઘટેછે કે ધંધામાં સાંમેલ કરેઆ આગમજ તે બચ્ચાંને હેવી રીતની તાલીમ તથા કેલવણી આપવી કે જેથી જો કદાચ તે ધંધો ભાગી પડેઓ હોએ તો છોકરો બીજી પરકારે પોતાનું ગુજરાન કરવાને શકતીવાન થાએ. પણ આપણે ઊપર જોઈઊંછે કે શાવખના બાપે તે પરમાંણે કીધુંતું નહી. એ છોકરો થોડુંએક શીખીને પોતાના બાપની પેહેડી ઊપર બેઠો હતો, અને તેહેની ઊપર કોઈનો દર હતો નહી તેથી તેહેને ઘણી મેહેનત પણ કરવી પડતીતી નહી. એ રીતે આસરે દસ વરશ ગુજરી ગએઆં, પછી જમાનાનું ચકર, કે જેથી તવંગર ફકીર થાએછે અને ફકીર તવંગર થાએછે, તે બીચારા નવીશાહ ઊપર આવી પડીઊં હતું. નવીશાહ વેપારમાં ખુટીઓ; અને તે ગજબથી તેહેનું સંગલું કુટુંબ દલદરી અવસથામાં આવી પડીઊં. ખુટીઆ પછી અને માગનારાઓનું પતાવેઆ પછી નવીશાહથી પોતાનો સંગલો આગલો રોજગાર પાછો હાથ કરી શકાએઓ નહી, તેથી તેહેને પોતાનાં કુટુંબના ખરચને વાસતે ઘણી તંગી ભોગવવી પડતી હતી. તેણે પોતાના છોકરાને કોઈ સારી જગોએ ચાકરી રાખવાની ઘણી તજવીજ કરી હતી; પણ હરકોઈ માણસને તેહેને ચહડતે દાહાડે દોસતો ઘણા મલેછે, અને પડતે વખતે સઊ કોઈ તેહેનાથી દુર રેહેવા ચાહેછે. તેજ પરમાંણે બીચારા નવીશાહને ઘણા થોડાજ મદદગારો મલી આવીઆ હતા, તેથી તેહેને પોતાના દીકરાને વાસતે ૫૦) રૂપીઆના મુસારાની એક ચાકરી સોધી કાહાડતાં ઘણીજ મુશકેલીઅત પડી હતી, અને તે ઊપરાંત ચાકરી રાખનાર ધણીએ ગોએઆ એક

દઍઆ ભરેલું કામ કીધું હોએ હેવું બતલાવીઉં હતું, કાંએકે તે પોતાના મીતરો આગલ કેહેતો હતો કે નવીશાહનો છોકરો શાવખ માતરે "બલ દીઆ" છે, પણ ફકત તેહેનાં કુટુંબને આસરો આપવાને સારૂં તેણે એ છોકરાને પોતાને તાંહાં ચાકરી રાખીઓ હતો. આએ વાત નવીશાહના કાન ઊપર પણ આવી હતી, પણ ગરજના મારીઆથી તેહેનાથી કાંઈ બોલાએ હેવું હતું નહી, પણ હેવા શબદોથી તેહેના દીલમાં કેટલું દરદ લાગું હશે તે બાબે આપણથી સેહેલાઈથી વીચાર કરી શકાએછે. દુખની વેલાએ એ શખસે ઘણી વખત હેવી ઈછા કીધી હતી કે તે જો પોતાના બાપની માફકજ ગરીબ રહેઓ હતે તો ઘણું બેહેતર હતું.

નવીશાહની હઈઆતીમાં શાવખને તાંહાં કેટલાંએક ફરજંદ થાએઆં હતાં, તેઓને પારસીઓના સરેસતા પરમાંણે નવીશાહ પરણાવશે હેવી સરવે કોઈને વકી હતી, પણ પોતા ઊપર પડેલા ગજબથી નવીશાહે એક નશીહત પકડી હતી, તે એજે પોતાની હાલત થોડીએક સુધારીઆ પછી તેણે શાવખની છોકરીઓને લાએક ઠેકાંણે અને થોડે ખરચે પરણાવી આપી હતી, અને જે ખરચ કદાચ તે પોતાની આગલી સહમજ માફક શાવખના દીકરાઓનાં લગન ઊપર કરતે તે નાણું તેઓની કેલવણી પછ વાડે તેણે ખરચીઉં હતું, અને તેહેનાં સારાં ફલની નીશાંનો પોતે ગુજ રીઆ આગમજ તેણે જોઈ પણ હતી. [સ્ત્રી બોધ, એપરેલ ૧૮૫૭.]

રતઈ મડમ.

માહારા ઘણાખરા પીછાંનવાલા લોકો મહને "રતઈ મડમ" ને નામે ઓલખેછે. માહારો વર સુધારાવાલામાં ખપેછે, તે પેહેલાં ઈસકુલ માસટર હતો, અને હમણાં આફીસમાં જાએછે. હમો પઈસાવાલાં નથી પણ સુખી છઈએ, અને હમારે પેટે એક બચ્ચું ખોદાએ બખશેલુંછે. માહારી બેહન ખરશેદબાઈ માહારા કરતાં ૮) વરશ વડી ઈઆને ૩૦)

વરશની ઊમરનીછે, અને માહારા બાવાનો વખત આગલ જારે સારો હતો તારે માહારાં માએજીને મોહોટાં અને પઈસાવાલાં વેહવાઈ વેહવાણ જોઈતાં હતાં, તેથી તેવણ બીચારાંએ ઘણું જોર મારીને તથા માહારા બાવા પાસે મોહોટો ખરચ કરાવીને માહારી બેહન ખરશેદબાઈને મોંહોટાં વાડીઆ ખાનદાનમાં પરણાવી આપી, અને મહને તો બચારા ઈસકુલ માસટર સાથે આજ છ વરશ થાએઆં પરણાવી આપીછે. માહારાં માએ જારે તારે કેહેછે કે ખરશેદબાઈની ઊપર તો દસ હજાર રૂપીઆ ખરચીને લગન કીધાં, અને બીચારી રતઈને નસીબે તો બે હજારબી થાએઆ નહી. પણ હું ખચીત કરીને કેહુંછું કે ખરશેદબાઈનાં કરતાં હું દસ ઘણે વધારે સુખી છેઊં. બેહન ખરશેદબાઈનો વર કાંઈ લુચો લફંગો નથી, માતરે પઈસાવાલાના છોકરા લાડમાં ઊધરેલા અને બરોબર શીખેલા નહી તેથી જરા સમજમાં વેહવારૂછે. પણ જે માફક એક પાલેલી બકરીને ઘેરમાં રાખેલી હોએ તેમ માહારી બેહન પોતાનાં સાસરામાં રેહેછે, ખાએછે, પીએછે, અને સારાં સારાં ઘરેણાં તથા કપડાં પેહરેછે. તે કાંઈ માહારી માફક વરની સાથે બેશીને જમતી નથી, હમારી માફક માટી બઈએર સાથે ફરવા હરવા જતાં નથી. હું અને માહારો વર વીકટોરીઆ બાગમાં વારેઘડીએ જઈએછે, સરકસનો તમાસો જોવા હમો સાથે ગીઆં હતાં, આતશબાજી જોવા હમો સાથે ગીઆં હતાં, અને ગીઆ સનીવારે નાટકશાલામાં ખેલ જોવાનેબી હમો સાથે ગીઆંતાં. પણ માહારી બેહન બીચારી કોઈ દાહાડે એ રીતે જતી આવતી નથી. માહારા વરની તો કોઈ વાડીની "કંપની" નથી, અને ખરશેદબાઈનો વર તો ગમે તેહવો સપરમો દાહાડો હોએ તોબી બઈરીને ઘેરમાં મુકીને પોતે વાડી વંતર જાએછે. હવે એતો આપરાં લોકોમાં અસલથી રવઈઆ પડી ગીઓછે તેથી માહારા બંધેવીનો હું કાંઈ ખચીત વાંક કાહાડતી નથી, પણ જે માએ બાપોને તાંહાં છોકરીઓ પરણવાની હોએ તેઓને હું ભલામણ કરૂંછું કે તમો એમ મા ધારતાં કે મોહોટે ઘેર દીકરીઓને પરણાવીએ તો ઘણી મોજ ભોગવશે. જેહવી મોજ હમો વચલે

વાઘેવાલાં ભોગવીએછે તેહવી મોજ મોહોટે ઘેર માટી બઈએર વચ્ચે ભોગવાતી નથી. જુવો કે સનીવારે નાટકશાલા ખીચોખીચ ભરાઈ ગએલું હતું તેમાં લગભગ બધાં બઈરાં માટીડા વચલે વાઘેના, જેહવા કે ઈસકુલ માસટર, ડાકટર, આફીસના રાઈટર, ઈજનેર, વકીલ અને હેવાંજ બીજાંઓ હતાં. નાટકની બાહારવણે જારે માહારી બેહનને હું મલવા ગઈ તારે મેં તમાસાની તારીફ કીધી અને બધી વાત કહી સંભલાવી, અને હું જાણુંછું કે માહારી બેહનને એ તમાસો જોવાનો ઘણો શોખ થઈ આવીઓ, પણ બીચારી કાંઈ બોલી નહી. પણ માહારૂં દીલ અંદરથી બલેછે કે માહારી બેહન કોઈ શીખેલા ભણેલા સાથે કાંએ નહી પરણી કે હું અને માહારો વર જેમ ફરીએછે હરીએછે તેમ થતે. માહારી બેહનનાં સાસરાંમાંબી મહને "રતઈ મડમ" કરીને કેહેછે, અને તેઓ બધાં મહને "સુધારાવાલી" ગણેછે, અને હું બુટ, ઈસટાકીંગ પેહરીને તથા માથાબા નાંની આગલના કેસ દેખાતા રાખીને જારે માહારી બેહનને ઘેર જાઊંછું, અથવા માહારો વર મહને સાથે મેલવા આવેછે તારે તેઓને બલાપો થાએછે, પણ હું ખચીત કરીને કેહુંછું કે હેવાં લોકો જોકે ફફરતાં જાએછે, તોપણ તેઓ સુધારાવાલાઓની બઈરીઓની ચાલ પકરતાં જાએછે. ગાડીનાં વીનીજન બંધ કરીને એ લોકો અગાઊ બેશતાં હતાં તે હવે થોડાંઘણાં ખોલ્લાં બેશેછે. અગાઊ તો એમ કેહવાતું હતું કે નથ હોએ તો જાણે શોલેસનગારછે, બીજું ઘરેણું નહી હોએ તો ચાલે, પણ નથ તો જરૂર જોઈએ, પણ માહારા જાણવા પરમાંણે રાસત ગોફ્તારમાં નથ વીશે પંદર વરશની વાત ઊપર ઠેકડી થાઈ હતી કે એતો "બલદીઆની નાથ" છે, તેમજ આજે સઊ કોઈ સમજેછે, અને મોહોટે ઘેરોથી પણ નથ પેહરવાનું તદન નીકલી ગીઊંછે. પઈસાવાલાં ઘેરની બઈરીઓ બુટ ઈસટાકીંગની મશકેરી કરતાં હતાં, પણ આજે તેઓના ઘેરમાં ઈસટાકીંગ પેહરાએછે અને ચંદરોજમાં કદાચીત બુટબી પેહરશે. હું ગીએ વરશ એક લગનમાં ગેઈ હતી તાંહાં હમોએ ઘણી જણીઆએ કોઈએ બુટ ઈસટાકીંગ અને કોઈએ ફકત ઈસટાકીંગ પેહરેલાં હતાં, તાંહાં એક ઘણાંજ

મોહોટાં ઘેરનાં જુવાન બાઈ આવીઆં, ઘરેણાં તો લુમાઈ જાએ, પણ પગ તો ખરાબ લાગે, તે બીચારી પોતાની સારી જેમ તેમ નીચી કરીને પગ નહી દેખાએ તેમ બેઠી, અને તારપછી હું જોઉંછું કે એ બાઈ જારે બાહાર આવેછે તારે સારાં રેસમી મોજાં પેહરીને આવેછે, એ પરમાંણે એ લોકો બરબરતાં જાએછે અને હમો સુધારાવાલી બઈરીઓની નકલ કરતાં જાએછે. વલી એ બાબદમાં એક દાહાડે માહારી બેહનને સાસરે જરા ગોસા રીસ જેહવું થઈ ગીઉં હતું. માહારી બેહનની નરંદ કેહવા લાગી કે હમો વાડીઆ ખાનદાંનનીઓને જોઈને સઉ કોઈ તેમ ચાલેછે, હમુને જોઈને હમારા જેહેવી તરેહની સાડી ભરાવેછે તથા બંધાવેછે, હમારી તરેહ પરમાંણેનાં ઘરેણાં ઘડાવેછે, હમો ચીનથી તરેહ તરેહનાં રંગની સાડી મંગાવીએ તે જોઈને બીજાં નકલ કરેછે. આએ રીતનું બોલવું તીરસકારનું હતું તેથી માહારીથી પણ લગરીક સખત જવાબ અપાએઓ કે બાઈ તમો વાત કેહેવોછો તે ખરી હશે, અને મેંબી સાંભલેલુંછે કે વાડીઆ ખાનદાંનને તાંહાં લગન આવે તારે બધીઓ એકજ રંગની તથા તરેહની સાડીઓ પેહરીને બાહેર નીકલે, અને લોકો બધાં જોવાને આતુરતા રાખે, પણ તે વંખત હવે વહી ગીઓ, તમો તો હમોને એકગમથી ગાલબી દેવોછો, અને બીજીગમથી હમો સુધારાવાલીઓની નકલ કરોછો. હમોને જોઈને તમો ઈસટાકીંગ પેહરવા શીખીઆં, અને ઘોડાવાલીઓની કાંની કાંચરી પેહરતાં હતાં તે કાહાડી નાખીને પેટી અને પોલકા પેહરવા શીખીઆં, અને ગાડીના પરડા ખોલા રાખીને ફરવા જવા શીખીઆં. ખરશેદબાઈની નરંદને માહારા આએ બોલવાથી ચટકો લાગોછે તે જલદીથી ભુલી જવાની નથી, પણ તેહનો ઘડી ઘડીનો ઈતરાજ જોઈને મહને એ રીતે જવાબ વાલવાની ફરજ પડી હતી.

માહારાં આગલાં લખવાની ઊપર નુશપેપરવાલાઓએ તકરાર કીધીછે તે બધી માંહારા વાંચવામાં આવીછે, ને માહારા ખાવંદ સહલા આપેછે કે તેના અગતના ભાગનો જવાબ આપવો જોઈએછે. એ તક

રારનો અગતનો ભાગ એજછે કે જાણે માટી બઈઅર સાથે ફરે હરે તેમાં મેં મોહોટા ખરચની ભલાંમણ કીધીછે, તેઓ કેહેછે કે ખરચ કરીને બાહાર દેખાવ કરવામાં કંઈ માટી બઈઅર વચ્ચે સુખ હોતું નથી. એ વાત બધી ખરીછે, પણ મેં જે કંઈ માટી બઈઅર વચ્ચેની સારી રીત ભાંત જણાવીછે તેમાં વધુ ખરચ શું થઈ જવાનો તે હું સમજી શકતી નથી. કોઈ માટીડા બગી ઘોડો રાખેછે ને એકલા ફરવા હરવા જાએછે, ને બઈરી બીચારીને બાહાર જવું પડે તો ભાડેની બલદીઆની ગાડી કરવી પડે, તે ધણી જો બઈરાં માટીડાને સાથે બેશવા જેહેવી ગાડી રાખે, અને ફરવા જાએ તારે બઈરીને સાથે લઈ જાએ, તેમાં ખરચ શું વધારે થાએઓ? કાંઈજ નહી. માતરે તેમાંથી સારૂંજ થવાનું કે માટીડો પોતાની મોજમાં બઈરીને ભાગ આપે. બીજું જુવો કે હું અને માહારો વર કાંઈ પઈસાએ પુર નથી, અને હમારો ગાડી ઘોડોબી નથી, હમો બાહેર જઈએછે તો રેલવેમાં જઈએછે, નહી તો ભાડેની શીગરામ મંગાવીએછે, અને બાહેર જવા આવવામાં જાહાજો ખરચબી નથી કરતાં. બઈરીને ઘેરમાં રાખીને કેટલાએક માટીડા વરશનાં ૫૨) આતવાર અને તે સવાએ બીજા તેહવારના દાહાડા વાડી જાએછે, તેઓને વાડીની ફીઈના તથા ગાડી ભાડાંના વરશ દાહાડે ૫૦)—૧૦૦) રૂપીઆ થાતા હશે, તે ૫૦)—૧૦૦) રૂપીઆ એકલો ખાઈ આવીઆને બદલે માહારા વરની માફક પોતાની બઈરી તથા બચ્ચાંને લઈને વરશમાં ૭—૮ વખત બાહેર મોજ કરવા જાએ, અને વરશમાં ૧૦—૧૨ વખત ઘેરમાંજ સારૂં ખાનું કરાવે, તો તેમાં કાંઈ વધુ ખરચ થતો નથી. વરશમાં ૫૨) આતવાર એકલા વાડી નહી જવું અને માતરે ૭ વખત બચ્ચાં છોકરાં સાથે જવું તેમાં ખરચ એકનો એકજછે. પણ આપણા લોકોમાં માટીડાઓને છુટા મોજ કરવાની ટેવ પરી ગેઈછે તેથી હેવાં બાંહાંનાં કાહાડેછે કે રતઈ મડમ અને તેહના વરની કાની સઊ કોઈ ચાલે તો મોહોટો ખરચ થાઈ જાએ. પણ હું સમજુંછું કે સારી બઈરી તેહનેજ કહીજીએ કે જે ધણીનાં ગજવાં ઊપરાંત ખરચ નહી કરાવે. હું કંઈ ઈતરાતને ખાતર

લખતી નથી, પણ માહારા હમજાતીઓનાં સારાંને વાસતે માહારી વાત જણાઊંછું, કે હું જે પરમાંણે પોશાગ પેહરૂંછું તે પરમાંણે કેટલાએક પઈસાવાલાઓને તાંહાં પણ જોવામાં આવતું નથી. ઘણા વચલે વાઘેના લોકોને તાંહાં બઈરીઓને વરશ દાહાડાનાં કપડાંના પોનાસોથી ૧૦૦) રૂપીઆ એકદમ આપેછે, અને માહારો વર પણ માહારાં પોતાનાં કપડાંના ૩૭૫) અને બચ્ચાંના ૩૨૫) મલીને ૧૦૦) રૂપીઆ મહને વરશના આપેછે, પણ મહને સારાં કપડાં પેહરવાનો ખરચ એ કરતાં ઘણો વધુ થાએછે તેહેનો બોજ કંઈ માહારા વર ઊપર મેં નાંખેઓ નથી, પણ માહારા બાપને ઘેરનું તથા સાસરાંનું મલીને માહારૂં જરીઆન ૩૦૦૦) રૂપીઆને આસરેનું હતું તેમાંથી એકજ એરીંગ ૩૮૦૦) નું મેં રાખીઊં, અને બીજી બે તરણ હલકી જનશ રાખીછે, બાકીના ૨૦૦૦) રૂપીઆનું વીઆજ આવેછે તે અને માહારો વર કપડાંના જે રૂપીઆ વરશ દાહાડે આપેછે તે મલીને માહારા પોશાગનો ખરચ બસ થાએછે. કેટલીએક શેઠાણીઓ દસ હજારનું ઘરેણું પેહરેછે, અને કપડાં ઘણુંકરીને પોતાના ઘેરમાં તોછરાં પેહરેછે તેમ હું કરતી નથી. હું તેઓનાં કરતાં થોડે પઈસે સરશ શોભા રાખુંછું. વાસતે માહારાં લખાણ ઊપર તકરાર કરનારાઓએ જે છાપીઊંછે તે વગર વીચારનુંછે, અને બીજાઓની ખામી છુપાવવાનું તેઓએ છાપીઊંછે, બાકી કેટલાએક માટીડા વારી વંતરનો ખરચ અને બગી ઘોડાનો ખરચ રાખેછે અને બીજો ખરચ કરેછે તેહનો અરધો ભાગજ જો પોતાનાં બઈરી છોકરાંઓ સાથે ફરવા હરવામાં અને ખાવા પ્રીવામાં ખરચે તો તેઓનાં ઘેર મધેની તે બીચારી "પાલેલી બકરીઓ" દુનીઆંના મેલામાં નીરદોશ મોજનો ખચીત લાભ લીએ.

[રાસ્ત ગોફ્તાર, તા૦ ૧૯ મી જાનેવારી તથા ૨ જી ફેબરવારી ૧૮૬૮.]

સટો કરનાર એક શખ્સની કાહાણી.

હું જારે ૧૯ વરશની ઊમરનો હતો તારે માહારા બાપની સાથે ઊમેદવાર તરીકે તેની આફીસમાં હું લખવા જતો હતો. આફીસ મધે હું આસરે દસ માસ તુલીક રહ્યો, તારપછી માહારા બાપની મેહેનત તથા કાકલુદીથી મહને ૧૫) રૂપીઆનો પગાર મલવા લાગો. એ વખતમાં આફીસમાં જવા સવાએ મહને સહવાર સાંહાંજે કસું બીજું કામ હતું નહી. માઠાં ભાએગે મેં વરતમાંન પતરો તથા ચોપડીઓ વાંચવાનો પણ અભીઆસ રાખીઓતો નહી. અગરજો હું હેવો અભીઆસ રાખતે તો માહારી ફુરસદના વખતમાં માહારાં ખાલી મગજને કાંઈ કામ મલતે. પણ હેવી તબે મેં રાખી નહી, અને દરરોજ સાંહાંજ સહવાર માહારા એક મીતરની દુકાંન ઊપર હું જાઈને બેશતો હતો, કે જાંહાં માહારા જેહેવા બીજા કેટલાએક પરવારતા શખસો પણ આવી વાતો કરતા હતા. એ શખસોમાં એક જુવાન પારસી હતો, કે જે અફીમનો સટો કરતો હતો, અને તેને દુકાંન ઊપર મારવાડી દલાલો વારેઘડીએ મલવા આવતા હતા. એ શખસ હમારી આગલ વારેવાર ડીંગ મારતો હતો, અને કેહેતો હતો કે "આજે હું આટલા રૂપીઆ કમાઓ"—"રાતના પાંચસો રૂપીઆનો તડાકો પડીઓ." એ રીતે તે પોતાની કમાઈની દરરોજ હમારી આગલ વાત કરતો હતો. તે કમાઈ જો બધી એકઠી કરીએ તો એ ધણી પાસે લખો રૂપીઆ હોવા જોઈએ, પણ હમારી આગલ તેની વાત બધી કમાઈનીજ હતી, ખોટ વીશે તો તે એકુ પણ શબદ બોલતોતો નહી, અને વાંણીઆ લોકો કેહેછે તેમ તેને જે "તાહાડા ગાહા" લાગે તે વાત તો હમેશાં અખાડાજ હતી. પણ હું એ વખતમાં નાદાંન અને ઊછાછલો હતો, તેથી કરીને એ સટોરીઆ પારસીની વાત ઊપર કાંઈબી દરીઆફત કરવાનું મહને સુજીઊં નહી. માહારાં મનમાં તો હેવુંજ આવતું હતું કે એ પુરસની વાત બધી ખરીછે, અને સટામાં જેહેવી કમાઈછે તેહેવી કમાઈ બીજા કોઈ ધંધામાં નથી. એ વાત માહારાં દીલમાં મજબુત બેઠી હતી.

હવે માહારા દોસતો સાથે એક આદીતવારને દાહાડે હું દુકાંન ઊપર બેઠેલો હતો, તાંહાં પેલા સટોરીઆ પારસીના બે મારવાડી દલાલો તેહેને વાસતે પુછવા આવીઆ. પણ એ શખસ દુકાંન ઊપર હતો નહી, તેથી મારવાડીઓ તેહેની વાત જોવા બેઠા. માહારાં મનમાં સટાની વાત કેટલાએક દીવસ આગમજથી ભમીઆ કરતી હતી, તેથી કરીને તે દલાલો સાથે માહારેથી વાતચીત કરીઆ વગર રેહેવાઈઊં નહી. એ મારવાડી ઓને મેં કેટલીએક ખબર અંતર પુછી, અને તેઓની વાત ઊપરથી માહારૂં દીલ સટો કરવા પછવાડે ઘણુંજ લલચાએઊં. એ વાત થાતી હતી એટલાંમાં પેલો જુવાન સટોરીઓ પારસી દુકાંન ઊપર આવી લાગો, તેહેની સાથે મારવાડીઓએ બે તરણ મીનીટ વાત કરી પછી ચાલતા થાએઆ. માહારૂં મન સટો કરવા તરફ દોડતું હતું, પણ દુકાંન ઊપરનાં બીજાં માણસોનાં આંઈનાંને લીધે હું તાંહાં કાંઈ બોલીઓ નહી, પણ મારવાડીઓ જેવા દુકાંન છોડીને જવા લાગા તેવોજ હું પણ ઘેર જમવા જવાને બાંહાંને દુકાંન ઊપરથી ઊઠીઓ, અને પેલા મારવાડી દલાલોની પુઠે ચાલીઓ, અને તેઓને રસતામાં પકડીઆ, અને મેં તેઓને કહેઊં કે માહારી પણ મરજી સટો કરવાનીછે, અને હું દસ પેટીની પાંચ પાંચ રૂપીઆ "તેજી" ખવાડવા ઈછુંછું. દલાલ ભાઈઓતો આ માહારી વાતથી લોટી પડીઆ, અને મહને કહીઊં કે "તાહારૂં ઘેર દેખાડ, હમો સાંજનાં ખબર કાહાડીને તાહારે ઘેર આવીશું." મેં તેઓને ઘેર બતલાવીઊં, અને તેઓ પોતાની કબુલાત મુજબ સાંજનાં માહારી પાસે આવીઆ. તેઓએ મહને કહેઊં કે પાંચ પાંચ રૂપીઆની "તેજી" ખવાડવી ઘણી સારીછે, પણ રૂપીઆ રોકડા જોઈએ. રૂપીઆ તો માહારી પાસે હતા નહી, તેથી હું માહારી માએ પાસે ગએઓ, અને તેવણ બીચારાંને ઊલટ સુલટ સમજાવીને ૫૦) રૂપીઆ પેટીમાંથી કહડાવીઆ અને દલાલોને આપીઆ. એ રૂપીઆ આપીઆ પછી આસરે ચાર દાહાડે કલકતેથી અફીમનાં લીલાંઊંની આવરેજના સમાચાર આવી લાગા; અને તે સમાચાર મુજબતો માહારા ૫૦) રૂપીઆ હું સંગલા ગુમાવી બેઠો.

અગર એ વખતથીજ હું નશીહત પકડતે અને પચાસ રૂપીઆ ભરીનેજ વેગલો થાતે તો શેવટે માહારા હકમાં ઘણો લાભ થાતે, પણ મેં તેમ કીધું નહી. હવે એ વાત મેં પેલા હમારા સટોરીઆ જુવાન પારસી આગલ કીધી. તેણે મહને કહેઊં કે મેં દરોબસત રીતે કામ કીધું'તું નહી, તેથી નાણું ખોહીઊં, અને તે વલી મહને કેહેવા લાગો કે "તાહારે નસીબ અજમાવવું હોએ તો આવતાં સેલનો આપણે કાંઈએક સોદો કરીશું." મેં કહેઊં કે "માહારે પાંચ પેટીનો સોદો કરવોછે, તેહને સારૂં કેટલા રૂપીઆ જોઈશે." એ ધણી બોલીઓ કે "ઓછાંમાં ઓછા દર પેટી એકે રૂપીઆ ૩૦) તારણના ભરવા પડશે, વાસતે દોહાડશો રૂપીઆ લેઈ આવજે." ઘેર ગએઆ પછી એ રૂપીઆ મેં માહારી માએની પાસેથી કહડાવવાનો ઠરાવ કીધો, પણ આ વેલાએ માહારી માએ મહને આગલની પેઠે તુરત મદદ કીધી નહી, અને ઘણીજ શકતીથી મહને ૫૦) રૂપીઆ આપીઆ. એ ૫૦) રૂપીઆ ઊપરાંત મહને બીજા રૂ૧૦૦) જોઈતા હતા તે બાબે હું વીચારમાં પડીઓ. પછી મહને એક ઈઊકતી સુજ પડી અને માહારી બાએડીને સમજાવીને તેહેના હાથનાં બે ચીતલ લીધાં, અને માહારો ઓલખઈતો એક મોબેદ હતો તેના હાથમાં એ ચીતલ આપીને તે ઊપર મેં ૧૦૦) રૂપીઆ કહડાવીઆ. એ રીતે હું ૧૫૦) રૂપીઆ લેઈને પેલા સટાબાજ પારસીની પાસે ગએઓ. તે મહને મારવાડી બજારમાં લઈ ગએઓ, અને માહારી ભલામણ કરીને એક પેહેડી ઊપર માહારૂં ખાતું પડાવી આપીઊં. વાંચનારે આ ઠેકાંણે જાણવું જોઈએછે કે હમણાં ગાંમ મધે અફીમનો જેટલો સટો ચાલેછે તેમાં નાણાંના દાવાની અદાલતમાં ફરીઆદી થાઈ શકતી નથી, અને તેટલા માટે સટોરીઆઓ એકબીજા ઊપર વીશવાસ રાખતા નથી, તેથી સરાફોની પેહેડી ઊપર હકસાઈ આપીને તેઓ પોતાનું કામ કરાવેછે, અને સરાફો પોતાની પાસે તારણ રાખીને, અથવા બીજી પરકારે બંદોબસત કરીને, સટાનાં નાણાં આપવા લેવાના જામીન થાએછે. એજ સબબ ઊપરથી મેં દોહાડશો રૂપીઆ સરાફને તાંહાં ભરીને માહારૂં

.ખાતું પરાવીઊં હતું, અને મેં પાંચ પેટીનો સટો કીધો તેનો એ ધણી માહારી તરફથી જાંમીન થાએઓ હતો. હવે એ ખાતું પાડીઆને વીસ ઈઆ પચીસ દીવસ થાએઆ એટલાંમાં વલી કલકતેથી અફીમનાં લીલાં ઊંનાં ભાવ આવી પોંહોંચીઆ, અને એ વેલાએ કલકતામાં સટો અતીસે ચાલતો હતો, તેથી મેં નહી ધારીઊં હતું હેવી રીતે માહારી ૫) પેટીની અંદર મહને ૪૮૦) રૂપીઆ નફો મલીઓ. આ નફો મલીઆથી હું ગોએઆ એક નવોજ માણસ બની ગીઓ. આખો દાહાડો અને ઘણી ખરી રાતનાં સટા સીવાએ કોઈ બીજો વીચાર માહારાં મનમાં આવવા લાગો નહી, અને માહારાં દીલ સાથે હું તરેહવાર રીતે હવામાં કીલ્લા બાંધવા લાગો, કે આગલ ચાલતાં હું ઘણો પઈસાવાલો થવશ. એ કમાઈ થાએઆ પછી બીજે મારો મેં પંદર પેટીનો સોદો કીધો, અને તેમાં મહને આસરે ૭૦૦) રૂપીઆ મલીઆ. આ બંધે વખત નાણું મલીઆથી મેં ખચીત ધારીઊં કે સટા જેહવો બીજો કોઈજ કમાઈનો વેપાર નથી. હું માહારી આફીસમાં માહારાં કામ ઊપર પુરતું ધેઆંન આપવા લાગો નહી, તે જોઈને માહારો બાપ ઘણો ગોસસે થતો હતો. પણ આસરે ૪) મહીના સટો કીધાથી મેં ૨૦૦૦) રૂપીઆની પુંજી મેલવી હતી, તે વાત જારે લોકોએ ટકા ચહડાવીને માહારા બાપ આગલ કીધી કે "તમારો દીકરો તો ૮—૧૦ હજાર રૂપીઆ કમાએઓછે" તારે માહારા બાપનાં મનમાંબી આવીઊં કે એ કામ ઘણું લાભ ભરેલુંછે, તેથી તેણે માહારી સાથે ગોસો કરવાનું છોડી દીધું, અને આફીસ મધેની મેં માહારી ચાકરી પણ મુકી.

હવે હું માહારી વાત ટુકાંમાં કહુંછું, કે મેં પાંચ વરશ તુલીક સટો ચાલુ રાખીઓ, તે મધે કોઈ મહીનામાં માહારી પાસે ૪) ઈઆ ૫) હજાર રૂપીઆ એકઠા થાતા હતા, અને કોઈ વેલાએ તે બધું સફાઈ થાઈ જતું હતું. મેં સટો ચાલુ કીધા પછી આસરે એક વરશે માહારો બાપ ગુજરી ગએઓ. અને માહારાં ઘેરનો ખટલો ચલાવવાનો સંગલો જોખમ મારે માથે પડીઓ. માહારા બાપ પાસે રોકડ પુંજી મધે તો આસરે ૧૫૦૦)

રૂપીઆ હતા, તે તેહેનાં મોત પછવાડે ખરચાએઆ, અને બીજું હમારાં કુટુંબનું આસરે ૧૨૦૦૦) રૂપીઆની કીમતનું એક ઘર હતું તે માહારા હાથમાં આવીઊં, એ ઘર હાથમાં આવીઆને દોહોડ વરશ નહી થાએઊં એટલામાં સટા મધે હું એકદમ સપ્રાઈ થઈ ગએઓ, અને સરા ફેનું સાંમણું દેવું થાએઊં. એ દેવું અદા કરવાને સારૂં મેં માહારૂં ઘર ગીરવી મુકીઊં, કે જે હમણાં સુધી પણ ગીરવી પડેલુંછે. ઘેર ઊપર રૂપીઆ કહડાવીઆ, પછી મહને સટામાં વલી બીજી ખોટ આવી તેથી મેં ફરીથી બીજા રૂપીઆ કહડાવીઆ. એ રીતે હું માહારૂં બાપીકું ઘેર પારકું કરી બેઠો, પણ મહને આશા હતી કે હું કમાઈને માહારૂં ઘેર પાછું છોડવશ, પણ તે આશા તો આજ સુધી પુરી પડી નથી. સટાના ગુચવારામાંથી હું પાછો કોઈ વેલાએ નીકલી શકીઓ નહી. કોઈ કોઈ માસમાં મહને બેથી તે પાંચ હજાર રૂપીઆ તુલીક કમાઈ થાતી હતી, અને વલી કોઈ માસમાં બધું જતું રેહેતું હતું. પછી અંતે હેવું બનીઊં કે એક વેલાએ મેં આંખ વીચીને સટો કીધો, અને એ વખતે માહારી પાસે જે કાંઈ જુજ નાણું હતું તે મેં ખોહી દીધું, એટલુંજ નહી, પણ બજારવાલાનો હું કરજદાર થાએઓ. એ કરજ થાએઆથી બજારમાં માહારી આંટ ઘટી હતી, અને સઊ કોઈ માહારે નાંમે પેટી નોધવાને ના પાડતા હતા. આ બનાવ બનીઆથી પણ મેં સટાનો લખ છોડીઓ નહી, અને મારવાડી બજારમાં માહારેથી શરમને લીધે ઊભું રેહેવાતું હતું નહી, તેથી કોઈ ગલી ગુંચીઓમાં ઊભો રેહીને હું દલાલો પાસે સોદા કરાવતો હતો. આ છેલ્લા સોદાઓમાં માહારી બાએડી પાસે જે કાંઈ જુજ ઘહરેણું હતું, તે મેં સંગલું ખોહી દીધુંછે, અને નાસીપાએસ તથા નામુરાદ થાઈને આજ કેટલાએક માસ થાએઆ સટાનો રોજગાર મેં તદન મુકી દીધોછે. મહને માહારી આગલી વાત હવે સંગલી સપના સરીખી લાગેછે. હું સટામાં કમાએઓ અને ખોઈઊં, અને ઘેરબાર તથા બાએડીનું જરીઆંન મુકી બેઠો, તે વાત કેમ બની, અને હું એટલોબધો બેવકુફ શી રીતે થાએઓ, તે વીશે જારે હું વીચાર કરૂંછું તારે માહારાં

દીલમાં ઘણો પસતાવો પેદા થાએછે. પણ હવે હું એ ધંધો મુકી બેઠોછું. હું જારે સટો કરતો હતો તારે મહને રાતનાં હુંગ નહી અને દીસનાં ભુખ નહી હેવી માહારી હાલત થાતી હતી. એ હાલત માંથી હું મોકલો થાઓછું. હમણાં હું પાછો ચાકરીએ લાગોછું અને મેં જે કાંઈ ખોહીઊંછે તેતો મહને ખચીત પાછું મલવાનું નથી, પણ હવેથી મહને આશાછે કે માહારાં બચ્ચાં સાથે કટકો રોટી નચીંતથી ખાવશ. સટો કીધાથી જેહેવા માંહારા બુરા હાલ થાએઆછે તેહેવા હાલ એ ધંધો કરનાર ઘણાખરાઓના મોડે વેહેલે થાશે તેમાં મહને કસો શક નથી. હમણાં પારસીઓ વચ્ચે એ લખ ફેલાએઓછે તે જોઈને હું અતીઘણો દલગીરછું. માહારાં સાંભલીઆમેલે મોહોટા મોહોટા પારસીઓ અને ચીન બંગાલાની પેહેડીવાલાઓ પણ એ લખથી ખાલી નથી. પણ જેઓ પાંચ વરશ તુલીક સટો કરી તથા પોતાનો જીવ અને પોતાની આબરૂ જંજાલમાં નાખીને એ ધંધામાં ગુતીઆછે, તેઓ અગરજો પોતાનો હીસાબ તપાસી જોશે તો તેઓની ખાતરી થાશે કે જે હાલતમાં તેઓ પાંચ વરશની વાત ઊપર હતા તે કરતાં તેઓ હમણાં સરશ હાલતમાં નથી. સટો માતરે જુગારની માફક માણસનાં મગજને ઊશકેરેછે. તેમાં માણસ એક વેલાએ કમાએછે તો તેને બીજું કમાવાની ઊલટ થાએછે, અને જારે તે હારેછે તારે નાણું પાછું મેલવવાનાં તે ફાંફાં મારેછે. સટાથી સાચાં માણસોને જુઠું બોલતાં અને તરકટનાં કામો કરતાં મેં જોએઆંછે. કાંઈબી તરેહની લુચાઈ કરીઆ વગર તથા જુઠું બોલીઆ વગર એ ધંધો થાઈ શકતો નથી. માટે સટાનો ધંધો માણસના સંસારમાં જેમ ખરાબી ઊપજાવનારોછે તેમજ તેની નીતીનો પણ તે બીગાડ કરેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી આગશટ ૧૮૫૯.]

⁂* આ સમેમાં પારસીઓ વચ્ચે સટાનો લખ ચાલુ થાએલો જોવા ઉપરથી ઉપલી વારતા મેં જોડી હતી. એ લખ શી રીતે દેખાવ દેતો હતો તેનું વરણન મેં તે વખતે નીચે મુજબ પરગટ કીધું હતું:—

"પારસીઓમાં સટો કરવાની બાએસ હમણાં ઘણી વધેઆ વીશે જે કાંઇ હમોએ લખીઉંછે તે ખરેખરૂંછે. પારસીના જુવાન છોકરાઓ અને બીજાઓ

જે માફક હમણાં બેંકના શેર અને અફીમનો સટો કરવાની ઉલટ દેખાડેછે તેવી ઉલટ આગલ તેઓમાં કોઈ વેલાએ જોવામાં આવી નથી. સરાફ બજારના વાણીઆઓ વારેવાર કેહેછે કે ગામમાં શેરોનો જે સટો થાએછે તેમાં પારસીઓ સઉથી ઘણા તુટી પડેછે, અને ખરાબેહાલ થાએછે. એ લખ પારસીઓમાં હમણાં ઘણો ફેલાએઓછે તેમાં કસો શક નથી. થોડાએક માસ ઉપર જારે મરકનટાઇલ બેંકનાં શેરોનો સટો અતરે પુર જોસમાં ચાલતો હતો તારે કેટલાએક પારસીઓ જેઓ સટોરીઆનો ધંધો કરે હેવો મહને મુતલગ ખ્યાલ નહી હતો. તેઓને એ કામ કરતાં જોવાથી હું થોડી અચરતી પાંમીઓતો નહી. અગીઆરી મધેના મોબેદો, જેઓએ ફડીઆંનું આફરીંગાન અને દોહાડીઆંની નીઆએસ કરીને તથા પોતાનું પેટ બારીને ૨૦૦) ઇઆ ૫૦૦) રૂપીઆની પુંજી એકઠી કરી હતી, તેઓ ટોલાંબંધ એ બેંકના દરવાજા આગલ સટા બજારમાં આવીને ઉભા રેહેલા જોવામાં આવતા હતા. સેકરેટરી આફીસના તથા બીજી આફીસોના "કલારક" જેઓ બીચારા મહીનો દાહાડો તુલીક નીચી મુંડીએ પેન ઘસીને ૪૦) થી તે ૫૦) રૂપીઆ કરતાં વધારે પેદા કરી નહી શકે તેઓ પણ પોતાના જમવાના વખતનો લાભ લેઇને, અથવા પાઆ કલાક ઇઆ અરધો કલાક પોતાના વડાની નજર ચુકાવીને, એ સટા બજાર મધે હાજર થાતા હતા. બુકબાંઇંડર, કાપડીઓ, દારૂવાલો, અને બબરચી વગેરે એ ધંધામાં સાંમેલ થાએઆ હતા. પારસીનાં બઇરાંઓને પણ એ સટા વીશે ખબર મલીઆથી તેઓ માહેલાં કેટલાંએકોએ છુપી રીતે પોતાનું નસીબ અજમાવીઉં હતું. એ રીતે પારસીઓમાં શેરોના સટાનો લખ ચાલીઓ હતો. કે જે હમણાં સેજ કમ થાએઓછે. એ સટાથી હેવું બનીઉંછે કે બેંકના શેર જે નાણાંવાલાઓના હાથમાં હતા તેઓને એકની સવાઈ કીમત આપીને સટોરીઆઓએ તે શેર પોતાને હાથ કીધા હતા, અને જારે સટોરીઆઓથી શેર વધારે વાર રાખવાને થોબઈ શકાઇઉંતું નહી, તારે તેઓએ સવાઈ કીમતના શેર પાછા રૂપીએ વેચીઆ હતા. આ મામલાથી સેંકડો લોકોને નુકસાંની થાઈ હતી, અને ઘણાએક લોકો ખરાબેહાલ થાએઆ હતા. એ સટામાં કમાઈ કરનાર માતરે બે તરણ પુરસોછે, કે જેઓએ પરચુટણ સટોરીઆઓની બેવકુફીનો પુરતો ફાએદો લીધોછે, અને તેથી તેઓએ મોહોટી પુંજી મેલવીછે. અગરજો હેવા બે તરણ શખસોને ઉપલી રીતનાં બીચારાં બકરાં મલી નહી આવતે તો તેઓને ખરેખર જે ખોરાક હમણાં મલીઓછે તે મલી શકતે નહી."

ભાગ ૧૦ મો.

રાજદ્વારી બાબદો.

હીંદુસથાંનમાં પેહેલી લોહોડાંની સડક.

બેત.

કે દારંમ ઈકી કોરરએ રખશ નેજાદ,
બ રફતંન ચો શીરો બ પુએઆ ચો બાદ.

માએની.

હું એક રખશની બુનીઆદનો વછેરો ધરાઉંછું કે જે ચાલવામો વાઘ જેહેવો અને દોરવામો પવન જેહેવોછે.

બેત.

ઈકી કોરરે ચું કુહ વાદી સપર,
બ સેહરા બે પુએઅદ ચો મોરગી બ પર.

માએની.

તે એક વછેરો પાહડની મીસાલનો, જંગલને કાપનારો, કે જે મેદાનમો ઉડનારા મોરગની મીસાલે દોડેછે.

બેત.

બ જુરો બ રફતંન બ કેરદારે હુર,
ન દીદસત કસ આં ચોના તીજ પુર.

માએની.

તે કઉઅતમો તથા દોડવામો અને ખસલતમો આફતાબનાં જેહેવોછે, કે તેહના જેહવો તેજ દોડનારો વછેરો કોઈએ જોએઓ નથી.

બેત.

જે જખમે સુમશ ગાવ માહી સેતુહ,
બ જસતંન ચો બરકો બ હેકલ ચો કુહ.

માએની.

તેની નાલની જરબે કરીને પાતાલની ગાએ આજેજછે; તે કુદવામો વીજલીની મીસાલનો અને દેખાવમો પાહડનાં જેહવોછે.

બેત.

બ કોહ બર પરંદે બ સાંને કલાગ,
બ દરીઆ શનાવર બ માનંદે માગ.

મા એ ની.

પાહડ ઉપર કાગડાની મીસાલે ઉડનારો અને દરીઆમો મોરગાબની પેઠે તરનારો.

બે ત.

બ સેહરા દવાં હુંમચો તીર અજ્ કમાંન,
રસદ ચું શવદ અજ્ પસે બદગમાંન.

મા એ ની.

જેમ કમાંનમોથી તીર છુટે તે રીતે મેદાંનમો દોડીને દુશમનનો કુંબાલો પકડનારો.

બે ત.

બ નીરૂએ પીલો બ બાલા હીઉંન,
બ જોહરે ચો શીરો તને બી સેતુન.

મા એ ની.

કઉઅતમો હાથી જેહેવો અને કદમાં ઉંઠ જેહવો, તથા વાઘ સરીખા પીતાનો અને ઉંચાઈમાં ઘણો બોલંદ.

બે ત.

ચો બર સંગ શુદી સોમએ સંગ રંગ,
બ ફરસંગ રફતી ચકાચાક સંગ.

મા એ ની.

અગરજો તે (ઘોડા)ના ખાકી રંગનું સુમ પથ્થર ઉપર લાગતું તો કોશો સુધી તે પથ્થર અથરતો ચાલતો હતો.

ઊપલાં બેત ફીરદોસીએ આજ ૮૦૦ વરશની વાતપર જોડેલાંછે, તે મધે તેણે પુરાતમ જમાનાંના એક પેહલવાંનના ઘોડાની તારીફ કીધીછે. ફીરદોસી તે ઘોડાને પાહડની મીસાલનો અને પવનની ચાલનો અને હાથીનાં કદનો લખેછે, તેમાં તેણે પોતાની શાએરીનો હક બેશક વાપરે લોછે, પણ એ નામીચા શાએરનું કરેલું બેઆન હાલ જે ફેલાદી બદનનો ઘોડો મુંબઈ અને થાણાં વચ્ચે દોડેછે તેહેને મજબુત લાગુ પડેછે. તા૦ ૧૬ મી એપરેલ ૧૮૫૩ અને સનીવારને દીને એ ઘોડાની ચાલ હીંદુસથાંનની જમીનપર શરૂ થાઈ હતી, તે દીવસ તવારીખમાં નોંધી રાખીઆ જોગછે. એ દીવસે આપણા જમાનાની સુધરાઈનું એક નામીચું હથી

આર હીંદુસથાંન મધે અને આખા એશીઆખંડ મધે પેહેલવેહેલું ચાલુ થાઈઊં હતું, અને જેઆરે આપણે જોઈએછે કે આપણી પરૂથવીના એક ભાગપર લોહોડાંની સડકે દુનીઆંના લોકોની ભાઈબંધીમાં તથા સુખમાં કેહેવો વધારો કીધોછે, અને આબાદી તથા રચનાંથી તે ભાગને કેહેવી મોહોટાઈ આપીછે, તેઆરે હેવા નેકનાંમી ભરેલા દીવસને અને હેવી તારીફ લાએક હીકમતને જોસા ભરેલાં દીલ સાથે આપણથી ખુશ આમદી કરીઆ વગર રેહેવાતું નથી. આ દેશમાં ઈંગરેજી અંમલ શરૂ થાએઆ પછી આપણાં કલેઆંણને લગતી જે કાંઈ કોશેશો ઈંગરેજોના હાથથી ચાલુ થાતી આપણે જોઈછે તે સંગલાંમાં આ લોહોડાંની સડકનું કામ સરવેથી નામીચું અને ફાએદા ભરેલુંછે. એ કામ તેહેના પરવરતા વનારોને ઘણી ખોજોરગી આપેછે; તેમાં ઈંગરેજો આ દેશના વતની ઓની નજદીક, "વીદીઆ બલ તે માહબલ" એ કેહેવાતની સચાઈ ખરી ઠેડવેછે. એ સડક ચાલુ કરવાની કીરીઆની વખતે આપણા નામદાર ચીફ જસટીસ સર ઊલીઅમ ઈઆરડલીએ કરેલાં ભાશાણ મધે જણા વીઆ મુજબ, આ દેશમાં ઈઊરોપીઆંનોએ પોતાની સાહેબી ચાલુ કર વાને કીજે હીંદુસથાંનના વતનીઓ સાથે જે ઘણીએક લડાઈઓ કીધીછે તથા ફતેમંદી મેલવીછે, તે સંગલી ફતેમંદીમાં ઘણાએક જીવની ખુઆરી અને અરસપરસ દલગીરી ઊતપન થાઈછે, પણ આ ફતેમંદીમાં તેહેવું કાંઈ થાઈઊં નથી, તેમાં કોઈને દલગીરી ખમવી પડી નથી, અને તે કામમાં ઈંગરેજી અંમલને માથેના તથા તે અંમલને તાબેના સંગલા લોકો એક દીલથી ખુશી સાથે સાંમેલ થાએઆછે. આપણી અગનીરથનો જોરા વર, કદાવર, અને કધી થાકે નહી હેવો ઘોડો થોડાંએક ગેઆલન પાણીના બાફની મદદથી એક નાધલું શેહેર પોતાની પછવાડે ઘસડી લઈ જવા જેટલી શકતી ધરાવેછે, અને માણસનાં અંગજોરનાં કરતાં તેહેના એલ મનાં કઊવતની ખોજોરગીની દલીલ તે સરવે કોઈને દેખાઈતી કરેછે.

હમો ધારીએછે કે આપણાં સવસથાંનની લોહોડાંની સડકની થોડી એક તવારીખ તથા બીજી વીગત આ જગોએ વગર ઊપીઓગની

માલમ પડશે નહી. એક દેશના જુદા જુદા ભાગો વચ્ચે આવજાવ કરવાનો તથા સંધેસો ચલાવવાનો મારગ સેહેલો કીધાથી તે દેશને જે લાભ થાએછે તે લાભથી સરવે સુધરેલી પંચના લોકો જાણીતાછે. હીંદુસથાંનમાં ખરાબ અને બીકટ રસતાઓને લીધે ઘણીએક સુધરાઈ, ઘણોએક વેપાર, અને ઘણોએક અરસપરસ વેહેવાર બંધ રહેઓછે, અને ઘણાએક લોકો એકબીજાની હાલતથી અંજાણા રહેઆછે, તે વાત કોઈને અંજાણી નથી. એ કારણ ઊપરથી હીંદુસથાંનમાં લોહોડાંની સડક બાંધવાની ગોઠવણ કરવાને કીજે આપણી ઊપર હકુમત કરનાર ઈસટ ઈંડીઆ કંપનીના ડરેકટરોએ ઈ૦ સ૦ ૧૮૪૨ નાં વરશમાં પેહેલવેહેલો એરાદો કીધો હતો. એ વખતે આફઘાનીસતાંનની ખરાબી ભરેલી લડાઈ તરત આખેર થાઈ હતી, અને આપણી ઊપર હાકમી કરનાર ગવરનર જેનરલ લારડ એલેનબરો તરતજ હીંદુસથાંન ખાતે આવેલો હતો. એ ઊમરાવનાં રાજમાં આ દેશમાં સંગલી તરફ સુલેહ રેહે અને સુલેહની ફુરસદથી આ દેશના ફાએદાં સંબંધી ઘણાએક નવા એલાજો નીકલે હેવી સરવે ઠેકાંણે આશા રાખીઆમાં આવતી હતી. પણ લારડ એલેનબરોએ ટુક મુદતમાં એ ઊમેદ ખોટી પાડી હતી. તેણે પોતાની નામદારી લડાઈ અને લશકરી સંફમાંથી મેલવવાનો મારગ ધરીઓ હતો, તે કારણથી અને સર ચારલસ નેપીઅર જેહેવા ટંટાખોર લશકરી સરદારની મદદથી, સીંધની લડાઈમાં અને તેઆરપછી ગોવાલીઅરનાં રાજને જેર કરવાનાં કામમાં તે ગોવાએઓ હતો, અને તેહેની ઊપર જે સંપજની ઊતપંતીનાં સુધારાની આશા રાખીઆમાં આવી હતી, તે આશા એ બનાવોથી ભશટ થાઈ હતી. હમોએ જણાવીઊંછે કે હીંદુસથાંનમાં લોહોડાંની સડક બાંધવાને કીજે ઈસટ ઈંડીઆ કંપનીના ડરેકટરોએ સને ૧૮૪૨ નાં વરશમાં પેહેલવેહેલો એરાદો કીધો હતો તે કામનેસર તેઓના આસરાથી હીંદુસથાંનમાં સડકની બાબદનું એક પુસતક ઈંગલંડમાં પરગટ થાઈઊં હતું. પણ લારડ એલેનબરોનાં અંમલમાં એ કામ બાબે આ દેશમાં કાંઈબી તરેહેની ગોઠવણ થાઈતી નહી, અને હાલ પણ આપણે મુંબઈમાં લોહો

ડાંની સડકપર ગાડી દોડતી જોઈએછે, અને કલકતા તરફ તે લગભગ તઈઆર થવા આવીછે, તે કામ પરથમ ઊભું કરવાની શાબાશી આપણા રાજવાલાઓને મલતી નથી. તેઓએ એ કામમાં પેહેલો એરાદો કીધો હતો એ વાત ખરીછે; સરકારે એ બાબદનો ધીરો સંધેસો જારી કીધો હતો, તેજ રીતે આપણા દેશમાં સરકારનાં કામનો જો આસરો રેહેતે તો જે કામ હવડે થાઈઊંછે તે આજ પછી દસ વરશેબી બનતે નહી. એ કામની ઊતાવલ અને તેહેની હાલની પસંદ પડતી હાલત ખાનગી પુરસો તથા દોલતવાલાઓની ઊલટથી થાઈછે, તે મુંબઈ સવસથાંનની લોહોડાંની સડકની નીચે લખેલી તવારીખ ઊપરથી જોવામાં આવશે.

સને ૧૮૪૩ નાં વરશમાં મી૦ જી. ટી. કલારક નામનો એક ચંચલ ઈનજીનીઅર આપણા ટાપુ ખાતે આવીઓ હતો. એ ગરહસથ ઘણો વગવાલો અને સારાં ખાંનદાંનનો હતો, અને અતરે આવીઆ પછી સરકારની તરફથી નીમખનાં અગરનાં કામની કેટલીએક તલાસ કરવામાં તથા બીજાં કેટલાંએક કામોમાં રોકાએઓ હતો. પણ મી૦ કલારક પરથમ હીંદુસથાંનમાં આવીઓ તેઆરે તેહેની મતલબ આ ઈલાકામાં લોહોડાંની સડક બાબે તજવીજ કરવાની હતી, અને એ કામમાં તેણે ઈંગલંડ મધે ઘણીએક માહીતગારી મેલવી હતી. એ કામસર સને ૧૮૪૪ નાં વરશની શરૂઆતમાં મી૦ કલારકે અતરેના કેટલાએક આબરૂવાલા ગરહસથોની ભલામણ ઊપરથી વગર આમદરફ્તે તલાસ કરવાનું કામ શરૂ કીધું હતું. મી૦ કલારક સાથે પુરતું ઈનજીનીઅરખાતું અથવા માણસો હતાં નહી, તેથી તેહેને કાએદાસર "સરવઈ" ઈઆને ભરત અને તેહેનો ચોકસ અડસટો કરવાને બની આવીઊંતું નહી, તેથી મુંબઈથી તે માહેલાં દેશના કેટલાએક ભાગ સુધી એ ગરહસથ ફકત મુસાફરી કરી આવીઓ હતો; તે મુસાફરીમાં તેણે થોડીએક તજવીજ કીધી હતી, અને આપણાં સવસથાંન મધે સડક બાંધવાનાં કામને કીજે ઘાટ પસાર કરવા સવાએ તેણે બીજું કાંઈ કામ કઠણ જોઈઊંતું નહી. એ વરશના જુન મહીનામાં મી૦ કલારકે કેટલાંએક કાગજીઆં તઈઆર કીધાં હતાં, તેમાં

તેણે મુંબઈથી તે થાણાં સુધી લોહોડાંની સડક બાંધવાની ગોઠવણ જણાવી હતી, અને તેહેનો ખરચ ૫૦ લાખ રૂપીઆ ઠેડવીઓ હતો. એ ખરચ વીશે આપણી અજમાએસ ઊપરથી જોવામાં આવેછે કે મી૦ કલારકની ધારણાં બરોબર હતી, પણ એ સડકની કમાઈની બાબદમાં તેણે મોહોટી ચુક કીધી હતી. એ કારણસર મી૦ કલારક પાસે કાંઈ ચોકસ હીસાબ અથવા ગણતરી હતી નહી, અને તેહેને જુજ આધાર ઊપરથી કમાઈનો જે ખેઆલ કીધો હતો તે હીસાબથી એ ધણીએ પોતાના ભાગીદારોને દર વરશે સેંકડે ૧૧ ટકાનું વીઆજ આપવાની ઊમેદ આપી હતી. એ ઊમેદ ઊપરથી આપણા ટાપુમાં રેલવે કંપનીનો એક ભંડોલ ઊભો કરવાની ઘણાએક શખસોનાં દીલમાં ઈછા પેદા થાઈ હતી; પણ તેઓમાંથી મી૦ કલારકની ગણતરી તપાસવાનો તથા અગત પડે તો જમીનનું ભરત કરવાનો ખરચ આપવાને કીજે કોઈ બાહેર પડીઊંતું નહી. એ સબબથી એ કામમાં આગેવાંન થાએલા ગરહસથોએ મી૦ કલારકનાં કાગજીઆં આપણી સરકારપર મોકલી દીધાં હતાં, અને એ કામમાં સરકારની મદદ માંગી હતી. સર જારજ આરઠર એ વખતે આપણો ગવરનર હતો, તેણે એ કામમાં મદદ કરવાની પોતાની ઘણી ઈછા બતલાવી હતી.

મુંબઈ તથા થાણાં વચ્ચેની સડકની બાબદમાં મી૦ કલારકની ગણતરી આપણી સરકારપર ગએઆ પછી તે બાબે તલાસ કરવા અને તેપર એક ભરોસો રાખીઆજોગ હેવાલ લખવાનું કામ સરકારે પોતાના ચેઆર મોહોટી પદવી અને માહીતગારીવાલા અમલદારોની એક મંડલીને સોંપીઊં હતું. એ અમલદારોએ મી૦ કલારક સાથે મલીને આસરે બેએ મહીનાવેર સંગલો હીસાબ તપાસીઓ હતો, તેમાં તેઓએ એ સડકનો ખરચ* ૫૪ લાખ રૂપીઆનો ઠેડવીઓ હતો, અને મી૦ કલારક જે ૧૧ ટકાની વેંહેંચણીની લાલચ બતલાવતો હતો તેહેની જગોએ એ અમલદારોની મંડલીએ સાફ જણાવીઊં હતું કે એ સડકની પુંજીપર વરશ દાહાડે સેંકડે ૪ાા ટકાનાં વીઆજ કરતાં ભાગીદારોએ વધતી ઊમેદ

રાખવી નહી. એ અમલદારોએ લખેલો હેવાલ તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૪૫ નાં સરકારી ગેજેટ મધે પરગટ થાએઓ હતો.

હીંદુસથાંનમાં થોડી પુંજીને લીધે નાણાંનું વીઆજ વરશ દાહાડે સેંકડે ૬ થી તે ૯ ટકા સુધી સારી રીતે ઊપજી શકેછે, તાંહાં આ નવાં કામમાં ૪ાા ટકાનાં વીઆજની લાલચ પુરતી હતી નહી. જે લોકો એ નવાં ભંડોલમાં ભાગ લેવાને ધારતા હતા તેઓએ પોતાનો વીચાર ફેર વીઓ હતો, અને જાંહાં ૫૪ લાખ રૂપીઆની પુંજીની અગત હતી તાંહાં ૨૧ લાખની કીમત કરતાં વધારે ભાગોની માંગણી થાઈ નહી, અને થોડા દાહાડામાં મુંબઈથી થાણાં સુધીના ધારેલા રેલવેનું કામ અતરે સુસત થાઈ પડીઊં હતું. આપણા ટાપુમાં લોહોડાંની સડક ઊભી કરવાના આ પેહેલા ઊપચારમાં મી૦ જે. પી. વીલોબી, કરનલ મેલવીલ, કરનલ જરવીસ, લફટેનંટ સુઅરટ, મી૦ ઊ. હાવરડ, મી૦ રીચરૂડ સપુનર, મી૦ એચ. એચ. ગલાસ, મી૦ એસ. એસ. ડીકીનસન, અને શેઠ ફરાંમજી કાવશજી બનાજી, એ ગરહસથોનાં નામો મુખી આગેવાંન દાખલ જોવામાં આવેછે. આપણા દેશીઓમાં ઊપલા નેકનામ જીનતનશીન પારસી શેઠીઆ સવાએ એ તારીફ લાએક કામમાં કોઈ બીજા દેશીનું નામ સામેલ થાએલું જોવામાં આવતું નથી.

સરકારી ગેજેટમાં ઊપલો હેવાલ છપાએઆ પછી થોડા દીવસમાં આપણી સડક બાંધવાની સંગલી ચરચા અતરે નરમ થાઈ હતી; મી૦ કલારક અને બીજા એએ ચેઆર ગરહસથો કાંઈ જુજ તજવીજ કરતા હતા, પણ તેઓનો એરાદો જલદીથી પાર પડે હેવી કોઈને વકી હતી નહી. મુંબઈમાં એ કામ બનવું કઠણ હતું, તે કારણ ઊપરથી અતરેથી ઈંગલંડ ખાતે ગએલા કેટલાએક વેપારીઓએ "ગરેટ ઈંડીઅન પેનીનશુલા રેલવે કંપની" નાં નામથી તાંહાં એક ભંડોલ ઊભો કીધો હતો, કે જેહેના આસરાથી હાલ મુંબઈ મધે લોહોડાંની સડક ચાલુ થાઈછે. મુંબઈ વાલાઓએ એ ભંડોલને પોતાનો સંગલો અખતીઆર સપુરદ કીધો હતો, અને સને ૧૮૪૫ ના આગસટ મહીનામાં મી૦ ચાપમેન નામનો એક

ચંચલ ઈનજીનીઅર બીજાં માણસો સાથે ઈંગલંડથી અતરે આવી પોંહોંચીઓ હતો. મી૦ ચાપમેન અતરે લગભગ બેએ વરશ રહેઓ હતો, તે મુદતમાં તેણે આપણા ઈલાકાનાં રૂઉનાં પરાંત, ઘાટ, વેપાર, અને આવવા જવાના રસતા બાબે ચોકસ તજવીજ કીધી હતી. એ સોધોનું મુંબઈ સવસથાંનના વેપારની બાબદનું એક પુસતક મી૦ ચાપમેને પર ગટ કરીઉંછે, તે વાંચવાજોગ અને અગતનુંછે. મી૦ ચાપમેને પોતાના ડરેકટરોને જાહેર કીધેલા હેવાલ ઊપરથી આપણી રેલવે કંપનીનું કામ જારી થાઈઉં હતું. સરકાર સાથે આસરે તરણ વરશ સુધી તેઓએ કાગજ પતરનો સંધેસો ચલાવીઓ હતો, અને તે સંધેસાથી હીંદુસથાંનની સરકારને એ સડકની ગોઠવણમાં કેટલોએક અખતીઆર આપીઓ હતો, તથા સરકારી અસબાબ લાવવા લઈજવાના કેટલાએક હક આપીઆ હતા, તેહેના અવેજમાં એ સડકના ભાગીદારોને નફો થાએ ઈઆ નહી થાએ, તોપણ ૯૯ વરશ સુધી વરશ દાહાડે સેંકડે પાંચ ટકાનાં વીઆજની બાંએધરી આપણી સરકારે કબુલ કીધી હતી, અને એ સડકનાં કામસર પોતાના ખરચથી સંગલી જમીન પુરી પાડવાનું પણ સરકારે કબુલ કીધું હતું. એ સંગલી સરત નામદાર ઈસટ ઈંડીઆ કંપની અને આપણી સડકના ભાગીદારો વચ્ચે હાલ ચાલુછે. મી૦ ચાપમેન કાંઈએક વાંધા ઊપરથી રેલવે કંપનીની ચાકરીમાંથી નીકલી ગએઓ હતો, તોપણ સરકારની બાંએધરી મલીઆ પછી એ કામમાં કાંઈ હરખત પડીતી નહી; પણ આપણી સડકનું કામ ઈંગલંડમાં ઊઠી ઊભું કરવાની જેહમતની મોહોટી શાબાશી મી૦ ચાપમેનને મલેછે.

આપણી સડક બાંધવાનું કામ તા૦ ૩૧ મી અકટોબર ૧૮૫૦ ને દીને શરૂ થાઈઉં હતું, તેહેની કીરીઆનો ટુક હેવાલ તે વખતે હમોએ મુંબઈ સમાચાર પતરમાં લખીઓ હતો તે અતરે ઊતારી લઈજીએછે.

"હીંદુસથાંન મધે લોહોડાંની સડકો બાંધવાનાં કામની શરૂઆતની પેહેલી કીરીઆ આપણા પનોતા ટાપુ મધે થાઈછે. * * *

"ગરેટ ઈંડીઅન પેનીનશુલા રેલવે કંપનીની મુંબઈથી તે કલેઆંણ સુધી સડક બાંધવાની શરૂઆતની "જમીન ઉખેડવાની" પેહેલી કીરીઆ સીમની

ઉતર દશા તરફની વાડીઆજી શેઠ બહેમનજી હોરમનજીનાં મીઠાંનાં અગરની સાંમણેની ટેકડીની બાજુપર ગએઆ ભરેસપતવારને દીને સહવારનાં ૭ા કલાકને અમલે શરૂ થાઈ હતી, તે વેલાએ આપણી કાંઉનસીલનો અધીકારી નામદાર જે. પી. વીલોબી તથા કપટાંન ફરેચ, ટાઉનમેજર, તથા મેજર શુઆંનશંન, તથા શેઠ જગંનાથ શંકરશેઠ, તથા શેઠ ખરશેદજી જમશેદજી, તથા કપટાંન જે. એચ. કરાફરડ, તથા વાડીઆજી શેઠ બહેમનજી હોરમનજી તથા એ સડક ખાતાંને લગતા બીજા ગરહસથો હાજર હતા. જમીન માહેથી મટોડી ઉખેડીઆ પછી એ કીરીઆ મધે સાંમેલ રેહેનાર સંગલા ગરહસથોએ દરએકે એક લોહોડાંનો પાવરો ભરીને મટોડી હાથથી ચલાવવાનાં એક ગાડાં મધે નાખી, તે પછી રસતાપરથી એક મજુર સીમના પુલની બાજુપર ચીકલની જગો તરફ તે ગાડું ઘસડી લઈ ગએઓ, તે ગાડું નામદાર જે. પી. વીલોબીએ તે જગોપર ઉંધું વાલીઉં અને તે માહેલી મટોડી ચીકલ પુરવાની જગો ઉપર નાખી, તે વેલાએ એ કીરીઆ મધે હાજર રેહેનાર શખસોએ ખુશાલીનો તરણ વાર આવાજ કીધો, તેઆરપછી એ માહાભારત કામની શરૂઆતની મુબારકબાદીમાં તે ગરહસથોએ એ સડકને ફતેમંદી હોજો હેવી ચામપીન દારૂ સાથેની સલાંમતી લીધી, તે પછી એ કીરીઆ પુરી થાઈ.

"સીમના પુલની બાજુપરની જાહાડીઓ કાપીને ચીકલની જગો પુરવાનો મી૦ બાલસટંન નામના એક શખસે ઈજારો લીધોછે, અને એ કામ જલદીથી ચાલે હેવું ધારેઆમાં આવેછે. લોહોડાંની સડકનું કામ આપણા ટાપુપર ખરેખર શરૂ થાઈઉંછે, એ ખબર થોડી ખુશાલી ભરેલી નથી, અને એ બાબદમાં આપણો નાધલો ટાપુ એશીઆખંડના બીજા દેશોપર મોહોટી સરદારી ભોગવશે, અને એ આખા ખંડમાં લોહોડાંની સડકનું કામ આપણા ટાપુ મધે પેહેલવેહેલું શરૂ થાએઉં હેવું જાવેદાંન સુધી નામ રેહી જાશે. સીમના પુલપર થઈને એ સડક થાણાં તરફ જાશે તેહેનો પેહેલો ભાગ વાડીઆજી શેઠ બહેમનજી હોરમનજીની જગોપરથી બાંધીઆમાં આવનારછે, તે જગો તથા સડકના પાટા ગોઠવવાનાં બાંધકામને કીજે મટોડું તથા હેવોજ બીજો સામન એ શેઠીઆએ વગર ખરચે આપવાને કબુલ કીધુંછે, અને તેહેના અવેજમાં એ સડકથી શેઠ બહેમનજી હોરમનજીની મીઠાંનાં અગરની જમીનને જે નુકસાંન પોંહાંચે તેહેનાં નાણાં લેવાને મુકરર કીધુંછે. એ સડકનું મુંબઈથી તે થાણાં સુધીનું કામ બેએ વરશમાં પુરૂં થાએ હેવું ધારીઆમાં આવેછે, અને સંવત ૧૯૦૯ નાં શાલની શરૂઆતમાં એ સડક તઈઆર થાએઆ વીશેની હમારા વાંચનારાઓને હવડેની માફક હમો મુબારકબાદી આપીએ હેવી હમો આશા રાખીએ છઈએ, તે આમીન હોજો."

એ કામ શરૂ થાએઆ પછી ઊપર ધારેલાં બેએ વરશની જગોએ હુડી વરશે તે સરનજામ પોંહોંચીઊંછે. મી૦ બાલસટનનો ઈજારો અતરે સીમના પુલની બોરદુપર પુરણી કરવાનો હતો, તે પછી મુંબઈથી તે થાણાં સુધી બાકીનો રસતો બાંધવાનો ઈજારો મી૦ ફલેવીઅલ તથા ફાઊલર નામના બેએ ગરહસથોએ લીધો હતો, તેઓએ મી૦ બાલસ ટનનું કામ પોતાનાં પેટાંમાં રાખીઊં હતું. આપણી સડક મુંબઈમાં બોરીબંદર આગલથી શરૂ થાએછે, તે મજગામમાં લાકડાંનાં બંદર સુધી ચાલેછે, તેઆરપછી એક પુલની હેઠલથી આંટો લઈ મજગામને આરૂં કાપીને ભાંએખલા આગલથી બાહેર નીકલેછે, તાંહાં પણ તેહેના રસતાનાં માથાંપર એક પુલ બાંધેલોછે. ભાંએખલેથી પરેલ, નાએગાંમ, અને મટું ગાની પછવાડેનાં ખેતરોમાંથી તે સીમ પોંહોંચેછે. એ છેલ્લા જણાવેલા મુકામપર ગએઆ આગમજ તેહેની એક દાહાલ મેહેમમાં લેડી જમશેદજી વાલા પુલ સુધી પોંહોંચાડેલીછે, તેથી મુંબઈ અને મેહેમને એ સડકથી જોડેલુંછે. સીમનો દરવાજો પસાર કીધા પછી પુલની બાજુપરથી સડક છાસટીમાં દાખલ થાએછે. એ દાખલ થતાંવાર સાંમણે એક ઊંચો ટેકડો નજર આવેછે તે કાપીને તેમાંથી લોહોડાંની સડકનો મારગ પાડેલોછે. એ પછી આપણી સડક ઘાટકોપરને એક બોરદુપર રાખીને છાસટીની ઊગમણ દસાનાં નાકાંપરથી પાધરી ભાંડુપ અને તાંહાંથી થાણે જાઈ પોંહોં ચેછે. થાણાંની દખણ દશાએ આસરે અરધા માઈલની વેગલાઈપર ચંદની નામનું એક નાધલું બંદર આવેલુંછે, તાંહાં હાલ ચાલતી સડકનું કામ પુરૂં થાએછે. એ સંગલો રસતો તઈઆર કરવાનું કામ મી૦ ફલે વીઅલ તથા ફાઊલર એ બંધે શખસોએ પંતીઆલાંમાં ઈજારે લીધું હતું. ચંદની મુકીઆ પછી થાણાંની સાંમણી બોરદુ તરફ જતાં પાણીની એક નાધલી ખારી આવેછે, તે પાર કરવાને આરકાંની બેએ હારનો એક મોહોટો પુલ બાંધીઆમાં આવીઓછે, તે પુલ ચંદની બંદરથી પરસીકના સાંમણા કીનારા તરફ જાએછે, તાંહાંથી એ સડક થોડોએક સીધો રસતો કાપેછે, પછી મારગમાં બેએ નાધલા ડુંગરો આવેછે, તે બંધેને માથેથી

આરકું રાખીને તેહેના ખુગડા ફેડી કાહાડીઆછે, તે મારગે સડક પસાર થાઈને કાંઈ બીજી હરખત વગર પાધરી કલેઆંણ સુધી પોંહોંચેછે; અને તાંહાં આપણી સડકની હાલની ધારેલી હદ આખર થાએછે. થાણાંની સાંમણી તરફનું કલેઆંણ સુધીનું કામ મી૦ જાકસન તથા એક પારસી નામે જમશેદજી મીસતરીને* ઈજારે આપેલુંછે, તે વરસાદની રૂતુ આખર થાએ તેટલામાં પુરૂં થવાની વકી રાખીઆમાં આવેછે.

મી૦ ફલેવીઅલ તથા ફાઊલરે પોતાના ઈજારાનું કામ સને ૧૮૫૧ નાં વરશના પેહેલા ભાગમાં શરૂ કીધું હતું, તે તેઓએ હવું તો ઊતાવ લથી ચલાવીઊં હતું કે બીજે વરશે તા૦ ૧૮ મી ફેબરવારીને દીને મટોડું અને બીજો સામાન લાવવા લઈજવાને કીજે ભોંએખલાથી તે સીમ સુધી એક નાધલી અગનીરથ તેઓએ ચાલુ કીધી હતી; તે ગાડીનું નામ આપણા હાલના ગવરનરની ઈઆદગારી દાખલ "ફાકલંડ" કરી રાખીઊં હતું, અને ઊપલા ૧૮ મી ફેબરવારી ૧૮૫૨ ને દીને એ સડ કના ફેલાદી ઘોડાનો આવાજ આથમણ હીંદુસથાંન મધે પેહેલવેહેલો સંભલાએઓ હતો. એજ વરશની આખરીમાં મુંબઈથી તે થાણાં સુધીનું સંગલું કામ પુરૂં થાઈઊં હતું, અને તે પછી એ સડક ઊંઘાડવાને હાલ જે તરણ અથવા ચેઆર મહીના ભાગા તે ઢીલ માતરે ઈંગલંડથી આવેલી ગાડીઓને તથા બીજા સામાનને ઊભો કરવાના વીલમથી થાઈ હતી. એ સડકપર અગનીરથ હાલ જોરથી ચાલેછે; તે તા૦ ૧૬ મી એપરેલ ૧૮૫૩ અને સનીવારને દીને આપણા કીલ્લાપરથી ૨૧ ટોપની સલાંમતી અને વજનતરોના આવાજ તથા મોહોટી ધામધુમ સાથે ઊતારૂ ઓને લઈને ચાલુ થાઈ હતી; અને તે દીવસ મુંબઈમાં તેહેવાર દાખલ ગણીઆમાં આવીઓ હતો. એ સડકપરથી હાલ દર અઠવાડીએ આસરે ૪૦૦૦ માણસો આવજાવ કરેછે; તેમાંથી મોહોટો ભાગ માતરે નવાઈને ખાતર જાએછે, પણ જેઆરે એ સાંચાની અચરતી અને નવાઈ પુરી પડશે તેઆરે પણ એ સડકને મારગે દર અઠવાડીએ આસરે એક હજાર

* શેઠ જમશેદજી દોરાબજી નાએગાંમવાલા.

માણસોની આવજાવની વકી રાખીઆમાં આવેછે. એ સડક છાસટીના જે મુકાંમોપરથી પસાર થાએછે તાંહાંની રચનાંમાં તેણે ફેરફાર કરી મુકી ઓછે, અને હવડેથીજ એ સડકને લીધે સેંકડો આદમીઓની જાથુક રોજી ઊંઘડીછે.

મુંબઈથી તે થાણાં સુધી એ સડકની લંબાઈ ૨૧ માઈલછે, તે પછી કલેઆંણ સુધી બીજા ૧૧ માઈલ થાએછે. એ બંધે મલીને હાલની આપણી સડકની લંબાઈ ૩૨ માઈલનીછે. એ કામપર ૪૫ લાખ રૂપીઆ ખરચ લાગોછે, અને વરસાદની મોસમ ગએઆ પછી મુંબઈથી તે કલેઆંણ સુધી ઊતારૂ તથા માલ લાવવા લઈજાવાને કીજે એ સંગલો ભાગ તઈઆર થાશે. એ ગોઠવણથી પેનીનશુલા રેલવે કંપનીવાલાઓની પેહેલી કબુલાત પાર પડીછે, અને હાલમાં તેઓ એ સડક વધતી આગલ ચલાવવાની ગોઠવણ કરેછે. હમારા વાંચનારાઓ જાણેછે કે આપણા કોસટા તરફ સુરતથો તે મલબાર કોસટાનાં દખણનાં નાકાં સુધી પાહાડોની એક હાર લાગેલીછે, તે પાહાડો અને દરીઆની વચ્ચેની જમીનને આપણી તરફ કોકણ કરીને કેહેછે, અને કલેઆંણ કોકણમાં આવેલુંછે. એ કોકણમાંથી હીંદુસથાંનના કોઈબી ઊગમણ ભાગ તરફ આપણને જવું હોએ તો મારગમાં એ પાહડો નરેછે, તે પાહડો પસાર કરી જવાના જે રસતા પાડીઆછે તેઓને ઘાટ કરી કેહેછે. જેમકે મુંબઈથી પુણે જતાં રસતાપર મારગમાં બોરઘાટ આવેછે; તેહેની થોડાએક માઈલની વેગલાઈએ ભીમડીની સાંમણે માલસેજ ઘાટ આવેલોછે, અને નાસક જાતાં રસતાપર થલ ઘાટ આવેલોછે. એ તરણ ઘાટ માહેથી કોઈબી ઘાટ પસાર કરીઆ વગર માહેલા દેશથી કોકણ કાંઠા તથા બંદરો આગલ અવાઈ શકાતું નથી. હવે આપણી લોહોડાંની સડકનું કલેઆંણમાં મથક ઠેડવેલુંછે, અને તાંહાંથી તેહેની સાખો જુદા જુદા ઘાટ તરફ લઈ જવાની ધારણાં રાખીછે. હમારા વાંચનારાઓએ ધેઆંનમાં રાખવું જોઈએછે કે માલસેજ ઘાટની ઊંચાઈ દરીઆની સપાટીથી આસરે ૪૦૦૦ ફીટનીછે, બોરઘાટ ૨૫૦૦ ફીટ ઊંચોછે, અને થલઘાટ પણ નજદીક તેટલો

જછે. એટલી ઊંચી જગોપર લોહોડાંની સડકને વલાણ આપી ચહડાવવાનું કામ થોડું બીકટ નથી. આપણી સડકે એ ઘાટ પસાર કીધાથી આ જમાનાના એલમ અને હીકમતનું એક ઘણું નામીચું અને તારીફ લાએક કામ થાશે, કે જે ઘાટપર હાલ સાદી ગાડીઓ ઘણી અડચણથી જાએછે અને જે રસતે ઘોડાઓ ગાડીમાં જોતરાઈને ઊંચે ચહડી શકતા નથી, તે મારગે અગનીરથ વગર ઢીલે પસાર થાએ એ કામ થોડું વખાણીઆજોગ નથી.

મી૦ ચાપમેને જેઆરે એ સંગલા ઘાટની તજવીજ કીધી હતી તેઆરે તેણે માલસેજ ઘાટપરથી એ સડક માહેલાં દેશમાં લઈ જવાનો પોતાનો વીચાર આપીઓ હતો, પણ એ ગોઠવણ હવડે પડતી મુકીઆમાં આવીછે, કાંએકે તેમાં ઘણીએક અડચણો પાછલથી નજર આવેછે, તેમાં સઊથી મોહોટી અડચણ એ છે કે માલસેજનાં માથાંપર જતાં પાહડની અંદરથી આસરે એક માઈલ લાંબો મારગ અથવા બુગડો કોતરી કાહાડવાની અગત પડેછે, અને આપણને અજમાએસપરથી માલમ પડીઊંછે કે થાણાંની સાંમણેની પારના બેએ ડુંગરો શેડતી વખતે, ઘણીએક ઊતાવલ કરીઆ છતાં, એ ડુંગરો દર મહીને ૧૪ વાર કરતાં વધારે કોતરી શકતાતા નહી; તે હીસાબથી માલસેજ ઘાટપર એક માઈલ લાંબી કોતરણી કરતાં ૧૨ વરશ લાગવાં જોઈએ; વાસતે એ ઘાટ પસાર કરવાનો વીચાર હાલ પડતો મુકેલોછે, અને રેલવે કંપનીના હવડેના વડા ઈનજીનીઅર મી૦ બરકલેએ આપણી સડકની પેહેલી ડાહાલ થલઘાટને મારગે પસાર કરવાની ભલાંમણ કીધીછે. એ મારગે નાસકની બોરદુ ઊપરથી બીરારનો રૂઊ, અફીમ, અને વનજારોની ઘણી મોહોટી આવજાવ થાએછે, અને તેપર ચહડવાની વલાણ માતરે ૭॥ માઈલનીછે, અને તેહેનો ખરચ મી૦ બરકલેએ ૨૬ લાખ રૂપીઆનો ગણીઓછે. વાસતે કલેઆંણથી આપણી સડક ઊતર દસાએ શાહપુરનાં ગામડાંની પડોસમાં વાસનદરી સુધી ૧૬ માઈલ ઊપર ચાલશે; તેહેના ઈજારાની હાલ માંગણી થાઇછે, અને એ કામ થોડા મહીનામાં ચાલુ થનારછે. શાહપુરથી બીજા ૨૮ માઈલ જતાં

થલઘાટ આવેછે, અને થલઘાટની ચહડાણ હમોએ ઊપર જણાવીઊંછે તેમ ૭ાા માઈલનીછે. એ રીતે મુંબઈથી ૮૬ માઈલ સડક જતાં થલ ઘાટનાં માથાંપર ઈગતપુરનાં ગામડાંની નજદીક તે જાઈ પોંહોંચશે. ઈગત પુરથી આસરે ૩૦ માઈલ દુર નાસક શેહેર આવેલુંછે, તાંહાંથી મનમાર ૪૫ માઈલછે, તે પછી બહરાનપુર ૧૩૬ માઈલછે, અને તાંહાંથી ઊમરા વટી ૬૦ માઈલછે; એ સંગલા મુકામપરથી આપણી સડક ચાલુ કરવાની ધારણાં રાખીછે, તેહેની જુમલે લંબાઈ મુંબઈથી તે ઊમરાવટી સુધી ૩૫૬ માઈલનીછે. એ સડક ઊમરાવટી પોંહોંચીઆથી આપણી સડક હીંદુ સથાંનના વચલા ભાગમાં અને રૂઊના પાકનાં મુખીઅ મથકમાં જાઈ પોંહોં ચશે. એ સંગલાંના ખરચનો અડસટો બેએ કરોડ રૂપીઆનો ઠેડવેલોછે.

પરથમ આપણી સડકને થલઘાટને મારગે માહેલાં દેશો ખાતે લઈ જવાનો ઠેડાવ થાએઓછે, તે પછી જો જરૂર પડે તો તેહેની બીજી સાખ બોરઘાટપરથી પસાર કરવાની ગણતરી તથા તપાસ થાઈ ચુકીછે. જો એ સડક બોરઘાટને મારગે પુણે ચલાવી હોએ તો મી૦ બરકલેની ભલા મણ મુજબ કલેઆંણથી તેહેની એક સાખ કોકણ મધે દખણ દસા તરફ ચાલશે, તાંહાં વલદબર નદીને મારગે ચોકલીના પાહાડની બોરદુમાં થાઈને તે ખંડાલાની હેઠલ ખાપોલીનાં ગામડાં સુધી આવશે. કલેઆંણથી ખાપોલી સુધી એ સડકની લંબાઈ ૩૧ માઈલની ધારીઆમાં આવીછે. ખાપોલીથી બોરઘાટ શરૂ થાએછે, તાંહાંથી એ ઘાટને મથાલે ખંડાલા સુધી ચહડવાને કીજે એ સડક પાહડની ઊપર આસરે ૧૩ાા માઈલની વલાણ લેશે. ખંડાલે ચહડતાં ઘાટની ચહડાણની એક બોરદુપરથી સર જમશેદજી જીજીભાઈ નાઈટનો બંગલો ઊંચો નજર આવેછે, તેહેની હેઠ લની બોરદુપરથી બીજી કેટલીએક વલાણ લેવી પડેછે, તે વલાણ કાહાડી નાખી તેહેની જગોએ સર જમશેદજીના બંગલાને તલીએથી ડુંગરની અંદર આરકાંનો એક રસતો પાડવાનો ઈનજીનીઅરોએ ઠેડાવ કીધોછે. એ રસતો પાડીઆથી ડુંગરમાં હેઠલથી અગનીરથની આવજાવ થાશે, અને તેહેને મથાલે બંગલો કાએમ રેહેશે. એ મારગ ખંડાલાનાં મોહોરાં

તલાવ આગલ ડુંગર ફોડીને બાહેર નીકલશે, તાંહાંથી બીજા ૩૭ માઈલ કાપતાં પુણું આવેછે. એ છેલ્લાં મથકપરથી અમદનગર, સોલાપુર, ધારવાડ, અથવા નીજામ હેદરાબાદ, અથવા મધરાજ, એ સંગલા લટા તરફ આપણી સડકને લઈ જવાની જોગવાઈ સારીછે. એ ભાગના ખરચનો અડસટો એક કરોડ રૂપીઆનો કરીઆમાં આવીઓછે.

મુંબઈથી તે કલેઆંણ સુધી આપણી સડક બાંધવાને કીજે જે ૫૦ લાખ રૂપીઆનો ભંડોલ ઊભો કરીઆમાં આવીઓ હતો તે મધે ૩૫ લાખ રૂપીઆની કીમતના ૭૦ હજાર શેરના માલેકો ઈંગલંડમાંછે, બાકીના ૩૦ હજાર ભાગ ઈઆને ૧૫ લાખની પુંજીના માલેકો મુંબઈ ખાતેછે, તે ઊપરથી જોવામાં આવેછે કે આપણી સડક બાંધવામાં પુંજીનો મુખીઅ ભાગ ઈંગલંડ દેશનાં લોકોનોછે. એ સડક આગલ ચલાવવાને કીજે જે બેએ કરોડની પુંજી જોઈએછે તે પુંજી એ સડકના ભાગીદારો ખુશીથી આપશે હેવું લાગેછે, તે બાબે ઈસટ ઈંડીઆ કંપનીએ વીઆજની બાંએધરી આપવાની ખુશી બતલાવીછે, અને હાલ રેલવે કંપનીવાલાઓ અને કંપનીના કોરટ આવ ડરેકટરસવાલાઓ વચ્ચે તે વીશેની ગોઠવણ ચાલેછે. એ સંગલી ધારણાં જો થોડાંએક વરશમાં પાર પડે તો પંદર ઈઆ પચીસ વરશમાં મુંબઈથી તે આગરા અને કલકતા સુધી આપણી અગનીરથો ચાલતી જોવાની ઊમેદ આવેછે.*

હીંદુસથાંન દેશમાં જેહેવી લોહોડાંની સડકની અગતછે તેહેવી મોહોટી અગત બીજા કોઈ દેશમાં હશે નહી. આપણો દેશ ખુદરતની સંગલી તરેહેની પેદાશથી ભરેલો અને ફલવાનછે; તેહેની મુફલેસીનું મોહોટું કારણ સારા રસતાઓની અછતથી ઊતપન થાએછે. જે દેશમાં ૧૦૦ માઈલની વેગલાઈનાં લોકો એકબીજાંને પીછાંણે નહી, જાંહાં ખેડુત અનાજ પાકવીને રસતાની ખામીને લીધે પોતાના માલનો ઊઠાવ કરી શકે નહી, અને જાંહાં વેપાર અને વેહેવારનો મોહોટો અટકાવ થાએ, તે

* આગ્મે ધારણાં હમણાં (ઈ૦ સ૦ ૧૮૮૦ સુધીમાં) પુરતી પાર પડીછે. હીંદુસથાંનનાં સરવે જુદાં જુદાં પરાંતો મલીને આસરે ૯૦૦૦ માઈલ રેલવે હાલમાં ચાલુછે, અને પાંચ વરશમાં બીજા ૨૦૦૦ માઈલ તઈઆર થવાની વકીછે.

દેશ મુશ્કેલ રેહે હેમાં નવાઈ નથી. આ દેશને અને તેમાં અગત કરીને મુંબઈ ઈલાકાને લોહોડાંની સડકથી શું લાભ પરાપત થાશે તે બાબે આ ઠેકાંણે લંબાણ બોલવાની હમો અગત જોતા નથી, કાંએકે હમો ધારીએછે કે આ બીનાવાંચીઆ આગમજ હમારા ઘણાખરા વાંચનારાઓએ મી૦ કેખશરૂ હોરમજજી આલપાઈવાલાનો બનાવેલો "લોહોડાંની સડક ઈતીઆદીના ફાએદા તથા જરૂરીઆત" નામનો ઈનામનો નીબંધ જોએઓ હશે, તે મધે એ બાબદસર પુરતું અને ખાતરી ભરેલું બેઆન કીધેલુંછે. બરીટન દેશમાં માતરે તરણ કરોડ માણસની વસતીથી એ દેશનાં બંદરો ખાતેથી દર વરશે ૧૦૭ કરોડ રૂપીઆનો વેપાર ચાલેછે, અને હીંદુસથાંનમાં તે કરતાં આસરે સાત ઘણી ઈઆને ૨૦ કરોડ માણસની વસતી છતાં તેહેનાં બંદરો ખાતેથી પારકાં દેશો સંગાથે માતરે ૨૭ કરોડ રૂપીઆનો વેપાર ચાલેછે,† એ બંધે આંકડા તરફ ધેઆંન પોંહોંચાડીઆથી હીંદુસથાંન અને ઈંગલંડની વસતીની હાલત વચ્ચેનો ફરક તરત દેખાઈ આવેછે. હીંદુસથાંનના રસતા હેવા બાંધેલાછે કે માહેલાં દેશથી બંદર ખાતે રૂઊ લાવતાં તે પર કીમતનો લગભગ ચોથો ભાગ ખરચ થાએછે, તથા અનાજ લાવતાં સેંકડે ૫૦ ટકા ખરચ થાએછે, અને એ પરમાંણે બીજા માલની કીમત દોઢી અને બેવડી વધેઆ વગર તે માલ બંદરો ખાતે આવી શકતો નથી; એ હીસાબ સાથે આપણે ઈંગલંડ દેશને સરખાવી જોઈએછે તો તાંહાં લોહોડાંની સડકને મારગે ઊતાવલે અને સોજાઈથી ૮૦ મણ માલ એક માઈલ લઈ જતાં માતરે ૮ પઈનો ખરચ લાગેછે, તેઆરે એ દેશના વેપારીની ચહડતી દશા અને રોજીની બીશીઆરી અને તાંહાંની દોલતનો સબબ એકદમ આપણને સમજ પડેછે. ઈંગલંડનાં લોકો પોતાના દેશમાંથી માલ જેમ સેહેલાઈથી મોકલી શકેછે તેમજ સેહેલાઈથી લઈ શકેછે; બીજા હાથપર આપણે હીંદુસથાંન તરફ નજર કરીએછે તો વનજારનો ભુખો બલદીઓ અથવા પોથી સેંકડો કોસથી એક ફરો અનાજ ઈઆ

† એ વેપાર વધીને હમણાં (ઈ૦ સ૦ ૧૮૮૦ માં) આસરે ૧૦૦ કરોડ રૂપીઆનો થાએઓછે.

બેએ મણ રૂ ઊ વેરાતો અને ખરાબ થાતો કીનારે લાવેછે, તે પોથી પાછો જતી વખતે જેઆરે માહેલાં દેશ ખાતે નીમખ લઈ જાએછે, તેઆરે એ સંસારની અગતની વસતુ ખરચથી મોઘી એટલી તો થાએછે કે આપણે સાંભલીએછે કે માહેલાં દેશના કેટલાએક ભાગોમાં ગરીબ લોકો મટોડી અથવા દેવાલની ધુલ ધોઈને તેમાંથી ખાર કાહાડીને નીમખને ઠેકાંણે વાપરેછે, અને બીજા ભાગોમાં જમીનમાં ખાડા ખોદી તે માહેલો એક જાતનો ખાર નીમખની જગોએ કામમાં લાવેછે. એ રીતે રસતાઓની ખામીથી હીંદુસથાંનની ગરીબ રઈએતપર શકતી ગુજરેછે. એ સંગ લાંનો એલાજ આ જમાનાની સુધરાઈનાં એક મોહોટાં હથીઆર—લોહો ડાંની સડક—માંછે. એ સડક બોહોલી ફેલાએઆથી આપણા દેશની આબાદી અને રસકસમાં વધારાની મોહોટી અને ચોકસ ઊમેદછે, તે ઊમેદ જલદીથી પાર પડે હેવી આ દેશના સરવે કોઈ ભલું ઈછનારની તરફથી દુવા થાએઆ વગર રેહેશે નહી.

[જગત પરેમી, મેએ ૧૮૫૩.]

આપણું જમીનનું મેહેસુલ.

એક જરમન ગરંથકાર લખી જાએછે કે સંગલા દેશોમાં "જમીનનું માલેકપણું તાંહાંનાં માણસોની મંડલીની હાલત સાથે મોહોટો સંબંધ રાખેછે. જમીનનું માલેકપણું મજબુત પાએઆપર રાખીઆથી રાજને કઊવત આવેછે; અને તે ઊપરથી આપણને તે દેશના સુધારાનો અડ સટો મલેછે." એ જરમન લખનારના વીચારો ધેઆંનમાં રાખતાં આપણાં દેશની જમીનનું માલેકપણું અને મેહેસુલ તેહેની આબાદાંની સાથે કેટલો સંબંધ રાખેછે તે સવાલ થોડો અગતનો નથી. આપણાં દેશમાં ઈંગલંડ દેશની માફક માનચેસટર અને બરમીંગહામ શેહેરોનાં જેહેવાં કાપડ અને લોહોડાંકામનાં કારખાનાં નથી, અથવા કોલસાની ઈઆ તરાંબાની ઈઆ

સીસાંની ખાણો જાહેર પડી નથી, અથવા દેશનાં કદ પરમાંણે બોહોલો વેપાર ચાલતો નથી, કે જેથી હીંદુસથાંનની વસતીનો મોહોટો ભાગ ખેતી વાડી સવાએ બીજા ધંધામાં રોકાએલો રેહે. ઈંગલંડ દેશમાં અને તેજ પરમાંણે ઈઊરોપખંડના બીજા ભાગોમાં ખેતીવાડી કરનાર વસતીનો હીસાબ જેઆરે આપણે તપાસીએછે તેઆરે આપણા જોવામાં આવેછે કે તે દેશોની વસતીમાંથી, મરદ, ઓરત, અને બચ્ચાં મલીને, સેંકડે ૧૬ થી તે ૨૦ માણસો ખેતીવાડીનાં કામથી પોતાનું ગુજરાણ ચલાવેછે; અને બાકીની વસતીનો મોહોટો ભાગ કારખાનાંઓમાં અને દરીઆઈ ખાતાંમાં અને બીજી તરેહવાર રીતે ગુંતાએલોછે. હવે એજ નજરે હીંદુસથાંનની હાલત તપાસી જોતાં આપણાં જાણીઆમાં આવેછે કે આપણી વસતીમાંથી સેંકડે ૭૫ થી ૮૦ વસા માણસોની રોજી ખેતીવાડી સવાએ બીજી કાંઈજ નથી; ઈઆને આખાં હીંદુસથાંનની વસતી જે ૨૦ કરોડ જીવની ગણાએછે તે માંહેથી ૧૫ અથવા ૧૬ કરોડ માણસોનું ગુજરાંણ ખેતીવાડીથી થાએછે. તેઓ ફકત ખેતીવાડીની ઊપજથી પોતાનો સંસાર ચલાવેછે. વાસતે બીજા દેશોની ખેતીગર વસતીની રાસ પરમાંણે આપણું જમીનનું મેહેસુલ અને તેહેનાં માલેકપણાંનો સવાલ આપણાં દેશને તરણ ઈઆ ચેઆર ઘણો વધારે અગતનોછે.

આ દેશની મોહોટી વસતીના લોકો મધેથી જેઓને હાલનો ઈંગરેજી અંમલ પસંદ પડતો નથી, તેઓને મોહોડે એકજ હલકથી આપણાં સાંભલીઆમાં હેવું આવેછે કે ઈંગરેજી અંમલમાં બરખત નથી, અને એ અંમલમાં આગલા વખતનાં કરતાં માહેલાં દેશનાં લોકો ઘણાંજ ગરીબ અને કંગાલ થાએઆંછે. માણસનાં ખવાસનો એક કાએદોછે કે ઘણું કરીને તે પોતાની ચાલુ હાલતપર સંતોશ રાખી શકતો નથી; તેહેનો જીવ સદા એક ચીજ મુકીને બીજાંને પકડવા જાએછે. હેવું ધારીને ઈંગરેજી રાજથી માહેલાં દેશના લોકોમાં જે મુફલેસી ઊપજીછે તે વાત કદાચ હમો વગર આધારની સમજીએ અને તેહવું બોલનારાઓના વીચારોને આપણે વજન નહી આપીએ, તોપણ જેઆરે આપણે હીંદુસથાંનની

આગલી હાલત વીશેની હકીકત વાંચીએછે, જેઆરે આપણે જાણીએછે કે આગલા વખતમાં આ દેશમાં સુરત, ભરૂચ, મછલીપટામ, ધકા, ચંદેરી, ઈતીઆદી, જેહેવાં શેહેરો આબાદાંનીથી ધીકતાં હતાં, જેઆરે હીંદુસથાંનના કપાસનું કાપડ તાંહાંજ વણાતું હતું, અને ઊપલાંજ શેહેરોમાં વણાએલું લાખો અને કરોડો રૂપીઆની કીમતનું કાપડ, ફરેંચ, ઈંગરેજ, વલંદા, પોરટુગીજ, અને આરબ લોકોની મારફતે, ઈઊરોપ અને એશીઆખંડના પશચીમ દેશો ખાતે જાતું હતું, અને ઈઊરોપખંડમાં સાંચાઓ નીકલીઆથી એ આપણો વેપાર ભાગી ગએઓછે, અને આપણા કપાસનું આપણાંજ દેશમાં કાપડ વણાએઆને બદલે તે કપાસ હજારો કોશ દુરના મુલકોમાં જાએછે, અને તાંહાંથી કાપડ વણાઈને પાછો આવેછે, અને તેથી આપણા પોતાના લાખો વણકરો અને કારીગરોની રોજી ટુટી ગઈછે, અને વલી જેઆરે આપણે જાણીએછે કે હાલમાં આ દેશ ખાતેથી દર વરશે પાંચ કરોડ રૂપીઆની રકમ ઈંગલંડ ખાતે ઘસડાઈ જાએછે, કે જેહેનો અવેજ પાછો વલતો નથી, તે પાંચ કરોડની રકમ માંથી વરશ દાહાડે તરણ કરોડ રૂપીઆનો કંપની સરકારનો ઈંગલંડ ખાતેનો ખરચ ચાલેછે, અને અડસટો કરતાં સરકારના ઈઊરોપીઆંન અમલદારો દર વરશે પોતાના દેશ ખાતે બેએ કરોડ રૂપીઆ લઈ જાએછે, એટલી પુંજી દર શાલે બદલા વગર આપણાં દેશમાંથી તણાઈ જાએછે, તે સંગલું ધેઆંનમાં લેતાં આપણા લોકો કેહેછે કે ઈંગરેજી અંમલથી હીંદુસથાંનમાં કંગાલપણું વધીઊંછે એ વાત આપણે માનીએ નહી, તોપણ તે ઊપર આપણે લખશ આપવો જોઈએ હેવીછે.

હમારા વાંચનારાઓએ ધેઆંનમાં રાખવું જોઈએછે કે હીંદુસથાંનની ગરીબી હાલત વીશે આપણે વાતો સાંભલીએછે તે માહેલાં દેશોને અને આપણી વસતીના મુખીઅ ભાગ ખેડુતોને લાગુ પડેછે. આપણાં મોહોટાં બંદરો અને શેહેરોની રેલછેલ તથા દોલતને એ વીચારો લાગુ પડતા નથી; અને હીંદુસથાંનનાં મોહોટાં શેહેરોની હવડે જેહેવી હાલતછે તેહવીજ આખાં હીંદુસથાંનની હાલતછે હેવું આપણથી કેહેવાઈ શકાતું

નથી. આજ ચાલીસ વરશની વાતપર ઈઆને સને ૧૮૧૩ નાં વરશમાં ઈસટ ઈંડીઆ કંપનીનો પટો બદલી આપતી વખતે આ દેશનો એક ચંચલ ભલું ઈછનાર મી૦ રાબરટ રીકારડસ પારલામેંટની સભાના એક અધીકારી દાખલ બોલીઆ હતા, કે "કીરકુલ નજરે જોતાં અને બીજા "મુલકો સાથે સરખાવતાં હીંદુસથાંન દેશની વસતીનો મોહોટો ભાગ "ભીખારીની હાલતથી સરશ નથી. હીંદુસથાંનમાં ગીચ વસતી સંગલી "તરફ નજર આવેછે, તાંહાં જમીન ફલવાનછે, ખેતી સેહેલીછે, તે ખેતીથી "માણસો ગુજરાણ મેલવેછે, પણ તે સવાએ તેઓને કોઈ બીજો બોહોલો "રોજગાર મલતો નથી. એ હાલતથી હીંદુસથાંનનાં મોહોટાં શેહેરો ફકત "વેગલાંછે. તે શેહેરોમાં જાન માલ સલામત રેહેછે, સરકારનો કર હલ "કોછે, દોલત જમાવ થાએછે, અને તે દોલતની ઊપજથી સંગલે વાઘેનાં "લોકો સુખી રેહેછે. પણ શેહેરોમાં રેહેનાર વસતી સવાએ એ ફાએદા "આગલ વધતા નથી. હીંદુસથાંનમાં ઈઊરોપખંડની માફક ખેતીગી "રીથી દોલત એકઠી થાતી નથી, તેહેનું કારણ ઈંગરેજ સરકારનાં મેહે "સુલખાતાંનો જુલમાત અને મોહોટું દેણું એ બેએ રીતથી ઊતપન "થાએછે. એ હાલતથી દોલત એકઠી થાતી નથી, તથા દોલત વેંહેંચાતી "નથી. હીંદુસથાંનનાં મોહોટાં શેહેરો અને નગરો કે જાંહાં આબાદાંની "અને પઈસો નજર આવેછે તે શેહેરોથી થોડીજ વેગલાઈએ આપણે "ખેતીગરોની હાલત જોઈએછે તો તેઓ ઘણીજ શકતીથી પોતાનો અને "પોતાનાં કુટુંબને કીજે ખોરાક મેલવી શકેછે, તે ખોરાક મેલવતાં બાકીના "પાકથી સરકારનું દેણું મુશકેલીઅતથી પુરૂં થાએછે, તે ઊપરાંત તે "ગરીબ લોકો પાસે પોતાનું સુખ વધારનારી કાંઈબી ચીજ ખરીદ કર "વાની શકતી રેહેતી નથી. શેહેરોની એ ટુક આબાદાંની અને માહેલાં "દેશોનું બોહોલું કંગાલપણું, એ બંધે વચ્ચેનો ફરક એકદમ જોવામાં "આવેછે. હીંદુસથાંનની વસતીના મોહોટા ભાગનું કંગાલપણું માતરે "કજાનું નથી, પણ તે કંગાલપણું અને લાચારી ગોએઆ સદાની "દીશેછે." મી૦ રીકારડસે એ વીચારો જાહેર કીધાને આજ ચાલીસ

વરશ થાએઆંછે. તેઆરપછી સને ૧૮૩૩ નાં વરશમાં કંપનીનો પટો ફરીને બદલાતી વખતે તેણે એજ રીતે વીચાર આપીઓ હતો, અને તેઆરપછીનાં આજ વીસ વરશમાં આપણું મેહેસુલખાતું ખેડુતોને કીજે લાભ ભરેલી રીતે સુધરીઊં હોએ હેવું જોવામાં આવતું નથી.

ઈંગરેજી અંમલમાંથી ખેડુતોની હાલત અને લોકોમાં મુશ્કેલી કેહેવી વધેછે તે બાબે આજ થોડીએક મુદતની વાતપર મી૦ બરાઈટે પારલામેંટની સભાની હજુરમાં સરકારી ચાકરીવાલા એક અમલદારની ગવાહી આ રીતે જણાવી હતી: તે અમલદાર આ દેશમાં ઘણાંએક વરશ રહેઓ હતો. તે કેહેછે કે "આપણે (ઈઆને ઈંગરેજ લોકોએ) ગુજરાત "દેશમાં સને ૧૮૦૭ નાં વરશથી આપણી સતા ચાલુ કીધી, અને સંગલો "અખતીઆર હાથમાં લીધો, તે વખતે પરગણાંઓમાં મેં ઘણાંએક તવં "ગર કુટુંબોને જોએઆં હતાં, પણ તેજ કુટુંબો સરકારનાં મેહેસુલથી "આજ હેવી હાલતમાં આવી પડીઆંછે કે તેઓને પોતાનાં બદનપર પુરાં "વસતર રાખવાની જુરાત નથી."

એજ પરમાંણે મુંબઈના એક કાઊનસીલરે પરગટ કરેલાં ચોપાં નીઆં ઊપરથી મી૦ જાન ડીકીનસન પોતાનાં તરતનાં પરગટ કરેલાં પુસ તકમાં આ રીતે લખી જાએછે: "એ કાઊનસીલર લખેછે, અને તેજ પર "માંણે હીંદુસથાંનથી આવેલા બીજા કેટલાએક શખસોને પુછીઆથી "માહરી ખાતરી થાઈછે, કે આપણાં (ઈઆને ઈંગરેજોનાં) ઊતપન "કીધેલાં મેહેસુલખાતાંથી ખેડુતો એટલાતો નીચવાઈ ગએઆછે અને "હેવા તો શકતીમાં આવી ગએઆછે કે તેઓમાંથી થોડાજ પોતાને કીજે "ઘણોજ સાદો અને જાડો ખોરાક પુરતો મેલવેછે; પણ બીજાઓને તો "પેટ ભરીને અનાજ મલે એટલુંબી ગુજરાણ આખાં વરશમાં મલતું નથી."

હીંદુસથાંનનાં મેહેસુલથી ખેડુતોના હકમાં સઊથી મોહોટી ખલલ જમીનમાં સરકારનાં વગર સરતનાં માલેકપણાંથી નીપજેછે. એ માલેક પણાંને હમો વગર સરતનું કહીજીએછે તેહેનું કારણ એ છે કે સરકારની હકુમત સાથે આ દેશની જમીનની આંમદરફ્તમાં સરકાર કજા વગરનો

હક ધરાવેછે. હીંદુસથાંનની પંદર ઈઆ સોલ કરોડ વસતીના લોકો ગોએઆ સરકારે રાખેલા મજુરોછે; તેઓ મેહેનત કરીને જમીનમાંથી જે પેદાસ થાએછે તે સરકારને આપેછે, અને પોતાને તથા પોતાનાં કુટુંબને કીજે ભાગી તુટી રીતે પેટ ભરવાનું મલે તે કરતાં તેઓ પાસે કાંઈ વધારે બાકી રેહેતું નથી. જમીનનાં માલેકપણાંની જેહેવી રીત હીંદુસથાંનમાં ચાલુછે તેહેવી કોઈ બીજા મુલકમાં નથી. બીજા મુલકોમાં જમીન તે દેશના લોકોની પોતાની રેહેછે, તે ઊપર સરકારના ખરચને કીજે તેઓ જુજ કર આપેછે, પણ તે કર હીંદુસથાંન જેહેવો મોહોટો નથી. જો આ દેશમાં સુસત પડેલી જમીન તમામ ખેડાતી હોએ, જો આપણા મુલકમાં ઈઊરોપખંડનાં જેહવાં સુધરેલાં ખેતીવાડીનાં હથીઆરો વપરાતાં હોએ, જો આપણા દેશમાં અગનીરથ સંગલી બોરદુએ દોડતી હોએ, ઈઆ રસતા સારા હોએ, અને નદી નાલાંનું પાણી ખેતરોમાં પોંહોંચતું પાડવાની ગોઠવણો થાઈ હોએ, તો હીંદુસથાંનનો મુલક ઈંગરેજ સરકારને હાલમાં દર વરશે ૧૬ કરોડ રૂપીઆનું જે જમીનનું મેહેસુલ આપેછે તે કરતાં આઠ ઘણે વધતું આપવાને તે શકતીવાનછે. પણ હીંદુસથાંનની અવસથા તેથી જુદીજ છે. હીંદુસથાંનનાં જુદાં જુદાં પરગણાંઓમાં જમીન માંથી કોઈ ઠેકાંણે સેંકડે ૧૦ વીંઘાં અને કોઈ ઠેકાંણે ૨૦ ઈઆ જુલમ તો ૨૫ વીંઘાં જમીન ખેડાએછે; બાકીની હુનરથી ઊપજ થાએ હેવી જમીન પડી રેહેછે. ખેતીવાડીનાં હથીઆરોમાં એક ભાગેલી હોદ અને બેએ ચાંચવા સવાએ ખેડુત પાસે બીજું કાંઈ મલતું નથી. આપણા દેશીઓ પાસે ઈઊરોપ અને અમેરીકાના ખેડુતોની માફક સુધરેલાં હથીઆર રેહેતાં નથી કે જેથી એક માણસ દસ માણસોના જેટલું કામ કરી શકે. આપણાં માહેલાં દેશના રસતાઓની હાલત વીશે સઊ કોઈ વાકેફગારછે. આખાં ઈંગલંડ દેશનું કદ હીંદુસથાંનની એક બગલમાં સમાએ એટલુંછે, તે છતાં હાલ ઈંગલંડ દેશમાં ૩૬ પાણીની નીખ, ૪૦૦૦ માઈલની લોહોડાંની સડક, ૨૦૦૦૦ માઈલના ફરસબંદીના મોહોટા રસતા, અને ૯૫૦૦૦ માઈલના ગામડાં અને શેહેરો વચ્ચે આવવા જવાના રસતા

બાંધેલાછે. એ સંખીઆ સાથે સરખાવતાં આખાં હીંદુસથાંન મધે ૧૦૦૦ માઈલનો સારો રસતો જોવામાં આવતો નથી. હેવી હાલતમાં હીંદુસથાંનમાં પેદાસ થોડી થાએ અને પાકની કીમત ઘણી હલકી રેહે તે કાંઈબી રીતે નવાઈ જેહેવું નથી. અને સરકાર જે ૧૬ કરોડનું મેહેસુલ જમીનમાંથી મેલવેછે તે આપવાને ખેડુતોને ભારી પડેછે તેમાં પણ શક નથી.

અમેરીકાખંડનાં ઈઊનાઈટેડ ઈસટેટસનાં સવતંતર પરગણાંઓમાં અને તેજ પરમાંણે આસટરેલીઆ દેશમાં અને નીઊજીલાંડના સુંદર ટાપુઓમાં જમીનની પેદાસપર સરકારનો હક પોંહોંચતો નથી, તે સંગલા દેશોએ ઘણી ઘણીજ ટુંક મુદતમાં જેહેવી આબાદાંની મેલવીછે તેહેવી આબાદાંનીનો પચીસમો ભાગ આજ એકસો વરશના ઈંગરેજી અંમલથી આપણા ખેડુતો મેલવી શકેઆ નથી. અમેરીકા અને આસટરેલીઆ ખાતે જાઈ વશનાર લોકોના ખવાસમાં અને હીંદુસથાંનના લોકોના ખવાસમાં કેટલો ફરકછે તે આપણે સારીપેઠે જાણીએછે, પણ હીંદુસથાંનનાં જેહેવું જમીનનું મેહેસુલ અમેરીકામાં ઈઆ આસટરેલીઆમાં હતે તો એ દેશો તેઓની હવડેની પસંદ પડતી હાલતમાં કધી આવી શકતે નહી એ બેશક જાણવું. આપણા દેશના ખરચથી ઈંગરેજ સરકારે પોતાની નામદારી વધારીછે, અને તે નામદારી કાએમ રાખવા તેઓ હાલ હીંદુસથાંનમાં ઈઊરોપીઆન તથા દેશી મલીને તરણ લાખ માણસોનું લશકર ધરાવેછે, કે જે ઊપર સરકારને હીંદુસથાંનની ઊપજનો અરધો ભાગ એટલે કે ૧૧ કરોડ રૂપીઆ દર વરસે ખરચ થાએછે, અને તે ખરચ સંગલો ગરીબ ખેડુતોની આંમદરફતમાંથી લઈને તેઓ પુરો પાડેછે, તો ખેડુતોનાં ખેતર સુધારવાં, તેઓને ખેતીને કીજે મન ભરતી જમીન આપવી, અને તેઓની જમીનપર નાલાં અને નદીઓનું પાણી મુફત પોંહોંચતું પાડવું, અને તેઓના પાકનો જલદીથી ઊઠાવ થાએ હેવા રસતા બાંધી આપવા, હેવાં કામોમાં આપણી સરકાર કેટલી પછાતછે તે બાબે તેઓને આપણે ગમે એટલો ઠપકો આપીએ તે થોડો થાએઆ વગર રેહે નહી.

હીંદુસથાંનની સરકાર, જમીન ઓછી ઈઆ વધતી ફ્લવાન હોએઆ પરમાંણે, પાકની કુલ કીમતમાંથી સેંકડે ૨૦—૨૫—૪૦—૫૦ થી તે ૭૦ ઈઆ ૭૫ ટકા મેહેસુલના લીએછે. હીંદુસથાંનનાં મુસલમાંન રાજ વાલાઓ સવાએ હેવો મોહોટો કર કોઈબી જમાનામાં આપણાં દેશને માથે પડીઓ હોએ હેવું આપણા જોવામાં આવતું નથી. હીંદુ રાજાઓના વખતમાં ઈઆને આ દેશમાં મુસલમાંની અંમલ શરૂ થાએઆ તેની આગમજ સરકારની તરફ્થી જમીનની બેઅંદાજે માલેકી ગણેઆમાં આવતીતી નહી, પણ સરકારના ખરચને કીજે જમીનના માલેકો પોતાની આંમદરફ્ત મધેથી વધુમાં વધુ સેંકડે ૪૦ ટકા પાકની જીનસ સરકારને આપતા હતા. એ વખતે ખેડુત નાતવાંન તોપણ એ ગોઠવણથી સુખી રેહેતો હતો, અને ખેતીવાડી સવાએ કારખાનાં અને કારીગીરીમાં ઘણા લોકો રોકાતાં હતાં. મુસલમાની અંમલ હીંદુસથાનમાં ચાલુ થાએઆ પછી ખેડુતોની હાલતમાં ખરાબી વધતી ગઈ. મુસલમાન ઘણાખરા પાદશાહોને પોતાની રઈએતનાં સુખની કાંઈ દરકાર હતી નહી; તેઓ જુદદીન લોકો ઊપર જુલમાત કરીઆમાં આચકો ખાતાતા નહી, અને તે બાબે તેઓના ધરમની પોથીઓથી તેઓને સતા મલતી હતી. હરકોઈ દેશ કે જેહેના રેહેવાસીઓ મહમદીઆંન ધરમ પાલતા નહી હોએ તે દેશપર પાદશાહનો શું હક પોંહાંચેછે અને તે જુદદીન રઈએતને કેઈ રીતે રાખવી જોઈએછે તે બાબે મુસલમાનોનો ધારા બાંધનાર શમસલ અઈમા સુરૂખસી આ રીતે લખી જાએછે: "દરએક માણસ જે જમીન ખેડતો હોએ તે માણસને "પોતાને કીજે તથા તેહેનાં કુટુંબને કીજે એક વરશનો જેટલો ખોરાક "જોઈએ તેટલો આપવો અને તેહેને બીજી મોસમની રોપણીને કીજે "જેટલાં બીજ જોઈએ તેટલું આપવું; એટલું તેહેને આપવું."

એ મહમદીઆન ધારા બાંધનારના બોલવા ઊપરથી હેવું જોવામાં આવેછે કે પરમેશ્વરે ખેડુતોને ગોએઆ ગોલામગીરી કરવાજ સરજેલાછે, તેથી તેઓ માતરે પેટ ભરે એટલું તેઓને ખાવાનું આપવું, બાકીનાં તેહેનાં ઊદીઓગનાં ફ્લ હકુમત કરનારે જપત કરવાં. એ જુલમ ભરેલા

ધારા મુજબ હીંદુસથાંન દેશના વતનીઓની હાલતમાં ઘણી ખરાબી થાઈ હતી. જમીનના માલેકોનો હક સરકારની તરફથી બાહાલ રાખીઆમાં આવતોતો નહી, અને એ અંમલમાં જાન, માલ, મીલકતની કસી પાંતીએ સલાંમતી હતી નહી. આ દેશમાં ઈંગરેજી અંમલથી જાન માલની સલાંમતી વધીછે, પણ જમીનનું માલેકપણું અને મેહેસુલની હાલત થોડેજ દરજજે સરશછે. હવડે આ મુલકમાં ઈંગરેજ સરકાર તથા દેશી રાજવંશીઓ જે રીતે મેહેસુલ લીએછે તે મુસલમાની હકુમતના દાખલાપરથી લીએછે, તેથી હીંદુસથાંનની ખેતીવાડીની આગલી આબાદાંની કાંઈબી રીતે સજીવન થાઈ નથી.

હમોએ કહીઊંછે કે ઈંગરેજ સરકારના અંમલમાં હીંદુસથાંનનું હાલનું મેહેસુલ ઘણું મોહોટુંછે; તેહેનો બોજ ગરીબ ખેડુતોપર એટલો તો ભારી પડેછે કે તેથી તેઓની હાલત કાંઈબી રીતે સુધરતી નથી, અને તેઓ જુરાતવાલા થાઈ શકતા નથી. ઈંગલંડમાં પાદશાહ તરીજા ઊલીઅમના વખતના એક ધારા મુજબ જમીન ઊપર સરકારનું ભાડું લાગુ પડેછે, તે જુમલે દર વરશે માતરે એક કરોડ રૂપીઆનું થાએછે, અને તે ભાડું આગલા દાહાડાની જુજ ઊપજ ઊપર સેંકડે ૫ થી તે ૨૦ ટકા સુધી લીધામાં આવેછે. ફરાંસ દેશમાં જમીનની પેદાસ માંહેથી સેંકડે ૨૦ ટકા કરતાં સરકારનો હક વધુ પોંહોંચતો નથી. પુરસીઆ દેશમાં ખેડુતોનો હક આપીઆ બાદ, જમીનદારને જે નફો થાએછે તે ઊપર સરકારનો ૨૦ થી તે ૫૦ ટકા સુધીનો હક પોંહોંચેછે. મીલાન દેશમાં જમીનની પેદાસપર સરકાર સેંકડે ૯ ટકા લીએછે; તે મધેથી ૪ાા ટકા સરકાર પોતાના અસતેકમાં રાખેછે અને બાકીના ૪ાા ટકા રસતા, પુલ, પાણીની નીખ, અને હેવાંજ બીજાં કામોપર ખરચીઆમાં આવેછે. તસકની દેશમાં જમીનવાલાની (ખરચ બાદ જતાં) નકી ઊપજમાંથી સરકાર સેંકડે ૧૦ ટકા લીએછે. વેનીસનાં પરગણાંમાં પણ તેજ માફકછે; અને ખેડુત પોતેજ જો જમીનનો માલેક હોએ તો તેહેને માતરે સેંકડે ૮ ટકા આપવા પડેછે. બોલાંગનાં પરગણાંમાં ખેડુત દર

"એકર"* જમીને સરકારને માતરે બેએ પેનસ ઈઆને સોલ પઈ આપેછે. પારમા મધે નવ પેનસ ઈઆને છ આના આપેછે. મી૦ ગરીન પોતાનાં પુસતકમાં આપણી સરકારની તારીફ કરેછે કે તેઓ ખેડુતો પાસેથી દર એકરે ૦॥ રૂપીઆથી તે રૂ૧) અને રૂ૨) સુધીનું મેહેસુલ લીએછે તે ઘણુંજ હલકુંછે. પણ ઈરોપખંડ અને હીંદુસથાંન વચ્ચે પઈસા અને અનાજની કીમતમાં કેટલો ફરકછે તે એ લખનાર પોતાના ધેઆનમાં લેતો નથી, એટલુંજ નહી, પણ ઈટાલીનાં પરગણાંઓમાં સરકારની તરફથી ખેડુતપરનો બોજ કેહેવો હલકોછે તે બાબે એ ઘણી માહીતગારી રાખતો હોએ હેવું માલમ પડતું નથી.

ચીનની સરકાર જમીનની ઊપજમાંથી સેંકડે ૧૦ ટકા, અને કોઈ ઠેકાંણે ૭॥ ટકા મેહેસુલ લીએછે. ટરકી, તુરાન, અને ઈરાનમાં પેદાસપર સેંકડે ૧૦ થી તે ૧૬ અને ૨૦ ટકાથી હાકમનો હક વધતો ચાલતો નથી. અમેરીકામાં જમીનનું મેહેસુલ મુતલક છેજ નહી.

હવે ઊપલા સંગલા દેશોમાં હીંદુસથાંન કરતાં સરકારનો લવાજમો જમીનપર ઘણો ઓછો રેહેછે, તે આપતાં જમીનની બાકીની પેદાસ ખેડુતને પોતાને ઈઆ જમીનદારને મલીઆથી તે દેશની પુંજીમાં વધારો થાએછે, અને થોડા કરથી તે મુલકોમાં આપણાં કરતાં ખેડુત વધારે સુખી રેહેછે હેમાં સંધે નથી. હીંદુસથાંનની માફક કોઈબી બીજા મુલકમાં જમીનની પેદાસપર સરકારનો ૨૦ ઈઆ ૫૦ ઈઆ ૭૫ ટકા સુધીનો હક પોહોંચતો નથી. આગલા મુસલમાની અંમલથી એ ચાલ આ દેશમાં નીકલીછે તેહેને ઈંગરેજ સરકારે મજબુતીથી પકડી રાખીછે.

આપણાં દેશની સાથે સરખાવતાં બીજા દેશોના જમીનદારો પોતાની જમીનની પેદાએસમાંથી ખેડુત અને સરકારને આપતાં સેંકડે ૨૫—૪૦ અને ૪૦ ટકા નકી નફો પોતાને કીજે મેલવી શકેછે, તેથી તેઓ માતબર થાએછે, તેથી દેશ માતબર થાએછે, અને તે પુંજીનો કેટલોએક ભાગ ખેતીવાડીની સુધરાઈ પછવાડે ખરચાએછે. બીજાં હાથપર

* દર પોણાં એકરનું આપણું એક વીંધું થાએછે.

બંગાલા મધે લારડ કારનવાલીસના અંમલમાં ઈંગરેજ સરકારે જમીન દારો ઊભા કીધા કે તેઓને એકદમ જમીન અસતક કીધાથી તેમાં તેઓ સુધારો કરે. બંગાલામાં એ ધારો થાએઆ પછી આપણાં દેશમાં સુધરાઈ થાએઆને બદલે ઊલટી ખરાબી થાઈ હતી, અને એ ધારો નીકલીઆ પછી ઘણાએક જમીનદારો સરકારનું દેણું ભરી શકીઆતા નહી, તેથી દસ વરશમાં તે માહેલી અરધી જમીન પાછી લીલાંઊંથી વેચાઈ હતી, અને બીજા નવા જમીનદારો ઊભા થાએઆ હતા, તેઓ જેમ બને તેમ રઈએતને નીચવી લીએછે. હાલ બંગાલ અને મધરાજના જમીન દારો ઊતર હીંદુસથાંનમાં ગાએકવાડના ઇજારેદારો કરતાં કસી પાંતીએ સરશ નથી.

હરએક ચીજની કીમત તેહેની ઊપજપરથી થાએછે. જમીનનો એક કટકો ખરચ કાહાડતાં જો વરશ દાહાડે ૧૦૦ રૂપીઆની આએપત આપે તો ચાલુ વીઆજ પરમાંણે તેહેની ૧૦૦૦ ઈઆ ૧૨૦૦ રૂપીઆની કીમત ગણાએ. પણ આપણી સરકારનું કામ હેવુંછે કે ખેડુત મેહેનત કરે તેટલું તેહેને પેટ ભરવાનું મલેછે અને બાકીનું સરકાર પોતે લીએછે, તેઆરે તેમાં કાંઈ શલતુ પડેખી નહી અને જમીનની કીમતબી થાએ નહી. એ રીતે હીંદુસથાંનમાં ખેતીની સરવે જમીન વેચાતી અપાએ ઈઆ લેવાએ હેવી તેહેની કીમત ઘણુંકરીને થાતી નથી, તેથી આપણાં માહેલાં દેશમાં જાંહાં ખેતી સવાએ બીજો ધંધો થોડોજછે તાંહાં દોલત ઈઆ પુંજી જાઈ શકતી નથી.

કોઈ કેહેશે કે ઈંગરેજ સરકારની નેમ હમેશાં પોતાની રઈએતના હકમાં ફાએદો કરવાનીછે તેઆરે તેઓનાં મેહેસુલથી આ દેશને જે ખરાબી ઊપજેછે તેથી શું આપણી સરકાર વાકેફ નથી? સરકારી અમલ દારોને એ એબ સારીપેઠે નજર આવેછે, અને તેઓમાંથી ઘણાએક લખનારાઓ મેહેસુલના જુલમાત બાબે પોતાનો વીચાર આપી ગએઆછે, પણ સરકારના હાલના ખરચથી મેહેસુલ ઓછું કરવાને પાલવતું નથી. આપણી સરકાર દર વરશે હીંદુસથાંનની અરધી આએપત લશકરી ખર

ચમાં વાપરી નાખેછે, તેજ પરમાંણે તેમાંથી એક મોહોટો ભાગ કંપનીના ઈંગલંડ ખાતાંના ખરચને કીજે જાએછે તથા સરકારી દેવાંનું દર વરશે હડી કરોડ રૂપીઆ વીઆજ અપાએછે,† એ સંગલા ખરચથી હીંદુસથાંનના હકમાં ઘણુંજ નુકસાંન થાએછે તેમાં કાંઈ સંધે નથી; અને એ નુકસાંનનો ઘણોખરો બોજો ખેતીગરોને ખમવો પડેછે: આપણી સરકારના કેટલાએક પરોપકારી અમલદારોએ હાલ નવું "રેવેનીઊ સરવે" ખાતું કાહાડીઊંછે, તેથી ખેડુતોને ૩૦ વરશને પટે જમીન આપીઆમાં આવેછે, અને તેહેનું મેહેસુલ લેવાના કેટલાએક બંદોબસત થાએઆછે, તે કામ ખરેખર તારીફ લાએકછે, અને તેમાંથી આપણા ખેડુતોની હાલત હવેપછી થોડીએક સુધરે હેવું લાગેછે. પણ એ નવી "સરવે" થી ખેડુતો એકદમ સુખી થાએ અને આપણા દેશમાં માતબરપણું એકદમ વધે હેવી કસી પાંતીએ આશા રાખીઆમાં આવતી નથી, કાંએકે આપણી સરકારનો હાલનો જમીનની પેદાસપરનો હક, સરકારનો મોહોટો ખરચ, અને તે સાથે માહેલાં દેશમાં રસતાઓની ખામી, એ સરવે હેવા સંગલા સુધારાનો મજબુતીથી અટકાવ કરેછે. [જગત પરેમી, જુન ૧૮૫૩.]

નામદાર ઈસટ ઈંડીઆ કંપનીનો નવો પટો.

નામદાર ઈસટ ઈંડીઆ કંપની બરીટીશ રાજની જે પાદશાહી સનદથી આપણી ઊપર હકુમત ચલાવેછે તે સનદ અથવા "ચારટર" ની મુદત ઈશવી સને ૧૮૫૪ નાં વરશના એપરેલ મહીનાની ૧૩ મી તારીખે પુરી થાનારછે. એ મુદત પછી ઈસટ ઈંડીઆ કંપનીની હકુમત તથા તેહેનો રાજકારોબાર બરીટીશ પારલામેંટની મોહોટી સભાને જો પસંદ

† હમણાં (ઇ૦ સ૦ ૧૮૮૦ માં) સરકારી દેવાનું વીઆજ વરશ દાહાડે છ કરોડ રૂપીઆ થાએછે. એ દેવાંનો મોહોટો ભાગ સને ૧૮૫૭—૫૮ ના બલવાથી વધીઓ હતો, અને તે પછી પણ લગભગ દર વરશે દેવું વધતું ગીઉંછે.

પડતો ઠડશે તો બીજાં વીસ વરશનો પટો આપણી નામદાર રાણીની તરફથી ઈસટ ઈંડીઆ કંપનીને લખી આપીઆમાં આવશે. એ પટાની મુદત પુરી થાવાને હજુર બેએ વરશ અને ચેઆર મહીનાનો વીલમછે, તોપણ તે બાબેની નજદીક એક વરશ આગમજથી પારલામેંટની સભામાં સરેશતા પરમાંણે ભાંજગડ થાએછે, અને ઈસટ ઈંડીઆ કંપનીએ હીંદુસથાંન તથા તેહેને લગતા ભાગોમાં તાજની તરફથી કહી પરકારે રાજ ચલાવીઊંછે તથા તેઓની હકુમતમાં શું ખામીછે, અને તેઓને આપેલા પટાની સરતોમાં શું શું અગતજોગ ફેરફારોની જરૂરીઆતછે, તે બાબે શાખશી ગવાહીઓથી બરીટીશ પારલામેંટની સભાની હજુરમાં તપાસ થાએછે, તે તપાસની મુદત હમણાં નજદીક આવીછે, અને તેમાં આપણા હકુમત ચલાવનારાઓનું તથા આપણા દેશનું ભલું ચાહનારાઓનું થોડું એકમાં ધેઆંન પોંહોંચનારછે. હમારા કેટલાએક વાંચનારાઓને ખબર હશે કે આજ આસરે બસો વરશની વાતપર ઈંગલંડ દેશના કેટલાએક વેપારીઓએ હીંદુસથાંન ખાતે ધંધો કરવાને કીજે ભાગીદારો તરીકે પોતા વચ્ચે એક ભંડેલ ઊભો કીધો હતો, તેહેનું નામ ઈસટ ઈંડીઆ કંપની કરી રાખીઊં હતું, અને તે ભંડોલથી પોતાનો ધંધો ચલાવવાને પાદશાહી સતા મેલવી હતી. એ વેપારીઓનાં વાંહાંણો ખરેખર વેપારજોગ જીનસોનું લેવડ દેવડ કરવાને પેહેલવેહેલાં આવીઆં હતાં, અને ગામઠી રાજવંશીઓની મેહેરબાંનગીથી આ દેશનાં કેટલાંએક બંદરો ખાતે પોતાની કોઠીઓ રાખી રહેઆ હતા. તેઆરપછી દેશી રાજવાલાઓની માહોમાહેની મારામારી અથવા ઈઊરોપખંડના બીજા વાવટાવાલા વેપારીઓ સાથેની અંતસથી એ કોઠીવાલાઓને પોતાનાં મુકાંમો મજબુત કરવાં પડીઆં હતાં, અને તે ઊપરથી તેઓએ કીલ્લા બાંધીઆ હતા તથા તાંહાંથી તેઓ હકુમત કરવા લાગા તે આજ સુધી હકુમત કરતા આપણા જોવામાં આવેછે. ઈસટ ઈંડીઆ કંપનીને જે પેહેલી સનદ આપીઆમાં આવી હતી તેમાં તેઓની હકુમત વીશે કાંઈ લખીઊંતું નહી, પણ ફકત વેપારને કીજે તાજથી પરવાંનગી આપીઆમાં આવી હતી. તેઆરપછે

જેઆરે એ કંપનીનો અંમલ વધીઓ તેવારે તે બાબેની કેટલીએક સરતો પટા મધે દાખલ કરેઆમાં આવી હતી, તોપણ તેઓનો વેપાર કાએમ હતો અને એ કંપની સવાએ ઈંગરેજી વાવટાવાલા કોઈબી વેપારીને હીંદુસથાંન ખાતે વેપાર ચલાવવાનો અખતીઆર હતો નહી. પાછલથી એ બંધી થોડીએક ઓછી કરીને બીજા ઈંગરેજ વેપારીઓને એ ધંધામાં છુટ આપી હતી. પણ જેઆરે ઈસટ ઈંડીઆ કંપનીની હકુમત ઘણી બોહોલી વધી અને તેઓને રાજ કારભાર સાથે વેપાર કરવાનું ધેઆંન પોહોંચાડવાને જોગવાઈ બની નહી તેઆરે તેઓના હાથમાંથી સંગલો વેપાર કાહાડી લીધામાં આવીઓ હતો, અને તેઓને માતરે હકુમત ચલાવવાની પરવાંનગી આપીઆમાં આવી હતી કે જે આપણે હાલ જોઈએ છેઈએ. એ પરવાંનગીની મુદત હવે પુરી થાવા આવીછે, અને જો બરીટીશ તાજ હીંદુસથાંનની હકુમત પોતાને અસતેક લઈને ઈસટ ઈંડીઆ કંપનીને બાતલ કરે નહી તો એ પરવાંનગી અથવા પટો નવો કરતી વખતે તેમાં હવેપછી શું શું ફેરફાર કરવાની અગતછે તે આ દેશના સંગલા ભલું ઈછનારાઓએ જાહેર રીતે બતલાવી આપવું જોઈએછે.

આ દેશ તથા ઈંગલંડના રાજ કારોબાર ચલાવનારા ઘણા માહીતગારીવાલા અને દાનાઈપર ભરોસો રાખીઆ જોગ લોકોનો હેવો વીચારછે કે હીંદુસથાંનનાં રાજને કીજે નામદાર ઈસટ ઈંડીઆ કંપનીની હકુમત ઘણી ઓતમછે, અને એ કંપનીપર બોરડ આફ કંટરોલ તથા બરીટીશ પારલામેંટની જે જાપતી અને ઓસતાદીછે તેથી તેઓ હમેશાં સંભાલીને પોતાની સતા ચલાવેછે, અને ઈંગલંડનાં લોકોના વીચારનો સદા ઘણો દર રાખેછે, તથા તેજ પરમાંણે ચાલવાને તેઓ આ દેશ ખાતેનાં પોતાનાં માણસોપર હોકમ મોકલેછે. પણ જો એજ હકુમત તાજને અસતેક હોએ તો માતરે નામદાર રાણીના પરધાનો પોતાની ચાલ વીશે જવાબ દેનાર થાએ અને તેઓની ફેરબદલીથી આ દેશને મોહોટું નુકસાંન થાએઆ વના રેહે નહી. એ બાબેનો દાખલો જોવો હોએ તો આપણી નજર સાંમણેછે—સીલોનનો ટાપુ આપણા દેશને લગતો આવે

લોછે અને તાંહાંના લોકોની ચાલચલણ તથા બીજી સંગલી નીશાંનો આપણને મલતી આવેછે, તે ટાપુપર નામદાર રાણીના પરધાંનો અંમલ ચલાવેછે, પણ તેથી એ ટાપુની હાલત આપણાં કરતાં કાંઈ સુધરેલી નથી, અથવા તાંહાંના અસલ વતનીઆે કાંઈ વધારે માન પામેલા થાએઆ નથી, બલકે તેઆેનાં કરતાં આપણે વધારે સારા હક ભોગવીએ છઈએ, અને સીલોનનાં કરતાં ઈસટ ઈંડીઆ કંપનીના તાબા માહેલા દેશીઆે લગાર વધતું માન પામેલાછે. એટલા ઊપરથી દેખઈતુંછે કે જો પારલામેંટની સભાની નજદીક હેવી ફરીઆદ થાએ કે ઈસટ ઈંડીઆ કંપનીએ પોતાનો અંમલ ઘણો જાસતી તથા જુલમાત ભરેલી રીતે ગુજારીઆેછે અને તેઆેના હાથમાં એ અંમલ વધારેવાર રેહેવા દેવો દરૂસત નથી અને તે ફરીઆદ પારલામેંટના વીચારમાં ઘટતી આવે, અને આ દેશની હકુમત કંપની પાસેથી છીનવી લઈને પરધાંનોને અસતેક કરે તો હમો ધારીએછે કે તેથી આપણને કાંઈ ફાએદો હાંસલ થાનાર નથી, અને ઈસટ ઈંડીઆ કંપનીના અંમલ તલે આપણે જે જુજ અડચણો હાલ ભોગવી એછે તેહેવી અડચણો તાજના પોતાના અંમલથી નીકલી જાનાર નથી, તે વાત સીલોન અને બીજાં સવસથાંનોની હાલત ઊપરથી આપણને રોશન થાએછે. ઈસટ ઈંડીઆ કંપની પોતા ઊપર આંકોસછે હેવું ધારી જે કામ કરેછે તેહેવો આંકોસ બીજી કોઈ રીતે રેહેનાર નથી, વાસતે આપણા દેશના લાભને કીજે આપણે હેવુંજ ચાહવું જોઈએછે કે નામદાર કંપનીના હવડેના પટાની મુદત પુરી થાએઆ પછી તેઆેને બીજો પટો મલે—પણ એ નવો પટો હેવી સરતથી આપવો જોઈએછે કે જેથી આપણા દેશીઆેની આબરૂમાં વધારો થાએ અને તેઆે હવડેનાં કરતાં સરસ લાભ મેલવે.

ઈંગલંડની પરજા અને વરતમાંન પતરો ગોએઆ એક નેઆએ ધીસ દાખલ આપણ અને આપણા હકુમત ચલાવનારાઆે વચ્ચેનો હમેશાં ઈનસાફ કરેછે, તેઆેની નજર આપણી તરફ સદા રેહેમ ભરેલીછે, અને તેઆે વીશે આપણે જે કાંઈ સાંભલીએછે તથા વાંચીએછે તે ઊપરથી

હેવું જોવામાં આવેછે કે તેઓ આ દેશના વતનીઓને માન તથા કેલવણી પામેલા જોવાને ઈનતેજારછે, અને આપણા લોકોને ફાએદો થાએ તથા મરતબો વધે હેવું જોવાને તેઓ સદા ખુશીછે. હીંદુસથાંનમાં આપણે ઈંગરેજી હકુમત ચલાવનારાઓને જોઈએછે તો તેઓ આગલ થાઈ ગએલા દેશી હકુમતવાલાઓની માફક જો જુલમગાર નહી, તોપણ બેપરવા થાવાની ઘણીએક નીશાનો બતલાવેછે, પણ તેઓપર ઈંગલંડની આલમ તથા તાંહાંનાં વરતમાન પતરોનો દરછે તેથી ઘણુંકરીને તેઓ પોતાની ફરજપર ઓસતવાર રેહેછે. ઈસટ ઈંડીઆ કંપનીના કોરટ આફ ડરેકટરસવાલાઓનો પણ ઘણુંકરીને હેવોજ વીચારછે, તે તેઓના આ દેશ ખાતે પોતાની ચાકરી માહેલાં માણસોપર લખેલાં કાગજો તથા બીજા દસતાવેજોથી પુરવાર થાએછે. તોપણ તેઓને કેટલાંએક રાજદરબારી કામ ખાતર વખતસર દેખઈતી જુલમાત ભરેલી સતા ચલાવવી પડેછે, અને તેઓની હકુમતને એ ઊપરથી તથા તેઓના હાથ હેઠલનાં માંણસોની હકુમતની ખામીથી ઘણીવાર ઠપકો ખમવો પડેછે, અને એ ઠપકાનાં કારણો ખરાં હોએ તો તેથી આપણા દેશના ફાએદામાં કેટલીએક ખામી વચમાં પડેલી જોવામાં આવેછે.

એ સંગલી ખામી દુર કરવા અને ઈસટ ઈંડીઆ કંપનીને નવો પટો આપતી વખતે તે પટામાં આપણા દેશને લાભ ભરેલી અને આપણને ઈજત આપનારી સરતો દાખલ કરાવવાની સરવે કોઈએ કોશેશ કરવી એ ઘણું અગતનુંછે. ઈસટ ઈંડીઆ કંપનીના અંમલ તલે રાજદરબારી ખાતાંમાં તથા લશકરી ખાતાંમાં તથા નેઆવ અને મેહેસુલ ખાતાંમાં અને એ વગરે બીજી ઘણીએક બાબદોમાં શું શું ખામીછે તે સંગલું જુદું જુદું બતલાવવાની આ હમારી બીનાની મતલબ નથી—તે કામ ઊપીઓગમાં આવે હેવી રીતે એક માણસથી બની શકતું નથી—પણ આપણા લોકોએ એકઠા મલીને આ નવા પટાની વખતે થાનાર ભાંજઘડનો લાભ મેલવીને તે ખામીઓ જેટલી બને એટલી દુર કરાવવી ઘટેછે. આપણે જોઈએછે કે જેહેવું એક સુધરેલાં રાજને ઘટારતછે તે પર

માંણે આપણા દેશના મુખીઅ કારોબારમાં આપણા દેશીઓ ઈંગરેજોની સાથે સાંમેલ નથી, અને જે પરમાંણે આસટરેલીઆ અને બીજાં એક બેએ સવસથાંનો મધે ધારા બાંધનારી સભાઓમાં બેશવાને કીજે અધી કારીઓ ચુંટી કાહાડવાનો પરજાને જે હક આપીઆમાં આવીઓછે તેહવો હક આપણને મલીઓ નથી, તથા તે સાથે ઈસટ ઈંડીઆ કંપનીની સનદવાલી ચાકરીમાં દાખલ થાવાને ગામઠીઓને બંધીછે, અને કેટલીએક વખતે જો બંધી નહી હોએછે તો હીંદુસથાંન ખાતેના હકુમતવાલાઓ પોતાની બેપરવાઈ અથવા ખુશામદથી કેટલીએક જગાઓથી ગામઠીઓને વેગલા રાખેછે. આપણી સરકારનું મેહેસુલ ખેડુતોને ઘણું બોજા ભરેલું લાગેછે, અને તેથી તેઓને દુનીઆંનાં સુખમાં આગલ વધવાને બની આવતું નથી, અને એ સવાએ બીજી કેટલીએક અડચણો જે હાલ આપણને ભોગવવી પડેછે તેઓનો એલાજ કરવા અને આવતા પટાની સરતોથી તે અડચણો ટલી જાએ હેવું કરવાની મોહોટી અગતછે, અને તે બાબે હવડેથી ઊપાએઓ તથા તજવીજ કરવી જોઈએછે.

એ કામસર કલકતાના કેટલાએક કેલવાએલા ગામઠીઓએ પોતા વચ્ચે હવડેજ એક નવી મંડલી ઊભી કીધીછે, તેહેનું "બરીટીશ ઈંડીઆ આસોશીએશન" કરીને નામ આપીઊંછે. એ મંડલીમાં કલકતાના ઘણાએક આબરૂવાલા અને ચંચલ શખસો સાંમેલ થાએઆછે, તેઓની મરજી હેવીછે કે એ મંડલીનું કામ આસરે તરણ વરશ સુધી કાએમ રાખવું, અને તેમાં હીંદુસથાંનના વતનીઓના લાભની સંગલી બાબદો પર ધેઆંન પોંહોંચાડીને તથા તે ઊપર પુરતી તલાસ અને ખોલાસા કરીને તે બાબદો આપણા હકુમતવાલાઓના વીચારપર લાવવી. એ મંડલીનું સઊથી અગતનું કામ એછે કે આવતા ઈસટ ઈંડીઆ કંપનીના પટાની વખતે જે સરતો ફેરવવી તથા બીજી નવી સરતો નાખવી ઘટેછે, તે બાબેની અરજીઓ કરવાના સંગલા જરૂરજોગ બંદોબસત કરવા. એ મંડલીનું કામ ઘણી ઊલટથી શરૂ થાએલું જોવામાં આવેછે, અને તેહેને મદદ કરવાને કીજે એક સારી પુંજી ઊભી થાઈછે તેથી તે પડી

ભાગે હેવી હવડે કસી ધાસતી નથી, અને એ મંડલીવાલાઓ ધીરજથી અને પોતાનાં બોલવાને વજન આપતાં જો પોતાનાં ધારેલાં સંગલાં કામો માથે લેશે તો તેથી આપણા દેશને મોહોટો ફાએદો હાંસલ થાશે તેમાં કાંઈ સંધે નથી. એ આસોશીએશન મંડલીએ પોતાની તરફની સંગલી બાબદોપર ઈંગલંડ ખાતેના સતાવાલાઓનું ધેઆંન પોંહોંચાડવાને કીજે લંડન મધે એક ચંચલ અને માનવાલા ઈઊરોપીઆનને પોતાનો આડતીઓ કરવાનો એરાદો કીધોછે, અને તેહેની મારફતે ઈંગલંડના હકુમતવાલાઓ સાથે અને પોતાની મારફતે હીંદુસથાંનના હકુમતવાલાઓ સાથે સંગલો સંધેસો ચલાવવાની એ મંડલીએ ધારણાં રાખીછે. એ મંડલીએ પોતાનાં કામની શરૂઆતમાં બંગાલ પરાંતના ખેડુતોની બાબદમાં સરકારનું ધેઆંન પોંહોંચાડીઊંછે, અને વલી ઈસટ ઈંડીઆ કંપનીના પટાની વખતે પારલામેંટની સભાને આ દેશની હાલતથી પુરતી રીતે વાકેફ કરવાના સબબથી એ મંડલીએ તે સભાપર એક અરજી મોકલવાનું મુકરર કીધુંછે. એ અરજીમાં તેઓ હેવું માંગવા ધારેછે કે ઈસટ ઈંડીઆ કંપનીનો પટો બદલતી વખતે ઈંગલંડ મધે જે ચરચા થાએછે, અને પારલામેંટની સીલેકટ કમીટી આગલ શાખસીઓ લેવાએછે તે ઊપરથી ઈસટ ઈંડીઆ કંપનીની હકુમત વીશે જે ખોલાસો થાએછે તે ખોલાસો વધારે ચોકસ અને ભરોસો રાખીઆજોગ કરવાને કીજે ઈંગલંડથી થોડાએક આપઅખતીઆર અને અકલમંદ શખસોને આ દેશ ખાતે મોકલવા, અને તેઓની નજરથી આ દેશમાં કંપનીનાં રાજ વીશે સંગલી તલાસ કરાવવી, અને જે જે અગતના ફેરફારો હોએ તેઓપર તે શખસોનો વીચાર લેવો અને તે વીચારો નવા પટાની વખતે કામે લગાડવા. આ માંગવું ઘણું વાજબી અને ડાહાપણ ભરેલુંછે તે ઊપર પારલામેંટની સભા ધેઆંન પોંહોંચાડીઆ વના રેહેશે નહી, અને જો એ સભા તે અરજ કબુલ કરશે તો તેમાંથી આપણા દેશને પાછલને કીજે ઘણો લાભ થાશે હેમાં સંધે નથી. એ બરીટીશ ઈંડીઆ આસોશીએશન જોકે કલકતા મધે ઊભી થાઈછે, તોપણ તેહેને લગતી બીજી મંડ

લીઓ મધરાજ અને મુંબઈ સવસથાંનોમાં ઊભી કરવાની ઘણી અગતછે, અને તે કારણસર તથા એ કલકતાવાલી મંડલીને સંગલો અખતેઆર આપીને મધરાજ અને મુંબઈ સવસથાંનોમાં હવડેના પટાથી જે અડચણો પડતી હોએ તે બાબે કલકતાવાલી મંડલીપર લખી વાલવાને કીજે અત રેના તથા મધરાજવાલા આબરૂદાર દેશીઓ સંગાથે એ મંડલીવાલા સંધેસો ચલાવવા ધારેછે. એ મંડલીને હીંદુસથાંનની કુલ વસતીથી મોહોટી મદદ મલવી જરૂરછે, કાંએકે તેહેની મતલબ આપણા દેશને ફાએદો કરવા સવાએ બીજી કાંઈજ નથી.

હવે આપણે જોઈએછે કે કલકતાવાલા ચંચલ બાબુઓ ઈસ્ટ ઈંડીઆ કંપનીના નવા પટાની બાબદમાં સંગલી ભાંજગડો તથા તલાસ કરવાને કીજે બાહેર પડીઆછે. તેઓ પોતાના દેશીઓની સુધરાઈનું તરાજુ વજનદાર થાએલું જોવાને રાજીછે કે જેથી તેઓને પોતાને પણ મોહોટું માન મલે અને તેઓ ગરીબોની દુવા અને પેઆર મેલવે. આ સનદ ફેરવી આપવાનો વખત હેવોછે કે જેથી દસ અથવા પંદર માણસોના દીલગુરદાથી ઊતપન થાએલી મેહેનતથી કરોડો માણસોનું કંગાલ પણું ટલે, અને તેઓના સંસારનાં સુખમાં વધારો થાએ. હેવો વખત દર રોજ આવતો નથી, અને આપણે આપણાં દેશમાં ફાએદો થાએ હેવી ચીજ જોવાને આપણે સરવે રાજી છઈએ તેવારે હેવાં કામમાં ધીલ કરવી દરૂસત નથી. એ લડત પંચનીછે તેમાં જે ફતેમંદી મેલવી તે ફતેમંદી પંચનાં દરએક માણસને માનવંત કરેછે, તો કલકતાના બાબુઓ સાથે મસલહત કરીને એ કામ પાર પાડવું, એટલુંજ નહી, પણ પોતે આગેવાંન થાઈને પોતાનાં તન અને ધનની મદદથી આ પટો ફેરવી આપતી વખતે ચોકસ બંદોબસત સાથે આપણા દેશનો સંગલો હેવાલ ઈંગલંડની પારલામેંટની સભાની નજદીક ખોહલો કરવો, એ આપણા મુંબઈવાલા દેશીઓ વચ્ચે સંગલા બોજોરગી અને દબદબો ધરાવનારાઓપર મોહોટી ફરજછે, તે ફરજ અદા કરવાને તેઓ ચુકશે નહી હેવી હમોને ઊમેદછે. આપણે ઘણીવાર સાંભલીએછે કે ઈંગરેજી ઇનસાફ આપણા

લોકોની ચાલચલણ પરમાંણે ઊતરતો નથી તેથી લોકો ઘણી ફરીઆદ કરેછે, તથા તેઓ ઈનસાફ મેલવવાની ધારાની લંબાંણ કશાડતથી છુટા પડવા માંગેછે, અને વલી કેટલાએકો પોતાની પંચના અસતેકમાં ઘણી એક બાબદો રાખવા ધારેછે, તેહવા લોકોને પોતાનાં માંગવાની જોરમંદી બતલાવવાનો આએ વખત આવેલોછે. તે વખત તેઓ જો જવા દીએ તો પછી તેઓની હેવી સંગલી ફરીઆદો હવેપછી સાંભલવાજોગ થાશે નહી. આ નવો પટો ફેરવતી વખતે ઈસટ ઈંડીઆ કંપનીના કારોબારમાં મોહોટો ફેરફાર થાશે તેમાં કાંઈ શક નથી, પણ એ ફેરફાર આપણા દેશીઓને લાભ ભરેલો થાએ હેવું આપણે કરવું જોઈએછે. કલકતાના બાબુઓનીજ માફક એ કામસર મુંબઈ સવસથાંનના દેશીઓએ તથા તેજ પરમાંણે મધરાજવાલાઓએ પોતપોતાની તરફથી આસોશીએશન મંડલીઓ ઊભી કરી એકમત અને એકદીલથી કોસેશ રાખીને પારલામેંટ પાસેથી નામદાર રાણીને તાબેની હીંદુસથાંન ખાતેની પરજાને કીજે આપણા વાજબી હકો મેલવવા જોઈએછે. ઈંગલંડના લોકોની નજર આપણી ઊપર રેહેમ ભરેલીછે, માટે જો આ દેશથી ચોકસ ફરીઆદ અથવા માંગણીઓ મોકલવાની તજવીજ થાએ અને તેઓનાં કાંનપર આપણી અરજ પુરતી રીતે પડે તો તે ઊપર ધેઆંન પોંહોંચાડવાને તેઓ વીલમ લગાડે હેવું નથી. [જગત પરેમી, જાનેવારી ૧૮૫૨.]

હીંદુસથાંનના ગવરનર જેનરલ લારડ કેઆંનીંગની રાજનીતી.

હીંદુસથાંનના ગવરનર જેનરલ નામદાર લારડ વાઈકાંઊંટ કેઆંનીંગે હવડાંના બલવાના ધાસતી ભરેલા હીગાંમમાં જે હીમત, દાનાઈ, અને અસરાફી બતલાવીછે, તે બાબદમાં એ નામદારને એક માન પતર આપવાની કલકતાના દેશી લોકોએ ગોઠવણ કરીછે, હેવા સમાચાર અતરે

મલીઆછે. લારડ કેઆંનીંગ એ માન પતરને પુરતી રીતે લાએકછે, અને હેવીજ રીતનું એક માન પતર મુંબઈના દેશી ગરહસથોની તરફથી એ નામદાર ઊપર મોકલવું જરૂરછે.

હીંદુસથાંનનાં મુલકને માથે આજ છ માસ થાએઆ જે કાલ બેઠોછે તે થોડી ધાસતી ભરેલો નથી. ઈંગરેજી અંમલ તલે પરવરસ થાએલા તથા ઈંગરેજી કવાએદથી પુરવીન થાએલા બંગાલ સવસથાંનના સીપાહીઓએ આ દેશમાં છ માસ થાએઆ જે ખુનરેજી વરસાવીછે તેહેવો મામલો આએ દેશમાં ઈંગરેજી હકુમત તલે કધી બનીઓ નથી. અને એ સીપાહીઓનો બલવો બેશાડી નાખવા તથા હીંદુસથાંન મધે પાછી સમાધાંની ચાલુ કરવાને સારૂં લારડ કેઆંનીંગને માથે જેટલો જોખમ આવી પડીઓછે તથા જેટલી મુશકેલીઅત વચમાં પડીછે તે પર માંણે કોઈબી ગવરનર જેનરલને આગલ કધી ખમવું પડીઊં નથી. લારડ કેઆંનીંગે આવા વખતમાં પોતાનાં ઊદાર મનનું જે કઊઅત બત લાવીઊંછે, અને પોતાની છાતી કઠણ રાખીને બલવો બેશાડી નાખવાને સારૂં તેણે જે જે કોશેશો કીધીછે, તે સંગલાંને મારે સુલેહના ચાહનાર સંગલી કીસમના દેશી લોકોની તરફથી એ નામદારને માન ઘટેછે, અને તે માન જાહેર રીતે આપીને એ ઊમરાવને તેહેની ભલી મેહેનતમાં વધારે ઊલટ આપવાનો હવડાં વખતછે.

કલકતાના દેશી ગરહસથોનો દાખલો પકડીને આપણાં સવસથાંનના લોકોએ લારડ કેઆંનીંગને જે માન પતર આપવું ઘટેછે તેહેનાં ઊપર જણાવીઆ સવાએ બીજાં કેટલાંએક કારણોછે, કે જે કારણોને લીધે એ નામદાર આપણા દેશી લોકોનો પેઆર લેવા અને તેઓની તરફની હોરમત મેલવવાને લાએકનો થાએઓછે. લારડ કેઆંનીંગે પોતાના અંમલમાં ઈઊરોપીઆંન તથા દેશી લોકોને એકસરખો હક તથા ઈનસાફ આપવાની કોશેશ કરીછે, અને હવડાં પણ એ નામદાર તેહેવીજ કોશેશ કરેછે, અને તે કારણને લીધે પોતાના ઘણાએક હુલડ અને વગર વીચારવાલા જાતભાઈઓ કે જેઓની સંખેઆ હીંદુસથાંનની ઈઊરોપી

આંન વસતીનો મોહોટો ભાગ ગણાએછે તેઓનો એ ઘણી દુશમન થાઈ પડીઓછે. જે શખસો હીંદુસથાંનનાં હવડાંનાં ઘણાંખરાં ઈંગરેજી વરત માન પતરો અને તેમાં અગત કરીને બંગાલ સવસથાંનનાં પતરો વાંચ વાનો માહવેરો રાખેછે, તેઓ સારીપેઠે જાણેછે કે ઈઊરોપખંડની વસ તીનો એખરો જે વેપાર તથા બીજા ધંધાસર આએ દેશમાં આવીને વશે લોછે, અને જેઓ માહેલા દરએકની મુરાદ આએ દેશમાં રેહેવાની માતરે એટલીજછે કે જેમ બને તેમ ઊતાવલેથી નાણાંની રકમ એકઠી કરીને પોતાને વતન રવાને થવું, તે લોકો આજ ઘણાં વરશ થાએઆં હેવો દાવો કરતા આવીઆછે કે તેઓને "ઈઊરોપીઆંન" દાખલ આએ દેશના વતનીઓ કરતાં હમેશાં વધારે હક તથા સાહેબી મલવી જોઈએછે. આપણી સરકારે એ અણઘટતો દાવો આજ સુધી મંજુર રાખીઓ નથી, અને એ માંગવું કે જેથી કરીને દસ ઈઆ વીસ હજાર ઈઊરોપી આંનો પોતાનો હક તથા અખતીઆર વધારીને પોતાના પગ તલે વીસ કરોડ દેશી લોકોનો હક કચડી નાખવાની ધારણા રાખેછે તે આપણા સતાવાલાઓએ વાજબીની રીતે ગેરઈનસાફી ભરેલું ગણીઊંછે. પણ હવડાંના બલવાનો લાભ લઈને એ ઈઊરોપીઆંનોએ પોતાનો પોકાર પાછો જારી કીધોછે—અને હીંદુસથાંનનું દરએક ઈંગરેજી વરતમાન પતર તેઓની મતલબને મલતું લખેછે—અને તેજ મતલબથી લખેલી બીનાઓ દર આગબોટે જથાબંધ ઈંગલંડ ખાતે રવાંને કરેછે. એ જેહેર ભરેલી બીનાઓ લખી મોકલીઆથી તેઓ આએ દેશના તમામ વત નીઓ ઊપર ઈંગલંડના લોકોનો કરોધ વધારવાની તજવીજ કરેછે, કે જેથી કરીને તેઓ પોતાની મતલબમાં ફાવી શકે, અને આએ દેશની બીજી તમામ વસતી કરતાં વધારે હક તથા સાહેબી ભોગવે. સરવે કોઈ જાણેછે કે હવડાંના બલવામાં બંગાલ સવસથાંનના સીપાહીઓ તથા ઊપલાં દેશ ખાતેનાં કેટલાંએક ફીતુરી લોકો સવાએ બીજાં કોઈ માંણસો સાંમેલ નથી, અને આપણા દેશી લોકોનો મોહોટો ભાગ એ બલવાથી કંટાલીને તથા તેથી નીપજતી ખરાબી જોઈને સુલેહ તથા સમાધાંની

ચાહેછે. પણ આએ દેશનાં ઈંગરેજી વરતમાન પતરોએ એ સાચી વાત હીમતથી અને અપખશપાતપણાંથી જાહેર કરી નથી. તેઓ માતરે એવું બતલાવવા માંગેછે કે આએ બલવો તમામ દેશી લોકોને પસંદછે, અને બંગાલ ખાતાંના સીપાહીઓએ જેહેવી ખુનરેજી તથા કમકમાટ ભરેલી રીતની કતલ કીધીછે તેજ માફક સંગલા દેશીઓ કરશે હેવો તેઓ ખવાસ રાખેછે, વાસતે હવેપછી દેશી લોકો ઊપર સરકારની જપતી વધારે મજબુત રાખવી જોઈએછે, અને હવડાં તેઓ જે કાંઈ હક ભોગવેછે તેમાંથી તેઓને બાતલ કરવા ધરેછે. એ બોલવું કેહેવું અણઘટતું છે, અને સંગલા દેશીઓને બલવાખોરોની સંપમાં સાંમેલ કરવા, અથવા બલવાખોરોના જેહેવાજ ઠેડવવા, તે વીચાર ઈનસાફથી કેહેવો ઊલટોછે તે હમારા સંગલા વાંચનારાઓ પીછાંણી લેશે, પણ આએ દેશના ઈંગરેજી વરતમાન પતરવાલાઓ પોતાનાં કુલોની તરફથી ઊપર જણાવીઆ પરમાંણે જે વીચારો પરગટ કરેછે તેથી તેઓ પોતાની સચાઈ તથા ઈમાનદારીને શરમ પોંહોંચાડેછે.

લારડ કેઆંનીંગે હેવા ઈઊરોપીઆંનોનાં અણઘટતાં માંગવાનો વાજબીની રાહે તીરસકાર કરેઓછે, તેહેના આપણી પાસે કેટલાએક દાખલાછે, અને તે દાખલા આએ બલવાના હીગામમાંજ બનેલાછે. એ મધે પરથમ દાખલો એછે જે ગીઆ જુન મહીનામાં એ નામદારે ધારા બાંધનારી સભાને અરજ કરીને વરતમાન પતરોની બાબદમાં જે ધારો પસાર કરાવીઓ હતો, અને જે ધારાની સતાથી સરકારની પરવાનગી વગર હીંદુસથાંનમાં કોઈબી વરતમાન પતર બાહેર પડી શકતું નથી, તે ધારામાં એ નામદારે ઈંગરેજી તથા દેશી વરતમાન પતરો વચ્ચે કસો ફરક રાખેઓ નથી. એ ધારામાં દેશી વરતમાન પતરોનું છુટાપણું છીનવી લઈને ઈંગરેજી વરતમાન પતરોનું છુટાપણું લારડ કેઆંનીંગે કાએમ રાખેઊં નહી, તે શબબને લીધે ઈંગરેજી વરતમાન પતરોમાં એ નામદારની ઘણીએક ગીબત થાઈછે, તથા તેહેની ઊપર નાલાએક હોમલાઓ કરેઆમાં આવીઆછે, તોપણ તે બાબદમાં તેણે કસી દરકાર કીધી હોએ

હેવું જોવામાં આવતું નથી. બીજો દાખલો એછે કે જે વેલાએ કલકતાની પાસે બરાકપોર મધે કેટલીએક ગામઠી પલટણો છાવણી કરીને પડેલી હતી, અને કલકતાના તમામ રેહેવાસીઓ તેઓથી ધાસતી ખાતા હતા, તે વખતમાં ઊપલી કીસમના વગર વીચારવાલા ઈઊરોપીઆંન લોકોએ લારડ કેનીંગને હેવી અરજી કીધી હતી કે ઈઊરોપીઆંન રેહેવાસીઓ સવાએ કલકતાના બીજા કોઈબી દેશી પાસે હથીઆરો હોએ તો તે છીનવી લઈને સરકાર અસતેક કરવાં જોઈએછે, એ અરજ લારડ કેનીંગે કબુલ રાખી નહી. તેણે જોઈઊં કે બરાકપોરની છાવણીમાં પડેલા સીપાહીઓથી જે પરમાંણે કલકતાના ઈઊરોપીઆંનો ધાસતી ખાએછે તેજ પરમાંણે દેશી લોકો પણ ધાસતી ખાએછે, તેઆરે ઈઊરોપીઆંનોના હાથમાં પોતાના બંચાવને સારૂં હથીઆર રેહવા દેવાં અને દેશીઓને બંચાવ વગર રાખવા એ મોહોટી ગેરઈનસાફીછે. લારડ કેનીંગના અદલ ઈનસાફનો તથા આપણા દેશી તરફ રેહેમ નજરનો તરીજો દાખલો તરત બનેલોછે. સરવે કોઈને ખબરછે કે હીંદુસથાંનની ધારા બાંધનારી સભાએ હવડાં એક હેવો ધારો પસાર કીધોછે કે સરકારની રજા લીધા વગર કોઈબી શખસથી પોતાની પાસે લડાઈનાં હથીઆર રખાએ નહી. એ ધારો દેશી લોકો તથા ઈઊરોપીઆંનોને એકસરખી રીતે લાગુ પાડી ઓછે, તે અલબત ઈઊરોપીઆંનોને પસંદ પડીઓ નહી, તેથી કલકતા મધે તેઓએ એક અરજી ઊભી કરીને લારડ કેનીંગ પાસે હેવું માંગીઊં કે એ ધારો ફકત દેશી લોકોને લાગુ પાડવો, અને ઈઊરોપીઆંનોને તેથી મોકલા રાખવા. લારડ કેનીંગે વાજબીની રાહે એ અરજીનો જવાબ વાલીઓ કે દેશી લોકોનો મોહોટો ભાગ સરકારની તરફ વફાદારછે, કેટલેએક ઠેકાંણે દેશી લોકોએ સરકારની તરફથી પોતાના જાન માલને ધાસતીમાં નાખેઓછે, અને તેહેવી વફાદારીના દાખલા સરકારના જાણીઆમાં આવીઆછે, વાસતે હેવી ખુબી વીશરી જાઈને હથીઆર બાબે ઈઊરોપીઆંનોને છુટ આપીને તેથી દેશી લોકોનાં દીલને નુકસાંન લગાડવું હેવો એ નામદારની સરકારનો ઈરાદો નથી.

કરનલ નીલ ગીઆ જુલાઈ મહીનામાં મધરાજની ઈઊરોપીઆંન રીજમીટની સરદારી લઈને અલાહાબાદ તરફ ગએઓ હતો, અને તેહેનાં લશકરે નાહેક સેંકડો ગૉમડાંઓ તારાજ કરેઆં હતાં, તથા તેહેનું લશકર ઘણાએક બેગુનાહ લોકોનો જાન લેતું હતું, તે બાબદમાં અટકાવ કરવા સારૂ લારડ કેઆંનીંગે તરત મી૦ ગરાંટને "કમીસનર" દાખલ એ પરાંત તરફ મોકલીઓ હતો, અને હેવો હોકમ કીધો હતો કે ગુનેહગાર સવાએ બીજા કોઈને હાથ લગાડવો નહી તે વાત હમારા વાંચનારાઓને કદાચ ઈઆદ હશે. એ બાબદમાં પણ કલકતાનાં ઈંગરેજી વરતમાંન પતર વાલાઓએ એ નામદાર લારડ કેઆંનીંગને નાલાએક રીતે સતાવીઓ હતો, અને હેવું જણાવીઊં હતું કે એ નામદાર દેશી લોકોની જુઠી દએઆ ખાએછે.

એ રીતે નામદાર લારડ કેઆંનીંગે આપણા દેશી લોકો તરફ પોતાનો પેઆર અને અદલ ઈનસાફ બતલાવીઓછે, તેહેને માન પતર આપીને તેહેના દુશમનોનાં મોહોડાં બંધ કરવાની ફરજ કલકતાના દેશી ગરહસથોએ જેમ પોતાને માથે ખેંચી લીધીછે તેજ માફક મુંબઈના ગરહ સથોએ પણ કરવું ઘટેછે. હેવું માન પતર મલેઆથી લારડ કેઆંનીંગને પોતાના વીચાર પરમાંણે ચાલવાને સારૂ હવડાંનાં કરતાં કેટલું વધારે કઊવત મલશે તે વાત રાજ દરબારી બાબદો ઊપર ધેઆંન આપનારા સંગલા શખસો સેહેલાઈથી સમજી લેશે. [રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી નવેમબર ૧૮૫૭.]

નામદાર રાણીનું રાજ—દેશીઓની ઉમેદ.

ગરેટ બરીટન દેશની નામદાર માહરાણી વીકટોરીઆનું રાજ હીંદુ સથાંન મધે તારીખ ૧ લી નવેમબર ૧૮૫૮ ને દીનેથી એ નામદારના ખુદ અખતીઆર તલે આવીઊંછે, તે ઊપર આ દેશના લોકો મોહટી ઊમેદ અને આશા ભરેલી નજરથી જુએછે. તેઓ નામદાર રાણીનાં

બખતાવર નામથી અને માએઆલુ રાજથી આ દેશની ચહડતી કલા અને આબાદાંનીમાં જલદીથી વધારો થવાની વકી રાખેછે. બલવાના વખતના જોસામાં કેટલાએક ઈંગરેજી વરતમાન પતરવાલાઓએ તથા જાહેર લખનારાઓએ ફોકટનો બકબકારો કરી મેલીઓ હતા કે દેશીઓ સાથે ઈઊરોપીઆંનોએ ગરમ અને તુંદ મીજાજથીજ ચાલવું જોઈએછે; તેઓને માણસ ગણવાને બદલે બે પગનાં પખશીઓ જેહવાં ગણવાં જોઈએછે; તેઓને જોખમ ભરેલા અને વીશવાશુ ઓધાઓ આપવા નથી જોઈતા, તેઓ મધેથી જાતીભેદ અને ગનેઆતનો નાશ કરી નાખવો જોઈએછે, સંગલા અને દરએક બલવામાં સાંમેલ થનારને તલવારથી કતલ કરવા, તથા ફાંસીને લાકડે લટકાવવા જોઈએછે, ઈતીઆદી. હેવું બોલીને કેટલા એક જાહેર લખનારાઓએ દેશીઓનાં દીલમાં તેઓનાં માએઆલુ રાજ તરફ ખોરો વસવસો ઊતપન કીધો હતો, તે સંગલો હાલ નાબુદ થઈ ગએલો માલમ પડેછે, અને તેની જગાએ તેઓમાં પોતાની બખતાવર અને બુલંદ દરજજાની રાણી તરફ પરીતી અને હેત ભરેલી સુચના દાખલ થઈછે. ઈંગલંડ મધે હીંદુસથાંનનાં રાજ કારોબાર ઊપર ઈંડીઆ કાઊંનસીલનો જે મુખીઅ સેકરેટરી લાંરડ ઈસટાનલેને ઠેરવેઆમાં આવેઓછે, તે રાજદુઆરી ઊમરાવ આ દેશનું સારૂં કરવાને તથા દેશીઓના હકમાં ફાએદો કરવાને કેહવો ખંતી અને આતુરછે, તથા દેશીઓ વીશે કેહવી પેઆર ભરેલી સુચના ધરાવેછે તે વીશે દેશીઓએ એ નામદારના વીચારો વાંચી જોઈ લીધુંછે. તેઓએ હાલ જાણીઊંછે કે ઈંગલંડના મોહટા રાજદુઆરી ઊમરાવો અતરેના કરોધમાં આવી ગએલા અને માથાંના ફરેલા જાહેર લખનારાઓના બકબકારા ઊપર બીલકુલ ધેઆંન આપતા નથી, પણ પોતાનો અંમલ જાલવી રાખવાને સંગલી બારીક બીનાઓ ઊપર ઘણી દાહપણ ભરેલી રીતે નજર પોંહોંચાડેછે. એ ઊપરથી હમણાં માએઆલુ રાણીનું નામ આ દેશના કારોબાર સાથે જે જોડાએઊંછે તેથી દેશીઓ પોતાનાં દેશનાં હકમાં કાંઈ પણ ગેરફાએદા થવાને બદલે મોહટા લાભ અને સુધારા થવાની ઊલટ અને આશા રાખે

હેમાં નવાઈ જેહવું નથી. એ ઊલટ અને આશામાં નામદાર રાણીએ જે જાહેરનામું બાહેર પાડીઊંછે તેથી ખચીત વધારો અને ઊમેરો થાઈ પડેઓછે. જાહેરનામામાં નામદાર રાણીએ જે જે કબુલાતો આપીછે તે ઘણું કરીને હીંદુસથાંનનાં લોકોને અને હીંદુસથાંનનાં રાજા તથા સરદારોને શાએદો કરે હેવીછે. ઊશકેરણીથી બલવામાં સાંમેલ થએલાઓને, કેટલીએક સરતથી માફ કરવાને તથા દેશી રાજાઓ અને સરદારો સાથે કંપની સરકારે કીધેલા કોલકરારો પરમાંણે ચાલવાને, પોતાનો અંમલ હીંદુસથાંન મધે જે હાલછે તે વધારવાને બદલે સારી રીતે ચલાવવાને, લોકોના ધરમ સંબંધી વીચારોમાં આડે નહી આવવાને, તથા જાતીભેદનો તફાવત રાખેઆ વગર હરએક ઓધા ઊપર દેશીઓને તેઓની લાએકી પરમાંણે દાખલ કરવાને, તથા આ નાશકારક બલવો તદન નરમ પડી ગએઆ પછી આ દેશના સુધારા તરફ ઘટતું ધેઆંન પોંહોંચાડવાને, નામદાર રાણી પોતાના ઢંઢેરામા કબુલાતો આપેછે, તેથી એ નામદારનાં રાજ ઊપર દેશીઓ પોતાનાં ભલાંને ખાતર મોહટી ઊમેદ અને આશા રાખે તો તે અણઘટતું અને ગેરવાજબી નહી કેહવાશે.

[રાસ્ત ગોફ્તાર, તા૦ ૭ મી નવેમબર ૧૮૫૮.]

હીંદુસથાંનનો રાજકારોબાર ઈસટ ઈંડીઆ કંપની પાસેથી રાણી વીકટોરીઆએ પોતાને અસતક લેવા વીશેનો ઢંઢેરો.

હીંદુસથાંનના રાજા, રજવાડા, તથા સરદાર તથા બીજા લોકોને ઈંગલંડની નામદાર રાણીની તરફથી નીચે જણાવેલું જાહેરનામું પરસીધ કરવાનો હુકમ ગવરનર જેનરલ ઊપર થાએઓછે.

વીકટોરીઆ, ઈશ્વર મેહરબાંનીથી ગરેટ બરીટન અને આએરલંડની તથા ઈઊરપ, એશીઆ, આફરીકા, અમેરીકા તથા આસતરલેશીઆ ખંડ મધેનાં સંસથાંનોની તથા ધરમનું રખશણ કરનારી રાણી જણાવેછે કે—

આજ લગી હીંદુસથાંનનો રાજકારોબાર જે હમારી તરફથી નામદાર ઈસટ ઈંડીઆ કંપની ચલાવતી હતી તે પારલામેંટ સભાની મરજીથી તથા સલાહથી કેટલાંએક અગતનાં કારણોને લીધે હમોએ હમારે અસતેક ચલાવવાને ઠેરાવ કીધોછે.

તેટલા વાસતે હમો હવે આ જાહેરનામાંથી જેણાવીએછે તથા પરસીધ કરીએછે કે હીંદુસથાંનનો રાજકારોબાર હમોએ હમારે માથે લીધોછે, અને એ દેશ મધેની હમારી સંગલી રઈએતને હમો ફરમાવીએછે કે તેઓએ હમારી સાથે તથા હમારા વારસ વકીલોની સાથે ઈમાનદારીથી તથા નીમકહલાલીથી ચાલવું, અને હીંદુસથાંન મધેના હમારા મુલક ઊપર હમારે નામે તથા હમારી તરફથી જેઓને કારોબાર ચલાવવાને ઠેરવીએ તેઓનીં સતાને માન આપવું.

હમો હમારા ઘણા વીશવાશુ અને પીઆરા મંતરી ચારલસ જાન વાઈકાંઊંટ કેઆનીંગ સાહેબની ઈમાનદારી, ઈઓગીઅતા અને હોશીઆરી ઊપર પુરો વીશવાશ તથા ભરોસો રાખીને એ નામદારને હીંદુસથાંનનો પેહલવેહલો ગવરનર જેનરલ ઠેરવીએછે તથા નેમીએછે; અને

હમારે નામે એ મુલકનો રાજકારોબાર ચલાવવાને તથા હમારા મુખીઅ સેક્રેટરીની મારફતે જે જે હુકમ તથા જે જે કાએદા એ નામદારને હમારી તરફથી પોંહચે તે પરમાંણે હમારે નામે તથા હમારી તરફથી વહીવટ કરવાનો હમો તેને અધીકાર આપીએછે.

નામદાર ઈસ્ટ ઈંડીઆ કંપનીએ હાલમાં જુદાં જુદાં દીવાંની તથા લશકરી ખાતાં ઊપર જે શખસોને રાખેલાછે, તથા ચાકરી ઊપર નેમે આછે તે સંગલાઓને તેઓના ઓધા ઊપર હમો કાએમ રાખીએછે; તેઓને હમારી મરજી પરમાંણે તથા હમો જે કાએદા કાનુન બાંધીશું તે પરમાંણે ચાલવું પડશે.

હમો હીંદુસથાંન માંહેના રાજા, રજવાડાઓને જાહેર કરીએછે કે તેઓની સાથે નામદાર ઈસ્ટ ઈંડીઆ કંપનીએ જે કંઈ ખત પતરો અને કોલકરારો કીધા હશે, અથવા જે એ કંપનીના હુકમથી થાએઆ હશે તે સરવે હમારે કબુલછે, અને તે કોલકરાર તથા સરત મુજબ હમો ચાલીશું; અને તેજ પરમાંણે રાજા, રજવાડાઓએ પણ તે કોલકરાર અને સરત મુજબ ચાલવું જોઈએ.

હમારૂં જે હાલનું રાજછે તે વધારવાની હમારી મુદ્દલ ઈછા નથી. તોપણ હમારાં રાજને તથા હમારા કાબુને જે કોઈ નુકસાંન પોંહોંચાડવાની તજવીજ કરશે તેને સજા કીધા વગર હમો રેહશું નહી, અને તેમજ બીજા મુલકનું તથા બીજાના કાબુને નુકસાંન પોંહોંચે હેવી વાત હમો કધી મંજુર રાખશું નહી. જે પરમાંણે હમારો અધીકાર, હમારો દરજ્જો અને હમારો મરતબો હમો સંભાલી રાખીએછે તેજ પરમાંણે હીંદુસથાંન માંહેના રાજા, રજવાડાઓનો અધીકાર, દરજ્જો તથા મરતબો હમો સંભાલવાને ચુકશું નહી. હમો રાજા, રજવાડાઓની તથા હમારી રઈઅતની આબાદાંની અને ચઢતી કલા ઈછીએછે; પણ એ આબાદાંની તથા ચઢતી કલા સુલેહ સંપજથી તથા સારા રાજકારોબારજ ઊપર ફકત આધાર રાખેછે.

પાદશાહી તરીકે હમારી બીજી સંગલી રઈઅત તરફ જેટલી હમારી ફરજછે તેટલીજ ફરજ હીંદુસથાંન માંહેના મુલકની હમારી રઈ

અત તરફછે, હેવું હમો સમજીએછે; અને તે સંગલી ફરજો સરવ શકતી વાંન ઈશ્વરની મેંહરબાંનીથી હમો ખરાં અંતકરણથી તથા આકીન પણાંથી બજાવશું.

ખરીસટી ધરમનાં ખરાપણાં ઊપર જોકે હમારો પુરો વીશવાશછે, તથા તે ધરમથી જે સુખ મલી શકેછે તેટલા માટે જોકે હમો ઈશ્વરના આભારી છઈએ, તોપણ ધરમ સંબંધી હમારા વીચાર હમારી રઈઅત પાસે કબુલ કરાવવાને હમોને અધીકાર નથી, તથા હમારી ઈછા પણ નથી. ધરમ સંબંધી વીચારથી તથા આચરણથી કોઈની તરફદારી થાએ નહી, કોઈને ઈજા તથા દુખ પોંહોંચે નહી, અને ઈંગરેજી કાએદાના લાભ તથા ફાએદા સરવે કોઈને સરખી રીતે મલે હેવો હમારો હુકમછે. હમારા હાથ તલેના સરવે અધીકારી તથા કારોબારીઓને હમો મજબુત રીતે હુકમ કરીએછે કે તેઓએ હમારી રઈઅતની ધરમ સંબંધી સહમજ અને ધરમ સંબંધી ભકતી વીશે કધી અને કોઈ પરકારે વચમાં પડવું નહી; વચમાં પડશે તો તેઓની ઊપર હમારી ઘણી નાખુશી અને ગેરમેહરબાની થાશે.

વલી હમારી હેવી ઈછાછે કે હમારી રઈઅતમાં જે કોઈ શખસ પોતાની કેલવણીથી તથા કાબેલીઅતથી તથા ઈમાનદારીથી હરએક ઓધો ચલાવવાને લાએકનો હશે તો ધરમનો તથા ચામડીનો કંઈ પણ ભેદ ગણીઆ વગર તે ઓધો તેને આપવામાં આવશે.

હીંદુસથાંનનાં લોકો પોતાના વડીલો પાસેથી મેલવેલી જમીન ઊપર જે અતીઘણો પીઆર રાખેછે તે હમોને માલમછે તથા હમો તે સારીપેઠે સમજીએછે; તેથી તે જમીનના માલેક પાસેથી સરકારનું વાજબી લેણું તથા કર હશે તે લેઈને તેઓને પોતાનો હક જાલવવાને બની આવે હેવું કીધામાં આવશે, અને હરએક બાબદસર કાએદા ઠેરવતી વખતે તથા તે કાએદા અંમલમાં લાવતી વખતે હીંદુસથાંનનાં લોકનાં પુરાતમ હક, રવ ઈઆ અને વીચારો ધેઆંનમાં રાખવામાં આવે હેવી હમો ઇછા રાખીએછે.

રાજનાં લોભી માણસોએ પોતાનાં દેશનાં લોકોને ખોટું ખોટું સમ જાવીને ફસાવીઆ અને તેઓને દંગો ફીસાદ ઊઠાવવાને તઈઆર કીધા,

અને તેથી હીંદુસથાંનનાં લોકોને જે દુખ અને નુકસાંન પોંહોંચીઊં એટલા વાસતે હમો અતીશે દલગીર છઈએ. લડાઈમાં બલવાખોરોનું જોર નરમ પાડી દીધું તે ઊપરથી અમારૂં કઊવત સરવે કોઈને સારીપેઠે માલમ પડીઊંછે; પણ હવી રીતે ફસી પડેલા લોકોમાંથી જેઓ પાછા વાજબી રીતે ચાલવાને ઈછા રાખતા હશે તેઓનો અપરાધ માફ કરવો હેવી હમારી ખાએસછે.

વધારે ખુનરેજીનો અટકાવ કરવાને તથા હીંદુસથાંન માંહેના હમારા મુલકમાં જલદીથી સમાધાંની કરવાને એક પરાંતમાં તો હાલ તરત હમારા ગવરનર જેનરલે કેટલીએક સરતથી ગુનાહની માફી બખશવાની આશા દેખાડીછે, અને જેઓના ગુનાહ માફ થાવાજોગ નહી હશે તેઓને શું સજા કરવી એ પણ જાહેર કીધુંછે. હમારા ગવરનર જેનરલે એ બાબદસર જે જાહેરનામું કાહાડીઊંછે તે હમોને પસંદ પડીઊંછે, તથા તે હમો કબુલ મંજુર રાખીએ છઈએ અને એ સીવાએ વલી હમો જાહેર કરીએછે કે—

હમારી ઈંગરેજી રઈઅતનાં ખુન કરવામાં જેઓ ખુલ્લી રીતે સાંમેલ થએઆ હશે તેઓ સીવાએ સંગલા ગુનેહગારો ઊપર હમો દએઆ લાવીશું. હમારી ઈંગરેજી રઈઅતનું ખુન કરનારાઓ ઊપર દએઆ લાવવી તેતો ઈનસાફથી ઘણુંજ ઊલટુંછે.

ખુની ગુનેહગારોને જે લોકોએ જાણીજોઈને આસરો આપેએ હશે, અને જેઓ દંગો ઊઠાવવાને આગેવાન તથા તઈઆર થએઆ હશો તેઓને જીવની માફી બખશવા સીવાએ બીજો કંઈ પણ દીલાસો આપી શકાતો નથી. પણ હેવાં માણસો સરકારની સાથે બેઈમાન થાવાને શા કારણથી અને શું સબબથી તઈઆર થએઆ તેનો પકો વીચાર તેઓની ઊપર સજા ઠેરવતી વખતે કરવામાં આવશે, અને મતલબી માણસોએ તેઓની ઊપર ખોટું તોહમત મુકવાને ખોટી અફવા ઊડાવી હશે તો તે બાબેનો પુરતો વીચાર અને પુરતી તપાસ કરવામાં આવશે.

ઊપર જણાવેલાં માણસો સીવાએ જે લોકો બલવામાં સાંમેલ થએઆ હશે અને લડાઈ કરતા હશે તેઓ જો પોતપોતાને ઘેર પાછા

આવીને સુલેહસંપજથી પોતપોતાનો રોજગાર ધંધો ચલાવવા માંગતા હશે, તો તેઓએ હમારી વીરૂધ, તથા હમારાં રાજની વીરૂધ, તથા હમારા દરજાની વીરૂધ કીધેલા સંગલા ગુનાહ હમો વીશરી જઈને કંઈ સરત કરીઆ વગર તેઓને માફી બખશશું હેવી હમો કબુલાત આપીએછે.

આવતા જાનેવારી મહીનાની પેહલી તારીખની અગાઊ જેઓ ઊપલી સરત મુજબ ચાલે તેઓ સંગલાઓને એ સરત તથા તેના નીઅમો લાગુ પડે હેવી હમારી મરજીછે.

ઈશ્વરની મેહરબાંનીથી હીંદુસથાંનનાં મુલક મધે જારે સમાધાંની થાશે, તારે તે દેશના વેપાર ધંધાને ઊતેજન આપવાની તથા પરજાનાં ઊપીઓગી અને સુધારાનાં કામો વધારવાની, તથા હમારી રઈઅતનું સારૂં થાએ હેવી રીતે એ દેશનો રાજકારોબાર ચલાવવાની હમારી પુરી અને સંપુરણ ઈછા છે. હમારી રઈઅતની આબાદાંનીથીજ હમારૂં સામરથ દીશેછે, હમારી રઈઅતના સંતોશથીજ હમારાં રાજની કાએમદારી માલમ પડેછે, અને હમારી રઈઅતની વફાદારીથીજ હમોને પુરતો બદલો મલી ચુકેઓ હેવું લાગેછે. રઈઅતનાં કલીઆંણ બાબદ આ જે હમારી મોહટી ઈછા છે તે પાર પાડવાને હમોને તથા હમારા હાથ હેઠલના અધીકારીઓને ઈશ્વર શકતીવાંન થાએ હેવું હમો અંતકરણથી ઈછીએછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૭ મી નવેમબર ૧૮૫૮.]

નીજામ, હોલકર, સીંધીઆ, અને એ વગરે બીજા દેશી રાજવાલાઓ બલવાની વખતે ઈંગરેજ સરકારની મદદમાં આવીઆ તેહેનો શબબ શું ?

નીજામ, હોલકર, સીંધીઆ, અને એ વગરે બીજા મોહોટા મોહોટા દેશી રાજવાલાઓ બલવાની શરૂઆતમાં અને તે પછી તે આજ સુધી ઈંગરેજ સરકારની તરફ વફાદાર રહેઆછે, અને પોતાથી બની શકે

એટલી મદદ એ સરકારને કીધીછે, અને તેઓએ બલવાના પુર જોસામો પણ ઈંગરેજી રાજથી પોતે સવતંતર થાવાની કસી ઈશીકતી કરી નથી, તે બાબે ઘણા લોકો અચરતી પામેછે. લોકો હેવું ધારતા હતા કે ઈંગરેજ સરકારથી નીજામની દરબારને વારેવાર ઘણું અપમાન ખમવું પડેલું છે, હોલકર અને સીંધીઆ તથા ગાએકવાડ અને બીજા રાજવંશીઓને તેઓની દરબારના રેસીડેનટોના ફરમાવીઆ મુજબ ચાલવું પડેછે, તારે હાવા બલવા જેહેવા હીંગામની જોગવાઈ એ દરબારવાલાઓ લીધા વગર અને બંગાલ સવસથાંનના સીપાહીઓને મદદ કરીને ઈંગરેજોને આ દેશ મધેથી હાંકી કાહાડવાની તેઓ પેરવી કરેઆ વગર કધી પછાત પડનાર નથી. પણ બનાવ તેથી ઊલટો બનીઓછે. આપણે જાણીએછે કે એકવાર હેદરાબાદ ખાતે કેટલાએક બલવાખોરોએ નીજામ ઊપર હેવો પેગામ મોકલાવીઓ હતો કે ઈંગરેજ લોકોને કતલ કરવા, અને ઈંગરેજી રાજ પાએમાલ કરી નાખવાનાં કામને જો તે મદદ કરવા ચાહતો હોએ તો એ બલવાખોરો તેહેની સરદારી કબુલ રાખવાને તઈઆરછે. નીજામની પોતાની રઈઅતે તેહેને એ બાબદની ઊશકેરણી કરી હતી, પણ નીજામે પોતાની-દાનાઈથી તથા પોતાના ચંચલ વજીર સાલારજંગની મસલહતથી એ બલવાખોરોની તથા પોતાની ફીતુરી રઈએતની ભલામણ ઊપર ધેઆંન પોંહોંચાડવાને સાફ ના પાડી હતી. એજ માફક ઈનદોરમાં જારે બલવો ચાલુ થાએઓ તારે તાંહાંના ઈઊરોપીઅન અમલદારોનો બંચાવ કરવામાં હોલકરની દરબારે ઘણીજ ઈનતેજારી બતલાવી હતી, અને એ કામમાં જુવાન હોલકરે પોતે એકવાર પોતાનો પરાણ બલવાખોરોની તલવારથી ધાસતીમાં નાખીઓ હતો. ગોવાલીઅરવાલા સીંધીઆએ પણ એજ રીતે કરીઊં હતું. તેહેના સીપાહીઓએ તેહેને ઈંગરેજી રાજની સાંમણે થાવાની ભલામણ કરી હતી, પણ તે ભલામણ સીંધીઆએ કબુલ રાખી નહી, તેથી તેહેનું લશકર બેદીલ થાએઊં અને તે બેદીલીનો લાભ લઈને તાતીઆ તોપી ગોવાલીઅર ઊપર ઊતરી પડીઓ, અને સીંધીઆનું લશકર તાતીઆને જાઈ મલીઊં, અને તે મામ

લાથી સીંધીઆએ એકવીસ દાહાડા સુધી પોતાનું રાજપાત ખોઈ દીધું, અને એ મુદતમાં તાતીઓ તેહેની ગાદી ઊપર બેઠો, કે જે ઊપરથી ઈંગરેજી લશકરે તેહેને શેવટે હાંકી કાહાડીઓ. હવે એ દેશી દરબારો બલવાની વખતે ઈંગરેજી હકુમતની તરફેણમાં થાઈ હતી તેહેનો શબબ શું હતો તે બાબે સરવે કાઈ રાજ દરબારીએ તજવીજ કરવી ઘટેછે. કેટલાએક લોકો કેહેછે કે એ દરબારવાલાઓએ ઈંગરેજોથી ધાસતી ખાઈને બલવાથી દુર રેહેવાનું કામ કીધું હતું, અને તેઓએ ઓર બલવાખોરોની સાંમણે કમર બાંધી હતી. બારીકીથી જોતાં હેવું માલમ પડેછે કે ધાસતીને લીધે નીજામ, હોલકર, ગાએકવાડ, સીંધીઆ, રજપુતાના રાજાઓ, અને એ વગરે બીજા ઘણાએક દેશી રાજવંશીઓએ ઈંગરેજ સરકારને મદદ કરી હતી એ વાત ખરીછે, પણ એ ધાસતી ઊપજવાનું કારણ ફકત હેવું નહી હતું કે એ રાજવંશોઓ ઈંગરેજ સરકારનાં બલથી બીહીતા હતા અને તેહેનીજ માતરે ફીકર રાખીને તેઓ બલવાખોરોની સાંમણે થાએઆ હતા. નહી—બલવાના વખતમાં હેવો મામલો ચાલતોતો નહી. બલવાના પુર જોસાના વખતમાં, ઈઆને ગીઆં વરશના આગશટ તથા સપટેમબર મહીનામાં હીંદુસથાંનનાં ઘણાંખરાં લોકોમાં હેવો વીચાર લાગુ પડેઓ હતો કે આ દેશ મધે ઈંગરેજી અંમલનો સેતારો હવે ઊતરવા માંડીઓછે, પણ એ દરબારવાલાઓએ ઈંગરેજ સરકારને મદદ કરી હતી તેહેનું મુખીઅ કારણ એજ હતું કે તેઓએ દુરઅંદેશાથી હેવો વીચાર કીધો હતો કે ઈંગરેજી હકુમત આ દેશમાંથી આખેર થાએઆથી તેઓને પોતાને કસો લાભ થાનાર નથી. તેઓ પોતાની ગાદી ઊપર આજ સુધી જે ટકી રહેઆછે તે ઈંગરેજ સરકારની સાહેતાથી બનીઊંછે. ઈંગરેજ સરકાર જો નીજામને મદદ કરતી બંધ પડે તો એ રાજવંશી શેવટે પોતાના દેશના આરબો તથા રોહીલાઓના પંજામાં આવી પડે, અને કોઈકાલે પોતાનું રાજ ખોઈ બેશે. હોલકરને પણ જો એજ રીતે ઈંગરેજ સરકારનો આસરો નહી મલે તો ઈનદોરની ગાદી ઊપર તેહેને ટકવું મુશકેલ પડે, કાંએકે હોલકર પોતે જાતે મરેઠોછે

અને તેહેની રઈએતનો મોહોટો ભાગ બીજા પંઠના હીંદુઓછે, કે જેઓને હોલકરની તરફ પોતાના દેશી દાખલ કસો પેઆર નથી. સીંધીઆની હાલત પણ એજ માફકછે. સીંધીઓ પણ જાતે મરેઠોછે, અને તેહેની રઈએત તમામ મુસલમાન તથા ઊપલાં દેશના હીંદુઓનીછે, માટે એ છેલ્લા જણાવેલા બંધે રાજવાલાઓનો દસત પોતાના મુલક ઊપર ઓસતવા રીથી લાગુ પડેલો નથી, તેથી કોઈબી તોફાંનની વેલાએ અને ઈંગરેજ લોકોની મદદ વગર તેઓ પોતાનાં રાજ ખોઈ બેશે તેમાં કસી નવાઈ નથી. ગાએકવાડની હાલત પણ હેવીજ રીતનીછે. ગાએકવાડ ગુજરાત મધે રાજ ચલાવેછે તે દેશની ઘણીખરી વસતી સાથે ગનેઆત સંબંધી એ રાજવંશી કસો સંબંધ રાખતો નથી, તારે તેહેની જગોએ જો કોઈ બીજો રાજવંશી અંમલ ચલાવવા આવે તો તે કામનો અટકાવ તેહેની રઈએત કસી ઊલટથી કરે નહી. હેવા સંગલા સબબોને લીધે ઊપલા તમામ દેશી રાજવંશીઓએ બલવાખોરોની સાંમણે થવાનો ઠરાવ કીધો હતો. તેઓએ જોએઊં હતું કે તેઓનાં પોતાનાં રાજ કસી રીતે મુસત કીમ પાએઆ ઊપર નથી, અને હીંદુસથાંનમાં ઈંગરેજી અંમલ બંધ પડીઆથી તેઓને ફાએદાને બદલે નુકસાંન થવાનુંછે. એ વીચાર ઊપરથી એ રાજવંશીઓએ પોતાના લાભ તરફ નેગાહ પોંહોંચાડીને બલવાખોરોની સાંમણે થવા તથા ઈંગરેજ સરકારને મદદ કરવાનો ઠરાવ કરીઓ હતો. એ વીચાર ઘણો દુરઅંદેશા ભરેલો હતો તે સઊ કોઈ કબુલ કરશે. આ વાત ચોકસછે કે બલવાખોરોને મદદ કીધાથી અને ઈંગરેજી રાજ ઊલટાવી નાખીઆથી દીલ્લીના શેહેનશાહની હકુમત ઘણી વધી પડતે, અને હીંદુસથાંનના જુદા જુદા રાજવંશીઓ જેમ હમણાં ઈંગરેજ સરકારને તાબેછે તેમજ તેઓને દીલ્લીની હકુમતને તાબે થાવું પડતે, અને તે તાબેદારી હમણાંની ઈંગરેજ સરકારની તાબેદારીનાં કરતાં વધારે કઠણ થાતે, અને જે પરમાંણે આજ બસો વરશની વાત ઊપર મોગલાઈ અંમલમાં હીંદુસથાંનની રાજ દરબારી હાલત હતી તે માંમલો પાછો બનતે. પણ સારાં ભાએગે આપણા દેશી રાજવંશીઓએ દુર

નજર પોહોંચાડીને એ સંગલો માંમલો આગલથી ચેતીઓ હતો, અને તે ઉપરથી તેઓએ ઈંગરેજોની તરફેણમાં થાઈને હાવા બારીક વખતમાં પોતાને તથા પોતાના દેશને કીજે ફાએદા ભરેલો મારગ સોધી કાહાડીઓ હતો. [રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી જાનેવારી ૧૮૫૯.]

રાજકારોબાર ચલાવનારા અમલદારોની ગફલતને લીધે રાજની ઉપર સુખન લઈજવો નહી જોઈએ.

(ઈ૦ સ૦ ૧૮૭૪ નાં મુંબઈ મધે થાએલાં મુસલમાંનોનાં હુલડની વેલાએ જરતોસતીઓની એક સભાની નજદીક કરેલાં માહારાં ભાશાણ મધેથી.)

જે દરખાસત તમો સાહેબોની નજદીક હમણાં વાંચી સંભલાવવામાં આવીછે તે દરખાસતને હું ટેકો આપવાની રજા લેઉંછું. એ દરખાસત મુજબ જે ફરીઆદ આપણે ઉઠાવવા ધારીછે, તે ફરીઆદ ઈંગરેજી રાજના સાંમે આપણે ઉઠાવીએછે એમ નથી, એવું આપણે સરવેએ ચોકસ ધેઆંનમાં રાખવું જરૂરછે. એ ફરીઆદ આપણાં રાજની સાંમે નથી, પણ આપણી રાજકરતા રાણીએ આપણા જાન માલનો સંભાલ જે માણસોનાં હસતકમાં સોંપીઓછે, તેઓ વીશેછે. જેમ ચાકરોનાં ભુલ ભરેલાં કામથી તેમનો શેઠ બદનામ થાએછે, તેમ માતરે આપણી રાણીના ચાકરોનાં કામથી રાણીનું રાજ બદનામીમાં આવેછે. જો તેવું નહી હોએ તો આજના જેવી સભા ભરવી શેકટછે. બરીટીશ રાજ અદલછે, અને એ અદલ રાજની નીતી એવું ફરમાવેછે કે, રાણીની પરજા માહેલાં કોઈબી મીશકીન અથવા અદનામાં અદના શખસનાં સંભાલને કીજે જો જરૂર પડે તો બરીટીશ રાજને તાબેની સરવે દોલતથી અને સરવે બલથી તે અદના માણસનો બંચાવ થવો જોઈએ. પણ જીઆરે આપણા ગવરનર સાહેબે થોડાએક દાહાડાની વાત ઉપર આપણા પારસી શેઠીઆઓને પોતાને તીઆં બોલાવીને ધમકી સાથે કહીઉં કે, તમો મુસલમીનો

સાથે સુલેહ કરો, નહીતર સરકાર જીઆરે લશકરને પાછું ખેંચી લેશે તીઆરે તમારા હમજાતીઓની હાલત ઊપર એ લશકર ખેંચી લેવાથી શું અસર થશે, તે વીશે તમોએ વીચાર કરવો. જીઆરે આપણો નામદાર ગવરનર એવી રીતે બોલીઓ, અને તે વલી આપણી પારસીના જેવી વફાદાર રઈઅત વીશે બોલીઓ, તીઆરે આપણે સમજવું જોઈએછે કે, એ શબદો આપણી રાણીને પસંદ પડે તેવા નથી, કાંએકે તે શબદો નામદાર રાણીનાં રાજની નીતીને મલતા આવતા નથી. એ શબદો ગવરનર સાહેબના માતરે પોતાનાછે, અને તે વીશે નામદાર રાણીના હીંદુસથાંન ખાતેના પરધાન (શેકરેટરી આફ સટેટ) ઊપર આપણે ફરીઆદ લઈ જઈએ તો તે વાજબીછે. એ ફરીઆદ અને હેવીજ કીસમની બીજી ફરીઆદો આજની સભાની મારફતે આપણે ઊતાવલથી અથવા વગર વીચારે લઈ જતા નથી. આ સાલનાં મુસલમાંનોનાં હુલડથી જે દુખ પારસી કોંમ ઊપર ગુજરીઊંછે અને ગુજરેછે, તે વીશે સર ફીલીપ વોડહાઊસની સરકારથી આપણને કસો દીલાસો મલીઓ નથી. એ દુખ આપણે અતીઆર તુલીક ચુપકીદીથી ખમીઊંછે, પણ એ હુલડ વીશે જે દસતાવેજ ગએઆ સોમવારના મેલમાં આપણા ગવરનર તથા તેની કાંઊનસીલની તરફથી નામદાર રાણીના પરધાંનની ઊપર લખાઈ ગએઓછે, તે દસતાવેજથી આપણી સબુરીનો અંત આવીઓછે. નામદાર ગવરનરે રવાને કરેલો એ કાગજ આજની આપણી સભાનાં કામને વાજબીપણું આપેછે. [રાસ્ત ગોફતાર, તા૦ ૧૫ મી મારચ ૧૮૭૪.]

હીંદુસથાંનને માથે ઈંગરેજી હકુમત વીશે.

હમો માનીએ છઈએ કે આ દેશની હમણાંની હાલત પરમાંણે તેના ફાએદાને કીજે, અને તેમાં જરૂર કરીને, આ દેશને સુલેહથી રાખવાને સારૂં, અને તેના વેપારમાં વધારો કરવાને સારૂં, અને એક સુધરેલા દેશ

તરીકે તેને પાછલથી દરજ્જો આપવાને સારૂં, કોઈબી પારકાં અને સુધરાઈ પામેલાં રાજની સાહેબી આ દેશની ઊપર આ સમેમાં જરૂરનીછે, અને એ સાહેબી ભોગવવાને કીજે દુનીઆંની સપાટી ઊપરનાં તમામ દેશો કરતાં ઈંગલંડ દેશ સઊથી વધારે લાએકછે. હીંદુસથાંનનો મુલક એક વેલાએ પરૂથવી ઊપર સુધરેલો, આબાદ, અને એલમ હોનરથી ભરપુર ગણાતો હતો, પણ તારપછી દુનીઆંનાં બીજાં દેશોએ એજ મારગમાં એટલોતો વધારો કીધોછે કે તેઓએ હીંદુસથાંન દેશને ઘણું પછાત નાખીઊંછે, અને જે એલમ અને ગ્નાન હીંદુસથાંન દેશની ઊંચી વરણો માંજ આગલ પરસીધ હતું તે કરતાં સરશ એલમ અને સરશ ગ્નાન હાલમાં બીજાં દેશોનાં ઊંચાંથી તે હલકાં સરવે દરજાનાં માણસો જાણેછે. વાસતે, જાંહાંસુધી હીંદુસથાંનનો મુલક એ બીજાં દેશોની હાલતની બરોબરીએ પુગે નહી, અને બીજાં દેશોના લોકોની માફક હીંદુસથાંનના રેહેવાસીઓમાં એલમ હુનર અને દાનાઈનો ફેલાવો બોહોલો થાએ નહી, તાંહાં તુલીક આ દેશ જે નબલો અને દુનીઆંની સપાટી ઊપર રાજદુઆરી પદવીમાં હલકો દરજ્જો ધરાવનારો થાઈ પડીઓછે તે હાલતમાંથી તેનો સુધારો થાઈ શકવો મુશકેલછે. આપણો દેશ હમણાં હેવી અવસથામાંછે કે જેથી પારકાં દેશની સાહેતા વગર તેનાથી પોતાના ફાએદાનાં કામો બની શકતાં નથી. આ દેશની આલમ હજારો ગનેઆતમાં વેંહેંચાઈ ગએલીછે. એ દરએક ગનેઆત પોતાને એક બીજાથી એલાહેદી સમજેછે, અને ઘણુંકરીને તેઓ એક બીજાનાં સુખ દુખમાં શરીક થવાનાં કામથી દુર રેહેછે. આ દેશનાં એક પરગણાંના લોકો બીજાં પરગણાનાં લોકો સાથે લડાઈ કરવાનાં કામમાં આચકો ખાતા નથી. એક દેશી રાજવંશીને પોતાના હકમાં લાભ થાતો હોએ તો બીજા રાજવંશીને ખરાબી પોંહોંચાડવાને અથવા તેને ખરાબી પોંહોંચેલી જોવાને તે દલગીર નથી. માટે જે દેશના લોકો હેવી રીતનો પોતપોતા વચ્ચે ફરક રાખતા હોએ, અને દેશના ફાએદાને પડતો મુકીને પોતાનો ફાએદો હમેશાં સોધતા હોએ, તેવું ગ્નાન ધરાવનારા લોકો દુનીઆંમાં

પોતાનો દરજજો વધારી શકે નહી, અને હમેશાં નબલા રેહે તેમાં અચરતી નથી. એ હાલત હમણાં હીંદુસથાંનનીછે, અને જે લોકો હેવો વીચાર ધરાવેછે કે પારકાં રાજની સાહેતા વગર હીંદુસથાંનનાં લોકો પોતાનાં દેશનો રાજ કારોબાર આબાદ રીતે અને દેશનો મરતબો વધે હેવા તરીકાથી ચલાવવાને શકતીવાનછે, તેઓને ૧૮૫૭ નાં વરશમાં ઈંગરેજ સરકારની સાંમણે જે બલવો ઊઠીઓ હતો તેની તવારીખ વાંચવાની અને તે ઊપર ધેઆંન પોંહોંચાડવાની હમો મજબુત ભલાંમણ કરીએછે. એ તવારીખ આ દેશના વતનીઓના હકમાં ઘણી નશીએત ભરેલીછે. બલવામાં ઈંગરેજી રાજ ઊલટાવી નાખવાને ખાતર સેંકડો દેશી સરદારોએ પોતાના જાંન આપીઆ, અને હજારો સીપાહીઓ મારીઆ ગએઆ, તોપણ સીપાહી ઈઆ સરદાર એ સરવે કોઈની નેમ આપણે ધેઆંનથી જોઈશું તો તે એકજ હતી કે તોફાન, લડાઈ અને રાજના ફેરફારમાં પોતાનો ખાનગી ફાએદો સોધવો, અને પોતાની દોલતમાં વધારો કરવો, અને પોતાને કીજે જુલમાત ભરેલો કાબુ મેલવવો. એ બલવાના વખતમાં કોઈબી સરદારે ફકત આલમનો ફાએદો ચાહેઓ હોએ, અને આલમના હકને સારૂં પોતાનો જાન, મરતબો અને દરવ બરબાદ કરવાની કંમર બાંધી હોએ, હેવો એકબી દાખલો આપણા જોવામાં આવીઓ નથી. આઊદ, બુદલખંડ અને દીલ્લી પરગણાંઓમાં જારે કેટલાએક માસ તુલીક ઈંગરેજી રાજનો અંમલ અટકી પડીઓ હતો, અને દેશી સરદારોએ એ પરગણાંઓમાં રાજ ચલાવીઊં હતું, તારે તેઓની રાજનીતી હેવી નહી હતી કે જેથી તેઓના અંમલમાં આલમનાં લોકો સુખી રેહે, અને સંપજ કાએમ રેહે, તથા દરવ અને એલમનો વધારો થાએ. રઈએતને લુટવી, પઈસા ભેગા કરવા, અને મનભાવતી રીતે ઈનસાફ કરવો, હેવો દેશી રાજવંશીઓનો જુનો તરીકો બલવાની વેલાએ ઊતર હીંદુસથાંનમાં પાછો ચાલુ થાએઓ હતો, અને હેવી બુરી ચાલને લીધે ખોદાના ઈનસાફથી બલવાખોર દેશી સરદારો પોતાની ધારણામાં શેવટે નાઊમેદ થાએઆ હતા, તથા સજાને પોંહોંચીઆ હતા તેમાં કસી અચરતી નથી.

હમો માનીએછે કે આ દેશની હમણાંની હાલત પરમાંણે તેના ફાએદાને સારૂં ઈંગરેજી રાજ આ દેશને માથે ચાલુ રેહેવું જરૂરછે. ઈંગરેજી રાજ આ દેશને માથે જરૂરનુંછે, તોપણ એ રાજમાં દેશીઓ પોતાનું છુટાપણું તદન ખોઈ દઈને ગુલામી હાલતમાં આવી પડે હેવું જોવાને હમો ચાહતા નથી. ઈંગરેજી રાજમાં રઈએત સુખીછે, પણ જે માફક જાનવરો ખાઈ પીઈને સુખી ફરેછે તેજ માફક દેશીઓ ફકત ખાવા પીવા અને ફરવાનાં સુખ ઊપર સંતોશ પાંમી સુખી રેહે હેવું હમો ઈછ્તા નથી. ઓધો, દરજ્જો, અને કાબુ રાખીઆથી માણસને જે મોહોટાઈ મલેછે, તેહવી મોહોટાઈ મેલવવાને સારૂં દેશીઓનાં દીલમાં ઊમેદનો આતશ સદા બલતો રાખવો, અને હેવો આતશ દીલમાં જારી રાખવાને સારૂં દેશીઓને શીખાડવું, એ સરવે દેશહીતકારી માણસોની હમો ફરજ સમજીએછે. દેશીઓ પોતાનાં દેશનો રાજકારોબાર ઈંગરેજોનાજ જેહેવા કાએદા અને અદલ નીતીથી ચલાવવાની આશા રાખે તો તે આશા દેશહીતકારી માણસોએ ટોડી પાડવી ઘટારત નથી. સરવે જાહેર લખનારાઓની ફરજ પોતાના દેશી ભાઈઓમાં દેશની તરફ હરએક તદબીરથી પેઆર વધારવાનીછે. રઈએત પોતાનો હક અને દરજ્જો સંભાલી નહી રાખે, અને પોતાના રાજ કરતાઓનાં કામ ઊપર ઘટતું ધેઆંન નહી આપતી હોએ, તો ગમે હેવું ભલું રાજ પણ ધીમે ધીમે જુલમગાર થાએછે, તે બાબદમાં રઈએતને દાહપણ ભરેલી સમજ આપવાનો અધીકાર સરવે જાહેર લખનારાઓનોછે.

[રાસ્ત ગોફ્તાર, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૫૯.]

સર બારટલ ફ્રીઅરને એક કાગળ— જુની મુંબઈ બેંક વીશે.

Bombay, *3rd July* 1866.

To His Excellency

Sir H. B. E. FRERE, K.C.B.,K.S.I.,

Governor and President in Council, Bombay.

Sir,—I do myself the honour to submit to your Excellency the following remarks on the working of the Bank of Bombay under its new Charter. I would explain that for fourteen years of my life I was employed in some of the local banks, and though my connexion with that kind of business has long ceased, I have always retained a lively interest in the banking affairs of this island.

adopting in their respective territories an ameliorated form of Government than that which they were before accustomed to, still the revenues of Native States are treated by their Chiefs as if they were private income. When, therefore, Native States are not made to pay their just share of the 20 crores expended for the general good of the country, it follows that the money is not saved to the people of these States, but to their rulers. The military power of the British Government saves these rulers from the consequences of continuous strife with one another. The Gaekwar cannot attempt to drive away the Thakore of Bhownuggur or the Nawab of Joonaghur from their dominions, and Scindia cannot take Bhurtpore from its present owner. Yet these principalities pay little for the expenditure which preserves them from being devoured by their stronger neighbours. These stronger neighbours likewise contribute but little towards the expenditure which has given respite to all India from periodical invasions of savage and merciless hordes from Central Asia. No Native Chief could be safe about himself, his dynasty, his territories, and his treasures, but for the large army maintained by the British Government, at enormous expense, on the North-West Frontier. The British Government is bound by treaty obligations to protect every Native State from external and internal attacks, and I do not advocate any divergence from these obligations by demanding from the Princes greatly increased tributes as their share of the general expenses of the Empire.

These Treaties, however, have fortunately left it open to the British Government to obtain for services rendered to Native States compensation in the form of customs duties levied along the entire sea board of the country, which is entirely under English control. This, moreover, is a remedy capable of development, and which can be largely availed of by a Finance Minister in order to get justice done to *bonâ fide* British subjects. Now, if the cotton goods duties of 80 lakhs are abolished, the result will come to the throwing away annually of one-fourth of that sum to the injury of British subjects without just or proper cause. If the entire sea-board duties were abolished, as indiscreetly hoped

for by the Finance Minister, the loss to British subjects would amount to 60 lakhs every year. To this immediate loss must be added the prospective loss which would accrue in course of time from the probability of our sea customs revenues increasing under careful management and with the development of the general prosperity of the country.

I trust, my Lord, that I have now with sufficient clearness stated the arguments which entitle the import customs duties of India to be retained as an important item of its State revenues. "Duties upon Imports"—to quote the Government of India Resolution No. 2636 of 1875—" have not been imposed in India " with the object of protecting Indian manufactures or produce, " but solely for purposes of revenue." And, regarding that portion of the duties which is threatened with abolition before all others, the same Resolution states " that a duty of 5 per cent. *ad* " *valorem* upon cotton goods cannot practically operate as a pro- " tection to native manufacture." This deliberate declaration of the Government of India, after careful inquiries, was made, it should be remembered, only twenty months ago.

I have the honour to be,

My Lord,

Your most obedient Servant,

SORABJEE SHAPOORJEE BENGALLEE.

ઊપલાં કાગજનો ગુજરાતી તરજુમો.

મુંબઇ, તા૦ ૧૬ મી આપરેલ ૧૮૭૭.

નામદાર રાઈટ હાનરેબલ

એડવરડ રાબરટ લારડ લીટન, જી. એમ. એસ. આઈ.,

હીંદુસથાંનનાં વાઇસરાય અને ગવરનર જેનરલ જોગ.

મારા લારડ,

વાવીઅખુણાનાં પરાંતોના ધંધા રોજગાર ઉપરનો લાઈસંસ ટાકસ, જે કર નાખવાને હીંદુસથાંનની ધારા બાંધનારી કાઉનસીલે હમણાજ એક ધારો પસાર કીધોછે, તે, તથા એવાજ પરકારના બીજા ઉપાએઓ, જે તમો નામદારની વાઈ

સરાએ દાખલની કારકીરદીનાં પેહેલાં વરશનાં બજેટમાં જાહેર કરેલી નાણાં સંબંધી રાજનીતી પરમાંણે હીંદુસથાંનના બીજા ભાગોને માટે દુરથી ઝુલતા દીસેછે, તે સંગલા ઉપાએઓનું મુલ કારણ હીંદુસથાંનમાં પરદેશથી સુતરાઉ માલની આએ આત ઉપરની હાલની જગાતો કાહાડી નાખવાની આગમજથી ધારેલી કાંઈ ધારણાં માંછે. એમ જોકે હું માનતો નથી, તોપણ હું વીચાર આપવાની હીમત ચલાઉંછું કે ઉપલી જગાતોને સમપુરણ રીતે કાહાડી નાખવાને તમો નામદાર તથા નવો મેહેસુલી પરધાન સર જાન સ્ત્રાચી જે ખોલ્લી ખાએસ બતાવોછો તેને વાસતે રસતો કરી આપવાને ઉપલા નવા કરો અસંભવીત નથી. આવી વકી રાખવાને મને વધારે કારણ એમ મલેછે કે દુકાલનો ખરચ હવે સરેસતાના ખરચના વરગમાં લેવાથી દુકાલને લગતી લોનો અથવા લોનોની એવીજ બીજી રકમો, જીઆરે બની શકે તીઆરે છોડવવા સારૂં એ નવા કરોનું મેહેસુલ વાપરવામાં આવશે એવી કસી ચેતવણી બજેટમાં આપી નથી. એટલા માટે સુતરાઉ માલને લગતી જગાતો કાહાડી નાખવાનો એરાદો અગરજો ખરો પડે તો તમો નામદારની સંભાલ તલે સોંપેલા આ દેશને તમારે હાથે કેવો ગેરઈનસાફ થશે તે દેખાડી આપવા માટે હેઠલ ટાંકેલા વીચારો હું તમો નામદારની મુનસફીને માટે રજુ કરવાની છુટ લઉંછું.

તમો નામદારને આ કાગજથી તસદી આપવામાં મને વધારે ઉતેજન એટલા માટે મલેછે કે આ બાબદ ઉપર વાઈસરાએની ધારા બાંધનારી કાઉનસીલમાં જે તકરાર થઈછે તે તકરારમાં જે રજુ થઈ નથી એવી કેટલીક બીનાઓ હું તમો નામદારનાં ધીઆંન ઉપર લાવવા ચાહુંછું.

મારી આ ટીકાના દીબાચામાં મારે એટલું કેહેવું જોઈએ કે સુતરાઉ માલને લગતી જગાતો કાહાડી નાખવાની દરખાસતની સાંમે લખતાં, હીંદુસથાંનનાં રૂનાં કારખાંનાંઓના ઉદીઓગને પરદેશથી આવતા સુતરાઉ માલ ઉપર નાખેલી કોઈ રક્ષણકારક જગાતોથી ટેકો આપવાની કસી પણ મરજીથી હું ઉશકેરાઉંછું, એમ કોઈ ધારતા હશે, તેમ નથી. મારૂં મજબુત મતછે કે આ નવો અથવા એવોજ બીજો કોઈ પણ ઉદીઓગ પોતાનાં ખુદ કઉવતથીજ વધે ઈચ્છા પડે એ આ દેશના સહુથી સરશમાં સરશ લાભને માટે જરૂરનુંછે. બંચાવ કરનારી જગાતોની મારફતે ઉદીઓગી અથવા વેપારી સહાસકરમોને ટેકો આપવા તથા તે કરમોમાં રોકાતી થાપણને ઉતેજન આપવાની રાજનીતી, કે જેથી એવી રીતે બંચાવેલી જીનસ પછવાડે તેને વાપરનારને લાગતા ખરચમાં વધારો થાએછે, અને તેટલા માટે જેટલો વખત તે બચાવનારી જગાત ચાલુ રેહ તેટલા વખત સુધી નાણાંવાલાના લાભને માટે દેશનાં દરવીઅ બલ ઉપર આરોપ લાગેછે, તથા જે રાજનીતીથી બંચાવ કરનારી જગાત કાહાડી નાખીઆ પછી થાપણની ખોટમાં અને

સંકટ ઉભું કરવામાં સેવટ આવેછે તેવી રાજનીતી તરફ અગરજો હીંદુસથાંનની સરકાર હલી જાએ તો તે હીંદુસથાંનના હકમાં અવગુણકારક થઈ પડશે. અગરજો "સુતરાઉ માલ" એવું સરવેને સમાવી લેનાર નામ તલે સમાતી અને હીંદુસથાંનમાં બાહારગામથી આવતી એક હજારને એક પરકારની વસતુઓ સંગલી અથવા તેમનો એક મધીઅમ મોટો ભાગ વેપારી ઉપીઓગોને માટે હીંદુસથાંનમાં પણ બની શકેછે, એટલે કે ઇઉરોપીઆંન ઇઅંતરોની મદદથી જેટલો સસતો તે માલ લાનકેશાએરમાં બનેછે તેટલોજ સસતો અંહી પણ બનાવી શકાએછે એમ જો સાબેત થાએ તો સુતરાઉ માલ ઉપરની આપણી આએઆત જગાત એકદમ કાહાડી નાખવાને દેશના લાભોને માટે જરૂરતું થઈ પડે; કેમકે નહી તો કે હીંદુસથાંનનો કારખાનાંવાલો આએઆત જગાતની લગભગ આખી રકમ પોતાના હકદાર નફા ઉપર વધારી લેએ અને તોપણ પોતાના વીલાતી હરીફનો માલ ઓછી કીમતે વેચાવે, કે જેથી સુતરાઉ માલના દેશી ખરીદદારે દેશી કારખાનાંવાલાને પોતાનાં સાટાંની કીમત ઉપર સેંકડે ૫) ટકા નકામાં વધારે આપવા પડે. પણ તેમ કાંઈ બનતું નથી. હીંદુસથાંન બાહારગામથી જે સુતરાઉ માલ મંગાવેછે તે (એક નજીવા ભાગ સીવાએ) જે સુતરાઉ માલ દેશનાં કારખાનાંઓમાં બનેછે તેજ જાતનો નથી. તેજ પરમાંણે આગલાં વરશોમાં, જીઆરે આ દેશમાં રૂનાં કારખાનાંઓ સથાપેલાં નહી હતાં તીઆરે હલકો અને જારો સુતરાઉ માલ, કે જેવો અંહીનાં કારખાનાંઓમાં બનેછે, તેવો બાહારગામથી આવતા એકંદર સુતરાઉ માલના સેંકડે ૧૦ ટકાથી વધારે આવતો નહી હતો. ઉંચી જાતના સુતરાઉ માલનો હીંદુસથાંનનો ઉદીઓગ બાહારની વધારે સસતી આએઆતને લીધે પડી ભાગીઓછે; પણ દેશની પરજાના મોટા સમુદાએને માટે માલ બનાવવામાં હીંદુસથાંનને પોતાના ઉગાડેલા, પોતાના વણેલા રૂમાં કુદરતી જોગવાઇઓછે કે જેથી તે આખી દુનીઆંની હરીફાઈ કરવાને શકતીવાનછે. હવે તીઆરે હીંદુસથાંનમાં સંચાથી સુતર અને કાપડ વણવાનું દાખલ થવું એ ઘણું કરીને કાંઈજ નથી, પણ હાથની તારકુતી તથા હાથથી વણવાની રાચને સંચાઓની સાથે એક સરત લાગવા સરખુંછે, તેમજ તે ઘણાંક એશીઆખંડનાં દેશોને તથા આફરીકાના ભાગોને સસતો જારો સુતરાઉ માલ પુરો પાડવામાં એક હાથ ઉપર હીંદુસથાંન અને બીજા હાથ ઉપર ઇઉરોપ અને અમેરીકા વચ્ચે એક સરત લાગવા સરખુંછે. એટલા માટે રૂને લગતા ઉદીઓગને માટે સંચાનાં કારખાનાં હીંદુસથાંનમાં દાખલ કીધા પછી કસટમની આએઆત જગાતો ચાલુ રેહેવાથી તે માતર હીંદુસથાંનનાં કારખાનાંઓને કીજે રક્ષણકારક થઈ પડેછે એમ જેઓ પોકાર મારેછે, તેઓનો તે પોકાર, ઓછામાં ઓછા એ જગાતના નવદસાંસ ભાગ સુધી, આ દેશમાં સંગલી જાતનો સુતરાઉ માલ રક્ષક કે અરક્ષક જગાત વગર

મુક્ત દાખલ કરવાની ખ્વાએસ કરતાં કાંઈ વધારે સંગીન પાએઆ ઉપર એ પોકાર ઉભો થાએઓ નથી.

લારડ સાલસબરી એવું વીચારેછે કે હવેપછીના વખતમાં જીઆરે હીંદુસથાંનનાં રૂનાં કારખાનાંઓ રૂને લગતા ઉદીઓગની સંગલી અથવા ઘણીખરી શાખાઓમાં ઈંગલંડ સાથ ફતેહમંદીથી હરીફાઈ ચલાવવાને સામરથવાન થશે, તીઆરે રૂને લગતી સંગલી જગાતો હમણાંથી કાહાડી નાખીઆથી હવેપછીનો ગુચવાડો આગમચથી ટલી જશે. એ પરમાંણેનો સંજોગ અગરજો બને એવો હોએ તો તે ખચીત ઘણો દુરછે. એટલાજ ઉપરથી ભવીશને માટે જો આ જગાત કાહાડી નાખવી હોએ તો એજ કાનુન મુજબ જે ફરેંચ ગરહસથ હાલની ઘડીએ કાશમીરમાં દરાખસ રોપેછે તે કદાચ હવેપછી તે પરગણાંમાંથી હીંદુસથાંનના વપરાસને માટે શરાબ પુરો પાડવાને ફતેહ પામે તો જે મુશકેલીઓ ઉભી થાએ તેની અગમચેતીમાં હાલની દારૂ ઉપરની જગાતો કાહાડી નાખવાને લારડ સાલસબરી એજ પરમાંણે હુજત લઈ શકે. આપણા જમાનામાં આગલાના કરતાં પાછલો બનાવ બને તેનો કદાચ વધારે સંભવછે. પણ ઈઉરોપીઆંન ઈઅંતરોની મદદથી આ દેશનો રૂ કાંતવા તથા વણવાના અનુભવવાલો કોઈ પણ શખસ, મારી ખાતરીછે કે, લારડ સાલસબરીની ખાતરી કરી શકશે કે હાલની આએઆત જગાત છતાં ઈઆ તે વગર બીજાં દેશો સાથે આપણા દેશનાં રૂનાં કારખાનાંઓએ હરીફાઈમાં ફતેહ પામવાનું જે સામરથ મેલવીઉંછે તે દેશમાં ઉગાડેલા રૂમાંથી જાડાં સુતર અને કાપડ વણવામાંજ મેલવીઉંછે; અને અગરજો તે નામદાર લારડ વધારે તલાસ કરશે તો તેને માલમ પડશે કે હીંદુસથાંનમાં રૂનાં કારખાનાંઓ સથાપીઆં તે વાતને જોકે આજ વીસ વરશ વહી ગએઆંછે, તોપણ આ દેશમાં પોતાની થાપણ રોકવાને અને હીંદુસથાંનની એક મીલ પોતાના બાહેરના બરોબરીઆઓ સાથની હરીફાઈમાં સહુથી ઉતરતી કીસમના માલ કરતાં કાંઈ પણ વધારે માલ નફા સાથ બનાવી શકેછે એવું જાતી અનુભવથી સાબેત કરવાને તમારા સહાશીક અને સવદેશમાં ફરી વલનાર ઈંગરેજી નાણાંવટીએ પણ હીમત ચલાવી નથી. એટલા માટે સુતરાઉ માલ ઉપરની આએઆત જગાતો દેશી કારખાનાંવાલાને બંચાવનારીછે, એવા સબબ ઉપરથી એ સંગલી જગાત કાહાડી નાખવાની માગણી બરીટીશ રાજના આ ઈલાકામાં સંગલી તરાંહનો સુતરાઉ માલ, મેં ઉપર કહીઉં તેમ, મુક્ત દાખલ કરવાની લાંબી મુદતની ઉમેદનાં એક દબાણના આકારમાં નીચી પડેછે. હું માન સાથ જણાઉંછું કે એ માગણીનો સઉથી લાએક જવાબ તેજ છે કે જે જવાબ અમેરીકન લડાઈના વખતમાં જીઆરે લાનકેશાએરને માટે હીંદુસથાંનના કાચા રૂનો વધારે જથો પોંહોંચતો કરવા માટે ખાસ ઉપાએઓ કરવાને સર ચારલસ ઉડ ઉપર દબાણ

લઈ જવામાં આવીઉં તીઆરે તે કીરતીવાન રાજઆધીકારીએ આપેલો હતો, અને જે જવાબ તમો નામદારની આગલ થઈ ગએલા વાઈસરાએ લારડ નારઠ બરૂકે સને ૧૮૭૫ માં ટારીફને લગતી તકરાર વેલા ટાંકી બતાવીઓ હતો. સર ચારલસ ઉડે હીંદુસથાંનના નામદાર રાણીના પરધાન દાખલ તે વખત ઉપર આ ઈઆદગારી ભરેલા સુખનોમાં જવાબ દીધો હતો કે "હીંદુસથાંનના ખરેખરા "ફાએદા જે કાંઈ હશે તે હું કરીશ, અને ખુશીથી કરીશ, પણ તેથી વધારે "નહી કરીશ."

અને હીંદુસથાંનના ફાએદાને માટે જરૂરનુંછે કે કર ભરનારી આલમની સહાએતા જીઆરેબી સારાં ભાએગે બની શકે એવી હોએ તીઆરે તે સહાએ તાના ઉપાએ દાખલ દરીઆથી આવતા સુતરાઉ માલ અને બીજા સાધારણ માલ ઉપરની કસટમની આએઆત જગાતો સહુથી છેલી નીકલી જવી જોઈએ. હીંદુ સથાંનની સરકારે પોતાના ખરચોને માટે મેહેસુલ ઉભું કરવાના જે જે ઉપાએ ઓનો લાભ લીધોછે તેઓમાં દરીએથી આવતા માલ ઉપર કસટમની જગાતો અગર સરશમાં સરશ નહી, તો સહુથી સરશમાંનો એક ઉપાએછે, કારણકે—

(૧) બંચાવ કરનારી જગાત દાખલની ખાશીએતના ડાઘથી લગભગ નીરાલી હોવાની જે ખુબી સંગલી આએઆત જગાતોમાં હોવી જોઈએ તે ખુબી એ જગાતો ધરાવેછે.

(૨) એ જગાતો કોણ ઉપર પડેછે તે બાબે કસો વાંધો લેવાઈ શકાતો નથી, કેમકે તવંગર અને ગરીબ તે દરએકની શકતીનાં પરમાણ પરમાંણે તેમના ઉપર પડવાની મોટી ખુબી એ જગાતમાંછે, અને એ રીતે સહુથી સરશ કરો કીઆ તે વીશે અરથ વીદીઆના મોટામાં મોટા શાશતરી ઓએ મુકરર કરેલો નીઅમ એ જગાતથી પુરો પડેછે.

(૩) દેશી રાજઓના રેહેવાસીઓ સુધાં આખાં હીંદુસથાંનની વસતી આ જગાતો ભરેછે તેથી આખાં દેશનાં રાજકારોબારનો સામાનીઅ ખરચ—જેવો કે લશકરી અને દરીઆંવરધી ખરચ, રેલવેના ખરચો, ઈતીઆદી, કે જે ખરચો દેશના કેટલાક ભાગ બરીટીશ રાજની પાધરી હકુમત તલે ઈઆ કેટલાક ભાગ દેશી રાજઓના તાબા તલે હોવા છતાં—સંગલા દેશ ઉપર સામટી રીતે લાગુ પડેછે, તે ખરચો પગાર કરવાનો સંગલો બોજો નામદાર રાણીની બરીટીશ હકુમત તલેનીજ એકલી રઈએતો ઉપર નાખવાના ગેરઈનસાફનો તે રઈએતને એ જગાતથી કેટલેક દરજજે બદલો મલેછે, અને હજી વધારે બદલો આપવાને એ જગાતો સામસ્થવાનછે.

ઉપલામાંની પેહેલી બોનાં, ઈઆને આપણી આએઆત જગાતો અગત કરીને સુતરાઉ માલની બાબદમાં બંચાવ કરનારી ખાશીએતથી તદન વેગલીછે, તે

બીના સાબેત થએઆ દાખલ ગણવાનાં મારાં કારણો હું ઉપર ટુકમાં જણાવી ચુકીઓછું. એમ કેહેવામાં મને ઘણો કીમતી અને ભરૂસો રાખવાજોગ ટેકો સને ૧૮૭૫ ની સરકારી ટારીફ કમીટીની તપાસ ઉપરથી તથાં તે મંડલીના તઈઆર કરેલા રીપોરટ ઉપરથી મલેછે. તે કમીટીએ દેખાડી આપીઉંછે કે પરદેશી સુતરાઉ માલ ઉપરની જગાતના આકારમાં સરકારને મલતાં ૮૦) લાખનાં મેહેસુલમાં માતર ૪) લાખ અથવા તે મેહેસુલનો વીસમો ભાગ તે માલ ઉપર ઉપજેછે કે જે હીંદુસથાંનનાં રૂનાં કારખાંનાંઓમાં બનતા માલના સરખો વીચારી શકાએ. કમીટીનો એ વીચાર એવોતો ખોલ્લો અને આબાદ બતાવીઓછે, અને વલી તકરાર નહી લેવાએ એવાં ખરાં સીધાંતો ઉપર એવોતો રચેલોછે કે તે રીપોરટના એક ઘણા અગતના ભાગમાંથી એક લાંબો ફકરો અંહી ઉતારી લેવા માટે હું દરગુજરની આશા રાખુંછું :—

"વીશેશ કરીને જે માલને હીંદુસથાંનની હરીફાઈ ખમવી પડેછે તે માલ " સુતરાઉ માલને લગતી આખી આએઆત જગાતનાં કેટલાં પરમાણુમાંછે અને " એ આખી જગાત કાહાડી નાખવાની જે માગણી કરવામાં આવીછે તે આ "હરીફાઈથી કેટલે દરજજે વાજબી ઠરેછે તેનો વીચાર કરવો એ કામ કમીટી " પોતાને વધારે અનુકુલ વીચારેછે. હીંદુસથાંનની મીલો મીઉલ ટુવીસટનું " ગોદીઉં ૩૨ નમબર અને વાટર ટુવીસટનું ગોદીઉં ૨૦ નમબર સુધી કાંતી " શકેછે; તેમજ લાંગ કલાઠ, ટી કલાઠ, ડરીલ, હોમેસટીક, જીન અને શીટીંગ " પણ વણી શકેછે. વધારે ઉંચા કુમાસનું સુતર અને કાપડ નફા સાથે અથવા " ફતેહમંદી સાથે બનાવવાનું ભવીશ એટલું દુરછે, તથા એ ઉદીઓગ એટલો " શક ભરેલોછે કે તેને હાલના હીસાબની ગણતરીમાં લેવાની કસી જરૂર નથી. " ઉપલીજ કીસમનો માનચેસટરનો બનેલો માલ જેને હીંદુસથાંનની હરીફાઈની

	રૂપીઆ.
" ગોદીઆં ઊપર	૧૬૪૧૨
" લાંગ કલાઠ ઈ૦ ઊપર....	૧૮૭૯૨૬
" જુમલે.	૨૦૪૩૩૮

સાંમે થવું પડેછે, તે માલ ઉપર મુંબઈમાં સને ૧૮૭૩—૭૪ માં ઉપજેલી જગાત આસરે બે લાખ રૂપીઆની હતી. આખાં હીંદુસથાંનમાં એજ જાતના માલ ઉપર વસુલ થએલી એકંદર જગાત ગણીએ " તો જોકે મુંબઈની બાહારવાલી મીલો હજી સુધી તો મુંબઈની મુકાબેલ ઘણી " નજીવીછે—તો એ મેહેસુલ ચાર લાખથી વધારે ભાએગેજ હશે. હવે એક ચોકસ " જાતનો માલ જે આખાં હીંદુસથાંનમાં ચાર લાખની જગાત માતર ભરેછે તે " માલને હીંદુસથાંનનાં એક ભાગમાં તે તરફની હરીફાઈની સાંમે થવું પડેછે, " એટલા માટે બાકીના જે ૭૭) લાખને તે હરીફાઈ સાથ લાગતું વલગતું નથી " તે પણ સંગલા સરકારે છોડી દેવા એવી માગણી કમીટીને તદન સમજથી

"ઉલટી દેખાએછે અને તેથી કરીને મેહેસુલખાતાંને એ જગાત છોડી દેવી પાલ
"વશે કે નહી તે સવાલ તપાસવાની પણ અગત રેહતી નથી."

વલી હીંદુસથાંનમાં રૂનાં કારખાનાંઓ સથાપીઆની આગમજનાં કસટમ ખાતાંનાં હીસાબો તપાસવાથી, મેં જે કહીઉંછે તે વીશે તમો નામદાર આગલ સાબેત થશે કે ઉપલો હલકી કીસમનો વીલાતી માલ, જે અંહી આવીને પાછો બાહારગામ જાએછે તે બાદ કરતાં બાકીનો જે હીંદુસથાંનમાં ખપેછે તેનો ખપ હીંદુસથાંનમાં આવતા એકંદર સુતરાઉ માલના દસમાં ભાગ કરતાં વધારે કોઈ દાહડે થએઓ નથી. અગરજો ઈઉરોપથી આવતા એ હલકા માલને કસટમની જગાતમાંથી બાતલ કરવામાં આવે અને તેની આએપતની ખુટને માટે કાંઈ બીજો રસતો સોધી કાહાડવામાં આવે તો કોઈને પણ ફરીઆદ કરવાનો હક નથી. પણ વાંધા ભરેલાં સાંધણોમાં સહુથી ઓછાં સાંધણથી ઉપજતું ૮૦) લાખનું મેહેસુલ છોડી દેવું, તે એટલા માટે કે તે મેહેસુલનો એક ઘણો નાનો ભાગ વાંધો લેવાઈ શકાએ એવોછે, તો તે હીંદુસથાંનના કર ભરનારાઓને બદલે ઈંગલંડના કારખાનાંવાલાઓના લાભ પસંદ કરવાના મોટા ઠપકાને લાએક રાજનીતી ચાલુ કરવા સરખું ગણાશે; અને આ બે દેશો વચ્ચેનો રાજદુવારી સંબંધ જે એ રાજનીતીથી સુધરશે એમ લારડ સાલસબરી ધારેછે તે સુધરવાને બદલે એ રાજનીતીથી હીંદુસથાંનના લોકોમાં પોતાના ઈંગરેજી રાજકરતાઓનાં અપખશપાતપણા ઉપર બેવીશવાશ બતાવવાનું શરૂ થવાનાં દુખદાએક પરીણામ નીપજશે.

આપણી આએઆત જગાત ઘણીખરી, અને તેનો સુતરાઉ માલને લગતો ભાગ અગત કરીને, સંભાલથી ઉછેરવી ઘટેછે, અને તમારા મેહેસુલ ખાતાંના પરધાનના એથી ઉલટા વીચારો અવીચારી માતરછે, એ એક એવું સીધાંતછે કે એ જગાતો કોણ ઉપર પડેછે તેનો પુખત વીચાર કીધા પછી કોઈ પણ બે મત રેહેવાં નહી જોઈએ એમ હું ધારૂંછું. પાધરા કરોનાં સહુથી સરશ તતવો હીંદુસથાંનની આએઆત જગાતમાં જેટલાં સમાવેલાંછે તેટલાં આરકતરા કરના બીજા કોઈ પણ આકારમાં તે કદાચજ મલી આવશે. આપણાં નીમખના કરમાં બનેછે તેમ તવંગર અને ગરીબની શકતી ઉપર ગેરવાજબી પરમાણથી કર પડેછે એમ કેહેવાઈ શકાએ એવી એક પણ વસતુ ઉપર આએઆત માલની જગાતમાં કર નાખીઓ નથી. આ વાત નોધી લેવાજોગછે કે સુતરાઉ માલ ઉપરની જગાત જેની હસતીજ ધાસતીમાં આવી પડીછે તે જગાત પોતેજ હીંદુસથાંનના લોકો ઉપર આએઆત જગાતો કેવાં વાંધો નહી લેવાએ એવાં વાજબીપણાંથી પડેલીછે તે દેખાડી આપવાની સહુથી સરશ સાબેતીછે. દરએક માણસનાં પોતપોતાનાં ગજાં પરમાંણે જથા અને કીમતમાં કાપડનો ખપ જેટલો ચહડ ઉતર થઈ શકેછે તેવી બીજી એક પણ વસતુ ખપને માટે સોધી કાહાડવી સેહેલ નથી. એટલા

માટે કાપડ ઉપરની જગાતોના આકારમાં શાહુનશાહી ટીજોરીને જે નાણાં ભર વામાં આવેછે તે અલબતાં દરએક જણની જુદી જુદી શકતી પરમાંણે ચાલેછે. વલી બાહારગામથી આવતો સુતરાઉ માલ પોતામાં મોજમજાહની જીનસ તરીકેની કાંઈક ખાશીએત ધરાવેછે એ તેમને કરમાં લેવા માટે વલી વીશેશ ભલાંમણ થઇ પડેછે. આપણે વરશ દાહાડે સુમારે ૧૯) કરોડ રૂપીઆનો સુતરાઉ માલ પરદેશથી મંગાવીએ છીએ. એ વીશે નાવાકેફો કદાચ એવું વીચારતા હશે કે એ માલનો મોટો ભાગ હીંદુસથાંનના સાધારણ લોકોના ખપને માટે જોઈતો હશે. પણ તેમ નથી. એ ૧૯) કરોડની કીમતના સંગલી કીસમના સુતરાઉ માલ મધે ૩) કરોડનો નીખારેલો માલ આવેછે, ૩) કરોડનો રંગેલો તથા છાપેલો માલ આવેછે, ૨ાા કરોડનું સંગલી તરાંહનું સુતર આવેછે, જે વેપારમાં ૪૦ નમ બરનાં નામથી ઓલખાએછે, અને જે ઉંચા કુમાસનાં કાપડ વણવાની દેશી રાચોને બરનુંછે, ૩) કરોડના ઉંચી કીસમના કોરા તાકા આવેછે અને ૭ાા કરોડની કીમતનો બીજો કોરો માલ આવેછે. એ પાંચ રકમમાંની પેહેલી ચાર રકમોથી ૧૧ાા કરોડનો સરવાલો આવેછે, અને વેપારથી તથા લોકોની રાહરસમોથી જાણીતો કોઈ પણ ધણી તમો નામદારને જણાવી શકશે કે એ રકમનો માલ, છેલી અને બાકીની એકજ રકમમાં સમાવેલો માલ આ દેશમાં રંગાએઆ તથા છપાએઆ પછી તેના અરધા ભાગના હુમેરા સાથે, લોકોના ચહડતા અને વચલા વરગો પોતાના દરરોજના વપરાસને માટે, અને ગરીબ વરગો દરરોજ વાપરીને ફાડવામાં નહી પણ સરઅવસરના વપરાસને માટે ખપાવેછે. પોતાના દરરોજના વાપરવાસને માટે પરજાનો આખો સાધારણ જથો બાહારગામનું વણેલું કાપડ ઘણું થોડું વાપરેછે. અતીઆરસુધીતો વસતીના મોટા જથાની સસતાં કાપડની હાજત દેશી કાપડ વણનારા દેશી હાથના ચરકાઓએ પુરી પાડીછે. માટે હીંદુસથાંનની રૂની મીલોને માનચેસટરનાં કરતાં દેશની રાચો સાથ વધારે હરીફાઈ ચાલેછે. માનચેસટર પોતાનો માલ સસતો નહી પડવાને લીધે, પોતાની નીકાશના એક ઘણા નજીવા ભાગ સીવાએ, હીંદુસથાંનમાં પોતાના જારા માલનો સસતો કરવાને હંમેશ અશકત રેહેછે. હું ધારૂંછું કે એ વીશે હીંદુસથાંનની સરકારના રીકારડોમાં ખોલ કરવાથી તમો નામદાર મનમાનતા પુરાવા મેલવી શકશો. મને ઈઆદછે કે કાંઈ પંદરેક વરશની વાત ઉપર આ બાબદમાં કાંઈ તજવીજો ચાલી હતી, અને તે વખતે સાધારણ મત એવી મતલબનું પડીઉં હતું કે પોતાની પરજાના મોટા જથાને માટે આ દેશ જગેજગ જારૂં કાપડ એવું તો સસતું અને ટકાઉ બનાવી શકેછે કે તેમની સાંમે પોતાનો મારગ કરવાને પરદેશી માલ અશકતછે. એ વીચારોને ઉપર જણાવેલી ટારીફ કમીટીના રીપોરટે હંમણાંજ ખરા પાડી આપીઆછે. કમીટી લખેછે કે "હીંદુસથાંન પોતાના ઘણાક

"ગેરફાએદા છતાં આ હલકી જાતનો માલ બનાવવાની કેટલીક કુદરતી શકતી "ધરાવેછે કે જેથી અગરજો આ જગાત નીકલી જશે તોપણ એ માલનો વેપાર "એજ દેશને માટે જલવાઈ રેહશે." બીજા ઉપાએઓ કરતાં હીંદુસથાંનની આબાદાંનીના વધારામાં પરદેશી કારખાનાંઓને વધતા લાભછે, કેમકે સરખા મણી કરતાં જે ચહડતા માલમાં એ કારખાનાંવાલાઓ ફતેહમંદી સાથ હરીફાઈ ચલાવી શકેછે અને જે માલનાં વેચાંણુ તેઓએ ખરેખર જોતાં એક હાથ કરી લીધેલાં કેહેવાઈ શકાએ, તે માલ વધારે ને વધારે ખપાવવાને આ દેશ તેવી આબાદાંનીથીજ શકતીવાન થશે.

"પરદેશી સુતરાઉ માલ" એ બોલમાં જે નાના પરકારનો કારખાનામાં બનેલો માલ સમાએલોછે તે મધે શકતીવાલા વરગોના વપરાસની એવી ઘણી વસતુઓ આવેલીછે કે જેઓની આએઆતમાં કાંઈ પણ ઘટાડો થાએઆ વગર તેઓ ઉપર હાલ જે જગાત નાખેલીછે તે કરતાં ઘણી વધારે જગાતના ટકા ચહ ડાવી શકાશે. એજ પરમાંણે આપણી આએઆત જગાતની બીજી રકમોમાં પણ ભલામણ કરી શકાશે જેમકે પોશાક, મોટાં નાહનાં ઘડીઆલ, માટીનાં અને ચીનીનાં વાસણ, બીલોરકામ, લોઢાંકામ, કાપકુપની જીનસો, ધાતુકામ, રેસમી માલ, ઉનનો માલ, ઈતીઆદી, ઈતીઆદી, જે સંગલાંમાથી મેહેસુલ વધારવા માટે સંભાલથી ચુંટણી કરી શકાશે—અને તે જગાતનો વધારો એવી રીતે પડશે કે જે દેશના સહુથી ખેરખાહ દોસત આગરહથી પસંદ કીધા વીના રેહશે નહી. અગરજો ચાલાકીથી કામ પાડવામાં આવે તો આપણી સુતરાઉ માલની જગાતો, અને ઘણીખરી આએઆત જગાતો, આપણી શાહનશાહાતને વધારે સારી નાણાં સંબંધી જોગવાઈઓ પુરી પાડવાને સામરથવાનછે, અને તેટલા માટે એ જગા તોને પુશટી આપવી ઘટેછે; અને તેમને તદન કાહાડી નાખવાની ખજાનચીની ઉમેદોનું મુલ એ બાબદની ઉપરતપેની ઘણી અધુરી તપાસમાંજ ગણી શકાશે.

હવે સુતરાઉ માલની આએઆત ઉપરની જગાતો કાહાડી નાખવાની ધારણાં અગરજો તમો નામદાર અમલમાં લાવો તો નામદાર રાણીની પોતાની રઈએતોને કેટલો ગેરઈનસાફ થશે તે તમો નામદારની મુનસફીને માટે રજુ કરવાની હું રજા માગુંછું. હીંદુસથાંનનાં મેહેસુલ ઉપર જેઓએ કાંઈ પણ ધીઆંન આપી ઉંછે તેઓ સંગલા સલામતી ભરેલી રાજનીતીના દરએક કાનુન ઉપર અતીઘણી તાકીદેની જરૂરીઆતનું એ સમજેછે કે દેશનાં મેહેસુલમાં એક દુકાલનું અથવા રીજરવ ફંડ અનામત કાહાડી રાખવું જોઈએ. પણ તેમ કીધાને બદલે અગરજો તમો નામદાર સુચનાં કરેલી દરીઆવરધી માડવી ખાતાંની જગાતો કાહાડી નાખીને દેશનાં મેહેસુલનો એક અગતનો ભાગ ગુમાવી દેશો તો દેશી રાજી ઓની પરજાઓ—જેની સંખીઆ હીંદુસથાંનની આખી પરજાના ચોથા ભાગ

જેટલીછે—તેઓ પોતા ઉપરના એક વધારે મોટા દાવાનો એક હીસો પગાર કરવા લેખે આ કાહાડવા ધારેલી જગાતનો જે પુરેપુરો એક ચતુરથાંસ ભાગ આરક તરી રીતે પગાર કરેછે તે ભાગ તેમાંના હવેપછીના વધારાની આશા સાથે સંગલો અને ઘણો ગેરવાજબીપણે નામદાર રાણીના પોતાના તાબા માહેલી રઈએત ગુમાવી બેસશે. દેશી રાજીઓની રઈએતો પાસેથી સીધી કે આરકતરી રીતે શાહન શાહી ટીજોરીમાં નાણાંનો હક લેવાનો દાવો બરીટીશ સરકાર હીંદુસથાંનમાં જે ચોકસ ખાસ દરજ્જો ધરાવેછે તેમાંથી બેશક તે દાવો ઉભો થાએઓછે, કે જે સરકારને, વડામાં વડી હકુમત દાખલ, પોતાને ખરચે, શું બરીટીશ રાજ કે શું દેશી રાજીઓના તાબા તલેના આખા દેશમાં માહોમાહેની સમાધાનીને માટે તથા બાહેરથી આવતા ધસારા સાંમેની સલામતીને માટે જોગવાઇ કરી આપવી પડેછે. બરીટીશ સરકારે વલી આખા દેશને માટે, પણ ફકત પોતાની પ્રરજાને ખરચે રેલવે અને વીજલીના તાર બાંધીઆછે અને હજી બાંધેછે. લશકરી ખરચનો દાખલો લેઓ: એ ખરચ વરશ દાહડે ૧૭) કરોડ રૂપીઆની અતી મોહટી રકમ ઉપર ગએઓછે, તેમાં દેશી રાજીઓનો ફાલો જે વાજબીની રાહે ૪ા કરોડનો થવો જોઇએ, તેમાં તેઓ ભાએગે એક કરોડનો ફાલો આપેછે. કદાચ જવાબ મલશે કે દેશી રાજીઓ પોતે પોતાનાં લશકર રાખેછે; પણ આતો જાણીતી વાતછે કે એક બે દાખલા સીવાએ દેશી રાજાઓનાં એ લશકરો નકામાંછે, અને તેમની હસતીજ નહી હતે તો બરીટીશ સરકારને જેટલો ખરચ લાગતે તે કરતાં વધારે લશકરી ખરચનો ભાર એ દેશી લશકરોને લીધે બરીટીશ સરકારને ખમવો પડેછે એમ સામટી રીતે જોતાં કેહેવાઈ શકાશે. દેશી રાજીઓનાં લશકરો ઉપર તકેદારી રાખવાને કામે લગાડેલું જાથુકનું લશકર હીંદુસથાંનનાં આખાં ઈંગરેજી ગેઆરીસનના છઠા ભાગ જેટલુંછે. રેલવેઓ અને વીજલીનો તાર બરીટીશ રઈએતો ઉપર હાલ તરત વરશ દાહડે આસરે ૧ા કરોડની ખોટ નાખેછે કે જે ખરચ આગલાં વરશોમાં એજ ખાતાંઓના ખરચનો એક ભાગ માતરછે. હીંદુસથાંનમાં રેલવેઓ અને વીજલીનો તાર દાખલ કીધા પછી આજસુધીમાં તેમના સંબંધમાં હીંદુસથાંનની બરીટીશ રઈએતોને જે નુકસાંની ભરવી પડીછે તેની એકંદર રકમ ૪૦) કરોડની મોટી થવા જાએછે અથવા બરીટીશ ઈંડીઆના એકઠાં કરજના તરીજા ભાગ જેટલી થાએછે એમ જીઆરે હું કહુંછું તીઆરે હું ધારૂંછું કે હું બરાબર નીશાનની અંદર છું. દેશી રાજીઓને રેલવેઓથી લાભ થાએઓછે, પોતાના વેપારને માટે તેઓને વધારે સારાં બજારો મલીઆંછે, તેથી કરીને તેઓનું મેહસુલ વધીઉંછે, પણ જે મોટા ખરચોએ તેમને આ હાંસલ આણી આપીછે તે ખરચોની ભરપાઈ તરફ તેઓએ કસું આપીઉં નથી અને હજી પણ કસું આપતા નથી. આખાં હીંદુસથાંનને લાગુ પડતા, પણ એજ પર

માંણે એકલી બરીટીશ રઈએતોના પગાર કરેલા ખરચોની બીજી એવી ઘણી નાહની રકમોછે. પણ અંહી સંગલી વીગતો આપવાની અગત નથી. થોડાજ શબ દોમાં કહીએ તો હીંદુસથાંનની બરીટીશ સરકારનો સરવેને લગતો સામાનીઅ ખરચ વરશ દાહડે આસરે ૨૦) કરોડ રૂપીઆનો અથવા એકંદર ખરચના બે પંચમાંઉસ ભાગ જેટલો થાએછે, કે જે ખરચ સંગલા લોકો ઉપર એકસરખો પડવાને બદલે મહારાણીના પોતાના પાધરા અમલ તલેના મુલકમાં વસનારી રઈએતો ઉપરજ માતર પડેલોછે.

આ વાત ભુલી જવી નહી જોઈએ કે દેશી રાજીઓને આગલ જેવા પર કારનું રાજ ચલાવવાની ટેવ પડેલી હતી તે કરતાં વધારે સુધરેલા પરકારનો રાજ કારોબાર પોતાનાં રાજમાં દાખલ કરવાને બરીટીશ ઉપરીપણાં તલે તેઓ શીખી આછે, અને હજી શીખેછે, તોપણ એ દેશી રાજીઓનાં મેહેસુલને તેમના રાજાઓ પોતાની ખાનગી આવક હોએ તેમ વાપરેછે. એટલા માટે દેશનાં સામાનીઅ ભલાંને માટે ખરચાતા ૨૦) કરોડનો પોતાનો વાજબી હીસો જીઆરે એ દેશી રાજીઓ પાસે ભરાવવામાં નથી આવતો તીઆરે તેથી એવું ઠરેછે કે તે નાણું તીઆંના લોકોને ફાલે ખચતું નથી, પણ તેમના રાજાઓને વાસતે બચેછે. એક બીજા વચ્ચેના હંમેશના ફીસાદનાં પરીણામો સાંમે એ રાજાઓને બરીટીશ સર કારનું લશકરી બલ બંચાવી લેએછે. જેમકે ભાવનગરના થાકોરને અથવા જુના ઘડના નવાબને તેમનાં રાજમાંથી હાંકી કાહાડવાની ગાએકવાડ કોશેશ કરી શકતો નથી, અને સીંધીઆ ભરતપોરને તેના હાલના રાજાના હાથમાંથી છીનાવી લઈ શકતો નથી. તોપણ એ નાહનાં રાજીઓને તેમના મોટા પડોશીઓ ખાઈ જાએ તેમાંથી તેમને બંચાવવાને જે ખરચ થાએછે તે ખરચમાં તેઓ થોડોજ ભાગ આપેછે. એ વધારે બલવાન પડોશીઓ વલી મધીઅ એશીઆમાંથી મુદતે મુદત ઉતરી પડતા જંગલી અને ઘાટકી લોકોનાં ધાડાંને ધાડાંમાંથી જે ખરચે હીંદુસથાંનને વીસામો આપીઓછે તેમાં થોડોજ ભાગ આપેછે. બરીટીશ સરકારે બેહદ મોહટી ખરચે વાવીઅખુણાંની સરહદ ઉપર જે મોટું લશકર નીભાવી રાખીઉંછે તે જો નહી હોએ તો કોઈ પણ દેશી રાજા પોતાને માટે, પોતાની ઓલાદને માટે, પોતાના મુલકને માટે, અને પોતાના ખજાંનાને માટે સલામત નથી. દરએક દેશી રાજનું માહેલા ઇઆ બાહેરના હુમલામાંથી રક્ષણ કરવાને બરીટીશ સરકાર તેના સાથના કોલકરારની સરતોથી બંધાએલીછે, અને એ રાજવંશીઓ પાસેથી શાનશા હાતના સાધારણ ખરચના ફાલા તરીકે ઘણી વધારે ખંડણીની માગણી કરવામાં આ કોલકરારોની સરતોથી કસાં પણ વેગલાપણાની હું હીમાએત કરતો નથી.

પણ દેશનો દરીઆ કીનારો જે સંગલો ઈંગરેજી કબજા તલેછે તે આખા કીનારા ઉપર નાંખેલી કસટમની જગાતોના આકારમાં દેશી રાજીઓ પાસેથી

તેમની બજાવેલી સેવાઓનો બદલો લેવાનું ઉપલા કોલકરારોથી સારાં ભાગે બરીટીશ સરકારના હાથમાં ખોલ્લું રહેઉંછે. વલી એ એક ખીલવી શકાએ એવો ઉપાએછે અને ખરેખરી બરીટીશ રઈએતને ઈનસાફ અપાવવા સારૂં એક મેહેસુલ ખાતાંનો પરધાન પુશકલ લાભ લઈ શકે એવો એ ઉપાએછે. હવે જો સુતરાઉ માલ ઉપરની ૮૦) લાખની જગાતો કાહાડી નાખવામાં આવે તો તે રકમનો ચોથો હીસો કાંઈ ઘટતાં ઈઆ વાજબી કારણ વગર બરીટીશ રઈએતના હકમાં નુકસાંન કરીને વરશોવરશ ગુમાવી દેવા સરખું પરીણામ નીપજે. મેહેસુલ ખાતાંનાં પરધાને જેમ અવીચારી ઉમેદ બતાવીછે તેમ અગરજો દરીઆ કીનારાની સંગલી જગાત કાહાડી નાખવામાં આવે તો બરીટીશ રઈએતને દર વરશે ૬૦ લાખની ખોટ જાએ. એમાં વલી સંભાલથી વહીવટ ચલાવીઆથી અને દેશની સામાનીઅ આબાદાનીના ખીલવાથી આપણી દરીઆવરધી જગાતોનો વખત જતાં જે વધારો થવાનો સંભવછે તે વધારો બંધ પડવાની નુકસાંની ઉપલી તરતની ખોટમાં વધારવી જોઈએ.

મારા લારડ, હું ઉમેદ રાખુંછું કે હીંદુસથાંનની કસટમની આએઆત જગાતોને રાજનાં મેહેસુલની એક અગતની રકમ દાખલ જાલવી રાખવાની તરફેણની તકરારો મેં પુરતા ખોલાસાથી સમજાવીછે. હીંદુસથાંનની સરકારના સને ૧૮૭૫ ના ના૦ ૨૬૩૬ વાલા ઠરાવના બોલોમાં બોલું તો "આએઆતો ઉપરની "જગાતો હીંદુસથાંનમાં હીંદુસથાંનનાં કારખાનાં અથવા માલના બંચાવને માટે "નાખી નથી, પણ માતર મેહેસુલને માટે નાખીછે." અને એ જગાતનો જે ભાગ બીજા સંગલા ભાગોની અગાઉ કાહાડી નાખવાની ધમકી આપવામાં આવીછે તે ભાગ વીશે ઉપલોજ ઠરાવ કેહેછે કે "સુતરાઉ માલની કીમત ઉપર "લેતી કીધેલી સેંકડે ૫) ટકાની જગાત દેશી બનાવટોના બંચાવ તરીકે અસર "ચલાવી શકે નહી." ઈઆદ રાખવું કે સંભાલથી તલાસ કીધા પછી હીંદુસથાંનની સરકારે પકે પાએથી ઉપલો પુખત એકરાર કીધો તેને હજીતો માતર વીસ મહીના થાએઆછે.

મને માનછે,

મારા લારડ,

થવાને તમારો અતી આગ્યાંકીત સેવક,

શોરાબજી શાપુરજી બંગાલી.

ભાગ ૧૧ મો.

પરચુટણ બાબદો.

મુમીઆઈ.

આજ આસરે પંદર અથવા વીસ વરશની વાતની આગમજ જેવારે મુંબઈ મધે ઈઊરોપીઆંન ડાકટરો તથા ઈઊરોપીઆંનોની કલાથી શીખેલા તબીબો થોડાજ હતા તે વેલાએ મોહોટાં દરદોની વખતે માણસોને પોતાના ભાઈબંધોનો એલાજ કરવાનું ઘણું મુશકેલ પડતું હતું, કાંએકે દેશી વઈદો વાહાડકાપ અને હેવો બીજો એલમ ઘણોજ થોડો સમજેછે, કે જે હાલત આજ પણ મુંબઈને લગતાં ગાંમડાંઓમાં તથા બીજા મુકામોપર જોવામાં આવેછે. હેવી સંકટની વખતે દરદી આદમીઓના મીતરો બીનએલાજ થાઈને પોતાના પેઆરા ખેશની તંદરોસતી વીશે પરમેશ્વરપર આશા બાંધતાં હતાં, હેવામાં તે દરદીનો કોઈ દોસત જો કોઈ મગોલ અથવા આરબને બોલાવી લાવે તો સરવે કોઈને નવી આશા આવતી હતી, અને તેહેને તેઓ પોતાનાં કુટુંબનું દુખ ટાલનાર ધારીને ખુશી થાતાં હતાં. હેનું કારણ એછે કે આગલા વખતમાં લોકો હેવું ધારતા હતા કે મગોલ અથવા આરબ તબીબોની પાસે એક જાતની દવા રેહેછે કે જેહેને તેઓ "મુમીઆઈ" અને આપણા લોકો ચુક ભરેલા ઊચારે "મમભઈ" કરીને કેહેછે, તે દવામાં હેવો તો ગુણ હોએછે કે ઘણા એક લોકોની શહરાઈ મુજબ તેથી "મુવેલાં આદમી જીવતાં થાએછે." જો મુમીઆઈ ખરેખર મુવેલાં આદમીઓને જીવતાં કરતી હોએ તો આ દુનીઆંમાં કદી તબીબોનું કામ પડે નહી, અને તેથી આ દુનીઆંની વસતી એટલી તો વધે કે સાત આદમી એક બીજાના માથાંપર રેહે તોપણ આ ધરથીપર તેઓનો સમાવ થાઈ શકે નહી. એ દવામાં ઘણી એક ફાએદા કરનારી અસરોછે તેમાં કસો શક નથી, પણ લોકોએ તેહેની ખુબી ખોટી રીતે બેહદ વધારી દીધીછે. એ દવાના ગુણ વીશે જે અજાએબ જેહેવા વીચારો ચાલીઆછે તેજ પરમાંણે તેહેની બનાવટ અથવા પેદાશ વીશે સરશ ગરાએબ વાતો ચાલેલીછે, તે સંગલું કેટલી સચાઈ ધરા

વેછે, તથા એ મુમીઆઈ દવાનો ખવાસ તથા પેદાએશ કેહેવીછે તે વીશે હમો જે ટુકું બેઆન કરવા માંગીએછે તે અલબત હમારા દેશીઓને પસંદ પડીઆ વીના રેહેશે નહી.

મુમીઆઈ દવા નાંધલી ગોલીઓ બનાવીને મગોલ તબીબો ઘણું કરીને દાબડીઓમાં રાખેછે. એ દવાનાં નામમાંથી જે અરથ ઊઠેછે તે પરમાણે તે મોમ અથવા ચરબના ખવાસનીછે, અને તે ઘણુંકરીને ઈરાન દેશમાં દારાબગરદની પડોસમાં આઈ નામનાં એક ગામડાંને લગતા પાહડોમાંથી મલેછે. તે ગામડાંનાં નામ ઊપરથી એ ચીજને "મીમીઆઈ" એટલેજે આઈ ગામનું મોમ હેવું નામ આપેલુંછે. ઊગમણ પરાંતના લખનારાઓ મુમીઆઈ બેએ જાતનીછે હેવું લખી ગએલાછે. પેહેલી જાતની મુમીઆઈ પાહાડ અથવા ખાણોમાંથી રસની માફક નીકલીછે, પણ બીજી જાત કે જેહેને મુમીઆઈએ આમીલી અથવા ઈનશાનની મુમીઆઈ કરીને કેહેછે તે માણસો પોતાના હાથથી બનાવેછે, અને તે વીશે ફરંગે બુરહાને કાતેમાં જણાવેછે કે એ મુમીઆઇ બીજી જે પાહાડમાંથી નીકલેછે તે કરતાં સરશછે, અને તે બનાવવાનો એલમ આગલ "ફરંગ" લોકો એટલેજે ઈઊરોપીઆંન લોકોને જાહેર હતો. મુમીઆઈએ ઈનશાની ઈઆને આદમીઓનાં બદનની બનાવેલી મુમીઆઈ વીશે એક દેશી તબીબને મોહોડેથી આગલ હમોએ વાત સાંભલી લીધી હતી. તે ધણી હમોને હેવું જણાવતો હતો કે કેટલાએક ઘાટકી મગોલો હેવાં કામસર બાલપણથી હબશી ગોલામોને પાલી રાખેછે, અને તેઓને ખાવા પીવાનું સંગલી પાંતીથી સુખ આપી અતીશે ફરબે કરેછે, અને જેઆરે તે શખસ પુર તંદરોસતીની હાલતમાં આવેછે તેઆરે તેલની એક કહડા ખરખડાવીને તેહેની ઊપર પેલા ગોલાંમને બાંધેછે, પછી આસપાસથી આતશ સલગાવી દીએછે, અને તે શખસનાં માસ અથવા લોહીનાં જે ટીપાં તે આતશથી બલતી વખતે અચબુચ તેલની કહડામાં પડેછે તેહેની મુમીઆઈ બનેછે, અને દરદી આદમીઓને જેઆરે બીજાં સંગલી જાતનાં ઓશડો કામ લાગતાં નથી તેવારે મુમીઆઈ ઘણુંકરીને કારગદ

થાએછે. આજ ઘણાએક મગોલો મુમીઆઈ વીશે હેવીજ વાતો કરેછે, પણ તે કસી રીતે ભરોશો રાખવાજોગ નથી. પણ મુમીઆઈ ઈનશાનનાં બદનમાંથી બનાવેછે તે વાત આગલા વખતથી ઈરાનમાં ચાલતી આવેલીછે. નીજામી શાએરે પાદશાહ સેકંદરના જનમારાની વારતાનું "સેકંદર નામહ" હેવે નામનું એક પુસતક બનાવીઊંછે, તે કેતાબની શરેહ લખનાર મુમીઆઈ વીશે ટુકામાં પણ ચોકસ વીગતે બેઆન કરેછે. તે ધણી હેવું કેહેછે કે "જો કોઈ શખસને કાંઈ જખમો થાએઆ હોએ અથવા કાંઈ હાડકાં ભાગેલાં હોએ અને તે ઊપર જો મુમીઆઈનો લેપ મારીઓ હોએ તો તરત તે જખમ રૂજ આવેછે, તથા સાંધો જોડાઈ જાએછે, અને વલી અંદરખાંનેનાં દરદોને કીજે મુમીઆઈ ખાધાથી મોહોટો ફાએદો હાંસલ થાએછે." એજ શરેહ કરનાર વધારે બોલેછે કે "મુમીઆઈ બેએ જાતની હોએછે, તેમાં પેહેલી ઈનશાનની જે મુમીઆઈ બનાવેછે તે આ રીતેછે:—એક બચ્ચું જેહેનો ચેહેરો તથા બાલ લાલ રંગના હોએ તેહેને ચુંટી કાહાડીને તે બચ્ચું તરીસ વરશની ઊમરે પોંહોંચે તાંહાંસુધી તેહેને તમામ મેવાના ખોરાકપર રાખેછે, પછી પથ્થરની એક મોહોટી બરની લાવીને તેમાં મધ અને કેટલાંએક બીજાં વસાંનાં નાખેછે, અને તેઆરપછી પેલા મેવાના ખોરાકથી પાલેલા શખસને તે બરણીમાં જીવતો બંધ કરીને મોહોર કરી લીએછે. તે મોહોર ૧૨૦ વરશ સુધી ઊખેડતા નથી. હવે જેવારે એ ૧૨૦ વરશની મુદત પુરી થાએછે તેવારે તે બરણીનું મોહોડું ઊખેડેછે તેવારે પેલા શખસનું બદન તથા મધ એક થાએલું માલમ પડેછે અને તે મેલવણીને મુમીઆઈ કરી કેહેછે. બીજી રીત હેવીછે કે આગલા વખતમાં ઈરાન મધે તવંગર લોકોને મરણ પામીઆ પછી મધના સીસાઓમાં ગાલતા હતા તે સીસાઓ હમણાં હાથ લાગેછે તેહેને મુમીઆઈ કરી કેહેછે." આગલા ગુજરી ગએલા ઈરાનીઓનાં બદનોને સીસામાં ગાલતા હતા, અને તેમાંની કોઈબી ચીજને મુમીઆઈ નામની દવા દાખલ કામ લગાડીઆથી ઈનશાંનની મુમીઆઈ હેવું નામ નીકલીઊં હેવું ધારેઆમાં આવેછે.

ફરંગે બુરહાને કાતેમાં જણાવેછે કે મુમીઆઈ એ દવા પાદશાહ ફરે દુનના વખતથી જાહેર થાએલીછે, અને શારડીન નામનો એક ફરેંચ મુસાફર જે આસરે એકશો વરશની વાતપર ઈરાન મધે ફરી આવીઓ હતો તે ધણી બોલેછે કે ખોરાસાનમાં મરણ પાંમેલા આદમીઓના સીસા જે આસરે ૨૦૦૦ વરશની વાતપર દાતેલા હતા, તે આજ બાંહેર નીકલેછે અને તેહેને મુમીઆઈ કરી કેહેછે.* ઈરાન જમીનની સુકી રેતીનાં જંગલોમાં હેવા સીસા લાંબી મુદત સુધી વગર હરખતે દતાઈ રેહે તેમાં કસો સંધે લાગતો નથી.

એ મુમીઆઈની ઈંગરેજ લોકોએ ઘણીએક તજવીજ કીધીછે. એ દવા ઈઊરોપખંડમાં નવેસરથી કેમપીઅર નામના એક તબીબે જાહેર કીધી હતી, તેણે એ દવાના ઘણાએક ગુણો જણાવીઆછે, અને એ ધણીના વખત પછી ઈઊરોપીઆંન તબીબો મુમીઆઈ પોતાના કામમાં લાવતા હતા, પણ પછવાડેથી લોકો તેહેની મેલવણીમાં દગો કરી ખોટી મુમીઆઈ આપવા લાગા, તેથી તેહેના ગુણોની વાત નબલી પડતી ગઈ, અને એ દવા ઈઊરોપીઆંનોના ખપ માહેથી હમણાં તદન નીકલી ગઈછે. સર ગોર આઊસલી ઈશવી સને ૧૮૧૧ નાં વરશમાં ઈંગલંડથી ઈરાન ખાતે એલચી દાખલ ગએઓ હતો તેઆરે તેહેની સાથે મી૦ શારપ નામનો એક ઈઊરોપીઆંન તબીબ ગએલો હતો, તે ધણીએ એ મુમીઆઈ વીશે અજમાએસ કરી જોઈ હતી, અને તે કારણસર એક મુરગનો પગ ભાંજીને તે ઊપર મુમીઆઈ લગાડી હતી, તેથી તે પગ ઘણો ખરો સારો થાએઓ હતો, તોપણ મી૦ શારપે હેવો વીચાર આપીઓ હતો કે એ મુમીઆઈ જેહેવી હરકોઈ બીજી ચીકટ ચીજનો લેપ મારી આથી તે પરંદાંનો પગ સાહાજો થાતે. પણ તાંહાંના ઈરાનીઓ કેહેતા હતા કે મી૦ શારપે જે મુમીઆઈથી અજમાએસ કીધી હતી તે બજારૂ માલ હતો અને ખરી મુમીઆઈ હતી નહી.† સર ઊલીઅમ આઊસ

---

* જુવો એ ધણીની મુસાફરીનો ગરંથ પુસતક ૪ થું સફે ૩૯ મે.

† જુવો સર ઊલીઅમ આઊસલીનું ઈરાનની મુસાફરીનું પુસતક ૨ જું સફે ૧૧૭.

લીએ મુમીઆઈ વીશે પોતાના ગરંથ મધે સુર અલ બલદાન નામના ફારસી ભુગોલ વીદીઆ જાણનાર ગરંથકારનો લખેલો એક ફકરો ટાંકી બતલાવીઓછે, તે મધે તે લખનાર બોલેછે કે "ઈરાન મધે દારાબગરદ પર ગણાંમાં એક પાહડછે તે પાહડની અંદર એક ખોહોછે તેમાંથી મુમીઆઈ નીકલેછે તે પાદશાહને કીજે એકઠી થાએછે. આગલા વખતમાં પાદશાહની તરફથી એ જગાને લગતા કેટલાએક અમલદારોને ચોકીદારો દાખલ રાખેલા હતા, અને તેઓ વરશમાં એકવાર મુકરર કીધેલે વખતે તે ખોહોનો દરવાજો ઊઘાડતા હતા, તેહેની અંદર નાધલા છેદોથી વીંધી કાહાડેલો એક પથ્થર રેહેતો હતો તે છેદોની અંદરથી મુમીઆઈ ભરાએલી નીકલતી હતી. એ ખોહોમાં દર વરશની એકઠી થાએલી મુમીઆઈ જથામાં એક દાડમના જેટલી નીકલતી હતી, પછી તેહેને બાહેર કાહાડીને કાજીઓ તથાં મુલ્લાંઓ તથા બીજા આબરૂવાલા આદમીઓની હજુરમાં દાબડામાં બંધ કરી ઊપર મોહોર કરતા હતા, અને પછી તેહેને પાદશાહી ખજાનામાં રાખતા હતા." એજ લખનાર બીજી જગોએ બોલેછે કે "આજે ઊપર જણાવેલી જે મુમીઆઈ દર વરશે નીકલેછે તેજ ખરી મુમીઆઈછે, અને પાદશાહને કીજે બીજી જે જગાઓથી મુમીઆઈ જાએછે તે સંગલી ખોટીછે તેમાં ખરી મુમીઆઈનો ગુણ નથી. એ પાહડની પડોસમાં આઈ નામનું ગામડું છે તે ઊપરથી એ ચીજનું મોમીઆઈ એટલેજે આઈ ગામનું મોમ હેવું નામ નીકલેઊંછે."

બીજા ફારસી ગરંથકારો જણાવેછે કે ઈરાનમાં મુમીઆઈ નામથી જે દવા ઓલખાએછે તે સંગલી ખોટીછે, અને ખરી મુમીઆઈ માતરે દારાબગરદના એક પાહડના ખોહોમાંથી નીકલીછે. તે ખોહોમાં હવા એકઠી થાઈને કોઈ જાતની બારીક કરચો સાથે એક પથ્થરના છેદોમાં ભરાએછે તેહેની ખરી મુમીઆઈ થાએછે, અને તે પાદશાહના ખજાંના સીવાએ બીજે કોઈ ઠેકાંણે મલી આવતી નથી.

આદમીઓનાં બદનના દાતેલા સીસા માહેલી તથા પાહડોના ગોફાઓ માહેથી ઊપર જણાવેલી રીતે જે ચીજ નીકલેછે તે બંધેને

મુમીઆઈ કરીને નામ આપીઆમાં આવીઊછે. એ દવા બેએ જાતની હોએછે તે વીશે ઊપલી બીના ઊપરથી જાહાજો સંધે રેહેતો નથી, પણ તેહેના ગુણો ધારીઆમેલે ઊગમણ પરાંતના લોકોએ બેહદ શેકટ વધારી દીધેલાછે. એ દવાને તેઓ લાંબી મુદત થાઈ મોહોટું વજન આપતા આવીઆછે. ઈરાનના પાદશાહો જેઆરે બીજા દેશોના રાજવંશીઓને કીજે અધીઆ મોકલેછે તેઆરે તેમાં મુમીઆઈ ખચીત કરીને હોએછે, અને તેહને તેઓ ઘણી મુલવાન ગણેછે. ઈરાની લોકોના કેહવા મુજબ હમણાં કેટલીએક જાતની મુમીઆઈ જેહેને "પાકીજે" ઈઆને સોજી કરીને કેહેછે તે આસરે એક બદાંમ જેટલી ૧૦૦ રૂપીઆ કીમતની અંદર મલી આવતી નથી. [જગત પરેમી, સપટેમબર ૧૮૫૧.]

શેહેનશાહ અકબરે હીંદુસથાંનમાં ઉભા કીધેલા "અલાહી" મજહબની હકીકત.*

ઈશવી સને ૧૫૫૫ નાં વરશમાં શેહેનશાહ અકબર હીંદુસથાંનનાં તખતપર બેઠો હતો. એ શેહેનશાહ પોતે એલમવાલો હતો તથા એલમને સંગલી પરકારે આસરો આપતો હતો. એ પાદશાહની દરબારના શાએરો તથા ઓલમાઓની મદદથી હીંદુસથાંનની કેટલીએક તવારીખ આજ જીવતી થાઈછે તથા એલમને આસરો મલીઓછે. અકબરની મીજલસમાં અબુ ફાજલ ઘણો કાબેલ શખસ ગણાતો હતો, તેહેની સાથે તેહેનો ભાઈ ફેજી સાંમેલ હતો. મુલકે મુલકથી એ શેહેનશાહે કાબેલ શખસોને પોતાની

* દબેસતાન કેતાબ મધે અકબરના મજહબનું કેટલુંએક બેઆન આવેલુંછે, તે સાથે અબુ ફાજેલે પોતાની બનાવેલી આઇને અકબરી કેતાબમાં એજ બાબદસર થોડીએક બીના જાહેર કીધીછે, એ સીવાએ સને ૧૮૧૮ નાં વરશમાં તારીખ ૨૯ મી સપટેમબરને દીને કપટાન વાનસ કેનેડીએ એજ બાબદ વીશે ગુલી રાનાં નામની એક ચોપડી માહેલા તારીખે બદુનીના એક એનતેખાબ ઉપરથી મુંબઈની લીટરેરી સોસાએટીની હજુરમાં એક રીશાલો વાંચીઓ હતો અને તે રીશાલો એ સોસાએટીનાં બીજાં દફતરમાં પરગટ થાએઓછે, તે સંગલાં ઉપરથી હમોએ આ હકીકત લખીછે.

દરબારમાં બોલાવીઆ હતા તથા ચંચલ મુસાફરોને પોતાની મજલેસમાં દાખલ કરતો હતો, તે સંગલાઓની સાથે વાતચીત કરવાને તથા તેઓની તકરાર અને દાનાઈની વાતો સાંભલવાને તે ઘણોજ શોખ રાખતો હતો. અકબરના હોકમથી રામાએન તથા માહભારત એ બંધે સંસકરીત ગરંથેનો ફારસી જુબાનમાં તરજુમો થાએઓ હતો, તથા હીંદુઓનાં ગાએન અને ફીલસુફી તથા બીજા તરેહેવાર એલમપર એ શેહેનશાહે પોતે અથવા તેહેના હોકમથી તેહેની દરબારના કાબેલોએ ધેઆંન પોંહોંચાડીઊં હતું. ઈરાની શાએરોના એલમને એ નામીચા શેહનશાહથી ઘણો આસરો મલીઓ હતો, અને દુનીઆંના જુદા જુદા ધરમોની પોથીઓનો એ શેહેનશાહના વખતમાં તરજુમો અથવા સાર લખાએઓ હતો. દબેસતાન કેતાબમાં લખેછે કે સુફી લોકોના સરદાર આજર કએવાને એ શેહેનશાહને ચશેદ જુજ લખીને સોગાદ મોકલાવીઆ હતા, તેમાં આગલા ઈરાનના ધરમનું ઘણુંએક દાસતાન હતું. શેહેનશાહે મુકામે મુકામ મકતબખાનાં કાહડીઆં હતાં, તાંહાં ધરમની છુટથી હીંદુઓ પોતાનું વીઆકરણ અને વેદાનત અને તે સાથે ફારસી એલમ અને બીજગણીત તથા લીલાવટી શીખતા હતા. અકબરે શાએરોને ઘણોએક આસરો આપવા ચાહીઊં, પણ તેહેના વખતમાં ફીરદોસી, હોમર, તુકારામ અથવા મીલટન જેહેવો કોઈ નામીચો કવેસર નીકલી આવીઓ નહી.†

અકબરની આગમજના મુસલમાન પાદશાહોએ હીંદુઓને ઘણીએક લાલચ દેખાડીઆ છતાં તેઓના ઘણાખરા ભાગે પોતાના વડાવાઓનો આપેલો ધરમ છોડીઓતો નહી; તેથી અકબર તખતપર બેશતી વખતે તેહેની ઘણીખરી રઈએત હીંદુ ધરમ પાલતી હતી. જાંહાં રાજા અને પરજા એ બંધેનો મજહબ એકબીજાથી જુદો હોએછે તાંહાં રાજની

† તવારીખનો કોઇબી અભેઆસી અગરજો શાહ અકબરની અને ઈરાનના સાસાની પાદશાહ (ખુશરૂ) નોશરવાન અદલની જીંદગાનીના હેવાલો એકબીજા સંગાથે મેલવી જોશે તો તરત તેહને નજર આવશે કે શેહનશાહ અકબર પોતે ઈરાનના એ નામીચા થાઈ ગએલા પાદશાહની તવારીખથી પુરતી રીતે વાકેફગાર હતો, એટલુંજ નહી, પણ એ પાદશાહનાં પગલાં પછવાડે ચાલીને ધરમ સંબંધી જોસતેજોમાં, તથા હુનર અને એલમના ફેલાવાની બાબદમાં, અને બીજી ઘણીએક કારકીરદીમાં નોશરવાન અદલની બરોબરની કીરતી મેલવવાને તથા તેહેની નકલ કરવાને શેહનશાહ અકબરનાં દીલમાં ખાએસ હતી.

મજબુતીમાં ધરમની જુદાઈથી કેટલીએક ખલલ પોંહાંચેછે, તથા રઈએત પોતાપર હકુમત કરનારને પોતાથી એલાહેદો ગણીને તેહેની ઊપર કેહેવો નબલો પેઆર રાખેછે તે સંગલું અકબર સારીપેઠે સમજતો હતો. એ ઊપરથી તેણે પોતાની શેહેનશાહતને પાએદાર કરવા તથા હીંદુસથાંનને પરૂથવીનાં બીજાં દેશોપર મોહોટાઈ આપવાની મતલબથી પોતાની તમામ રઈએતને કીજે એક નવો મજહબ ઊભો કરવાનો ઠેડાવ કીધો હતો, અને તે ઠેડાવ મુજબ તેણે "અલ્લાહી" મજહબ બાહેર પાડીઓ હતો.

શેહેનશાહ અકબર પોતાની હકુમતની શરૂઆતમાં એકીનથી ઈસલાંમી મજહબ પાલતો હતો, અને કેહેછે કે એકવાર તેણે મકા ખાતે તીરથે જાવાનો ચોકસ એરાદો કીધો હતો, પણ કાંઈએક રોકાનને લીધે તેહેને એ એરાદો પાર પાડવાની જોગવાઈ બનીતી નહી. અકબરની દરબારમાં શેખ અબુ ફજલ તથા તેહેનો ભાઈ ફેજી તથા રાજા તોદરમલ અને હેવાજ બીજા કાબેલ શખસો જેઓ કેતાબવાલાઓના ધરમને સદા ધીકારતા હતા તેઓની સાથે અકબર દોસતી રાખતો હતો, તેહેવી શોબતમાં ઈસલાંમી મજહબ મધે તેહેને ખાંમી નજર નહી આવે એ વાત મુશકેલ હતી. અકબર પોતાની શેહેનશાહત શરૂ થાએઆ પછી વીસ વરશવેર મજબુત લડાઈઓમાં ગુતાએલો હતો તેથી તેહેને પોતાના ધરમ સંબંધી વીચારો જાહેર કરવાની જોગવાઈ બનીતી નહી, પણ એ મુદત પછી તે ધીરે ધીરે પોતાના વીચારોને આલમમાં જાહેર પાડવા લાગો. અકબરની મજલેસમાં રાતને વખત દુનીઆંના જુદા જુદા ભાગોપરથી આવેલા કાબેલ શખસો એકઠા મલતા હતા, તેઓ વચ્ચે દુનીઆંના જુદા જુદા ધરમોની ચરચા ઘણી ચાલતી હતી, તે સંગલું અકબરશાહ ધેઆં નથી સાંભલી લેતો હતો અથવા પોતે તેમાં સાંમેલ થાતો હતો, તેહેની અસરથી હીંદુસથાંનમાં એક નવો ધરમ ઊભો કરવાનો વીચાર એ શેહેનશાહ અને તેહેના મલતાવીશેકોએ દીલમાં રાખી મુકીઓ હતો, તે વીચારો ઊપર જણાવીઆ પરમાંણે તખતે બેઠાની વીસ વરશ પછી ઈઆને સને ૧૫૭૫ નાં વરશથી તે જાહેર કરવા લાગો.

એકવાર એવો એતેફાક બનીઓ કે હરકોઈ શખસને કેટલી બાએડીઓ કરવી રવાછે તે વીશે હીંદુસથાંનના મુસલમાનોમાં એક મોહોટી ચરચા ઊભી થાઈ; તે વીશે મુસલમાનોની કોરાનમાં લખેછે કે "તમો ખુશી પડે તેમ બાએડીઓ કરજો, બેએ અથવા તરણ અથવા ચેઆર." હવે કોરાનના એ ફકરા મધે આરબી ભાશામાં "અથવા" એ બોલની જગોએ "વ" લોગત આવેલોછે તેહેની માએની બેએ રીતે થાએછે; "અથવા" તથા "અને," એ ઊપરથી કેટલા એક મુસલમાનો "વ" ની માએની "અથવા" સમજીને કેહેછે કે અલ્લાએ માતરે ચેઆર બાએડી કરવાની અધ બાંધી આપીછે, પણ બીજાઓ બોલવા લાગા કે બેએ અને તરણ અને ચેઆર, એ રીતે નવ બાએડી કરવાની મજહબમાં છુટ લખીછે. એ બાબદસર અકબરના વખતમાં મુસલમાન હોકમાઓમાં ભારી જોસથી ચરચા ચાલવા લાગી, અને એ બંધે બાજુના તકરાર કરનારાઓ ઘણા ગોસાથી એકબીજાને ભુડું બોલવા લાગા. હર એક ધરમની છુપી ગીબત કરવી હોએ તો તેમાં લખેલો જે ફરમાન સફાઈથી સહમજાવીઓ નહી હોએ, અને જેથી કાબેલ લોકોમાં ભાંજગડ ઊઠી હોએ, તો તે ભાંજગડ બતલાવીને પોતે અલગો રહેઆથી ગીબત કરનારની મતલબ પાર પડેછે, એ વાતથી શેહેનશાહ અકબર નાવાકેફ હતો નહી; અને તેજ કારણ ઊપરથી સ્ત્રી કરવાના ધારા વીશેની તકરાર જોઈને મુસલમીન મજહબના દુશમનો પોતાનાં મનમાં મઘન થાતા હતા.

જેઆરે એ તકરારથી મુસલમાન લોકો કંટાલી ગએઆ, અને તેહેનું કાંઈજ પતીજ ભરેલું શેવટ નીપજીઊં નહી, તેઆરે અકબરે પોતાનો લાંબી મુદત થાઈ સંગરેલો વીચાર બાહેર પાડીઓ. ઘણા એક શખસો અકબરના વીચારને મલતા થાએઆ અને તે દીવસથી મજહબોની બાબદમાં અકબર ઊંઘાડી તકરાર કરવા લાગો. શેહેનશાહની મજલેસમાં ઘણાજ કાબેલ મુસલમાન ઓલમાઓ આવતા હતા, તથા બરાહમણ અને પંદીત લોકો તાંહાં બીરાજતા હતા, તથા તેણે એક ખરીસટીઆન પાદરીને ગોવેથી બોલાવી મંગાવીઓ

હતો, તથા નોશારીથી પારસીનો એક દસતુર શેહેનશાહના બોલાવી આથી તેહેનાં પાએતખત તરફ ગએઓ હતો, એ સીવાએ એક જર તોસતી દસતુર નામે અરદેસર કેરમાનથી (ઈરાનના શાહ અબાસના હોકમથી) અકબરની દરબાર ખાતે આવીઆ હતા. એજ પર માંણે ઈઆઊદી, સુફી અને બીજા તરેહેવાર ધરમ પાલનારાઓ શેહેનશાહની મજલેસમાં હાજર થાતા હતા; તેઓ સાથે વાતચીત કરવાને અકબર રાતને વખત બેસતો હતો. એ મજલેસોમાં દરએક મજહબવાલાઓ એકબીજા સાથે જોસાથી તકરાર ચલાવતા હતા, તે સંગલું અકબર ધેઆં નથી સાંભલતો હતો, તથા પોતે વીચાર આપતો હતો, અને જો તકરારીઓ એકબીજાપર ઘણાજ આકલા થાઈ જાએ તો સમાધાંની લાવતો હતો. અકબરની મજલેસમાં એ ધરમ સંબંધી તકરારોની કેટલીએક વીગત દબેસતાન કેતાબના બાબ ૧૦ માની નજર બીજીમાં આવેલીછે.

અકબરનો ધરમ ખરેખર આલમનાં લોકોને કીજે પુરતો હતો નહી. હેવો ધરમ જો સંગલે વાઘેના લોકોમાં દાખલ થાએ તો સંસારમાં હાલ આપણે એકબીજા સાથે અને પોતાનાં દેશ તથા કોમ સાથે જે સંબંધ જોઈએછે તે ભાગી પડીઆ વગર રેહે નહી. એ વતરોગ અકબરના મજહબમાં ફીલસફી ઘણી હતી; દુનીઆંમાં કાંઈ સંગલા લોકો ફીલસુફ થાતા નથી, તેથી આલમને કીજે હરએક ધરમમાં દેખાઈતો દમામ અને કીરીઆ એ બંધેની ઘણી અગત પડેછે, અને એજ કારણ ઊપરથી પેગમબરો પોતાના મજહબોમાં ઘણીએક કીરીઆ દાખલ કરી ગએઆછે; તે સંગલું અકબરના "અલાહી" મજહબમાં હતું નહી, તેથી તેહેની મતલબ પાર પડવામાં ઘણો અટકાવ થાએઓ હતો. અકબરની સંફના ફીલસુફો હેવો દાવો કરતા હતા કે સંગલા મજહબ વાલાઓ કોઈ પોતાની કેતાબોની તથા કોઈ પોતાના પેગમબરના મોજેજાની તથા કોઈ પોતાની કીરીઆઓની મોતેબરીની તારીફ કરીને ધરમ સમજાવેછે, પણ "અલાહી" ધરમની તારીફ એજ હતી કે તે સગલાં આદમીઓના સાદા વીચાર સાથે મલતો આવતો હતો. જો એ મજ

હબ ખરેખર સંગલા આદમીઓના સાદા વીચાર સાથે મલતો આવતો હતે તો તે આજ આપણે ગુમ થાએલો જોતે નહી, અને અકબરની દરબાર ઊપરાંત બીજા લોકોમાં તે વધારે ફેલાવો પાંમતે.

સને ૧૫૭૫ પછી અકબરના ધરમ સંબંધી વીચારો તેહેની દરબારના અમીર અને ઊમરાવ લોકોમાં ફેલાતા ગએઆ, અને કેટલાએક હીંદુ અને મુસલમાનો પોતાના અસલ ધરમની વીરૂધ જાઈને શેહેનશાહને આવી મલીઆ. એ નવી ટોલીવાલા લોકો બોલવા લાગા કે:—"અલાહીલ અલ્લા, અકબર ખલીફ અલ્લા" ઈઆને ખોદા એક છે અને અકબર તેહેનો ખલીફછે. જેઆરે શેહેનશાહનો એ ફરમાન શેહેરના લોકોને ખબર પડીઓ તેઆરે તાંહાંના એકીનદાર અને દીનદાર મુસલમાનોને ઘણો કરોધ ચહડીઓ, તેથી શેહેરમાં પેહેલવેહેલાં કેટલાએક દાહાડા સુધી કોઈ હેવી વાત કરતા હતા નહી, પણ પછી ધીરે ધીરે એ રવઈઆ ચાલીઓ હતો. પેહેલાં એ નવા ધરમવાલાઓએ દાહાડાની પાંચ વખતની બંદગીની ફરજ કાહાડી નાખી; પછી રોજા, ગુસલ, હજ, જુમાને દીનની બંદગી, સુનત, એ સંગલું ધીરે ધીરે કાહાડી નાંખીઊં, અથવા જેહેની મરજીમાં આવે તેમ ચાલવાને ફરમાવીઊં, પણ કોઈપર ફરજ રેહેવા દીધી નહી. શેહેનશાહી દફતરોમાંથી હીજરી સને કાહાડી નાખીને અકબરે તેહેની જગોએ હોમાઈઊનની પાદશાહીથી બીજો સને ઊભો કીધો, તથા તેઓ નોરોજે જમશેદથી જલાલી તારીખ વાપરવા લાગા; અને જરતોસતી લોકોના મહીનાનાં નામ અખતીઆર કીધાં, તથા તેઓનાજ દર વરશનાં ૧૪ જશનના દાહાડા શેહેનશાહે કબુલ રાખીઆ.*

અકબરે એક બાએડી કરતાં વધારે સાથે લગણ કરવાને પાછલથી મનાઈ કીધી; અને વર ૧૬ વરશનો તથા કનેઆ ૧૪ વરશની થાએ

* એ તેહેવારોની વીગત આ રીતે હતી:—૧ લો ફરવરદીન મહીનો અને હોરમજ રોજ. ૨—ફરવરદીન મહીનો અને ફરવરદીન રોજ. ૩—અરદીબેહશત મહીનો અને અરદીબેહશત રોજ. ૪—ખોરદાદ મહીનો અને ખોરદાદ રોજ. ૫—આવાં મહીનો અને આવાં રોજ. ૬—આદર મહીનો અને આદર રોજ. ૭—૮—૯—દએ મહીનાના દેપાદર—દેપમેહેર અને દેપદીન રોજ. ૧૦—બહમન મહીનો અને બહમન રોજ. ૧૧—અસપંદાદ મહીનો અને દેપમેહેર રોજ. બીજા તરણ તેહેવારની વીગત જણાવેલી નથી.

તાંહાંસુધી લગણ કરવાની બંધી રાખી. વીધવાઓને બીજું ઘેર કરવાની અકબરે છુટ આ ી હતી; અને હીંદુઓમાં સતી થાઈ બલી મરવાની ચાલને અકબરે પેહેલવેહેલાં અટકાવ કીધો હતો, પણ તેઆરપછી હેવી રજા આપી કે સ્ત્રીની જો પુર ખુશી હોએ તો સતી થાએ તેહેને કોઈ બંધ પાડી શકે નહી. મુસલમાનોના નબી તથા ખલીફાઓનાં નામપરથી તેઓમાં મહમદ, આમદ, મુસતાફા અને હેવાં બીજાં જે નામો પાડેછે તે રીતે બચ્ચાંઓને નામ આપવાની ચાલ બંધ પાડી હતી, અને કેટલાએક લોકોએ તો અકબરના હોકમથી અથવા તેહેને રાજી રાખવાને કીજે પોતાનાં હેવાં નામો ફેરવી નાખેઆં હતાં.

હીંદુ ધરમને અકબરે ઘણીજ થોડી ઈજા દીધી હતી; હીંદુઓની નરમાઈ અને નીતીને તે ચાહતો હતો અને તેહેની દરબારમાં વીદીઆ વાન બરાહમણ અને પંદીતોની તકરારથી તેઓના ધરમની ગરીબાઈ પર અકબર રેહેમદીલથી જોતો હતો. ખરીસટીઆંનોને અકબરે કાંઇજ ઈજા દીધીતી નહી અને ઈશાઈ ધરમ સમજાવવાને ગોવેથી જે પાદરી અકબરની હજુરમાં ગએઓ હતો તે ઘણી પોતાની તારીફમાં હેવું લખેછે કે તેણે શેહેનશાહને લગભગ વટલાવીઓ હતો અને અકબર તેહેનો મજ હબ તપાસીને ખરીસટી મજહબની તારીફ કરતો હતો. પારસીઓ પણ એજ રીતે બોલેછે કે નોશારીથી જે દસતુર શેહેનશાહની મજલેસમાં જાઈ રહેઓ હતો તેણે મોજેજા કરી બતલાવીને અકબર પાસે જરતોસતી દીન કબુલ કરાવી હતી, પણ અકબરના વખતના લખનારાઓ તેહેના ધરમ સંબંધી વીચારનું આટલુંબધું બેઆન કરેછે તેમાં એ બાબદ વીશે કાંઈજ બોલતા નથી. અકબરે બીજા મજહબોની માફક ઈશાઈ અને જરતોસતી ધરમપર ધેઆંન આપીઊં હોએ તેમાં કાંઈ શક નથી, અને ખોદાની બંદગી કરતી વખતે જરતોસતી લોકોના કેબલાની ચાલ તેણે બીજાઓ કરતાં વધારે પસંદ કીધી હતી તે વાત ખોલ્લી જાહેરછે. એ વીશે દબે સતાનમાં લખેછે કે, દસતુર અરદેસર ઈરાનથી પોતાની સાથે જે આતશ લઈ આવીઓ હતો તે આતશ અકબરે સંભાલીને રાખીઓ હતો, અને બંદગીની વખતે પાદશાહ તેહેનો કેબલો કરતો હતો.

શેહેનશાહ અકબર સારીપેઠે જાણતો હતો કે પરમેશ્વરની ભકતી કરતી વખતે કાંઈબી ચીજ માણસની સાંમણે રાખવાની મોહોટી અગ તછે, કે તેપર તે ધેઆંન રાખીને આદમી પોતાના પેદા કરનારને ઈઆદ કરે. એ કારણસર જરતોસતી ધરમમાં રોશનીને ખોદાતાલાનો કેબલો ગણેછે અને એ નુરને તે અનદીઠ સાહેબની દેખાઈતી નીશાન ઠેડવેછે, તે અકબરને ઘણું પસંદ પડીઊં હતું; તેથી પેહેલવેહેલાં ઈરાનથી અરદેસરે લાવેલા આતશને તેણે જરતોસતી મોબેદોની કીરીઆ સાથે પોતાનાં મેહેલમાં રાત દાહાડો રોશન રાખીઓ હતો, અને તેજ પરમાંણે આત શનો, નહીતો સુરજ અને સેતારાઓનો, કેબલો કરવાને અકબરે પોતાના દોસતોને ફરમાવીઊં હતું. એ કેબલો બાહાલ રાખીઆ સીવાએ અને જશનોના તેહેવારો પાલીઆ સીવાએ અકબર હજરત જરતોસતના મજ હબની બીજી કોઈબી કીરીઆ કબુલ રાખતોતો નહી. તેણે દાહાડામાં બેએ વાર બંદગી કરવાને ઠેડવીઊં હતું; તેમાં એક વખત મધ રાતનાં અને બીજી વખત બામદાદનાં. અકબર કેહેતો હતો કે ઘણી કીરીઆ કીધાથી અથવા ઘણી બંદગીથી કાંઈ માણસ સવરગ પાંમતો નથી, પણ તે જો આ દુનીઆંમાં પોતાની જીંદગાંની નેકીની રાહપર ચલાવે, અને સરવે કામમાં પોતાની દેઆનત પાક રાખે, અને બીજાઓનું ભલું કરે તો તેથી ધરમમાં તેહેની ખુબી સંપુરણ થાએછે. એ ઊપરાંત આ દુનીઆંની ખોટી માએઆ તજીને પરમેશ્વરપર સદા ધેઆંન રાખવાને અકબરે પોતાના સાગેરદોને હોકમ આપીઓ હતો.

શેહેનશાહ અકબરે પોતે નવો મજહબ ઊભો કીધો હતો તે છતાં તે માફક ચાલવાને તેણે કોઈની ઊપર જાસતી ચલાવીતી નહી; તેહેની ધારણાં સંગલું કામ સમજણથી કરવાની હતી. એ બાબે સંગલા પર ગણાંના હાકમોપર અકબરે મજબુત હોકમો મોકલીઆ હતા. કોઈબી માણસ પોતાને પસંદ પડે હેવો ધરમ માને અથવા ધરમની જગાઓ ઊભી કરે અને માણસ અથવા જાનવરને ઈજા દીધા વગર ધરમની સંગલી કીરીઆ કરે તેમાં કોઈએબી વચમાં પડવાની સતા હતી નહી.

એ ઠેડાવમાં સુલેહ રાખવાનું મોહોટું ડાહપણ હતું, એટલુંજ નહી, પણ હેવી છુટ આપીઆથી જુદી જુદી ગનેઆતવાલાં માણસોમાં ધરમનું જે જહનુન રેહેછે તે દુર થાએછે, અને તેઓ એકબીજાનો ધીકાર કરતા બંધ પડેછે તેથી તેઓમાં કોઈ નવા ધરમની વાત ઘણી સફાઈથી દાખલ થાએછે. "અલાહી" મજહબ જેટલો વધીઓ તે એ શેહેનશાહની ખુબીથી વધીઓ હતો. રાજદરબારી નવા ઓધા ઊપર અકબર પોતાના મજહબવાલા માણસોને વધારે પસંદ કરતો હતો, તથા તેઓને પોતાના કરીને ગણતો હતો, તેથી કેટલાએક લોકોએ દુનીઆંની લાલચથી એ મજહબ કબુલ રાખીઓ હતો, અને તે કબુલાતના દસતાવેજો શેહેનશાહની હજુરમાં લખી આપીઆમાં આવતા હતા.

શેહેનશાહની તરફના એ સંગલા લાભ છતાં "અલાહી" મજહબે હીંદુસથાંનમાં કાંઈ બોહોલો ફેલાવો કીધો નહી. દરબારનાં અમીરો એ નવા મજહબથી વાકેફ હતા, પણ સાધારણ લોકોમાં આગલનીજ માફક મુલ્લાં અને બરાહમણોનો અંમલ ચાલતો હતો તેથી, તથા એ ધરમની લાંબી ફીલસુફીથી આલમમાં તેહેની જાહાજી અસર થાઈતી નહી. અકબરે ખોદાની દરગાહથી કોઈ ધરમ પુસતક લાવીઆનો દાવો કીધોતો નહી, તથા તેમાં ભેદ રાખીઆતા નહી, તથા મોજેજા બતલાવીઆતા નહી, તથા અંજાણા લોકો તેમાં કીરીઆનો દમામ જોઈને પસંદ કરે હેવું કાંઈ હતું નહી, તેથી "અલાહી" મજહબની અસર અકબરની ઈછા પરમાંણે વધી નહી તે અચરત સરીખું નથી. ૩૧ વરશ સુધી એ મજહબના ફેલાવાને કીજે શેહેનશાહે મોહોટી જેહેમત ખેંચી, પણ કાંઈ વલીઊં નહી, અને અકબરનાં મરણ પછી જેઆરે તેહેનો દીકરો સલીમ જેહાનગીરનું નામ રાખીને તખતપર બેઠો તેઆરે એ મજહબની એકાએક આખેર આવી ગઈ. મોતનાં બીછાનાં ઊપર અકબર પોતે મહમદી દીનની સરીઅત મુજબનો છેલ્લો કલમો ભણીઓ હતો. એ કલમો ભણાવનાર એક મુસલમાન મુલાં હતો, જે અકબરના બેટા સલીમનો દોસત થાતો હતો. અકબરનાં મરણ પછી આસરે ૪૦ અથવા ૫૦ વરશે દબેસતાંન ફેતાબ

લખાઈ હતી તેઆરે તેહેનો બનાવનાર મોગલાઈ અંમલ તલેનાં ઘણાં ખરાં દેશોમાં ફરી આવીઓ હતો. તે પોતે લખેછે કે તેહેના વખતમાં એ "અલાહી" મજહબ તદન ગુમ થાએઓ હતો. અકબરના મજહબ વીશે હીંદુસથાંનનાં લોકોમાં તરેહવાર વાતો ચાલેછે, પણ તેમાં ઊપલો હેવાલ માતરે ભરોશો રાખીઆ જોગછે. [જગત પરેમા, સપટેમબર ૧૮૫૨.]

વોહોરા લોકોની તવારીખ.

[વોહોરા, બોહોરા, અથવા હોરા લોકો વીશે સરવે કોઈ જાણેછે કે તેઓ મુસલમાની ધરમ પાલેછે. એ લોકો અસલ હીંદુ ધરમ પાલતા હતા, તેઆર પછી આજ આસરે ૮૦૦ વરશની વાતપર મોલ્લા અબદલ્લા નામના એક આરબે તેઓને વટલાવીને ઈસલાંમી મજહબ કબુલ કરાવીઓ હતો. એ બાબેની તવારીખ વોહોરા લોકોએ મોલ્લાં તઈઅબ જીઆનુદીનના વખતમાં "બહારત અલ બાહર" નામના એક આરબી દસતાવેજમાં લખી રાખીછે, તેહેનો, મુંબઈની સુપરીમ કોરટના દોબાશીઆ મહમદ ઈઆકુબ હારેજે કરેલો તરજુમો મી૦ બરીગસનાં ગુજરાતની મુસાફરીનાં પુસતકમાં દાખલ થાએઓછે, તે ઉપરથી, આ તવારીખ હમોએ અતરે પરગટ કરીછે.]

બીસમહલા ઈર રેહેમાનઈર રહીમ. સરવે કોઈને માલમ થાએ કે આએ દસતાવેજમાં હીંદુસથાંનના બોહોરા લોકો કેઈ રીતે ઈસલામી મજહબમાં દાખલ થાએઆ તેહેની હકીકત તથા તેઓને એ મજહબમાં દાખલ કરનાર ધણીની તવારીખ લખીછે.

બોહોરા લોકો ખોદાતાલાના હોકમપર અને ધરમની કીરીઆઓ પર ધેઆંન રાખેછે અને અલ્લાના તથા તેહેના રસુલના હોકમને તોડતા નથી; તેઓને માથે એક મોલ્લાંછે, તે તેઓને ખોદાનાં સંગલા ફરમાનો બતલાવેછે, અને તેહેના બતલાવીઆ પરમાંણે લોકો ચાલેછે. વાસતે ધરમની બાબદમાં અથવા સંસારની બાબદમાં અખતીઆર ચલાવવાની મોલ્લાંને સતાછે, અને તેહેના સંગલા હોકમ બજા લાવવાની સંગલા બોહોરાઓ પોતાને માથે ફરજ સમજેછે.

જો મોલ્લાંની કજાનો વખત આવેછે તો તે પોતાના દીકરાને અથવા કોઈ ખેશને અથવા કોઈ પારકા મરદને, જે એ ઓધાને લાએક હોએ તેહેને, પોતાની જગોપર મુકરર કરેછે, અને તેહેને ગાદી મલીઆ પછી સરવે કોઈ બોહોરાઓએ તેહેને માન આપવાની ફરજ પડેછે, અને કોઈથી કાંઈ અડચણ લેવાતી નથી.

પુરાતમ વખતમાં એ બોહોરા લોકો ગુજરાતમાં રેહેતા હતા. તેઓ બીજો ધરમ પાલતા હતા. તેઆરપછી [આરબસથાંન મધેનાં] ઈઅમનના મુલકથી મોલ્લાં અબદલ્લા નામનો એક નેક અને મોજેજા વાલો તથા એલમખાં મરદ તાંહાં આવી પોહોંચીઓ. એ મોલ્લાં ખંભાત શેહેરમાં આવીઓ હતો, તાંહાં તેણે એક ખેતરમાં કાકા કેલા નામનો એક મરદ તથા કાકી કેલી નામની તેહેની બાએડી એ બંધેને દીઠાં.

કાકા કેલાએ અબદલ્લાને જોઈને પુછીઊં કે 'તું કોણછે અને કાંહાંથી આવીઓછે." તેઆરે તે બોજોરગ મરદે જવાબ દીધો કે 'હું આરબસથાંનથી આવીઓછું અને મહને તરશ લાગીછે તેથી થોડું પાણી મહને આપ.' તે ગુજરાતીએ જવાબ દીધો કે ખેતરની પાસે કુવોછે, પણ તેમાં પાણી નથી તેથી મલશે નહી.

એ પછી તે આરબે કુવો જોવા માંગીઓ, તે તેહેને બતલાવીઆમાં આવીઓ. તેઆરપછી તેણે કાકા કેલાને પુછીઊં કે 'જો હું આ કુવો હવડેને હવડે પાણીથી ભરૂં તો તું ઈસલાંમી મજહબ કબુલ કરશે!' તે વાત કાકા કેલાએ કબુલ કીધી.

પછી તે આરબે એક તીર પોતાના હાથમાં લીધો અને તે કુવાની અંદર ફેંકીઓ. તે તીર એક પથ્થરની અંદર પેઠો, તેમાં ફાટ પડી અને એક પાણીનો ઝરો નીકલી આવીઓ.

તે ગુજરાતીએ આ મોજેજો જોઈને તરત મુસલમાની દીન કબુલ કીધી, અને તેહેની બાએડીએ પણ તેમજ કીધું; અને તેઓએ એ બોજોરગ માણસને પોતાને ઘેર લઈ જાઈને ઘણી મદારત કીધી.

એ વાત બની રહેઆ પછી અબદલ્લા આરબ પોતે પાટન તરફ રવાંને થાએઓ, તાંહાં તેણે કેટલાએક મોજેજા કીધા, તે જોઈ સરવે કોઈએ કબુલ કીધું કે એ મોહોટો ધરમાતુ અને પીર મરદછે.

પાટનમાં એક દેહેરું હતું તેહેનો વડો ગોરજી એ વાત સાંભલીને અબદલ્લાને મલવા ગએઓ, તેઆરે અબદલ્લાએ ગોરજીના પોતાના ધરમની કાંઈએક વાત કાહાડી, તેહેનો તે ધણી જવાબ આપી શકીઓ નહી. તેઆરે અબદલ્લાએ તેહેનો ખાતરી થાએ હેવો ખોલાસો કીધો, તે સાંભલીને ગોરજીએ ઈસલાંમી દીન કબુલ કીધી, અને પોતાના અસલ ધરમ કરતાં એ દીનને સરશ ઠેડવી.

તેઆરપછી એ પીર મરદ પાછો ખંમાત આવીઓ, તાંહાં હીંદુઓનું એક દેહેરું હતું, તેમાં એક હાથીની લોહોડાંની મોહોટી મુરતી બનાવી હતી અને તે લોહોડાંના હાથીનો આકાર કાંઈ આધાર વગર જમીનથી ઊંચકાઈને હવામાં અલગો રહેલો હતો. તે જોઈને એ આરબે અલ્લાની નેમાજ કીધી, તેહેના માંગવા મુજબ તે આકાર જમીનપર પડીઓ, તે બનાવ જોઈને હીંદુઓ ઘણા અચરત થાએઆ અને તેથી બુતપરસતી છોડી દઈને એકજ ખોદાને માનવા લાગા.

પાટનનાં પરગણામાં સુંદર જેસીંગ નામનો હીંદુ રાજા હતો. તેણે આ મોજેજાની વાત સાંભલી અને પુછીઊં કે આટલાં વરશ ભગવાંને લોહોડાંના મોહોટા હાથીને આધાર વગર હવામાં ટંગાએલો રાખીઓ હતો, તેહેને હેવા કોણ શખસે તોડી પાડીઓ. તેઆરે લોકોએ કહીઊં કે એ શખસ એક આરબ મુસાફરછે અને ઈઅમનથી આવીઓછે, અને લોકો પાસે તે મુસલમાની દીન કબુલ કરાવેછે, અને એક બરહક ખોદાને માનીને પુતલાં પુંજવાનું રદ કરાવેછે, અને લોકોને કેહેછે કે તેઓએ પુતલાં પુંજવાં નહી, પણ તે પુતલાંઓને ભાંજીને કટકા કરવા.

એ વાત સાંભલીને રાજાને ઘણો કરોધ ચહડીઓ; અને રાજાએ તે આરબની સાંમણે એક લશકર મોકલીઊં, અને ફરમાવીઊં કે તેહેને પકડીને પોતાની હજુરમાં લઈ આવે. જેઆરે લશકર તે આરબની નજ

દીક આવીઊં તેઆરે તેઓ જોએ શું કે જાંહાં તે બેઠેલો હતો તેહેની આસપાસ એક મોહોટી આતશની ચાહ રોશન થાઈ હતી, તેમાં કોઈથી જવાઈ શકાતું તું નહી. એ વાત રાજાએ સાંભલી, તેથી તરત પોતે તેહેની નજદીક જવાને આતશમાંથી રસતો માંગીઓ; અને કહીઊં કે જો તે આરબ ખાતરી કરી આપે તો રાજા તથા તેહેની પરજા ખુશીથી એ નવો મજહબ કબુલ કરશે.

પછી તે આરબે આતશ બુજવવાનો હોકમ કીધો, તે વખતે તરત બુજાઈ ગઆઓ અને તે જગોપર ચાહ સલગીજ નહી હોએ હેવું માલમ પડીઊં. પછી રાજા તે આરબની નજદીક આવીઓ અને કેહેવા લાગો:—

"અએ હકીમ, હમો જે હીંદુ ધરમ પાલીએછે તે ખરેખર સઊથી "પુરાનોછે, અને જે ધરમ તું હમારી પાસે કબુલ કરાવા માંગેછે તે તો "થોડી મુદતનોછે, વાસતે હમો જે ધરમ માનીએછે તે ખોટોછે અને તું "કેહેછે તે ખરોછે તેહેની તાહારી પાસે કાંઈ શાખશી હોએ તો બતલાવ "અને હમારી ખાતરી કરી આપ."

આરબે જવાબ દીધો—"અએ રાજા, તું ખરેખર પેલાં મોહોટાં "પુતલાંની ભગતી કરેછે અને તેહને ઘણું માન આપેછે; પણ તે પુતલું "કાંઈ બોલતું નથી, અથવા તું જે કેહેછે તે સાંભલતું નથી, અને તાહારી "ઊપર કાંઈ આફ્તત આવી પડે તો તે ટાલી શકતું નથી, તથા તાહારી "અરજ પાર પાડી શકતું નથી. હવે હું પોતે એક મોહોટા સાહેબની "બંદગી કરૂં છું અને તે માહારી અરજ કબુલ રાખે હેવી મહને આશાછે, "અને તે સાહેબથી હું ડરૂં છેઊં. ખોદાતાલા હમેશગીનો સાહેબછે, તે "માહારી નમાજ સાંભલેછે, અને ફરીઆદ ટાલેછે, અને આ મોજેજા "બતલાવવાનો તેણે મહને અખતીઆર આપીઓછે. વાસતે અએ રાજા "જો તાહારી મરજી હોએ તો તાહારાં દેહેડાં માહેલાં પુતલાંને મોહોડે હું "બોલાઊં કે તું હીંદુ ધરમ માનેછે તે ખોટોછે અને માહારો ધરમ "સાચોછે. તે પુતલું જો તેમ બોલે તો તું ઈસલાંમી મજહબ કબુલ કરજે." રાજાએ તે વાત કબુલ કીધી. પછી તે આરબના હોકમથી દેહેડાં માહેલું

પુતલું બોલીઊં કે, "રાજા ચુક કરેછે, આરબનું બોલવું ખરૂંછે, અને "આ સંગલી બુતપરસતીછે." એ વાત સાંભલીને રાજા તથા બીજાં સંગલાં લોકો અચરતીમાં પડીઆં; તેઓએ ઈસલાંમી દીન તરત કબુલ કીધી અને પોતાની જનોઈ રોડી નાખી. કેહેછે કે એ વખતે એટલા તો હીંદુઓએ એ મજહબ કબુલ કીધો હતો કે તે સંગલાઓની તુટેલી જનોઈ વજનમાં ૨૬૦ રતલ થાઈ હતી.

એ વખતથી પાટન, ખંભાત, અને ગુજરાતનાં બીજાં પરાંતોમાં મહમદીઆન ધરમ ચાલુ થાએઓ.

રાજા સુંદર જેસીંગ જેહેને જાહરમલ કરીને પણ કેહેતા હતા તે એક નેક મુસલમીન થાએઓ, અને તેહેની બુનીઆદથી આપણો (વોહોરાઓનો) નેકનામ મોલ્લાં સેફુદીન અને તેહેના વડવાઓનો વંશ થાએઓ હતો, વાસતે રાજા સુંદર જેસીંગ અથવા જાહરમલથી મોલ્લાંનું ખાનદાન ઊતરીઊંછે, કે જેહેને બોહોરા લોકો ઘણું માન આપેછે. સેફુદીને ગુજરતી વખતે પોતાના દીકરા મોલ્લાં ઈઆકુબને ગાદી આપી હતી, તેણે પોતાના બાપની માફક ખોદાની તરફ અને આદમીઓની તરફ પોતાની ફરજ અદા કીધી, અને ઘણું માન મેલવીઊં. મોલ્લાં ઈઆકુબે પોતાના ધરમપુત મોલ્લાં ઈસાકને પોતાની જગો આપી હતી, અને તે પણ પોતાના બોજોરોગોની માફક નેકીથી ચાલીઓ હતો. એ પછી મોલ્લાંનો વંશ આજ સુધી ઊતરી આવીઓછે, અને હવડે આપણી ઊપર આપણને નેક મારગ બતલાવનાર સાહેબ મોલ્લાં તઈઅબ જાનું દીન હકુમત કરેછે, ખોદાતાલા તેહેની ઊમરદરાજ કરે!

ઊપર કહેલા મોલ્લાં અબદલ્લાએ ઈસલાંમી દીન ગુજરાતમાં ચાલુ કીધી તે બનાવ હીજરી સને ૪૬૦ નાં વરશમાં બનીઓ હતો. એ મોલ્લાં અબદલ્લા ખંભાતમાં ગુજરી ગએઓ, તાંહાં તેહેની કબરછે, અને તાંહાં બોહોરા લોકો તીરથ કરવા જાએછે. એ આરબ પોતાના ઊસતાદના હોકમથી ગુજરાત ખાતે આવીઓ હતો.

મોલ્લાં અબદલ્લાનો ઊસતાદ ઈઅમનમાં ઘણો દાનાવ અને ફાજલ મરદ હતો. તેહેનું નામ મલેક બીન મલેક હમાદી કરીને હતું;

તેહેના ઊસતાદનું નામ હબતલ્લા બીન મુશા કરીને હતું; અને તે શીરાજનો રેહેવાસી હતો; અને સલમાને શારસી કે જે પેગમબરનો હમનશીન હતો તેહેના હાથથી હીબતલ્લા બીન મુશાના વડવાઓએ તાલીમ લીધેલી હતી. એ સલમાને શારસી વીશે રશુલ અલ્લાએ કહેલું છે કે:—

"સલમાન આપણાં કુટુંબનું માણસછે." અને તેહેની પછી સલમાન મુસલમાનોનો ઈમામ થાએઓ હતો અને ખલીશાઓ તેહેને મોહોટું માન આપતા હતા અને દર વરશે ૫૦૦૦ દરહમ ભેટ કરતા હતા, પણ સલમાન તે નાણાંની ખેરાત કરતો હતો અને પોતાની મેહેનતથી પેટ ભરતો હતો. તેહેનું ઘેરબાર હતું નહી, પણ ઝાડના છાએઆ તલે અથવા દેવાલનાં ઓથામાં બેશીને જમતો હતો. એક કામલી સવાએ તે બીજું કાંઈ કપડું રાખતોતો નહી અને રાતનાં તેજ કામલીનું બીછાનું કરીને એક ભાગપર સુતો હતો અને બીજા ભાગથી પોતાનું બદન ઢાંકતો હતો. એ સલમાન હીજરી ૩૫ નાં વરશમાં, તરીજા ખલીશા ઓસમાનના વખતમાં, મેદાએન શેહેરમાં મરણ પામીઓ હતો. તેહેની ઊમર વીશે લોકો તરેહેવાર વાતો કરેછે:—

અબાસ બીન જીઅદ કેહેછે કે એ સલમાનની ઊમર ૩૫૦ વરશની હતી, પણ કોઈ તવારીખવાલો એ ઊમર ૨૫૦ વરશથી ઓછી લખતો નથી; અને કેટલીએક હદીસોમાં લખેલુંછે કે તેણે ઈશુ ખરીશટ (સલામ હોજો તેહેની ઊપર!) પછીના પેગમબરને જોએઓ હતો અને પોતે ઈનજીલ અને કોરાન બંધે શીખીઓ હતો.

'બોહોરા' એ બોલનો અરથ વેપારી કરીને થાએછે, ઈઆને જે શખસ માલ વેચેછે તથા લીએછે તેહેને ગુજરાતના લોકો બોહોરા કરીને કેહેછે; એ બોલનો બીજોબી અરથ થાએછે, પણ આ અરથ ઘણુંકરીને કબુલ રાખીઆમાં આવીઓછે.* [જગત પરેમી, જાનેવારી ૧૮૫૩.]

* કોઇ કેહેછે કે મોહ્નાં અબદલ્લા ઇમ્મનમાં "બોહોરા" નામના એક મુકામમાં જનમીઓ હતો તેથી બોહોરા લોકોનું નામ નીકલીઉંછે. ચાલુ બોલચાલમાં 'વ' અને 'બ' એ બંધે અખશરોનો ઉચાર એકબીજા સાથે મલી જાએછે તેથી લોકો "વોહોરા" કરીને પણ બોલેછે.

ઈશવી સને ૧૮૦૨ નાં વરશનું મુંબઈનું ઈંગરેજી "કાલેનડર તથા ડરેકટરી."

એક મીતરની કુરપાથી ઈશવી સને ૧૮૦૨ નાં વરશનું કુરીઅરનાં છાપાખાનાં મધે છપાએલું મુંબઈનું ઈંગરેજી કાલેનડર તથા ડરેકટરી હમારા હાથમાં આવીઊંછે, તે જોવાથી આપણા મુંબઈના ટાપુ સંબંધી કેટલીએક જાણવાજોગ હકીકત હમોને મલી આવીછે, તે હમારા વાંચનારાઓની આગલ મુકવાની હમો રજા લઈજીએછે.

એ ઈશવી સને ૧૮૦૨ નાં ઈંગરેજી કાલેનડરમાં લખેછે કે પારસીઓનો ઈઅજદેજરદી સને ૧૧૭૨ નો નોરોજ (પતેતી) તારીખ ૯ મી અકટોબર ૧૮૦૨ ને દીને પડશે. આએ ચાલુ ૧૮૬૮ નાં શાલમાં શેહેનશાહી પારસીઓની પતેતી તા૦ ૨૨ મી સપટેમબરને દીને પડીછે, તે ઊપરથી ચાર વરશે એક દાહાડાની કસરની ગણતરી નહી રાખી આથી પારસીઓના તેહવારના દાહાડા કેહેવી રીતે ફેરફાર થાએછે તે સઊ કોઈને દેખાઈ આવશે. ઊપલાં કાલેનડરમાં "નોરોજ" નો બોલ વાપરેલોછે, "પતેતી" કરીને સાધારણ શબદ કામે લગાડીઓ નથી, એ વાત ધેઆંનમાં રાખવાજોગછે. વલી એ ઈઅજદેજરદી ૧૧૭૨ નાં શાલનો નોરોજ પારસીઓનો લખેછે, અને શેહેનશાહીનો કરીને લખતા નથી, તેહેનો સબબ એજછે કે એ વખતમાં હીંદુસથાંનના પારસીઓ વચ્ચે કદમી ટોલાનું મંડાણ બરોબર થાએલું નહી હતું, અને શેહેનશાહી તથા કદમી હેવા શબદો વપરાતા નહી હતા, તથા કાલેનડરનો બનાવનાર સંગલા પારસીઓનો નોરોજ એકજ દીવસે પડેછે હેવું જાણતો હતો.

સને ૧૮૦૨ નાં વરશમાં મુંબઈનો ગવરનર મી૦ જોનાઠન ડનકન હતો, અને તેહના કાઊનસીલરો મી૦ જેમસ રીવેટ કરનાક તથા મી૦ ઊલીઅમ પેજ કરીને હતા. બાકીના સરકારી મોહોટા અમલદારો સીનીઅર મરચનટસ (વેપારી) તથા જુનીઅર મરચનટસ એ નામોથી

ઓલખાતા હતા. એ વખતમાં નામદાર ઈસટ ઈંડીઆ કંપની હીંદુસ થાંન મધે રાજ ચલાવતી હતી તથા તે સાથે વેપાર પણ કરતી હતી, તે ઊપરથી કુંપનીના મુખીઅ અમલદારોને મરચનટસ (વેપારી) નો એલ કાબ આપેઆમાં આવતો હતો, અને તેથી ઊતરતા અમલદારોને "ફ્રાકટ રસ" તથા "રાઈટરસ" કરીને કેહતા હતા, અને એ અમલદારો મુંબઈ, છાસટી, સુરત અને મલબાર, એટલી જગાઓ ઊપર અખતીઆર ચલા વતા હતા. સને ૧૮૦૨ માં મુંબઈની આસપાસ છાસટી અને કરંજાનો ટાપુ માતરે એટલાજ તાલુકા ઊપર ઈંગરેજી અંમલ ચાલતો હતો. એ વખતમાં મુંબઈ મધે એકજ સીવીલ સરજન (ડાકટર) અને એકજ પાદરી રેહતો હતો, અને ધરમખાતાંની ઈંગરેજી ઈસકુલ એકજ હતી, જેહેનો મુકાંમ ધારેઆમેલે કોટનાં દેવલમાં હતો, તેહના માસટરનું નામ મી૦ જાન હફ્ટન કરીને હતું, અને હમારા જાણવા પરમાંણે આજના કેટલાએક પુરાંના પારસીઓ એ દેવલ મધેની ઈસકુલમાં થોડુંઘણું ઈંગ રેજી શીખીઆ હતા.

એ સમેમાં ઈંગરેજી લશકરની સંખેઆ આજનાં કરતાં પણ વધારે મુંબઈ મધે રેહતી હોએ હેવું દેખાએછે. સને ૧૮૦૨ નાં વરશમાં મુંબ ઈના કમાનડર ઈન ચીફને તાબેનું ઈંગરેજી તથા દેશી લશકર મુંબઈ, સુરત, થાણા, કાનાનોર, તાલચરી, કોચીન, પાલઘાટ, કનેરા, અને મલ બારના બીજા ભાગોમાં રેહતું હતું. એ સીવાએ મુંબઈ મધે "ફેનસી બલ રેજીમેંટ" નામની એક પલટણ ઊભી કરેલી હતી, અને તેહના અમ લદારો સરકારી ગામખાતાંના ઓધેદારો હતા. કાઊનસીલર મી૦ જેમસ રીવેટ કરનાક એ રીજમીટનો કરનલ હતો, અને કેટલાએક સીનીઅર તથા જુનીઅર "મરચનટસ" એ રીજમીટમાં કપટાંન, લફટેનંટ, અને હેવાજ બીજા ઓધા ધરાવતા હતા. એ વખતમાં બીજું જાણવાજોગ એછે કે સરકારે મુંબઈના પોરટુગીજ (ફરંગી) લોકોની એક શેહરી પલ ટણ ઊભી કરેલી હતી, જે "પોરટુગીજ રેજીમેંટ આફ બોમબે મીલી શીઆ" ને નામે ઓલખાતી હતી. એ મીલીશીઆની એક ટુકડી મુંબઈ

મધે અને બીજી ટુકડી મેહેમ મધે રેહેતી હતી. એ પલટણનો નામનો કરનલ ગવરનર ડનકન પોતે હતો, પણ તે સીવાએ કપટાન ઊલીઅમ ગરીન નામનો એકજ બીજો ઈંગરેજી અમલદાર એ રીજમીટમાં હતો. બાકીના સંગલા અમલદારો પોરટુગીજ હતા. લફટેનંટ કરનલ અને કમાનડંટનું નામ મીંગલ ડ લીમા ઈ સોજા કરીને હતું, મુંબઈ ખાતાંની ટુકડીનો સબ કમાનડંટ મેજર આનટોનીઓ બરેટો કરીને હતો, અને મેજર કેતાન બરેટો તથા મેજર આલવરોડ આજાવેડો મેહેમ ખાતાંની ટુકડીના સબ કમાનડંટ હતા. કપટાંન તથા લફટેનંટ તરીકે પરેરા, કરૂજ, ડ મેલો, રોડરીગસ, ગાનશાલવસ, સોજા, મરજેલો, અને હેવાંજ બીજાં પોરટુગીજ નામો જોવામાં આવેછે.

ખુશકીનાં લશકર ઊપરાંત મુંબઈ સરકારના તાબા તલે એ વખતમાં દરીઆઈ લશકર તથા વાંહાંણ ખાતું પુરતું હતું, અને એ લડાઈનાં વાંહાંણો ઘણુંકરીને મુંબઈ મધે બંધાએલાં હતાં. સંગલાં મલીને ૧૭ સરકારી બારકસો હતાં, તે દસથી તે પચાસ તોપવાલાં હતાં. ૫૦) તોપવાલી માર કુવીસ કારનવાલીસ નામની મનવાર હતી. મુંબઈનાં બંદરને લગતાં વેપારીઓનાં મોહોટાં સફરી વાંહાંણો ૩૬) હતાં, તે લગભગ સંગલાં મુંબઈ મધે બંધાએલાં હતાં, માતરે તરણ ચાર બારકસ સુરત અને દમણ મધે બંધાએલાં હતાં. એ વાંહાંણોના માલેક તરીકે મીશીઅરસ બરૂસ ફસેટ (હમણાંની રેમીંગટન કંપની) વાલાઓનાં છ વાંહાંણો હતાં, મી૦ એલેકજાનડર આડમસનનાં તરણ વાંહાંણો હતાં, મીશીઅરશ ઈસમીઠ ફારબસની કંપની (હમણાંની ફારબસ કંપની) એઓનાં બે વાંહાંણો હતાં. વાહાડીઆજી શેઠ હોરમજજીનું "લવજી ફેમલી" નામનું ૯૨૬) ટનનું એક મોટું વાંહાંણ હતું, જે મુંબઈ મધે બંધાએલું હતું. એજ પારસી ગરહસથનાં બીજાં બે વાંહાંણો મીશીઅરશ ઈસમીઠ ફારબસની કંપની સાથે રાસમાં હતાં, તેઓનાં નામ "એશીઆ" અને "અપટન કાસલ." શેઠ દાદી નશરવાંનજી (દાદીશેઠ) વાલાઓનું "શાહ અરદેસર" નામનું ૮૬૮ ટનનું મુંબઈમાં બાંધેલું એક વાંહાંણ હતું, જે પાછલથી આગથી

બલી ગએઊં હતું. શેઠ શોરાબજી મનચેરજી રેડીમનનું એક વાંહાંણ "શાહ કેખશરૂ" કરીને હતું, તે પણ મુંબઈમાં બંધાએલું હતું અને ભર તમાં ૧૦૪૬ ટનનું હતું, શેઠ દોરાબજી રૂસતમજી પટેલનું એક વાંહાંણ "શાહ જીહાંગીર" કરીને હતું, તે ૭૮૦ ટનનુ હતું અને દમણ મધે બંધા એઊં હતું. શેઠ ફરાંમજી નાનાભાઈ (દાવર) નું "ગંજાવર" કરીને વાંહાંણ હતું. શેઠ નશરવાંનજી માંણેકજી (વાડીઆ) નાં બે વાંહાંણો હતાં, તેઓનાં નામ "કારનવાલીસ" અને "બોમબે મરચંટ." "માંણેક નવરોજજી"* નામના પારસીનું ફેજ સુબાની નામનું એક નાધલું બારકસ હતું. હીંદુ વાંહાંણવટીઓમાં શા૦ રામદાસ મનોરદાસનાં બે બારકસો જોવામાં આવેછે, અને મુસલમાનમાં હાજી કાલીલનાં બે બારકસો, અને મુસા નામના બીજા એક ગહરસથનું એક બારકસ જોવામાં આવેછે. એ સીવાએ બીજાં બારકસો પરચુરણ ઈંગરેજોનાં જોવામાં આવેછે.

એ વખતમાં મુંબઈ મધે વાંહાંણો તથા માલનો વીમો ઊતારનાર એકજ કંપની ચાલતી હતી, તેહના દેશી ભાગીદારોનાં નામો હમો અતરે ઊતારીએ છઈએ. મી૦ લીમા ઈ સોજા, અરદેસર દાદીશેઠ, પેશતનજી બહમનજી (વાહાડીઆ), હોરમજજી બહમનજી (વાહાડીઆ), નશરવાંનજી માંણેકજી (વાહાડીઆ), શોરાબજી મનચેરજી (રેડીમની), દોરાબજી રૂસત મજી (પટેલ), ફરાંમજી નાહાનાભાઈ, ફરાંમજી માંણેકજી, ખરશેદજી અર દેસર, જીહાંગીર અરદેસર, ગોપાલદાસ બેચરદાસ, જમશેદજી બહમનજી, રતનજી બહમનજી, રામદાસ મનોરદાસ, ચુનીલાલ નગીનદાશ, સામુ કરી શના શીનાઈ, એદલજી બહમનજી, લીમજી ભીખાજી, ધાકજી દાદાજી, નશરવાંનજી કાવશજી, બેહેરાંમજી કાવશજી, અને જમશેદજી નાહાના ભાઈ. ઈંગરેજ વેપારીઓની પેહડી પાંચ હતી, તેઓનાં નામ—એલેક જાનડર આડમેસન, બરૂસ ફાસેટની કંપની, ઈસમીઠ ફારબસની કંપની, એડવરડ એટકીનસ, અને સી. જે. બીટીસકો. અરમાની વેપારીઓની પણ પાંચ પેહડીઓ હતી. આજ એક પણ અરમાની વેપારી આપણા

* શેઠ માણેકજી નવરોજજી તબાક.

ટાપુ મધે જોવામાં આવતો નથી. હીંદુ વેપારી તથા સરાશેની ૨૩) પેહેડીઓનાં નામો આપેલાંછે, તે મધે શા૦ જવેરચંદ આતમારામ (કાકા પારખ) ની પેહેડી આજ થોડું એક ઊપર ભાગી તે એકછે. બીજી પેહેડી રામદાસ મનોરદાસનીછે, જે હમણાના શેઠ વરજીવનદાસ માધવદાસના બાપના કાકા અને ધી હાનરેબલ મંગલદાસ નથુભાઈના બપાવા થાએછે. એજ ટીપમાં સંકરશેઠ બાબુલશેઠનું નામ પણ હમો જોઈએછે, જેવણ મરનાર જગંનાથ સંકરશેઠના બાપ થતા હતા. નારણદાસ નરોતમદાસ અને મોરલીધર સંભુ એ બંધે અતીઆર સુધીના જાણીતા હીંદુ વેપારીઓનાં નામો એ ટીપ મધે જોવામાં આવેછે. મુસલમાન વેપારી તરીકે ચાર નામો હમો જોઈએછે, જે વોરા લોકોનાં નામછે.

આજ ૬૬) વરશની વાત ઊપર મુંબઈ મધે પારસી મુખીઅ વેપારીઓ કોણ કોણ હતા તેઓની ટીપ એજ કાલેનડર તથા ડરેકટરી ઊપરથી હમો નીચે પરસીધ કરીએછે.

૧. અરદેસર દાદીશેઠ.
૨. નશરવાંનજી માંણેકજી (વાહાડીઆ).
૩. પેશતનજી બહમનજી (વાહાડીઆ).
૪. હોરમજજી બહમનજી (વાહાડીઆ).
૫. શોહોરાબજી મનચેરજી (રેડીમન).
૬. ફરાંમજી નાહાનાભાઈ (દાવર).
૭. દોરાબજી રૂસતમજી પટેલ.
૮. ખરશેદજી માણેકજી.
૯. બરજોરજી દોરાબજી (દાદી બરજોર?)
૧૦. પેશતનજી કાવશજી.
૧૧. બેહેરાંમજી જમશેદજી (ગામડીઆ).
૧૨. લીમજી ભીખાજી (પાંડે).
૧૩. ભીખાજી મેહેરજી (ભીખા મેહેરજીવાલા).
૧૪. એદલજી બહમનજી ચીનના આડતીઆ (એદલકાકા).

એ વખતમાં સરકારની ગોદી મધે પાંચ પારસી ગહરસથો "ખીલ ડરસ" ના ઓધા ધરાવતા હતા, તેઓનાં નામ—વાડીઆ ફરાંમજી માંણેકજી, રૂસતમજી માંણેકજી, નવરોજજી જમશેદજી, જમશેદજી બહમનજી, અને રતનજી બહમનજી.

સને ૧૮૦૨ માં મુંબઈ મધે "રીકારડર" કોરટ ચાલતી હતી. સર ઊલીઅમ સેઅર રીકારડર હતો, એડવરડ એટકીનસ (વેપારી) મેઅર હતો, એલેકજાનડર આડમસન અને બીજા ઈંગરેજ વેપારીઓ આલડરમન હતા. એ રીકારડર કોરટમાં બારીસટરો તથા વકીલો સંગલા ઈઊરોપી આંન હતા, અને એ કોરટનો અમલ દીવાની તેમજ ફોજદારી મુકદમાઓ ઊપર ચાલતો હતો. જસટીસ આફધી પીસની સંખીઆ ૧૩) માણસોની હતી, તેઓ સંગલા ઈંગરેજો હતા. પોલીસના સુપરઈનટેંડેંટનું નામ મી૦ સીમન હાલીડે કરીને હતું, જે આજ તુલીક પુરાંના દેશીઓને જાણીતુંછે.

એ સમેમાં મુંબઈની સરકારની નાણાં સંબંધી હાલત સારી હશે નહી, કાંએકે "ડરેકટરી" મધે છપાએલાં કેટલાંએક સરકારી જાહેરનામાંઓ ઊપરથી જોવામાં આવેછે કે સરકાર તે વખતમાં ૮—૧૦—અને બાર ટકાનાં વીઆજ સુધી નાણું ઊછીકું લેતી હતી, અને વેલાત ઊપરની હુંડીની મુદત લખી તારીખથી ૫૪૩ દાહાડાની હતી. પોસટ આફીસ મધે માતરે બુધવાર અને સનીવારને દાહાડે કાગજ લેતા હતા, અને દર શોમ, ભરેસપત, અને શુકરવારને દાહાડે દેશાવરથી આવેલાં કાગજો લોકોને આપતા હતા. મુંબઈથી કલકતા ખાતે નાધલામાં નાધલું કાગજ મોકલવાનો ખરચ ૧) રૂપીઓ અને ૧૨) આનાનો લાગતો હતો, અને કેપને રસતે વાંહાંણોમાં ઈંગલંડ કાગજો જતાં હતાં, પણ તે ઊપરાંત કોઈને ઘણું અગતનું કામ હોએ તો દર મહીને બશરા તથા ઈસટમબોલને રસતે ઈંગલંડ મોકલવા સારૂં સેકરેટેરીઅટમાંથી મેલ જતો હતો, તેહેનો પોસટ ખરચ પાઆ તોલાની અંદરનાં એક કાગજનો રૂ૧૦)—અરધા તોલાનાં કાગજનો રૂ૧૫)—અને એક તોલાનાં વજનનાં કાગજનો રૂ૨૦)—એ રીતે ખરચ આપવો પડતો હતો.

મુંબઈની માંદવીની જગાત વીશે હેવો કાએદો હતો કે ઈસટ ઈન ડીઆ કંપનીનાં બારકસોમાં જે માલ આવે તે ઊપર જગાત લેવી નહી, અને બીજાં વાંહાંણો મધે માલ આવે તો ચીનથી આવેલા માલના ભર તીઆં ઊપર શેંહકડે ૨૦) ટકા વધારવા, અને ઈઊરોપથી આવેલા માલના ભરતીઆં ઊપર ૬૦) ટકા વધારવા, અને પછી તે ઊપર શેંહકડે ૨॥ ટકાની જગાત લેવી. એ વખતમાં ઈંગરેજ સરકારની પરવાનગીથી ગોલામનો ધંધો ચાલુ હોએ હેવું દેખાએછે, કાંએકે માંદવીની જગાતના એક કાએદામાં લખેલુંછે કે કોઈ ધણી બીજા દેશથી ગોલામને લઈ આવે તો દર એક ગોલામ દીઠ રૂ૧૦૦) જગાતના લેવા. આગલા વખતમાં મુંબઈ મધે દેશી કુટૂંબોમાં ગોલામો રાખવાનો રવઈઓ ઘણો ચાલતો હતો, તેઓને એજ પરમાંણે જગાત આપી છુટથી લાવીઆમાં આવીઆ હશે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી અકટોબર ૧૮૬૮.]

મીસર દેશ—ઈ૦ સ૦ ૧૮૯૩ માં.

(બાહારી મુસાફરીની દરરોજની નોંધ મધેથી.)

તા૦ ૮ મી જુન ૧૮૬૩ શોમવાર—ગેઈ રાતનાં ૧૧॥ કલાકે હમારી ઈસટીમર સુવેજનાં બારાંમાં આવી પોંહોંચી. એડનથી સુવેજ ૧૩૦૮ માઈલ દુરછે. કેટલાએક ઊતારૂઓ રાતનાંજ કીનારે ઊતરી ગએઆ. બાકીના ઘણાખરા આજે સહવારનાં નાશતો ખાઈને ૯ કલાકે ઊતરીઆ. હમારી ઈસટીમર કીનારાથી આસરે ૪) માઈલ દુરછે, અને મછવાની જગોએ એક નાધલી ઈસટીમર ઊતારૂઓને કીનારે લઈ જાએછે. પાછલી રાતનાં ૪) વાગતે ઊઠીને જોઈએછે તો તદન ઊજાસ થાએઓ હતો; ગેઈ સાંહાંજનાં પણ ૭॥ કલાક તુલીક ઊજરડું હતું. ઈઊરપ તરફ કેટલીએક મોસમમાં દીવસનો વખત ઘણો લાંબો આવેછે તેહેની પેહલ વેહલી આ નીશાન હમોને મલી હતી. કોઈ વેલાએ સાંજનાં ૮) વાગતે

ઈઆ પાછલી રાતનાં ૪) વાગતે એટલું ઊજરડું જોઈઊં નથી, તેથી આ દેખાવ પેહલવેહેલાં લગાર અચરતી ઊપજાવેછે. હમારી ચાંમડાંની પેટીઓ તથા સામાન જે ફરાંસને રસતે જતાં હમોને કામ આવશે નહી તે ઊપર "સાઊધાંપટન" ની તીકીટ મારીને ઈસટીમરવાલાને સોંપી દીધોછે, તે પરભાડો ઈંગલંડ પોંહોંચશે. એલેકજાનડરીઆ આગલથી જે જુજ સામાનની હમોને જરૂરછે તે ઊપર "મારશેલશ" ની તીકીટ મારીછે તે સામાન એલેકજાનડરીઆ મધે હમારી આગબોટ ઊપર આવશે. માતરે કેરો અને એલેકજાનડરીઆ મધે રેહવા સારૂં જે કપડાં જોઈએ તેટલાંજ સાથે લેવાની જરૂરછે. એ રીતે ઊતારૂઓને સગવડ આપવાની સંગલી ગોઠવણ પુરતીછે. નાશતો ખાઇને ૯ કલાકે બાકીના ઊતારૂઓ કીનારે ઊતરવાને તઈઆર થાએઆ હતા. નાધલી ઈસટીમર ખરેખર હમારી બારડુમાં આવી હતી. એ ઈસટીમર સાથે ઈજીપશીઅન ટરાનશીટ ખાતાંનાં માણસો આવીઆં હતાં, તેમાં ઈટાલીઅન, આરબ, ટરક, છુટા છુટા દીશતા હતા, અને ડેક ઊપર મરદ ઓરત અને છોકરાંઓ ઈસટીમરને છેલ્લી સલામ કરવાને તઈઆર થાઈ ઊભાં હતાં તે દેખાવ રલીઆમણો લાગતો હતો. બચ્ચાંઓની સાથે મુંબઈથી આએઆઓ આવી હતી તેઓ આટલા દાહાડા ઈસટીમર ઊપર ઊંઘાડે પગે ફરતીઓ હતી, તેઓની શેઠાણીઓએ તેઓને આજદીનથી પગમાં મોજાં અને બુટ પેહરાવાનું શરૂ કીધું હતું. નાધલી ઈસટીમર જે ટરક લોકો ચલાવેછે તે ૦ાા કલાકે સુવેજના ડંકા આગલ જાઈ પોંહોંચી, અને સંગલા ઊતારૂઓ તરત "સુવેજ હોટેલ" માં ગએઆ. એ "હોટેલ" ડંકાની પાસેજ પેનીનશુલર એનડ ઓરીએનટલ કંપનીવાલાઓએ પોતાને ખરચે બાંધી તઈઆર કરી આપેલુંછે, તે એક બે ઈટાલીઅનો ચલાવેછે. ઈઊરોપનાં ખુશનુમાં હોટેલો હવેપછી કેહેવાં જોઈશું તેહની આ સુવેજનું હોટેલ પેહલવેહેલી નીશાનછે. દરવાજામાં દાખલ થતાં એક મોહોટો ચોક નજર આવેછે; એ ચોક તરેહવાર ઝાડો તથા કુંડાઓથી શીંગારેલોછે, અને કોઈ કોઈ જગોએ ઝાડોની વચ્ચે પીંજરાંઓમાં સુંદર પખશીઓ મુકેલાંછે,

તથા બીજી શોભઈતી ચીજો ગોઠવેલીછે. એક બાજુએ કાલું મોહોટું પાટીઉં મારેલુંછે તેમાં લખેછે કે "આ જગોએ ઊતારૂઓએ પોતાનો સામાન રાખવો, તે સામાન સંભાલથી રેહેશે." એ પાટીઉં વાંચતાંવારજ વગર પુછવે સઊ કોઈ તાંહાં પોતાના કોઠરા અથવા સામાન મુકેછે. સામાન મુકવાની જગોની સાંમણી બાજુએ વલી બીજાં પાટીઆં ઊપર લખેછે કે "લેડી અને જેનટલમેન જેઓને મોહોડું ધોવા જવું હોએ તેઓએ ઊપર જવું" તેજ રસતે દાદરથી ઊપર જઈએછે તાંહાં મરદો તથા ઓરતોને વાસતે મોહોડું ધોવાના તથા કપડાં બદલવાના જુદા ઓરડાછે, તથા બેઠકને વાસતે બે દીવાનખાનાંછે, તાંહાં દરીઆની હવા સારી આવેછે. કોઈ ઊતારૂઓ ગાલરી ઊપર હવા ખાએછે, કોઈને કાગજો લખવાં હોએ તો દીવાનખાનામાં બેશીને લખેછે, તેટલાંમાં નીચે ખાનાંની તઈઆરી થાએછે. પાટીઆં ઊપર લખેલુંછે કે "ટીફીન ૧૨ાા કલાકે છે", વલી અંદર એક કાગજ મારી લખેલુંછે કે "ઊતારૂઓએ ફેરો જવા સારૂં ૨ાા કલાકે રેલવે ઊપર જવું." ખાનાંની ટેબલો પણ ચોકમાં પરડો નાખીને બીછાવેલીછે. દરએક જાતના દારૂના તથા ખાવાનાં ભાવ પાટીઆં ઊપર મારેલાછે. દારૂ, સોડાવાટર, શરબત વગેરે સાંમણે એક આરકાંવાલી જગોમાં માણસ ઊભો રહીને જે માંગેછે તેહેને આપેછે. એક ટેબલ ઊપર તરતનાં આવેલાં વરતમાન પતરો મુકેલાંછે. બરોબર ૧૨ાા કલાકે સઊ કોઈ "ટીફીન" ઊપર બેઠા. ટીફીન ઊપર મરઘી, પાંઊ, બીશકીટ અને થોડીએક ફરૂટ હતી. તરણ ઈટાલીઅન ગાનારાઓ શારંગી, ફલુટ તથા હારપ ટીફીનની વખતે દુર ઊભા રહીને વજાડતા હતા. ખાનું ખાધા પછી થોડીએક આશાએસ લઈને સઊ કોઈ પોતપોતાનો સામાન હાથમાં પકડીને રેલવેનાં મઠક આગલ ચાલીઆ. એ મઠક નજદીકમાંજછે. રસતે જતાં આરબના છોકરાઓ આરંજ, તંબાકુ, અને તે સીવાએ બીજી ચીજો વેચવા આવેછે તેઓ ઊતારૂઓની આસપાસ ભમતા ફરેછે, તેઓ પાણીના ભરેલા નાધલા કુંજા પણ રેલવેની ગાડીમાં રાખવાને સારૂં વેચેછે. રસતામાં ચાલતાં અને રેલવેનાં મઠક આગલ હમારા ઈંગરેજ શોબતીઓએ કાંઈ થોડી

મસતી કીધીતી નહી. નીશાલનાં બાલકોને પણ તેઓએ રમતમાં એક કોરે રાખીઆં હતાં. આરબના છોકરાઓ સાથે જપાજપી ચાલતી હતી. આરબોના હાથ માહેલી લાકડીઓ તથા તેઓ વેચવા આવેલા સામાનને રમુજને ખાતર ઈંગરેજો જોહોટી લેતા હતા, પછી ઘણોવાર ભાંજઘડ કરીને તે ચીજો પાછી આપતા હતા, ઈઆ તેહેની કીમત આપતા હતા. ભીડ ઓછી કરવા ઈઆ ગરબડ નરમ કરવાને વાસતે ટરકી સરકારનાં માણસો બીચારા પોતાનીજ જાતવાલાઓને લાકડીના જપેટાથી મારતા હતા, પણ તોફાન કરનાર ઈંગરેજોને એક સુખન કોઈ બોલતું તું નહી. એ રીતે ગરબડ થાએઆ બાદ આગની ગાડીમાં રાાા કલાકે હમોએ સુવેજ છોડીઊં. સુવેજ ઘણીજ નાધલી જગોછે. કીનારા ઊપર હોટેલ તથા પેનીનશુલર કંપનીની આફીસ તથા ઈંગરેજી પોસટ આફીસ, અને તે સીવાએ બીજી બે ચાર ઈમારતો સારીછે. તેઓની પછવાડે દેશી લોકોને રેહેવાની જગોછે, તે ઘણીજ ગલીચ છે, પણ તેમાં ફરવા ગએ આથી આરબ અને ટરક લોકોની રેહવાની રીતભાંત સમજ પડેછે. ગરીબ લોકોની ઓરતો આંખની હેઠલથી પોતાનું મોહોડું છુપાવવાને સારૂં પરડો બાંધેછે. એ પરડો બરોબર પારસીઓના મોબેદોનાં “પદાંન” ને મલતો આવેછે, માતરે તે વધારે લાંબોછે અને રંગ કાલી ગુલીનો છે. સુવેજની આસપાસ જાંહાં જોઈએ તાંહાં રેતીનાં મેદાન સીવાએ બીજું કસું જોવામાં આવતું નથી. ઈજીપટ (મીસર) નું પાએતખ્ત શેહર કેરો છે, તે સુવેજથી ૮૦) માઈલ દુરછે, તાંહાં જતાં માતરે છેલ્લા પાંચ સાત માઈલ હમોને લીલોતરી મલી હતી, પણ બાકીના બધા રસતા ઊપર બંધે બાજુએ રેતીનાં મેદાન અને રેતીના ઢગ સીવાએ બીજું કસું હતું નહી. મારગમાં ચાર જગોએ આગ ગાડી ઊભી હતી, તે માહેથી બે જગોએ ઊતારૂઓને દારૂ, સોડાવાટર અથવા મેવો ખરીદ કરવાને બની આવેછે.

કેરો શેહેરની ઘણી નજદીકીમાં આવતાં આસપાસનો દેખાવ તદન ફરી જાએછે. રેતીનાં જંગલ દીસતાં તદન બંધ પડેછે, અને દુરથી ખજુરીઓ દેખાએછે, આગલ ચાલીઆ એટલે ખેતીવાડી તથા બગીચા નજર

આવેછે, અને બગીચાઓની વચ્ચે ઠેકાંણે ઠેકાંણે સુંદર ઈમારતો બાંધેલી જોઈએછે. તાંહાંથી આગલ જતાં શેહર નજર આવેછે. મોહોટાં ઘેરો, મસજીદ, મીનારા, એ સંગલાંથી શેહરનો દેખાવ મોતેબર છે. હમારી "ટરેન" આસરે ૭) વાગતે કેરો આવી પોંહોંચી. ઊતરતાંને વાર કેરોનાં જુદાં જુદાં "હોટેલ" વાલાઓનાં માણસો નજદીક આવેછે, તેઓ દરએક આપણને એકબીજાની તરફ ખેંચવાની તજવીજ કરેછે. દરએક હોટેલ વાલાની બે ઘોડાની "આમનીબસ" હોટેલનાં નામ સુધાં બાહેર ઊભી રહેલી હોએછે તે ઊતારૂઓને મુફ્ત લઈ જાએછે. કીઆં "હોટેલ" માં જવું તે વીશે આગમજથી તજવીજ રાખવી જરૂરછે, અને બનતાં સુધી આપણી સાથેના ઘણાખરા ઊતારૂઓ જાંહાં ઊતરે તાંહાંજ જવું જોઈએ કે આપણી મુસાફરીને લગતી સંગલી ખબર અંતર તાંહાંજ મલી આવે. કેરો મધે "શેપરડસ હોટેલ" છે તાંહાં ઘણુંકરીને બધા ઊતારૂઓ જાએછે. હમો પણ તાંહાંજ ઊતરીઆ હતા. એ હોટેલમાં એક માણસને આખા દાહડાનું ખાનું અને સુવાનો ખરચ ૧૧ાા શીલીંગ લીએછે, તે ખરચ માવજત તરફ જોતાં કાંઈજ નથી. દારૂનો ખરચ જુદો લીએછે. દરએક હોટેલમાં દારૂ ઘણો મોઘો વેચાએછે. એક પોરટવાઈનની બાટલીના હમોએ ૪) રૂપીઆ આપીઆ હતા. ૮) વાગતે ખાનું બધા ઊતારૂઓની સાથે હમોએ ખાધું હતું. એ હોટેલવાલો આગમજથી તારની મારફતે ખબર રાખીને ખાનું તઈઆર કરી રાખેછે. સુવાનો ઓરડો તથા બીછાનાં સઊ સારાં હતાં, અને હમોને ઘણી નચીંતથી ઊંઘ આવી હતી. સુરજ અસ્ત પામતી વખતે હોટેલમાં મેં રાગની માફકનો અવાજ સાંભલીઓ અને ધારીઊં કે હોટેલમાં કોઈ કાંઈ વજાડતું હશે, પણ પાછલથી હમોને માલમ પડીઊં કે કેરો મધે શેંહકડો મીનારા ઊપરથી સહવાર સાહાંજ મુસલમાનો એક અવાજે ખોદાનું નામ લીએછે અને એકશાં અચરત સરીખો ગાએનના જેહેવો તેહેનો અવાજ થાએછે.

તા૦ ૯ મી જુન ૧૮૬૩ મંગલવાર—હમો સહવારના ૪) કલાકે ઊઠીઆ. હોટેલ મધે ખબર આવી કે ૮ાા કલાકે રેલવેની ગાડી એલેક

જાનડરીઆ ખાતે ઊપડશે, માંટે કૈરો શેહર જોવાનો હમારા હાથમાં વખત જુજ રહેઓ હતો. હમોએ એક "ગાઈડ" અથવા "ડરેગોમન" ને પાંચ શીલીંગ રોજે રાખીઓ હતો. એ ડરેગોમન આપણા મુંબઈના દુબાશોને બરોબર મલતા આવેછે, તેઓ અંજાણાઓને બધી પાંતીની ખબર આપેછે તથા સામાન લાવી આપેછે, તથા ફરવા જતી વખતે સાથે આવેછે, અને તે ઊપરાંત ખાનાંની વખતે ખુરશી પછવાડે હાજર થાએછે. હમો હમારા ગાઈડની સાથે પરથમ ટરકીશ બાઠ (હમામખાનાં) માં ગએઆ હતા, તાંહાંથી આસરે બે માઈલ દુર મહમદઅલી પાદશાહની મહીજદ જોઈ હતી. એ મહીજદ વીશે હમારો ગાઈડ કેહેછે કે હેના જેહેવી નામીચી અને સુંદર મુસલમાનોના ધરમની જગો દુનીઆંમાં કેથે નથી. એ બોલવા ઊપર કેટલો ભરોસો રાખીએ તે કેહેવાઈ શકાતું નથી, પણ ખરેખર એ ઈમારત જોવા લાએકછે, અને કેટલાએક ઈંગરેજો જેઓ હમારી માફક એ મુકામ જોવા આવીઆ હતા તેઓ કેહતા હતા કે તે માંહે આજ જુજ વરશમાં અંદરનો શીનગાર અને ચીતાર અતીઘણો વધારેઆમાં આવીઓછે. એ ઈમારત તમામ સફેદ સંગેમરમરથી બાંધેલીછે, તેહેની ચારે બાજુ ઊપર સુનેરી દસતખતથી કોરાન મધેથી ઊતારી લીધેલા ફકરાઓની તખતીઓ હારબંધ જોવામાં આવેછે. અંદર જતાં વચોવચમાં પાણીની એક નકશીદાર હોજ બાંધેલીછે. અંદર ગીઆ આગમજ દરએક જણે પોતાના જોડા ઊતારીને જવું જોઈએ, અને અગર જોડા કાહાડવાની મરજી નહી હોએ તો ૧) શીલીંગ આપીઆથી આપણા જોડાની ઊપર લાલ કપડાંના બીજા જોડા તાંહાં રહેલાં માણસો પેહેરાવેછે તે કપડાંના જોડા આપણા જોડાની ઊપર પેહેરીને અંદર જવાને કસી અડચણ નથી. એ મહીજદની એબાદતની જગો ઘણી કુશાદેછે. તેહનાં એક ખુણાંમાં ઈજીપતના નામીચા પાદશાહ મહમદઅલીની કબરછે, તે ઊપર સુનેરી તખતીઓ અને બીજો સીંગાર કરવાને કસી કસુર રાખીઆમાં આવી નથી. આસપાસથી એ કબર સુનેરી રંગની જાલીના ઓરડાથી ઘેરી લીધેલીછે તે ઓરડાની અંદર કોઈને જવા દેતા નથી.

એબાદતખાનાંમાં એક જગોએ ઓરતોને બેશવાની જગો જાલીથી બનાવી લીધેલીછે. મુલાંની બેશવાની જગો ઊંચીછે. જમીન તમામ ઊંચા ગલીચાથી ભરી કાહાડેલીછે, દેવાલનો દરએક ભાગ નકશીદારછે અને સુનેરી ઘોરથી તથા બીજા તરેહવાર રંગથી ભરી કાહાડેલોછે. ચાર બાજુએથી ચાર ગુંબજછે, અને તેઓની વચમાં એક ગુંબજ સઊથી ઊંચોછે. એ ગુંબજોની ઊપરની સુનેરી તથા તરેહવાર રંગની નકશી ઘણીજ ખુશનુમા દેખાએછે, અને જોએઆમેલે તે ઊપર પઈસા ખરચ વાની કાંઈબી કસર રાખીઆમાં આવી નથી. ગુંબજની વચોવચમાંથી એક અતી મોહોટું જુહુમર લટકેછે તેમાં ૧૦૦) થી વધારે ચેરાગ થાએછે. એ મહીજદના ચોકમાં કાલા પથ્થરથી બનાવેલું ઘણીજ કીમતી કારીગી રીનું એક ઘડીઆલ બાંધેલુંછે. એ નામીચી ઇમારત જોએઆ પછી તેહેની બાજુએ પાદશાહનો મેહેલ જોએઓ હતો, પણ તેમાં જરી કપ ડાંની બેઠકો તથા બીછાનાં તથા પરડા તથા ગલીચા તથા સંગેમરમરનું હમામખાનું અને એ વગેરે બીજી જુજ રચના સીવાએ બીજું કાંઈ નથી. એ મેહેલની જગો ઊંચાણમાંછે, તેહની આસપાસ કીલ્લા બાંધે લાછે, તથા લશકર પડેલુંછે, તેહેને "શોટાડેલ" કરીને કેહેછે, તાંહાંથી આખાં કેરો શેહેરનો દેખાવ નજર આવેછે. એ જગો ઊપરથી જોઈએ તો કેરો શેહેર જે ઘણું મોહોટુંછે તે વીશે આપણી ખાતરી થાએછે. દુરનાં મેહેલો તથા શેંહકડો મસજીદો અને મીનારાઓનો દેખાવ ખુશનુ માછે. જારે મહમદઅલી પાદશાહે ૪૭૦ મામલુકોને જીઆફ્તે બોલા વીને તેઓનો તદન નાશ કીધો હતો તારે એક મામલુક પોતાના ઘોડા શમેદ એ ટેકરા ઊપરથી ૬૦) ફીટ ઊંચાણથી કુડાવી પડીઓ હતો અને અજાએબ રીતે બંચી ગએઓ હતો, તે જગો આ ઠેકાંણે બતલાવીઆમાં આવેછે. એજ ટેકરી ઊપરથી ઈજીપટનાં પુરાતમ જમાનાના અને તવા રીખોમાં નામીચા ગણાએલા "પીરમીડ" દુરથી દેખાએછે. એ પીરમીડ જોવા જવાની હમોને જોગવાઈ મલીતી નહી તેથી દલગીર હતા. રસ તામાં હમોએ શેંહકડે પચાસ માણસોને આંખના દરદથી હેરાન જોએઆ

હતા, હેને ઈંગરેજો આપઠાલમીઆ કેહેછે અને મીસર મધે તે સાધારણ દરદછે. એ પછી હોટેલમાં નાશતો ખાઈને ૮ાા કલાકે રેલવેની ગાડીમાં એલેકજાનડરીઆ તરફ ઊપડીઆ. એ રેલવે મીસરની સરકારને હીસાબે ચાલેછે, તેહેનો કારોબાર મુસલમાનો તથા ફરેંચ અને ઈટાલીઅનોને અસતકછે અને તેઓ રેલવેનું કામ બરોબર સમજતા નથી હેવું મુંબઈ મધે હમોએ સાંભલીઊં હતું, પણ એ ગાડીઓ બાહેરથી બેરંગ દીશેછે તથા ટીકીટો લેવાની ગોઠવણ સારી નથી તે સીવાએ હમોને જાહાજી ખામી નજર આવીતી નહી. એ ગાડીઓ કલાકના આસરે ૨૦) માઈલ જાએછે. કેરો છોડીઆ પછી એલેકજાનડરીઆ તુલીક તમામ જમીન ખેતીવાડીથી હમોએ ભરપુર જોઈ હતી. એક બે જગોએ ખેતીવાડીનું કામ ઈંગરેજી સાંચાઓથી ચાલતું હતું. મારગમાં હમોને બે નાધલાં શેહેરો મલીઆં હતાં, તે સીવાએ બીજાં ગામડાંઓ કંગાલ હાલતમાં દીસતાં હતાં. એ ગામડાંઓનાં ઘેરો મટોડીથી બાંધેલાં હોએછે તે ઊપર ચુનો મુતલક નથી, અને દરએકને માથે મટોડીનાંજ ધાબાંછે. એ ગામ ડાંઓનો દેખાવ અજાએબ રીતે આપણાં ખાનદેશનાં ગામડાંઓને મલતો આવેછે. અગર લોકોના પોશાકમાં ફરક નહી હોએ તો ખાનદેશનાં ધુલથી ભરેલાં અને વગર ગોઠવણથી બાંધેલાં મટોડીનાં ઘેરોમાં અને આએ મીસરનાં ખેડુતોનાં ઘેરોમાં બાહેરથી કાંઈજ ફરક લાગતો નથી. એડનથી તે એલેકજાનડરીઆ તુલીક હમોએ કોઈબી ઘેર નલીઆંનું જોઈઊં નથી, એ સંગલી તરફ વરસાદ પડતો નથી તેથી સેજસાજ ધાબાં ઓથી કામ ચાલેછે. "માહમુદીન કેનાલ" નામની નામીચી પાણીની નેહર જેથી મીસર દેશની આબાદાનીમાં ઘણો વધારો થાએઓછે તે રેલ વેની બરોબર હમોને ડાબા હાથ ઊપર ઘણા માઈલ તુલીક મલી હતી, તે ઊપર શેંહકડો મછવાઓ ચાલતા હતા. બપોર પછી ૧) કલાકે હમારી ટરેન "કાફર જઈઅત" ના મુકામ આગલ આવી પોહોંચી, તાંહાં ખાનું મલ વાની ટીકીટ મલેલી હતી, તેથી એક મુકામ ઊપર સંગલા ઊતારૂઓએ "ટીફીન" લીધું. એ પછી ટરેન પાછી આગલ ચાલી, અને નાઈલ નદી

એક પુલ ઊપરથી પસાર કીધી. પાછલાપોહોરે આસરે ૪) કલાકે હમો એલેકજાનડરીઆ જાઈ પોહોંચીઆ. કેરોથી એલેકજાનડરીઆ ૧૬૦ માઈલ દુરછે. "કાફ્‌ર જઈઅત" માં તારની મારફતે ઊતારૂઓને ખબર મલી હતી કે શાઊઠામપટન જનારી ઈસટીમર એલેકજાનડરીઆનાં બંદરમાં તઈઆરછે માટે શાઊઠામપટનવાલા ઊતારૂઓએ પરભાડા આગબોટ ઊપર જવું, અને મારશેલશ ખાતે જનારી ઈસટીમર હજુ આવી પોહોંચીતી નહી માટે ઊતારૂઓએ એલેકજાનડરીઆમાં રેહેવું. એ રીતે એલેકજાનડરીઆમાં એક બે દીવશ રેહવાની હમોને જોગવાઈ મલી આવી હતી.

એલેકજાનડરીઆમાં આગની ગાડી દાખલ થાતાં તાંહાંના બગીચા અને મેહેલોનો દેખાવ કેરો કરતાં પણ વધારે સરશ લાગેછે. એલેકજાનડરીઆ શેહેર ઈજીપટ દેશના વેપારનું મુખીઅ મથક તથા બંદરછે, અને જે શેહેરમાં વેપાર હોએછે તાંહાંનાં લોકોની દોરધામ વધુછે તે મામલો એલેકજાનડરીઆમાં તરત દેખાઈ આવેછે. રેલવે મધેથી ઊતરીઆ પછી "હોટલ ડ ઈઊરોપ" મધે હમોએ મુકામ કીધો હતો. આપણી નામદાર રાણીનો વડો પુતર પરીનસ આફ વેલશ ગીઆં વરશમાં આ શેહરમાં આવીઓ હતો તારે આએજ હોટેલમાં તેણે ઊતારો કીધો હતો, તેણે હોટેલ સાથે પોતાનું નામ જોડવાની લખેલી પરવાનગી આપી હતી, એ સબબ ઊપરથી એ હોટેલનો માલેક ઘણું માન સમજેછે. રેલવે આગલથી સુલેમાન અખમદ નામનો એક ઈજીપસીઅન "ગાઈડ" (ભોમીઓ) હમોને મલીઓ હતો, તેહેની ભલામણથી હમોએ "કલીઓપાટરા નીડલ", "પામપીશ પીલર" અને "માહમુદીન કેનાલ" તરત જોવા જવાનો ઠરાવ કીધો. દસથી પંદર શીલીંગ રોજે ઘોડાની જોડીની ગાડીઓ એલેકજાનડરીઆમાં ભાડે મલેછે. સુલેમાન હમારે વાસતે હેવી ગાડી લઈ આવીઓ હતો કે જે મુંબઈની ઘેરગતુ ફેટનને એકકોરે મુકે. સાધારણ લોકો, અતરે તેમજ કેરોમાં, ઘધેડાં અથવા ખચર ઊપર સવારી કરેછે, અને મુસાફરીનાં કારણસર જેમ હીંદુસથાંનમાં બેલ અને તટુઓ કામમાં આવેછે તેમ આએ મુલકમાં ઊંઠ અને ઘધેડાં કામમાં આવેછે. પરથમ

હમોએ "કલીઓપાટરા નીડલ" જોઈ હતી. એ નીડલ માતરે બે ચોરસ મીનારાછે, તે માહેલો એક મરોડાંમાં ડુબી ગએલોછે, બીજો આખો નજર આવેછે. એ મીનારો ગરાનીટના એક શલંગ પથ્થરનોછે, અને આસરે ૬૦ ફીટ ઊંચોછે, તેહની ચારે બાજુએ "હીરોગલીફીકશ" ચીત્રો અથવા લેખ કોતરેલાછે. એ માહેલી બે બાજુ ઘણીખરી ઘશાઈ ગઈછે, પણ બાકીની બે બાજુ સલાંમતછે. જારે દુનીઆંમાં લખવાનો હુનર પરસીધ થાએઓતો નહી તારે આ "હીરોગલીફીકશ" નીશાનો ઈઆ ચીત્રોથી કામ ચાલતું હતું. કાવલીઅર બનસન નામના એક વીદવાન ઈઊરોપી આંને એ ઘણા પુરાતમ લેખ ઊકલાવેલાછે. "પામપીશ પીલર" માતરે ટેકરાની ઊપર ૯૫) ફીટ ઊંચો ગોલ મીનારોછે તે પણ ગરાનીટના પથ્થરનોછે, પણ તેમાં પથ્થરના તરણ કટકા છે, અને સઊથી ઊંચેનો કટકો શલંગ ૬૮) ફીટ ઊંચોછે. કેટલાએક લોકો એ મીનારાને ૨૫૦૦) વરશનું પુરાતમપણું આપેછે, પણ ઘણાખરા વીદવાનોના વીચાર મુજબ તેહની મુદત ૧૬૦૦) વરશ કરતાં વધુ નથી. "માહમુદી કેનાલ" માં અચરત થવાજોગ કાંઈ નથી, તોપણ એ કામ માબારતછે, અને આગલા વખતમાં નાઈલ નદીનું પાણી જે વેરથ જાતું હતું તે આએ નેહર બાંધીને જમીનને ફલવંત કરેઆમાં આવીછે. એ નેહરના કીનારા ઊપર કેટલાં એક ખુશનુમાં વેરો બાંધેલાંછે તેમાં ઘણાખરા ઈઊરોપીઆંનો વશેછે. કેરો મધે ઈઊરોપીઆંનની વસતી હમોએ જોઈ હતી તે કરતાં એલેકજા નડરીઆમાં વધારે ઈઊરોપીઆંનો વશેછે. હોટેલ ડ ઈઊરોપમાં હમો ઊતરીઆ હતા તેહેની સાંમણે મોહાટો અને લાંબો સકુએર (ચોક) છે અને એ ભાગ તમામ ઈઊરોપીઆંનોથી ભરાએલોછે. ઘણીખરી વેપારીઓની આફીસો પણ એજ જગોએછે, અને તેહેનો દેખાવ પણ ઈઊરોપનાં શેહરોના મોહોલાઓની માફકનોછે. એ ઈઊરોપીઆંનોમાં ઈંગરેજોનો ભાગ થોડોછે, પણ ફરેંચ અને ઈટાલીઅનો ઘણાછે, અને સંગલા દુકાનદારો ફરેંચ જુબાન બોલેછે. હમારી સાથના ઈંગરેજ ઊતારૂઓ ફરીઆદ કરતા હતા કે અતરેના દુકાનદારો ઘરાકોને માન આપતા નથી,

પણ હમોને તેહવું કસું માલમ પડીઊં નહી. ખરી વાત એમછે કે હીંદુ સથાંન મધે વશેલા ઘણાખરા ઈઊરોપીઆંનોને દુકાનદારો તથા ચાકરો સાથે બોલવા ચાલવામા દમામ રાખવાની તબે પડી ગએલી હોએછે, તે દમામ આએ તરફ પસંદ પડતો નથી, તેથી હીંદુસથાંનથી આવેલા ઈંગ રેજો આએ તરફ દુકાનદારો તથા હોટેલવાલાઓને અનગમતા લાગેછે. એ મામલો હમોએ હમારાં હોટેલ મધે પણ જોએઓ હતો, અને હોટેલના ચાકરો જેટલી ઊલટથી હમારૂં કામ કરતા હતા તેટલી ઊલટથી ઈંગ રેજોનું કામ કરતાતા નહી. મુંબઈથી તે સુવેજ સુધી ઈંગરેજ ઊતારૂ આનો જે રોબ ચાલતો હતો તે ઈજીપટમાં પગ મુકીઆ પછી કમતી થાએઓછે તે હમોને ઊંઘાડું નજર આવેછે. મહમુદી કેનાલ આગલ ફરી રહેઆ પછી ફરેંચ બજારને મારગે હમો હમારે મુકામે આવીઆ હતા. એલેકજાનડરીઆ મધે હમણાંની આવજાવ પરમાંણે પારસીઓ વારેવાર નજર પડતા હશે, તોપણ હમોએ જોઈઊં કે હમારો પાઘડીઓ ઘણા લોકોને અચરતી ઊપજાવતી હતી, અને હમો જાંહાં જઈએ તાંહાં લોકો ઊભા રહીને ટીકતા હતા, તથા બીજાઓને દેખાડતા હતા, અને એક બે જગોએ બારીએથી ઓરતોએ તાલી પાડીને પોતાની અચરતી જણાવી હતી. હોટેલના શુફરા ઊપર હમોએ ૭।। કલાકે ખાનું ખાધું, પછી ચોકમાં ફરવા ગએઆ, અને ૧૦) કલાકે હોટેલમાં આવી બીછાનાં ઊપર મુકામ કીધો.

તા૦ ૧૦ મી જુન ૧૮૬૩ બુધવાર—ઠરાવ પરમાંણે બામદાદનાં ૫।। કલાકે સુલેમાન હાજર થાએઓ હતો, તેહની સાથે હમો ટરકીશ બાઠ (હમામખાનાં) માં ગએઆ હતા. ગેઈ કાલે કેરોમાં હમોએ જે હમામ ખાનું જોઈઊં હતું તે કરતાં આએ જગો સરશ હતી. હમામખાનાંનું ઘેર બાહેરથી સાધારણ ઘેરોની બરોબર હતું. દરવાજામાં દાખલ થાએઆ પછી શાંકલી ગલીમાં થાઈને એક નાધલા ચોક જેહવા ઓરડામાં આવી એછે, તાંહાં બે તરણ બાજુએ ઊંચી બેઠક કરેલી હોએછે, એ બેઠકો ઊપર હમામખાનાં મધેથી નાહી આવીઆ પછી માણસો બેસીને હુકો

ઈઆ કાફી પીએછે. હમોને એક નાધલો ઓરડો બતલાવીઆમાં આવીઓ, તાંહાં પાંચ સાત સુવાનાં બીછાનાં તઈઆર કરેલાં હતાં. એ ઓરડા મધ્યે હમોએ હમારાં કપડાં તમામ કાહાડી નાખીઆં અને હમામ ખાનાં માહેલી એક લુંગી કમરથી તે ગુઠણ સુધી લપેટી અને દીલ ઊપર એક ચાદર ઓઢી, અને પગમાં લાકડાંની પાવરી પેહરી, પછી એક માણસ હમોને હમામખાનાંની જગો ઊપર લઈ ગએઓ. અંદર જતાંવાર એક ઊંચો ગુંબજ નજરે આવેછે, તે ગુંબજની હેઠલ ગરમ પાણીનો એક ફુવારો ચાલેછે અને ફુવારાની આસપાસ સંગેમરમરની ઓટલાની માફક બેઠકછે. એ બેઠક ઊપર બેસીને નાહાવા આવનાર ધણી ફુવારાનું પાણી પોતાનાં આંગ ઊપર લીએછે. હમામખાનાંમાં દાખલ થતાં આંગ ઊપરની ચાદર કાહાડી નાખીએછે, પણ એ જગોની ગોઠવણ હેવી કરેઆમાં આવીછે કે અંદર જતાંનેવાર વરાલની ગરમીને લીધે દીલમાંથી પશીનો છુટવા માંડેછે. ફુવારા આગલ અગર નાહાવાની મરજી નહી હોએ તો તેહેની આજુ બાજુએ બીજી પાણીની કુંડીઓછે તાંહાં નાહાવાને બની આવેછે. અગર હજામત કરાવવી હોએ તો તેજ જગોએ પરથમ હજા મત કરેછે, પછી એક માણસ પોતાના હાથમાં કપડાંનો ખીશ્શો લઈને આવેછે તે તારીફ લાએક રીતે આપણાં બદનનો મેલ ચામડી ઊપરથી શેવની માફક વણી કાહાડેછે, અને એટલોબધો મેલ આપણાં બદન ઊપર હતો તે લગાર અજબ જેહેવું માલમ પડેછે. મેલ કાહાડીઆની આગ મજ અગર નાહાનાર ધણી અડચણ નહી કરે તો તેહેનું દીલ તરેહવાર રીતે મશલેછે તથા હાથ પગ અને આગલાં મરડેછે. મેલ કાહાડી રહેઆ પછી તેજ માણસ એક મોહોટા કાંશીઆથી દીલ ઊપર પુશકલ પાણી રેડીને આંગ સાફ કરેછે, પછી એક જાતના સફેદ શાબુનું પાણી બનાવી નરમ શનનો ગુંછરો તે પાણીમાં બોરીને તે વતે આંગ ચોલેછે તેથી આંગ ઊપરથી તદન ચીકાશ નીકલી જાએછે. એ પછી મોહોટાં "ટબ" ની માફકની સંગેમરમરની કુંડીમાં એક નલની મારફતે તાજું ગરમ પાણી લાવીને તેમાં નાહાવા કેહેછે, તે કુંડીમાં આપણાં આંગ ઊપરની

લુંગી કાહાડી નાખીને નાહાએઆ પછી એક બીજી સોજી લુંગી તથા તુવાલ જેહેવું લાંબું કપડું દીલ ઊપર વીટાલવા આપેછે તથા માથે સફેદ કપડાંનો ફેંટો બાંધેછે, તે વીટાલીને જે ઓરડામાં પરથમ કપડાં કાહાડીઆં હતાં તે જગોએ આપણે આવીને તાંહાં પાંથરેલાં એક બીછાનાં ઊપર લેટીએ છઈએ અને આપણી ઊપર એક બીજી ચાદર ઓઢારેઆમાં આવેછે, તે ઓઢીને પાંચ સાત મીનીટ તુલીક પડી રેહવું, એટલે આપણું આંગ કોરદું થાઈ જાએછે, અને એ વખતમાં એક માણસ ફરીને હાથ પગ ચાંપેછે. એ પછી કપડાં પેહરીને કાફી ઈઆ લેમનેડ માંગીએ તો તે મલેછે, પછી હમામખાનું છોડીએછે. એ ટરકીશ હમામખાનાંઓની તારીફ ઈઊરોપીઆંન મુસાફરો ઘણી કરેછે, પણ માહારી અજમાએશ મુજબ મુંબઈમાં ઘેર મધે પુશકલ ગરમ પાણીથી લાંબો વખત લગાડીને સારીપેઠે નાહાઈજીએ તે કરતાં તેમાં કાંઈ જાહાજો વધુ ગુણ નથી. હમામખાનાંથી ફરાગત થાએઆ પછી હોટેલમાં નાશતો ખાઈને હમો બજારમાં ફરવા નીકલીઆ હતા. ફરેંચ દુકાંનો ઊપર સામાન અતીશે મોઘો હતો. મુંબઈમાં જે ચીજ એક રૂપીએ મલે તેહના આ જગોએ પાંચ અને છ શીલીંગ માંગતા હતા. ૧) કલાકે લંચ લીધા બાદ થોડીએક આશાએસ લીધી, તારપછી એલેકજાનડરીઆના મોહોલાઓ જાંહાં ગરીબ લોકો વશેછે તથા ગરીબોને કીજે બજારછે તે જોઈ હતી. પછી આગલા વખતમાં જમીનની નીચે ઓરડાઓ કોતરીને તેમાં મુરદાંઓની પેટીઓ અમાનત મુકતા હતા તે જોવાને હમો ગએઆ હતા. એ જગાને "કાટાકોમબશ" કરીને કેહેછે. વીદવાન ઈઊરોપીઆંનોએ એ જગોએથી કેટલીએક મુરદાંઓની પેટીઓ કાહાડી લઈ જઈને તે ઊપરથી તરેહવાર સોધો કરીઓછે. હમારા જોવામાં કોઈ મુરદાંની પેટીઓ આવીતી નહી, માતરે આઠ દસ ફીટ જમીનની નીચે ઊતરીઆથી હીંદુસથાંન માહેલા પાહાડોના ગુફાઓની માફક કોતરી કાહાડેલા નાધલા ઓરડાઓ જોવામાં આવેઆ, તે એક બે માણસો લાકડાંની પતીઓ શલગાવીને તેહના ઊજાશથી આપણને દેખાડેછે. એક જગોએ ગુંબજ કોતરી કાહાડેલોછે,

બાકીનાં માતરે નાધલા ચોરસ ઓરડાઓછે તેમાં નકશીકામ મુતલક નથી. મટોડીની અંદરથી કોઈ કોઈ જગોએ નાધલાં હાડકાં મલેછે તે હાથમાં લઈને મશલીએ તો તે તરત ખાખ થાઈ જાએછે. એ જગો અલબત આગલા વખતનું કબરસતાન હશે, પણ હાલ તેહેનાં માથાં ઊપર ગરીબ લોકો ઘેરો બાંધીને રહેલાછે. એ મુકામ દરીઆને કીનારે આવેલોછે, તાંહાંથી એલેકજાનડરીઆનું આખું બંદરે સારી રીતે જોવામાં આવેછે. એ "કાટા કોમબ" જોએઆ પછી કાઠોલીક લોકોનું દેવલ જોઈઊં હતું. એ દેવલ સાદી ઈમારતછે, અને તેમાં અંદરથી પણ વખાણવાજોગ કાંઈ નથી. ૭ાા કલાકે હોટેલમાં આવીને ખાનું ખાધું હતું. હોટેલ ડ ઈઊરોપમાં ખાનું પકાવનાર ફરેંચ બબરચીછે. ફરેંચ લોકોની પકાવવાની રીતની હંમેશ તારીફ થાએછે તે તારીફ ઘટારતછે. ઈસટીમર માલટા ઊપર હમોને જે જમવાનું મલીઊં હતું તેહેની લેહજત આએ હોટેલનાં ખાનાં આગલ કુચ નથી. ઈંગરેજોનું ખાનું કઠણ અને કેટલોએક ભાગ બાફેલો આવેછે, પણ ફરેંચ પકાવનાર દરએક પકવાનને નરમ તથા શીરી ભરેલો કરેછે, અને કેટલીએક વાણીઓ હીંદુસથાંનની રીતને મલતી આવેછે તે પારસી ખાનારને વધારે લેહજતદાર લાગેછે. એ હોટેલમાં હમોને માછલી ઘણી તાજેી મલી હતી. મેવામાં આરંજ, આપલ, એપરીકાટ, ચેરી, અને અનજીર એટલો તાજો મેવો હતો, અને બાકીનો સુકો મેવો મલતો હતો. હીંદુસથાંનનો રેહવાશી જેહેને સારી ચીજો ખાવાનો શોખ હોએછે તેહેને અતરે કસી પાંતીની અડચણ ભોગવવી પડતી નથી, ફકત પાન શોપારી મલતાં નથી.

તા૦ ૧૧ મી જુન ૧૮૬૩ ભરેસપતવાર—આજ રોજે સહવારનાં હોટેલમાં પેનીનસુલર કંપનીવાલાઓની તરફથી લખેલી ખબર આવી કે ઈસટીમર "ઈઊકશાઈન" બંદરમાં આવી પોંહોંચીછે, તે બપોરનાં ૧૨) કલાકે માલટા અને મારશેલશ ખાતે ઊપડી જશે, તેથી ઊતારૂઓએ ૧૧) કલાકે ઈસટીમર ઊપર જવું. હમો નાશતો ખાઈને ૧૦) કલાકે બંદર તરફ ગએઆ, તાંહાં એક નાધલી ઈસટીમર કીનારાને અથ

રીને ઊભેલી હતી, તેમાં સરવે ઊતારૂઓ ચહડેઆ અને પાઆ કલાકની અંદર તે ઈસટીમર "ઈઊકશાઈન" ની ઓરદુમાં જાઈ પોંહોંચી, તે ઊપર હમો સરવે કોઈએ કેબીન આગમજથી ઈસટીમરના અમલદારોએ ઠેરવી રાખેલી હતી તેમાં મુકામ કીધો. ઈસટીમર "ઈઊકશાઈન" હમારી આગલી "માલટા" કરતાં નાધલીછે. તે ૧૧૬૫ ટનનીછે, અને ઈસકુરૂની જગોએ ઓરદુમાં ચકરોછે. હમોએ તરત જોઈઊં કે ઈસટીમરના અમલદારો તથા કપટાન આમન ઘણા અસરાફ માણસોછે. તેઓ સાથે હમોને જલદીથી દોસતી થાઈ હતી, અને શાલુનમાં હમોએ જમવાની જગો પણ એ અમલદારોની પાસેજ રાખી હતી. બરોબર ૧૨) કલાકે ઈસટીમર ઊપડી. હીંદુસથાંનના હમારી સાથે આવેલા ઊતારૂઓ ઊપરાંત બીજા બે તરણ મરદ તથા ઓરત ઊતારૂઓ મારશેલસ જવા સારૂં હમારી સાથે ચહડીઆં હતાં. એ ઊતારૂઓથી ઈજીપટ દેશની હાલત વીશે હમોને કેટલીએક માહીતગારી મલી હતી. જેમ અમેરીકાની લડાઈ અને રૂઊના વેપારથી મુંબઈ તથા તેહેની આસપાસના જીલાઓની હાલતમાં ફેરફાર થાઈ ગએઓછે તેમજ ઈજીપટમાં પણ બનીઊંછે, અને ઈઊરોપીઆંન વેપારીઓ ઈજીપટનાં મુલકના જુદા જુદા ભાગોમાં ઠામેઠામ પંથરાઈ ગએઆછે, અને બેહદ નશો મેલવીઓછે. મુંબઈ મધે રૂઊના વેપારમાં લોકોએ બેવડો અને તરણઘણો નશો મેલવીઓછે, પણ એક ઊતારૂ મી૦ જાઈશ જે છ સાત વરશ થાએઆં ઈજીપટમાં રહેઓ હતો અને હમણાં ઈંગલંડ જવા સારૂં નીકલીઓછે તેહેના કેહેવા પરમાંણે એક વેલાએ ખેતરોમાં ઊગીઆ આગમજ વેપારીઓએ રૂઊ ખરીદ કીધો હતો, તે રૂઊ લીવરપુલમાં વેચાતાં એકનું સાતઘણું અને આઠઘણું નાણું ઊપજીઊં હતું. અને બેવડું તથા તરણઘણું નાણું પેદા કરવું એતો સાધારણ થાઈઊં હતું. કોઈ કોઈવાર રૂઊ ખરીદ કરવાને સારૂં નાણાંની ભીડ એટલીતો પડતી હતી કે એલેકજાનડરીઆમાં નાણાંનાં વીઆજ તરીકે માસ એકે શેંહકડે ૪) ટકા આપીઆમાં આવીઆ હતા, અને આજ પણ ૧) ટકાનું વીઆજ સેહલથી અને સારી જામીનગીરી ઊપર ઊપજેછે.

ખાધ ખોરાકી અને બીજી જીનશોની કીમત અતીશે વધી ગઈછે, અને આએ વરશ એટલીતો જમીન રૂઊથી વાવીઆમાં આવીછે કે દુકાલને ભાવે અનાજ વેચાવાની વકી રાખીઆમાં આવેછે, અને ઈજીપટ જેહેવાં નાધલાં મુલકમાં આ વરશનો રૂઊનો પાક મુંબઈના જેહેવી ૩) લાખ ગાંસડી જેટલો થાશે. ઈજીપટની સરકાર પોતાનાં દેશમાં સુધારો કરવાને નારાજી નથી. પાદશાહના મુખીઅ અમલદારો ફરેંચ જુબાન જાણેછે. તેઓ ફરાંસમાં અને ઈઊરોપખંડના બીજા ભાગોમાં ફરી આવેલાછે તેથી તેઓની નજર ઘણી ઊંઘડેલીછે, પણ સંગલાં મુસલમાની મુલકોની માફક ઈજીપટના ધરમઆચારીઓ તથા પેહલે અને વચલે વાઘેના લોકો જાહેલ અને કમસમજછે તેથી આખા દેશને જોઈએ તે રીતે ફાએદો થાઈ શકતો નથી, અને ઊતરતે વાઘેના લોકો છુટાપણું મુતલક ભોગવી શકતા નથી, અને ખેડુત તથા મજુરી કરનાર લોકો જેઓને ફેલા કરીને કેહેછે તેઓ કેટલેએક દરજજે ગુલામગીરીની અવસથા ભોગવેછે, તોપણ ઈજીપટની હાલત દીનપર દીન સુધરતી જાએછે તેમાં શક નથી. હીંદુસથાંન મધે જેમ નીજામ અને ગાએકવાડનાં રાજોમાં ઈનસાફ થાએછે તેજ માફક ઈજીપટ મધે પણ ઈનસાફની હાલતછે. ગરીબને ઈનસાફ મલવો મુશકેલછે. જોરાવર અને વગવાલા તરેહવાર અપરાધ કરેછે તો તેઓ લાંચ રૂશવતથી અથવા જબરદસતીથી ઈનસાફના પંજામાંથી નીકલી જાએછે. દેશી રાજની નબલાઈને લીધે આ મુલકમાં ઈઊરોપીઆંનોને જેટલી છુટ મલેછે તે માફક કોઈ બીજાં મુલકમાં મલતી નહી હશે. એક ઈજીપશીઅન અને ઈઊરોપીઆંનો વચ્ચે ઈઆ બે ઈઊરોપીઆંનો વચ્ચે મારામારી થાએછે તો તેહનો ઈનસાફ દેશી સતાવાલાઓથી થાતો નથી, પણ દરએક ઈઊરોપીઆંન સરકારના કાઊનશલ પોતપોતાની રઈએતનો ઈનસાફ કરેછે, તેમાં રાખરખાવત ઘણી ચાલેછે, અને સખત ઈનસાફને બદલે બંધે બાજુને સમજાવીને માંડી વાલવાનું ઘણુંછે. ઈજીપટનો મુલક આજે કોઈબી ઈઊરોપીઆંન રાજવાલો લઈ લેવાને વાર લગાડે નહી, નેપોલીઅન બોનાપારટ ઈશવી સને ૧૭૯૮ નાં વરશમાં એ મુલક ઊપર ઊતરી

પડીઓ હતો, પણ ઈઊરોપીઆંન રાજવાલાઓની એકબીજાની અદેખા ઈને લીધે જેમ ટરકીનો મુલક રૂશીઆના પંજામાંથી આજ બંચી રહેલોછે તેજ માફક ઈજીપટ પણ બંચેલુંછે.

ઈસકાટલાંડ દેશમાં મુસાફરી.

(માહારી મુસાફરીની દરરોજની નોંધ મધેથી.)

તા૦ ૧૮ મી જુલાઈ સને ૧૮૯૩ ને સનીવાર—દર જુલાઈ મહીનાની અધવચમાં ગલાશગો મધે "ગલાશગો ફેર" નામના તેહવાર આવેછે. એ તેહવારનાં દીવસોમાં આગલા વખતમાં આસરે એક અઠવા ડીઆં તુલીક મેલો ભરાતો હતો, અને આસપાસનાં ગામડાંઓનાં લોકો માલ વેચવા તથા લેવા આવતા હતા. હવડાંના વખતમાં "રેલવે" ને લીધે લોકોની આવજાવ અતીશે સેહેલી થાઈછે, તારે હેવા મેલાની જાહાજી અગત રહી નથી, પણ એ દાહાડાઓને લોકો આજં તુલીક તેહ વાર તરીકે ગણતા આવેઆછે, અને આજથી ચાર દીવસ સુધી ગલા શગો મધે દરએક કારખાનું, આફીસ, દુકાંનો, ઈતીઆદી, બંધ રેહેશે. એ તેહવારના દીવસોમાં હજારો લોકો રેલવેને મારગે અથવા ઈસટીમ રોમાં ફરવાને ફીજે બાહેર નીકલી જાએછે, અને લોકોને ફરવાને ઊતે જન મલે એટલા સારૂં તેઓ પાસેથી ખરચ અતીશે ઓછો લીધામાં આવેછે. પેહેલા વરગનો એક ઊતારૂ ગલાશગોથી નીકલેલો રેલવેમાં આસરે ૨૦ માઈલ "બાલખ" સુધી આવેછે, અને બાલખથી ૨૩ માઈલ "લાખલોમંડ લેક" (શરોવરમાં) ફરીને તેજ રસતે પાછો પોતાને ઘર જાએછે તો તેહને ૪) શીલીંગ ૬) પેનશ (માતરે રૂપીઆ ૨ા) આપવા પડેછે, અને બીજા વરગના ઊતારૂને એટલીજ મુસાફરીના ૨ા શીલીંગ (રૂ૧ા) આપવો પડેછે. તેહની મરજી હોએ તો પોતાનું ખાણું ઘરથી બાંધી લઈ જાએ, પણ અગરજો ઈસટીમર ઊપર તે ખાણું માંગે તો

સસતી કીમતે તેહને પોંહાંચાડેઆમાં આવેછે. વચલે અને ઊતરતે વાંધેનાં લોકોને સારૂં ફરવા અને નીરદોશ મોજ વધારવાની ગોઠવણ ગલાશગો મધે જેવી તારીફ લાએકછે તેવી બીજી કોઈ જગોએ હશે નહી. ગલાશગો શેહરને "કલાઈડ" નદી લાગેલીછે, તે નદી સમુદરને મલેછે તાંહાં સુધી અને સમુદરના કીનારા ઊપર સેંકડો ગામડાં અને નાધલાં મુકાંમો લાગેલાંછે, તે તરફ દાહાડામાં એક બેએ ઈઆ તેથી વધારે વખત ઈસટીમરો આવજાવ કરેછે. આ ઈસટીમરો ઊતારૂઓને ૩૦) માઈલ તુલીકના માતરે ૩) પેની ૦)= ના ખરચે લઈ જાએછે, અને એ આગબોટો કલાકના ૧૫) થી તે ૨૦) માઈલ ચાલેછે. એ ઊતાવતી ચાલ અને સસતી કીમતને લીધે હજારો લોકો સુખથી અને સસતી કીમતે દરીઆના કીનારા તરફ રેહેછે, અને વચલે વાધેના કુટુંબો ગરમીનાં દીવસોમાં શેહેર છોડી બાહેર ખુલ્લી હવામાં રેહેવાને જાએછે. દરીઆના કીનારા ઊપર નાહાવું, બોટોમાં ફરવું, "હાઈલાંનડ લેક" (શરોવર) તરફ જાઈને તાંહાંના ખુશનુમાં દેખાવની મોજ ભોગવવી, એ બાબદોનો ગલાશગો મધે જવાન શખસોમાં મોહોટો શોખછે. ઈસકાટલંડનો મુલક ઘણુંકરીને પાહાડોથી ભરેલોછે, અને તાંહાંનાં નદી, નાલાં, ડુંગરો અને શરોવરની રચનાં ઘણીજ શોવાંમણીછે, અને વલી તેઓને લગતી આગલી તવારીખ સંબંધી કથાઓ તથા કવીતાઓ જોડીને સર વાલટર ઈસકાટ, અને બીજા આગલા લખનારાઓએ એટલોતો રસ મુકેલોછે કે એ જગાઓમાં ફરવાનું દરએક ઈસકાચ મરદ અને ઓરતને ઘણુંજ મીઠું લાગેછે, અને તેઓ માહેથી ઘણાં ખરાંઓ દરએક ટેકડી, દરએક નાલાં, દરએક "લેક" ના જુદા ભાગનાં નામ અને હકીકતથી વાકેફછે, અને તાંહાં ફરવા હરવાને ચાહેછે. એ સબબ ઊપરથી ગરમીની રૂતમાં દરરોજ એક એક મુકાંમ ખાતે બેએથી તે તરણવાર આગની ગાડીઓ ઈઆ ઈસટીમરો દરરોજ હજારો માણસોને લઈ જાએછે.

એ તેહવારની જોગવાઈ જોઈને હમોએ પણ ઈસકાટલંડના ઊતર ભાગ તરફ તથા આઠમણ તરફ "હીબરાઈડીસ" ના ટાપુઓ વચ્ચે જે ઈસટાફાના નામીચા ખુદરતી ગોફાઓછે તે જોવા જવાને સારૂં થોડા દાહાડા

રોકવાનો ઠરાવ કીધો હતો. હમારી સાથે એક ઈઊરોપીઆંન મીતરને લીધો હતો, તેની સાથે ફરવા જવાના જુદા જુદા મારગો મધેથી ગોઠવણ કરીને આજ સહવારના ૬॥ કલાકે હમો ગલાશગોથી નીકલીઆ, અને "ઈસટરલીંગ" નામનું એક જુનું શેહેરછે તાંહાં બે કલાકમાં આવી પોંહોંચીઆ. ઈસકાટલંડની તવારીખમાં બેનાકબરનની જે નામીચી લડાઈ થાઈ હતી તેનું મેદાન આ જગોએ બતલાવીઆમાં આવેછે. આગની ગાડી તુરત જતી હતી, તેથી ઈસટરલીંગ શેહેર જોવાને માહારાથી બનીઊં નહી, પણ આ જગોનો કીલ્લો ઘણો પુરાતમછે. ઈસકાટલંડના પાદશાહઓ આગલ આ શેહેરમાં રેહેતા હતા અને ઈસકાટલંડના પાહાડી લોકો સાથે સદા લડાંઈ ચાલતી હતી તારે એ શેહેર નાકાનું શેહેર ગણાતું હતું. ઈસટરલીંગથી હમો કાલનડર ગએઆ. કાલનડર નાહાનો મુકાંમછે. તાંહાંથી રેલવેમાંથી ઊતરીને ગાડીમાં બેઠા. એ ગાડી "ટરાશાકશ" કરીને જાહાડો તથા શરોવરો તથા ડુંગરોથી ભરેલો ભાગછે, અને તે જેમ વેરાનછે તેમજ ઘણો ખુશનુમા લાગેછે, તાંહાં હમોને લઈ ગઈ. હમો ૧૧ા કલાકે "ટરાશાકશ" નાં હોટેલમાં પોંહોંચીઆ. તાંહાં "લંચ" લીધા પછી એક બે કલાક સુધી ખુશનુમા લીલોતરી અને ડુંગરો તથા નાલાં જોવાને ફરીઆ. "બેનવેનું" નામનો ઈસકાટલંડ દેશનો ઊંચો ડુંગર એજ જગોએ આવેલોછે તેહેને "ટરાશાકશ" આગલથી જોતાં આસપાસનો દેખાવ ઘણો રલીઆંમણો લાગેછે. એ પછી "લોક કાથીરીન" શરોવર આગલથી હમો એક નાધલી અને સુંદર ઈસટીમર મધે બેઠા. એ લોકની ટરાશાકશ તરફની બાજુ બીજા ભાગોના કરતાં અતીશે સોભા આપનારીછે. ઈસટીમર જાંહાંથી ઊપડેછે તાંહાં માથાં ઊપર એક ઊભો ડુંગર આવેલોછે, તે તમામ વનસપતીથી ભરેલોછે, તેહેનો દેખાવ જોવા લાએકછે. "લોક કાથીરીન" અને તેજ પરમાંણે ઈસકાટલંડ દેશના બીજા લોક વીશેની ઘણી તારીફ પુસતકોમાં વાંચેઆમાં આવેછે, તેઓનો મુકાબલો મુંબઈ મધે પાણીને સારૂં વીહારમાં જે તલાવ બાંધેલોછે તે સાથે થાઈ શકશે, પણ તેઓનો દેખાવ વીહારના તલાવ કરતાં વધારે

સુંદરછે. એ શરોવરો આસપાસનાં ડુંગરોને લીધે બનેઆછે. ડુંગરોની વચ્ચેની ઊંડી જમીનમાં આસપાસના ઝરાઓથી પાણી એકઠું થાએ આથી એ શરોવરો બનેલાછે. તેઓમાં પાણી વધુ ભરાએછે તે નદીઓને મારગે સમુદરમાં ઊતરી જાએછે, અને બાકીનું પાણી કાએમ રેહેછે, તેથી ગોએઆ જીવતાં વેહેતાં પાણીના તે મોહોટા તલાવો બનેલાછે, તેઓની લંબાઈ નાધલાં કદથી તે ૩૦) માઈલ સુધીની આવેછે, પોહોલાઈ કોઈ ઠેકાંણે જુજ અને કોઈ ઠેકાંણે બેએ માઈલ સુધીની હોએછે, અને પાણી ઊંડાં હોવાને લીધે ઈસટીમરો તેઓ ઊપર સારીપેઠે ફરી શકેછે. આસપાસના ડુંગરોની વનસપતી બરોબર પાણીની કોર ઊપરથી શરૂ થાએછે તે ઠેઠ ડુંગરનાં મથાલાં સુધી ભરેલી હોએછે, તેથી અલબત તેહેનો દેખાવ ઘણો ખુશનુમા લાગેછે, અને શેહેરના રેહેનારા લોકો જેઓએ આગલ હેવી ચીજો કદી જોઈ નહી હોએ તેઓતો હેવા દેખાવથી ઘણા હેરત પામેછે. "લાક કાથીરીન" આસરે દસ માઈલ લાંબુંછે તે ઊપર થાઈને હમો "ઈશટાનાક લાખર" નામના મુકાંમ આગલ આવી પોંહોંચીઆ. આગબોટ આએ જગોએ તેમજ બીજી સંગલી જગોએ બરોબર કીનારા સાથે અઠડેછે. આગબોટમાંથી ઊતરીને હમો પાછા ગાડીમાં બેઠા હતા. દરએક ગાડી ૨૦) થી તે ૪૦) માણસને લઈ જાએછે, અને તેઓને ૨, ૩, ઈઆ ૪ ઘોડા જોડેલા હોએછે. બે કલાકમાં હમારી ગાડી "ઈનવરશનેટ" નાં મુકાંમ આગલ આવી. મારગમાં તમામ મુલક વેરાન અને પાહાડીછે, અને "રાબરાએ" તથા બીજા "હાઈલાંનડ" લુટારાઓ તથા તેઓનાં ટોલાંઓ (જેઓ આપણી તરફના રાઘોજી બાંગરીઆ, રાંણોજી, અને હેવાજ બીજા પાહાડી સરદારોના ભીલ અને રાંમોશીઓનાં ટોલાંઓને મલતા આવેછે) જેઓનાં નામ સર વાલટર ઈસકાટની કલમથી તાજાં રહેઆંછે, તેઓના જુના ખોહો અને રેહેવાનાં મુકાંમો બતલાવેઆમાં આવેછે. તેઓને લગતી વાતો જેમ ગાડી ચાલેછે તેમ મુસાફરો વચ્ચે થાએછે. ઈનવરશનેટ "લાક લોમંડ" નાં શરોવરના કીનારાનું એક મુકાંમછે તેહેની આગ

લથી પાણીનો એક મોહોટો ધોત ડુંગરો મધેથી નીકલીને "લાક લોમંડ" મધે પડેછે. "લાક લોમંડ" ઈસકાટલંડ દેશના સંગલા શરોવરમાં નામીચું ગણાએછે, અને ગલાસગોની નજદીક હોવાથી તાંહાં લોકોની આવજાવ સરવેથી વધારેછે. ઈનવરશનેટ આગલથી હમો આગબોટમાં બેઠા, અને સરોવરની દખણ તરફ બાલખ સુધી આસરે બે કલાક તુલીક શેલ કીધી. મારગમાં આગબોટ ઠેકાંણે ઠેકાંણે ઊતારૂઓને લેવા તથા ઊતારવાને ઊભી રેહેતી હતી. આ આગબોટો ઘણી સુંદર બાંધેલીઓછે. હમારી સાથે આસરે ૨૫૦) પેહેલા વરગના ઊતારૂઓ હતા; તેઓ મોજને માટે આગબોટનાં ડેક ઊપર બેશેછે, પણ કોઈ ચાહે તો શેલુન જે ઘણી મોહોટી અને સીનગારેલીછે તેમાં પણ જઈ બેશે. આગબોટના આગલા ભાગમાં ખાનું ખાવાનો મોહોટો ઓરડોછે. તાંહાં હોટેલની માફક ઊતારૂઓ ખાધા પીધાનું જે વખતે જે કાંઈ માંગે, તે સસતી કીમતે આપેઆમાં આવેછે. બાલખ મધે પણ ગલાશગો ઈઆ એડીનબરો જતાં ઊતારૂઓને ઊતારેઆમાં આવેઆ હતા. રેલવેની ગાડીઓ બરોબર ડંકા ઊપર આવીને ઊભી હતી. હમો કીનારે ઊતરેઆ હતા નહી, પણ આગબોટ માંજ પાછા લાક લોમંડનાં ઊતર નાકાં તરફ જવાનો હમારો એરાદો હતો. લાક લોમંડ શરોવરની રચનાં ઊપર કહેલા લાક કાથીરીનને મલતી આવેછે, પણ કોઈ કોઈ જગો તો વધારે ખુશનુમા દીશેછે. બેનલો મંડ પાહાડની ટેકડી નજદીક દીશેછે, તેહેનાં મથાલાં ઊપર ચહડવાને ઘણા લોકો જાએછે. હમારી આગબોટ પાછી બંદર કરતી આસરે ૯) કલાકે ઈનવરનાનનાં મુકાંમ આગલ આવી ઊભી હતી, તાંહાંથી એ શરોવરનો ઊતર છેડો ખલાસ થાએછે. હમોએ એક હોટેલ મધે ઊતારો લીધો હતો. સદાની માફક આ હોટેલમાં સુવાની જગો અને એ વગરે સંગલું પસંદ કરવાજોગ હતું. આજે હમોએ આગબોટ, ગાડી અને રેલવે મલીને કુલે આસરે ૧૧૫) માઈલની મંજલ કરી હતી, ઘણીએક રચના જોઈ હતી, પણ આ દેશમાં મુસાફરી સેહેલી હોવાને લીધે સુતા અગાઊ હમોને લગારબી થાક ઈઆ કંટાલો લાગોતો નહી.

તા૦ ૧૯ મી જુલાઈ સને ૧૮૬૩ ને રવીવાર—આજે રવીવારનો દીવસ હોવાથી ઈસકાટલંડ મધે રેલવે, ઈઆ આગબોટો, ઈઆ ગાડીઓ મુતલક ચાલતી નથી, તો જોકે ઈંગલંડ મધે તે માફક નથી. આ સબબ ઊપરથી હમોને આજે "ઈનવરનાન" મધેજ રેહેવું પડીઊં હતું, તોપણ તેથી હમોએ જોવાનું કાંઈ ખોઈઊં નહી. નાશતો ખાધા પછી હાઈલાંડના ડુંગરો, અને નાલાંઓ વચ્ચે પાંચ છ માઈલ પગે ફરી આવવાને હમોને બની આવીઊં હતું. હાઈલાંડમાં ખેતીવાડી કાંઈ થાઈ શકતી નથી, તેથી તમામ જગોએ વસતી ઘણીજ જુજછે. ઘણુંકરીને કોઈ કોઈ ઠેકાંણે ભરવાડનાં છાપરાં ઈઆ કોઈ ગરહસથ ઈઆ અમીરનું ગરમીના દાહાડાનું રેહેવાનું ઘર, ઈઆ તેહેના ગેમકીપરની (શેકાર જાલવનારની) જુહુપડી હેવું નજર આવેછે. ઘણુંકરીને ઈસકાટલંડ દેશનો એ તરફનો ભાગ શેકારને કીજે કામ આવેછે. માતબર લોકોને શેકારનો તેમજ નદી અને શરોવરોમાં માછલી પકડવાનો શોખ ઘણો હોએછે, અને તે ઊપર તેઓ દર વરશે હજારો પાંઊંડ ખરચ કરેછે. જુજ ઘાસ ઊગેલા ખાલી ડુંગરો જેની ઊપજ કદાચ ઘણી જુજ થાએ તે ૧૦૦) થી ૨૦૦૦) પાંઊંડ સુધીના શાલીઆનાએ જમીનના માલેકો (લારડો) ની પાસેથી આસપાસના મુલકના માતબર ગરહસથો ફકત શેકાર કરવાની પરવાંનગી મેલવીને ભાડે રાખેછે, અને પછી પોતાનો ગેમકીપર તે જગોએ રાખેછે, કે કોઈ બાહેરનો પુરસ તે જમીનની હદમાં આવીને શેકાર કરે નહી. માછલી પકડવાનો પણ એજ માફક શોખછે, પણ શેકારની માફક તે વીશેની બંધી નથી, તેથી વચલે વાઘેના લોકો પણ તેનો લાભ લીએછે. હમારાં હોટેલ મધે હમોએ આજે હેવા ઘણા શોખીઓને જોએઆ હતા. એક માણસ પાંચ સાત ટરાઊટ આખો દાહાડો મેહેનત કરીને કદાચ પાણીમાં ગુઠણ તુલીક ઊભો રહીને ગલથી પકડેછે તો તે પોતાને ઘણો હુશીઆર "આંગલર" સમજેછે. દર વરશે તા૦ ૧૨ મી આગસટે શેકારની મોસમ શરૂ થાએછે, અને આસપાસના મુલકના ગરહસથો પોતાના મીતરો સાથે એ દીવશથી પોતાની જોગવાઈ પરમાંણે કેટલાંએક અઠવા

ડીઆં સુધી શેકાર કરેછે. એ સમેનો શેકાર ઘણુંકરીને "ગરાઊશ" નો થાએછે, કે જે હીંદુસથાંનનાં "તીતર" પખશીને મલતાં આવેછે, પણ તેઓનો રંગ વધારે કાલોછે અને સવાદમાં ઘણાં ચોપડાં રેહેછે. બીજા શેકારો પણ એ જગોએ મલેછે, પણ તેઓ ઊપર બંદોબસતી ઘણીછે, અને શેકારી કુતરા પાલવા ઊપર તથા એ વગેરે બીજો ખરચ અતીશે થાએછે. શેકાર જારે અતી મેહેનતે મેલવેછે તારે જોશું તો મામલત કાંઈ નથી, પણ દર શાલે હરએક ગરહસથ બેં તરણ અઠવાડીઆં હાઈલાંડની સફાઈ ભરેલી હવામાં આવીને પોતાનાં આંગને કશીને શેકાર કરવામાં રોકે તેહેને તંદુરસતી ઘણી મલેછે, તથા થોડાં કામવાલા પણ તવંગર માણસોનું ધેઆંન રોકવાને એ એક સારો મારગછે તેમાં કાંઈ શક નથી. ગઈ કાલે તથા આજે મલીને હાઈલાંડના મુલકનો હમોએ જે ભાગ જોએઓ, તે ઊપરથી લંડન અને ઈંગલંડ અથવા ઈસકાટલંડનાં બીજાં શેહેરોના રેહેનારા લોકો જેઓએ નદી, નાલાં, જંગલ અને ડુંગર, ખીણ, ઈતી આદી, હેવું જોએશેં નહી હોએ, તેઓ એ દેખાવ ઊપર મોહી પડે તેમાં કસી નવાઈ નથી, અને એ દેખાવ ખરેખર સુંદર અને જોવા લાએકછે, પણ આપણી તરફ બોરઘાટ, થલઘાટ, અને રામઘાટ આગલના ડુંગરો અને ખીણોનો દેખાવ વધારે બુલંદ અને હેરતમંદ કરનારો માહારા જોવામાં આવેઓછે, તથા હીંદુસથાંનના બીજા ભાગોમાં અને તેમાં અગત કરીને હીમાલએ પરવત આગલ બદરીનાથ અને બીજી જગોએ ખુદરતનો દેખાવ જેવો અચરત સરીખો, અને મોહોટો તથા ડરાંમણો તેમજ ખુશનુમાછે તેવો દુનીઆંમાં કેયે પણ નથી હેવું ઈઊરોપીઆંન મુસાફરો પોતે કબુલ કરેછે. ઈંગલંડથી આએ દાહાડા દરરોજ શેંહકડો મુસાફરો ઈસકાટલંડમાં ફરવા આવેછે, તેઓનાં અંજાંણપણાં વીશે ઈશકાચ લોકો તરેહવાર વાતો કરેછે, અને જે ધણીએ ઈસકાટલંડમાં સંગલો જનમારો કાહાડીઓ હોએ, અને ઈંગલંડમાં નવોસવો ફરવા જાએછે તો તેહેના પણ એજ રીતે ઈંગલંડમાં ઠઠા થાએછે. આ તરફ ઘણાખરા ઊતરતે વાઘેના લોકો પોતપોતામાં ગાલીક જુબાન બોલેછે, જે

ઈસકાટલંડની પુરાંણી ભાશાછે, પણ તે ઈંગરેજી જુબાન જાણનારને મુતલક સહમજ પડતી નથી.


તા૦ ૨૦ મી જુલાઈ સને ૧૮૯૩ ને શોમવાર—હોટેલમાં નાશતો કરીને હમો ઈનવરનનથી ઓબન તરફ જવાને સારૂં ૧૨ વાગતે ગાડીમાં બેઠા. ઓબન અતરેથી આસરે ૫૨) માઈલ દુરછે, અને સમુદરના કીનારા ઊપર આવેલુંછે. એ તરફ રેલવે નથી તથા આગબોટ ચાલવાનો પાણીનો મારગ પણ નથી તેથી તમામ રસતો ઘોડાઓની ગાડીઓમાં કાહાડીઓ હતો. હમારો મારગ તાઈનડરમ અને ડાનલીના મુકાંમ ઊપરથી થાઈને હતો. એ માહેલી પેહેલી જગો ઊપર "લંચ" લેવાને અરધો કલાક વખત મલીઓ હતો. ગાડીની બાહેરના ભાગ ઊપર બેઠાથી આસપાસનો દેખાવ સારી રીતે જોવાને બની આવેછે. હમોએ આગલ જણાવીઊં તેમ હાઈલાંડ દેશ ખેતીવાડીના કામનો નથી તેથી તાંહાં વસતી ઘણી જુજ અને છુટી છુટીછે. લોકોનાં રેહેવાનાં ઘર હીંદુસથાંનના ગરીબોનાં જુહુપડાં કરતાં થોડાંજ સરશછે. તેઓ પથ્થરની સાદી દેવાલથી બાંધેલાં હોએછે, અને છાપરૂં ઘાસનું બનાવેલું હોએછે. એક નાઘલું ઘેર હમોએ અંદર જઈને જોઈઊં હતું તેમાં એક મરદ, પોતાની બાએડી તથા તરણ બચ્ચાંઓ સાથે રેહેતો હતો, તેઓનાં આંગ ઊપર કપડાં સોહોજાં હતાં, પણ ઘરની અંદર ૧૦ રૂપીઆની કીમતનો સામાંન દીસતોતો નહી. સગડીની જગોએ જમીન ઊપરજ આગ સલગાવવાની જગો કરેલી હતી. કેટલાએક હાઈલાંડરો માતબર લોકોની ચાકરીમાં રહીને એ તરફ ડુંગરો ઊપર મેંઢાં ચરાવેછે. કોઈ કોઈ જગોએ ૨૦૦૦ થી ૩૦૦૦ મેંઢાં ચરેછે, તે ચરાઈનો દર ૧૦૦ જાંનવરે ૧૫ થી ૨૦ પાંઊંડ વરશ દાહાડે આપેઆમાં આવેછે. એટલી મોઘી કીમત ચરાઈને કીજે આપવાનો સબબ એછે કે ઊંનની કીમત સારી હોવાને લીધે મેંઢાંઓનો વંઊશ વધારવામાં ઘણો લાભ થાએછે, અને દરએક મેંઢું એક વરશનું હોએછે તારથી તે ચાર વરશનું થાએછે તાંહાં તુલીક તેહને પોસીને દર વરશે તેનું ઊન કાપી લીધામાં આવેછે. અને તારબાદ તેહને

ખોરાકને ફોજે વેચી નાખેઆમાં આવેછે. ઈંગલંડ તથા ઈસકાટલંડમાં મેંઢાંનું ગોસ ૧૦) પેનસથી તે ૧) શીલીંગે રતલની કીમતે વેચાએછે. ડાનલી જતાં હમોને એક ડુંગર બતલાવેઆમાં આવેઓ હતો, તેહેને માથે બરફ કેટલીએક જગોએ કાએમ રહેલો હતો. કોઈ વખતે ડુંગરોનાં માથાં ઊપર બરફ હેવી જગોએ પડેછે કે તાંહાં સુરજનું તડકું મુતલક લાગતું નથી તેથી ગરમીની મોહોસમ (જે હીંદુસથાંનનાં નવેમબર મહીનાની ઠંડીને મલતી આવેછે) તેમાં પણ કોઈ ઠેકાંણે તે બરફ રહી જાએછે. રસતામાં હમોએ બે સીસાંની ખાંણો પણ જોઈ હતી, પણ તે બરોબર ચાલતી નથી. હાઈલાંડનાં લોકોના પોશાક વીશે ઈંગલંડના દખણ ભાગના રેહેનારા લોકોમાં હેવો વીચારછે કે મરદો સંગલા "ઘાઘરા" (કીલટ) પેહેરેછે, પણ એ ચુકછે. ઘણાજ માહેલા ભાગમાં એ કીલટ પેહેરવાની ચાલ કોઈ કોઈ ઠેકાંણે રહી ગઈછે, પણ બાકોના સંગલા ભાગોમાં મરદો ઈંગરેજોની માફક પાટલુન પેહેરેછે, અને છોકરો માતરે ૧૦—૧૨ વરશની ઊમરે પોંહાંચે તાંહાં તુલોક ગુડણ સુધીનો "ઘાઘરો" રાખેછે. મુંબઈના લોકોને "ઘાઘરા રીજમીટ" અંજાંણી નથી, પણ હેવા રીજમીટોમાં હાઈલાંનડરસ કરતાં બીજા પરાંતોના માણસોનાં ભાગ વધુછે, અને "ઘાઘરા" નો પોશાક માતરે અસલ નામને ખાતર રાખેલોછે. એ તરફની ઓરતો ઘણુંકરીને માથે "બાનેટ" ની જગોએ રૂમાલ બાંધેછે. અને તેઓના ગવનની કીનારી પગની ઘુંટીથી આસરે ૪—૫ ઈંચ ઊંચી રેહેછે, પણ જેનામાં જોડો પેહેરવાની શકતી હોએછે, તેઓ પોતાના પગના એ ભાગને રંગીન મોજાંથી ઢાંકેછે, નહી તો જોડા ઈઆ મોજાં વગરજ ફરેછે. બચ્ચાંઓ ઘણુંકરીને જોડા વગર ફરેછે. દનપર દન હાઈલાંડરસ લોકોની વસતી બીજા ઈશકાચ લોકો સાથે ભેલાતી જાએછે. ઘણાખરા મરદો ઈંગરેજી જબાન જાંણેછે, અને ઈશકાચ લોકો તેઓને પોતાથી કાંઈ જુદા ગણતા નથી. આગલા વખતમાં અલબત એ લોકો પોતાના પાહાડો અને ડુંગરોમાં રહીને આસપાસની બીજી વસતી સાથે થોડો વેહેવાર રાખતા હતા, તારે તેઓ રીતભાંતમાં ખરેખર જુદા હતા,

પણ આજે અરસપરસની આવજાવ વધેઆથી એ જુદાઈ દરરોજ કમતી થતી જાએછે. ગલાશગો મધે હમારાં લાડજીંગની માલેક ૬૦) વરશની ઊપરની ડોસીછે, તે હમોને કેહેછે કે જારે તે નાધલી હતી તારે તેણીએ હાઈલાંડરસનાં એક લગન જોએઆં હતાં તે તેણીને બરોબર ઈઆદછે, તારે પરણનાર વર પોતાની સાથે દોસતો તથા ખેશીઓને લઈને "બાગ પાઈપ" તથા વાજું વજાડતો કનેઆને ઘેર જતો હતો, પણ આજે સુધરાઈને લીધે હાઈલાંડર લોકો પોતાનાં લગન ઊપર હેવો તમાશો કરવાને શરમાએછે. મારગમાં જીપશી લોકોનાં હમોને બે ટોલાં રખડતાં મલેઆં હતાં, તેઓનો હાલ અને ગાડી પછવાડે દોડીને માગવાની રીત આપણાં હીંદુસથાંનનાં હેવીજ કીસમનાં ભીખારીઓથી કાંઈજ જુદી નહી હતી, માતરે તેઓના ચેહેરાનો રંગ સફેદ હતો અને પોશાક ઈઊરોપીઆંનને વધારે મલતો આવતો હતો. હમારી ગાડી ૮) કલાકે ઓબન આવી પોંહોંચી હતી, અને કાલીડોનીઅન નામનું મોહોટું હોટેલછે તેમાં હમોએ મુકામ કીધો હતો. આએ મોહોસમમાં જેમ ઊતર તરફ આવીએછે તેમ રાત થોડો વખત રેહેછે. આજે રાતનાં ૧૧ કલાકે અંધારૂં થાઈઊં હતું, અને ૧।। વાગતામાંતો પાછું ઊજરડું પડીઊં હતું. એ સબબ ઊપરથી હમો રાતના ૮ કલાકે ઓબન આવી પોંહોંચીઆ. તોપણ તે પછી બે તરણ કલાક ઊજરડાંમાં હમોને ફરીને એ જગો જોવાને બની આવીઊં હતું. ઓબન એક નાધલું પણ ઘણું સુંદર બંદર ઈસકાટલાંડના આઠમણ કીનારા તરફ આવેલુંછે. એ જગોએ રોજગાર કસો ચાલતો નથી, પણ મોજને ખાતર મુસાફરોએ તેહેને પોતાનું મથક કીધુંછે, તેથી કોઈ કોઈ દીવસે બાહેરથી ૫૦૦ માણસો સુધી મોજને ખાતર આ જગોએ આવેછે, અને પછી આસપાસની જગાઓ તરફ ફરવા જાએછે, તેઓને કીજે હોટેલો પુરતાંછે, અને બીજું એક અતીશે મોહોટું નવું હોટેલ દરીઆ કીનારા તરફ બંધાએછે.

તા૦ ૨૧ મી જુલાઈ સને ૧૮૬૩ ને મંગલવાર—આજ રોજે હમોએ વેહેલા ઊઠીને ઈસટાફા તથા આઈઓનાના ટાપુ જોવા જવાની

[જુવો સફે ૪૭૭.]



સ્ટાફાના ટાપુમાં—ફીનગાલનો ગોફો.

તઈઆરી કીધી હતી. દર અઠવાડીઆંમાં તરણ વાર એ તરફ આગબોટો જાએછે તેજ આગબોટ ઊતારૂઓને રાત અગાશે ઓબન ખાતે પાછી લઈ આવેછે. હમો એક સુંદર ઈસટીમર (ફેરી) માં સવાર થાઈને ઓબ નથી સહવારનાં ૮) કલાકે નીકલીઆ હતા. ઓબનની સાંમણે "મલ" નામનો એક ટાપુ આવેલોછે અને તાંહાં "ટોબરમારી" કરીને એક બંદરછે જે તોફાંની વખતમાં અમેરીકાથી આવતાં બારકસોને બંચાવને કીજે ઘણું કામ આવેછે, તે બંદર કરીને હમારી આગબોટ "આટલાંનટીક" સમુદરમાં ચાલી હતી, અને ૧૨।। કલાકે હમો ઈસટાફાના ગોફા આગલ જાઈ પોંહાંચીઆ હતા. દુનીઆં મધેની અજાએબ ચીજો (વનડરસ આફ ધી વરલડ) ને લગતું હમોએ આ ગોફાઓ વીશે નાધપણમાં ચોપડી મધે વાંચીઊં હતું, તથા તેઓ મધેના "ફીનગાલ કેવ" નામના નામીચા ગોફાનો ચીતાર જોએઓ હતો, તે અચરતી ઊપજાવનારો ગોફો નજરે જોશું હવો તે વખતે હમોને કદી ખેઆલ હતો નહી. એ ગોફા દુનીઆંમાં એકલાછે તેમાં કાંઈબી શક નથી. હજારો વરશે દરીઆની અંદરથી પથ્થરનો ખડક ધીમે ધીમે ઊગીને બાહેર નીકલેછે, તેજ માફક ઈસટાફા મધે ખડકની વતી પાણીમાંથી ચોરસ, પાંચ ખુંણાં, ઈઆ છ ખુંણાંના ઈઆ ગોલ પથ્થરના ઊભા થાંભલા નીકલેલાછે. આ થાંભલા એકબીજાની પાસે ખીચોખીચ આવેલાછે, પણ કોઈ જગોએ ઊંચા અને કોઈ જગોએ ટુંકાછે, અને પાસે જઈને જોઈએ તો જેમ પથ્થરોને એકબીજા ઊપર ગોઠવી તેની સાંધ પુરીને થાંભ ઊભા કીધા હોએ તે માફક જણાએછે. પથ્થર અતીશે કઠણ જાતનોછે જેને ઈંગરેજો "બાશાલટીક" કરીને કેહેછે, અને તે દરીઆ મધેથી થાંમલાના આકારમાં ઊગેછે. હવી નવાઈ જેવી બનાવટના ડુંગરની અંદર તરણ ચાર બાજુએથી પાણીના જોરને લીધે ખુદરતી ગોફાઓ બનેલાછે, તે માહેલો "ફીનગાલ કેવ" નામનો નામીચો ગોફો અતીશે હેરતમાં નાખે હવોછે. (જુવો એ ગોફાનો ચીત્ર આ સાથે જોડેલોછે તે) એ ગોફાની અંદર ૨૨૭) ફીટ સુધી મુસાફરને લઈને બોટ તરતી જાઈ શકેછે. બોટ મધેથી જોઈએ તો, માથે ૯૬) ફીટ ઊંચાઈએ

પથ્થરનું એક સલગ આરકું દીસેછે, તેમાં બાજુનાં હારેદાર લાગેલાં (પાણી મધેથી ઊગેલા) થાંભલાઓની ઊંચાઈ ૬૬) ફીટનીછે, અને તેનાં ઊપર બાકીનું ૩૦) ફીટનું એક ખુદરતી આરકુંછે. એ ગોફો ૨૨) થી તે ૪૨) ફીટ સુધીનો પોહોલોછે. એ ગોફો, થાંભલા, આરકું સુધાં તમામ ખુદરતી બનેલોછે, તેમાં આદમીની કારીગીરી કાંઈજ નથી. ગોફાની તલેનાં પાણી જે ઊપરથી બોટ ચાલી જાએછે તે પાણી ઘણાંજ નીતરાં અને સાફછે, અને તેહેને તલીએ તરેહવાર લીલો, તથા સફેદ પથ્થર પાણી માંછે, તેહેનો રંગ જોવા લાએક લાગેછે. એ ગોફાની અંદરને છેડે જઈ પોંહોંચીઆ પછી હમારા શોખતીઓએ "ગાડ સેવ ધી કુવીન" નું ગીત ગાએલું હતું, પછી બોટ પાછી બાહેરની બોરદુમાં આવી હતી, તાંહાંથી ઊતારૂઓ ઊતરીને જે થાંભલાઓ પાણી માહેથી થોડા થોડા નીકલેલા હતા, તેઓની ગોએઆ પગતી કરીને ગોફાની અધવચ તુલીક ચહડીઆં હતાં, અને એ ગોફાનો પુરતો દેખાવ જોએઓ હતો. કેટલાએક લોકોએ અથોડીથી પથ્થર ભાંજીને પોતાની પાસે નીશાંન દાખલ તેના કટકા રાખેઆ.—પછી ગોફાની બાજુ આગલથી દોરડાં બાંધેલાં હતાં તેનો આસરો પકડીને તથા એક બે ઠેકાંણે લાકડાંની સોહીડીઓ બનાવીને તેની મદદથી ગોફાને માથે જમીન ઊપર આવેઆ, કે જેનાં ઊપર ઘાસ ઊગેલું હતું. એ જગોએથી બીજા બે ગોફા જેઓને મથાલાં નથી તે જોવામાં આવેછે. ઈસટાફા ઊપર વસતી મુતલક રેહેતી નથી. આ અચરત સરીખો ટાપુ જોતાં આસરે એક કલાક લાગેઓ હતો, પછી બોટોમાં બેશીને સંગલા મુસાફરો પાછા આગબોટ ઊપર આવેઆ. ઘણુંકરીને એ તરફ દરીઆમાં અતીશે તોફાંન થાએછે, અને કોઈ વેલા "ફીનગાલ કેવ" માં ૩૦) થી ૪૦) ફીટ ઊંચો દરીઆનો મોજો મારેછે, અને અંદરથી તોપની મીસાલનો આવાજ નીકલેછે, તારે તે વેલા અંદર જવાઈ શકાતું નથી, અને તોફાંનની ધાસતીને લીધે ઘણાં લોકો આ જગો જોવા જવાને ડર ખાએછે, પણ હમોને સમુદર અતીશે ઠંડો મલેઓ હતો.

"ઈસટાફ્ર" છોડીઆ પછી હમારી આગબોટ આસરે એક કલાક દખણ તરફ ચાલી હતી, અને આઈઓનાનું બંદર કીધું હતું. એ જગોએ એક જુનું અને ભાગી પડેલું દેવલછે તેનાં એક ભાગ વીશે હેવું કેહેવાએછે કે તે ૧૩૦૦ વરશનો પુરાંનોછે. આ વાત ખરીછે કે ઈશવી સનેની છઠી સદીમાં સેંટ કોલમબસ નામનો એક ખરીસટી ધરમ આચારી પોતાની સાથે કેટલાએક પાદરીઓને લઈને આ આઈઓનાના ટાપુમાં આવી વસીઓ હતો, અને એ જગોએથી પોતાનાં માણસોને હાઈલાંડમાં તથા ઈસકાટલાંડ દેશના બીજા ભાગોમાં મોકલીને ખરીસટી ધરમ ચાલુ કીધો હતો, તે આગમજ ઈસકાટલાંડ દેશમાં ખરીસટી ધરમ ચાલુ નહી હતો. એ પછી એ જગોએ ધરમ આચારીઓની એક મદરેસા નીકલી હતી, અને એ ટાપુ હેવો તો પવીતર ગણાતો હતો કે આસપાસના મુલકના સરદારો તથા ઈસકાટલંડ દેશના પાદશાહઓ તથા નારવે દેશના પાદશાહઓ જે મરણ પાંમતા હતા તેઓની લાશને લાવીને આએ જગોએ દાટતા હતા. હેવી કેટલીએક કબરો પુરાણા ચીતારો તથા તખતીઓ સુધાં આજે જોવામાં આવેછે. આઈઓનાથી નીકલેલી હમારી આગબોટ "મલ" ના ટાપુનો દખણ કીનારો ખેડતી સાંહાંજનાં ૭) કલાકે પાછી ઓબન મધે આવી પોંહોંતી હતી. હમારી સાથે આજે જે મુસાફરો હતા, તે શોખવાલા તથા હોશીઆર હતા, તેઓની વાત આસપાસના મુલકની તવારીખ તથા બીજી હકીકત સંબંધી ઘણી ખુશી ઊપજાવતી હતી. હમોને આગબોટ ઊપર ગલાશગો મધે સાંચા બનાવનાર એક ગરહસથ મલીઓ હતો, તેણે જાણેઊં કે હમો હીંદુસથાંનથી આવેલા છઈએ, પણ કોણ ગનેઆતના છઈએ, ઈઆ કોણ છઈએ તે વીશેની તેહેને ખબર હતી નહી, પણ વાત કરતાં હમોને કેહેવા લાગો જે—હરકોઈ પારકા લોકો વીશે આપણે ઘણી વખતે ગેરવાજબી મત બાંધીએછે, પણ જારે નજદીકનો વેહેવાર પડેછે તારે તેઓના સારા ગુણો પીછાંણીએછે. એટલું કહીને તે બોલીઓ જે "લંડન મધે ગરેટ સેંટ હેલનસમાં એક "ઈંડીઅન ફરમ" (પેહેડી) છે, તેને શા મીલ (સાંચાની કરવત) જોઈતી

ઉઠી હું તે પેહડીવાલા પાસે ગએઓ, અને કહીઊં કે જે ખરચ લેવશ તમાંથી જેટલા ટકા ડીસકાંઊંટના થાએછે તે તમોને મલશે, તારે તે ગરહ સથે મહને બેસાડીને કહીઊં કે હમો એ પરમાંણે ટકા પોતે લેતા નથી, તમારી પાસેથી હું કાંઈ ચીજ લેઊં અને ટકા મજરે આપો તો તમારા આંકડામાંથી બાદ કરજો. હમો હમારા આડતીઆ પાસેથી હમારી વાજબી હકસાઈ લઈજીએછે, તેથી વધુ હમારેથી લેવાએ નહી. એ ઈંડી અન ગરહસથને મોહોડેની વાત સાંભલીને હું ઘણો અચરત થાએઓ હતો, અને તેહેની ઈમાનદારી વીશે મહને ઘણું ઊંચું મત આવીઊં હતું." આ વાત સાંભલી હમોએ કહીઊં કે તેતો મી૦ દાદાભાઈ નવરોજજી, તારે કહીઊં કે હા—એજ નામ. મી૦ દાદાભાઈના જેહેવા સારા દાખલાથી હીંદુસથાંનના વેપારીઓની કીરતીમાં વધારો થાએ તેમાં શક નથી.

તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૬૩ ને બુધવાર—આજે સહવારનાં ૮) કલાકે ઈસટીમરમાં બેશી ગલાશગો પાછા જવા સારૂં હમોએ ઓબન છોડીઊં. ઓબન ખાતે હમો જમીન તથા શરોવરોને મારગે આવીઆ હતા, પણ પાછા દરીઆને મારગે ગલાશગો જવાની ગોઠવણ કરી હતી. હમારી ઈસટીમર કેટલાએક નાધલા ટાપુઓની વચ્ચેથી રસતો કાપતી તથા સલેટની એક મોટી ખાંણની બોરદુમાં થાઈને ૧૨ાા કલાકને અમલે કરીનાન નામનાં એક નાધલાં મુકાંમ આગલ આવી પોંહોંચી, અને તાંહાં સંગલા ઊતારૂઓ ઊતરી પડેઆ, "કરીનાન" થી આસરે દસ માઈલ ઊગમણ તરફ જમીનને મારગે "આડરીશેગ" નામનું એક નાધલું બંદર આવેલું છે આ બંદરને કરીનાન સાથે પાણીની એક નેહેર બાંધીને જોડી લીધેલું છે, અને એ નેહેરને રસતે નાધલાં બારકસો આવ જાવ કરેછે. પાણીની હાવી નેહેર ઊપર સફર કરવાનું હમોએ આજ દીનેજ જોઈઊં હતું, તેથી તે હમોને ઘણું નવાઈ જેવું લાગું હતું. ઈસટીમર ઊપરથી ઊતરીને નેહેરના છેડા આગલ બે તુતકનું એક નાધલું બારકસ તરતું હતું, તેમાં સરવે ઊતારૂઓ બેઠા, પછી બાજુના કૌનારા ઊપર બે સવારો તરણ ઘોડાને લઈ આવીઆ હતા, તે ઘોડાઓની પીઠ

પછવાડે લાકડાંની સાથે હમારાં બારકસનાં દોરડાં બાંધીઆં, પછી તે ઘોડાઓ ઊતાવલી ચાલથી દોડવા લાગા, અને તેઓની સાથે હમારૂં બારકસ પાણીમાં ખેંચાતું ગએઊં. આસરે ચાર માઇલ સુધી એ રીતે ચાલેઆ પછી હમારાં મોહોડાં આગલની જમીન ઘણી ઊંચી અને પાહાડી દેખાવા લાગી, તેથી અલબત હમારાં બારકસ આગલનાં પાણીની સપાટી તેટલી ઊંચી નહી હોવાથી હમારૂં બારકસ ઊંચે ચહડી નહી શકે. પણ એ અડચણ ટાલવાને સારૂં એ નેહેર બાંધનારાઓએ તારીફ લાએક હીકમત કામે લગાડીછે. જારે ઊંચી જમીન હમારી નજદીક આવી, તે વેલાએ હમારૂં બારકસ જાંહાંસુધી પાણીમાં ચાલતું હતું તાંહાં પછવાડેથી લાકડાંના બે મોટા અને ઊંચા દરવાજા હતા તે બંધ કરે આમાં આવેઆ, અને તેજ માફક હમારાં બારકસનાં મોહોડાં આગલ બે દરવાજા હતા તેઓનાં તલીઆં આગલ બારી હતી, તે બારી એક ચકરની મારફતે ઊંચકી, એટલે હમારાં મોહોડાં આગલના દરવાજાની બારી મધેથી નેહેરનું પાણી હમારી તરફ આવવા લાગું, અને હમારી પછવા ડેના દરવાજા બંધ હતા તેથી તે પાણી બાહેર નીકલી જાઈ શકેઊં નહી, જેથી કરીને હમારાં બારકસની તલીએ પાણી વધેઆથી તે ઊંચકાવા લાગું, અને આસરે ૧૪) ફીટ ઊંચકાઈ રહીઊં; એ રીતે હમારાં બાર કસની તલેનાં પાણીની સપાટી હમારાં મોહોડાં આગલનાં પાણીની સપા ટીની બરોબર ઊંચી આવી, પછી હમારાં બારકસનાં મોહોડાં આગલના દરવાજા આખા ઊંઘાડા મુકવામાં આવીઆ, અને તે રસતે હમો આગલ વધેઆ. આગલ વધેઆ પછી વલી હમારી પીઠ આગલના દરવાજા બંધ કરવામાં આવીઆ, અને મોહોડાં આગલના જે દરવાજા આવીઆ તે ખોલ્લા મુકીઆ, અને હમારૂં નાધલું વાંહાંણ એ રીતે વલી એક તબક્કો ઊંચે ચહડીને આગલ ચાલીઊં. એ રીતે જેમ એક માણસ દાદરની પગતીઓ ઊપર પોતાનો પગ મેલીને ચહડેછે તેજ માફક હમારૂં બારકસ પાંચ તબક્કે એકપછે એક ઊપલી રીત પરમાંણે આસરે ૧૦૦) ફીટ ઊંચું ચહડીઊં અને આગલ ચાલીઊં હતું. એ પરમાંણે ઊંચી જમીન ઊપર

ચહડી રહેઆ એટલે પાછી નીચી જમીન આવી, અને જેમ હમારૂં બાર કસ પંગતી પગતીએ ઊપર ચહડીઊં હતું, તેમ પાછું નીચે ઊતરવું પડીઊં. બારકસને નીચે ઊતારવાની ગોઠવણ પણ ઊપલીજ રીતને મલતી હતી. ચહડાંણની વખતે મોહોડાં આગલના દરેવાજાને મારગે જેમ પાણી આવતું હતું તેમ આ વેલાએ મોહોડાં આગલનાં પાણી નીચાં હોવાથી હમારાં મોહોડાં આગલના દરવાજાની બારી ઊંઘાડીઆથી બાર કસની તલીએનું પાણી આગલી બાજુએ ખાલી થતું હતું, અને હમારૂં બારકસ જેમ પાણી ઓસરતું જાએ તેમ નીચે ઊતરતું હતું, એ રીતે તબક્કે તબક્કે તે નીચે ઊતરીઊં હતું. એ પરમાંણે પાંચ ચહડાણનાં અને ચાર ઊતરાણનાં મલીને નવ તબક્કા હમોએ પસાર કીધા હતા. કોઈ કોઈ જગોએ નેહેરને મથાલેથી ગાડીઓ ચાલી જાએ હેવો લાકડાંનો પુલ હમારાં બારકસને નડતો હતો, પણ એ પુલો બે કટકાથી હેવી રીતે બાંધેલા હતા કે એક નાધલો છોકરો બંધે બાજુએ ચકર ફેરવે તો પુલનાં બંધે કટકા છુટા પડીને બોરહુમાં આવી જાએ, અને નેહેર ઊપરનું બારકસ પસાર થાઈ રહેઆ પછી ચકરો પાછાં ફેરવીઆથી બંધે બાજુના કટકા વલાંણ લઈને પાછા પોતાનાં અસલી મુકાંમ ઊપર આવીને પુલ જોડાઈ જાએ. આ નેહેરનો તબક્કાઓની તથા આ પુલોની ગોઠવણ હમોને ઘણીજ અચરત સરીખી લાગી હતી, અને તે સાથે નેહેર ઊપરથી આસ પાસનો દેખાવ પણ ઘણોજ રલીઆંમણો અને ખુશનુમાં લાગતો હતો. એક બાજુએ લીલોતરીથી ભરેલા ડુંગરો અને કોઈ કોઈ હાઈલાંડરનાં જુહુપડાંઓ નજર આવતાં હતાં. બીજી બાજુએ તરણ ઘોડા રાતા દગ લાવાલા બેએ જવાન સવારોના તાબામાં હમારાં બારકસને ઘસડી લઈ જતા હતા. પાણીનાં ચહડાંણ ઊતરાંણના તબક્કા આગલ હાઈલાંડરસની છોકરીઓ હાથમાં દુધનું વાસણ તથા ટમલરો લઈને કીનારા આગલથી ઊતારૂઓને કીજે વેચાતું દુધ આપતીઓ હતી. હમોએ ઘણી વખતે ધારીઊં કે આ દેખાવ કોઈ શાએરની કલમને લાએકનોછે, અને ઈસકાટ લાંડ દેશના શાએરોએ હેવા દેખાવોની સતુતી કરવામાં કોઈબી રીતની

ખામી બતલાવી નથી. કરીનાન નેહેર (કેનાલ) આસરે દસ માઈલ લાંબીછે તે પસાર કરતાં હમોને બે કલાક લાગા હતા. પછી હમો "આડ રીશેગ" આગલ આવી પોહોંચીઆ. "આડરીશેગ" એક નાધલી પણ ખુશનુમા જગોછે. તાંહાં ભાએગે ૧૦૦) ઘરની વસતી હશે, તોપણ તાંહાં "ગાસ" ની રોશનીને સારૂં એક કારખાનું હતું. આએ તરફ જો તવંગર લોકોના મેહેલ ઈઆ મોટાં ઘેરો વસતીથી ઘણાં દુર હોએછે તો તેઓ પોતાની મીલકતને લગતી "ગાસ" બનાવવાની નાધલી જગો બાંધેછે, તેમાં દર અઠવાડીએ એકવાર "ગાસ" બનાવી તઈઆર કરેછે, પછી આખાં અઠવાડીઆં તુલીક તે ગાસ રોશનીને કીજે કાંમે આવેછે. હેવા ગાસ બનાવવાના સાંચા ૧૦૦) થી તે ૫૦૦) પાંઊંડ સુધીમાં બની શકેછે, અને ગાસની રોશની સરવે કોઈને એટલીતો સુતરી અને સસતી પડેછે કે નાધલાં જેવાં ગાંમડાંને પણ ગાસ વગર ચાલતું નથી. આડરી શેગ આગલથી હમો "આઈઓના" નામની ઈસટીમરમાં બેઠા હતા. એ ઈસટીમર ઊતારૂઓને લઈને ગલાશગોથી બંદર કરતી આવેલી હતી. એ ઈસટીમર તુરતની બાંધેલીછે, અને તેનાં તરણ તુતકછે તે ઘણાં સુંદરછે, તેને એકે વખતે ૧૩૫૦) ઊતારૂઓ લેવાનો સરકારથી હુકમછે, પણ કોઈ વેલા તેથી ઘણા વધુ થાએછે, અને તે કલાકના ૨૦) માઈલ ચાલેછે. હમો આડરીશેગ આગલથી બેઠા તાંહાંથી એક બે બંદર કીધા પછી "રાઠશે" આગલથી હમોને પુશકલ ઊતારૂઓ મલેઆ હતા. એ રીતે ઊતારૂઓની ગીચથી આગબોટોના માલેકોને સસતી કીમતે ઊતારૂઓને લેવાને બની આવે તેમાં નવાઈ નથી. આએ "આઈઓના" ઈસટીમરને મુંબઈનાં બારાં માહેલી પુરાંણી "કરનાક" અને "ફલાકસ" ઈઆ "વીકટોરીઆ" સાથે સરખાવીએ તો તેઓમાં કેટલો તફાવત ? ચાર વરશ ઊપર બાંધેલી આગબોટો તો આજે ગલાશગોમાં જુની રીતની ગણાએછે. "આઈઓના" આગબોટ હાવી ઊપીઓગીછે, અને તોફાંની દરીઆમાં જવાને શકતોવાનછે, તોપણ તેહેની કીમત માતરે ૧૬૦૦૦) પાંઊંડનો થાઈછે. હમારૂં બારકસ "કલાઈડ" નદીને મારગે ૭।। કલાકે

ગલાશગો આવી પોંહોંચીઊં હતું. કલાઈડ નદીમાં દાખલ થાએઆ એટલે ગલાશગો શેહેરની મોહોટાઈ તુરત માલમ પડી આવેછે. આજે "કલાઈડ" નદી ઊપરની તમામ ગોદીઓ મલીને ૧૬૦) નાધલાં મોહોટાં બારકસો બંધાએછે, તે લગભગ સંગલાં લોહોડાંનાંછે, અને તેઓમાં તરણ મોહોટી મનવારો તરકીનાં સુલતાંનને કીજે બાંધેઆમાં આવેછે, અને કેટલાંએક બારકસોને વાસતે કેહેછે કે અમેરીકાના કાનશીડરેટ ઈસટેટસને હીસાબે છુપી રીતે બંધાએછે. જે બંદરમાં હમેશાં ચાલુ ૧૦૦) થી તે ૧૬૦) મોહોટાં બારકસો બંધાતાં હોએ તે બંદરમાં દોલતનો કેટલો વધારો થાએ તે સેહેલાઈથી અટકલી શકાએછે. ગલાશગો શેહેર આજ માતરે ૫૦) વરશમાં અતીશે વધી ગએઊંછે. એ બંદર મધે નદીમાં જાંહાં અવલ ગુઠણપુર પાણી હતાં તે જગો ખોદીઆથી, તથા નદીના બંધે કીનારા બાંધી લીધાથી આજ મોહોટાંમાં મોહોટાં બારકસો કીનારાની બરોબર બોરદુમાં અથડીને ઊભાં રહી માલ ખાલી કરેછે. ગલાશગોની મોહોટાઈનું મુખીઅ કારણ તેની આસપાસની લોહોડાંની અને કોલસાની ખાંણોછે. લોહોડું તેમજ કોલસો ગલાશગોની આસપાસ ડુંગરોમાંથી અને જમીનમાંથી પુશકલ મલી આવેછે, અને આએ જમાનામાં જે મુલકમાં લોહોડું અને કોલસો જથાબંધ અને સસતો મલે તેહેની આબાદી વધવાને વાર લાગતો નથી. ગલાશગો મધે જે વાંહાંણો બાંધેઆમાં આવેછે તે લગભગ બધાં લોહોડાંનાં બંધાએછે, અને લોહોડું તાંહાંજ મલી આવીઆથી બીજી જગાઓ કરતાં વાંહાંણો બાંધવાનું અલબત સસતું પડેછે, તથા કોલસો પણ તાંહાંજ મલીઆથી તમામ લોહોડાં કામ અને સાંચાઓ બનાવવાને ખરચ ઘણો ઓછો લાગેછે.

તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૬૩ ને સનીવાર—"રાઠશે" નામનું જે નાધલું બંદર કલાઈડ નદીનાં મુખડાની બાહેર "બીઊટ" નામના ટાપુ ઊપરછે તેહેની પાસે કેમશબરો નામનો એક નાધલો ખુશનુમાં મુકામછે, તાંહાં હમારા એક મીતરે પોતાનાં ઘરમાં બે દાહાડા રેહેવાને સારૂં હમોને બોલાવેઆ હતા, તેથી આજે સહવારનાં ૭) કલાકે ઈસટીમર "આઈઓના"

માં હમો તે તરફ જવાને ઊપડેઆ, અને આસરે તરણ કલાકમાં "રાઠશે" આવી પોંહાંચેઆ. ઈસટીમર ઊતારૂઓથી ખીચોખીચ ભરેલી હતી. સરેસતાની માફક આજ સહવારનાં વરતમાંન પતરો (દરએકની કીમત ૧ પેની) તથા જે તરફ મુસાફરી કરવા જઈએ તેની વીગતની ચોપડીઓ ઈસટીમર ઊપરજ મલી હતીઓ. હમોએ નાશતો પણ ૮ાા કલાકે ઈસ ટીમરમાંજ લીધો હતો. ગલાશગોથી કલાઈડ નદીનાં મુખડા તરફ ફરવા જવાનું ઘણું દીલપસંદ લાગેછે. ઈસટીમર ઊપડી એટલે બંધે બાજુએ કીનારાને અઠડીને ઊભેલાં વેપારીઓનાં વાંહાંણો દીશેછે, તેઓ સાંચાની મદદે પોતાનો માલ ખાલી કરેછે, તે માલ ગાડાંમાં નાખીને તુરત લઈ જવો પડતો નથી, પણ કીનારાની પાણી તરફની બાજુએ વાંહાંણો અને બીજી બાજુએ માલ રાખવાનાં લોહોડાંનાં છાપરાંનાં મુકાંમોછે તેમાં માલ તુરત ખાલી થાએછે. એ વાંહાંણો તથા વખારો મુકીને આગલ ચાલીએ તો બેશુમાર ગોદીઓ નજરે પડેછે, અને તેમાં સંગલે ઠેકાંણે નાધલાં મોહોટાં કદનાં લોહોડાંનાં બારકસો બંધાએછે, તથા વાંહાંણોની મરામત થાએછે. થોડાંએક કાપડ સુતરનાં તથા ખાંડ સાફ કરવાનાં તથા સાંચા બનાવવાનાં કારખાનાંઓ પણ એ કીનારાઓ તરફ દીશેછે. ગલાશગોની આસપાસથી કોલસો તથા બીજો ભારી બર લાવવાને સારૂં જે પાણીની નેહેરો બાંધેલીછે, તે નેહેરો માહેલી કેટલીએકો એજ લતા તરફ આવીને "કલાઈડ" નદીને મલેછે. થોડા આગલ વધીઆ એટલે "પોરટ ગલા શગો" નું બંદર આવેછે. આગલ જારે ગલાશગો શેહેર આગલ નદીનાં પાણી ઊંડાં નહી હતાં તારે એ "પોરટ ગલાશગો" કલાઈડ નદીનું બંદર ગણાતું હતું, પણ હવડાં એ જગો ઘણી અગતની નથી. હમારી ઈસટી મર વલી આગલ ચાલી એટલે "ગરીનાક" નું બંદર આવીશું, તાંહાંનો મોહોટો રોજગાર પણ વાંહાંણો બાંધવાનોછે. ગલાશગો છોડીઆ પછી "ગરીનાક" તુલીકના કલાઈડ નદીના બંધે બાજુના કીનારા જુજ ખાલી જગો સીવાએ કારખાનાં, અને ગોદીઓ, તથા વખારો અને ઘરોથી ભરેલાંછે, અને બરોબર જોઈશું તો "ગરીનાક" ગલાશગોનો એક ભાગછે.

ગલાશગોથી "ગરીનાક" સુધી નદી ઊંડી કરવાનું કામ હજુ તુલીક જારી રાખેલુંછે. કેટલાંએક બારકસો એ કામમાં લાગેલાં હમારા જોવામાં આવેઆં હતાં. જાંહાં નદીને તલીએ ચીકલ હોએછે તાંહાં જેમ પાંણીની રેંહેંટ ફરેછે તે માફક ખાલી લોહોડાંનાં ટબ એક પછી એક ચકરની સાથે બાંધેલા સાંચાની મારફતે પાણીને તલીએ જાએછે, અને ચીકલથી ભરાઈને પાછાં ઊપર આવેછે, અને તે ચીકલ તે બારકસની એક બોરદુ ઊપર ખાલી થાએછે. એ ચકર ફરતું રહેઆથી નદીનો ચીકલ કાહાડવાનું કામ આખો દીવસ ચાલુ રેહેછે, અને જે જગોએ કીનારા બાંધવા હોએ ઈઆ જમીન પુરવી હોએ તાંહાં એ ચીકલ પુરવાનાં કામમાં આવેછે. નદીને તલીએ જે જગોએ પથ્થર લાગેલો હોએ તાંહાં "ડાઈવીંગ બેલ" ની મારફતે માણસો પાણીમાં રહીને તલોએથી પથ્થર ફોડીને નદીનું તલીઊં ઊંડું કરેછે. એ રીતે નદી સુધારવાનું કામ ગલાશગોના લોકોએ આજ સુધી ચાલુ રાખેલુંછે. એ સુધારાને લીધે જે જગોએ ૪૦) ટનનું બારકસ આગલ આવી શકતુંતું નહી તાંહાં ૨૦૦૦) ટનનું વાંહાંણ આજ આસાનીથી આવેછે. "ગરીનાક" છોડીઆ પછી કલાઈડ નદીની બંધે બોરદુએ થોડે થોડે કટકે તરેહવાર નાધલાં ગામડાંઓ નજરે પડેછે. આ ખુબસુરત ગામડાં અથવા મુકાંમો ઘણુંકરીને આજ ૧૫—૨૦ વરશ થાએઆં ઊગી નીકલેઆંછે, અને મુખોઅ કરીને એપરેલથી તે અકટોબર મહીના સુધી શકતીવાલાં લોકો મોજને ખાતર તાંહાં જઈને વશેછે, અને દરરોજ ધંધાને કીજે ઈસટીમર ઈઆ રેલવેમાં ગલાશગો આવેછે, અને વચલે વાધેના તથા ઊતરતે વાધેના લોકો જારે જોગવાઈ મલેછે તારે તે તરફ જાએછે. એ દરએક મુકાંમોમાં ઊતારાની જગાઓ તથા "હોટેલો" પુશકલછે, અને આવવા જવાનો ખરચ પણ જુજ થાએછે, તથા તે સાથે આવવા જવાની આખા દીવશમાં તરણથી તે ચાર વાર જોગવાઈ મલી આવેછે, તેથી હજારો લોકો એ જગાઓનો લાભ લીએછે. ગલાશગો છોડીને ૫૦ માઈલ દુર જઈએ તોપણ હેવાં મોજનાં મુકાંમો ખુટતાં નથી. તાંહાં દરીઆનાં પાણીએ નાહાવાનું પણ બની આવેછે, જે સંગલાં લોકો

ઘણુંજ સુખાકારી ભરેલું સમજેછે. રાટશે જે આ મોજ કરવાનાં મુકાં મોમાં એક અગતનો મુકાંમ ગણાએછે તાંહાં દર સનીવારે ૩૦૦ થીતે ૫૦૦ માણસો ગલાશગોથી આવીને રેહેછે. પણ એ મુકાંમ કાંઈ નવો નથી. "બીઊટ" ના ટાપુનું તે પાએતખતછે, અને તાંહાંના કીલ્લા મધે આગલ ઈસકાટલંડના પાદશાહએ ગરમીની રૂતમાં આવીને રેહેતા હતા, તથા ઈસકાટલંડના દરએક પાદશાહનો વડો દીકરો "ડીઊક આફ રાટશે" નાં નામથી ઓલખાતો હતો, કે જે ખેતાબ આપણી રાણીનો વડો પુતર પરીનસ આફ વેલસ આજ પણ પોતાનાં નામ સાથે જોડેલો રાખેછે.

માહારા મીતરનું ઘર રાટશેથી આસરે બેએ માઈલની વેગલાઈએ કેમશબરો નામની જગો ઊપર તુરતનું બાંધીઊંછે. એ ઘર ઊપર આસરે ૬૦૦૦) પાંઊંડ ખરચ લાગેલોછે, અને એટલી કીમતે હાવાં કદનું ઘર મુંબઈ મધે બાંધવાને કાંઈ મુશકેલ નથી, પણ એ ઘરનો બાહેરનો દેખાવ અને અંદરની ગોઠવણ તપાસી જોતાં માલમ પડેછે કે ઘરને ખુબસુરત આકારમાં બાંધવાનાં કામમાં અને તેહેને અંદરથી સીનગાર આપવામાં તથા ટુક જગોમાં ઘણી સગવડ રેહે હેવી રીતે ગોઠવણ કરવામાં, એ તરફના લોકો આપણાં કરતાં ઘણે દરજજે સરશછે. હીંદુસથાંનનો મુલક ગરમ હોવાને લીધે શેહેરમાં અને ગીચ વસતીમાં આએ તરફની રોનકનાં ઘરો બાંધવાં નકામાં થાઈ પડે, તોપણ આપણી તરફ વાડીઓમાં બંગલા બાંધવાનાં કામમાં ઈઊરોપીઆંન રોનક સેહેલથી વપરાઈ શકાએ, અને તે કરતાં સઊથી અગતનું એછે કે આ તરફ ઘરના જમવાના, બેશવાના, અને સુવાના ઓરડા, બબરચીખાનું, ભોએરૂં, ગરમ અને ઠંડાં પાણીનું હમામ ખાનું, અને એ સીવાએ ઘર સંબંધી બીજી તારીફ લાએક ગોઠવણો જગોનો બંચાવ કરીને કરવામાં આવેછે તે આપણી તરફ નકલ કરવાજોગછે. અતરે ઘર બાંધવાની ગોઠવણ બતલાવનારાઓ એજ કામના ધંધાદારીઓ હોએછે, તેઓને બાંધકાંમ સાથે કસું લાગતું નથી, અને તેઓ હર વખતે પોતાની "ફીઈ" લઈને સંગલાંથી સરશ ગોઠવણ બતલાવવાને તઈઆરછે. માહારા મીતરને તાંહાં તેહેના એક બે દોસતો પોતાનાં કુટુંબ

સાથે આવેઆ હતા, તથા કેમશબરોનો માલેક (બારન) પણ જમવાને આવેઓ હતો. એ છેલ્લા ધણીએ સાંહાંજના હમોને પોતાને ઘર આવવાનું નોતરૂં કીધું, તેથી જમી રહેઆ પછી આસપાસ ફરી આવીને હમો એ ધણીનું રેહેવાનું ઘર જે અસલનો "કેમશ કાશલ" નાંમનો નાથલો કીલ્લોછે તાંહાં ગએઆ હતા. એ ધણીના હાથમાં એ ગામડું આવીઆ પછી તેણે પાણીની નેહેરો બાંધવામાં અને ખેતીવાડીની સુધરેલી રોતીઓ દાખલ કરવામાં કેટલોક પઈશો ખરચ કીધોછે, અને તેથી તેહેની મીલકત ઘણી કીમતી થાઈછે. ઈંગલંડમાં તેમજ ઈસકાટલંડમાં દરએક માતબર ગરહસથ શેહેરની બાહાર રેહેછે, તે પોતાની વાડી ઊપર હમેશાં ઘણું ધેઆંન આપેછે, અને કોઈબી અંજાણી જાતનું ફુલ ઈઆ રોપો જતનથી ઊગાડીને તે વીશે મગરૂર રેહેછે. દરએક ગરહસથના બાગને લગતું એક "હાટ હાઊસ" આવેછે, તે માતરે કાચથી બાંધી લીધેલું નાથલું ઘર હોએછે, તેમાં ઠંડું પાણી ઈઆ ગરમ બાફ પોંહોંચાડવાને કીજે નલીઓ ગોઠવેલી હોએછે, અને તેમાં ગરમ મુલકનાં ફુલો અથવા જીુજ મેવો જે ઠંડાં મુલકમાં ઊગી નહીં શકે તે ઊગાડીઆમાં આવેછે. એ રીતના સીંગાર વગર કોઈબી ગરહસથનો બગીચો હમોએ ખાલી જોએઓ નથી. કેમશબરોના માલેકે પણ પોતાનો બગીચો તથા "હાટ હાઊસ" તથા પોતાની જમીન ઊપરનાં સુંદર દરખત હમારી સાથે ફરીને બતલાવીઆં હતાં. તે પોતે પરણેલો નથી, પણ તેની બેહેનો અને તેઓનાં બચ્ચાંઓ ઘરમાં આવેલાં હતાં, તેઓએ વાતચીતમાં તથા ગાવા વજાડવામાં એક બે કલાક સારી રીતે કાહાડેઆ હતા.

તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૬૩ ને રવીવાર—ગઈ રાતનાં "કેમશ કાશલ" માં સપરની વેલાએ એક જવાન પાદરી આવેલો હતો, તે આજે દેવલમાં વાઅજ કરનાર હતો, તે સાંભલવાને હમારા મીતર સાથે હમો દેવલમાં ગએઆ હતા, તાંહાં હમોને બેશવાને સારૂં એક એલાહેદી જગા આપવામાં આવી હતી. એ દેવલ "ફરી ચરચ" નું હતું તાંહાં "આરગાન" વજંતર રાખવામાં આવતું નથી. આગલ ઈશટાકપોરટનાં

દેવલમાં હમોએ જેવી ભકતી જોઈ હતી તેજ માફક આજની અજમાએશ ઊપરથી પણ હું કહી શકુંછું કે દેવલમાં ભકતી તરીકે "શાંમ" અને "હીમ" જે ગાવામાં આવેછે, તે ઘણું પસંદ કરવાજોગછે, પણ વાઅજનો ભાગ કોઈ વેલાએ સાંભલવા નહી ગમે હેવો હોએછે. અલબત સંગલા ધરમ આચારીઓની શકતી એકસરખી હોતી નથી, કોઈ વાઅજ કરનાર પાદરી ઘણો સરશ હોએછે, પણ મોહાટો ભાગ માત્રે ટાહેલુંજ કરેછે, અને કોઈ વેલાએ હસવા સરીખા અને અકલ કબુલ નહીં કરે હેવા વીચારો આપેછે. મુંબઈ મધે જરતોસતીઓ વચ્ચે વાઅજ કરાવવા વીશે આજ ઘણું થાએશિં ભલાંમણ થાએછે, પણ આએ તરફ વાઅજના નમુના જોવાથી માહારાં દીલમાં એ ભલાંમણ સંબંધી શક ઊતપન થાએઓછે, કે ઘણા સરશ વાઅજ કરનારાઓ નહી મલે તો ફાએદાને બદલે ગેરફાએદો થાએ. વાઅજ કરવાનો કાએદો હોવાથી દરએક દેવલમાં દર રવીવારે બે વાર વાઅજ થાએછે, અને દર વખતે નવી નવી બીનાઓ તો આવી શકતી નથી, અને ઘણી વેલાએ પાદરીઓની શકતી પણ પુરતી નથી, તેથી કરીને સાધારણ માણસો ઊપર વાઅજથી કદાચ સારી અસર થાએ, પણ બીજાઓ જેઓની મનશકતી મજબુત હોએ તેઓ જાહેર ઈઆ છુપી રીતે તે વાઅજની ઠેકડી કરેઆ વગર રેહેતા નથી, અને પાદરીઓની ભુલ અથવા તેઓના નબલા વીચારો તુરત પારખી કાહાડેછે, કે જેથી કરીને વાઅજથી ધારેઆ જેવી અસર થાતી નથી. બપોરનાં "લંચ" લીધા પછી કેમશબરોની આસપાસ હમોએ ફરીને વખત ગુજારેઓ હતો. જમવાની વખતે હમારો મીતર પોતાના એક જુના પીછાણવાલા શખસને બોલાવી લાવેઓ, તે ધણી ઘર સીનગારનું ફરનીચર વેચવાનો ધંધો કરેછે, અને હમોએ ધારીશિં કે તે કદાચ ઊતરતે વાઘેનું માણસ હશે, પણ તેહેની સાથે વાત કરતાં હમારી ધારણાં ખોટી માલમ પડી. શરૂઆતમાં તેણે હીંદુસથાંનમાં જે લાકડાં જુદી જુદી જાતનાં ઊગેછે તે વીશેની પોતાની પુરતી વાકેફગારી જણાવી, તથા મોલમીનમાં લાકડાંનો વેપાર ચાલેછે તેથી તે સારી રીતે વાકેફ હતો. સને ૧૮૫૧

માં લંડન મધે મોટું સંગરહસથાન થાએઆ પછી ઈંગરેજ લોકોની ફરનીચર વાપરવાની રીતમાં જે સુધારો થાએઓછે તેહેનું બેઆન તેણે હમોને કહી સંભલાવીઊં. ફરનીચર ચુંટી કાહાડવું અને ગોઠવવું તે હાલ આએ તરફ ગેએઆ એક એલમ થાઈ પડેઓછે. તારબાદ એ ધણીના બોલવા ઊપરથી હમારી ખાતરી થાઈ કે તે "લંડન ટાઈમસ" અને "સાટરડે રીવીઊ" જેહવાં પતરો વાંચવાનો માહાવેરો રાખેછે, અને પોતાના દેશની તવારીખ તથા બીજી બાબદોથી પણ સારીપઠે વાકેફછે. એ રીતે ધંધો ફરનીચર વેચનારનો, પણ એ ધણીની કેલવણી એક ગરહસથ બરોબર હતી. હેવી કેલવણીવાલાં માણસો પરચુટણ ધંધામાં ઈંગલંડ ઈઆ ઈસકાટલંડમાં વારેવાર મલી આવેછે, પણ કેહેછે કે ફરાંસ, અને જરમનીમાં દરએક પરચુટણ ધંધાદારી માણસની કેલવણી હેવીજ રીતની સારી બલકે તે કરતાં પણ સરશ હોએછે.

તા૦ ૨૭ મી જુલાઈ સને ૧૮૬૩ ને સોમવાર—આજે સહવારનાં જલદીથી ઊઠીને હમો કેમશબરોથી પાછા ગલાશગો જવા સારૂં ૭ કલાકે ઈસટીમર ઊપર બેઠા હતા. મારગમાં "ડનુન" આગલ ઊતારૂઓને ઊતારવા તથા લેવા સારૂં આગબોટ ઊભી હતી, તાંહાં ખબર પડી કે ઊતર અમેરીકાની લડાઈમાં ઊતર ઈસટેટશવાલાઓએ "પોરટ હડશન" હાથ કીધું હતું. એ સમાચાર સુધાંનાં વરતમાન પતરોની નકલો આગબોટ ઊપર વેચવા આવી હતી. એજ માફક કલાઈડ નદીના દરએક મુકાંમ ઊપર દર સહવારનાં આવતી આગબોટોમાં વરતમાન પતરો વેચનારા આવેછે, અને ગલાશગો ખાતે પાછા વલતાં ઊતારૂઓ તે ખરીદ કરીને કીનારે ઊતરેઆની આગમજ સંગલી ખબર અંતરથી વાકેફ થાએછે. વરતમાન પતરની કીમત દર નકલ એકની એક પેની કરતાં વધુ પડતી નથી, અને જે સહવારનાં એ પતરો બાહેર પડેછે તેની ૮ ઈઆ ૧૦ કલાક આગમજ લંડન મધે પારલામેંટની સભામાં શું શું તકરાર થાઈછે તેહેનો સાર તથા ઈઊરોપના સંગલા ભાગોની તાજી ખબર ઈલેકટરીક ટેલીગરાફથી મેલવીને છાપીઆમાં આવેછે. એ પતરો ખબર

અંતર સંબંધી સગવડ આપેછે, એટલુંજ નહી, પણ તેઓ કેલવણીનું એક અગતનું હથીઆરછે. જો વગર કેલવણીનો માણસ પાંચ સાત વરશ તુલીક વરતમાન પતરો વાંચવાનો માહાવેરો ચાલુ રાખેછે તો મંડલીમાં સારી રીતે વાતચીત કરવાને તે શકતીવાન થાએછે.

આજ રોજે બપોર પછી ગલાશગોની ઊગમણ બોરદુએ "સેંટ રાલકસ" નામનું નામીચું કારખાનુંછે, તે જોવાને હમો ગએઆ હતા. આ કારખાનાંમાં સોડા, સાબુ, સલફરીક આસીડ, કલોરાઈડ આફ લાઈમ, અને હેવીજ બીજી ચીજો જથાબંધ બનેછે. આ કારખાનાંનું સઊથી મોહોટું ધુમાડીઊં ૪૩૫ ફીટની ઊંચાઈનુંછે, અને તેહેની બરોબર અતી આર તુલીક ઊંચું ધુમાડીઊં ગલાશગોમાં બીજું કોઈનું હતું નહી, પણ મી૦ ટાઊનશંડ નામના એક શખસે મરણ પામેલા ઘોડા, બીજાં ઢોરો અને મુવેલાં જાંનવરો ખરીદ કરીને તેઓમાંથી ખેતીવાડીનાં કાંમસર ખાતર બનાવવા તથા સરશ અને બીજી ચીજો ઊપજાવવાને સારૂં એક અતી મોહોટું કારખાનું આજ થોડુંએક થાએઊં ઊભું કીધુંછે, તે ધણીએ પોતાનું ધુમાડીઊં ૪૫૦) ફીટ ઊંચાઈનું કીધુંછે, તેથી તેણે સેંટ રાલકસનાં કારખાનાંને પોતાથી ઊતરતો દરજજો આપીઓછે. સેંટ રાલકસનાં કારખાનાં મધે સોડા તદન નીમખમાંથી બનાવેછે, અને સસતા કોલસાને લીધે તેમ કરવાને પાલવી શકેછે. એજ માફક સાબુ, ગંધકનું તેલ, અને કલોરાઈડ આફ લાઈમ, જે કાપડને ધોઈને ઊજાસ આપવાનાં કામમાં આવેછે, તે સંગલું આતશની મોહોટી ભઠીઓ વગર કાંઈ બની શકતું નથી, અને ગલાશગોની પાસે કોલસાની ખાંણો હોવાને લીધે હેવી ચીજો એ મુકાંમ ઊપર જેમ સસતી બની શકેછે તેમ બીજી જગોએ બની શકતી નથી. સેંટ રાલકસનાં કારખાનાંમાં કેટલું મોહોટું કામ થાએછે તેહેનો અટકલો આએ વાત ઊપરથી માલમ પડશે કે તેમાં તઈઆર થાતો સોડા, સાબુ, ઈતીઆદી ભરવાને સારૂં દરરોજ ૪૦૦) બારલ (પીપ) નો ખપ પડેછે, અને પીપ સાંચાથી બનાવવાને સારૂં તાંહાં એક જુદુંજ કારખાનું કાહાડેલુંછે, તે હમોને ઘણુંજ જોવા લાએક લાગું હતું. એ પીપો બના

વવાને સારૂં જારે પરથમમાં લાકડાંને વેહેરીને તેહેના ટુકડા કરેછે તાંહાંથી એ પીપો સામાંન ભરવાને સારૂં તઈઆર થાએછે, તે તમામ કામમાં સાંચો લાગુ કીધામાં આવેલોછે, અને જે જહડપથી એ કામ થાએછે, તે ખરેખર અચરત સરીખું અને હેરત ઊપજાવનારૂં છે. પીપને સારૂં પાટીઆં વેહેરીઆ પછી તે પાટીઆંઓની ચીપ વચમાંથી પોહોલી અને બંધે છેડેથી સાંકલી પાડવી જોઈએ, તે કારણસર ભરત માડીને કરવતની માફકના સાંચા ગોઠવેલા હોએછે તેની મારફતે નાધલા છોકરાઓ અતીશે ઊતાવલથી પટીઓ પાડતા જાએછે, પણ તે કામ કરતાં તેઓને પટીઓનું ભરત લેવા ઈઆ ચીપ એકબીજાની બોરદુએ બેશતી આવશે કે નહી તે તપાસવાને કસી અગત પડતી નથી. બીજી બાજુએ બીજા છોકરાઓ નાધલાં પાટીઆંઓના કટકા લેઈને તેઓની કોર એક ચાલુ અણીદાર સાંચાની સાથે લગાડેછે એટલે તેમાં છેદ પડેછે, તે છેદમાં એક છોકરો ખીલીઓ ઠોકીને તે ઊપર બીજું પાટીઊં વીજલીની માફક ઊતાવલે ઠોકતો જાએછે, અને પછી તે જોડેલાં પાટીઆંને એક તરીજો છોકરો એક ચકરનાં દબાંન તલે મુકેછે, તે ચકરની આસપાસ એક છરી ફરેછે, તે પાટીઆંને ગોલ કાપી નાખેછે, તથા તેહેની ધાર બનાવેછે, એ રીતે પીપનાં મોહોરીઆં તઈઆર થાએછે. બીજાં માણસો પીપને સારૂં તઈઆર કરેલી ચીપોને લઈને એક છેડેથી એક વડાંની આસપાસ ખીચોખીચ ગોઠવેછે, પછી તે ચીપ તથા વડાંને એક વાસણમાં ઊતારી દીએછે, તે વાસણની અંદર બાફ જોરમાં આવેછે તેથી ચીપો તમામ નરમ વલે તેવી થાઈ જાએછે, તેહેને કાહાડીને પીપના આકાર જેવા એક લોહોડાંના દાબડામાં મુકેછે, તે દાબડો ઢંકાએઓ એટલે પીપોની ચીપ મરડાઈને એકબીજાની પાસે બરોબર આવી જાએછે, તેઓની ઊપર એ દાબડામાં આગમજથી ગોઠવી રાખેલાં લોહોડાંનાં વલાં ચહડેછે, અને પછી બાહેર કાહાડેછે તો બેએ મીનીટના દરમીઆનમાં પીપ તઈઆર થાઈને નીકલેછે. એ તઈઆર થાએલાં પીપને પાસેના એક સાંચા ઊપર મુકેછે, તે સાંચાનું હથીઆર પીપના છેડા જે લાંબા ટૂંકા હોએ તે કાપીને સરખા કરેછે, અને

મોહોરીઊં બેસાડવાને સારૂં અંદરથી વખતાર પાડેછે, પછી લોહોડાંનાં વલાં એકપછી એક કાહાડી નાખીને લાકડાંનાં વલાં બેસાડેછે, અને એક બાજુએ મોહોરીઊં જડી લીધામાં આવેછે, એટલે સામાંન ભરવાને સારૂં પીપો તઈઆર થાએછે. એ કામ સંગલું હેવી તો જહડપથી થાએછે કે તેથી અચરતી ઊપજીઆ વગર રેહેતી નથી. એ કારખાનાંનો ઊપરી જે હમારી સાથે હતો તે કેહેતો કે લાકડાંનો એક ટુકડો જાહાડમાંથી કાપેલો તેહેની અસલ હાલતમાં હોએ, તેજ લાકડાંના કટકાનું અરધા કલાકની અંદર એક પીપ ચાહે તો તે બનાવી શકેછે; ઈઆને સાંચાથી લાકડાંના કટકાને વેહેરી, તેહેની ચીપો પાડી, ઢાંકણાં બનાવી, બાફનો જોર આપી, દાબડામાં દાબી, છેડા તઈઆર કરી, વલાં તથા મોહોરીઊં જડીને, અરધા કલાકની અંદર તેનું એક પીપ તઈઆર કરી આપવાને તેનાથી બનવું મુશકેલ નથી, અને જે રીતે હમોએ એ કામ થતું જોઈઊં તે ઊપરથી એ ધણીની વાત કસી પરકારે હમોને નહી માનવાજોગ લાગી નહી. હેવા હુનરની આગલ ચાલાકમાં ચાલાક આપણો બીચારો "કોપર" શું કરી શકે? સામાંન ભરવાને સારૂં એ પીપો અલબત સાધારણ હતાં, પણ દારૂ તથા હેવીજ રીતની બીજી પાણી જેવી વસતુ ભરવાને કીજે જે મુશતકીમ પીપો જોઈએછે તે પણ વધારે તજવીજથી હેવીજ રીતે સાંચાથી બની શકેછે.

તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૬૩ ને મંગલવાર—ગલાશગોથી થોડીએક વેગલાઈએ ઠારનલી બાંક નામના મુકાંમ આગલ મી૦ વાલટર કરમ નામના એક ગરહસથનું કાપડ ધોવા તથા રંગવા તથા છીટ છાપવાનું એક કારખાનુંછે, અને જે બીજાંઓથી ઘણું નામીચું ગણાએછે, તે જોવાને હમો ગએઆ હતા. એ કારખાનાંમાં છીટ, મજલીન વગેરે બીજું કાપડ છપાએછે તેહેની તરેહ અથવા ભાંત તરાંબાના "રોલર" ઊપર કોતરવાની નામીચી હીકમત આજ થોડાંજ વરશ થાએઆં સનદ (પેટેનટ) મેલવીને દાખલ કરવામાં આવીછે, અને જે હીકમતોને "પેનટોગરાફ" કરીને કેહેછે તે હમોને પરથમમાં બતલાવીઆમાં આવીઊં હતું.

હરએક તરેહનું બીબું ઊકાડવાને કીજે અલબત માણસે લાકડાં ઈઆ ધાતુ ઊપર પરથમમાં તે બીબું ઈઆ ચીતાર કોતરવો જોઈએ, કે તે ઊપરથી પછી છાપવામાં આવે, પણ આએ નવી અને અચરત સરીખી હીકમ તથી માણસની ચીતાર સંબંધી કારીગીરીની અગત ઘણે દરજજે નીકલી ગઈછે, અને ગોએઆ માણસના હુકમ મુજબ સાંચાથી ચાલતી હીરાની કણીઓ પોતાની મેલે ચીતાર કોતરે તેમ આએ કામ થાએછે. એ હીકમત આ રીતેછે. જાંણે છીટ ઈઆ મજલીન ઈઆ બીજાં કાપડને છાપવાને કીજે કોઈ શખસ એ કારખાનાંવાલાને કાંઈ ફુલ ઈઆ જનાવર ઈઆ વેલ ઈઆ હેવીજ કાંઈ તરેહ આપે તો તે નમુનાની ઊપર બારીક આરપાર દેખાએ તેવું એક (ટરાંસપેરેંનટ) કાગજ મુકીને પેનશીલથી તેહેનો આકાર તે કાગજ ઊપર ઊતારી લીએછે. પછી એક અંધારા ઓરડામાં જાઈને કાચનો એક (કામેરા) સાંચો જેને મથાલેથી ઊજરડું આવતું હોએ તે સાંચામાં પેલું પેનશીલથી ચીતાર ઊતારી લીધેલું બારીક કાગજ મુકેછે. હવે એ કાચ હેવી તો ઢપથી બનાવીઆમાં આવેછે કે પેલાં કાગજ ઊપર જે પેનશીલનો ચીતાર પાડેલો હોએ તે અસલ કદ કરતાં પાંચ ઘણો મોહોટો થાઈને તેહેનો પરતીબીંબ ઈઆને ઓસો એક ટેબલના ઊપર પડેછે, તે ટેબલ ઊપર જસદનું એક સાફ પતરૂં મુકેલું હોએછે, તે પતરાં ઊપર કાચ માહેલો પેનશીલનો આકાર પાંચ ઘણો મોહોટો દેખાએછે, તે આકાર ઊપર એક માણસ કલમ ચલાવીને તે ચીતારને જસદનાં પતરાં ઊપર જહડપથી ઊતારી લીએછે, પછી તે જસદ ઊપર જાંહાં જાંહાં કલમથી ચીતારેલી રેગ હોએ તે મુજબ એક અણીદાર હથીઆરથી સેહેજ કોતરણી કરેછે. એ રીતે જસદની ઊપર એ તરેહ પડી રહી તેહેને "પેનટોગરાફ" ના સાંચામાં ગોઠવેછે. એ સાંચાને મઠાલે વારનીશ લગાડેલું તરાંબાનું એક "રોલર" અથવા ડબો જે ઊપર કોતરણી કરવી હોએ તે મુકીઆમાં આવેછે. તે રોલરની ઊપર પેલી જસદ ઊપર પડેલી તરેહની આકરૂતી જેટલી સમાઈ શકે તેટલી હીરાની અણીદાર કલમો ઈઆ સલીઓ ગોઠવેઆમાં આવેછે, તે દરએક

સલીને તેહેની નીચેનાં એક ચકર સાથે સંબંધછે, અને તે ચકરની હેઠલ એક બીજી મોહોટી અણી પેલાં જસદનાં પતરાંને લાગેછે, પછી એક માણસ તે મોહોટી અણીને પકડીને જસદનાં પતરાંના ચીતાર ઊપર એક બાજુએથી ચલાવતો આવેછે, અને જેમ જેમ તે અણી ચાલેછે તેમ તેમ પેલાં તરાંબાનાં રોલર (ડબા) ઊપરની તમામ હીરાની કલમો પણ ચાલેછે. તેહેની ગોઠવણ હેવી કીધેલીછે કે જેમ જસદનાં પતરાં ઊપર અસલ કરતાં પાંચ ઘણો ચીતાર મોહોટો પડેલોછે તેજ માફક રોલર ઊપર હીરાની કણીઓ ચાલીઆથી પાંચ ઘણો નાધલો (ઈઆને જેટલો જોઈએ તેટલોજ અસલ કદ માફકનો) પેલું વારનીશ કપાઈને ચીતાર પડેછે. એ રીતે રોલરનાં વારનીશની ઊપર ચીતાર પડેઆ પછી તે રોલરને ગંધકના તેજાબમાં નાખીને આસરે ૧૦) મીનીટ તુલીક ફેરવેછે. એ તેજાબનું જોર વારનીશ ઊપર લાગુ પડતું નથી, માતરે કોતરેલા ભાગ ઊપરજ લાગુ પડેછે, તેથી કરીને ચીતાર જે અસલ હીરાની કણીથી વારનીશનાં પડ ઊપર સેહેજ કોતરાએલો હતો તે તરાંબા મધે ઊંડો જાએછે, પછી તે રોલરને ગંધકના તેજાબમાંથી કાહાડીને તે ઊપરનું વારનીશ કાહાડી નાખીને સાફ કરેછે, એટલે છીટ ઈઆ મજલીન ઈઆ બીજું હરકાંઈ કાપડ છાપવાને કીજે તે ડબા કોતરાઈને તઈઆર થાએછે. એ હીકમત બરાબર જોતાં ઘણી મુશકેલ નથી, પણ તે અજાએબ જેવીછે. એથી તરાંબાના ડબા ઊપર ચીતાર કોતરવાને કીજે ચીતારાનું કામ મુતલક પડતું નથી, પણ એકુ સાધારણ માણસથી સાંચાની મારફતે તે બની આવેછે. એ નવી હીકમતથી કારખાનાંવાલાઓને પઈસાનો ગુણ થાએઓછે, એટલુંજ નહી, પણ કોઈ કોઈ વેલાએ ચીતારાઓ પોતાના હોનર ઊપર મગરૂર રહીને મોહોટો પગાર માંગતા હતા, અથવા ચાકરી ઊપર આવવાને ના પાડતા હતા, અને કોઈ વેલા એ કામ બરોબર ઊતાવલે બનતું નહી, તે બધી અડચણ આ "પેનટોગરાફ" ના હુનરની સોધથી નીકલી ગઈછે. એ પછી મી૦ કરમનાં કારખાનાંમાં કાપડ નીખારવા તથા રંગવા તથા છાપવાનું કામ હમોએ જોઈઊં હતું. એ સંગલું કામ

સાંચાથી બનેછે. કોરૂં કાપડ થોડાએક "બલીચીંગ પાઊડર" સાથે પાણીમાં નાખીને ઊકાલેછે, અને બે તરણ વખત ધોઈ નાખેછે તો હજારો તાકા ધોવાઈ તથા ગરમ રોલરો ઊપર ફરીઆથી સુકાઈને સેહેજ વખતમાં સફાઈદાર અને અસતરી કરેલા તઈઆર થાએછે. છાપવાના સાંચાથી પણ એકજ વેલાએ હરએક કાપડ તરણ ચાર જાતના જુદા જુદા રંગનું છપાઈ નીકલેછે. દરએક રંગને સારૂં જુદું રોલર રાખેઆમાં આવેછે, તે દરએક રોલર તેહેની જોઈતી જાતના રંગના દાબડામાં ડુબેછે, અને જેમ જેમ રંગમાંથી તે બાહેર ફરતું આવેછે તેમ તેમ એક છરી જેહેવું હથીઆર, જેને "ડાકટર" કરીને કેહેછે તેથી સાફ થાએછે, અને રંગ માતરે ચીતારનાં ખાંચામાં ભરાએછે, બાકીની જગો તદન સાફ થાએછે, પછી તે ચીતાર ઊપર કાપડ ફરી વલેઆથી જેમ છાપખાનાંઓમાં વરતમાન પતરો છપાએછે, તેજ માફક તે કપડું છપાઈને બાહેર નીકલેછે. એ પરમાંણે તરેહવાર રંગના તરણ, ચાર ઈઆ તેથી વધુ રોલરો ઊપર એકજ વેલાએ કાપડ પસાર થાએઆથી તે છપાઈને બાહેર નીકલેછે અને તેમાં વખત જાહાજો લાગતો નથી. હાવી નામીચી હીકમતથી ઈઊરોપીઆંન લોકોની કારીગીરી દુનીઆંના સરવે બીજા ભાગોમાં સરદારી ભોગવેછે. એક આખો છીટનો ટાકો ૩૦ વાર લાંબો અને ૦॥ વાર પોહોલો જેમાં ૩, ૪ જાતના રંગ પુરવા હોએ તે કોરાં કપડાં ઊપર છાપવાને હાવાં કારખાનાંઓમાં ધોલાઈ તથા જહલે સુધાં માતરે રૂ૧ થી ૧॥ ખરચ લાગેછે. કોઈવાર જુદી જુદી જાતના રંગનો છાપો તુરત છપાએલો દેખાતો નથી, પણ જારે તે કાપડને કેટલીએક રીતનાં મેલવણીનાં પાણીમાં નાખેછે તારે તે રંગ ખુલીને બાહેર નીકલી આવેછે. કોઈ વખતે કેટલીએક જાતના રંગનું છાપેલું કપડું એક બે દીવસ બંધ જગામાં બાફ લાગેઆથી દીપી આવેછે. રંગનાં કામમાં મનજીઠ, ફટકી, ઓકર અને હેવીજ બીજી ચીજો ઘણીખરી કામે આવેછે, પણ હમણાં કોલસાના "કોલ તાર" મધેથી કેટલીક જાતના રંગ કાહાડવાની હીકમત નીકલીછે, તેમાં "મજેનતા" નામનો ખુશનુમા ગુલાબીને મલતો રંગ કોલસા

જેવી બદસુરત અને કાલી જીનસમાંથી પેદા કરવાનો હુનર જાહેર પડે ઓછે. મી૦ કરમ પોતે પુખત વએનો પુરસછે, તેણે પોતાની જાતી મેહનતથી દરવીઅ મેલવીઓછે. તેનું કારખાનું કેટલી મોહોટી કીમતનું છે તેહેનો અડસટો તેને તાંહાં ચીતાર પાડેલાં ફકત તરાંબાનાં રોલર તરણ લાખ રૂપીઆની કીમતનાંછે તે ઊપરથી થાંઇ શકશે. મી૦ કરમ પોતે જાતે વીદવાંન રસાએન શાસતરીછે, તેણે પોતાની ખુદ સોધથી ઘણી જાતના નવા રંગ સોધી કાહાડેઓછે, અને કોઈબી નવી હીકમત વીશે તે વાત સાંભલેછે તો બનતાં સુધી તે પોતાનાં કારખાનાંમાં દાખલ કરવાને ચુકતો નથી. હવો ઘણી મોહોટી દોલતને પોંહોંચે તેમાં કાંઈ નવાઈ જેવું નથી. મી૦ કરમની પોતાનાં કારખાનાંમાં હરકોઈ તરેહનો સુધારો દાખલ કરવાની ચાલ ઊપરથી હમોને એક હકીકત ઈઆદ આવેછે, જેથી હીંદુસથાંન અને ઈઊરોપના લોકોની એકબીજાથી ફેરફાર ચાલચલણનો એક નમુનો માલમ પડેછે. મુંબઈમાં જકરીઆની મસજીદની નજદીકમાં ડુંગરી આગલ દેશી કાપડ વણવાની શેંકડો રાચ ચાલેછે, તે જોવાને હું એકવાર ગએઓ હતો. હમારી સાથે એક ઈઊરોપીઆંન ગરહસથ હતો, તેણે એ રાચ જોઈને કહીઊં કે ઈઊરોપમાં પણ આજે કોઈ કોઈ જગોએ અને અગત કરીને દુરનાં ગામડાંઓમાં હાથની રાચ કામમાં આવેછે, મગર કાપડ વણતાં આરા દોરા ભરવાનું કાટલું હીંદુસથાંન મધે હાથથી કરીને એક બાજુએથી બીજી બાજુએ ચલાવેઆમાં આવેછે, પણ ઈઊરોપમાં રાચને મથાલે દોરીની સેહજ ગોઠવણથી તે કાટલું પોતાની મેલે એક બાજુએથી બીજી બાજુએ છટકીને દોરેછે, તેથી કામ ઘણું ઊતાવલું થાએછે. હમારા શોબતીએ એ વણકરોને બીજું હેવું કહીઊં કે અતરે તમો લોકો એ કાટલું હાથે કરીને જમણી બાજુએથી ડાબી બાજુએ અને ડાબીથી જમણી બાજુએ ચલાવોછો તે કરતાં બેહેતર કે ઈઊરોપની હીકમત લાગુ કરો, અને ઈંગલંડથી પોતાની મેલે આરો દોરો ભરાએ હેવી એક રાચ મંગાવીને તે જોઈ તેહેની નકલ કરો. હમારા મીતરની આ વાત પેલા રાચના માલેકોએ ફકત સાંભલેઆ કીધી.

અને એક જણે ઊતર વાલેઆ કે હમારાં માણસો તો એજ રીતે વણતા આવીઆછે તેઓને બીજું આવડે નહી. આ વાત થાઈ રેહવા પછી કેટલીએક મુદતે મેં નાશકની પાસે શાહારનપોર મધે "જરમન મીશન" ખાતાંમો કેટલાએક હબસીના છોકરાઓને હાથથી કાપડ વણતાં જોએઆ હતા, તેઓને કીજે ઈઊરોપથી આવેલા એક નમુના ઊપરથી રાચ બનાવેલી હતી, તે રાચને માથે ઊપર જણાવેઆ પરમાંણે દોરીને ફકત આચકો આપેઆથી આરા દોરાનું કાટલું જહડપથી એક બાજુએથી બીજી બાજુએ છટકતું હતું, અને તેથી કરીને હાથે કાટલું નાખીઆનાં કરતાં ઓછામાં ઓછું બેવડું કામ થતું હતું. એ કામ જોઈ આવીઆ પછી જકરીઆની મસજીદવાલાં કારખાનાંના એક બેએ શખસોને મે તે વાત કહી, અને તે રાચ જોઈ આવવાની ભલાંમણ કીધી, પણ હું નહી ધારતો કે તે ભલાંમણ ઊપર તેઓએ કધી કાંઈબી ખેઆલ કીધો હોએ. ફકત રાચ જોવા સારૂં નાશક સુધી એકશો માઈલની મંજલ કરવી તે અલબત તેઓને ઘણું જરૂરનું લાગું નહી. બીજા હાથ ઊપર ઈઊરોપમાં કાંઈ નવી સોધની બુમ પડેછે, અને તેહનો સાંચો ચાલતો હોએછે તો કારખાનાંવાલાઓ પોતે જઈને, ઈઆ પોતાનાં માણસોને શેંકડો કોશ મોકલીને, તે હીકમત કેટલા ઊપીઓગનીછે તે વીશે પુરતી રીતે વાકેફ થાએછે, અને તેજ શબબ ઊપરથી તેઓ પોતાના હુનરમાં દંનપર દંન વધારો કરેછે. આ હાલત એક સુતેલા અને જાગરૂત માણસની માફકછે. ઈઊરોપ ખંડનાં લોકો જાગરૂતછે, ગરીબ હીંદુસથાંન બીચારૂં હજી નીંદમાંછે. ઈસ કાટલંડમાં આવીઆ પછી હમોએ સાધારણ માણસોનું મત પણ હેવુંજ જોઈ ઊંછે કે માણસ કાંઈ નવી હીકમત ઈઆ હોનર સોધી કાહાડે તો તે દોલત જલદીથી મેલવી શકેછે. આપણી તરફ શેંકડો વરશ ઊપર જે કારીગીરી હતી તેજ આજે પણ ચાલુછે, બલકે તે માહેલી પણ કેટલીક તો ડુબી ગઈછે, અને ઈઊરોપીઆંનો દરરોજ પોતાના એલમમાં વધારો કરતા જાએછે.

તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૬૩ ને ભરેસપતવાર—હીંદુસથાંનમાં તડકાંથી સરવે કોઈને ઘણો કંટાલોછે, પણ આએ તરફ જે દાહાડો

વગર ઘેરાએલાં વાદલનો અને તડકાંનો જાએછે, તારે સરવે કોઈ તેહને મોજ ભરેલો દીવસ ગણેછે. અતરે અલબત હીંદુસથાંનની માફક તડકું સખત કદી પડતું નથી, પણ હમણાંની ગરમીની મોસમમાં શમઘાત તડકું ઘણી વખત લાગેછે, અને જારે હેવું તડકું લાગત ૧૦, ૧૫ દીવસ રેહેછે તારે ખેતીવાડી ઘણી સુધરેછે, અને સારી હવાની સરવે જગોએ તારીફ થાએછે. હું અતરે આવીઆ પછી હેવી રૂત ઘણા દાહાડા રહીછે, અને માહારા મીતરો મહને તેટલા સારૂં દરરોજ કેહેછે કે હુંએ ઈસકાટલંડની રૂતુનો એ નમુનો સમજવો નહી, પણ પંદર દીવસ ઈઆ તેથી વધારે જાથુક તડકું પડે અને આકાશ ખોહ્લું રેહે હેવો દેખાવ પાંચ સાત વરશે એકવારજ નજરે પડેછે, બાકી ગરમીની રૂતુમાં પણ ચાર દાહાડા તડકું તો તરણ ચાર દાહાડા વરસાદનાં ઝાપતાં અને ઘેરાએલું વાદલ નજર પડેઆ વગર રેહેતું નથી. પણ આજ સહવારના ઈસકાટલંડની ખરાબ હવાનો નમુનો જોવાથી હું બેનશીબ રહેઓ નહી હતો. આસરે ૮) કલાકે બાહેર નીકલતાં તમામ મોહોલાઓ ધુમસથી ભરેલા માહારા જોવામા આવીઆ, તે હેવું કે ૨૫) કદમ દુરથી આવતો માણસ ઈઆ ગાડી બરોબર નજરે પડે નહી, અને સુરજ હેવી રીતે દીશતો હતો કે કધી તે પરમાંણે માહારા જોવામાં આવીઓ નહી હતો. હું જાણતો હતો કે હમણાં પુનમનો સમોછે, અને સુરજ મહને હેવો દેખાએઓ કે ગોએઆ પુનમનો ચંદરમાહ પોતાનાં પુરતાં કદથી સહવારની વેલાએ દીસતો હોએ, તોપણ ખચીત થવાને વાસતે મેં માહારા શોબતીને પુછીઊં કે આએ ચંદરમાહછે, સુરજ તો નથી ? તેણે ઊતર વાલેઓ કે નહી એ સુરજછે, પણ ધુમસને લીધે ગોએઆ વગર ગરમીનો હોએ તે માફક રજાલ વગરનો નજર પડેછે. હીંદુસથાંન તરફ કેહેવતછે કે સુરજની સાંમણે કોઈથી જોવાઈ શકાતું નથી, પણ તે વાત આજના દેખાવથી આ તરફ લાગુ પડતી લાગતી નથી. આજના સુરજ તરફ જોતાં આંખને લગારબી જાહાલ લાગતી હતી નહી, અને જે માફક ચંદરમાહ તરફ જોઈએછે તેજ માફક જોવાને બની આવતું હતું.

કોલસા—એ ઈંગલંડ તથા ઈસકાટલાંડ દેશોની દોલત અને મોહોટાઈનું મોહોટું મુલછે, તેની એકુ ખાંણ જોવાનો કેટલાએક દીવસ થાએઆ માહારો એરાદો હતો, અને આજે તે એરાદો અમલમાં લાવવાને બનીઊં હતું. ગલાશગોની આસપાસ કોલસાની ખાંણોનો કાંઈ તોટો નથી. એ ખાંણો જમીનની સપાટીનો નીચે ૧૦૦) થી તે ૧૧૦૦) ફીટ તુલીક ઊંડાંણમાં હોએછે. ગલાશગોથી આસરે ૩૦) માઈલ દુર મધરવેલ નામનાં એક મકાનની કોલસાની ખાંણ જોવાને હમો ગએઆ હતા. રેલવે ઊપરથી ઊતરેઆ પછી એક નાધલું સુંદર ગામડું તથા કેટલીએક ખેતીવાડીની જમીન હમોએ ગાડીમાં પસાર કીધી. હમોને જણાવેઆમાં આવીઊં કે હમારી ગાડી ચાલતી હતી તેહેની અને ખેતરોની તલીએની તમામ જમીન કોલસાની ખોધી કાહાડેલી ખાંણોથી પોકલ થાએલીછે. ખાંણની આગલ જઈ પોંહોંચીઆથી જમીનની બાહેર કોલસાના ઢગલા, ગાડાં, બાફનો સાંચો રાખવાનું નાધલું ઘર, અને લાકડાંનો બનાવેલો એક મારીઓ, જાંહાં જમીનનાં પેટમાંથી કોલસા પર થમ ખેંચાઈ આવેછે, તે સીવાએ બીજું કાંઈ દીશતું નથી. બાફનો સાંચો ઈઆરીની મારફતે જમીનમાંથી કોલસાની ભરેલી ગાડીઓને ઊપર ખેંચી લાવેછે, તે ગાડીઓને લાકડાંનાં મારીઆ ઊપર તુરત ખાલી કરેછે, તેજ વેલાએ કોલસા મારીઆ ઊપરથી ઢલતા નીચે રાખેલાં ગાડાંઓમાં પડેછે, પણ ગાડાંઓમાં પડેઆની આગમજ જે જગો ઊપરથી કોલસો ઢલીને પડેછે તે ઢેલાવને તલીએ ચારણાની માફક મોહોટા છેદ પડેલા હોએછે તેથી તે છેદને રસતે બારીક કોલસો નજદીકનાં ગાડાંમાં પડેછે, અને કોલસાના મોહોટા કટકા આગલ વધીને બીજાં ગાડાંમાં પડેછે. એ રીતે ગાડાંમાં પડેઆની આગમજ બારીક અને મોહોટો કોલસો વીનાઈને એકબીજાથી જુદો થાએછે. ગાડાં ભરાએઆં કે તુરત તેઓને આગલ કાહાડીને એક ચોકસ જગો ઊપર ઊભાં રાખેછે. તે જગોની તલીએ કમાન હોવાથી, અને તે કમાન ઊપરનાં દબાંનનું માપ એક શખસની લખવાની ટેબલની સાંમણે હોવાથી તે ધણી બેઠો બેઠો

કોલસાનો તોલ જોઈને પોતાની ચોપડીમાં નોધી લીએછે, અને ગાડાંઓને લઈ જવાનો હોકમ આપેછે. કોલસાને કોજે જમીનને કાંઈ ઊખેડી કાહાડીને કોલસો કાહાડેઆમાં આવતો નથી, પણ હીંદુસથાંનમાં પાણીને સારૂં જેમ ઊંડા કુવા ખોદીએછે તે માફક એક સાંકલો કુવો પરથમમાં ખોદીઆમાં આવેછે, પછી તે ખોદતાં ઊંડાણમાં જાંહાં કોલસાનું પર નજર આવેશિં તાંહાં અચકીને જે બાજુએ કોલસો લાગો હોએ તે બાજુ તરફથી કોલસા કાહાડવાનું ચાલુ થાએછે, અને જમીનને ઊભી તથા આરી ખોદીને તેહેનાં પેટાં માહેથા કોલસો કાહાડી લીએછે, અને ઊપર જણાવીશિં તેમ ઘણી વેલાએ હેવું બનેછે કે મથાલેથી ઘરો તથા ખેતરો હોએછે, અને તેહેની ૫૦) ઈઆ ૧૦૦) ફીટ નીચેની તમામ જમીન કોલસાની ખાંણ ખોદી કાહાડેઆથી પોકલ હોએછે.

કોલસાની ખાંણ ઈઆ બરોબર બોલીએ તો કોલસાના ઊંડા ગારમાં જવાને સારૂં ઘણા લોકો આચકો ખાએછે, પણ તેમાં ઊતરવામાં કસી અડચણ જેવું નથી. હું અંદર ઊતરેઆથી ઘણી ખુશી પામેઓ હતો. કપડાં ખરાબ નહી થાએ એટલા માટે આપણાં દીલ ઊપરનો દગલો અને પાઘડી ઈઆ ટોપી કાહાડી નાખીને એ જગોનો એક જાડો દગલો તથા ટોપી પેહેરવી પડેછે. એ પોશાક પેહેરીને કુવાના મથાલાં આગલ આવીએછે, તાંહાં એક "હાઈશટ" અથવા પીજરાંના આકારનું એક ફાલકું હોએછે તેમાં જઈને ઊભા રહીએછે, પછી બાફના સાંચાથી તે ફાલકું જમીનના અંદર ઊતરવા માડેછે. એ વેલાએ એક ઘણાજ અંધારા ઊંડા કુવામાં આપણે ઊતરતા હોઈએ તે માફક દીલમાં લાગેછે. જે ખાંણમાં હમો ઊતરેઆ હતા તે જમીનની તલીએ ૪૦૦) ફીટ ઊંડાંણમાં હતી. આ ઊંડાંણ કાંઈ ઘણું ગણાએ નહી, કાંએકે બીજી ખાંણો ૧૦૦૦) ઈઆ ૧૧૦૦) ફીટ જમીનની અંદર હોએછે. તલીએ ગએઆ પછી અતીશે અંધારાંને લીધે પરથમમાં કાંઈ નજર આવતું નથી, પછી આંખ ધીમે ધીમે ઠરેછે, અને આપણે જોઈએછે કે ભુગદાની માફક જગો જગોએ ખાંણ કોતરી કાહાડીને કોલસો કાહાડી લીધેલોછે. હેવા ભુગદા

કોઈ વેલા ઘણાજ લંબાંણ જાએછે, તેથી દુરથી કોલસો લઈ આવવાને કીજે લોહોડાંની સડકની માફકના પાટા જમીન ઊપર મુકેલા હોએછે, તે પાટા ઊપર નાધલાં ગાડાં ફરેછે, અને તે ગાડાં ખેંચી લાવવાને સારૂં એક નાધલો બાફનો સાંચો કામે લગાડેલો હમારા જોવામાં આવીઓ હતો. એ ભુગદો કાપતાં ઊપરની જમીન તુટી નહી પડે એટલા માટે તેહને ટેકા આપવા સારૂં થાંભલા જગો જગોએ રાખેઆમાં આવેછે. આ ખાંણમાં દરએક માણસ જે કામ કરેછે તેહની ટોપીની સાથે કપાલ આગલથી એક નાધલી બતી લટકાવેલી હોએછે, તે બતી જાંહાં તે માણસ જાએછે તાંહાં તેહને રોશની આપેછે, અને તે હેવી રોતે બનાવેઆમાં તથા લટકાવેઆમાં આવેછે કે તેહને પકડી રેહેવાની જરૂર નથી પડતી, અથવા આચકો લાગેઆથી બુજાઈ પણ નથી જતી. જે ખાંણમાં આગ લાગી શકે હેવી "ગાસ" હોએછે, તાંહાં બતોની જગોએ તારનું એક જાતનું ફાંણસ વાપરીઆમાં આવેછે, કે જે સર હમફરી ડેવીનાં ફાંણસને નામે ઓલખાએછે. એ જાલીની ખુબીથી બતીને લીધે ખાંણ માંહેલી હવા સલગી ઊઠતી નથી, નહીતર આગલા દાહાડામાં કોલસાની ખાંણોમાં શેંકડો પરાંણની ઘાટ થાતી હતી. ખાંણની તલીએની જમીન કોલસાની સાથે કોઈ કોઈ જગોએ પાણીનો જહરો લાગવાથી એટલીતો ચીકલથી ભરેલી હોએછે કે હમો એથી વધારે લાંબા ચાલી શકેઆ નહી, તેથી ગાડાંની અંદર બેશીને રેલથી ભુગદાઓની અંદર જવું પડીઊં હતું. ખાંણ ખોદનારાં માણસોની હાલત આ વખતે ઘણીજ દએઆ કરવાજોગ દીશેછે. તેઓ કોલસાની ગીરદ અને ચીકલમાં આખો દીવસ કામ કરેછે, અને કોલસા ખોદી કાહાડી તેનાં ગાડાં ભરીને પેલા કુવાની હેઠાંણમાં રવાંને કરેછે, પછી તે ગાડાં એમનાંએમ કુવાને મથાલે ખેંચી લેવામાં આવેછે. આગલા દાહાડાઓમાં ખાંણની અંદર ઊતરવું ચહડવું એટલું તો બીકટ ભરેલું હતું કે માણસો કેટલીએક મુદત તુલીક ખાંણને તલીએજ રેહેતાં હતાં, પણ હવડાં દરરોજ માણસો સહવારનાં નીચે ઊતરીને સાંહાં જનાં પાછાં ઊપર આવેછે. માતરે એ ખાંણની અંદર તરણ ઘોડાને

હમોએ ગાડાં ઘસડતા જોએઆ હતા, તે ઘોડાઓ વીશે હમોને જણાવી આમાં આવેઊં કે દસ વરશ થાએઆં તેઓને ખાંણની અંદરજ રાખે લાછે, અને એક બે વાર જારે આજારી પડેઆ તારે ઊપર મોકલેઆમાં આવેઆ હતા, બાકીનો બધો વખત તે બીચારાં જાનવરોએ ખાંણની અંદર રહીને ગુજારેલોછે. તેઓને કીજે જોઈતો ઘાસ, ચારો પણ ઊપરથી આવેછે. ખાંણની અંદર ઘણી વખતે કોલસાનું પર પાતલું આવેછે તારે કોલસા જેટલીજ જગો ખોડીઆમાં આવેછે, તેથી બુગડો ઘણો નીચો હોએછે, તારે વાંકું વલીને ઈઆ હાથ જમીન સાથે લગાડીને નીચા થાઈ ચાલી જવું પડેછે, પણ બાજે વખત બુગદા ઊંચા હોએછે તો તેઓની અંદર માણસને ઊભા ચાલી જવાની અડચણ પડતી નથી. ખાંણ જોઈ રહેઆ પછો પેલાં શલકાંની મારફતે હમો પાછા બાહેર જમીન ઊપર આવેઆ હતા. અંદર ગએઆથી હાથ મોહોડું અલબત ખરાબ થાઈ જાએછે તે સાબુથી સાફ કરીને પેલાં ગલીચ કપડાં કાહાડી નાખીને પોતાનાં કપડાં પાછાં પેહેરીએછે. સારી જાતનો કોલસો જે "ઈસટીમ કોલ" ને નામે ઓલખાએછે તે ખાંણનાં મુખ આગલ એક ટનની ૫) શીલીંગ કીમતે વેચાએછે.

ગલાશગોની ઊતર દશાએ આસરે ૨૦) માઈલ દુર એલેક જાંડરીઆ નામનાં મુકાંમ આગલ ટરકીરેડ (કોસંબી) કાપડ રંગવાનું મી૦ આરચીબાલડ ઈવીંગનું કારખાનુંછે, તે જોવાને હમો ગએઆ હતા. મોહોટાં શેહેરોની આસપાસનાં નજદીકનાં મુકાંમો તરફ દર કલાકે અને બબે કલાકે આગની ગાડીઓ આવજાવ કરેછે તેથી હાવી રીતે સગવડથી જુદી જુદી જગાઓ જોવાને બની આવેછે. મી૦ આરચીબાલડ ઈવીંગનું કારખાનું "લીવન" નામની નાઘલી નદીને કીનારેછે, તે નદીનું પાણી એ કારખાનાંનાં કામમાં આવેછે. એ કારખાનાંને સારૂં આઠ દસ જુદી જુદી ઈમારતોછે તે મધે જુદી જુદી જગોએ કાપડ ધોવાનું, કાપડને તેલનો પાસ આપવાનું, રંગવાનું, ઊકાલવાનું, સુકવવાનું, અને છાપવાનું, ઈતીઆદી, એ રીતે કામ

ચાલેછે. મજુરી કરનારાઓનો ઘણોખરો ભાગ ઓરતોનોછે. તેઓ પગમાં ઈસટાકીંગ ઈઆ જોડા વગર ઊઘાડે પગે કામ કરેછે. ટરકીરેડ (કોસંબી) રંગ ઘણો કીમતી ગણાએછે, તોપણ હમોએ વકી રાખી હતી તે માફક તેહેની બનાવટમાં હમોએ ગુચવાડો જોએઓતો નહી. એ કારખાનામાં કપડાંને પરથમમાં નીખારીને "આલીવ આઈલ" (તેલ) માં બોરી કાહાડેછે, પછી તેને સુકવેછે, અને તે બાદ છાંણ તથા તેલમાં ભીંજવીને પાછાં સુકવેછે. એ રીતે સાત વખત કરેછે. તારપછી કોઈ બીજી રીતની પાણીની મેલવણીમાં કાપડને બોલી કાહાડેછે, જે મેલવણીની વીગત પારકા ધણીઓને કેહેવાનો તાંહાંનાં માણસોને હોકમ હતો નહી. એ પછી ફટકીનાં પાણીમાં કપડું ભીનવીને સુકવેછે, પછી તે કોસંબી રંગ લેવાને લાએક થાએછે. એવી રીતે રંગ ચહડાવીઆ આગમજ કપડું તઈઆર કરતાં ઘણા દાહાડા ભાગી જાએછે, પછી કાપડને મનજીઠનાં પાણીમાં નાખેછે, તેમાં ગાએ, બલદ ઈઆ બીજાં જાનવરનું તાજું લોહી નાખેઆમાં આવેછે. એ મનજીઠનાં પાણીનાં મથાલાં આગલ ગોલ ડબા કીધેલા હોએછે, તે ઊપર કપડું વરોલીઆની માફક ફરીને પાણીમાં વારેવાર પડેછે, અને એ રીતે તરણ કલાક સુધી કપડું મનજીઠનાં પાણીમાં જહબ કોરાએઆ પછી તે કપડાં ઊપર લાલ રંગ ચહડેછે. એ રંગ જાંહાંખો શુરંગીના રંગ જેવો દેખાએછે. એ પછી તે કપડાંને અતીશે ગરમ ભઠીમાં નાખીને ૧૪) કલાક તુલીક ઊકાલેછે. અલબત બીજું કપડું હોએ તો હાવી ગરમ ભઠીથી તેનો રંગ બીલકુલ ઓગલી જાએ. પણ ઊપર જણાવેલી રીતે તેલ પાઈને તઈઆર કરેલાં કપડાં ઊપરથી રંગ નીકલી પડતો નથી, અને જારે ભઠામાંથી કપડું ઊકલાઈને બાહેર નીકલેછે તારે જાંહાંખા શુરંગી રંગને બદલે તે કપડું સારો કોસંબી રંગ પકડેછે.* એ પછી તે કપડાંને ધોઈ તઈઆર કરીને વેચવાની હાલતમાં લાવેછે. કોસંબી કાપડનું આપણું હીંદુસથાંન દેશ મોટું ઘરાકછે. આપણાં

* આ બીનાં લખાએઆ પછી દસ બાર વરશમાં કોસંબી કાપડ રંગવાની હીકમત આગલનાં કરતાં ઘણી સેહેલી અને સસતી થાઇછે. રંગાત જુજ દીવસમાં તઈઆર થ એછે, અને મનજીઠની જગોએ કોલસા મધેથી નીપજાવેલી એક પદારથ ઉપીઓગમાં આવેછે.

દેશમાં મનજીઠ તથા બીજો સંગલો અસબાબ મલેછે. માહેલાં દેશમાં પાણીની ખુટ નથી, પણ મોટી ખુટ કોલસાનીછે. મી૦ ઈવીંગનું કારખાનું જારે પુરતું ચાલતું હોએછે તારે દરરોજ તેમાં ૭૦) થી તે ૮૦) ટન સુધીનો કોલસો ખપેછે. જેની કીમત એજ મુકામ આગલ વરશ દાહાડે આસરે ૬૦૦૦૦) રૂપીઆની થાએછે. એટલો કોલસો જો ઈંગલંડથી આવે તો હીંદુસથાંનમાં લગભગ પાંચ લાખ રૂપીઆ લાગે. આ રીતે સસતી કીમતના કોલસાએ ઈંગલંડ અને ઈસકાટલંડ દેશની વસતીની રોજીનો મારગ જાથુક ઊઘાડો મુકેઓછે. આપણા દેશમાં સસતી મજુરી છતાં જે ચીજ બનાવવાને નહી પાલવે, તે મોઘી મજુરી પણ સસતા કોલસાને લીધે આ તરફ પાલવી શકેછે. એ કોસંબી કાપડ રંગવાનાં કારખાનાંની માફક બીજી ઘણી બાબદોમાં કોલસાએ ઈંગલંડ અને ઈસકાટલંડ દેશોને બીજા મુલકોનાં કરતાં લાભ કીધોછે. કલાઈડ નદી ઊપર લોહોડાંનાં વાંહાંણો સરવેથી સસતી કીમતે બંધાએછે, તેહેનો સબબ કોલસોછે, કાંએકે સસતી કીમતે મટોડીમાંથી લોહોડું ગાલવા તથા તેનાં પતરાં અને સાંચા બનાવવાને એજ જગોએ બની આવેછે. સુતરાઊ કાપડનાં કારખાનાં પણ એજ સબબને લીધે ફાવી નીકલેઆંછે. રસાએણ શાસતરની કારીગીરીથી તરેહવાર ચીજો એજ કોલસાને લીધે સસતી બની શકેછે. તરાંબુ ગાલવાને પણ કોલસો મુખીઅ જીનસછે. ઈંગલંડ મધે હજારો બલકે લખો જુદી જુદી કારીગીરીનાં કારખાનાંઓ બાફની મદદથી ચાલેછે, તે દરએકમાં કોલસો એ મોહોટા ખરચની ચીજછે, અને એક રૂપીઆ જેટલી કીમતનો કોલસો ઈંગલંડ મધે જેટલું કામ કરે તેટલું કામ હીંદુસથાંનમાં કરવાને કોલસા ઈઆ લાકડાં પછવાડે ૮) રૂપીઆ લાગેછે. જે દાહાડે હીંદુસથાંનમાં સારો અને સસતો કોલસો મલવા લાગે તારે આપણાં દેશની આબાદીનો વખત ઘણો સુધરેઓ હેવું માનવું ગેરવાજબી નથી.

તા૦ ૩ જી આગસટ સને ૧૮૬૩ ને સોમવાર—ગ્લાશગોથી આસરે ૨૦) માઈલ દુર ગરઠચરી નામનો એક મુકામછે, તાંહાં મીશી અરસ બેરડ નામના તરણ ભાઈઓનું લોહોડાંની મટોડી ગાલીને "પીગ

આએરન" (પાટલા) બનાવવાનું કારખાનું છે. એજ જગોએ કોલસાની ખાંણ પણ છે, તેથી જેવો કોલસો ખાંણ મધેથી નીકલેછે તેજ વેલાએ તે લોહોડું ગાલવાની ભઠીમાં નાખવાનાં કામમાં આવેછે. એ મીશીઅરસ બેરડ વીશે કેહેછે કે તેઓનો બાપ એક ગરીબ ગાડાં હાંકનાર હતો. તેહેના દીકરાઓએ જે લોહોડું ગાલવાની પેહેલી ભઠી ઊભી કીધી હતી તે હજુ તુલીક બતલાવેઆમાં, તેમજ કામમાં પણ આવેછે. એ એક ભઠી ઊપરથી બીજી ભઠીઓ ઊભી થાઈ, અને ફકત એ લોહોડું ગાલવાના રોજગારમાંથી મીશીઅરસ બેરડે એટલોતો દરવીઅ મેલવીઓ, અને તે દરવીઅ જમીન તથા ખાંણોમાં રોકેઆથી તેમાં એટલોતો વધારો થાએઓ, કે આજે એ ધણીઓ ગલાશગો મધે સઊથો માતબર કુટુંબ ગણાએછે, અને તેઓની દોલત ૩) થી તે ૪) કરોડ રૂપીઆની જાણેઆમાં આવીછે. એઓ માએલા ફકત એક ધણીએ ૫૦) લાખ રૂપીઆ ધરમનાં કામોમાં આપેઆછે. હેવું માતબરપણું હોવા છતાં તેઓમાં કાંઈબી ગરૂરી નથી. તેઓનું કારખાનું જોવાને સારૂં રજા મેલવવાને હમારી આફીસમાંથી ચીઠી મોકલવામાં આવી હતી. તે ચીઠીના ઊતરમાં તેઓએ રજા મોકલી એટલુંજ નહી, પણ પોતાના એક કારભારીને મોકલીઓ, કે જે વખત હમો જવાને મુકરર કરીએ તે વખતે તેઓનું માણસ રેલવે ઈસટેશન આગલ હમોને લેવા આવે. લોહોડાંની ખાંણ માહેથી લોહોડાંની મટોડી જે અસલ આકારમાં નીકલેછે તે ગેરૂના રંગના તથા કાલા રંગના પથ્થરના ગાંગરાના જેહવીછે. અને સારી ખાંણ હોએતો તેમાં બે ભાગ લોહોડું અને એક ભાગ મટોડી હોએછે. ભઠીઓ ગોલ મીનારાની માફક બાંધેલી હોએછે, પણ તેઓની ઊંચાઈ ૪૦) ઈઆ ૫૦) ફીટથી વધારે આવતી નથી. ભઠીની દેવાલ ઘણી જાડી બાંધવી જોઈએછે અને તે કારણસર "ફાએર બરીક" ઈંટરડી (જે આપણી તરફ આગનાં સાંચામાં બાએલરની બેઠક બનાવવાનાં કામમાં આવેછે તે) કામમાં લીએછે. એ "ફાએર બરીક" ની મટોડી નરમ સલેટનાં રંગની કોલસાની ખાંણમાંથી મલી આવેછે, તેહેને સાંચાથી પાણીમાં મસલીને ઈંટ

રડી, ઈતીઆદી, બનાવીઆમાં આવેછે, અને તેહેને આતશમાં બાલીઆ પછી તેહેનો રંગ જે અવલમાં કાલો હતો તે સફેદ થાએછે. ભઠીનો આતશ નીચેથી સલગાવીઆમાં આવેછે, અને લોહાડાંની માટી નાધલા ગાંગરા કરીને ઊપરથી નાખેઆમાં આવેછે. અલબત ફકત ઈંગારથી લોહોડાં જેવી કઠણ જીણસ પીગલીને રસ જેહેવી થવી ઘણી મુશકેલછે, તેથી દરએક ભઠીમાં જે માફક લુવાર લોકો ધમણથી પવન ફુકેછે તે માફક પવન લાગુ કીધામાં આવેછે. એ પવન લાગુ પાડવા સારૂં એક મોહોટો બાફનો સાંચો પીચકારીની માફકના દાંનડાવાલા. એક બીજા મોહોટા સાંચાને ચલાવેછે, તે દાંનડાનાં દબાંણથી હવા જોરમાં કેટલીએક નલીઓની અંદર જાએછે, તે નલીઓને આસપાસની ગરમીથી આતશ જેવી ગરમ કરેઆમાં આવેછે, જેથી અંદર ગએલી હવા અતીશે ગરમ થાએછે, અને તેજ હાલતમાં ભઠીમાં પણ જાએછે, અને તેહેનાં ફુકવાથી લોહોડાંની ભઠીમાં પસાર થાઈને ભઠીનાં મથાલાં માંહેથી મોહોટાં બલતાં નીકલેછે. એ ભઠીઓ રાત દીવસ ચાલુ રેહેછે, તેથી રાતને વખતે તેઓ માંહેથી નીકલતાં બલતાં જોવા લાએક દેખાવ આપેછે, અને ગલાશગો જતાં એ દેખાવ દરએક મુસાફરની નજરે પડેછે. એ ભઠીમાં જે સાંચાથી હવા ફુકેછે તે કેટલી ગરમછે તે હમોને બતલાવવાને સારૂં એક નલીનું મોહોડું સેજ ઊંઘાડેઆમાં આવીઊં હતું, અને તે મોહોડાં માહેથી જે ગરમ હવા નીકલતી હતી તેની સનમુખ સીસાંનો એક ટુકડો પકડેઆમાં આવેઓ હતો, તે સીસું એ ગરમ પવનનાં જોરથી તુરત પીગલવા માંડેઊં હતું. ભઠીમાં જારે લોહોડાંની માટી ગલાઈ રેહેછે તારે લોહો ડાંનો રસ એક જગોએ એકઠો થાએછે, તે રસને એક નલીની મારફતે બાહેર કાહાડેછે, તે દોડીને જે માફક હરએક ધાતુનો રસ ઓતીઆમાં આવેછે તે પરમાંણે મટોડીના ગાલાઓમાં જાઈને ભરાએછે, પછી ઠંડું પડેઆ બાદ તેહેના લોહોડાંના કાચા લાઠા તઈઆર થાએછે, જેને આપણે "પીગ આએરન" કરીને કહીજીએછે. મીશીઅરસ બેરડનાં કારખા નાંને બરોબર લગતી એક પાણીની નેહેરછે, તાંહાં મછવા તઈઆર

હોએછે, તે મધે જગો જગોએ એ લોઠા રવાનાં કરેઆમાં આવેછે. મોશીઅરસ ખેરડની ગરઠચરી મધે તેમજ બીજી જગોએ ભઠીઓછે, અને તેઓ વરશ દાહાડે લગભગ તરણ લાખ ટન "પીગ આએરન" પોતાનાં કારખાનાંઓમાં તઈઆર કરી રવાનાં કરેછે.

[રાસ્ત ગોફ્તાર, તા૦ ૧૯, ૨૬ મી નવેમબર તથા ૩, ૧૦, ૧૭ ડીસેમબર ૧૮૬૫.]

ઉતર હીંદુસથાંન અને સીંધની મુસાફરી.

(માહારી મુસાફરીની દરરોજની નોંધ ઉપરથી.)

તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૬૯—જબલપોર મુસાફરનો શોખ સારી રીતે પુરો પાડે હેવી જગોછે, તેમાં સંગેમરમરના ડુંગરો જેઓને ઈંગરેજો "મારબલ રાકસ" ને નામે ઓલખેછે તે મુખીઅછે. એ ડુંગરો શેહેરથી આસરે દસ માઈલ દુરછે, અને તેઓની બાજુમાં નરમદા નદીનાં પાણી આવેલાંછે. મછવામાં બેશીને પાણીમાં ફરીએછે તો નજદીકથી સંગેમરમરની દેવાલોની માફક બંધે બાજુએ પથ્થર નજર આવેછે. એ પથ્થર હલકી જાતનો છે અને ખરા સંગેમરમરની માફક બારીક કામમાં વપરાએ તેહેવો નથી. હમોએ ઊપલી રીતે મછવામાં ફરવાનું રાતનાં ચંદણીની વખતે કીધું હતું તે દેખાવ અજબ જેહેવો લાગતો હતો. વેહેમી માણસોની આગલ અગર કોઈ કેહે કે અતરે જીન તથા પરીઆં લોકોનો વાસોછે તો તે માનીઆ વના રેહે નહી. એ સંગેમરમરના ડુંગરનાં મથાલાં આગલ હીંદુઓનું એક દેહેડું આવેલુંછે, તાંહાંથી બે તરણ માઈલ જંગલમાં પગે ચાલી જતાં એક વેરાન જગો આવેછે, તાંહાં પાણીનો મોહોટો જથ્થો એક મોહોટી ચાદરના આકારમાં ડુંગરો ઊપરથી નદીમાં પડેછે, તેહેને "ધુનધાર" નું નામ આપેલુંછે. નરમદા નદીનું શરૂ થવું આએ જગોએથી ગણાએછે, તેથી હીંદુઓની નજરમાં એ જગો ઘણી પવીતરછે. શેંકડો કોશ દુરથી મોહોટે ખરચે ઘણીવાર હીંદુઓનાં મુરદાં આ જગોએ બાલવાને કીજે લાવેછે. એ જગો ખરેખર માણસનાં

દીલમાં ખોદાઈ વીચારો ઊપજાવનારીછે. અગર દુનીઆંદારીને લીધે કોઈ માણસનું ધેઆંન ઈશ્વર તરફ બરોબર લાગી શકતું નહી હોએ તો હું ધારૂંછું કે તેહેવા શખસને આ ગંભીર તેમજ ગંજાવર દેખાવની જગા ઊપર લાવવો જોઈએ. એ જગાનો બીઆબાન દેખાવ, તેહેની આસપાસના ડુંગરો જે હજારો વરશનાં પાણીના મારથી સુકાં લાકડાં જેહેવા નજર આવેછે, અને "ધુનધાર" નું નદીમાં જોસથી પડવું, એ સરવે સબબોથી આ મુકામ હીંદુઓની નજરમાં ઈશ્વરી ગણાએછે તેમાં કસું અચરત જેહેવું નથી.

તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૬૯—જબલપોર મધે ઠગ અથવા ફાંસીગર લોકોને સારૂં ઊભી થાએલી ઊદીઓગશાલા જોવાને આજે હું ગએઓ હતો. એ જગોએ ઘણુંકરીને ઊંચી કીસમની સેતરંજી તથા ગલીચા તથા તંબુ બનાવવાનું કાપડ વણવામાં આવેછે. એ કારખાનું અવલમાં કરનલ સલીમન નામના એક ભલા ઈંગરેજ અમલદારે ઊભું કીધું હતું. આજ ચાલીશ વરશની આગમજ હીંદુસથાંન મધે ઠગ અથવા ફાંસીગર લોકોનો દોર ઘણો હતો. એઓનાં ટોલાં દર વરશે પોતાની દેવીની પુંજા કરીને દશેરાના તેહવારથી બાહેર પડતાં હતાં. તેઓ વરસાદની મોસમ સુધી મુલકે મુલક ભટકીને અગત કરીને મુસાફર અથવા રાહદારી લોકોને દોસતીને બાહાને મલી જાઈને પછી જોગવાઈ મલવે રૂમાલનાં ફાંસાથી મારો નાખીને લુટી લેતા હતા. ઈંગરેજ સરકારે પરથમમાં થોડાએક ઠગ લોકોને પોતાની બાજુમાં લીધા, અને તે પછી તેઓની મદદથી ફાંસીગર લોકોનાં ટોલાંને ટોલાં પકડીઆં. એ ફાંસીગરોને મોહોટી સજા કરવાને બદલે તેઓને ઊદમે લગાડવા સારૂં જબલપોરમાં આ ઊદીઓગશાલા ઊભી કીધી હતી. અવલમાં જથાબંદ ફાંસીગરો નજરકેદ તરીકે રહીને આ જગોએ કામ કરતા હતા, તેઓનો મોહોટો ભાગ વખતના ગુજરવાથી હવે મરી ગએઓછે, પણ થોડાએક હજુ બાકી છે. મહને એક બુઢો ફાંસીગર અતરે મલીઓ હતો જે મુંબઈમાં પણ આવી ગએલો હતો, અને બે તરણ જાણીતા પારસીઓને પીછાણતો હતો.

ઊદીઓગશાલા જોઈ આવેઆ પછી જબલપોરથી આસરે પાંચ માઈલની વેગલાઈએ અતરેના આગલા ગોંડ રાજાએ એક ટેકડીને મથાલે "મદન માહાલ" નામની પથ્થરની નાધલી ઈમારત બંધાવેલીછે તે જોવાને હું ગએઓ હતો. મદન માહાલ એક ઘણી પુરાની ઢપની હીંદુ લોકોની બનાવેલી ઈમારતછે તે સીવાએ તેમાં જોવાનું બીજું કાંઈ નથી. એ જગોની નજદીકમાં તરીપુરી પુરન નામનું એક ઘણું પુરાતમ શેહર અતરેના લોકોના કેહવા પરમાણે તમામ દટાઈ ગએલુંછે.

તા૦ ૨૩ મો ફેબરવારી ૧૮૬૯—આજ દીને જબલપોર છોડવા આગમજ મી૦ ઊલીઅમસનું લાખ બનાવવાનું કારખાનું હમો જોવા ગએઆ હતા. મી૦ ઊલીઅમસ ઈંગરેજી લશકરમાં એક સારજંટ હતો, તે ઘણો ચંચલ હોવાથી આ જગો ઊપર તેહના જોવામાં હેવું આવીઊં કે દુરનાં જંગલો મધેથી મીરજાંપોર ખાતે જબલપોરને મારગે લાખનાં ઝાડની દાંખલીઓથી લાધેલાં જાનવરોના બોજા શેંકડો કોસની મંજલ કરતા જતા હતા. જે ચીજ મધેથી લાખ બનાવેઆમાં આવેછે તે એક જાતનાં જીનાં જીવજંતની પેદાશછે, તે જીવડા ચોકસ ઝાડોની દાંખલીઓ ઊપર પોતાનો મુકામ કરેછે, અને દાંખલીઓ ઊપરથી તે ચીજ ઓખવી કાહાડીઆ બાદ આતશની ગરમીની મદદથી કેટલીએક તદબીરે તેમાંથી લાખ બનેછે. મી૦ ઊલીઅમસે વીચારીઊં કે અગર જબલપોર મધેજ લાખ બનાવવાનું કારખાનું ઊભું કીધું હોય તો ઝાડોની દાંખલીઓ લઈજનાર જાનવરોના શેંકડો માઈલના બોજાનો ખરચ નીકલી જાએ અને બીજાઓ કરતાં તે સસતી કીમતે લાખ બનાવી શકે. એ વીચારથી તેણે ઘણી જુજ રકમે લાખ બનાવવાનું એક નાધલું કારખાનું પેહલવેહલાં શરૂ કીધું, તેમાં તે ફતેમંદ થાએઓ, અને શેવટે મોહોટી દોલત મેલવીને પોતાને વતન ગએઓછે.

તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૬૯—જબલપોરથી રેલવેમાં નવ કલાકે અલાહબાદ આવી પોંહાંચેઆ છઈએ. અલાહબાદ મધે દાખલ થાએઆ આગમજ જમના નદી ઊપરનો રેલવેનો પુલ પસાર કરવો

પડેછે. એ પુલ બે તબક્કે બાંધેલોછે, ઊપરથી આગ ગાડી ચાલેછે અને તેહેની હેઠલથી ગાડી ઘોડા અને હાથી વતીક ચાલી જાએછે. હંઈઆં ગંગા તથા જમના નદીનો સંગમ થાએછે, અને હીંદુઓ એ શેહરને પરાગનાં નામથી ઓલખેછે, તથા ઘણું પવીતર ગણેછે. તોપણ બનારસ (કાસી) ની માફ્ક એ શેહર દેહેડાંઓથી ભરી કાહાડેલું નથી. બનારસનો ભપકાદાર દેખાવ જે પાંચ વરશ ઊપર મેં જોએઓ હતો અને હજુ માહારી નજરમાંથી ખીશીઓ નથી તે સાથે સરખાવતાં અલ્લાહબાદ નાસીપાસી ઊપજાવેછે. અતરે ખશરૂ બાગ તે મધેની કબરો સુધાં જોવા લાએકછે. અલ્લાહબાદના કીલ્લાની અંદર એક ભોંએરૂંછે તે મધે અંદર ઊતરીને જોતાં હીંદુઓના દેવોની ઘણીએક મુરતીઓ જોવામાં આવેછે. એ જગો પણ જોવા લાએકછે.

તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૬૯—અલ્લાહબાદથી નીકલેલા રેલવેમાં આઠ કલાકે કાનપોર આવેઆ છઈએ. બલવાની વખતે આ કાનપોર શેહર ઘણું પરસીધ થાઈઊંછે, પણ રેલવેને લીધે વેપારનાં મથક તરીકે તે દરરોજ વધતું જાએછે, અને મીરજાંપોર પડી ભાગેછે.

તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૬૯—શેહરના દેશી ભાગમાં આજે ઘણો વખત હું ફરીઓ હતો. હીંદુસતાની વારતા અથવા કીસ્સા આપણે વાંચીએછે અથવા સાંભલીએછે તે વારતાઓનો સણગાર હાવી જગોમાં ફરેઆથી આપણને સમજ પડેછે. અતરે એક હીંદુએ એક મોહોટું અને શોભાઈતું દેહેડું તરતજ બંધાવેલુંછે તેહની સ્થાપણની કીરીઆ થોડા દીવસમાં થનારછે. હેવી શોભઈતી ઈમારત જે તદન દેશી ઢપનીછે તેહેનો રાજ કારીગર કોણ હશે તે જાણવાની મહને ઈછા થાઈ હતી, અને તે ધણીને મેં શોધી કાહાડેઓ હતો. એ શખસ મહને કેહવા લાગો કે દેહડાંની ઈમારતની કલપના તેહની પોતાની નથી. પણ તેહના વડીલો એ કામમાં પુરવીન હતા, તેઓ જે નકશ મુકી ગએઆછે, તે ઊપરથી નવાં દેહડાંઓ બંધાએછે. દીલીના કેટલાએક મુસલમાન પાદશાહોએ હીંદુઓનાં નવાં દેહડાંઓ બાંધવાની બંધી કીધી હતી તેથી એ એલમ ગુમ થવાની

ધારતી હતી, પણ ઈંગરેજી રાજથી એ બાબદની હવે છુટ થાઈછે. ગંગા નદીનાં પાણીની મોહોટી નેહર જે ઈંગરેજ સરકારે બાંધેલીછે તે કાનપોર મધેથી પસાર થાએછે.

તા૦ ૨૭ મો ફેબરવારી ૧૮૬૯—ઈ૦ સ૦ ૧૮૫૭—૫૮ નાં વરશમાં હીંદુસથાંન મધે ઈંગરેજી રાજની સાંમણે થાએલા બલવામાં મરેઠા સરદાર નાના સાહેબનું મથક કાનપોરમાં હતું, તેણે કેટલાંએક અઠવાડીઆં તુલીક એ જગોમાં હાકમી ચલાવી હતી. નાના સાહેબના ઘાટકી હોકમથી તેના તાબામાં કેદ પડેલાં ઈંગરેજ મરદ, ઓરત, અને બચ્ચાંઓને નીરદએપણેથી કતલ કરવામાં આવીઆં હતાં, અને પછી તેઓની લાશને એક ઊંડા કુવાની અંદર નાખવામાં આવી હતી, તે જગોને ઈંગરેજોએ આજ પવીતર પદવી આપીછે. કુવાની જગો પુરી લઈને તેહને મથાલે એક ચકરની વચમાં એક ઘણુંજ સુંદર ફરેસતઈ આકારનું સંગેમરમરનું પુતલું ઊભું કીધુંછે. ચકરની બાહેર બલવામાં મારીઆ ગએલા ઈંગરેજ અમલદારોની જથાબંદ કબરોછે. એ સંગલું એક મોહોટા બાગની અંદર આવેલુંછે. એ બાગ ગંભીરી આપવાની રીતનાં ઝાડપાનોથી ભરપુર કીધેલોછે, અને તેહની અંદર કોઈબી દેશીને પરવાનગી વગર જવાનો હોકમ નથી. એ બાગ જોવા પછી કાનપોરમાં જે બંગલા મધે નાના સાહેબ રેહેતો હતો તે તથા સતી ચઊરા ઘાટ મેં જોએઓ હતો. એ ઘાટ ગંગાને કીનારે આવેલોછે, તાંહાં કેટલાએક ઈંગરેજી અમલદારોને તેઓનાં કુટુંબ સુધાં નદીને મારગે બોટોમાં બેશીને વગર જોખમે નીકલી જવાની રજા મલી હતી, તે પછો નાના સાહેબનાં માણસોએ પોતાનો કોલ તોડીને દગાથી તેઓ ઊપર કીનારેથી ટોપનો માર ચલાવીઓ હતો, અને ઘણાંએકોને મારી નાખીઆં હતાં. જેનરલ વીલરને બલવાખોરોએ ઘેરીઓ હતો, અને જાંહાં તરણ અઠવાડીઆં તુલીક મુઠીભર ઈંગરેજોએ બાધુરીથી પોતાનો બંચાવ કીધો હતો, તે જગો પણ સતી ચઊરા ઘાટની થોડીએક વેગલાઈએ મુસાફરોને બતલાવવામાં આવેછે. બલવા પછી ઈંગરેજી લશકરને રાખવાને વાસતે જે બરાખો

અતરે બાંધીઆમાં આવીછે તે કીલ્લાના આકારનીછે, તેઓ રેહવાને કીજે તેમજ જરૂરની વખતે બંચાવને સારૂં કીલ્લાની માફક કામ આવી શકે હેવીછે.

તા૦ ૨૮ મી ફેબરવારી ૧૮૬૯—ગેઈ કાલે રાતે કાનપોરથી નીકલેલો રેલવેમાં તરણ કલાકમાં હું લખનોર આવીઓ છેઊં. શેહર ઘણું મોહોટું દીશેછે અને કીમતી ઈમારતોથી ભરપુરછે. આજે શેહરમાં ફરતાં મેં કેટલીએક નામીચી ઈમારતો જોઈ હતી, તેમાં ઈમામબારા, રૂમી દરવાજા, મચી બાવનનો કીલ્લો, કેસરબાગ, અને બેલીગારડ, મુખીઅ હતાં. લખનોર ગોમતી નદીના કીનારા ઊપર આવેલુંછે. તેહના પાદશાહો જુલમગાર નહી પણ બેદાદીવાલા થાઈ ગએઆછે. ઈમામબારા લખનોરની નામીચી ઈમારતોમાં હું ધારૂંછું કે સઊથી મુખીઅ કેહવાઈ શકાએ. તેહેની બાંધણીની કલપના તદન દેશીછે, તેહનો કારીગર કેફા એતઊલા નામનો એક મુસલમીન હતો. એ ઈમામબારાનો કેટલોએક ભાગ હમણાં લશકરી હથીઆરો રાખવાનાં કામમાં વાપરવામાં આવેછે. કેસરબાગની ઈમારત માતરે વીસ વરશ ઊપર બંધાઈ હતી, પણ પાદશાહી દમદબામાં તે પુરતીછે. એ મેહલ મધે આઊદનો પાદશાહ પોતે રેહેતો હતો, અને તે બાંધવા પછવાડે એક કરોડ રૂપીઆ ખરચ થાએઓ હતો હેવું કેહવામાં આવેછે, તે વાત હું ખરી માનુંછું. કેસરબાગની અધની અંદર બીજી ઘણીએક કીમતી ઈમારતોછે, તે મધેની એકનું નામ "ચાવલકુલીર" કરીને છે જે પાદશાહના એક હજાંમે ચાર લાખ રૂપીઆ ખરચ કરીને બાંધી હતી! પણ પાછલથી પાદશાહની જથ્યા બંધ બેગમો તાંહાં રેહતી હતી. "બેલીગારડ" ના મુકામ આગલ ઈંગરેજી રેસીડેનટનો રેહવાનો મુકામ હતો. એ જગો ઊપર બલવાના વખતમાં ઘણી લડાઈઓ થાઈ હતી, અને તેહની બીશમાર થાએલી ઈમારતો ઊપર બલવાખોરો તરફથી ટોપનો જે માર પડીઓ હતો તેહની નીશાંનો આજ પણ સાફ દેખાએછે. નામીચો સર હેનરી લારનસ એજ વખતે અને એજ જગોએ મારીઓ ગએઓ હતો, તેહેની મીનારા સુધાંની કબર આએજ જગોએ જોવામાં આવેછે.

તા૦ ૧ લી મારચ ૧૮૬૯—આજે અતરે મારટીનીઅર, છતર મંજલ, સરકારી બાગ, હોશનાબાદ ઈમામબારા, ચોક બજાર, જડજ તથા પોલીસ કોરટો, એ જગાઓ હુમો જોઈ આવીઆ હતા. માહારે જણાવવું જોઈએછે કે લખનોરની ઈમારતો જો કે ઘણી દબદબાવાલી અને એક્કી કારીગીરી તથા રોનકથી બનાવેલીઓછે, તોપણ તેઓનું બાંધકામ ચુનો અને ઈટરડીનુંછે તેથી પથ્થરની ઈમારતોની માફક તેઓ શેંકડો વરશ તુલીક સલામત રેહે હેવું નથી.

તા૦ ૨ જી મારચ ૧૮૬૯—બાદશાહી બાગ જે હમણાં ઈંગરેજ સરકારે કપરહુલાના શીખ રાજાને આપી દીધોછે, તથા દીલખુશ અને સેકંદર બાગ જે બીશમાર હાલતમાંછે અને જાંહાં બે હજાર બલવાખોર સીપાહીઓ કતલ થાએઆ હતા, એ સરવે જગાઓ આજ માહારા જોવામાં આવી હતી. આઊદના પેહલા પાદશાહ ગાજીઊદીન હઈદરની કબર જેહેને શાહ નજફનું નામ આપેલુંછે તે પણ મેં જોઈ હતી, અને તે પછી કેસરબાગની બીજી વખત ભેટ લીધી હતી.

તા૦ ૩ જી મારચ ૧૮૬૯—આજે આલમબાગ જોઈને લખનોરની માહારી મુસાફરી ખલાસ કીધી હતી. બલવા પછી ઈંગરેજ સરકારે લખનોર શેહરની ઘણી ઈમારતો તોડી પાડીછે અને બીજો પુશકલ ફેરફાર કીધોછે, પણ હજુ તુલીક એ શેહેર ખચીત ઘણું જોવા લાએકછે.

તા૦ ૪ થી મારચ ૧૮૬૯—ગેઈ રાતે લખનોરથી કાનપોર ખાતે પાછો આવીને પછી રેલવેમાં આગરા તરફ કુચ કીધી હતી.

તા૦ ૫ મી મારચ ૧૮૬૯—આજે બામદાદના આગરા ખાતે આવીઆ છઈએ. આગરા ખાતે જે મુસાફર આવેછે તેહને સઊથી પરથમ નામીચો "તાજ માહાલ" જોવાની ખાએસ થાએછે. મેં પણ તેમજ કીધું હતું. એક મોહોટો સુંદર બાગ જેહેમાં દાખલ થવાને એક ગંજાવર દરવાજો બનાવીઆમાં આવીઓછે તે બાગમાં જમના નદીને કીનારે દીલીના આગલા પાદશાહ શાહાજાનની મોહોરદાર મમતાજ માહાલની ગુમબજ વાલી કબરના મુકામને "તાજમાહાલ" નું નામ

આપેલુંછે, તે ઈમારત દુનીઆંમાં જે કીરતી પામેલીછે તે કસી પરકારે ગેરવાજબી નથી. મેં ઈટાલી દેશમાં મીલાન શેહરનું મોહોટું દેવલ જોઈઊંછે, કે જે પણ તાજ માહાલની માફક સંગેમરમરના પથ્થરથી બાંધેલુંછે, અને તેહનીજ માફક દુનીઆં મધેની એક જોવા લાએક ઈમારત તરીકે ગણવામાં આવેછે, પણ તાજમાહાલનાં કરતાં જો કે મીલાનનું દેવલ ઘણું મોહોટુંછે, તોપણ આંખને ખુશી ઊપજાવનાર તથા પેઆર મેલવનાર રોનક અને ખુબસુરતીમાં આ તાજમાહાલની બરોબરી તે કરી શકતું નથી. તાજમાહાલનું કદ કાંઈ નાધલું નથી, તોપણ તે એક ખુબસુરત રમકડુંછે જે ગોએઆ તરતનું બનાવેલું હોએ હેવું દેખાએછે, જેહેને જોતાં જોતાં આપણે થાકતા નથી. સોજાં આબદાર મોટાં મોતીની એક માલા હાથમાં પકડો, અને પછી તાજમાહાલની સાંમણે જાઈને ઊભા રેહેવો, તો મોતીનાં કરતાં તાજને જોવાનું મન તમારૂં વધારે થાશે. તાજની ઈમારતના દરવાજાની અંદર તમો દાખલ થાવો અને તાંહાં સંગેમરમરનો આરપાર બારીક નકશીથી કોતરેલો જે પરડોછે તેહના જેહેવી શોભઈતી કારીગીરીની ચીજ પરૂથવીમાં બે ચાર માતરે હશે. સંગેમરમરની સપાટીમાં કોતરણી કરીને તે કોતરણીમાં લાલ, લીલા, ગુલાબી, ઈતીઆદી રંગના પથ્થરો જડીને ઝાડ, ફુલ, વેલા, અને હેવાંજ બીજાં ચીત્રો ઊપજાવીઆંછે, અને ચીત્રો પાડવાની કલા પર માંણે તેમાં રંગની અંદર રંગ ઈઆને એકજ જાતના પણ ચહડતા ઊતરતા પાસવાલા રંગના કીમતી પથ્થરો જડી લીધાછે, તે કારીગીરી આપોઆપ આપણાં દીલમાં શાબાશી આપવાનો જોસો પેદા કરેછે. હીંદુસથાંન મધે મોગલાઈ રાજમાં એલમ જો કે સરવે જગોએ પંથરાએલો નહી હતો, તોપણ તે કેહેવી ચહડતી પદવીએ આવેલો હતો તે વીશે આ તાજમાહાલની ઊમદા કારીગીરી જોવાથી આપણી ખાતરી થાએછે. કેહેછે કે તાજમાહાલ બનાવવામાં તરણ કરોડ રૂપીઆ ખરચ લાગો હતો, અને તેહનો કારીગર એક ઈટાલીઅન હતો જેહનું નામ ખબર નથી, તોપણ હેનાં બાંધકામમાં મહમદીઆન કલપણા વાપરેલીછે,

અને કોઈ મુસલમીન ઊસતાદ તેમાં સામેલ હોવો જોઈએ હેવું ચોકસ ધારેઆમાં આવેછે.

તા૦ ૬ ઠી મારચ ૧૮૬૯—આજ દીને "મોતી મસજીદ" જોઈ હતી. એ પણ એક ખુશનુમા ઈમારતછે, અને તમામ સોજા સંગે મરમરથી બાંધેલીછે, અને ખરેખર ખોદાની ભકતી લાએકનો એ મુકામછે. તે પછી "દીવાને આમ" જાંહાં દીલીના પાદશાહોની જાહેર દરબારો ભરાતી હતી, અને જેમાં હમણાં સરકારી લશકરી અશબાબ રાખવામાં આવેછે, તે મુકામ મેં જોએઓ હતો. હીંદુસથાંનથી ઈશવી અગીઆરમી સદીમાં સોમનાથનાં દેહેડાંના દરવાજા મહમુદ ગજનવી લુટી લઈ ગએઓ હતો, અને જે દરવાજા કાબુલની લડાઈની વખતે લારડ એલેનબરોના હોકમથી પાછા હીંદુસથાંન ખાતે આવીઆ હતા, તે નામીચા દરવાજા આ જગોએ જોવામાં આવેછે. એ દરવાજાઓની કારીગીરી કાંઈ ઊમદા નથી, અને તે સુખડનાં લાકડાંના બનાવેલા કેહેછે, પણ તેમાં સુખડનો વાસ હવે મુતલક નથી. એજ જગોની નજદીકમાં "ઈતમદ અદ દઊલા" નામની એક કબરછે, તે તાજમાહાલનાં કરતાં ઘણી નાધલીછે, પણ તાજની બરોબરની ખુબસુરતીની મહને લાગેછે. શેહેરથી થોડીએક વેગ લાઈએ એક ઘણો ખુશનુમા બાગછે જેહેને "રામ બાગ" નું નામ આપેલુંછે તે જોઈ આવીને આજના દીવસનો બાકીનો ભાગ મેં તમામ કીધો હતો.

તા૦ ૭ મી મારચ ૧૮૬૯—આગરેથી ૨૩) માઈલની વેગ લાઈએ ફતેપોર સીકરી નામનું શેહનશાહ અકબરનું વશાવેલું પુરાનું શેહરછે તે જોવાને ઘોડાની ગાડીમાં કુચ કીધી હતી. એ શેહર એક ટેકડીની ઊપર બાંધેલું છે, અને નીચલાં ગામડાંઓ સીવાએ બાકીનો સરવે ભાગ ઊજડછે. શાહ અકબરે એ જગોને કેટલીએક મુદત સુધી પોતાની રાજધાની કીધી હતી, તે શેહનશાહ તથા તેહના અમીરોના મેહલો જે ઘણાખરા લાલ પથથરથી બાંધેલાછે અને તે ઊપર થોડો થોડો સંગેમરમરનો સણગારછે, તે સરવે આ જગોએ જોવા લાએકછે. અકબરશાહનો "દેવાને આમ" આજ મુસાફરોના ઊતારાને કીજે કામે આવેછે, તેહના

નામીચા વજીર અબુ ફાજલનો મેહલ એક મકતબખાંનાં તરીકે કામે લાગે લોછે, અને તેહની દરબારના લઊવા બીરબલના મેહલ મધે પણ આબરૂ દાર મુસાફરો ઊતારો લીએછે. એ શેહનશાહની રજપુત તથા ખરીસટી આંન રાણીઓના રેહવાના જુદા જુદા મેહલ મુસાફરોને દેખાડવામાં આવેછે. રજપુત રાણીના મેહલમાં હીંદુ ધરમ પરમાંણે મુરતીઓ કોત રેલીછે જે ઊપરથી દેખાઈ આવેછે કે શાહ અકબર પોતાની રાણીઓને તેઓનો બાપીકો ધરમ પાલવાથી અટકાવ કરતોતો નહી. એક હીંદુ ધરમઆચારી જે અકબરની દરબાર ખાતે જાથુક ફતેપોર સીકરીમાં રેહતો હતો તેહનો રેહવાનો મુકામ જે "ગુરૂકી મંદી" ને નામે ઓલખાએછે તે આજ સુધી સલામતછે. એજ જગોની જુજ વેગલાઈએ "પંચ માહાલ" નામનો પાંચ તબક્કાનો એક મેહલ આવેલોછે તેના પથ્થરના થામોની કોતરણી કીમતીછે. શેહનશાહનું ખેલવતખાનું એ મેહલને લગતું છે, તેહની ઓરડુમાં ફરશબંદી કરેલી જમીન ઊપર એક મોહોટો ચોપટ કોતરેલો મેં જોએઓ. એ ચોપટનું એક એક ખાનું એક માણસ સગ વડથી અંદર ઊભો રેહે હેવું મોહોટું છે, અને કેહેછે કે આપણા લોકો જે "ચોપટ" ની રમત રમેછે તે રમતની ૧૬) સોટકીઓની જગોએ દર ચાર જુદા જુદા રંગનો પોશાક પેહરેલી ચાર ચાર બાંદીઓ અથવા મેહે લની ઓરતો એ જમીન ઊપર કોતરેલાં ખાનાંઓમાં ઊભી રેહતી હતીઓ, અને "ચોપટ" ની સોટકીઓની માફકજ તે ઓરતોથી દાવ ચાલતો હતો. શેહનશાહનો "દીવાને ખાસ" જાંહાં એલમ તથા ધરમ સંબંધી તકરારોની મજલસો મલતી હતી* તે પણ અભીઆસથી જોવા લાએક એક જગોછે. પણ ફતેપોર સીકરીમાં સઊથી કીમતી ઈમારત એક મુસલમીન મુલ્લાં શેખ સલીમની કબરછે, જેના મુકામની બાહેરનો દરવાજો ૭૨) ફીટ ઊંચોછે, અને તે "બુલંદ દરવાજા" ને નામે ઓલ ખાએછે. ખુદ કબર તમામ સંગેમરમરનીછે, અને તે ઊપરની નકસી તથા કોતરણી તથા બીજું કામ ઘણુંજ કીમતી છે. "બુલંદ દરવાજા" ની

---

* જુવો આ દફતરને સફે ૪૩૨ મે.

બાજુએથી કીલ્લાની માફક જે દેવાલ બાંધેલીછે તે દેવાલની આસરે ૬૦) ફીટ હેઠાણમાં એક ગંજાવર કુવો આવેલોછે, તે દેવાલનાં મથાલાંની મોહોટી ઊંચાઈ ઊપરથી થોડાએક પઈસાને ખાતર જુવાન છોકરાઓ કુવાની અંદર ભુશકા મારવાથી મુસાફરોને ઘણા તાજુબ કરેછે. રાતને સમે હમો પાછા આગરા ખાતે આવીઆ હતા.

તા૦ ૮ મી મારચ ૧૮૬૯—આગરાના કીલ્લામાં જે શેહનશાહી મેહેલછે તે આજે અતરેના બરીગેડ મેજરની પરવાનગી મેલવીને મેં જોએઓ હતો. એ મધેનો સરવેથી સરશ ભાગ પાદશાહ શાહજાહાનનો બંધાવેલોછે તેહની અંદરનો બુલંદ દેખાવ, તેહેનાં જનાનખાનાં, દીવાનો, તેઓનાં બીલોરી હમામખાનાં, તેઓ ઊપરનું કીમતી સંગેમરમરનું કામ, તેઓની ઊમદા નકસી અને શેહનશાહી દમામ એ સરવે દેખાવો તેહેના જોનાર ધણીને હેરતમંદ કરેછે, અને હેવા મેહેલો બંધાવનાર તથા હેવા નામીચા મેહેલો વાપરનારા શેહનશાહો તથા તેઓની ઓલાદ આજ દુનીઆંની સપાટી ઊપરથી ફના ઈઆ ગુમ થાઈ ગએઆંછે તો આપણ જેહેવાં માણસો શું બીસાદમાં છઈએ, અને આપણો દરજજો અને આપણી દોલતની સલામતી કેહેવી તકલીદીછે, તે વીશેનો વીચાર તરત મનમાં આવેછે.

આગરેથી આસરે પાંચ માઈલની વેગલાઈએ સેકંદરા નામની એક જગોછે જાંહાં શેહનશાહ અકબરને ભુમીદા કરેલોછે તે મુકામ આજે બપોર પછી જોએઓ હતો. એ કબરની ઈમારત ફતેપોર સીકરોના "પંચ માહાલ" ને કાંઈએક મલતીછે, પણ તેહેના ચાર ખંડ લાલ પથ્થરના બાંધેલાછે, અને પાંચમો સઊથી ઊપરનો ખંડ સોજા સંગેમરમરનો બનાવેલોછે. શેહનશાહની કબર જે તદન સાદા સંગેમરમરનીછે તે સરવેથી હેઠલના ખંડમાં છે, અને તે એક ગુમબજદાર ઓરડા મધે આવેલીછે. એ કબરના ઓરડામાં કસી નકસી ઈઆ મીનાકારી નથી, સંગલું સોજું અને સાદું છે. પણ પાંચમા ખંડમાં તેજ કબરનો આકાર ફરીથી બતલાવેલોછે, તે ખાલી કબર ઊપર બેકીમત નકસી કોતરેલીછે, અને તેહેની આસપાસની જમીન ઊપર રંગીન પથ્થરોની જડતનો સંગાર

કીધેલોછે. અકબરશાહની કબરની નજદીક ઊભો રેહતાં તેહેનો નમસકાર કરવાનું મહને ખુદરતી રીતે સુજીઊં હતું. હેવોજ સેજદો પારીસ મધે નેપોલીઅન બોનાપારટની કબર હજુર માહારેથી થાએઓ હતો. ચોકસ તવારીખ મુજબ આપણા ઊગમણ પરાંતના રાજવંશીઓમાં ઈરાનનો સાસાની તોખમનો નોશરવાન અદલ એક એક્કો પાદશાહ થાઈ ગએઓછે, તેહેની તવારીખનો અભીઆસી અને તેહની નકલ કરનાર તથા તેહની બરોબરીનો દરજ્જો મેલવનાર માહાતમા શેહનશાહ અકબર હતો. સેકંદરાની કબરના રખેવાલે મહને કહીઊં કે અકબરને ખુદ પોતાનો પાદશાહ કરીને કેહેવામાં જેમ હીંદુને તેમજ મુસલમાનને તેમજ ઈસાઈ ધરમ પાલનારને સરવેને એકસરખી રીતે ખુશી ઊપજતી હતી. એ રખેવાલના વચનો બેશક ખરા છે.

તા૦ ૯ મી મારચ ૧૮૬૯—હીંદુ લોકોનું પવીતર "મથુરા નગરી" આગરેથી ૩૬) માઈલ દુરછે તાંહાં હમો બગીમાં પાંચ કલાકમાં જાઈ પોંહાંચેઆ હતા. આવતાંવાર માહારા જાણવામાં આવીઊં કે અતરેથી આસરે આઠ માઈલ દુર બીંદરાવનમાં લખમીચંદ શેઠનાં મોહોટાં દેહેડાંની શાલગરીનો આજે દીવસછે, અને તાંહાં મોહોટી ધામધુમ થનારછે, તેથી હું મથુરાથી તરત બીંદરાવન ગએઓ હતો. ધામધુમ તાંહાં ખચીત ઘણી હતી, અને રાતને વખત હાથીઓ સાથનું એક મોહોટું સરઘસ નીકલીઊં હતું. લખમીચંદ શેઠ અથવા કોઈ લોકો તેઓને મનીરામજી વાલાઓ કરીને પણ કેહેછે તેઓ મથુરાના કરોડપતી નગરશેઠો કેહેવાએછે, તેઓએ આ ગંજાવર દેવલ પછવાડે ૪૦) લાખ રૂપીઆ ખરચેલા કેહેછે. એ દેવલ મધરાજ ઈલાકાના હીંદુઓનાં દેવલોના આકારનું ચોરસ મથાલાનું બાંધેલુંછે, અને જેઓ રામાનંદી મારગ પરમાંણે ધરમ પાલતા હોએ તેઓજ હેવી જાતનાં દેવલો બાંધેછે. એ દેહેડું અંદરથી ઘણું કીમતી સણગાર પામેલું કેહેવાએછે, પણ તેની અંદર જવાને મહને પરવાનગી મલી શકી નહી. બીંદરાવનમાં હીંદુઓનાં બીજાં પુશકલ દેહેડાંઓછે, તેઓમાં જે ઘણાં પુરાનાંછે તેઓની બાંધણી બોજ્જોરગી

ભરેલી અને મોહોટાં કદનીછે. જગા ઘણી રલીઆંમણીછે, તેજ ઊપરથી હીંદુ ગાએણોમાં તેહની તારીફ આપણે સાંભલીએછે.

તા૦ ૧૦ મી મારચ ૧૮૬૯—આજના દીવસનો મોહોટો ભાગ મેં મથુરા મધે દેહડાં, ઘાટ, ધરમશાલાઓ, ઈતીઆદી, જોવામાં રોકેઓ હતો. હીંદુ ધરમ પાલનારાઓનો જે ભાગ વીશનવને નામે ઓલખાએછે તેઓનું આ મથુરા ધરમ મથકછે. એ જગોમાં ઘણી માતબર વસતી રેહેછે તેમાં સંધે નથી, અને એજ સબબ ઊપરથી આગલા વખતમાં એક કરતાં વધારેવાર અફઘાન લોકોના હાથથી એ શેહર લુટાઈઊંછે. બપોર પછી હું ગોકુલ ગએઓ હતો. એ જગો મથુરાની સાંમણી પાર ઊપરછે, તાંહાં જમના નદી ઓલંગીને જવાએછે. ગોકુલમાં જોવાજોગ એકુ ઈમારત નથી, તાંહાં મોહોલાઓ ઘણા સાંકલાછે, અને વલભાચારી માહારાજોનાં કેટલાંએક મંદીરોછે. મુંબઈ તરફથી આવેલા સેંકડો ભાટી આઓ અતરે વશેછે. હીંદુઓના કાહાનનો જનમ એ જગા ઊપર થાએલો કેહેવાએછે. બંગાલ પરાંતના અને એજ બાજુના બીજા વીશનવો જેવોની વસતી કદાચ અરધો કરોડ ઈઆ એક કરોડ માણસોની હશે, તેઓ કાહાનની ભકતી તે ઈશ્વરની ભકતી સમજીને કાહાન અથવા કરશનને માનેછે, પણ મુંબઈ સવસથાન તરફના વીશનવ લોકોએ એ ભકતીને લંપત રૂપ આપેલુંછે. તેઓ વલભાચારી મારગના વીશનવછે, તેઓનું મથક ગોકુલમાંજછે, તેઓના મારગ તથા ચલગતને બંગાલી વીશનવો નાપસંદ કરેછે.

તા૦ ૧૧ મી મારચ ૧૮૬૯—આગરાનું "મીઊજીઅમ" આજે જોઈઊં, તે માહેલો સંગરહ વેહવારૂ જેહવો છે. તે પછી તાજમાહાલની એકવાર ફરીને મોલાકાત લીધી હતી.

તા૦ ૧૨ મી મારચ ૧૮૬૯—આજે આગરા છોડીઊં, તાંહાંથી દીલી ખાતે રેલવેમાં આવતાં સાત કલાક લાગાછે.

તા૦ ૧૩ મી મારચ ૧૮૬૯—દીલીના સરવેથી મોહોટા મોહોલાને ચાંદણી ચોક કરીને કેહેછે તે તથા શેહરના બીજા ભાગો તરફ ફર

વામાં તથા રાણીનો બાગ અને "મીઉઝીઅમ" જોવામાં તથા અતરેના જરતોસતીઓને ભુમીદા કરવાની જગોની ભેટ લેવામાં આજનો દીવસ ગુજારીઓ હતો.

તા૦ ૧૪ મી મારચ ૧૮૬૯—હમણાનું દીલી શેહર શેહનશાહ શાહા જેહાનના વખતમાં ઉભું થાએલું છે, તેહની આગમજનું પુરાણું દીલી વધારે જોવા જોગછે. એ પુરાણો ભાગ તમામ પાદશાહી મેહલો, મસજીદો, કબરો, અને બીજી બેશુમાર તરેહવાર ભાગી પડેલી ઈમારતોથી ભરપુરછે. એક પુરાણી ઈમારતનાં મથાલાં માહેથી નીકલતો એક નાધલો મીનારો જે કોઈ જાતના પથ્થરનો બનાવેલોછે તે મુસાફરોને બતલાવેઆમાં આવેછે, તેહને "ફીરોજશાહની લાત" નું નામ આપેલું છે. એ "લાત" માતરે પાદશાહ ફીરોજશાહે આજ ૫૦૦) વરશની વાત ઉપર બીજા મુકામ ઉપરથી લાવીને અતરે ઉભી કીધી હતી, પણ તેહની ઉપરનો જે કદીમ પાલી ભાશાનો લેખ હમણાં ઉકલાવીઆમાં આવીઓછે તે ઉપરથી હીંદુ રાજા અશોક જે આસરે ૨૨૦૦) વરશની વાત ઉપર થાઈ ગએઓછે તેહની ઈઆદગારીની એ એક નીશાન સાબેત થાઈછે. પુરાનાં દીલીનો કીલ્લો એ લાતની પાસેજછે, અને શાહ અકબરના બાપ પાદશાહ હોમાઈઉનની કબર પણ એજ જગોએછે. પાદશાહ હોમાઈઉનની લાશને એક ભોંએરાંની અંદર ભુમીદા કરેલીછે. દીલીનો છેલો પાદશાહ જે ઈ૦ સ૦ ૧૮૫૭—૫૮ ના બલવાની વખતે ઈંગરેજ સરકારનું સાલીઆણું ખાતો હતો તેહને આએજ ભોંએરાં મધેથી પકડીઓ હતો. હીંદુસથાંનના નામીચા ફારસી કવેશર અમીર ખુસરૂની કબર એજ જગોની જુની ઈમારતોના ઝુખંડા મધે આવેલીછે. નવાં દીલીથી આસરે દસ માઈલની વેગલાઈએ નામીચો "કુતબ" મીનારછે. એ મીનારો દુનીઆં મધે સરવે મીનારાઓ કરતાં ઉંચાઈમાં વધુછે. તેહની હમણાંની ઉંચાઈ ૨૪૫) ફીટનીછે, પણ તેહની ઉપરનો ભાગ જે કાહાડી લેવામાં આવેઓછે તે ઉપરથી કહી શકાએછે કે એ મીનારાની અવલ ઉંચાઈ આસરે ૩૦૦) ફીટની હતી. એ મીના

રાનો મોહોટો ભાગ લાલ પથ્થરથી બાંધેલોછે, થોડુંએક કામ સંગેમર મરનુંછે. એ મીનારાના પાંચ ખંડ અથવા ભાગ કરેલાછે, અને અંદરથી મથાલે સુધી જવાની ૩૭૫) પગતીનો દાદર બાંધેલોછે. જમીન આગલથી એ મીનારાનો ચકરાવો આસરે ૧૫૦) ફીટનોછે. તેહના બાહેરના ભાગ ઊપર તરેહવાર નકસીથી પથ્થર કોતરેલોછે, અને તેજ માફક કોરાન મધેના કેટલાએક લેખ આરબી ભાશામાં કોતરેલા જોવામાં આવેછે. એ મીનારો દીલીના સુલતાન કુતબઊદદીને આજ આસરે ૬૫૦) વરશની વાત ઊપર બંધાવેલોછે. ઈસલામી લોકો મુરતી પુંજકોની ઊપર ફતે પામીઆ અને અંતે મુસલમાની સુલતાનત હીંદુસથાંનમાં કાએમ થાઈ તે મોહોટા બનાવની ઈઆદગારીમાં કુતબઊદદીને આએ કામ માંથે ઊઠાવેલું જોવામાં આવેછે, તો જોકે તે પછીના મુસલમાન પાદશાહોએ એ મીનારને કેટલુંએક સંપુરણપણું આપેલુંછે.

કુતબ મીનારની બરોબર પાસે અસલ હીંદુઓનાં કેટલાંએક દેહેડાંઓ હતાં તે મુસલમીન રાજવાલાઓએ તોડી નાખીને તેહેના થામ તથા બીજો પથ્થરનો અસબાબ કામે લગાડીને તેહની એક એબાદતની જગો અથવા મસજીદ તરીકે કામમાં આવે હેવો એક મોહોટો ઓરડો બનાવેલોછે. એ સરવે પથ્થરકામ હીંદુઓનુંછે, અને મુસલમાનોની કારીગીરી સાથે સરખાવતાં ઘણું ઊતરતું માલમ પડેછે, તોપણ પુરાંતમ બાંધકામોના અભીઆસીને એ જગો તપાસને કીજે ઘણી અગતનીછે. જેમ "ફીરોજશાહની લાત" વીશે ઊપર લખીઊંછે તેહવોજ એક ધાતુનો નાધલો થામ અતરે પણ જોવામાં આવેછે. એ થામ જમીનથી ૨૨) ફીટને આસરે ઊપર દેખાએછે, પણ તપાસ ઊપરથી હેવું માલમ પડીઊંછે કે બીજા ૪૦) અથવા ૫૦) ફીટ જમીનની અંદર તે દટાએલોછે. હેવી રીતના થામ અથવા "લાત" વીશે હું ધારૂંછું કે જેમ આપણી તરફ અતીઆર તુલીક રવઈઓ હતો કે કાંઈ મોહોટું બાંધકામ માથે ઊઠાવવું હોએ તો પરથમમાં તેહનો ખુંટો અથવા મેખ મારવી, તેમજ આગલા જમાનાના હીંદુ રાજાઓ પોતાનાં કામોની જાવેદાની ચાહાવા સારૂં આ

રીતે ખંબ જમીનમાં ગાલતા હતા અને તેહેનો જુજ ભાગ જમીનની સપાટીની બાહેર રેહેવા દેતા હતા. પુરાણું દીલી જે આજ તદન વેરાન પડેલું છે તેમાં અભીઆસીને કીજે પુશકલ જોવા તથા તપાસવાનું છે, અને તે કામ થોડા દીવસમાં ખલાસ થાઈ શકે હેવું પણ નથી. ખરૂં છે કે મુસલમાનોનું પગલું હીંદુસથાંનમાં દાખલ થાઈઊં તેની પછી એકશો વરશમાં આરબ ખલીફ્રાઓના જમાનાનો ફકત બાંધકામનોજ નહી પણ બીજો ઘણોએક એલમ મજબુત થાએઆથી આ દેશમાં દાખલ થાએઓ હતો, જેહેની સારી અસરો આજતુલીક કાએમ રહીછે.

તા૦ ૧૫ મી મારચ ૧૮૬૯—આજે દીલીની જુમા મસજીદ તથા કીલ્લા મધે પાદશાહના મેહેલોની ભેટ લીધી હતી. ઈ૦ સ૦ ૧૮૫૭—૫૮ ના બલવાના વખત સુધી એ મેહેલો મધે મગોલ વશીંશના પાદશાહો રેહતા હતા. બલવા પછી કીલ્લા મધેની કેટલીએક ઈમારતો ઈંગરેજ સરકારે તોડી પાડીછે, તોપણ જે કાંઈ બાકી રહીઊંછે તે જોવા લાએકછે. મેહેલો મધે આગરાનીજ માફ્રક બલકે તે કરતાં પણ લગાર વધારે બારીકીવાલું સંગેમરમરનું કામ જોવામાં આવેછે, અને તે મધે વધારે સરશ મોતી મસજીદ અને પાદશાહી હમામખાનું ઊમદા કારીગીરીથી ભરપુરછે. એ મેહેલો મધેના જે ભાગને “દીવાને ખાસ” કરીને કેહેછે તે જગો ઊપર અવલમાં બેહદ ઝવેરાતથી સણગારેલું શેહનશાહી તખત હતું, જેહેની કીમત પાદશાહ શાહા જીહાનના વખતમાં એક ફ્રેંચ મુસાફ્રર જે પોતે ઝવેરી હતો તેણે છ કરોડ રૂપીઆની અટકલી હતી! દીલીની જુમા મસજીદ એક ઊંચાણ જગો ઊપર બાંધેલીછે, અને તે એક બુલંદ અને સુંદર ઈમારતછે.

તા૦ ૧૬ મી મારચ ૧૮૬૯—ગેઈ કાલે સાંજના દીલી છોડીઊં હતું, આજે અંબાલા ખાતે આવેઆ છઈએ. એ જગોએ માતરે લશકરી છાવણીછે, અને કાબુલનો અમીર શેરઅલી થોડા દીવસમાં ગવરનર જેનરલની દરબારમાં અતરે મોલાકાતે આવનારછે તેહની ધામધુમની તઈઆરી જોરમાં થાએછે. હાલ તરત અતરેથી પંજાબ ખાતે જવાને

રેલવે તઈઆર થાએઓ નથી, તેથી મહને ઘોડાના ડાકમાં પાછી મુસાફરી ચાલુ કરવી પડી હતી. સાંજના અમબાલા છોડીને રાતને વખત સરહીંદના સરકારી બંગલામાં મુકામ કીધો હતો.

તા૦ ૧૭ મી મારચ ૧૮૬૯—બામદાદનાં સરહીંદ છોડીઊં. પાંચ કલાકમાં લુડીઆના આવી પોહોંચેઆ છઈએ. અતરેના ડાક બંગલામાં ઊતરીઆછે તેનો મેસમેન એક પારસીછે, જેણે લગભગ પોતાનો સંગલો જનમારો સીંધ અને પંજાબમાં ગુજારીઓછે. શેહરમાં ફરીઆ પણ તેમાં જોવાજોગ કાંઈ નથી. લુડીઆના મધે કેટલીએક જાતનાં ઊનનાં કપડાંનું વણાત ચાલેછે. બપોર પછી લુડીઆના છોડીઊં અને સતલેજ નદી પાર કીધી, એ જગોએ નદી ઊપર રેલવેને વાસતે એક ગંજાવર પુલ બંધાએછે. રાતનાં જલંદરમાં મુકામ કીધો.

તા૦ ૧૮ મી મારચ ૧૮૬૯—બામદાદનાં ડાક ગાડીમાં જલંદર છોડીઊં, બપોર આગમજ બીઆસ નદી પસાર કીધી. બીઆસથી અમરતસર જવા સારૂં રેલવે પાછો હાથ લાગોછે. આ પંજાબનો મુલક હીંદુસથાંનના બીજા ભાગો કરતાં જુદોજ દેખાએછે. અતરેનાં લોકોમાં હીંદુનાં કરતાં પઠાણી ધપ વધારે દીશેછે. ઓરત લોકો પણ વધારે ખુબસુરત નજર આવેછે. બીઆસથી એક કલાકમાં અમરતસર પોહોંચેઆ. અમરતસર આબાદ શેહરછે, તે અગત કરીને તેહનાં શેઆલ વણવાનાં કારખાનાં તથા બીજા રોજગારને કીજે હોવું જોઈએ. શીખ લોકોનું અતરેનું નામીચું દેહેડું હમોએ જોઈઊંછે. એ દેહેડું એક તલાવની વચમાં બાંધેલુંછે, તેમાં એક પુલને મારગે દાખલ થવાએછે, જેહની ફરસબંદી સંગેમરમરનીછે. એ તલાવનાં પાણીમાં સનાન કરવું શીખ લોકો ઘણું પવીતર ગણેછે. ગુરૂ નાનકે શીખ લોકોનો ધરમ ઊભો કીધો તે ધરમવાલાનું મથક અમરતસરમાંછે. એ ધરમની મખસદ એછે કે નીરંજણ નીરઆકાર પરમેશ્વરને ભજવો, મુરતીઓ પુંજવી નહી. જોડા કાહાડીને દેવલની અંદર જવાની મહને પરવાંનગી મલી હતી. અલબત અંદર એકબી મુરતી જોવામાં આવતી નથી. હજારો લોકો દેવલમાં

આવેછે તેઓ ગુરૂ નાનકનું ધરમ પુસતક જેહેને "ગરંથ" કેહેછે, અને જે દેવલના વચલા ભાગમાં મુકેલોછે, તે પુસતકનો સરવે કોઈ નમસકાર કરેછે. એ ગરંથ જાંહાં મુકેલોછે તેહની આજુબાજુએ કેટલાએક બુઢા ગવઈઆઓ સારંગી સાથે જાથુક ભજણ ગાએછે, તે ભજણ જે એ ગરંથ મધેનુંજછે તે એ જગોએ આવનારાં લોકો વધુ ઓછો વખત બેશીને સાંભલેછે. આસપાસની દેવાલો ઊપર ખોદાની સ્તુતીનાં ઘણાંએક પદ મોહોટા દસતખતથી ચીતારેલાંછે. "ગરંથ" ની સામણે અનાજનો એક ઢગ દેખાએછે તેમાં બીજો અનાજ ઈઆ રૂપાંનાણું ઈઆ તરાંબાના પઈસા તાંહાં આવનારા લોકો દાન તરીકે નાખેછે, જેહેનો રાતસુધીમાં મોહોટો જમાવ થાએછે, અને એ બખશેશ મધેથી દેવલનો ખરચ ચાલેછે. મોડી રાત થાએછે એટલે ગરંથને બંધ કરીને સારંગી તથા બીજાં વજનતર સાથે એક નાધલા બુરજ ઊપર લઈ જાઈ તાંહાં સંભાલથી રાખેછે, અને પાછલી રાતનાં તેજ રીતનાં માન તથા ગાએન સાથે પાછો લાવીને દેહડાંનાં દેવાનખાંનાંમાં મુકેછે. ગરંથની આસપાસ બેશીને ભજણ ગાનારાઓ તેહેના રખેવાલછે તેઓની દર તરણ કલાકે બદલી થાએછે. એ દેહેડાં મધેની પરમેશ્વરની ભકતીની ખુશી ઊપજાવનારી અને ગંભીર રીત દેહડાંની પછવાડેના નાધલા બાગ મધે પણ જોવામાં આવેછે. તાંહાં પણ જુદે જુદે તબક્કે બોજોરગ દેખાવનો એક એક ગાનારો બેશી હાથમાં સારંગી પકડીને ભજણ ગાતો નજરે પડેછે. ગુરૂ નાનકે પોતાના શીખ લોકોને એ રીતે નીરઆકાર પરમેશ્વરને માનવાનો મારગ કરી આપવા છતાં હું જોવાથી અજબ થાએઓ હતો કે દેવલની અધની બાહેર હીંદુ ધરમની મુરતીઓનાં નાધલાં નાધલાં કેટલાંએક મુકામો હતાં તાંહાં "ગરંથ" ને નમી આવેલા કેટલાએક શીખ લોકો આવીને તે મુરતીઓનો નમસકાર કરતા હતા. અભણ લોકોમાં નરંજન ખોદાને માનવાની સમજ બરોબર આવતી નથી તેહનો આ એક દાખલોછે. મુંબઈ મધે પારસીઓ વચ્ચે "દોશલાં" ના આકારની તકરાર મહને ઈઆદ આવેછે. મેં એક અપટ અંધેઆરૂને સવાલ કરતો સાંભલીઓછે કે

"મારી બેહરાં માંડીને રવાનની આરાધના નહી કરીએ તો પછી શું ઓરડાની ખાલી દેવાલની આરાધના કરીએ?" ખોદાની બંદગી કરવામાં ઈઆ બીજી આરાધનાની વખતે ગવાર લોકોને કાંઈબી આકારની જરૂર પડેછે હેવું કેટલાએક ફીલસુફોનું પણ મત છે.

તા૦ ૧૯ મી મારચ ૧૮૬૯—અમરતસરની નજદીક "ગોવંદ ધડ" નો જે કીલ્લોછે તે જોએઆ. એ કીલ્લો રનજીતસીંગે બાંધેલોછે, પણ તેહનો કારીગર એક ફરેંચ અમલદાર હતો. શેહેરમાં ફરીઆ, તાંહાં જાહેર પાણીના મુકામો આગલ ખતરી ઓરતોને જે રીતે નાહાતાં જોઈ તેહવો અતીશે બેમલાજો હીંદુસથાંનના બીજા કોઈ ભાગમાં નજર પડતો નથી. લાહોરથી માહારા એક મીત્રે ખબર મોકલીછે કે અમીર શેરઅલી જે કાબુલથી અમબાલાની દરબારને કીજે આવેલાછે તેહને લાહોરના "શાલામાર" બાગમાં આજે રાતે નોતરીઓછે, અને તાંહાં મોહોટી ધામ ધુમ થનારછે, એ ઊપરથી પાછલાપોહોરનાં મેં અમરતસર છોડીઊં અને દોહોડ કલાકમાં રેલવેમાં લાહોર આવીઆ. "શાલામાર" માં મેલાવડો ઘણો મોહોટો હતો, તોપણ અમીર તથા તેહના છોકરાને ઘણા નજદીકીથી મેં જોએઆ. અમીર શેરઅલી આસરે ૪૫—૫૦ વરશનો દીશેછે, તે આંગે ભરેલો અને સેજ કદાવરછે. છોકરો માતરે ૭—૮ વરશની ઊમરનોછે. શાલામાર મધેની રોશની લખો કાદવનાં દેશી કોરંડીઆંથી કરેલી હતી, અને ઝાડોની ઊપર પણ કાદવનાંજ વાસણો ટાંગીને તેઓમાં રોશની કરેલી હતી, તેઓનો દેખાવ ઘણો ખુશનુમા લાગતો હતો. શાલામારનો બાગ તરણ તબક્કાથી બાંધેલોછે તે દરએક તબક્કા ઊપર શેંકડો પાણીના ફુવારા ઊડતા હતા, તથા કેટલીએક જગોએ તબક્કાની દેવાલ ઊપરથી ચાદરની માફક પંથરાઈને પાણી પડતું હતું તે પાણીની રેલની ચાદરની પછવાડે દેવાલની અંદર ચરાગોની રોશની મુકેલી હતી, તે દેખાવ જેહવો સુંદર તેહવોજ નવાઈ સરખો હતો. એ શાલામારનો બાગ દીલીના શેહનશાહ શાહા જીહાને બંધાવીઓ હતો.

તા૦ ૨૦ મી મારચ ૧૮૬૯—આજે લાહોરનો કીલ્લો જોએઓ. એ જગોએ પંજાબના નામીચા શીખ સરદાર રનજીતસીંગની કબર તથા મોગલ પાદશાહોના વખતની એક સોભઈતી મસજીદછે. રનજીતસીંગના જુના મેહલને "સમુન બુરજ" નું નામ આપેલુંછે, તે મધે અમીર શેર અલીને ઈંગરેજ સરકારે ઊતારો આપેઓ હતો, તે અમીર આજે સહ વારના અતરેથી રવાના થવા ઊપરથી એ મેહલ તથા અફઘાન સરદારોની રેહવાની રીતભાંત જોવાને મહને બની આવીઊં હતું. શેરઅલીનાં ઘણાંએક માણસો હજુ સમુન બુરજ મધેજ હતાં. અમીરનાં ખબરચીખાનાંની મોહોટી દેગો તથા ખુમચાઓ જોતાં તેહનો દમામ પાદશાહી લાએક હતો, પણ મેહલની અંદર જોતાં જથ્થાબંદ સેતરંજીઓ તથા જુજ ટકીઆ સીવાએ બીજા વધારે અસબાબની અફઘાન લોકોને જરૂર પડતી હોએ હેવું દીસતું હતું નહી. અમીરને પોતાને સુવાને કીજે સુતરાઊ પાટીથી ભરેલો મછરદાની વગરનો લાકડાંનો એક સાધારણ ઢોલીઓ હતો, તેહનાં ચારે પાએઆ ઊપર સેજ નકશી ચીતારેલી હતી, અને નરમ બીછાનાંની જગોએ એક ગલીચો બીછાવેલો હતો, અને માથાં તલે રાખવાને ટકીઓ માતરે એકજ હતો. અમીર સંગાથેનાં બીજાં સરવે માણસો જમીન ઊપર સેતરંજી નાખીને સુતાં હતાં હેવું હમોને જણાવીઆમાં આવીઊં. અમીરનો છોકરો લખવા વાંચવાની તાલીમ લીએછે, તેહની લખવાની પાટી અને બીજી ચીજોનું તોસદાન એક સાધારણ પારસીનો છોકરો મુંબઈ મધે મેહતાજીની નીશાલે લઈ જાએ તે કરતાં વધારે કીમતનું નહી હતું. આજના દીવસનો બાકીનો ભાગ શેહર મધે ફરવા તથા લાહોરનું મીઊજીઅમ તથા લારનસ અને માનટગામરી "હાલ" જોવામાં કાહાડીઓ હતો.

તા૦ ૨૧ મી મારચ ૧૮૬૯—લાહોર રાવી નદી ઊપર આવેલુંછે, તેહેની સામણી પારને સાદરા કરીને કેહેછે, એ જગોએ દીલીના શેહનશાહ જાંહાંગીરની કબર આવેલીછે, તે એક ખુબસુરત ઈમારતછે. લાહોર શેહર અમરતસર કરતાં મોહોટું હશે, પણ એ જગોએ વેપાર

નથી તેથી અમરતસરની માફક રેલછેલવાલું દીશતું નથી. શીખ લોકો પોતાનું રાજ પંજાબમાં પાછું ઊભું થવાની હજુ આશા રાખેછે. એક બુઢો શીખ મહને કેહતો હતો કે તેઓનો રાજા દુલભસીંગ ઈંગલંડ જઈને ઈંગરેજોનાં ધરમમાં વટલી ગએઓછે, તોપણ તે અગર પાછો પોતાને દેશ આવે તો સરવે લોક તેહને રાજા તરીકે ખુશીથી કબુલ કરશે. એ લોકોનું રાજ ગએઆને માતરે ૩૦) વરશ થાએઆંછે તેટલાંમાં શીખ સરદારોમાં મરદાનગી કમતી થાઈ ગેઈછે, અને તેઓમાં શરાબબાજીથી છાકટપણું ઘણું વધીઊંછે. શરાબબાજી હીંદુ તથા મુસલમાનોના ચહડતા વરગોમાં વધવા વીશેના કેટલાએક દાખલા આ માહારી મુસાફરીમાં માહારી નજરે પડેઆછે. ગેઈ કાલે એક જરતોસતીને તાંહાં એક પંડીત સંગાથે મહને મોલાકાત થાઈ હતી. એ ધણી ઊંચી ગનેઆતનો કાસ મીરી બરામણછે, અને ઘણો પુરવીન માલમ પડેછે. તેણે દએસતાન કેતાબ વીશે માહારી સાથે કેટલીએક વાત કીધી, તેણે મુલ્લાં ફીરોઝજીની દસાતીર કેતાબ વાંચેલી હોએ અને પારસીઓના ધરમથી સારી રીતે વાકેફછે હેવું મહને માલમ પડીઊં, તે છતાં હું જોવાથી દલગીર થાએઓ કે એ શખસ અધ બાહેર બરાંડી પીવાનો શોખ રાખતો હતો.

તા૦ ૨૨ મી મારચ ૧૮૬૯—આજે લાહોર છોડીઊં અને ૧૧) કલાકની રેલવેની મંજલે મુલતાંન આવેઆ છઈએ. રસતા મધે મુલકનો દેખાવ ખુદરતી સબબોથી ઝાડપાન વગરનો તદન વેરાણ માલમ પડેછે.

તા૦ ૨૩ મી મારચ ૧૮૬૯—મુલતાંનનો કીલ્લો તથા ઈદગાહ જાંહાં ઈ૦ સ૦ ૧૮૪૮ માં દેવાન મુલરાજનાં લશકરે બે ઈંગરેજી અમલ દારોને કતલ કીધા હતા, તે તથા કેટલીએક કબરોના જથ્થાનો એક "કુબો" એટલી જગાઓ આજે જોવામાં આવી હતી. "કુબા" ની ઈમારતને એક જાતની મટોડીની તખતીઓ ઊપર ચીતારેલી રંગીન મીનાકારીથી ભરી કાહાડેલીછે. શેહર મધેનાં ઘેરો તમામ મટોડાંનાં બાંધેલાંછે, તેઓનો દેખાવ કંગાલછે. કીલ્લો પણ પડી ભાગતી હાલતમાં છે.

—

Vages ,
529-530

પણ દીલીના મોગલાઈ પાદશાહોની માફકનું તેઓએ દેશના ફાએદાનું એકબી મોહોટું કામ બજાવેઊં હોએ હેવું દીશતું નથી. એ અમીરો પોતાની ફરજ બજાવવામાં ફકત નેમાજ ભણી જાણતા હતા, અને બાકીનો પોતાનો વખત શેકાર કરવામાં અને જનાનાની મોજમાં ગુજારતા હતા. તેઓ હેવા તો બેખબર હતા કે ઈંગરેજ સરકાર સંગાથે ઈ૦ સ૦ ૧૮૪૨—૪૩ માં તેઓને લડાઈ કરવી પડી તારે એકબી પુરવીન સેના પતી તેઓનાં લશકરમાં મલી આવેઓ નહી, અને એકબી દાહેઓ વજીર અથવા પરધાન રાજદરબારી સંધેસા ચલાવવાને તેઓની દરબારમાં દીશીઓ નહી. મીઆંનીની લડાઈમાં ૩૩૦૦૦) બાહુર અને જોરાવર બલુચીઓ એ અમીરોની તરફથી સર ચારલસ નેપીઅરનાં માતરે ૨૫૦૦) માણસોનાં લશકર સામણે લડેઆ, તેમાં પાંચ હજાર માણસોની કતલ સુધાં બલુચીઓ હારી ગએઆ, સબબ કે દારૂગોલાથી લડાઈ કરવાનું કોઈએ તેઓને શીખાડીઊં હતું નહી. તેઓ અસલી રવઈઆ પરમાંણે માતરે ઢાલ અને તલવાર લઈ લડાઈનાં મેદાનમાં આવેઆ, પછી જાનવરોની માફક માર ખાઈ વીખરાઈ ગએઆ હતા!

તા૦ ૨ જી એપરેલ ૧૮૬૯—ગેઈ રાતનાં હેદરાબાદથી પાછા કોઠરી આવીને રેલવેમાં આજે સહવારનાં કરાંચી આવેઆ છઈએ. કરાંચી અવલમાં એક નાધલું બંદર તથા ગામડું હતું તે ઈંગરેજોના અમલ પછી ઘણું વધી પડીઊં છે, અને આખાં સીંધ કરતાં તેહેનાં ઘેરો તથા મોહોલાઓનો દેખાવ થોડાએક દેશી ભાગ સીવાએ તદન જુદોછે, અને તેહની વસતીનો એક મોહોટો ભાગ મુંબઈ, ગુજરાત, અને કછ તરફથી આવેલા લોકોનોછે, તેમાં આસરે ૧૨૦૦) પારસી મરદ, ઓરત, અને બચ્ચાંઓછે. “ફરીઅર હાલ” તથા મીઊજીઅમ આજે જોએઆં હતાં.

તા૦ ૩ જી એપરેલ ૧૮૬૯—આજે કરાંચીનું કાપડ બજાર અને બીજા ભાગો જોઈ વલીઆ છઈએ. કરાંચી શેહેર આગલ જતાં મુંબઈનાં બંદરને એક બાજુ મુકે હેવો ઘણા લોકોનો વીચારછે, પણ મહને તેમ લાગતું નથી. વેપારનાં એક મથક દાખલ કરાંચી આગલ

ચાલતાં કાંઈએક વધશે, પણ સીંધ દેશ ગીચ વસતીનો નથી, અને વસતીના મુલકોની મધીઅમાં તે આવેલો નથી, તેથી મુંબઈનાં કરતાં કરાંચી આગલ વધી જાએ હેવી ધાસતી થોડીછે.

તા૦ ૪ થી એપરેલ ૧૮૬૯—કરાંચીથી આસરે આઠ માઈલ દુર "મગર પીર" નામની જગો આજે જોવા ગએઆ હતા. એ જગોનાં શોશવાટ અથવા મગર જેહેની અવલ જાત ઘલોડીનીછે તે ઊપરથી આ મુકામને "મગર પીર"નું નામ મલેલુંછે. મગર પીર આગલ થોડાએક હબશી લોકોની વસતીછે, અને ખુદરતી ગરમ પાણીના જુજ ઝરા છે.

તા૦ ૫ મી એપરેલ ૧૮૬૯—અતરેના જરતોસતીઓની વસતીનો મોહોટો ભાગ જોકે સુરત તરફથી આવેલોછે, તોપણ હું જોવાથી ખુશી છેઊં કે સુરતના પારસીઓની માફક તેઓ ઝુફતી હાલતમાં પડી રહેલા નથી. કરાંચીના જરતોસતીઓએ પોતાની જાતી મેહનત અને ખરચથી પોતાની ઊધરતી ઓલાદને કીજે કેલવણી ખાતાં તથા તેના શીએદાને સારૂં બીજાં સાધણો ઊભાં કીધાંછે. તેઓના છોકરા તથા છોકરીઓની નીશાલો તથા કસરતશાલા તથા "પારસી લાઈબરેરી"ની મેં ભેટ લીધીછે. તેઓના છોકરાઓ કરીકેટ રમવાનો શોભઈતો શોખ રાખેછે. તેઓને સરશ રીતે એ રમત રમતાં મેં જોએઆછે. કરાંચીમાં ચહડતે દરજજેની "કાલેજ" નથી, તેથી એ છોકરાઓના હકમાં અને તેઓનાં હવે પછીનાં આગલ વધવામાં કેટલેએક દરજજે અડચણછે.

સમાપ્ત.

00243098